ભારતની પ્રજા ઉત્સવપ્રેમી અને કલાપ્રેમી પ્રજા છે પ્રાચીન સમયથી ભારત દેશ કૃષિપ્રધાન હોવાથી પંચાંગ ઋતુઓ સાથે ઉત્સવો અને મેળાઓ  જોડીને ઉજવણી કરતો આવ્યો છે સામાન્ય રીતે ભારત દેશ કૃષિપ્રધાન હોવાના કારણે મોટાભાગના લોકો ખેતી સાથે જોડાયેલા છે આથી ખેતીના કામકાજથી થાકેલો ખેડૂત કે મજૂર કે પછી આમજનતા મનોરંજન પ્રાપ્ત કરવા લોક મેળાઓમાં થતા હતા આ લોક મેળાવો ચોમાસાની ઋતુમાં શ્રાવણ અને ભાદરવા માસની પૂર્ણિમા અને અમાસના દિવસે યોજાતા તેમજ ઓક્ટોબર અને નવેમ્બર મહિલા માં તેમજ ફેબ્રુઆરીથી એપ્રિલ મહિનામાં લોક મેળાઓ થતા હતા.

**સંતો મહંતો દેવી-દેવતાઓ અને પીરો ની યાદમાં યોજાતા મેળાઓ**


**ISBN: 978-81-952708-6-6**

ભારત દેશ પ્રાચીન સમયથી સનાતન ધર્મમાં માનતો આવ્યો છે. અને આઝાદી બાદ પણ ભારતના બંધારણમાં બિનસાંપ્રદાયિકતાને સ્વીકારવામાં આવી છે. આપણે ત્યાં અનેક ધર્મો અનેક ભાષા અનેક બોલિઓ અને અનેક વેશભૂષા પહેરનારા લોકો વસે છે. આપણે શ્રીરામ શ્રી કૃષ્ણ, હનુમાન રણછોડરાય અંબાજી બહુચરાજી વગેરેદેવી દેવતા ને માન્ય છે પૂજ્ય છે અને તેમના દેવળોયે નક્કી થયેલી તીથીઓ એ મેળાઓ પણ ભરાય છે. જે ખૂબ જ જાણીતા છે. તેમજ અનેક સંતો મહંતો યાદ માં પણ મેળાઓ નું આયોજન થાય છે તેમાં કબીર જલારામ બાપા સહજાનંદ સ્વામી તેમજ અનેક હિન્દુ સંતો મહંતો નો સમાવેશ થાય છે તેમજ મુસ્લિમ પીરો ની યાદ માં મોટામિયા હઝરતપીર નુરુદ્દીન ઓલિયા મીરદાતાર વગેરે મુસ્લિમ પીરો ની યાદ પણ મેળાઓ યોજાય છે. જે ભૂમિ અને રાષ્ટ્રીય એકતાનું પ્રતીક છે

**વસ્તુઓની ખરીદી વેચ માટે ના મેળો**

પ્રાચીન સમયમાં વાહન વ્યવહાર નો વિકાસ ન હતો થયો ત્યારે માનવી જીવનજરૂરી ચીજવસ્તુઓ મેળવવા માટે ઘણું મુશ્કેલ હતું ત્યારે લોકો જીવનજરૂરી ચીજવસ્તુઓ લેવા માટે નક્કી કરેલા વાર મુજબ કોઈ એક જગ્યાએ સામૂહિક રીતે લોકો વસ્તુઓની વિનિમય માટે ભેગા થતા હતા જેને અઠવાડિક બજાર અથવા તો હાટ તરીકે ઓળખવામાં આવે છે જેના ઉપરથી 21મી સદીમાં નવો કોન્સેપ્ટ મોલ તરીકે આવ્યો. પરંતુ આ લોકમેળાઓમાં જીવન જરૂરી ચીજ વસ્તુઓ ઉપરાંત પ્રાણીઓ પક્ષીઓ વગેરેની પણ ખરીદ વેચ થતી હતી. જેમાં તમામ વર્ગના, તમામ ધર્મના, તમામ જાતિના લોકો ભાગ લેતા હતા.

વર્તમાન સમયમાં આ મેળાઓ એ પોતાનું મૂળ સ્વરૂપતો જાળવી રાખ્યું છે સાથો સાથ આજે આ લોકમેળાઓ ઔદ્યોગિક વિકાસમાં પણ ખૂબ મહત્વના બન્યા છે આજે બિઝનેસ મેળવો ઔદ્યોગિક મેળવો એજ્યુકેશન મેળવો વૈજ્ઞાનિક મેળો રોજગાર મેળો કૃષિ મેળો કાર મેળો વગેરે મેળાના નવા સ્વરૂપ છે.

**લોક મેળાનું મહત્વ**

ભારતની પ્રજા ઉત્સવપ્રેમી પ્રજાએ છે આપણે દરેક પ્રસંગને એક ઉત્સવ તરીકે મનાવી છે જેમાં કોમી એકતા અને રાષ્ટ્રીય એકતા બોધપાઠ જોડાયેલી છે. ગુજરાતમાં કુલ ૧૫૨૧ મેળા ભરાય છે. જેમાં હિન્દુઓના ૧૨૯૩ અને મુસ્લિમોના ૧૭૫ જૈન ધર્મના ૨૧ અને પારસીઓના ૧ મેળો ભરાય છે જેમાં સૌથી વધુ મેળાઓ ગુજરાતમાં સુરત જિલ્લામાં ભરાય છે જેની સંખ્યા ૧૫૯ જ્યારે સૌથી ઓછા મેળાઓ ડાંગ જિલ્લામાં ભરાય છે જેની સંખ્યા સાત છે આ મેળો નો આંકડો જ મેળાનું મહત્વ દર્શાવે છે ગુજરાતમાં યોજાતા મેળાઓ મહદઅંશે ધાર્મિક તહેવારો પ્રસંગો કે માન્યતાઓના અનુસંધાને યોજાય છે આવા મેળાઓ ગુજરાતમાં ઠેરઠેર વર્ષોથી યોજાતા આવ્યા છે આ મેળાઓ તેમને મનોરંજન પૂરું પાડે જ છે તદુપરાંત ઘરની બહાર મુક્ત વાતાવરણમાં વિહરવાનું સમૂહમાં ફરવા ફરવાનું નવું જાણવાનું માણવાનું અને નવા સંબંધો વિકસાવવાની તક પૂરી પાડે છે આ લોકમેળાને સામાજિક ખૂબજ મહત્વનો છે કારણકે પ્રાચીન સમયમાં જ્યારે આપણી લગ્ન વ્યવસ્થા મા બાળલગ્ન પ્રથા તેમજ સામાજિક નીતિ નિયમો ખુબ જ ખૂબ જ કડક હતા ક્યારે યુવક અને યુવતીઓ એકબીજાને મળવાની વાત તો સાઈડ પર રહી પરંતુ જોઈ પણ શકતા નથી ત્યારે આ લોકમેળો યુવક અને યુવતીઓ ને જોવાની અને મળવાની એક તક આપતું હતું

લોકમેળાઓમાં માનવ સાહજિક જોડાય છે માનવ સમાજની આ એક વિશિષ્ટ પ્રવૃત્તિ છે ધર્મ સાથે જોડાયેલા આ મેળાઓમાં લોકો શ્રધ્ધા સાથે મુક્તા આનંદ માણવા માટે જોડાય છે આ લોકમેળાનું આકર્ષણ એટલું બધું હોય છે કે લોકો ગમે તેટલી મુશ્કેલીઓ પડે તો તે પણ સહન કરી દૂર દૂરથી મેળાઓ માણવા આવે છે આથી જ માનવ સંસ્કૃતિ નું આગવું પ્રદાન લોકમેળાઓ છે લોક મેળાઓ સમાજ જીવનનું એક મહત્વનું અંગ છે માનવજીવનને આનંદ મસ્તીમાં છલોછલ તરબોળ કરતી આ એક વિશિષ્ઠ લોક પ્રવૃત્તિ છે લોકમેળામાં ઉભરાતા માનવમહેરામણ ને જોતા સ્વાભાવિક જણાય છે કે લોકજાગૃતિનુનો સંદેશ લોકમેળા


**ISBN: 978-81-952708-6-6**

દ્વારા સાર્થક થઇ શકે છે. લોકમેળામાં જોડાયેલા વ્યક્તિ શિસ્ત, સંપ, સંસ્કારની ભાવનાર કેળવી સ્વયં શિસ્તના આગ્રહી બને છે .દર વર્ષે લોકમેળાના સંસ્કારોથી ભીંજાય નવી સ્ફૂર્તિ મેળવે છે. લોકમેળા ના અનુભવ દ્વારા નવી દ્રષ્ટિથી કાર્ય કરવાની, પરિવર્તનની સ્વીકારી લેવાની માનવીમાં જાગૃતિ અને સુજ જ આવે છે. લોક મેળાઓ દ્વારા સામાજિક પ્રગતિ ને અવરોધતા બાળોની સમજ સરળતાથી કેળવી શકાય છે અહીં વ્યક્તિગત માન્યતાઓને સ્થાન હોતું નથી. સામૂહિક ભાવનાને બળ મળતા કુરિવાજો પ્રમાણ પણ ઓછું થતું જોવા મળે છે.

## સંદર્ભો

1. દિગંત ઓઝા [સંપાદક] "એકતાના અમી "માહિતી નિયામક ગુજરાત સરકાર, ગાંધીનગર વર્ષ 1993
2. ર. પરીખ રમણલાલ [સંપાદક] "ગુજરાત એક પરિચય" સ્વાગત સમિતિ રાષ્ટ્રીય કોંગ્રેસ ભાવનગર વર્ષ 1961
3. સેદાણી હસુતાબેન" ગુજરાતની લોકસંસ્કૃતિ" ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ
4. રશ્મી ઓઝા "લોકજીવનમાં મેળાનું મહત્વ" પથીક અંક 12 વર્ષ 1999
5. બળવંત જાની લોકમેળા ભારતીય સંસ્કૃતિનું પ્રાચીન રૂપ વિચાર ભારતી અંક 6 વર્ષ 2008
6. જોરાવરસિંહ જાદવ ગુજરાતની લોકકળા અને સંસ્કૃતિ માહિતી કમિશનર ગુજરાત રાજ્ય ગાંધીનગર વર્ષ 2000

 ISBN: 978-81-952708-6-6

# ગુજરાતનાં ઇતિહાસલેખનમાં ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીનું અભિલેખવિદ્યાના ક્ષેત્રે પ્રદાન

**વાઘેલા હેતલબહેન ગીરીશભાઈ**
સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી

## પ્રાસ્તાવિક:


ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી

પ્રાગકાળથી ઇતિહાસ લખાતો રહયો છે. ઇતિહાસ સંશોધનોમાં અને તેના લેખનમાં ક્રાંતિકારી પરિવર્તનો થયાં છે. તેનાથી ઇતિહાસનું કલેવર બદલાયું છે. માત્ર રાજકીય કે સામાજિક, ધાર્મિક બાબતો સિવાય અનેક નવાં ક્ષેત્રો ખુલ્યાં છે.

પ્રાદેશિક ઇતિહાસલેખન ક્ષેત્રે ગુજરાતમાં પણ ઘણું ખરું કાર્ય થયું છે વિવિધ ઐતિહાસિકોએ આ ક્ષેત્રે મહત્તમ સંશોધનકાર્ય કર્યું છે. તેમના આ સંશોધનોએ ભારતના ઇતિહાસને ગુજરાતના ઇતિહાસ સાથે જોડી મહત્વપૂર્ણ કાર્ય કર્યું છે. ગુજરાતનાં ઈતિહાસલેખનમાં અભિલેખવિદ્યાના ક્ષેત્રે ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ આપેલા પ્રદાનની સુપેરે ઐતિહાસિકતા આલેખવાનો પ્રયત્ન કર્યો છે.

## ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીનું પ્રારંભિક જીવન અને શૈક્ષણિક તથા વ્યાવસાયિક કારકિર્દી :-

ગુજરાતનાં ખાસ કરીને અમદાવાદના વિદ્યા-વર્તુલમાં જે વિવિધ તેજસ્વી તારલા ઝબૂકે છે તેમાંના એક હતા પ્રા. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી.[1] ઉચ્ચકોટિના સંશોધક, પ્રાચીન પુરાતત્વવિદ અને અભિલેખવિદ એમ બહુમુખી પ્રતિભા ધરાવનાર ડૉ. હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રીનો જન્મ ૧૭ ઓકટોબર, ૧૯૧૯ના રોજ ખેડા જિલ્લાના મલાતજ ગામે સાઠોદરા નાગર જ્ઞાતિમાં થયો હતો.[2]

## ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીનું પ્રારંભિક જીવન :-

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મલાતજ અને જૂનાગઢમાં તેમજ ઉચ્ચ શિક્ષણ અમદાવાદમાં લીધું હતું.[3] ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ ઇ.સ. ૧૯૪૦માં જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાંથી સ્નાતકની પદવી મેળવી; ત્યારપછી અભિલેખવિદ્યાના અભ્યાસ માટે તેઓ અમદાવાદની ભો.જે. વિદ્યાભવન નામની સંશોધન સંસ્થામાંથી ઇ.સ. ૧૯૪૨ માં એમ.એ થયા. તેમણે ઇ.સ. ૧૯૪૭માં પ્રો.રસિકભાઈ પરીખના માર્ગદર્શન હેઠળ "વલભી રાજ્યના સંસ્કૃત અભિલેખોમાંથી મળતી માહિતી" વિષય ઉપર પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી હતી.[4]

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ સંસ્કૃત ભાષા અને સાહિત્ય, ભારતીય અભિલેખવિદ્યા, પ્રાચીન સિક્કાશાસ્ત્ર, લિપિવિદ્યા જેવા વિષયોમાં સંશોધનકાર્ય કર્યું છે. તેમજ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી વિવિધ વિષયોના જાણકાર પણ હતા.

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીના સંસ્કાર ઘડતર અને વિદ્યોપાસના પાછળ ત્રણ પેઢીના વિદ્યાસંસ્કાર રહેલા છે. તેમના પિતામહ શ્રી વ્રજલાલ શાસ્ત્રી, ભાઇ શ્રી છોટમ (છોટાલાલ) યોગનિષ્ઠ મહાત્મા અને સંતકવિ તરીકે પ્રતિષ્ઠા પામ્યા હતાં.[5]

## શૈક્ષણિક તથા વ્યાવસાયિક કારકિર્દી :

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીની કારકિર્દીનો પ્રારંભ તેમના પીએચ.ડી.ના અભ્યાસ દરમ્યાન થયો હતો. તેઓ પીએચ.ડીના અભ્યાસ દરમ્યાન પ્રાચીન ભારતીય સંસ્કૃતિના અનુસ્નાતક કેન્દ્રમાં અભિલેખવિદ્યા, સિક્કાશાસ્ત્ર, સ્થાપત્ય અને શિલ્પ જેવા તકનિકી વિષયોના વર્ગ લેતા. ઇ.સ. ૧૯૪૫-૪૬ માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગમાં તેઓ અધ્યાપક તરીકે નિમાયા. ગુજરાત યુનિવર્સિટીમાં ઇ.સ. ૧૯૫૨માં


ISBN: 978-81-952708-6-6

ભારતીય સંસ્કૃતિના અનુસ્નાતક અધ્યાપક તરીકે અને ઇ.સ ૧૯૫૩ માં પીએચ.ડી.ના માર્ગદર્શક તરીકે અને ઇ.સ ૧૯૫૬ માં સંસ્કૃત વિષયના અનુસ્નાતક અધ્યાપક અને ઇ.સ ૧૯૬૨ માં પીએચ.ડી.ના માર્ગદર્શક તરીકેની ફરજ બજાવેલી.

આમ મૂળ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી સંસ્કૃતમાં ડિગ્રી ધરાવતા હોવા છતાં એપિગ્રાફીને લીધે તેમનું પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં અધ્યાપન અને અધ્યયન-સંશોધન એ વિષયમાં વધુ વિકસેલું. તેમણે ભો.જે. વિદ્યાભવનમાં ઇ.સ. ૧૯૪૫ થી ઇ.સ. ૧૯૫૬ સુધી અધ્યાપક તરીકે, ઇ.સ. ૧૯૫૬ થી ઇ.સ. ૧૯૬૮ સુધી ભો.જે. વિદ્યાભવનના ઉપાધ્યક્ષ તરીકે અને ઇ.સ. ૧૯૬૮ થી ઇ.સ. ૧૯૭૯ સુધી અધ્યક્ષ તરીકે સેવાઓ આપી હતી. તેમના માર્ગદર્શન હેઠળ કુલ ૨૨ સંશોધનાર્થીઓએ શોધપ્રબંધ તૈયાર કરી પીએચ.ડીની ડિગ્રી પ્રાપ્ત કરી હતી.

ઉચ્ચશિક્ષણ દરમિયાન ઈતિહાસ તરફ થયેલી રુચિ કાળક્રમે વધુને વધુ પ્રબળ બની અને તેમણે "મૈત્રકકાલીન ગુજરાત" ભાગ ૧ અને ભાગ ૨, "ગુજરાતના ઐતિહાસિક લેખો" ભાગ ૪ અને ૫, "પ્રાચીન ભારત" ભાગ ૧ અને ૨ તેમજ "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ" ભાગ ૧ થી ૯ નું સંપાદનકાર્ય પણ કર્યું છે. આમ તેમણે ૧૮ જેટલા મૌલિક ગ્રંથો લખ્યા છે.[6] આ બધા સમય દરમ્યાન તેમણે પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું અધ્યયન; અધ્યાપન, સંશોધન, તથા લેખનક્ષેત્રે કાર્યશીલ રહી વિદ્યાની ઉપાસના કરી.

**ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીનું અભિલેખવિદ્યાના ક્ષેત્રે પ્રદાન :-**

અભિલેખવિદ્યા એ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીનાં ઊંડાણપૂર્વકનાં અધ્યયન અને સંશોધનનો વિષય રહ્યો છે. અભિલેખોનું વાચન, તેનું લખાણ બીજી લિપિમાં ઉતારવું, સારદોહન, સંપાદન તથા વિવરણ કરવું એ તેમની મુખ્ય પ્રવૃત્તિ હતી. તેમાં ક્ષત્રપ સમયથી શરૂ કરી, આધુનિક સમય સુધીના આશરે ૬૦ થી વધારે અભિલેખોની વાચના કરી, તેનું સંપાદન તથા વિવરણ કરીને તેમણે પ્રસિદ્ધ કર્યા છે. અભિલેખવિદ્યાના ક્ષેત્રે આ તેમનું મહત્વનું પ્રદાન ગણાય છે.[7]

**સંશોધન ગ્રંથો :-**

ડૉ હરિપ્રસાદ શાસ્ત્રીએ અભિલેખવિદ્યાના ક્ષેત્રે ઉમદા ગ્રંથો લખી અભિલેખોમાં નિર્દેશિત માહિતીને બહાર લાવવાનો પ્રયાસ કર્યો છે.

1. **અશોક અને એના અભિલેખ (૧૯૭૨) :**

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ પોતાના આ લઘુગ્રંથમાં અશોક અને એના સર્વ જ્ઞાત અભિલેખોનો પરિચય આપ્યો છે. આ ગ્રંથને બે ખંડમાં વિભાજિત કરવામાં આવ્યો છે. જેમાં અશોકની જીવનરેખામાં કલિંગનો વિજય, ધર્મનો ઉપાસક તેમજ તેમના કુલ અને પૂર્વજો તથા રાજ્યકાલની માહિતી આપી છે. ત્યારબાદ અશોકના અભિલેખોની માહિતી, તેનો રાજ્ય વિસ્તાર તથા તેના વહીવટી ક્ષેત્રનું આલેખન કર્યું છે. બૌદ્ધ અનુશ્રુતિમાં તો અશોક ચંડાશોકમાંથી ધર્મશોક બની બૌદ્ધધર્મના અભ્યુદય તથા પ્રસારમાં ફાળો આપ્યો હોવાનું વર્ણન કર્યું છે. તેમજ અશોક પર થયેલા બૌદ્ધધર્મનો પ્રભાવ અને ધર્મની વ્યાપક દૃષ્ટિ ખીલવવાનો ડૉ. શાસ્ત્રીએ અહીં પ્રયાસ કર્યો છે.

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ અશોકના અભિલેખોનો શોધ, વાચન અને અધ્યયન દ્વારા અભ્યાસ કરેલ છે. આ અભિલેખોની ભાષા અને લિપિઓ, કાલાનુક્રમ અને સંખ્યા, તેમના ચૌદ મુખ્ય શૈલલેખો, કલિંગના શૈલલેખો, ગુફાલેખો, ફલકલેખો, સ્તંભલેખોને ઐતિહાસિક સંદર્ભમાં સ્થળ-કાળ વિષયે જોવાનો અભિગમ સ્પષ્ટ કર્યો છે.[8]

2. **ભારતીય અભિલેખવિદ્યા (૧૯૭૩) :-**

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ 'ભારતીય અભિલેખવિદ્યા' ગ્રંથમાં ઇતિહાસનાં વિવિધ સાધનોમાં અલિખિત સાધનો કરતાં લિખિત સાધનોમાં અભિલેખો વિશેષ ઉપયોગી હોવાનું જણાવ્યું છે. આ ગ્રંથને ૧૯ પ્રકરણોમાં વિભાજિત કરવામાં આવ્યો છે. જેમાં તેમણે ભારતીય અભિલેખવિદ્યાનાં પગરણ કેવી રીતે થયાં તે નિરૂપ્યું છે. તેમણે ભારતમાં લેખનકલાની પ્રાચીનતા દર્શાવી અને અભિલેખોની પ્રાચીન લિપિઓની વિગતે માહિતી આપી


ISBN: 978-81-952708-6-6

છે. તેમણે ખરોષ્ઠી લિપિ, બ્રાહ્મી લિપિ તેમજ બ્રાહ્મી લિપિનાં અનુકાલીન રૂપાંતર અને વર્તમાન પ્રાદેશિક લિપિઓને ઐતિહાસિક સંદર્ભમાં તપાસીને આલેખી છે. તેમજ ભારતીય અભિલેખોમાં પ્રયોજાયેલ વિભિન્ન ભાષાઓ અને કાળગણનાની જુદી જુદી પદ્ધતિઓ, સંવતોનો નિર્દેશ કરી ઇતિહાસ અને સંસ્કૃતિના સાધન તરીકે એનું વિવરણ કર્યું છે.

ડૉ. શાસ્ત્રીએ કેટલાંક મહત્વનાં દાનશાસન, સોલંકી રાજ્યના શિલાલેખ અને અભિલેખોનું ઐતિહાસિક મહત્વ દર્શાવી અભિલેખનું અન્વેષણ, વાચન, સંચાલન અને પ્રકાશન કેવી રીતે થાય છે ને એનું સંરક્ષણ કેટલું જરૂરી છે તે આ ગ્રંથમાં નિરૂપ્યું છે.[9]

**3. ગુજરાતનાં ઐતિહાસિક લેખો ભાગ ૪ અને ૫ (૧૯૭૯) :-**

**ભાગ ૪ (સલ્તનતકાલ) :** ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ "ગુજરાતના ઐતિહાસિક લેખો" ભાગ-૪ માં સલ્તનતકાલીન અભિલેખોની સુપેરે માહિતી આપી છે. આ ગ્રંથમાં તેમણે દિલ્હીની સલ્તનતની હકૂમતના નિર્દેશવાળા ૫ અને ગુજરાતની સલ્તનતની સીધી હકૂમત કે સ્થાનિક રાજા પરના એના આધિપત્યનો નિર્દેશ કરતા ૩૬, સમકાલીન સ્થાનિક રાજ્યોના લેખોમાં વાજા વંશના ૧૩, ચુડાસમાં વંશના ૨૮, જેઠવા વંશના ૩, બીજા અન્ય ૬ વંશોના એકેક લેખ અને પ્રકીર્ણ રાજયોના કુલ ૧૩ એમ કુલ ૧૧૩ અભિલેખોનો ઉલ્લેખ આ ગ્રંથમાં કર્યો છે. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ આ અભિલેખોમાં આપેલી વિગતો પરથી તે તે રાજાની અને એના અધિકારીઓની, એનાં રાજ્યતંત્રની એ સમયની ભાષાના સ્વરૂપની, એ કાલના ધર્મસ્થાનો, કિલ્લાઓ વગેરેની, અનેક સ્થાનિક ધીંગણાની, કેટલીક જ્ઞાતિઓનાં તથા અનેક મનુષ્યો અને સ્થળોનાં નામોની, એ કાલની પ્રચલિત કાલગણના પદ્ધતિની અને એવી બીજી અનેક પ્રકારની ઐતિહાસિક- સાંસ્કૃતિક માહિતી મળે છે.[10]

**ભાગ ૫ (મુઘલકાલ) :** અભિલેખસંગ્રહની ગ્રંથમાળાના આ ભાગ-૫ (મુઘલકાલ)માં ગુજરાતના મુઘલકાલના રાજકીય મહત્વ ધરાવતા, સંસ્કૃત-ગુજરાતી અભિલેખોને વર્ગીકૃત કરીને સંગ્રહીત કરવામાં આવ્યા છે. આ ભાગમાં ઇ.સ. ૧૫૭૩ થી ઇ.સ, ૧૭૫૭ સુધીના ૧૮૫ વર્ષોને આવરી લેતા મુઘલકાલના અભિલેખ એકત્ર કરી તેનો નિર્દેશ કરવામાં આવ્યો છે. પૂર્તકાર્યોને લગતા અભિલેખ પ્રાયઃ સંસ્કૃતમાં અથવા સંસ્કૃત-ગુજરાતીમાં લખાતાં, પાળિયાલેખો મોટેભાગે ગુજરાતીમાં, મસ્જિદો વગેરેને લગતા અભિલેખ ફારસીમાં લખાતા. મુઘલ બાદશાહની હકૂમતવાળા લેખ ૬૧ છે. જ્યારે મુઘલ બાદશાહના નિર્દેશવાળા લેખ ૧૮ છે. સ્થાનિક રાજવંશોમાં કચ્છના જાડેજા વંશના ૨૮, જામ જાડેજાવંશના ૧૬, ઝાલા વંશના ૨૧, ગોહિલ વંશના ૫, વાઘેલા વંશના ૬ અને ગાયકવાડ વંશના ૬ અભિલેખ છે; ને પ્રકીર્ણ વંશોના ૧૦ લેખ છે. આ બધા મળીને ૧૭૧ અભિલેખોનો સમાવેશ થયો છે.

આ અભિલેખોમાંના ઘણા લેખ મંદિરોના નિર્માણ કે પુનઃનિર્માણ, કેટલાક વાવોના નિર્માણને લગતાં, તો કેટલાક યુદ્ધ કરતાં વીરગતિ પામેલા યોદ્ધાઓના પાળિયાઓને લગતાં છે. કોઈ અભિલેખ ધર્મદાનને લગતા હોઇ તામ્રપત્રો પર કોતરાયા છે.[11]

**4. ઇતિહાસના સાધન તરીકે ગુજરાતના અભિલેખ (૧૯૮૩-૮૪) :**

ઇતિહાસ સંશોધનના એક મહત્વના ક્ષેત્ર તરીકે અભિલેખોમાંથી ઇતિહાસ સંશોધનની વિદ્યા પરિશ્રમ-પૂર્વક હસ્તગત કરનારા વિદ્વાનોમાં ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીનું નામ પ્રથમ પંક્તિમાં આવે છે. મુંબઈ યુનિવર્સિટીમાં ઇ.સ. ૧૯૭૮-૮૦ ના વર્ષમાં ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં આપેલાં વ્યાખ્યાનોનું ગ્રંથસ્થ સ્વરૂપ છે. આ ગ્રંથને પાંચ વ્યાખ્યાનોમાં વિભાજિત કર્યો છે. જેમાં ગુજરાતના રાજકીય તથા સાંસ્કૃતિક ઇતિહાસના સાધન તરીકે એના અભિલેખોનું મૂલ્યાંકન કરેલ છે. તેમજ તેમણે રાજકીય ઇતિહાસ, ધર્મ, વિદ્યા, કલા અને આર્થિક ઇતિહાસ, ભાષા, લિપિ અને કાલગણના જેવાં અનેકવિધ પાસાઓમાં મૂળ આધારોનો ઉપયોગ કરી ઇતિહાસલેખનનું વ્યવસ્થિત પદ્ધતિશાસ્ત્ર આલેખ્યું છે.

 ISBN: 978-81-952708-6-6

આ ગ્રંથમાં ડૉ. શાસ્ત્રીએ ગુજરાતમાં અભિલેખોના પ્રારંભ- અશોકના ગિરનાર શૈલલેખથી માંડી છેક ચોબારીના પાળિયાલેખોની વિગતો આલેખી છે. ટૂંકમાં ડૉ. શાસ્ત્રીનો આ ગ્રંથ તેમની અભિલેખવિદ્યામાં રહેલી અભિરુચિ અને તજ્જ્ઞતાની પ્રતીતિ કરાવે છે. અભિલેખવિદ્યા પરનાં પુસ્તકો; સંશોધન લેખોને લીધે પી.જી. માવલંકરે લખ્યું છે કે, "Dr. Hariprasad Gangashankar Shastri is born for Epigraphy".[12]

**5. A Historical and cultural study of the inscriptions of Gujarat (1989) :**

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ આ ગ્રંથને સાત પ્રકરણોમાં વિભાજિત કર્યો છે. ડૉ. શાસ્ત્રીને ઇ.સ. ૧૮૯૨ થી ઇ.સ. ૧૯૮૫ દરમિયાન I.C.H.R. દ્વારા રિસર્ચ ફેલોશીપ પ્રાપ્ત થયેલી માટે તેમણે આ ગ્રંથ અંગ્રેજીમાં પ્રકાશિત કર્યો છે.[13]

આ ગ્રંથમાં ગુજરાતનાં પ્રાચીન ઇતિહાસમાં થયેલ વિવિધ રાજવંશો, ગુજરાતમાંથી પ્રાપ્ત શિલાલેખો તેમજ આ અભિલેખોના થયેલાં પ્રકાશનોમાં પ્રાચીન શોધસંગ્રહ, ગુજરાત ઇતિહાસ પરિષદનું ઈ.સ. ૧૯૬૨-૭૨ નું પ્રકાશન, ગુજરાતના ઐતિહાસિક લેખો ભાગ- ૧ થી ૫, ઈન્સ્ક્રિપ્શન ઓફ કાઠિયાવાડ વગેરેની વિગતો આ પ્રકરણમાં આલેખી છે. મૌર્યકાળ, અનુમૌર્યકાળ, ક્ષત્રપવંશ, શર્વભટ્ટારક અને ગુપ્તકાલના અભિલેખોમાંથી પ્રાપ્ત રાજકીય ઈતિહાસ આલેખ્યો છે. ત્યારબાદ મૌર્યકાળ અને તેનાં સમકાલીન સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનાં રાજ્યો (ગારુલક, સૈન્ધવ, ત્રૈકૂટક, કલચુરિ, સૈન્દ્રક, રાષ્ટ્રકૂટ વગેરે) અને અનુમૈત્રકકાળનો ઈતિહાસ આલેખ્યો છે. તેમજ ચાલુકયનું શાસન અને તેના સમકાલીન ચુડાસમા વાજા-રાઠોડ, માંગરોળના ગુહિલો, મ્હેરા રાજ્ય વગેરેનો અભિલેખોમાંથી પ્રાપ્ત રાજકીય ઇતિહાસ નિરૂપાયો છે. આ ઉપરાંત ડૉ. શાસ્ત્રીએ મૌર્યકાળ, ગુપ્તકાળ, મૈત્રકકાળ, ચાલુકયકાળ વગેરેના શાસનકાળ દરમ્યાનની ધાર્મિક માહિતી, શિક્ષણ, સાહિત્ય, કલા અને સ્થાપત્ય વગેરે રાજવંશોની સાંસ્કૃતિક માહિતી આલેખી છે.[14] પ્રાચીનકાળમાં ગુજરાતમાંથી પ્રાપ્ત અભિલેખોની વિવિધ સાધનસામગ્રીની માહિતી આપતો ડૉ. શાસ્ત્રીનો આ ગ્રંથ અભિલેખવિદ્યાના ક્ષેત્રે ઉત્કૃષ્ટ ગણાય છે.[15]

આમ, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ અભિલેખવિદ્યાના ક્ષેત્રે 'સ્વ. સંપાદિત શિલાલેખો અને તામ્રપત્રો, વિગતો અને વિવેચન' જેવા ગ્રંથો લખી Epigraphy ના ક્ષેત્રે ઉમદા કામગીરી કરી છે.

**પરિચયાત્મક અને સંશોધનાત્મક લેખો:-**

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ અભિલેખવિદ્યાના ક્ષેત્રે અનેક પરિચયાત્મક અને સંશોધનાત્મક લેખો લખ્યાં છે આ લેખો દાનશાસન, શિલાલેખ, વાવ-લેખ, મંદિરલેખો વગેરે સંશોધનપૂર્ણ લેખો વિભિન્ન સામાયિકોમાં પ્રગટ થયાં છે. જૂનાગઢમાં આવેલ અશોકનો શિલાલેખ ગુજરાતનો સહુથી પ્રાચીન ઉત્કીર્ણ લેખ છે. આ શિલાલેખમાં અશોકનાં ધર્મશાસનો કોતરવામાં આવ્યાં છે. તેના શિલાલેખ હિમાલયથી માયસોર સુધી અને સૌરાષ્ટ્રથી ઓરિસ્સા સુધીના પ્રદેશમાં આવેલા છે.[16] આ શિલાલેખ અશોકનો ધર્મસંદેશ આપે છે. ડૉ. શાસ્ત્રીએ અહીં ઉલ્લેખ કર્યો છે કે અશોકે પોતાના રાજ્યમાં પ્રર્વતાવેલું ધર્મચક્ર આપણા ભારતના રાષ્ટ્રધ્વજનું પ્રતિક બન્યું છે.[17]

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ હિંદની પ્રાચીન રાષ્ટ્રલિપિના એક જ મૂળમાંથી નીકળેલી જુદી જુદી લિપિઓના પ્રાચીન સ્વરૂપોનો નિર્દેશ કર્યો છે.[18] અમદાવાદ જિલ્લાના દક્ષિણ દસક્રોઇ તાલુકાના કાસન્દ્રા ગામમાંથી ઉત્ખનન દરમ્યાન બે તામ્રપત્ર મળી આવેલાં. જેમાં પહેલાં પતરાં પર ૧૮ અને બીજા પતરાં પર ૨૨ એમ કુલ ૪૦ પંક્તિઓમાં લેખ કોતરેલો છે. લેખના અક્ષરો દક્ષિણી લિપિના પશ્ચિમી મરોડના છે. અને લેખની ભાષા સંસ્કૃત છે. લેખની મિતિ વલભી સંવત ૩૦૫ એટલે વિક્રમ સંવત ૬૮૦ (ઇ.સ. ૬૨૪) શ્રાવણ સુદિ ૧૫ ની છે.[19]

અડાલજની વાવ અમદાવાદની ઉત્તરે બારેક માઇલના અંતરે અડાલજ ગામને પાદરે આવેલી આ પ્રાચીન વાવ ગુજરાતની વાવોમાં સુપ્રસિદ્ધ છે. દક્ષિણ બાજુએ આવેલા એના પ્રવેશદ્વારમાં દાખલ થતા ઉપરના મજલામાં જમણી બાજુ પરના એક ગોખલામાં આ વાવના બાંધકામને લગતો શિલાલેખ છે. જેને ડૉ. શાસ્ત્રીએ


**ISBN: 978-81-952708-6-6**

ઉકેલી અહીં આલેખ્યો છે. આ લેખ પંદરમાં શતકની નાગરી લિપિમાં કોતરેલો છે. આ લેખ ૨૭ પંક્તિમાં છે. આમાંની છેલ્લી ત્રણ પંક્તિ એ સમયની ગુજરાતી ભાષામાં અને બાકીની પંક્તિઓ સંસ્કૃત ભાષામાં અને પદ્યમાં છે. માત્ર ત્રણ ચાર પંક્તિ જ ગદ્યમાં છે. અડાલજની વાવ વીરસિંહની પત્નિ રાણી રૂડાબાઈએ બંધાવી હતી. આ લેખ પરથી માલૂમ પડે છે કે અડાલજની વાવ પાદશાહ મહમૂદના રાજયકાળ દરમિયાન વિ.સં. ૧૫૫૫માં મહાસુદ પાંચમ અર્થાત્ વસંત પંચમીના દિવસે બંધાઈ હતી.[20]

આ ઉપરાંત, તેમણે મૈત્રક રાજા શીલાદિત્ય ૪, જયાશ્રય મંગલરસરાજ, વલભીપતિ ધ્રુવસેન ૨ જા અને ધરસેન ૨ જાનાં તામ્રપત્રો પરના લેખો ઉકેલ્યાં છે. આ તામ્રપત્રો ભૂમિદાનને લગતા રાજશાસનના છે.

ધોળકા એ ગુજરાતનું એક ઐતિહાસિક નગર છે. ત્યાંથી સોલંકી-વાઘેલા અને મુસ્લિમકાલના અનેક શિલાલેખો પ્રાપ્ત થયા છે. એમાં સિદ્ધનાથ મહાદેવના મંદિર પાસે આવેલી જૂની વાવ (ધોળકાની વાવ) ના પ્રવેશદ્વાર પર શિલાલેખ કોતરેલો છે. આ લેખ કુલ ૧૮ પંક્તિમાં અને દેવનાગરી લિપિ તેમજ સંસ્કૃત ભાષામાં કોતરેલો છે.[21] ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ ગુજરાતની પ્રાચીન વાવોની ઐતિહાસિકતા સુપેરે આલેખી છે. 'વાવ' ને સંસ્કૃતમાં 'વાપી' અને અંગ્રેજીમાં 'Step-Well' કહેવાય છે. ગુજરાતના અભિલેખોમાં વાવનો સહુથી પ્રાચીન ઉલ્લેખ રાજા મહાક્ષત્રપ રુદ્રદામાના પુત્ર રાજા ક્ષત્રપ રુદ્રસિંહ પહેલાંના સમયના શક વર્ષ ૧૦૩ (ઈ.સ. ૧૮૧) ના ગુંદા શિલાલેખમાં, મૈત્રકવંશ અને સોલંકી વંશના સમયગાળા દરમ્યાન પણ વાવોના ઉલ્લેખ જોવા મળે છે. વાવ –સ્થાપત્ય અને શિલ્પકલાની દૃષ્ટિએ ઘણી ઉપયોગી છે. એમાં પણ જે વાવોમાં એના બાંધકામને લગતા શિલાલેખ કોતરેલા છે તે ખાસ મહત્વની વાવો છે.[22]

મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્તે ગિરિનગર (જુનાગઢ) માં બંધાવેલ સુદર્શન તળાવ; અશોકના ચૌદ ધર્મલેખ, મંદિરલેખો, શક, ક્ષત્રપ, મૈત્રક, ગુપ્તકાળ તેમજ સોલંકીકાળ દરમ્યાન સૌરાષ્ટ્રમાં બંધાયેલ પ્રાચીન અભિલેખો, શિલાલેખો, મંદિરલેખો, મુદ્રાલેખો, વાવના લેખો, તેમજ પાળિયાલેખોનો ડૉ. શાસ્ત્રીએ અત્રે વિગતે નિર્દેશ કર્યો છે.[23] અશોકના ચૌદ ધર્મલેખો ગિરનાર(ગુજરાત), કાલસી ( ઉત્તરપ્રદેશ), માનસેહરા અને શાહબાજગઢી (પશ્ચિમ પાકિસ્તાન), ધૌલી(ઓરિસ્સા), જૌગઢ (આંધ્રપ્રદેશ), સોપારા (મહારાષ્ટ્ર) અને એર્રગુડી (આંધ્રપ્રદેશ) માં કોતરાયેલા છે. અશોકના આ લેખ ધર્મ વિશેના છે માટે તેને 'ધર્મલિપિ' પણ કહે છે.[24] અશોકના આ અભિલેખોએ ભારતમાં પ્રાચીન રાજવીની ઉદાર ધર્મભાવનાને તેમજ તેની સક્રિય પ્રવૃત્તિઓનું ઇતિહાસમાં નિરૂપણ કરવામાં આવ્યું છે.[25]

ભારતમાં ઐતિહાસિક કાલથી વિક્રમ સંવત, શક સંવત, હિજરી સન, ઈસવીસન જેવાં અનેક પ્રકારના સંવતો અને સંવત્સરો પ્રચલિત હતા. આ સંવતો અભિલેખો, શિલાલેખો, ફારસી-ઉર્દુ લખાણોમાં પ્રયોજાતા. જેમાં ઈસવીસન યુરોપિયન સત્તાઓના અમલ દરમ્યાન પ્રચલિત થયો હતો. આપણા ભારત દેશ ના રાષ્ટ્રીય પંચાગમાં શક સંવત પ્રયોજાય છે. અત્રે ડૉ. શાસ્ત્રીએ ભારતમાં પ્રચલિત સંવતોનો નિર્દેશ કર્યો છે.[26]

જામનગરના જામરાવળે વિ.સં. ૧૬૧૬ (ઈ.સ. ૧૫૫૯-૬૦) માં મંદિર બંધાવેલ ત્યારે ભારતમાં અકબર બાદશાહનું રાજ્ય ચાલતું હતું.[27] ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ મહારાજાના રાજગોરની ચાર શાખા ગણાવી છે: પુજાણી, કલાણી, ગોપાણી અને ખેતાણી. તેમજ જામનગરમાં આષાઢાદિ વર્ષ પ્રચલિત હોવાનો નિર્દેશ તેમણે કર્યો છે.[28]

શીલાદિત્ય ૩ જાનું વડનગર દાનશાસન ઇ.સ. ૧૯૭૭ નાં મે ની ૧૨ મી તારીખે વડનગરના શ્રી દલાજી સોમાજીને ત્યાંના શર્મિષ્ઠા તળાવની પાળી પાસે આવેલા અમથોળ વાસમાં પોતાના ઘર માટે પાયો ખોદતા મળી આવેલા. આ અભિલેખનું લિપ્યંતર ડૉ.શાસ્ત્રી, ડૉ. પ્રવીણચંદ્ર પરીખ અને ડૉ. ભારતીબેન શેલતે કરેલું છે.[29]

દાહોદ પંચમહાલ જિલ્લામાં આવેલું છે. દાહોદમાંથી પ્રાપ્ત શિલાલેખમાં મહમૂદશાહ બેગડાના ઈ.સ. ૧૪૮૮ સુધીના લગભગ બધા મહત્વનાં પરાક્રમો નિરૂપ્યાં છે. આ શિલાલેખમાં મહમૂદ બેગડાએ જીતેલ પાવાગઢ અને જૂનાગઢ દુર્ગ વિશે માહિતી આપેલી છે.[30]

 ISBN: 978-81-952708-6-6

દોલતપુરમાંથી પ્રાપ્ત શિલાલેખ ચાષ્ટનના વર્ષ ૧૧ ના શિલાલેખની પહેલાનો છે. ગુજરાતમાં અદ્યપર્યંત સમયનિર્દેશવાળા જે અભિલેખો મળ્યાં છે તે બધા અભિલેખોમાં દોલતપુરનો આ શિલાલેખ સહુથી પ્રાચીન હોવાનું ડૉ.શાસ્ત્રીએ સર્વેક્ષણ દ્વારા નોંધ્યું છે.[31]

રાજા ભુલુંડનું એક તામ્રપત્ર ઇન્દોરમાંથી પ્રાપ્ત થયેલું. જેનું વાચન-સંપાદન ડૉ. શાસ્ત્રી અને ડૉ. પ્રવીણચંદ્ર પરીખે કર્યું છે. આ તામ્રપત્ર પર બ્રાહ્મણોને ગામનું દાન આપ્યાનું રાજશાસન કોતરેલું છે. વલ્ખ (ખાનદેશ) ના રાજવંશનો આ પ્રાચીનતમ જ્ઞાત અભિલેખ છે. આ તામ્રપત્ર કલચુરિ સંવતનું છે જેમાં દાન દીધાનું વર્ષ ૩૮, ઈ.સ.૨૮૮ અને દાનને લગતું તામ્રપત્ર કોતરાયાનું વર્ષ ૪૭, ઇ.સ. ૨૯૭ છે. આ તામ્રપત્ર ભારતભરમાં અદ્યપર્યંત મળેલા ભૂમિદાનને લગતાં તામ્રપત્રોમાં સહુથી પ્રાચીન છે.[32] શીલાદિત્ય ડ્ઢાનું દાનશાસન આસોદર (તા. બોરસદ, જિ. ખેડા) માંથી પ્રાપ્ત થયું હતું. આ તામ્રપત્રો ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી અને ડૉ. ભારતીબેન શેલતે ઉકેલ્યાં છે.[33]

વરણામા (તા.વડોદરા, જિ. વડોદરા) વડોદરા નજીક આવેલું એક પ્રાચીન ગામ છે. ત્યાં રાજા ઉદયસિંહના સમયનો વાવનો શિલાલેખ છે. અને બીજો લેખ વરુણેશ્વર મહાદેવના મંદિરનો શિલાલેખ છે.[34] બાદશાહ અકબરે ઈ.સ. ૧૫૭૨-૭૩ માં ગુજરાત જીતી ત્યાં મુઘલ સત્તા સ્થાપી ત્યારે કચ્છમાં જાડેજા વંશના સમયગાળાથી કચ્છમાં અભિલેખો, શિલાલેખ, પાળિયાલેખ અને તામ્રપત્ર પ્રાપ્ત થયા છે. આ અભિલેખો કચ્છમાં ભૂજ, ખાખર(તા.મુંદ્રા), વીંજાણ(તા.અબડાસા), રાપર, સીકરા(તા.ભચાઉ), માંડવીમાંથી મળી આવ્યા છે. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીના મતે, કચ્છના મુઘલકાલીન અભિલેખો કચ્છના એ સમયના રાજકીય તથા સાંસ્કૃતિક ઇતિહાસ પર ઠીક ઠીક પ્રકાશ પાડે છે.[35]

સોલંકી રાજ્યનાં દાનશાસનોમાં, પ્રાચીન અભિલેખોમાં, ઉત્તર ગુજરાતના પથકની માહિતી પ્રાપ્ત થાય છે. ઉત્તર ગુજરાતનો રાજકીય, વહીવટી અને ધાર્મિક ઇતિહાસ પ્રાચીનયુગના શિલ્પલેખો તથા તામ્રલેખો પરથી જાણવા મળે છે.[36] પાટણનાં બે ખતપત્ર અમદાવાદના ગુજરાત વિદ્યાસભા અને ભો. જે. વિદ્યાભવનના સંયુક્ત સંગ્રહાલયમાં સચવાયેલાં છે. જેમાં (૧) ઘરને લગતું ગીરો-ખત, વિ.સં. ૧૮૫૨નું ખતપત્ર છે. આ ખતપત્ર ગુજરાતી ભાષામાં તથા ગુજરાતી લિપિમાં લખેલું છે. ખતમાં ઇ.સ. ૧૭૯૬ ના વર્ષની મિતિ આપેલી છે. અને (૨) પુણ્ય સાગરસૂરિનો પત્ર, સં.૧૮૬૯નું ખતપત્ર દેવનાગરી લિપિમાં છે. લેખ સંસ્કૃત તેમજ ગુજરાતી ભાષામાં લખેલો છે. આ ખતપત્ર સં ૧૮૬૯, ચૈત્ર સુદ ૨ દિને એટલે ઇ.સ. ૧૮૧૩નું છે. આ ખતપત્ર રાધનપુર, ચાણસ્મા, પાટણ, કડી, સિદ્ધપુર, અમદાવાદ વગેરે અનેક ગામોનાં નામ આપીને તે ગામના નામની આગળ અમુક રૂપિયાની રકમ લખી હોવાનો ડૉ. શાસ્ત્રીએ આ લેખમાં નિર્દેશ કર્યો છે.[37]

**મૂલ્યાંકન :**

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીની પ્રતિભા 'એક સાચા સંશોધક' ની છે. તેઓ "એક તટસ્થ અને સૂક્ષ્મદર્શી ઇતિહાસકાર, સંસ્કૃતિવિદ, અભિલેખવિદ્યાના બહુશ્રુત વિદ્વાન અને સંસ્કૃતવિદ્યાના તજ્જ્ઞ હતા. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ પુરાતત્વવિદ્યા, સિક્કાશાસ્ત્ર, અભિલેખવિદ્યા, લિપિવિદ્યા વગેરે ક્ષેત્રોમાં મહત્વનું પ્રદાન આપ્યું છે. પરંતુ તેમનું અભિલેખવિદ્યાના ક્ષેત્રે ઉમદા પ્રદાન જોવા મળે છે.

આમ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ એક અભિલેખવિદ તરીકે સ્થળતપાસ દ્વારા તેમજ જે તે સ્થળોની મુલાકાત લઇ અન્વેષણ કરી આ શિલાલેખોની લિપિ ઉકેલવાનો પ્રયાસ કર્યો છે. તેમજ અન્ય અભિલેખોમાં સહસંપાદક તરીકેની પણ ભૂમિકા ભજવી છે. અભિલેખવિદ્યાના ક્ષેત્રે તેમનું બહોળા પ્રમાણમાં પ્રદાન હોવાનું જણાય છે.

મારા પીએચ.ડી.નો વિષય "ગુજરાતના ઇતિહાસલેખન ક્ષેત્રે ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી અને ડૉ. ભારતીબેન શેલતનું પ્રદાન" છે. મારા પીએચ.ડી ના સંશોધનના ભાગરૂપે આ રિસર્ચ પેપર રજૂ કરેલ છે.

**સંદર્ભસૂચિ**


**ISBN: 978-81-952708-6-6**

[1] શાસ્ત્રી, હરિપ્રસાદ ગં., ' શાસ્ત્રી કુટુંબની યશોગાથા' (ગઈકાલ, આજ અને આવતીકાલ), અમદાવાદ, ૨૦૧૩, પૃ. ૨૫-૨૬

[2] શુકલ, જયકુમાર, 'અર્વાચીન ઇતિહાસકારો અને તેમનુ ઇતિહાસલેખન' , ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૩, પૃ. ૧૨૩

[3] શાસ્ત્રી, હરિપ્રસાદ , ' જીવન-સ્મૃતિ' , અમદાવાદ, એપ્રિલ ૧૯૯૧, પૃ. ૧૬

[4] 'કુમાર' : ૯૮૪ : ડિસેમ્બર ૨૦૦૯, પૃ. ૮૬૩

[5] પરીખ, પ્રવીણચંદ્ર ચી. , 'સાગર અને ગાગર' , ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ, ૧૯૮૨, પૃ.3

[6] શાસ્ત્રી, હરિપ્રસાદ ગં., 'શાસ્ત્રી કુટુંબની યશોગાથા' , ઉપર્યુક્ત, પૃ.૨૫-૨૭

[7] શેલત, ભારતી, 'પ્રસિદ્ધ ઇતિહાસકાર અને સંસ્કૃતિવિદ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી' , "પથિક", ત્રૈમાસિક, જુલાઈ-ઓગસ્ટ-સપ્ટેમ્બર, ૨૦૦3, પૃ. ૭3

[8] શાસ્ત્રી, હરિપ્રસાદ, 'અશોક અને એના અભિલેખ', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૨

[9] શાસ્ત્રી, હરિપ્રસાદ, 'ભારતીય અભિલેખવિદ્યા' , યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ , પ્રથમ આવૃત્તિ, ૧૯૭3

[10] શાસ્ત્રી, હરિપ્રસાદ, 'ગુજરાતના ઐતિહાસિક લેખો' ભાગ-૪ (સલ્તનતકાલ), ફાર્બસ ગુજરાતી સભા, મુંબઇ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૯

[11] શાસ્ત્રી, હરિપ્રસાદ, 'ગુજરાતના ઐતિહાસિક લેખો' ભાગ-૫ (મુઘલકાલ), ફાર્બસ ગુજરાતી સભા, મુંબઇ, પ્રથમ આવૃત્તિ, ઓક્ટોબર, ૧૯૮૧

[12] શાસ્ત્રી, હરિપ્રસાદ, 'ઇતિહાસના સાધન તરીકે ગુજરાતના અભિલેખ', ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૩

[13] *Shastri, H.G. , ' A Historical and Cultural Study of the Inscriptions of Gujarat', B.J. Institute of learning & Research, Ahmedabad, First Edition, December, 1989, p.- V*

[14] વાઘેલા, અરુણ, 'ઇતિહાસ દર્પણ', ગુજરાત સાહિત્ય અકાદમી, અમદાવાદ, પ્રથમ આવૃતિ, ૨૦૦૬, પૃ. ૧૩૩

[15] *Shastri, H.G. , ' A Historical and Cultural Study of the Inscriptions of Gujarat', B.J. Institute, Ahmedabad, p.-V*

[16] શાસ્ત્રી, હરિપ્રસાદ, 'અશોકનો ધર્મસંદેશ', "અખંડ આનંદ" , વર્ષ ૧ , ઓગસ્ટ ૧૯૪૮, અંક ૧૦, પૃ. ૧૨૮

[17] એજન., પૃ. ૧૩૦

[18] શાસ્ત્રી, હરિપ્રસાદ, 'પ્રાચીન હિંદની રાષ્ટ્રલિપિ', "અખંડ આનંદ" , વર્ષ ૨ ,એપ્રિલ ૧૯૪૯, અંક ૬,પૃ. ૧૦૩

[19] શાસ્ત્રી, હરિપ્રસાદ, 'કાસન્દ્રામાંથી મળેલા વલભી રાજ્યનાં તામ્રપત્રો', "બુદ્ધિપ્રકાશ", પુસ્તક ૯૭, એપ્રિલ ૧૯૫૦ , અંક ૪, પૃ. ૧૩૧-૧૩૩

[20] "બુદ્ધિપ્રકાશ", પુસ્તક ૧૦૪, જાન્યુઆરી ૧૯૫૭ , અંક ૧, પૃ. ૧૯-૨૩

[21] શાસ્ત્રી, હરીપ્રસાદ, 'ધોળકાની વાવનો શિલાલેખ', "સ્વાધ્યાય" પુસ્તક ૧, ઓક્ટો. ૧૯૬૩, અંક ૧, પૃ. ૮૪-૮૬


**ISBN: 978-81-952708-6-6**

22 "ગુજરાત દીપોત્સવી અંક", વિ.સં ૨૦૨૦, ઇ.સ. ૧૯૬૪, પૃ. ૧૭-૧૮

23 શાસ્ત્રી, હરિપ્રસાદ, 'સૌરાષ્ટ્રના પ્રાચીન અભિલેખો' , "પથિક" , વર્ષ ૭ , જુલાઈ-ઓગસ્ટ ૧૯૬૮, અંક ૧૦-૧૧, પૃ. ૪૫- ૫૩

24 શાસ્ત્રી, હરિપ્રસાદ, ' અશોકના અભિલેખ' , "ગુજરાત દીપોત્સવી અંક", વિ.સં. ૨૦૨૬, ઈ.સ. ૧૯૭૦, પૃ. ૯

25 એજન., પૃ. ૧૨

26 શાસ્ત્રી, હરિપ્રસાદ, 'ભારતમાં વપરાતા સવંત' , "પથિક" ,વર્ષ ૧૦ ,ઓક્ટો. - નવેમ્બર ૧૯૭૦, અંક ૧-૨, પૃ. ૪૧-૪૪

27 શાસ્ત્રી, હરિપ્રસાદ, 'અકબરનો લેખપત્ર' , વિ.સં. ૧૬૧૬' , "દ્વારકા સર્વસંગ્રહ" , ગુજરાત ઇતિહાસ પરિષદ, દ્વારકા, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૩, પૃ. ૨૩૮

28 શાસ્ત્રી, હરિપ્રસાદ, 'જામનગરના લાખાજીના સમયનું તામ્રપત્ર ; સં ૧૭૯૯' , "દ્વારકા સર્વસંગ્રહ", ગુજરાત ઇતિહાસ પરિષદ, દ્વારકા, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૩, પૃ. ૨૪૦-૨૪૩

29 "સ્વાધ્યાય" , પૃ. ૧૫ , ફેબ્રુઆરી ૧૯૭૮, અંક ૨, પૃ. ૨૦૨-૨૦૭

30 શાસ્ત્રી, હરિપ્રસાદ, 'મહમૂદ બેગડાના સમયનો દાહોદ શિલાલેખ', "પથિક" , વર્ષ ૧૮, નવેંબર ૧૯૭૮, અંક ૨, પૃ. ૫-૭

31 શાસ્ત્રી, હરિપ્રસાદ, 'દોલતપુર (કચ્છ) ના શિલાલેખનું સંશોધિત વર્ષ' , "પથિક" , વર્ષ ૧૮ ,એપ્રિલ ૧૯૭૯, અંક ૭, પૃ.૮

32 શાસ્ત્રી, હરિપ્રસાદ, 'રાજા ભુલુંડનું ઇન્દોર તામ્રપત્ર' , "બુદ્ધિપ્રકાશ" , વર્ષ ૧૨૬, એપ્રિલ ૧૯૭૯, અંક ૪, પૃ. ૧૨૯

33 "સ્વાધ્યાય" , પૃ. ૧૬, ઓગસ્ટ ૧૯૭૯, અંક ૪, પૃ. ૪૪૦-૪૪૩

34 શાસ્ત્રી, હરિપ્રસાદ, 'વરણામાંના બે શીલાલેખ' , "પથિક", વર્ષ ૨૨-૨૩, સપ્ટેમ્બર- ઓક્ટો. ૧૯૮૩, અંક ૧૨-૧, પૃ. ૨૧-૨૫

35 "પથિક", વર્ષ ૨૮, ઓક્ટોબર-નવેમ્બર, ૧૯૮૭, અંક ૧-૨, પૃ. ૮૮-૯૦

36 શાસ્ત્રી, હરિપ્રસાદ, 'પ્રાચીન અભિલેખોમાં ઉત્તર ગુજરાત' , "પથિક" , વર્ષ ૩૪, ઓક્ટોબર-નવેમ્બર ૧૯૯૪, અંક ૧-૨, પૃ. ૬૯

37 શાસ્ત્રી, હરિપ્રસાદ, ' પાટણનાં બે ખતપત્ર' , "બુદ્ધિપ્રકાશ" , પુસ્તક ૧૫૨, સપ્ટેમ્બર ૨૦૦૫, અંક ૯, પૃ. ૨૭


**ISBN: 978-81-952708-6-6**

# કચ્છ-પ્રવાસન સ્થળ તરીકે (કચ્છમાં આવેલા ઐતિહાસિક સ્થળોના સંદર્ભમાં)

**ડૉ.ભાવિનકુમાર જે પરમાર**
મદદનીશ પ્રાધ્યાપક- ઈતિહાસ; ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ (સાંજ) અમદાવાદ

**પ્રસ્તાવના :**

કચ્છનું સ્મરણ થતાં જ ગુજરાતી ભાષાની પંક્તિ યાદ આવી જાય છે કે,

**"શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત,**
**ચોમાસે વાગડ ભલો, કછડો બારેમાસ"**

ગુજરાત રાજ્યમાં આવેલો કચ્છ જિલ્લો વિસ્તારની દ્રષ્ટિએ સૌથી મોટો જિલ્લો છે. તેનો મોટો ભાગ રણપ્રદેશ હોવાથી અહીં વસ્તી ઓછી જોવા મળે છે. કચ્છનો ઈતિહાસ, ભાષા અને સંસ્કૃતિ વિવિધતા સભર છે. કચ્છનું વ્યક્તિત્વ કંઇક જુદુ જ છે. ગુજરાતી ભાષામાં કચ્છ શબ્દનો અર્થ થાય છે 'બેટ'. ઈતિહાસકારો એમ માને છે કે 'પ્રાગ ઐતિહાસિક કાળમાં ક્યારેક વચમાંથી જતા ભૂમિ સાથે સંકળાયેલો આ ભાગ ક્યારેક બેટ જ હશે એવી પ્રતીતિ એ સમુદ્રની ખાડીવાળો ભાગ ઓળંગતા થયા વગર રહેતી નથી.' કચ્છના ઉલ્લેખો પુરાણકાળમાં જ જોવા મળે છે. આજે કચ્છ પાકિસ્તાની સીમા સાથે સંલગ્ન હોવાથી કચ્છ રાજદ્વારી અને લશ્કરી રીતે ખૂબ મહત્વ ધરાવે છે.

રણ અને સાગરની સમૃદ્ધિ ધરાવતો કચ્છનો પ્રદેશ આજે પ્રવાસન ક્ષેત્રે પણ આગવું સ્થાન ધરાવતો પ્રદેશ બન્યો છે. કચ્છના પ્રદેશ પર શાસન કરનાર જાડેજા વંશના શાસકોએ કચ્છના રાજકીય, આર્થિક, ધાર્મિક અને સાંસ્કૃતિક ક્ષેત્રના વિકાસમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપેલું છે. કચ્છના આ શાસકોએ બંધાવેલા કેટલાક ઐતિહાસિક સ્મારકો આજે પણ તેઓનો ગૌરવશાળી ઈતિહાસ સાચવીને ઊભા છે. આવા સ્મારકોમાં ભૂજમાં આવેલ પ્રાગમહેલ, આઇના મહેલ, હમીરસર તળાવ, વિજયવિલાસ પેલેસ, ધોળાવીરા, લખપતનો કિલ્લો વગેરેનો સમાવેશ થાય છે. તો આવો પ્રવાસન સ્થળ તરીકે- કચ્છમાં આવેલા આવા ઐતિહાસિક સ્થળોનો પરિચય મેળવીએ. સૌ પ્રથમ શરૂઆત કરીએ કચ્છના મુખ્ય કેન્દ્ર ભુજથી.

**ઐતિહાસિક સ્થળો :**

1. **ભુજ :**

કચ્છનું મુખ્ય મથક ભુજ છે. સંવત 1650થી કચ્છની રાજધાની રહેલ આ નગરને તેનું નામ ભુજંગ-નાગની લોકકથા સાથે સંકળાયેલી ઘટના પરથી મળ્યું છે. ભુજ એક ડુંગરની તળેટીમાં છે. જે ભૂજિયા ડુંગર તરીકે ઓળખાય છે. ભૂજિયો ડુંગર 'ભુજંગ' એટલે 'નાગનું સ્થાનક' મનાય છે. ડુંગર ઉપર નાગનું દેવળ પણ છે. લગભગ 500 વર્ષ પુરાણા આ નગરના ઈતિહાસમાં અનેક મહાન રાજવીઓ સરદારો થઇ ગયા. તેમણે ઘણા ઇમારતો-મંદિરો બંધાવ્યાં. જેમાંનાં આજે પણ ઘણા જોઇ શકાય છે. ભુજમાં આવેલો આયના મહેલ, ફતેહ મહમ્મદનો હજીરો, જૂની ભૂગર્ભ નહેર, સ્વામીનારાયણ મંદિર, હમીરસર તળાવ, મહારાવ લખપતજીની સુંદર કોતરણીવાળી છત્રીઓ, જાણીતા જોવાલાયક સ્થળો છે.

ભુજના જૂના સાંકડા ભીડવાળા બજારો, કચ્છી વણાટના ધાબળા, ભરતકામવાળાં વસ્ત્રો, અજરખી અને હાથછાપની ચાદરો, માવાની મીઠાઇઓ, ગુલાબનાં ફૂલો મેળવીને બનાવેલો ગુલાબપાક પ્રવાસીઓ માટે વિશેષતા ગણાય છે. ભુજની નવરાત્રી તથા દશેરાના દિવસે ઉજવાતો ફતેહ મહમ્મદનો ઉર્સ માણવાલાયક હોય છે. કલાના રસિકો માટે ભુજની નાટ્યશાળાઓ તથા કવિતા, છંદ અને વ્યાકરણની પાઠશાળાઓ મહત્વની બની રહે છે. વિશ્વમાં ચાંદીના તારની ફિલિગ્રીની કળાના ઉત્તમ નમૂના નિપજાવતું ભુજનું ચાંદીબજાર જાણીતું છે.[1] જો

[1] રજની વ્યાસ, ગુજરાતની અસ્મિતા, અક્ષરા પ્રકાશન, પાંચમી આવૃત્તિ, અમદાવાદ, 2012, પૃ.64.

 ISBN: 978-81-952708-6-6

કે વર્ષ 2001માં આવેલા ભૂકંપે ભુજને ઘણુ નુકશાન પહોચાડ્યું છે. છતાંય પ્રવાસન ક્ષેત્રે ભુજ કચ્છનું કેન્દ્રવર્તી નગર છે.

**2 પ્રાગમહેલ :**

ભુજમાં આવેલો પ્રાગમહેલ બાંધવાની શરૂઆત રાવ પ્રાગમલજી-2જાએ કરી હતી. આ મહેલની ડિઝાઇન ઇટાલીયન ગોથિક શૈલીમાં હેન્રી સેંટ વિલ્કીન્સ દ્વારા તૈયાર કરવામાં આવેલી છે. એમ મનાય છે કે ઘણા કચ્છી અને ઇટાલીના કારીગરોને મહેલ બાંધવા માટે રોકવામાં આવ્યા હતા. આ કારીગરોને વેતન સોનાના સિક્કામાં ચુકવવામાં આવતું હતુ. પ્રાગમલજીના મૃત્યુ બાદ તેમના પુત્ર ખંજરજી-3જાએ આ મહેલનું બાંધકામ પૂર્ણ કરાવ્યું હતુ. આ મહેલ બાંધવાનો ખર્ચ તે સમયે રૂ.3.17 કરોડ થયો હતો. આ મહેલ રાજસ્થાનના આરસપહાણ અને ઇટાલીના સેંડસ્ટોન પથ્થરોથી બનેલો છે. મહેલમાં પ્રવેશતા જ મહેલના મુખ્ય દરબાર હોલમાં વિવિધ મૃત પશુઓના માથા અને શરીર મસાલા ભરીને લટકાવામાં આવેલા છે. આખો દરબાર હોલ ઝુમ્મરો અને વિવધ તાબાં, પિત્તળ અને પથ્થર મૂર્તિઓથી ભરેલો છે. મહેલ પાસે 45 ફૂટ ઉંચો ટાવર બનાવેલો છે. જ્યાં ઉપર જવા પગથિયાની વ્યવસ્થા છે. આ ટાવર પરથી આખું ભુજ શહેર જોઇ શકાય છે. મહેલની પાછળના ભાગમાં નાનું પથ્થરની કોતરણીવાળું મંદિર આવેલું છે. વર્ષ 2001માં ભૂકંપના કારણે આ મહેલને થોડુ નુકશાન થવા પામ્યું તથા વર્ષ 2006માં મહેલમાંથી કિમંતી વસ્તુઓની ચોરી થઇ ગઇ. સમયાંતરે આ મહેલ પોતાની જાહોજલાલી ગુમાવવા લાગ્યો હતો પરંતુ અમિતાબ બચ્ચને અંગત રસ લઇ મહેલના સમારકામ માટે પ્રયત્નો કરતા આ મહેલનું સમારકામ હાલમાં પૂર્ણ થયું છે. હાલમાં કચ્છ આવતા પ્રવાસીઓ આ મહેલની અચૂક મુલાકાત લે છે.[2]

**3 આઇના મહેલ :**

કચ્છના પાટનગર ભુજમાં આવેલો આઇનામહેલ ઇ.સ.1761માં રાવ લખપતજી દ્વારા બનાવવમાં આવ્યો હતો. આ મહેલ પ્રાગમહેલની બાજુમાં આવેલો છે. પરદેશથી કાચની કલા શીખી લાવીને રામસિંઘ માલમે આ મહેલ બાંધ્યો હતો. આ મહેલની દિવાલો આરસપહાણના પથ્થરોથી જડેલી છે. જેની પર સોનાની દોરી તથા કાચ લગાવવામાં આવ્યાં છે. દિવાલો પર સોનાનો ઢોળ ચડાવેલા અરીસાઓ અને વેટીટન ગ્લાસ(કાચ) લગાવવામા આવેલા છે મહેલને બેલ્જિયમના અરીસાથી શણગારેલ હોવાથી આ મહેલને આઇના મહેલ કહેવાય છે. મહેલમાં એક નાનુ મ્યુઝિયમ પણ બનાવવમાં અવ્યું છે. જેમાં રાજાઓના પલંગો, સંગીતના સાધનો, કલાના નમૂનાઓ. ચિત્રો, હથિયારો, લાંબા કદની ભીત ઘડિયાળો, સોનાચાંદીના સિંહાસનોનો સંગ્રહ કરવામાં આવેલો છે. દેશ વિદેશથી લોકો આ મહેલ જોવા આવતા પરંતુ આજે તે ખંડિયેર હાલતમાં છે.[3]

**4 હમીરસર તળાવ :**

ભુજમાં આવેલું હમીરસર તળાવ 450 વર્ષ કરતાં પણ જૂનું છે. આ તળાવ ભુજના સ્થાપક રાવ હમીરજીના યાદમાં તેમના પુત્ર રાવ ખેંગારજી પહેલાએ બંધાવ્યું હતું. નિષ્ણાંતો માને છે કે કચ્છ જેવા સુકા પ્રદેશમાં પ્રજાની પાણીની જરૂરીયાત પૂરી કરવા આ તળાવ બાંધવામાં આવ્યું હશે. ઇ.સ.1549માં કચ્છની રાજધાની ભુજ બન્યા પછી આ તળાવનો વિકાસ થવા પામ્યો. તળાવની બાજુમાં અનેક પક્ષીઓનો વસવાટ હોવાથી રાવ પ્રાગમલજી-2જાએ ચબુતરાનું નિર્માણ કરાવ્યું હતું. રાવ ખેગાંરજી-3જાના સમયમાં આ ચબુતરા પર કોતરણી કામ કરી કલાત્મક બનાવવામાં આવ્યો હતો.[4] અહીં આવતા પ્રવાસીઓ તળાવની પાળે બેસી આઇના મહેલ, પ્રાગમહેલ કચ્છ મ્યુઝિયમ જેવી ભુજની ભવ્યતા જોઇ શકે છે. તળવની આસપાસ ઘણા મંદિરો

[2] K.s.dilipsinh, kutch in festival and custom, har anand publication,2004,page-81
[3] Desai Anjali, India Guide Gujarat, India Guide Publication,page-343.
[4] www.kutchtourguide.com

 ISBN: 978-81-952708-6-6

પણ આવેલા હોવાતી સંધ્યા સમયે અહીંનુ વાતાવરણ પવિત્ર અને આધ્યાત્મિક લાગે છે. જે પ્રવાસીઓના મન હરી લેનારી હોય છે.

**5 છત્રીઓ (છત્તરડી) :**

ભુજમાં પ્રવાસીઓ માટે હમીરસર તળાવ તરફ જતા કોતરણીથી ભરેલી કેટલીક છત્રીઓ જોવા મળે છે. સ્થાનીક ભાષામાં તેને 'છત્તરડી' કહેવાય છે. કચ્છના રાજવી પરિવારમાં મૃત્યુ પામતાં સભ્યની કબર પર છાંયો મળી રહે તે હેતુથી આવી છત્રીઓ બનાવવામાં આવતી હતી. છત્રીઓ બનાવવાની શરૂઆત ઇ.સ.1770માં થઇ હતી. ભુજમાં આવેલી રાવ લખાજી, રાવ રાયધણજી અને રાવ પ્રાગમલજીની છત્રીઓ શિલ્પકલાના ઉત્તમ નમુના છે. ઉનાળાના સમયમાં પ્રવાસીઓ માટે આ સ્થળ વિશેષ આર્કષણનું કેન્દ્ર બની રહે છે.

**6 વિજયવિલાસ પેલેસ :**

વિજયવિલાસ પેલેસ કચ્છના માંડવીમાં આવેલો છે. વિજયવિલાસ પેલેસ કચ્છના મહારાવ શ્રીખંજરજી-3 જાએ પોતાના પુત્ર યુવરાજ શ્રી વિજયરાજજીને ઉનાળાની ગરમીથી રાહત મળે તે હેતુથી બંધાવ્યો હતો. વિજયરાજજીના નામ પરથી આ મહેલને 'વિજયવિલાસ પેલેસ' કહેવાય છે. આ મહેલ બાંધવાની શરૂઆત ઇ.સ.1920માં થઇ તથા તેનું બાંધકામ ઇ.સ.1929માં પૂર્ણ થયું હતું. આ મહેલ લાલ રંગના પથ્થરોથી બનેલો છે. આ મહેલના બાંધકામમાં રાજપૂત શૈલી જોવા મળે છે. રંગીન કાચની બારીઓ, ગુંબજવાળા ગઢ, વિસ્તૃત મંડપ, કોતરણીથી ભરેલા સ્તંભો અને જાળીઓ, મહેલની શોભા વધારે છે. મહેલની જાળીઓ, છત્રીઓ, ઝરૂખા અને છતમાં લાલ રંગના પથ્થરોનો ઉપયોગ થયેલો છે. આ મહેલ બગીચા અને આરસના ફૂવારાની વચ્ચે આવેલો હોવાથી સુંદર લાગે છે. મહેલના ચોગાનમાંજ વિજયરાજજીની છત્રી આવેલી છે. જેઓ ઇ.સ.1948માં મૃત્યુ પામ્યાં હતા. તેઓને આ મહેલ ખૂબ પ્રિય હતો મહેલમાં એક નાનુ મ્યુઝિયમ પણ છે જેમાં રાજાશાહીના શસ્ત્રો, વાસણો, પલંગો, હુકા, પોશાક, ઘરેણાંઓનો સંગ્રહ કરવામાં આવેલો છે. મહેલની સામે બાજુ વિશાળ દરિયો હોવાથી મહેલને પોતાનો ખાનગી બીચ પણ છે. 'હમ દિલ દે ચૂકે સનમ' અને 'લગાન' જેવી ફિલ્મોનું શુટીંગ અહીં થયેલું હતુ. વર્ષ-2001માં આવેલા ભુકંપના કારણે આ મહેલને થોડુ નુકશાન થવા પામ્યું હતું. હાલમાં કચ્છનો શાહી પરિવાર તેમા નિવાસ કરે છે. કચ્છ આવતા પ્રવાસીઓ માટે આ વિજયવિલાસ પેલેસની મુલાકાત અનેરો અનુભવ કરાવે છે. મહેલ નિહાળવાન સમય 10.00 થી 6.00નો છ પ્રવેશ ફિ.20.રૂ.છે.[5]

**7 ધોળાવીરા :**

કચ્છના ભચાઉ તાલુકાના ખદીરબેટ વિસ્તારમાં આવેલું ધોળાવીરા હડપ્પન સંસ્કૃતિનું નગર છે. ઇ.સ.1967માં ભારતીય પુરાતત્વવિદ્દ જગપતિ જોષીને ઉત્ખનન કરતા સિંધુ સંસ્કૃતિના અવશેષો ધોળાવીરા ખાતેથી મળી આવેલા છે. સ્થાનિક લોકો આ વિસ્તારને 'કોટડા' કે 'ટિંબા' તરીકે ઓળખે છે. ધોળાવીરાનો વિસ્તાર પૂર્વ-પશ્ચિમે 775.મી. અને ઉત્તર-દક્ષિણે 600.મી. જેટલો છે. ધોળાવિરા ત્રણ વિભાગમાં વહેચાયેલું છે. પ્રથમ ભાગમાં કિલ્લેબંધ નગર, બીજા અને ત્રીજા ભાગમાં નગર આયોજન વિશેની માહિતી મળે છે. નગરની ચાર દિશાઓમાં ચાર દરવાજા છે. અહીની ગટર સુવિધા, ફૂવા, તળાવ, મકાનો, રસ્તાઓ જોતા ધોળાવિરાનું નગરઆયોજન આજના આધુનિક શહેરો જેમ થયેલું જોવા મળે છે. ધોળાવિરાના તળાવો, ફૂવાના અવશેષો પરથી પુરાતત્વવિદ્દો અને દિલ્લીની સંસ્થા સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાર્યમેન્ટ એવું માને છે કે ધોળાવીરા આજના પાણીની તંગી અનુભવતા પ્રદેશો માટે એક એક ઉત્તમ પદાર્થપાઠ છે.

હડપ્પા સંસ્કૃતિનાં બીજા નગરોની જેમ ધોળાવીરા સમાંતરભુજ ચતુષ્કોણ છે. આ ચતુષ્કોણની આસપાસ એક દિવાલ છે. ધોળાવીરામાંથી 18.મી. લાબું અને 50.મી. પહોળું મકાન મળ્યું છે જે પુરાતત્વવિદ્દો સ્ટેડિયમ હોવાનું માને છે. ધોળાવીરામાંથી મળેલા ચાંદી, સોનું અની છીપમાંથી ઘરેણા, માટીના વાસણો, પ્રાણીઓના

[5] http://en.wikipedia.org/dholavira


ISBN: 978-81-952708-6-6

ચિત્રો, રમકડાં, 10 ચિહ્નો ધરાવતું સાઇનબોર્ડ, સિંધું લિપિમાં કોતરાયેલા 10 શિલાલેખો મળી આવેલા છે. ઈતિહાસના રસિકો તથા પ્રવાસીઓ માટે ધોળાવીરા ઐતિહાસિક સ્થળ તરીકે જોવાલાયક સ્થળ છે. ધોળાવીરાની મુલાકતથી પ્રવાસીઓ ભારતના ભવ્ય ઈતિહાસથી માહિતગાર બને છે.[6]

**8 લખપતનો કિલ્લો :**

લખપત એક સમયે કચ્છનું ધીકતું બંદર હતું. લખપતના વિસ્તારમાં ચોખાની ખેતી વધુ થતી હોવાથી લખપતને ચોખામાંથી 80,000 કોરી(સિક્કા)ની આવક થતી. એટલું જ નહિં પરંતુ લખપત વ્યાપારી બંદર હોવાથી અનેક વિદેશી વહાણો લખપતના કિનારે પોતાનો માલ ઉતારતા જેમાંથી લગભગ 1,20,000 કોરીની આવક થતી હતી. લખપતની જાહોજલાલીના સમયમાં જમાદાર ફતેહ મહંમદે ઇ.સ.1801માં 7 કિ.મી. લાંબો કિલ્લો બંધાવ્યો હતો. જોકે આ કિલ્લો આજે ભગ્ન અવસ્થામાં છે પરંતુ તે આજે પણ લખપતના ઈતિહાસની માહિતી આપતો ઉભો છે. લખપત કિલ્લાની અંદર સૂફી સંતોની કાળા પથ્થર મળેલી કબરો આવેલી છે. સ્થાનીક ભાષામાં તેને ‘કુબા’ કહેવાય છે. આ સિવાય લખપતમાં પ્રવાસીઓ માટે ગુરૂદ્વાર સાહિબ, સૈયદપીરની દરગાહ, નૈની માય દરગાહ અને હાટકેશ્વર મંદિર જોવાલાયક છે.[7]

**સમાપન :**

ગુજરાત રાજયમાં આવેલો કચ્છ જિલ્લો પ્રવાસન ક્ષેત્રે આગવું મહત્વ ધરાવે છે. કચ્છમાં આવેલા આ ઐતિહાસિક સ્થળો ઉપરાંત નારાયણ સરોવર,આશાપુરા માતાનો મઢ, કોટેશ્વર મહાદેવ, મેકરણદાદાની સમાધિ, હાજીપીરની દરગાહ, લાખા ફુલાણીની છત્તરડી, સ્વામિનારાયણ મંદિર, રવેચી માતાનું મંદિર, જખ બૌતેરા, પુંખરેશ્વર મહાદેવ, બિલેશ્વર મહાદેવ, ત્રિકમસાહેબ મંદિર જેવા ધાર્મિક સ્થળો નારાયણ સરોવર પક્ષી અભયારણ્ય, ફ્લેમીંગો સીટી, ઘોરડ અને ઘુડખર અભયારણ્ય, ભુજિયો ડુંગર, માંડવીની દરિયાકિનારો જખ બૌતેરા, નનામો ડુંગર, રોહાનો કિલ્લો, રૂદ્રમાતા ડેમ, જેવા કુદરતી સ્થળો લાખા ફુલાણીની છત્તરડી, પુંખરો ગઢ, કંથકોટનો કિલ્લો, ગાંધી સમાધિ, કચ્છ સમર્પણ આશ્રમ, વંદે માતરમ્ મેમોરીયલ, કચ્છ સંગ્રહાલય, ભારતીય સંસ્કૃતિ દર્શન જેવા સ્થળો પણ પ્રવાસીઓ માટે આકર્ષણના કેન્દ્રો છે. ગુજરાત સરકાર દ્વારા કચ્છના સફેદ રણમાં ઉજવાતા રણઉત્સવના કારણે વિશ્વના પ્રવાસીઓમાં આર્કષણનું સ્થાન ધરાવે છે. કચ્છનો પ્રવાસ કરવા માટે વિમાન મારફતે નજીકનું એરપોર્ટ ભુજ છે, નજીકના રેલ્વે સ્ટેશનો ભુજ, રાપર, અંજાર, ગાંધીધામ છે. કચ્છના પ્રવાસન સ્થળો સુધી જવા માટે રાજયની બસ સેવા તેમજ ખાનગી વાહનો ઉપલબ્ધ છે. ભુજ, અંજાર, રાપર, કંડલા, મુન્દ્રા, માંડવી વગેરે જગ્યાએ સારી હોટલોની વ્યવસ્થા છે. કેટલાક ધાર્મિક સ્થળો પર ધર્મશાળોની સુવિધા છે. કચ્છના રણમાં મુસાફરી કરવા માટે ઉંટની સુવિધા પણ ઉપલબ્ધ છે. દરિયાકાંઠે આવેલા સ્થળો પર બોટીંગ તથા એડવેન્ચર રાઇટ્સની સુવિધા પણ ઉપલબ્ધ થઇ રહી છે.

હાલમાં ગુજરાત સરકાર દ્વારા કચ્છને પ્રવાસન ક્ષેત્રે આધુનિક બનાવવાના પ્રયત્નો થઇ રહ્યા છે. ગુજરાત પ્રવાસન નિગમની જાહેરાતમાં મિલેયનમ સ્ટાર અમિતાભ બચ્ચન સાચુ જ કહે છે કે **“કચ્છ નહી દેખા તે કુછ નહી દેખા”**

[6] શાસ્ત્રી,હરિપ્રસાદ.ગુજરાતનો ઇતિહાસ પ્રાચીનકાળ,યુનિ ગ્રંથ નિર્માણ બોર્ડ,ત્રીજી આવૃત્તિ,અમદાવાદ,2014, પૃ.18.

[7] http://en.wikipedia.org/lakhpat

 ISBN: 978-81-952708-6-6

**સંદર્ભગ્રંથ સૂચિ**

1. વ્યાસ,રજની. ગુજરાતની અસ્મિતા, અક્ષરા પ્રકાશન, પાંચમી આવૃત્તિ, અમદાવાદ, 2012.
2. મહેતા મકરન્દ, ગુજરાતનો રજવાડી વારસો,ગુજરાત રાજય અભિલેખાગાર,ગાંધીનગર,2012.
3. દેસાઇ,મહેબૂબ પ્રવાસન સિદ્ધાંત અને વ્યવહાર,ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,પ્રથમ આવૃતિ, અમદાવાદ, 2012.
4. સેદાણી,હસુતાબેન. ગુજરાતની લોકસંસ્કૃતિ,યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,ચોથી આવૃત્તિ,અમદાવાદ, 2016.
5. ગુજરાત, ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ, ચોથી આવૃત્તિ,2013, અમદાવાદ,પૃ.397.
6. કોટક, વિજયાલક્ષ્મી, હસ્તકલા-કચ્છનો વારસાગત વૈભવ
7. જાદવ, જોરાવરસિંહ, ગુજરાતની લોકસંસ્કૃતિ, 1976.
8. રાઠોડ, રામસિંહ, કચ્છની સંસ્કૃતિનું દર્શન,1959.
9. રાઠોડ, રામસિંહ, કચ્છન લોકસંસ્કૃતિનું દર્શન.
10. શર્મા, ગોવર્ધન. કચ્છનું લોકસાહિત્ય
11. શાસ્ત્રી,હરિપ્રસાદ.ગુજરાતનો ઈતિહાસ પ્રાચીનકાળ,યુનિ ગ્રંથ નિર્માણ બોર્ડ,ત્રીજી આવૃત્તિ,અમદાવાદ,2014
12. મહેતા, ભાવના. કચ્છ: લોક અને લોક સંસ્કૃતિ,1987.
13. K.s.dilipsinh, kutch in festival and custom, har anand publication,2004.
14. Desai Anjali, India Guide Gujarat, India Guide Publication.

**વેબસાઇટ્સ**

1. www.kutchtourguide.com
2. http://en.wikipedia.org/dholavira
3. http://en.wikipedia.org/lakhpat
4. www.gujarattourisam.com
5. www.gujarattourisam.com


**ISBN: 978-81-952708-6-6**

# પંચમહાલના ઔતિહાસિક સ્થળો : એક અભ્યાસ

**ડૉ.સુરેશકુમાર સી.પટેલ**
આસીસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ; શેઠ પી.ટી.આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ,ગોધરા

**પ્રસ્તાવના**

પંચમહાલ જિલ્લાના પ્રાચીન ઇતિહાસ માટે ઐતિહાસિક આધારો નહિવત્ પ્રાપ્ત થાય છે. આનું કારણ એ છે કે આ પ્રદેશ ગાઢ જંગલ, ડુંગરાળ, દુર્ગમ ભૂપ્રદેશ અને અનુસૂચિત જાનજાતિની વિશેષ વસ્તી ધરાવતો પ્રદેશ છે. આપણે પંચમહાલના ઇતિહાસ માટે પડોશી પ્રદેશ, માળવા (મધ્યપ્રદેશ), વડોદરા, ખેડા વગેરેનાં ઐતિહાસિક સાધનો પર આધાર રાખવો પડે છે. આ પ્રદેશના જે કોઈ ઐતિહાસિક આધારો પ્રાપ્ત થાય છે તેનો પંચમહાલના ઇતિહાસને સજીવન કરવા માટે ઉપયોગ કરવાનો રહે છે.અહી પંચમહાલના પંચમહાલના ઔતિહાસિક સ્થળો નો પરિચય કરાવવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે

**દેવાલયો :-**

સોલંકી કાલમાં મંદિર અને ગુજરાત – માળવાના પ્રદેશોમાં બે મહત્વના સિદ્ધાંત ગ્રંથ રચાયા છે. એમાંનો એક માળવાના પરમાર રાજા ભોજદેવ (ઈ. સ. ૧૦૧૮-૧૦૬૦)ના નામે ચડેલો 'સમરાંગણસૂત્રધાર' નામનો ગ્રંથ છે. બીજો ગ્રંથ 'અપરાજિતપૃચ્છા' નામે શિલ્પગ્રંથ (૧૨મી કે ૧૩મી સધી)માં વર્ણવેલા પ્રાસાદોના પ્રકારોનો મુખ્ય આધાર લઈ મંદિરોનાં નિર્માણ થયાં છે. આ અનુસાર ગભંગૃહની દીવાલો ગભંગૃહની લંબાઈ કરતાં ૧/૫ જેટલી જ જાડી રાખવામાં આવતી. ઘડેલા પથ્થરોને ઇજનેરી ગોઠવણીથી જ સંયોજિત કરવામાં આવતા. શિખરના ઉપલા ભાગમાં એકદમ ઊંચાઈ લાવવા માટે પથ્થરોને આડા નહિ પણ ઊભા મૂકવામાં આવતા અને શિખરનું કેટલુંક વજન પ્રદક્ષિણા માર્ગની છત ને ટેકવતા સ્તંભો કે બહારની દીવાલો પર ફાળવી દેવામાં આવતું.[1]

**સ્થળપસંદગી :-**

આ કાલનાં ઘણાં મંદિર કુદરતના સાંનિધ્યમાં સમુદ્ર કે નદી કે સરોવરના કાંઠે ટાપુ પર, વન-ઉપવનમાં, પહાડની ટેકરી પર તથા કેટલાંક મંદિર નગર કે ગ્રામની મધ્યમાં કે એની પાસેના વિસ્તારમાં બાંધેલાં છે.[2]

દેવાલય :- પંચમહાલ જિલ્લામાં હિન્દુ રાજવીઓનાં બાંધેલાં સુંદર દેવાલયો આવેલાં છે.

**લકુલીશ મંદિર:-**

પાવાગઢ(તા. હાલોલ, જિ. પંચમહાલ)ના લકુલીશ મંદિરના ગર્ભગૃહની આગળ નાની અને મોટા કદની બે કપિલી (અંતરાલ) આવેલી છે. એની આગળ ગૂઢ મંડપ અને શંગાર ચોકી છે. ગભંગૃહની દ્વાર શાખાના લલાટબિબમાં લકુલીશ શિલ્પ છે. મંડોપરની જંઘામાં ઉત્તમ કોતરણીવાળાં વેગીલા શિલ્પ આવેલાં છે. એમાં વીરેશ્વર, લકુલીશ, અષ્ટદશભુજદેવી નટરાજ, યોગાસનમાં બિરાજેલ શિવનાં બે શિલ્પો, ગજેન્દ્રમોક્ષનું દૃશ્ય અને બ્રહ્મેશાનાર્કનું શિલ્પ ખાસ નોંધપાત્ર છે. આ છેલ્લું ષડ્ભુજ શિલ્પ અર્ક (સૂર્ય), ત્રિમુખ દેવનું છે. એનો એક હાથ ખંડિત છે. એણે બાકીના હાથમાં ત્રિશૂલ, સ્તુક, પદ્મ અને સર્પ ધારણ કરેલાં છે. એના પાદ્ પાસે હંસ, અશ્વ અને નંદી વાહન છે.[3]

**મહાકાળીનું મંદિર:-**

પાવાગઢના છાશિયું અને દૂધિયું એમ બે તળાવો પાસે થઈને અઢીસો ફૂટ ઊંચા પર્વતના સૌથી ઊંચા શિખરની ટેકરી ઉપર જવાય છે. આ ટેકરી ઉપર મહાકાળીનું આસપાસ કોટવાળું મંદિર છે અને એ મરાઠા સમયમાં બંધાયેલું છે. મહાકાળીની મૂર્તિ પહેલાં જૈન શિલ્પના વિધાન પ્રમાણે હતી એમ જૈનો માને છે. હાલનું મંદિર છેક સાદું છે અને મહાકાળીનું મુખ પૂજાય છે. મંદિરની ઉપર સદનશાહ પીરનું મુસલમાનોનું સ્થાન છે. મુસલમાનોના

 **ISBN: 978-81-952708-6-6**

સમયમાં એ મંદિરની જગ્યાએ કબર હશે અને એ પછી કબરની નિશાની મંદિરની ઉપર રાખી ફરી દેવીની પ્રતિષ્ઠા થઈ હશે એમ લાગે છે.[4]

**પાવાગઢનાં જૈનમંદિર:-**

શ્રીગટ્ઝે પાવાગઢનાં જૈન મંદિરો અંગે મનનીય માહિતી આપી છે. એમના મંતવ્ય પ્રમાણે પાવાગઢના છેક ઉપરના મૌલિયાના કિલ્લાના મેદ્યનમાં અને દૂધિયા તળાવ પાસે જૈન મંદિરોના અવશેષો મળે છે. એનો જીર્ણોદ્ધાર થયેલો છે. આ અવશેષો ઉપરથી એ બંધાયાની તારીખ મળતી નથી, પરંતુ સ્થાપત્ય અને મૂર્તિ, વિધાન ઉપરથી એ ચૌદમી અને પંદરમી સદીના બાંધકામ હોય એમ લાગે છે. બધા જીરણોદ્ધારમાં થાય છે તેમ આ મંદિરો પણ મરામતમાં બગડ્યાં છે.

પાવાગઢનાં જૈનમંદિર ત્રણ સમૂહમાં આવેલાં છે : ૧. બાવનદેરી મંદિરો કે નવલખી મંદિરો ૨. કાલિકામાતાની ટૂકના અગ્નિકોણ પર આવેલાં ચંદ્રપ્રભ અને સુપાર્શ્વનાથનાં મંદિર અને ૩. પાર્શ્નનાથ મંદિર અને એની આજુબાજુ આવેલાં મંદિર.

**બાવનદેરી: –**

નવલખા સમૂહમાં હાલ ત્રણ મંદિર આવેલ છે. તે મૂળ મુખ્ય મંદિરની ઉત્તરે, પશ્ચિમે અને દક્ષિણે આવેલાં માત્ર ગૌણ મંદિર છે. વચ્ચેના મુખ્ય મંદિરનો હાલ તો માત્ર પીઠભાગ જળવાઈ રહ્યો છે. પીઠના ચોતરફના નિર્ગમોની રચના જોતાં મૂળ મંદિર ચોમુખ પ્રકારનું હોય એવું લાગે છે. મંદિરને ફરતો પ્રાકાર હતો. જેમાંના માત્ર પૂર્વ બલાનકના અવશેષ રહ્યા છે. દીવાલો અનેકવિધ મૂર્તિશિલ્પો અને શિલ્પ થરોથી અલંકૃત હતી. ગૌણ મંદિર પ્રાકારની બહાર આવેલાં હતાં. તે એ પ્રાય: સ્તંભાવલીઓ વડે એની સાથે જોડાયેલાં હતાં. સર્વે ચોકીઓ તથા શિખરો અર્વાચીન છે. મંદિરના સ્તંભોની ઘટપલ્લવ ઘાટની શિરાવટીઓ, મુખ્ય તથા ગૌણ ગવાક્ષો પરની કમાનોના ઘાટ વગેરે લક્ષણો પરથી આ મંદિર પંદરમી સદીના આરંભનાં લાગે છે.

ચંદ્રપ્રભ અને સુપાર્શ્નનાથનાં નાનાં મંદિરોને ફરતો પણ પ્રાકાર હતો. એ થોડાં વધુ જૂનાં, પ્રાય: ચૌદમી સદીનાં છે. પણ ઓગણીસમી સદીમાં એનું સાવ પુનર્નિર્માણ થયું છે.પાર્શ્નનાથ મંદિરવાળા સમૂહમાં એ મંદિરની આસપાસના જૂના પ્રાકારોના કેટલાક અવશેષ સિવાય જૂનાં મંદિરોના કોઈ અંશ મોજૂદ રહ્યા નથી.[5]

**દેસર (હાલોલ તાલુકા)**

દેસરમાં પંચાયતન પ્રકારનાં મંદિરોનો સમુદાય આવેલ છે. તે મોટી પડી ગયેલી જગતી ઉપર આવેલાં છે. દક્ષિણાભિમુખ મધ્યનું મંદિર દેસરનાથનું છે તે ભગવાન શિવનું છે. જગતી ઉપર બે નાનાં મંદિરો આવેલાં છે. બંને મંદિરો ધક્ષિણાભિમુખ છે. એક મંદિર જગતીના ઈશાન ખૂણે અને બીજું વાયવ્ય ખૂણે આવેલું છે તે અનુક્રમે ભગવાન વિષ્ણુ અને સૂર્યનું છે. નૈઋત્ય અને અગ્નિખૂણે સામસામે આવેલાં મંદિર પાર્વતી અને ગણેશનાં છે.

મધ્યમંદિરમાં ગર્ભગૃહ, મંડપ અને મુખમંડપ આવેલ છે. બધાં મંદિરોની ગર્ભગૃહની દીવાલો સુશોભિત કરેલ છે. મધ્યમંદિરની પીઠના થરો કુંભ, કલશ, ગજ અને માનવાકૃતિથી સુશોભિત કરેલ છે. મંડોવરની દરેક બાજુએ ભદ્રગવાક્ષ આવેલા છે. તે મહાકેવાલા થરથી સુશોભિત કરેલા છે.મંદિરનો સભામંડપ પડી ગયો છે. મૂળ સ્તંભોનો ઉપયોગ કરી નવો મંડપ બાંધ્યો છે. મૂળ વિતાન અને સંવરણ લુપ્ત થયા છે. સ્થળ પર આના અવશેષો જોવા મળે છે. ગર્ભગૃહ ગવાક્ષની દીવાલ ઉમા-મહેશ્વરની આસનસ્થ સ્થિતિની દેવમૂર્તિથી સુશોભિત કરેલ છે. આવી જ આકૃતિ પાર્વતી મંદિરમાં પણ જોવા મળે છે.

ગર્ભગૃહ આગળ નાનો મુખમંડપ છે. ઉન્નત ભાગ મોટા મંદિરને અનુસરે છે. ગણેશમંદિર સારી સ્થિતિમાં ઊભું છે. જ્યારે સૂર્ય અને વિષ્ણુના ગર્ભગૃહ ભગ્નાવસ્થામાં છે. પાર્વતી મંદિરનો ઉપરનો ભાગ - આમલક અને કલશ - નષ્ટ થયેલ છે. મંદિરને ફરતે ઉરુશૃંગાર, ભદ્રગવાક્ષ, દેવપ્રતિમાં અને કર્ણશુંગારથી સુશોભિત કરેલ છે.ગણેશમંદિરમાં નૃત્ય કરતા ભગવાન ગણેશ બિરાજમાન છે. સૂર્યમંદિરનું ગર્ભગૃહ સારી સ્થિતિમાં છે. સૂર્યમૂર્તિ

 **ISBN: 978-81-952708-6-6**

સારી સ્થિતિમાં છે, પરંતુ વિષ્ણુ અને પાર્વતીની મુખ્ય મૂર્તિઓ ગુમ થયેલ છે. દેસરનાથ મંદિરમાં પ્રાચીન અભિલેખો સુરક્ષિત છે. જે અનુક્રમે વિ. સં. ૧૧૦૯, ૧૧૮૫ અને ૧૩૦૪ના છે.[6]

**સંતરામપુર**

સંતચમપુરમાં સ્થાપત્યનાં સુંદર સ્થળો આવેલાં છે. ભમરેશ્વરી માતાની ગુફા, સુસિદ્ધિ માતા અને ભૈરવનું મંદિર મુખ્ય છે. ભૈરવ મંદિરમાં પ્રાચીન સમયના સુંદર નમૂનાઓ જોવા મળે છે. તે મોટી જગતી પર નિર્માણ પામ્યું છે. તે ગર્ભગૃહ, સભામંડપ અને શૃંગાર ચોકી ધરાવે છે. આગળ બે સુંદર સ્વસ્તિક સ્તંભો આવેલા છે. જે પર સુંદર કોતરકામ જોવા મળે છે. સભામંડપના વિતાનના તૂટેલા ટુકડાઓ પર ફૂલોનું કોતરકામ જોવા મળે છે. ત્રિશાખા (ત્રણ શાખા) ગભંગૃહના દરવાજા ધ્યાન ખેંચે છે. મૂળ શિખર સચવાયેલુંછે. મંદિરની બંને બાજુએ રહેલા ઝરૂખા મંદિરની વિશિષ્ટતા છે. ટેકાના આધાર પર સુંદર દૈવી પ્રતિમાઓ છે. ભૈરવની પ્રતિમા ગર્ભગૃહમાં સ્થાપિત છે. તે પ્રાચીન છે. મંદિરના આંગણામાં દીપસ્તંભ રચ્યો છે તે પાછળથી ઊભો કર્યો છે.

**ઢુવા (ગોધરા તાલુકા)**

કુદરતી વહેતા ગરમ પાણીના ઝરા પાસે નાની ટેકરી ઉપર શરભંગ ઋષિનું મંદિર આવેલું છે. તેને ફરતી ચોરસ રક્ષણ ઘેવાલો આવેલ છે. બે પ્રવેશદ્વારો - એક પૂર્વ તરફ અને બીજું પશ્ચિમ તરફ આવેલું છે. મંદિર સારી સ્થિતિમાં છે. શિખર પહેલાં સંપૂર્ણ નાશ પામેલ તે હવે નવું બાંધ્યું છે. પીઠ, ચૈત્ય તોરણ માર્ગ, મંડોવર અને ચારે બાજુએ આવેલા ભદ્રગવાક્ષ મદિરની મૂળ શોભા જાળવી રાખે છે. શિલ્પસ્થાપત્યના વેરાયેલા ટુકડાઓ પુરાતન અવશેષો છે. આ ઉપરાંત ટુવા સ્થળે સોમનાથ મહાદેવનું મંદિર આવેલું છે. સ્થાનિક તે ભીમની ચોરી અને પાદ્ચિહ્ન તરીકે જાણીતું છે.

**કાંકણપુર :-**

કાંકણપુર ગોધરા તાલુકા માં ઘણાં મંદિરો આવેલાં છે. ભગવાન ગણેશ, બળિયાદેવ અને કાંકણેશ્વર મહાદેવએ મુખ્ય મંદિરો છે. ભગવાન ગણેશનું મંદિર ભગ્નાવસ્થામાં છે. તે મંદિરનો ગર્ભગૃહ, મંડપ અને ચોકી વાસ્તવિક રીતે ગુમ થયેલ છે. શૃંગારમાં નાના બચેલા ભાગ પરથી ખ્યાલ આવે છે કે વક્રરેખિત શૃંગારથી તે શણગારવામાં આવેલ. ચૌલુક્ય કાલીન મંદિરોનાં ઘરોમાં જે શણગાર - કોતરણી જોવા મળે છે તે આ મંદિરની પીઠ, મંડોવર, મંડપના સ્તંભો અને મુખમંડપમાં જોવા મળે છે. બળિયાદેવનો લઘુગર્ભગૃહ છે.કાંકણેશ્વર મહાદેવના મંદિરમાં ઉમામહેશ્વરની સુંદર મૂર્તિ છે. મંદિર સારી સ્થિતિમાં છે. તેની સ્થાપત્યસમૃદ્ધિ આકર્ષિત છે.

**લીમખેડા:-**

લીમખેડામાં હાથીધરા પાસે હાથેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. ત્યાં સુંદર ત્રિ-ગર્ભગૃહ (ત્રિપુરુષા પ્રાસાદ) આવેલ છે. જે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના છે. તેના સુંદર પ્રવેશ શાખા પર સરિતા દેવીઓ ગંગા અને યમુનાનાં શિલ્પો આવેલાં છે. ગંગાદેવી મકર ઉપર અને યમુનાદેવી કાચબા ઉપર ઊભાં છે. કમનસીબે, બારસાખના ઉપસેલા સ્થાપત્ય પર રંગના લપેડા કરી બેડોળ થયા છે. શિખર અને સભામંડપના ઉપરના ભાગને મૂતિભંજકે નુકસાન કરેલ છે. વિતાન સલામત છે. મંદિરના બહારના ભાગમાં તાંડવનૃત્ય કરતા શિવ, મહાકાલી, બ્રહ્મા, વામન, નૃસિહ વગેરેનાં શિલ્પો છે.

**બાવકા:-**

બાવકાના શિવમંદિરનો સભામંડપ પડી જવાથી તે ભગ્નાવસ્થામાં છે. શિખર અને ગભંગૃહની પશ્ચિમી દીવાલ અને બારશાખાઓ સ્થાનભ્રષ્ટ થયેલ છે. આ ઉપરાંત સ્થાનભ્રષ્ટ શિલ્પો ભયજનક રીતે લબડે છે. પુરાવશેષીય ખાતા, પશ્ચિમ વતુળ એ ગભંગૃહના સ્થાનભ્રષ્ટ થયેલ બારશાખા, સભામંડપના સ્તંભો ગર્ભગૃહની પીઠ અને સભામંડપને તેના મૂળસ્થાને પુન: સ્થાપન કરેલ છે.

મંદિર ઈ. સ.ની ૧૨મી સદીનું છે. મંડપ અષ્ટકોણીય છે. ઓતરંગને અષ્ટકોણીય સ્તંભો ટેકવે છે. સ્તંભની નીચેનો ભાગ અને શિરાવટી ગોળાકાર છે. પવિત્ર સ્થાનના પ્રવેશદ્વાર પર ગણેશની આકૃતિ છે.[7] પીઠ

 ISBN: 978-81-952708-6-6

પર શિલ્પના ત્રણ થરો આવેલા છે. ઉન્નત થર અણઘડ છે. તેમાં અશ્લીલ ઇશ્કી ચિત્રો આવેલાં છે. બીજા પર ગજ અને ત્રીજા વિભાગ પર નાની માનવઆકૃતિ અને પ્રાણીઓની આકૃતિઓ આવેલ છે. સ્થાનિક અનુશ્રુતિ એવી છે કે આ મંદિર ચાંપાનેરના હિન્દુ રાજવીની ગણિકાએ બંધાવ્યું હતું.

**લુણાવાડા:-**

લુણાવાડા શહેરમાં લૂણેશ્વર ભગવાનનું પ્રાચીન મંદિર છે. આ મંદિર પાસે ઈ. સ. ૧૪૩૪ના વૈશાખ સુદ ત્રીજના દિવસે રાજા ભીમસિંહે શહેરની સ્થાપના કરી.

ઈ. સ. ૧૪૬૯માં ભુવનેશ્વરી માતાનું મંદિર બંધાવ્યું. રાજમહેલને અડીને આવેલા ડુંગર ઉપર મહાકાલી માતાનું મંદિર આવેલું છે. આ ઉપરાંત જાણીતાં મંદિરોમાં શ્રી રણછોડરાયજીનું મંદિર અને શ્રી કાશીવિશ્વનાથનું મંદિર છે.

**કલેશ્વરીની નાળ:-**

લુણાવાડા તાલુકામાં આવેલા લવાણા ગામે લુણાવાડાથી ઉત્તરે ૨૦ કિમી.ના અંતરે કલેશ્વરી કે કલેશ્વરીની નાળ તરીકે ઓળખાતું સ્થળ આવેલું છે.[8] જ તેના શિલ્પસ્થાપત્ય માટે જાણીતું છે.

આ સ્થળે ઈસુની દશમી સદીથી માંડી ઓગણીસમી સદીના શિલ્પસ્થાપત્ય આવેલાં છે. જેમાં કુલ નવ સ્મારકોનો સમાવેશ થાય છે : (૧) સાસુની વાવ, (૨) વહુની વાવ (૩) શિલાલેખવાળું મંદિર, (૪) પ્રાચીન મંદિર, (૫) કુંડ, (૬) શિકાર મઢી, (૭) ભીમચોરી, (૮) અર્જુનચોરી અને (૯) ત્રણ પ્રવેશદ્વાર વાળું મંદિર.

આ સંકુલમાં આવેલાં શિલ્પોમાં નટરાજ, શક્તિ ગણેશ, મહિષમર્દિની, ઘંટાકર્ણી, ક્ષેમંકરી, ઇન્દ્ર, યમ, વ્રુણ, અનંત, અપ્સરા વગેરે શિલ્પો અનુપમ છે.

પંચમહાલમાં આ ઉપરાંત કેટલાંક મંદિરો ભગ્નસ્થિતિમાં છે. પુરાવશેષીય દૃષ્ટિએ એ નોંધપાત્ર છે. આમાં મુખ્ય મંદિરોમાં સિધવાઈ, એકલરોડા, દેવડા, ગૌ મંદિર હાલોલમાં આવેલાં છે. લીમખેડામાં કૌરવ-પાંડવની ચૉરી આવેલી છે. જૂના સ્થળે બંધાયેલાં નવાં મંદિરો પણ નોંધપાત્ર છે. ગોધરાનું ગોકુળ મંદિર, ડેરોલનું કાલિકામંદિર, સણસોલીનું સુમન મંદિર, કુંડવનું ભાથીખત્રી મંદિર, જાંબુઘોડાનું ધામેશ્વર મંદિર, કડાણાનું નંધેનાથ મંદિર, વરધરીનું કેધ્યરેશ્વર મહાદેવનું મંદિર, શહેરાનું મરડેશ્વર મહાદેવનું મંદિર મુખ્ય છે. શહેરાના મરડેશ્વર મહાદેવના મંદિરમાં ૬ મી. ઊંચું અને ૩ મી.નો ઘેરાવો ધરાવતું શિવલિંગ અદ્ભુત છે. નંદીશ્વર ગામમાં પૂર્ણકદની માનવઆકૃતિ આવેલી છે. પરંપરાગત માન્યતા છે કે તે રાજા નંદની છે. તેણે આ ગામ વસાવ્યું છે. નટકેશ્વર, નંદીમાતા અને ચામુંડામાતાનાં મંદિરો પણ નોંધપાત્ર છે.

**સંદર્ભ :**

[1] ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ, પંચમહાલ જિલ્લો, રમતગમત યુવા અનેસાંસ્કૃતિક વિભાગ, ગાંધીનગર, વર્ષ – ૨૦૧૭, પૃ.૫૯

[2] એજન. પૃ.૬૦

[3] H. Goetz, Pavagadh-champaner, JGRC, Vol. XI No.2, pp.53

[4] આર.બી.જોટે, ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ, ઇસ્લામ યુગ ખંડ – ૨, પૃ. ૬૨૨

[5] ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ, એજન પૃ.૬૧

[6] એજન. પૃ.૬૧

[7] ઉગતા સૂર્યનો પ્રદેશ દાહોદ, માહિતી નિયામકની કચેરી ગુજરાત રાજ્ય, ગાંધીનગર, વર્ષ – ૨૦૦૬, પૃ.૬૩

[8] સેદાણી હસુમતીબેન સશીકાન્ત, ગુજરતની લોકસાંસ્કૃતિક, યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ- અમદાવાદ, વર્ષ –૨૦૦૧


ISBN: 978-81-952708-6-6

# ઘોઘા બંદરમાં આવેલ વિદેશી પ્રવાસીઓ : એક અભ્યાસ

**બાંભણીયા રમેશભાઈ ગોપાભાઈ,**
સંશોધક સ્કૉલર, ઈતિહાસ અનુસ્નાતક ભવન,
મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર

**ભૂમિકા :**

આ બંદરે ઘણી રાજદ્વારી હકૂમત જોઈ છે. ઘોઘા બંદર તરીકેનો પ્રથમ ઉલ્લેખ વલ્લભી રાજ્ય દરમિયાન (ઇ.સ.૪૮૦-૭૨૦) ગૂંદીગઢ તરીકે જોવા મળે છે. અણહિલવાડ પાટણના રાજ્યકાલ દરમિયાન (ઇ.સ.૭૪૬-૧૨૯૭) આ બંદરનો ઉલ્લેખ સાગરખેડુતો માટે ફક્ત જરૂરી સાધન સામગ્રી લેવા માટેના બારા તરીકે થયેલો છે, ત્યાર બાદ આ બંદર મુસલમાનોના હાથમાં ગયેલું જણાય છે. ત્યાર બાદ ઇ.સ.૧૩૨૫માં મોખડાજીએ મુસલમાનો પાસેથી આ બંદર મેળવ્યું હતું. મોખડાજી અહી પસાર થતાં વહાણો પાસેથી જકાત ઉઘરાવતા હતા. મહમદ તઘલકે ઇ.સ.૧૩૪૭માં મોખડાજીને મારીને આ બંદર મેળવ્યું હતું, પણ તેનો વહીવટ મોખડાજીના પુત્ર ડુંગરજીને સોપ્યો હતો. ઇ.સ.૧૫૦૩માં મુસલમાનોએ આ પ્રદેશ જીતી લીધો હતો અને તે સમયે દક્ષિણ ભારતના મલબર જેવા બંદરો તેમજ એડન સાથે તેનો વેપાર ચાલતો હતો. ઇ.સ.૧૫૩૧થી ૧૫૪૬સુધીમાં ગુજરાતનાં નવાબો સાથે તકરાર થતાં આ બંદર ને ફિરંગી લોકોએ બે વાર લૂંટીયું હતું. ઇ.સ.૧૫૯૧માં અકબરના વાઇસરોયખાને આઝમ-મિરઝા –કોક્લ્ટાશ ના હાથમાં આવ્યું ત્યારે તે ઘણું જ સમૃદ્ધ હતું. ઇ.સ.૧૬૧૨માં સુરતના ગવર્નર ખોજા નાસરની સલાહથી અંગ્રેજોએ અહી કોઠી સ્થાપવાની મંજૂરી મેળવી પરંતુ, તે સમયના ગવર્નર વ્હીટિંગટ ને આમાં ખાસ કસ દેખાયો નહીં. ઇ.સ.૧૬૧૪માં પોર્ટુગીઝોએ ત્રીજીવાર ઘોઘા બંદર લૂંટીયું અને ૧૨૦ વેપારી વહાણો તેમજ બીજા કેટલાક જહાજો બાલી નાખ્યા. તેમનું એક રહીમી તો ૧૫૦૦ ટનનું શક્તિશાળી યાત્રાળુ જહાજ હતું. પોર્ટુગીઝ સતાનો આ છેલ્લો પ્રભાવ હતો. ત્યાર બાદ દરિયા પર અંગ્રેજોનું પ્રભુત્વ વધ્યું. ૧૮મી સદીમાં ઘોઘાના બંદરથીવેપારની પડતી શરૂ થઈ.

**ઘોઘા બંદર અને વિદેશી પ્રવાસીઓ :**

પ્રાચીન સમયમાં પર્શિયન, આરબ, તુર્કી, આર્મેનિયન, રોમન અને ગ્રીક વેપારીઓ આર્થિક તકનો લાભ ઉઠાવવા ભરુચ અને ગુજરાતનાં વિવિધ પ્રદેશોમાં ઉમટતાં હતાં. ક્લોડિયસ તોલેમી (ઇ.સ.૮૫-૧૬૫), સ્ટ્રોબો (ઇ.સ.૨૧-૬૪) અને પ્લીની (ઇ.સ.૨૨૩-૭૯) ઉપરાંત, એલેકઝાન્ડ્રીયાનાં અજ્ઞાત વહાણવટી (ઇ.સ.૬૪ માં) જેવાં ગ્રીક અને રોમન વેપારીઓ-વહાણવટીઓએ ભરુચ-કચ્છ ભૃગુકચ્છ માટે 'બારીગાઝા' શબ્દનો ઉપયોગ કર્યો છે. આ ઉપરાંત, નર્મદા માટે 'નમ્મદુસ' શબ્દનો પ્રયોગ કર્યો છે. અર્થાત, ગ્રીક વહાણવટીઓએ ઇ.સ.૬૦ ની આસપાસ રચેલ ગ્રંથ 'હિંદી મહાસાગરનો ભોમિયો' માં બારીગાઝા ઉપરાંત, શુર્પારક, સોપારા, ઇરિનોના (કચ્છ) નો અખાત, બરાકા (દ્વારકા) નો અખાત, સિરાષ્ટ્રીન (સૌરાષ્ટ્ર), લારિકા (લાટ પ્રદેશ), અસ્તકપ્ર (હાથબ), બેયોનિસ (પીરમ બેટ ) અને મૈસ (મહિ) નદીનો ઉલ્લેખ કર્યો છે.

**ચીની પ્રવાસી ફાહિયાન :**

ઘોઘા વાસીઓએ પોતાનો જીવ આપી ચીનીનો જીવ બચાવ્યો હતો. ચીની મુસાફર ફાહિયાને ભારતમાં ૨૦ વર્ષ ગાળ્યા બાદ ઘોઘા બંદરથી ૨૦,૦૦૦ હસ્તપ્રતો લઈને દક્ષિણ ભારત જવા દરિયાઈ મુસાફરી આરંભી. દરિયામાં તોફાન નડતાં, વહાણનું વજન હલકું કરવું પડે તેમ હતું. ફાહિયાન નિરાશ થયો, ત્યારે ઘોઘા બંદરના ખારવાઓએ કહ્યું કે અમે તમારા પુસ્તકોનો નાશ નહીં થવાં દઈએ. તમે અમારા દેશની વિધ્યા લઈ જાઓ છો, તે સચવાશે તો વિસ્તાર પામશે. એ વિધ્યાનો આમ નાશ થાય એ કરતાં બહેતર છે

 **ISBN: 978-81-952708-6-6**

કે અમારાં માંથી ત્રણ-ચાર જણ જળસમાધી લે. આમ ઘોઘા બંદરના માણસોએ ફાહિયાન તથા પુસ્તકો બચાવવા પોતાની જાનની કુરબાની આપી હતી.

**ઇબ્નબતૂતા :**

ઇબ્નબતૂતા મોરકકો પ્રદેશનાં ટૈજિયરનો વતની હતો અને તેનો જન્મ તા.૨૪/૦૨/૧૩૦૨ નાં રોજ થયો હતો. તેનું ખરું નામ અબુ અબ્દુલ્લા મુહમ્મદ હતું અને ઇબ્નબતૂતા તો તેના કુળનું નામ હતું. તેણે ૨૨ વર્ષની ઉંમરે મક્કાની યાત્રા કરી લીધી હતી. તેનાં ભારતમાં આગમન સમયે દિલ્હીમાં મહમંદ તઘલકનું શાસન હતું. ઇબ્નબતૂતા એ પોતાનાં યાત્રાવૃતાંતમાં કેટલીક ભૂલો અને અતિશયોક્તિ કરી છે. જેમકે તેણે કુતુબમિનારની સીડી એવી પહોળી બતાવી છે કે તેનાં ઉપર હાથી પણ ચડી જાય એવું લખ્યું છે, જે સાચું નથી. કેટલીક વાતો એમણે જનશ્રુતિનાં આધારે લખી હોવાથી કેટલીક ભૂલ થઈ છે. તેમણે ૭૫૦૦૦ માઈલ વિસ્તારની યાત્રા કરી હતી. બાદશાહે તેમની દિલ્હીનાં કાઝી પદ ઉપર નિયુક્તિ કરી હતી અને તેમણે આ પદ ૯ વર્ષ ભોગવ્યું હતું. તેમણે ૧૧ નવેમ્બર થી ૪ ડિસેમ્બર ઇ.સ.૧૩૪૨ સુધી ગુજરાતની મુલાકાત લીધી હતી. ઇબ્નબતૂતાએ આ સમય દરમિયાન પીરમ બેટ અને ઘોઘા બંદરની મુલાકાત લીધી હતી. તેમણે ઘોઘા બંદરની પ્રાચીન મસ્જિદ જોઈ હતી.

ઇબ્નબતૂતા એ ઘોઘા બંદરનાં શાસકને બિનધર્મી કહ્યો હતો. તેમણે વધુમાં લખ્યું છે કે પીરમ બેટ ઉપરની હિન્દુ રાજાઓની સતા મુસ્લિમોએ ઉખેડી નાખી હતી. તેમણે પોતાનો માલ લઈ જતાં વહાણોને ચાંચિયાઓથી બચાવવા આ સ્થળે કિલ્લો બાંધી મુસલમાનોને વસાવવાનો પ્રયત્ન કર્યો હતો. ઇબ્નબતૂતાનું ૭૩ વર્ષની વયે ઇ.સ.૧૩૭૭ માં અવસાન થયું હતું.

આરબ પ્રવાસી ઇબ્નબતૂતા જણાવે છે કે ઘોઘા બંદરનો ખુબ જ વિકાસ થયો હતો. ઘોઘા બંદર વેપાર વાણિજ્યની દ્રષ્ટિએ મહત્વનુ બંદર હતું. ઘોઘા બંદરનાં કાંઠે ૫૦ થી ૨૫૦ ટન સુધીનાં જહાજો પણ બંધાતા હતાં.

**પિટ્રો-દ-લા-વેલ :**

પિટ્રો-દ-લા-વેલે દુનિયાનાં અનેક દેશોનાં પ્રવાસ ખેડીયા હતાં. પિટ્રો-દ-લા-વેલે એ ખાસ વિશ્વનાં બંદરોની મુલાકાત લઈ તેમનાં વિષે માહિતી મેળવી હતી. ભારતનાં પૂર્વ અને પશ્ચિમનાં બંદરોની મુલાકાત લઈ તેની આર્થિક અને સામાજિક જીવન વિષે માહિતી આપી છે. પિટ્રો-દ-લા-વેલ એ ઇટાલીનો વતની હતો. તેમણે પોતાનાં યાત્રાવૃતાંતમાં પૃથ્વીનાં ભૌગોલિક સ્થાનોની માહિતી આપી છે અને બંદરોનાં સ્થાનોની વિશેષ માહિતી પોતાનાં ગ્રંથમાં આપી છે. તેમણે ઇ.સ. 1623માં ભારતની મુલાકાત બંદરો વિષે માહિતી આપી છે અને આ જ સમય દરમિયાન તેમણે ગુજરાત- સૌરાષ્ટ્રનાં વાણિજ્યિક ઘોઘા બંદરની મુલાકાત લીધી હતી. આ સમય દરમિયાન ઘોઘા બંદર પર મુસ્લિમ સતા પ્રવર્તી હતી. ઘોઘા બંદર વેપાર-વાણિજ્યિકની દ્રષ્ટિએ ખૂબ જ વિકાસ પામ્યું હતું. ઘોઘા બંદરને મધ્યકાલીન સમયનું મહત્વનું બંદર ગણાવ્યું છે.

**મુસ્લિમ પ્રવાસી વસફ :**

પ્રવાસી વસફનાં જણાવ્યાં પ્રમાણે ખંભાતનાં ઘોડાનો વાર્ષિક વેપાર અબુબકરનાં સમયમાં (ઇ.સ.૧૧૫૪-૧૧૮૯) ૧૦,૦૦૦ ઘોડાઓનો હતો. તેની કિંમત રૂપિયા ૧,૧૦,૦૦,૦૦૦ હતી. પીરમનાં ટાપુ નજીકનાં પ્રદેશમાં ઘઉં, ચોખા અને પર્વત ઉપર વાંસ થાય છે. તેમણે પોતાનાં પ્રવાસ વર્ણનમાં પીરમ ટાપુ અને તેની આસપાસનાં વિસ્તારનું વર્ણન કર્યું છે.

**ઇટાલિયન પ્રવાસી વર્થેમા સોમાલીલેન્ડ :**


ISBN: 978-81-952708-6-6

ઇ.સ.૧૫૦૪-૧૫૦૬ દરમિયાન મુસાફર વર્થેમા સોમાલીલેન્ડ નાં બર્બરા શહેરથી દીવ આવ્યો હતો. તેમણે ગુજરાતનાં બંદરોની મુલાકાત લઈ બંદરોની વ્યાપારિક નીતિ વિષે માહિતી આપી છે. ઘોઘા બંદરનાં વેપારનો અને સમૃધ્ધ વેપારીઓનો પણ તેણે ઉલ્લેખ કર્યો છે.

**પોર્ટુગીઝ પ્રવાસી બાર્બોસા :**

મુઝફરશાહ બીજાનાં સમયમાં બાર્બોસા નામનાં ગુજરાતમાં આવેલાં પોર્ટુગીઝ પ્રવાસીએ ગુજરાતનાં બંદરો, વેપારીઓ વગેરેનું વર્ણન કર્યું છે. ઘોઘા બંદરમાં મલબાર અને ભારતનાં ઘણાં ભાગોમાંથી તથા મક્કા અને એડનથી વેપારીઓ આવે છે. ઘોઘા બંદર ની સરખામણી દીવ બંદર સાથે કરી છે. જેમ દીવમાં પુષ્કળ પ્રમાણમાં વસ્તુઓ મળે છે તેમજ ઘોઘા બંદરમાં પણ પુષ્કળ પ્રમાણમાં વસ્તુઓ પ્રાપ્ત થાય છે.

**મિલ્બર્નનો અહેવાલ :**

મિલ્બર્ન જણાવે છે કે ઘોઘાનું શહેર એક મોટું વેપારી મથક છે. ચાંચિયાથી બંદરનું રક્ષણ કરવા માટે અહીં કિલ્લો છે. ઘોઘાનાં ખારવાઓની ચપળતા, શૌર્ય, વફાદારી, આજ્ઞાંકિતતા અને ખલાસી તરીકેની કુશળતાનાં તે વખાણ કરે છે. તેઓ તોપચી તરીકે યુરોપિયનો જેટલા જ કાબેલ હતાં. તેઓ જ્યારે ઘરે હોય છે ત્યારે સારા કપડાં પહેરે છે અને તલવાર કમરે લટકાવે છે. જ્યાં સુધી છેલ્લો દોકડો ખર્ચાઈ ન જાય ત્યાં સુધી તેમને કામ કરવું ગમતું નથી. ક્યારેક તેઓ છ માસનાં પગારનો અગાઉથી ઉપાડ કરે છે. તેઓ દારૂનાં વ્યસનથી મુક્ત હતાં, પણ તમાકુ અને અફીણનો ઉપયોગ કરતાં હતાં. ઘોઘા બંદરમાં ૫૦-૨૫૦ ટનનાં વહાણો બાંધતાં હતાં અને તેની મરામત પણ કુશળતાથી તુરત થતી હતી. ઘોઘા-પીરમ કોળીઓનાં મથક હતાં.

**પ્રવાસી મોહમ્મદ શફી ઉલ્લહ ઘોઘાની મુલાકાત :**

અરબોએ ઈસ્લામ સ્વીકાર્યો તે અગાઉ ઘણી સદીઓથી એમનાં દેશ અરબસ્તાન અને ભારતવર્ષ વચ્ચે જળમાર્ગે વેપારી સંબંધો હતાં. પશ્ચિમ ભારતનાં સમુદ્ર-કાંઠા ઉપરનાં બંદરી મથકો ઉપર તેઓ આવતાં જતાં હતાં. એ સંબંધની શરૂઆત ગુજરાતની ભૂમિ ઉપર જ થઈ હતી. જે ગુજરાતનાં ભૌગોલિક કુદરતી સ્થાનને આભારી હતું.

ગુજરાતની સમૃધ્ધી અંગે અરબોને વાકેફગારી તો હતી જ. તેઓએ ઈસ્લામ સ્વીકારતાં મૂર્તિ પૂજાને તિલાંજલી આપી હતી. પરંતુ તેથી ભારતવાસીઓનાં એમનાં પ્રત્યેનાં વલણમાં કંઈ પણ તફાવત પડ્યો નહતો. આમ છતાં તેઓએ પશ્ચિમ ભારતનાં સમૃધ્ધ બંદરો તથા એની આજુબાજુનાં સમૃધ્ધ પ્રદેશો કબજે કરવાની અને ત્યાં મૂર્તિ પુજાનો નાશ કરવાની પ્રવૃતિઓ કરવાં માંડી. હકેમે વર્તમાન મુંબઈ પાસે આવેલા થાણા બંદર પર પ્રથમ આક્રમણ કર્યું તથા લુટફાટ ચલાવી. થોડા સમય પછી મજકુર સરદારે ભરૂચ પર દ્વિતીય ચડાઈ કરી.

ત્રીજી ચડાઈનો નવાબ ઉપરનાં બનાવ પછી ઘોઘામાં નોંધાયો હતો. પ્રવાસી મોહમ્મદ શફી ઉલ્લાહ ઘોઘાની નોંધ લેતાં લખે છે કે "ઘોઘામાં એક આરબ લેખ હતો જેનાં ઉપર અરબી લિપિમાં લેખ હતો. તેમાં આ પ્રમાણે લખવામાં આવ્યું છે. હિ.સ.૫૭ (ઈ.સ.૬૭૭) માં સિપાહસાલાર ઈસ્માઈલ એક બળવાન ફોજ સાથે ઘોઘા ઉપર ઉતરી આવ્યો. અહીંના હિન્દુ રાજા સાથે એક મહાન જંગ ખેલાયો. બન્ને તરફે પુષ્કળ માણસો માર્યા ગયા. જેમાં સિપાહ સાલાર ઈસ્માઈલ અને એનો સરદાર યાકૂબ મદની વગેરે ઘણા ખપી ગયા."

**<u>સંદર્ભ ગ્રંથ :</u>**

1. "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ" ગ્રંથ-૩ (મૈત્રક અને અનુ મૈત્રકકાળ), સંપાદક - રસીકલાલ છોટાલાલ પારીખ, પ્રથમ આવૃતિ, ૧૯૭૪.

 ISBN: 978-81-952708-6-6

2. રાજગોર શિવ પ્રસાદ, "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ",યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
3. "શૂરવીર પાલિયા", સંપાદક : ભાતી એન.
4. દેસાઇ શંભુ પ્રસાદ હર પ્રસાદ, "સૌરાષ્ટ્રનો ઇતિહાસ", પ્રવીણ પબ્લિકેશન-રાજકોટ.
5. સમાચાર ન્યૂઝ, "સંદેશ સમાચાર", ૧૮ માર્ચ,૨૦૧૭
6. સમાચાર ન્યૂઝ, "ગુજરાત સમાચાર", તારીખ-૨૮ ઓકટોબર- ૨૦૧૭, (વિશેષ અહેવાલ).
7. મહેતા મકરન્દ, "ગુજરાત અને દરિયો", પ્રકાશક- દર્શક ઇતિહાસ નિધિ, વડોદરા.
8. એ.કે.ફાર્બસ. " રાસમાળા"- ગુજરાત પ્રાંતનો ઇતિહાસ, ભાષાંતર-રણછોડભાઈ ઉદયભાઈ, ધી અમદાવાદ યુનિયન પ્રિંટિંગ પ્રેસ, અમદાવાદ.
9. ડૉ. શિવપ્રસાદ રાજગોર, "ગુજરાતનાં વહાણવટા નો ઇતિહાસ", પ્રકાશક-બી.એસ.રાજગોર, અમદાવાદ,૧૯૭૬.

 **ISBN: 978-81-952708-6-6**

# સાબરકાંઠા જિલ્લાના ધાર્મિક સ્થળો :પ્રવાસનની દૃષ્ટિએ

**ડૉ.મોતીભાઈ દેવું**
**મદદનીશ પ્રાધ્યાપક; મ.દે.ગ્રામસેવા સંકુલ,**
**ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા**

**પ્રસ્તાવના** :

પ્રાચીન યુગથી જોઈતો જ્યારથી મનુષ્યને સમજણ આવી, મનુષ્ય પોતાના આનંદ-પ્રમોદ માટે જીવન નિર્વાહ માટે જ્ઞાન મેળવવા માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ સતત આવન-જાવન કરતો રહ્યો છે. આ આવન- જાવનમાંથી આજના આ પ્રવાસન યુગના પગરવ મંડાયા. સમયજતા આજ પ્રવાસન ધીરે ધીરે એક ઉદ્યોગનું સ્વરૂપ પણ બની ગયું. એટલે કે મનુષ્યના જીવનમાં પ્રવાસન પણ એક અભિન્ન અંગ તરીકે એક યા બીજા સ્વરૂપે જોડાયેલું આપણને જોવા મળે છે.ભારતીય પરંપરામાં પ્રવાસનની ટૂંકી માહિતી આધુનિક યુગની અંદર આજે એક દેશમાંથી બીજા દેશમાં જવું, એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં જવું, તાલુકામાં કે ગામમાં જવું એક સહજ વાત બની ગઈ છે. મનુષ્ય પોતાના જીવન નિર્વાહના સાધનનની સાથે સાથે હવે પોતાના જીવનમાં રોજ બરોજના જીવન શૈલીમાંથી અવકાશ મેળવવા નિત નવા મનોરંજનના સાધનો શોધતો આવ્યો છે. મનુષ્ય પોતાની આર્થિક સ્થિતિ પ્રમાણે આ મનોરંજન સાધનો ઓછા વતા પ્રમાણમાં ઉપયોગ કરતો હોય છે. પોતાના રૂઢી થઇ ગયેલા જીવન વ્યવહારમાં કઈક બદલાવ માટે કઈક ઝંખતો રહે છે. એ માટે તે પ્રવાસ પણ કરતો હોય છે. મનુષ્ય આમ તો પોતાની આર્થિક સમૃદ્ધિ માટે, ઉચ્ચ શિક્ષણ માટે કે ધંધા રોજગાર માટે સતત ફરતો જ રહેતો હોય છે. પરંતુ હવે પોતાના જીવનની રોજ બરોજની આ ઘટમાળમાંથી નીકળીને પોતાના કુટુંબ સાથે હવે નિરાંતની પળોમાં સારવાર મેળવવા, આનંદ પ્રમોદ મેળવવા કે મનોરંજન કરવા માટે એક સ્થળેથી બીજા સ્થળે, એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં, એક દેશમાંથી બીજા દેશમાં જવા માટેનું હવે સરળ થઇ ગયું છે. સાથે સાથે પ્રવાસી જયા આગળ જાય છે. ત્યાં પોતાને આરામદાયક આનંદ પ્રમેદ મેળવી શકાય તેવી સગવડો જેવી કે ખોરાક, પાણી, વાહનવ્યવહાર, આનંદ પ્રમોદના સાધનો આ બધી જ બાબતોનું પોતાને સહેલાઈથી મળી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવે છે. પરિણામે સ્થાનિક લોકો પણ પોતાની રોજિંદી આવક મેળવવા સામે સગવડો પણ આપતા થયા છે. સરકાર પણ આવા વિશિષ્ટ પ્રવાસન સ્થળો પર પ્રદેશ કે દેશ-વિદેશના પ્રવાસીઓ સરળતાથી અવર જવર કરી શકે, રહી શકે તેમનું ભાવતું ભોજન મળી શકે અને આનંદ પ્રમોદ કરી શકે તેવી સગવડો સરકારે ઉભી કરી છે. જેનાથી સરકારને પણ વિદેશી હુંડિયામણમાં લાભ મળે છે. આમ, પોતાના દેશમાંથી બહાર જતા કે દેશમાં આવનાર લોકો પ્રવાસી તરીકે ઓળખાય છે. તેમના આ કાર્યને પ્રવાસન કહેવામાં આવે છે. અને તેમની આ આનંદ પ્રમોદની સગવડ પૂરી પાડતા માળખાને અત્યારના સમયમાં પ્રવાસન ઉદ્યોગ તરીકેનો એક વિશિષ્ટ દરજ્જો આપવવામાં આવ્યો છે. આવા પ્રવાસન સ્થળોમાં સાબરકાંઠા જિલ્લામાં આવેલ ધાર્મિક સ્થળો વિશે વિસ્તૃત ચર્ચા આ પ્રમાણે છે.

1. **ખેડબ્રહ્માયાત્રાધામ**:

ખેડબ્રહ્મા એ સાબરકાંઠા જિલ્લાનું સુંદર યાત્રાધામ બ્રહ્માજી અને અંબાજી માતાના સુંદર અને ભવ્ય મંદિરો છે. દર વર્ષે લાખો યાત્રાળુઓ અહીં શ્રદ્ધા અને ભક્તિથી દર્શન કરવા આવે છે. અંબાજી તીર્થથી આ યાત્રાધામ ૪૫ કી.મી જેટલું થાય છે.

ખેડબ્રહ્મામાં ભૃગુઋષિ મહાદેવનો હજારો વર્ષ તપ કરેલું આ મહાદેવ મંદિર સિરોહીના દરબારે જીર્ણોદ્ધાર કરાવેલો અને ૧૯૯૫માં નવનિર્માણ કરેલ ખેડબ્રહ્મા યાત્રાધામ હોવાથી પ્રવાસીઓની અવર-જવર રહે છે. ત્રિવેણી સંગમ શ્રાવણ માસમાં મેળો ભરાય છે. શિવરાત્રી કારતક મહિનાની પૂનમના દિવસે

 **ISBN: 978-81-952708-6-6**

યાત્રાળુઓની સંખ્યા વધુ આવતી હોય છે[13] ખેડબ્રહ્મા બ્રહ્માજીના મંદિર પાસે ૬૦૦ વર્ષ જૂની વાવ આવેલી છે. આ વાવ આજે ૨૭ ગોખ મોજુદ છે. ગોખમાં એક પણ દેવી-દેવતાની મૂર્તિ જોવા મળતી નથી આ વાવ કોણે બનાવી તે એક સંશોધનનો વિષય છે. દર વર્ષે દિગંબર જૈનો અને ખેડાવળ બ્રાહ્મણો દ્વારા આં વાવમાં તેમના અધિષ્ઠતાં દેવનું પૂજન કરવામાં આવે છે.[1]

બ્રહ્માજીનું મંદિર ગામની મધ્યમાં આવેલ છે. ખેડબ્રહ્મામાં આવેલ અંબાજી માતાના મંદિરનું મહાત્મ્ય ખુબ છે.[2]

અંબાજી મંદિરના ઇતિહાસ વિષે ચોક્કસ માહિતી પ્રાપ્ત થઇ નથી. પરંતુ સાબરકાંઠા જિલ્લાનું મોટામાં મોટું યાત્રાધામ છે. ગુજરાત રાજ્ય તથા ભારત ભરમાંથી પ્રવાસીઓ માતાજીના દર્શનાર્થે આવે છે. દર્શનનો સમય સવારે ૭ થી રાત્રે ૯ સુધી રહે છે. પ્રસાદીની વ્યવસ્થા છે. ભાદરવી પૂનમના દિવસે અને કાર્તિક પૂનમના દિવસે એક લાખ કરતા વધુ પ્રવાસીઓ આવે છે. આ અંબાજી માતા યાત્રાધામ ખાતે ભોજન વ્યવસ્થા, રહેવાની વ્યવસ્થા, ૧૭૦ રૂમો છે. આગામી સમયમાં આ યાત્રાધામનો વિકાસ કરવા માટેના આયોજનોમાં માનસરોવરનો વિકાસ કરવો, આ યાત્રાધામ પહોચવા માટે વિવિધ શહેરોથી બસોની સગવડ કરેલ છે. સી.સી.ટી.વી. કેમેરાથી સજ્જ યાત્રાધામ આ મંદિરની વ્યવસ્થા અંબાજી માતાજી મંદિર ટ્રસ્ટ કરે છે.[3]

ખેડબ્રહ્મા યાત્રાધામમાં વિવિધ મંદિરો અને ઐતિહાસિક સ્થળો આવેલા છે. બ્રહ્મામંદિર, બ્રહ્માવાવ, અદિતિવાવ, અંબિકા મંદિર, ભૃગુ ઋષિ આશ્રમ, મહાલક્ષ્મી મંદિર, પાનકંઠ મહાદેવ મંદિર, કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર વગેરે સ્થળો આવેલા છે. ખેડબ્રહ્મા યાત્રાધામ સતત વિકાસ કરી રહ્યું છે. ખેડબ્રહ્મા યાત્રાધામ વિકસી રહ્યું છે. આ સ્થળે પ્રવાસીઓને વિવિધ સુવિધાઓ મળી રહે છે. આ સ્થળે વધુને વધુ પ્રવાસીઓ આવવાના કારણે આજુ-બાજુના ગામોના લોકો તથા સ્થાનિક વેપારીઓને રોજગારી માટેની તકો ઉભી થઇ છે. અંબાજી માતાજી પરિસર અને તેની આગળના ભાગમાં ઘણા લોકો રોજગારી પ્રાપ્ત કરવા માટે પોતાનો વ્યવસાય કરવા આવે છે. પ્રવાસન ઉદ્યોગને પ્રોત્સાહન મળી રહે છે. કેટલાક લોકો માટે આજીવિકાનું સાધન બન્યું છે. આવનાર સમયમાં વધુ વિકાસ માટેની શક્યતાઓ રહેલી છે.

2. **મુધ્રણેશ્વરમહાદેવ–જાદર :**

સાબરકાંઠા જિલ્લાના જાદર મુકામે આવેલ મુધ્રણેશ્વર મહાદેવ મંદિર આવેલ છે. આજે શ્રી મુધ્રણેશ્વર મહાદેવની કીર્તિ નામ અને ચમત્કારના કારણે પ્રખ્યાત છે. આ વીરનર શિવ સ્વરૂપ મહાદેવ શ્રી મુધ્રણેશ્વર ગાયોને બચાવવા, ગૌવત્સમાતા વિયોગના દુ:ખને વિહારી ગાયોને વત્સના મેળાપ કરાવી, ગાયોના અંતકરણના આશિર્વાદથી મહાદેવ પદ પામી શ્રી મુધ્રણેશ્વર મહાદેવ જાદર ગામમાં દેવ સ્વરૂપે પુંજાય છે.

આજે વર્તમાન કાલની અંદર જાદર જ્યાં વસી રહ્યું છે. તે સ્થાને ભૂતકાળમાં વેરાન ઉજ્જડ જંગલ હતું. ગામમાં સૌ પ્રથમ ગોવાળિયાઓની ગાયો વેરાન જંગલમાં ઘાસચારા માટે જતી હતી. તેવા ભયાનક જંગલમાં ખીજડાનું ઝાડ હતું. અને ઝાડ નીચે કુદરતી રીતે રાફડાનો દર હતો. ગોવાળિયાની ગાય ભાગ્યશાળી હોવાથી રોજ ઘાસચારો લઇ પોતાના રહેઠાણ તરફ જવાનો પ્રયાસ કરે. પરંતુ ગાય માતાનું દૂધ રોજ દોહાઈ જતું હોય તેમ ગોવાળને લાગ્યું. આ ક્રિયા સતત ચાલુ રહી અને ગોવાળિયાને થયું કે લાવ જોઉં તો ખરો કે આ દૂધ જાય છે ક્યાં. તેને જોયું કે ખીજડાના ઝાડ નીચે રાફડાના દરમાં નાગદેવ છે. અને પોતે દૂધ પી રહ્યા છે. જે દિવસે ગોવાળ જોઈને ગયેલો તે જ દિવસે રાત્રે તેને સ્વપ્ન દેખાયું તો જાણવા મળ્યું કે શિવ કુદરતી સ્વયંભૂ પ્રગટ થયા અને પછી ગોવાળે પ્રભુને કહ્યું કે હે પ્રભુ આ આ ગરીબ ગોવાળનું કહેલ કોઈ માનશે નહિ માટે તમો જે  ગામના મુખીને તેનો સ્વપ્નમાં આવી કહો કે હું સ્વયંભૂ

 **ISBN: 978-81-952708-6-6**

રૂપે પ્રગટ થઇ ચુક્યો છું અને તમો મારું મંદિર તૈયાર કરો. સંવત ૧૫૯૧ની સાલની વાત છે. અને જાદર ગામની હસ્તી પછી થયેલ છે.

શરૂઆતના સમયમાં ઈંટો ગોઠવી એક નાનું મંદિર બનાવ્યું. સમયની સાથે પરિવર્તન થતા ધીમે ધીમે સ્વયંભૂ સ્વપ્નમાં દેખાયું કે જે જગ્યાએ ઈંટોથી બનાવેલ ત્યાજ મંદિર બનાવવાનું સ્વપ્ન આવ્યું. એટલે કે મંદિરનું સમારકામ કરાવવા માટે આર્થિક સહયોગ પણ આપ્યો.હાલમાં મંદિર છે તે ૪૦૦ વર્ષ પહેલાનું છે.[4]

### 3. સપ્તેશ્વર મહાદેવ :

સાબરકાંઠા જિલ્લાના ઇડર તાલુકામાં આવેલી સાત મહર્ષિઓની તપોભુમી સંગમતીર્થ શ્રી સપ્તનાથ (સપ્તેશ્વર) મહાદેવ ઉત્તર ગુજરાતમાં સાબરમતી નદીના પવિત્ર કાંઠા ઉપર સપ્તનાથ મહાદેવના નામે પસિદ્ધ તીર્થ આરસોડીયા ગામમાં આવેલું છે.

આ સપ્તેશ્વર મહાદેવ મંદિર એ સાત ઋષિઓએ તપશ્ચર્યા કરી હતી. શિવલિંગનું સ્થળ છે. આ સ્થળ વિષે કશું વિશેષ જાણવા મળતું નથી. માત્ર એટલું જ કે અહીં સાત ઋષિઓએ તપશ્ચર્યા કરી હતી. કેટલાક લોકો વર્ષોથી આ વાત જાણીને અહીં સપ્તર્ષિઓ  શિવલીંગના દર્શનાર્થે આવતા રહે છે. અને પૂજા કરી પોતાને ધન્ય માને છે. સાત ઋષિમાં કશ્યપ, અગ્નિ, વશિષ્ઠ, વિશ્વામિત્ર, ભારદ્વાજ, જમદગ્નિ, ગૌતમ આ ઋષિઓએ તપશ્ચર્યા કરેલી.

સપ્તેશ્વર મહાદેવ મંદિર ડેભોલ નદી અને સાબરમતી નદીનો સંગમ સર્જતા આ સ્થળના દર્શને દરરોજ અનેક યાત્રાળુઓ આવે છે. અહીં રમણીયતા ચોમેર છવાયેલી છે. અને આ સાથે પવિત્ર પાણીની ગંગાઘાટ કુદરતી રીતે આ સ્થળનું મહત્વ વધ્યું છે.

આ સ્થળ પ્રવાસનની દૃષ્ટિએ વિકસી રહ્યું છે. આ સ્થળ ત્રેતાયુગ અને ખગોળવિદ્યા સાથે સંકળાયેલું માનવામાં આવે છે. કારણકે મંદિરમાં સાતેય શિવલીંગો જુદા-જુદા એવી રીતે ગોઠવાયેલા છે. જાણે આકાશમાં સપ્તર્ષિઓ જોઈ લે. મહાભારત આદિ પર્વમાં આ સપ્તર્ષિઓ વિશેની માહિતીનો ઉલ્લેખ છે.[5]

સપ્તેશ્વર દાદાના મંદિરમાં કુદરતી પાણી આવે છે. આ જગ્યાએ ધારેશ્વર મહાદેવ, નીલકંઠ મહાદેવ, લોટેશ્વર મહાદેવ, રાધાકૃષ્ણ ભગવાન મંદિર, ડેભોલ અને સાબરમતી નદીના સંગમ સ્થાન પર આવેલું હોઈ પ્રવાસીઓ માટે મહત્વનું સ્થાન બને છે. યાત્રાળુઓ દર્શનાર્થે આવે છે.[6] પિકનિક માટેનું ઉતમ સ્થળ છે. આવનાર પ્રવાસીઓ માટે ચા-નાસ્તા જમવા, પાણીની સગવડ ધરાવતું સ્થળ છે. આ સ્થળના વિકાસમાં શ્રી સપ્તેશ્વર મહાદેવ અને તપોભુમી સાર્વજનિક ટ્રસ્ટ વ્યવસ્થા કરે છે.[7]

સપ્તેશ્વર મહાદેવનું મંદિર એ ઇડર તાલુકાના આરસોડીયા ગામમાં નદીના કિનારે આવેલું છે. જિલ્લાના મુખ્ય મથક હિમતનગરથી  ૨૮ કી.મી, ઇડરથી ૨૮- કી.મી, વિજાપુરથી ૨૮  કી.મી. અંતરે આવેલું છે. પ્રાઇવેટ વાહનો, ટેક્ષી, કારની વ્યવસ્થા છે. વિજાપુર, ઇડર, હિમતનગર, મહેસાણા, વડનગરથી બસોની વ્યવસ્થા પણ છે.[8]

ચોમાસા દરમ્યાન પ્રવાસીઓની સંખ્યામાં વધારો રહે છે. શ્રાવણ માસમાં વધારો રહે છે. શ્રાવણ માસમાં દર સોમવારે મેળા જેવું વાતાવરણ છે. મહાશિવરાત્રીના દિવસે મેળો ભરાય છે. આજુ-બાજુના ગામોની તથા વિજાપુર, ઇડર, વડનગર, હિમતનગર વગેરે વિસ્તારમાંથી દર્શનાર્થીઓ દર્શન માટે મોટી સંખ્યામાં આવે છે. પ્રવાસનની દૃષ્ટિએ વિકસી રહેલું રમણીય સ્થાન છે.[9]

### 4. મહાકાળીમંદિર (મીનીપાવાગઢ)–વક્તાપુર:

મહાકાળી મંદિર (મીની પાવાગઢ) વક્તાપુર એ સાબરકાંઠા જિલ્લાના હિમતનગર તાલુકાના વક્તાપુર ગામમાં આવેલું છે. હિમતનગરથી ૭ કી.મીના અંતરે આવેલું છે.

 **ISBN: 978-81-952708-6-6**

હિમતનગરથી અંબાજી જવાના માર્ગે ઉપર હાઇવે પર હિમતનગરથી ૭ કી.મી.ના અંતરે આવેલા વક્તાપુર ગામની પાવન ધરતીના પટમાં મહાકાળી માતાજીનું મંદિર આવેલું છે. વક્તાપુર ખાસ ઠાકોરોનું ગામ છે. મહાકાળી માં તેઓના કુળદેવી છે. મંદિરના નિર્માણ પહેલા આ સ્થળે તેઓ પોતાની માનતા કરતા અને ગામના તથા આજુ-બાજુના માં ના ગરબા ઓ પણ આ સ્થળે વળાવવામાં આવતા. આ મંદિરનો ઇતિહાસ ૩૦૦ વર્ષ જુનો છે. ૧૭૪૦ માં ઠાકોર સમાજમાં શ્રી વખતસિંહજી ઠાકોરનું ભાવિક અને શ્રદ્ધાલુ પરિવાર વસતું હતું. માં પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા ધરાવતા આ પરિવારે મંદિર માટે જગ્યા પણ દાન કરેલ હતી. તેવું લોકમુખે જાણવા મળે છે. પરિવાર જનો દર નવરાત્રી આઠમે પૂરી શ્રદ્ધાથી માતાજીનો હવન કરે છે. મંદિરના નિર્માણ પહેલા આ સ્થળે માતાજીના ગરબા વળાવવામાં આવતા કહેવાય છે. કે ચોમાસામાં જ્યારે આ સ્થળે વરસાદનું પાણી ભરાતું ત્યારે પાણીના વહેણમાં માં ના ગરબા તરતા અને પાણી ઉતરતા પોતાના મૂળ સ્થાને આવી જતા એક પણ માં નો ગરબો ડૂબતો નહિ. ખંડિત ન થતો. આ સ્થળનો મહિમા અંદાજે પાંચસો વર્ષથી ચાલ્યો આવે છે. પહેલા માતાજીનું ફક્ત સ્થાપન હતું. ભાવિક ભક્તો અહીં આવી માની ભક્તિ કરતા અને પૂરી શ્રદ્ધાથી જે સંકલ્પ કરતા તે પૂર્ણ થતા ગુફામાં આવેલી માની મૂર્તિ સ્વયંભૂ છે. આ સ્થળનું મહાત્મ્ય ૧૭૪૦ થી ચાલ્યું આવે છે. અંદાજે ૩૦૦ વર્ષ જુનો ઇતિહાસ છે. ધીર ધીરે આ સ્થળની વિકાસ યાત્રા શરૂ થઇ માની પરમકૃપાથી ગ્રામજનો સુંદર સહકારથી તેમજ અનેક ભાવિક ભક્તોના સહિયારા પુરુષાર્થથી મંદિરનું નિર્માણ કાર્ય શરૂ થયું. મહાકાળી માતાની મૂર્તિ શ્રી કૌશિકભાઈ હીરાભાઈ પટેલ તરફથી અર્પણ કરવામાં આવી તેઓએ આ મૂર્તિ પહેલા સાંપડ ગામમાં અર્પણ કરી હતી. પણ ત્યાં માની ઈચ્છા નહિ હોય તેથી તે ત્યાં સ્થાપિત ન થઇ શક્યા માં વક્તાપુર ગામમાં આવીને વસ્યા.

માની પ્રાણ પ્રતિષ્ઠા ૨૬/૧૦/૧૯૯૪ના દિવસે કરવામાં આવી. આ પ્રતિષ્ઠા શ્રી હીરાભાઈ ભીખાભાઈ પટેલના સ્મરણાર્થે શ્રી કૌશિકભાઈ હીરાભાઈ પટેલ અને તેમના પરિવાર જનોના હસ્તે કરવામાં આવી. અમદાવાદના પ્રખર આચાર્ય પૂ.શાસ્ત્રી જયેન્દ્રભાઈ રણછોડભાઈ વ્યાસના આચાર્ય પદે પ્રાણ પ્રતિષ્ઠાની વિધિ કરવામાં આવી.

મીની પાવાગઢમાં આવેલ જુદા જુદા દેવી દેવતાઓની મનોહર મૂર્તિઓના દર્શન કરતા હૈયું હરખાઈ જાય છે. આ ધામમાં મહાકાળી માની મનોહર મૂર્તિ બિરાજમાન છે. મીની પાવાગઢ ધામમાં આ ઉપરાંત સૌરાષ્ટ્રના સંત શિરોમણી વિરપુરવાળા પૂજ્ય જલારામ બાપાનાં પણ દર્શનનો લહાવો છે. વિરાટ સ્વરૂપે પવનપુત્ર હનુમાનજી જાણે મીની પાવાગઢનું રક્ષણ કરતા હોય તેવા સુંદર સ્વરૂપે બિરાજ્યા છે.

પંચવટીમાં સીતામાતાની મૂર્તિ, શબરીની ઝૂંપડી, રિદ્ધિ-સિદ્ધિના દાતા દુંદાલા દેવ ગણેશજીની મનોહર મૂર્તિ પણ દર્શન થાય છે. દશામાના દર્શનનો લ્હાવો પણ મળે છે. આ ધામમાં રણુંજાના રાજા રામદેવ પણ લીલુડા ઘોડલે બિરાજમાન છે. ગુફા પણ છે.

નાના મોટા ઉત્સવો ઉજવાતા આ સ્થળ રળિયામણું છે. આ ધામમાં શ્રદ્ધાળુ ભક્તોના ઉપયોગ માટે હોલની સગવડ ઉપલબ્ધ છે. શક્ય હોય તેટલી સુવિધાઓ આપવામાં આવે છે.[10]

આ મહાકાળી મંદિર ધાર્મિક પ્રવાસન સ્થળ છે. આ મંદિરે જન્માષ્ટમી અને શિવરાત્રીના દિવસે મેળો ભરાય છે. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવે છે. આસો વદ આઠમના દિવસે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાય છે. દર પૂનમે જતા યાત્રાળુઓ માટે રહેવાની તથા જમવાની સગવડ આપવામાં આવે છે. દર રવિવારે અન્નક્ષેત્ર નિ:શુલ્ક ભોજનનિ વ્યવસ્થા છે. પ્રવાસે આવતા પ્રવાસીઓ માટે પહેલાથી જાણ કરવામાં આવે તો તેમના માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવ છે.[11]

આ સ્થળે પાવાગઢ જેવી જગ્યા અહીં બનાવેલી છે. તેથી તેને મીની પાવાગઢ તરીકે ઓળખવામાં આવે છે. નવરાત્રીના સમયે ગરબા મુકવા માટે ભક્તો આવે છે. પશ્ચિમથી પૂર્વ તરફ પાણી જાય છે. પ્રવાસી કે યાત્રાળુઓ માટે રહેવાની વ્યવસ્થા માટે ધર્મશાળા બનાવેલી છે. ૫૦૦-૭૦૦ માણસો રહી શકે તેવી સગવડ

 **ISBN: 978-81-952708-6-6**

ધરાવતી ધર્મશાળા આવેલી છે. સંમેલનો, મીટીંગ, સમાજના કાર્યક્રમો, શૈક્ષણિક કાર્યક્રમો પણ થાય છે. પ્રવાસન તરીકે આ સ્થળને સારો એવો વિકાસ થયો છે. ખાસ કરીને રજાના દિવસો દરમ્યાન, અંબાજી ઇડર જતા પ્રવાસીઓ, પોળોમાં જતા હોય ત્યારે પ્રવાસ બસો આ સ્થળે આવે છે. ભોજન-પાણીની સગવડ અહીં ઉતમ પ્રકારની છે. મહાકાળી મંદિર (મીની પાવાગઢ) ના દર્શનાર્થે આવતા યાત્રાળુઓ વક્તાપુર ગામ તથા નાના મોટા ફેરિયાઓ વાળા નાના રોજગારીના એકમોને રોજગારી પૂરી પાડવા માટે ઉતમ સ્થળ છે. પ્રવાસીઓના આધારે લારી-ગલ્લા વાળાની આજીવિકા મળી રહે છે. આવનાર સમયમાં વધુ વિકસતું પ્રવાસન સ્થળ છે.

મહાકાળી મંદિરની સાથે સાથે આ ગામમાં બીજા અનેક મંદિરો આવેલા છે. તેમાં શીતળા માતા મંદિર,રોકડિયા હનુમાનજી મંદિર, સંકટ મોચન હનુમાન, સાઈ મંદિર, નિલકંઠ મહાદેવ અને નવગ્રહ મંદિર, ભૈરવદાદાનું મંદિર, રામજી મંદિર, રામદેવપીરનું મંદિર, જૈન મંદિરોમાં શ્રી પાશ્વ પદમાવત જૈન મૂ.પૂ.તીર્થ, દરબારગઢ, પાતાળકૂવો વગેરે સ્થળો આવેલા છે.[12]

આ સ્થળ પ્રવાસન તરીકે વિકાસ વધુ થાય તે માટે ગુજરાત સરકાર શ્રી દ્વારા આ પ્રવાસ ધામનો વિકાસ કરવામાં આવે તે માટે પ્રયત્ન કરવામાં આવે છે. અને ઘણા લોકો મીની પાવાગઢ મંદિરનો લાભ લઇ શકે તેમ છે. નાના બાળકો માટે મીની પાવાગઢનું સ્થળ આકર્ષણ કેન્દ્ર બની રહ્યું છે.[13]

### 5. મહાકાળી મંદિર સાંપડ :

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં સાંપડ ગામે હાથમતી અને સાબરમતી નદીઓના સંગમ સ્થાન પાસે મંદિર આવેલછે. આ ગામની પૂર્વમાં કદમ ઉપરાંત આંબલી, પીપળા, બોરડી, વગેરેની ગીચ ઝાડી છે. આ દર્દ નિવારક વનસ્પતિના વિપુલ વૈભવની ગીચતા વચ્ચે મહાકાળી માતાનું ૬૦૦ વર્ષ પુરાણું મંદિર આવેલું છે. બામણા ગામના વિદ્વાન પંડિત દેવજી ભટ્ટની સલાહથી ઇડરના રાવ રાણાએ આ મંદિરનું નિર્માણ તેમજ ઈ.સ.૧૫૫૯માં વૈશાખ સુદ-૮ અને ગુરુવારના દિવસે સહસ્ત્રચંડી યજ્ઞ કરવામાં આવેલ એવું માનવામાં આવે છે.[14]

વર્તમાન મંદિર ૧૯૯૧માં જીર્ણોદ્ધાર કરવામાં આવેલો. પ્રવાસનની દૃષ્ટિએ આ ઐતિહાસિક ધાર્મિક યાત્રા ધામ તરીકે વિકસ્યું છે. આ સ્થળને પ્રવાસન વર્ષમાં સમાવેશ કરેલ છે.

આ સ્થળને વિકસાવવામાં ગુજરાત પ્રવાસન ખાતા દ્વારા સહયોગ પ્રાપ્ત થતો રહ્યો છે. જે સુવિધાઓમાં વધારો કર્યો છે. શ્રાવણ મહિના દરમ્યાન શ્રાવણ વદ-આઠમના રોજ જન્માષ્ટમીનો મેળો ભરાય છે. મહાશિવરાત્રીનો મેળો ભરાય છે. આ સ્થળે સમગ્ર ગુજરાતમાંથી પ્રવાસીઓ આવે છે. ધાર્મિક ક્રિયાઓ, પૂજા વિધિઓ, દર અમાસના દિવસે વધુ સંખ્યામાં યાત્રાળુઓ દર્શનાર્થે આવે છે. શ્રાવણ મહિનામાં દરરોજ ૭ થી ૮ હજાર યાત્રાળુઓ મંદિરે આવે છે. આ યાત્રા ધામ ખાતે પ્રવાસીઓને રહેવા માટેની સગવડ છે. તેમાં ૨૦૦૦ જેટલા પ્રવાસીઓ રોકાઈ શકે તેટલી સગવડ છે. દર પૂનમના દિવસે, બેસતા વર્ષના દિવસે મેળો ભરાય છે. રવિવાર, રજાના દિવસો, તહેવારોના દિવસોમાં વધુ સંખ્યામાં પ્રવાસીઓ આવે છે. ગુજરાત અને ગુજરાત સિવાયના રાજ્યોમાંથી લોકો આવે છે. આ યાત્રાધામના પ્રાંગણમાં નવરાત્રી મહોત્સવ ઉજવવામાં આવે છે. દર પૂનમે દાતા તરફથી પ્રસાદીમાં સુખડીનો પ્રસાદ ધરવામાં આવે છે. આ ધામ ૫૧ એકરમાં આવેલ છે. મહાકાળી માતાજી મંદિરે સમૂહ લગ્નો, સંમેલનો, માતાજીના પ્રાંગણમાં ઉજવવામાં આવે છે. ગુરૂપૂર્ણિમાના દિવસે પણ મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે છે. વાડી, બગીચાઓ, કેશર આંબાવાડી, વગેરે આવેલ છે. પ્રવાસીઓ માટે પિકનિક સ્થળ છે. હાથમતી અને સાબરમતી નદીના સંગમ સ્થાને આવેલ છે. પ્રાંતિજથી ૮ કી.મી, હિમતનગરથી ૨૦ કી.મી દુર આવેલ છે.[15]


ISBN: 978-81-952708-6-6

મહાકાળી મંદિર સાંપડ રોજે રોજ યાત્રાળુઓને રહેવાની તથા જમવાની સુવિધાવાળું મંદિર, લગ્નપ્રસંગો માટે દર પૂનમના દિવસે અંદાજે એક લાખ યાત્રાળુઓ દર્શન કરવા આવે છે. યાત્રાળુઓ માટે કાયમી અન્નક્ષેત્રની સગવડ તેમજ પૂનમના દિવસે જમવાની વ્યવસ્થા એક યાત્રાળુ તરફથી કરવામાં આવે છે. અ મંદિર પરિસરમાં જુદી જુદી જાતના ઝાડ, કદમના વૃક્ષો, આવેલા છે. જે મંદિર સિવાય બીજી કોઈ જગ્યાએ થતા નથી. માતાજીના મંદિર સાથે વાંસની કથા ઇડર મહારાજની કથા જોડાયેલી છે.[16]

આ મંદિર પ્રાંગણમાં ભૈરવજીની દેરી, શંકર પાર્વતીનું મંદિર, હનુમાનજીની મૂર્તિ, ગણપતિજીની મૂર્તિ, ખોડીયાર માનું મંદિર, સંતોષી માનું મંદિર આવેલ છે.[17]

**6. બેરણા યાત્રાધામ :**

હિંમતનગર તાલુકાનું બેરણા ગામ અરવલ્લી પર્વતની ગિરિમાળામાં આવેલા શ્રી કંટાળેશ્વર હનુમાજી યાત્રાધામ આવેલ છે. શ્રી કંટાળેશ્વર હનુમાનજી મૂર્તિ ૭૦૦ વર્ષ જૂની છે. વી.સં.૧૩૬૩ની સાલની છે. જંગલના કાંટાની અંદરથી સ્વયંભૂ આવેલી ત્યાંથી તેનું નામ કંટાળેશ્વર હનુમાનજી નામ પડેલ. હનુમાનજીની મૂર્તિ સમકાલીન જાનકીની મૂર્તિઓ, હનુમાનજી સાથે મહારાજા સુગરી, જાંબુવન, હનુમાજી પિતા કેશરીવન, વાલીપુત્ર, જે હનુમાજી પંચાયત બનાવેલ છે. જે ગુજરાતમાં ક્યાય નથી. સપ્તઋષિઓ, તુલસીદાસ મહારાજ અને આઠ થાંભલાની અષ્ટસિદ્ધિઓ એક માત્ર મંદિર, શિવાલય, અન્નપૂર્ણા માતાજી, રાંદેલ માતા, શનિદેવનું મંદિર, નવગ્રહ સાથે, નવ કુંડળી નાગનું મંદિર, આઈશ્રી ખોડીયાર મંદિર, શ્રી હરિનું વૈકુંઠ ધામ, ભગવાન વિષ્ણુનું મંદિર, ૨૪ અવતાર, શ્રી હરિનું કમલ મંદિર, ૧૦૦૦ પાંદડીવાળું મંદિર, પાંચ વિરાટ મંદિર, શિવજીની સહસ્ત્રલિંગ ભવ્ય પ્રતિમા, શિરડીવાલે સાઈબાબાની ભવ્ય પ્રતિમા, વેદમાતા ગાયત્રી માની પ્રતિમા, શ્રી સદગુરુ સતનામ સાહેબનું પ્રેરણા મંદિર, શનિ દેવતાનું મંદિર, નવગ્રહ સાથેનું, શ્રી ગોગા મહારાજનું મંદિર, ત્યાં મણીધર નાગ રહે છે. શ્રી યોગેશ્વર ભગવાનનું મંદિર ત્યાં પ્રાચીન કુવો છે. શ્રી ભૈરવદાદાનું મંદિર, જલારામ બાપાનું મંદિર, ગણપતિ દાદાની ભવ્ય મૂર્તિ વગેરે મંદિરોનો સમૂહ આવેલું છે.

આ પરિસરમાં પક્ષીઘર, હંસ, રાજહંસ, બતક, મોર, અન્ય પક્ષીઓ ભાગેલા-તૂટેલા સેવા કરવી અને સારું થતા તેમને ઉડાડી મુકવામાં આવે છે. અહીંયા સાત પવિત્ર વૃક્ષો છે. તેમાં જે પંચવટી તરીકે ઓળખવામાં આવે છે. આંબો, લીમડો, વડ, પીપળ, આસોપાલવ છે. જાપ કરવાથી એક હજાર મંત્રોનું બળ મળે છે. રુદ્રાક્ષનું વૃક્ષ, કલ્પવૃક્ષ, કૈલાશપતિ વૃક્ષ, આમલા, બીલીપત્ર, સપ્તપર્ણી, કેયડાના આ બીજા વૃક્ષો પવિત્ર વૃક્ષો અહીંયા છે. કમળકુંડ, શ્વેત કમળ, અને રક્ત કમળ પણ છે.

આ યાત્રાધામેં આવનાર પ્રવાસીઓ માટે વિવિધ સુવિધાઓ આપવામાં આવે છે. તેમાં રહેવા માટે સુંદર ધર્મશાળા છે. જે ૧૦ રૂમો છે. મીટીંગ હોલ, મેરેજ હોલ, વિશાલ ભોજનાલય, ૨૦૦ વ્યક્તિઓ રહી શકે જમી શકે તવી વ્યવસ્થા કરવામાં આવી છે. સંસ્થાની બે દુકાન પ્રસાદી, રમકડા, સુખડી મળી રહે છે. ગૌશાળા, બાલવાટિકા, ૧૦૦ ફૂટની લપસણી, સાઈબાબા મંદિરથી છેક નીચે સુધી નાના—મોટા દરેક લપસણીનો આનંદ લઇ શકે. હિંચકા, ચકરડી, રમત-વિજ્ઞાનના સાધનો બાળકો માટે ફ્રીમાં છે. પાણીની પરબો છે. આધ્યાત્મિક સત્સંગ કરવામાં આવે છે. કુંડળી જ્યોતિષ ફ્રીમાં જોઈ આપવામાં આવે છે. જે વિષે સચોટ માર્ગદર્શન આપી પૂજા કરી આપવામાં આવે છે. નડતા ગ્રહોની પૂજા કરવામાં આવે છે. આ ભૂમિ પર ૧૦૦ કુંડી ૮ મહાયજ્ઞ થઇ ચુક્યા છે. નેશનલ હાઇવે થી ૨.૫૦ કી.મી દુર આવેલ છે. શિવરાત્રીના દિવસે મેળો ભરાય છે. ગુરૂપૂર્ણિમા, જન્માષ્ટમી, બેસતા વર્ષના દિવસે, ધાર્મિક પ્રસંગો, વિશ્વકર્મા જયંતીના દિવસે, હનુમાન જયંતીના દિવસે વિશેષ મેળા જેવું આયોજન કરવામાં આવે છે. ટેલીફોનની સુવિધા છે.[18]

આ સ્થળે આવતા પ્રવાસીઓની મુલાકાત દ્વારા જાણવા મળ્યું કે '૩૦ વર્ષથી આવું છું આ સ્થળ ધીમે ધીમે વિકાસ કરતુ જોયું છે. અત્યારે વિકાસની ચરમસીમાએ પહોચી ગયું છે. રવિવારે વધુ યાત્રાળુઓ આવે છે.


ISBN: 978-81-952708-6-6

આ સ્થળ ધાર્મિક સ્થળ છે. અહીંયા હનુમાન દાદાની મૂર્તિ સ્વયંભૂ છે. પ્રવાસન સ્થળ તરીકે એક વખત ગુજરાત સરકારના બજેટમાં કરવામાં આવ્યો હતો.[19]

7. **અડપોદરા ઝાલા બાપજી મંદિર :**

હિમતનગર તાલુકામાં આવેલ અડપોદરા મુકામે ઝાલા બાપજી મંદિર ટેકરી પર આવેલું છે. આ મંદિરના ઇતિહાસ વિષે ખાસ ત્યાના પુજારી સાથે વાત કરતા જાણવા મળ્યું કે 'વિક્રમ સંવત ૧૫૪૨માં કંકાવટી ઝાલાવાડ સુરેન્દ્રનગર જિલ્લાના ધાગ્રંધાથી ૨૯ કી.મી. દુર નગરી હતી. તેના આઠમાં રાજકુમાર વિરમદેવજી ઝાલા મોગલ કાળમાં ગાયો રાજવીઓની લઇ જતા ચોરોનો પીછો કર્યો અહીં યુદ્ધ થયું અને તેઓ વીરગતિ પામ્યા. આ દરમ્યાન વીરગતિ પામ્યા તેનો પથ્થર છે ત્યાં ગામની ગયો સંધ્યા સમયે ગાયનું દૂધ આપો આપ નીકળી જતું. ગોવાળે ફરિયાદ કરી તપાસ કરતા આ રીતનો ચમત્કાર દેવ જગ્યાનો છે. માનતા દીવો અગરબતી કરી. આ લોકવાયકા પ્રમાણે આહીં ૧૫૪૨માં અડપોદરા ગજેન્દ્રસિંહ ઝાલાએ વસાવ્યું. ગામમાં વસવાટ કરતા પુરાણી વાવ અને શિવાલય બંધાવ્યું. અડપોદરા, ઝાલાનગર, વગડી ત્રણ ગામમાં ઝાલા પરિવાર આ મંદિરની પરંપરાગત સેવા કરે છે. વીરગતિ પામ્યા ભાદરવા વદ બીજા રવિવારે લોકમેળો ભરાય છે. ઝાલા પરિવાર સાથે બાબરોભૂત પુજાય છે. બાકળા સવામણ બળેવના દિવસે ધરવામાં આવે છે. નવરાત્રીમાં કુળદેવી સતી માતાનો યજ્ઞ હોમ કરવામાં આવે છે. બેસતા વર્ષે ત્રણ ઝાલા પરિવારોનું સ્નેહમિલન ભરાય છે.

આ પરમ્પરા ઝાલા પરિવારનો ભાઈ સેવક તરીકે નિમણુંક કરવામાં આવે છે. વર્ષો વર્ષ આ રીતે પરંપરાગત થાય છે. ભવિષ્યમાં આ મંદિરનો જીર્ણોદ્ધાર કરી આગળ વિકાસ થાય તેવું આયોજન છે. આ સ્થળે વર્ષમાં વિવિધ ઉત્સવો ઉજવાય છે તેમાં ભાદરવા મહિનાના બીજા રવિવારે મેળો ભરાય છે. રક્ષાબંધનના દિવસે ઉત્સવ ઉજવવામાં આવે છે. દર વર્ષે પંખીઓને અનાજ નાખવું, મંગળવાર અને રવિવારે બાધા કરવા માટે લોકો આવે છે. શ્રીફળ અને સુખડી નો પ્રસાદ કરવામાં આવે છે. વિવિધ શિબિરોનું આયોજન કરવામાં આવે છે.[20]

આ સમગ્ર કાર્યક્રમોનું આયોજન શ્રી ઝાલા બાપજી દેવસ્થાન ટ્રસ્ટ અડપોદરા દ્વારા કરવા આવે છે

**પાદનોંધ:**

1. https://gujarati.oneindia.com/features/some-interesting-stepwell-gujarat-019322.html તા-૨૪/૧૧/૨૦૧૮.
2. ઓઝા દિગંત, ગૌરવભૂમિ ગુજરાત, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ,૨00૩, પૃ-૧૨૦.
3. રહેવર ઘનશ્યામસિંહ, મેનેજર, અંબાજી માતાજી મંદિર ટ્રસ્ટ,ખેડબ્રહ્મા, રૂબરૂ મુલાકાત તા-૨૩/૧૧/૨૦૧૮.
4. ત્રિવેદી સતીશચંદ્ર શાંતિલાલ(સંકલન), શ્રી મુધ્રણેશ્વર મહાદેવ અર્ચન-ઉપાસના રહસ્ય, કલા સારથી આર્ટ ફાઉન્ડેશન, અમદાવાદ, ૨00૭, પૃ-૫.
5. સાબર સ્મૃતિ, કલેકટર કચેરી, હિંમતનગર, ૨00૫, પૃ-૨૨.
6. પુરોહિત હરિભાઈ, મેનેજર, શ્રી સપ્તેશ્વર મહાદેવ અને તપોભુમી સાર્વજનિક ટ્રસ્ટ, આરસોડિયા, રૂબરૂ મુલાકાત, તા-૧૬/0૭/૨૦૧૭
7. પટેલ નાથાભાઈ ઈશ્વરભાઈ, ટ્રસ્ટી, શ્રી સપ્તેશ્વર મહાદેવ અને તપોભુમી સાર્વજનિક ટ્રસ્ટ, આરસોડિયા, રૂબરૂ મુલાકાત, તા-૧૬/0૭/૨૦૧૭
8. પટેલ હસમુખભાઈ મોહનભાઈ,સેવક, આરસોડિયા, રૂબરૂ મુલાકાત, તા-૧૬/0૭/૨૦૧૭.
9. પટેલ દશરથભાઈ કચરાભાઈ, મેનેજર, શ્રી સપ્તેશ્વર મહાદેવ અને તપોભુમી સાર્વજનિક ટ્રસ્ટ, આરસોડિયા, રૂબરૂ મુલાકાત, તા-૧૬/0૭/૨૦૧૭

 ISBN: 978-81-952708-6-6

10. ત્રિવેદી જગદીશચંદ્ર (સંપાદક), મીની પાવાગઢ, ટ્રસ્ટી મંડળ મહાકાળી મંદિર,મીની પાવાગઢ, વક્તાપુર, ૨૦૦૦, પૃ-૪-૫.
11. દરજી વસંતભાઈ બાબુભાઈ, પ્રમુખ, મહાકાળી મંદિર મંડળ, મીની પાવાગઢ, વક્તાપુર, રૂબરૂ મુલાકાત, તા-૧૬/૦૭/૨૦૧૭.
12. રામી ભોગીલાલ કેશવલાલ, મંત્રી, મહાકાળી મંદિર મંડળ, મીની પાવાગઢ, વક્તાપુર, રૂબરૂ મુલાકાત, તા-૧૬/૦૭/૨૦૧૭.
13. આદ્ય શક્તિ જ્યોત, ધાર્મિક મેગેઝીન તંત્રી – કેતન અનુરાય મહેતા , વર્ષ-૪, અંક-૧૧, મેં -૨૦૧૭, ભુજ, પૃ-૭.
14. સાબર સ્મૃતિ, કલેકટર કચેરી, હિંમતનગર, ૨૦૦૫, પૃ-૨૫.
15. રાઠોડ રણજીતસિંહ, મેનેજર, મહાકાળી મંદિર સાંપડ, રૂબરૂ મુલાકાત, તા-૧૬/૦૭/૨૦૧૭.
16. પટેલ જયંતીભાઈ, ટ્રસ્ટી, મહાકાળી મંદિર સાંપડ, રૂબરૂ મુલાકાત, તા-૧૬/૦૭/૨૦૧૭.
17. પટેલ વિષ્ણુભાઈ, સેવક, મહાકાળી મંદિર સાંપડ, રૂબરૂ મુલાકાત, તા-૧૬/૦૭/૨૦૧૭.
18. ઉપાધ્યાય મહેન્દ્રભાઈ, બેરણા યાત્રાધામ, બેરણા, રૂબરૂ મુલાકાત, તા-૧૦/૦૨/૨૦૧૯.
19. શેઠ કે.એન., યાત્રાળુ, બેરણા, રૂબરૂ મુલાકાત, તા-૧૦/૦૨/૨૦૧૯.
20. ઝાલા આલુંસિંગ, અડપોદરા, રૂબરૂ મુલાકાત, તા-૧૦/૦૨/૨૦૧૯.

 **ISBN: 978-81-952708-6-6**

# આઝાદીની ચળવળ અને બનાસકાંઠા

**સુથાર પ્રકાશકુમાર ગણપતભાઈ**

રિસર્ચ સ્કૉલર, - હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

**પ્રસ્તાવના**

ભારત દેશમાંથી અંગ્રેજોના શાસનને દૂર કરવા માટે વીર સાવરકરના મતે, ઈ.સ. ૧૮૫૭થી લડતની શરૂઆત થયેલી. જો કે, એ વિપ્લવ અંગ્રેજોને હાંકી કાઢવા કરતાં પોતાનું રાજ્ય પાછું મેળવવા માટેનો સંગ્રામ હતો, એમ કહેવામાં પણ અતિશયોક્તિ નથી. ઈ.સ.૧૮૮૫માં હિન્દી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના એ. ઓ. હ્યુમે કરેલી. આ સંસ્થાએ મોટાભાગે શરૂઆતના તબક્કામાં દેશની પિડા વર્ણવતા ઠરાવો કરીને ગવર્નરો/વાઈસરૉયને મોકલવાનું કામ કરેલું. એમના કેટલા ઠરાવોને શાસકોએ માન્ય રાખેલા એના આંકડા હજૂ સુધી જાણવા મળ્યા નથી. એજ અરસામાં સ્વામી વિવેકાનંદે દેશને જગાડવાનું કાર્ય કર્યું. બંગાળના ભાગલા પડતાં બંગાળીઓ અંગ્રેજો સામે ઝઝૂમ્યા. આખરે એમને સફળતા પણ મળી. ગાંધીજીએ દેશમાં પગરવ માંડ્યાના બીજા વર્ષે એપ્રિલ મહિનામાં લોકમાન્ય ટિળકે અને સપ્ટેમ્બરમાં એની બેસન્ટે હોમરૂલ લીગની સ્થાપના કરી હતી. એ સમયે અંગ્રેજોને 'સ્વરાજ' શબ્દ પ્રત્યે અણગમો હોવાથી એના વિકલ્પરૂપે 'હોમ રૂલ' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો હતો.

ગાંધીજીએ ગોપાલકૃષ્ણ ગોખલેનું માર્ગદર્શન લઈને દેશભ્રમણ શરૂ કર્યું અને સૌપ્રથમ ચંપારણ સત્યાગ્રહ કર્યો. એના પછી ગાંધીજીના નેતૃત્વમાં અસહકારનું આંદોલન, સવિનય કાનૂનભંગની ચળવળ અને હિંદ છોડો આંદોલન થયાં હતાં. એની સાથે-સાથે અનેક નાના-મોટા સત્યાગ્રહો થયેલા. જેમાં ગુજરાતમાં ખેડા સત્યાગ્રહ, હૈડિયા વેરાની નાબૂદી માટે બોરસદ સત્યાગ્રહ, બારડોલી સત્યાગ્રહ, રાજકોટ સત્યાગ્રહ વગેરે મુખ્ય હતા. સૌરાષ્ટ્રમાં અંદાજિત ૧૫ જેટલા સત્યાગ્રહો થયેલા. એમાં રાજકોટ, ધ્રાંગધ્રા, ધોળ, વણોદ, મોરબીના સત્યાગ્રહો જાણીતા છે. સૌરાષ્ટ્ર કરતાં ઉત્તર ગુજરાતમાં ખૂબ જ ઓછા પ્રમાણમાં સત્યાગ્રહો થયા છે. સૌરાષ્ટ્રમાં ટોપાવાળાના ત્રાસથી પ્રજા કંટાળી હતી, તેમ ઉત્તર ગુજરાત (બનાસકાંઠા એજન્સી)ની પ્રજા મોતીયાંવાળાથી ત્રાસી ગઈ હતી.

- **ઇ.સ. ૧૮૫૭નો વિપ્લવ અને બનાસકાંઠા**

ઇ.સ. ૧૮૫૭ના વિપ્લવ દરમ્યાન અંગ્રેજોની પકડથી દૂર ભાગતા તાત્યા ટોપેએ બનાસકાંઠા વિસ્તારમાં પ્રવેશ કરવાના પ્રયાસો કર્યા હતા. આ સમય દરમ્યાન અંગ્રેજો તાત્યા ટોપેને પકડવા એડીચોટીનું જોર લગાવતા હતા, પણ સફળતા મળતી નહોતી. બોમ્બે ટાઈમ્સના અમદાવાદના ખબરપત્રીએ ૨૩મી જાન્યુઆરીના રોજ સમાચાર આપ્યા કે, તાત્યા ટોપે ડીસાથી ૫૦ માઇલની આજુબાજુના સ્થળે છે. આ સમાચાર આવતાં અંગ્રેજો સતર્ક થઈ ગયા અને કર્નલ વોકરની આગેવાની હેઠળ એક ટુકડી ડીસા મોકલવામાં આવી. બીજા દિવસે સમાચાર આવ્યા કે, પાલનપુરમાં સ્થિતિ સ્ફોટક થઈ ગઈ છે. જોધપુર વિસ્તારના બળવાખોરો સાથે ભળી ગયા છે. અંગ્રેજ સેનાના ભારતીય સૈનિકોએ બળવો કરીને અંગ્રેજોનો સાથ છોડી દીધો. છેવટે, પાલનપુર એજન્સીના પોલીસ અધિક્ષક કર્નલ કેરબીએ વધારાની ટુકડીઓ ગોઠવી દીધી. આમ, બનાસકાંઠામાં તાત્યા ટોપેને પ્રવેશ કરવા દેવામાં આવ્યો નહોતો.


**ISBN: 978-81-952708-6-6**

ઇ.સ. ૧૮૫૭ના વિપ્લવના પડઘા ડીસા, વાવ, થરાદ, રાધનપુર, કાંકરેજ વગેરે વિસ્તારોમાં પડેલા અને ત્યાં નાના-મોટા બળવા થયા હતા. ખીંમતના સરદાર ઉમેદસિંહે ૭૫ જેટલા સૈનિકો સાથે બળવો કર્યો હતો. રાજપૂત સૈનિક ઠાકોર લાલજી દેવડાએ પાલનપુર અને ડીસાના અંગ્રેજોના કેમ્પો ઉપર હુમલા કર્યા હતા અને ત્યાંથી હથિયારોને પડાવી લીધાં હતાં. આ હથિયારો અમદાવાદ મોકલવામાં આવ્યાં હતાં. આ સિવાય, રોહો (અમીરગઢ)ના ઠાકોરોએ બંડ પોકાર્યું હતું. આમ, પાલનપુર એજન્સી વિસ્તારમાં થયેલા નાના-મોટા બળવાઓને દબાવી દેવામાં પાલનપુરના નવાબે અંગ્રેજોના પક્ષે રહીને મહત્વની ભૂમિકા ભજવી હતી. તેથી અંગ્રેજ સરકારે પાલનપુરના નવાબ જોરાવર ખાનને 'મહારખાન'નો ખિતાબ ૧૮૬૪ના જુલાઈ મહિનાની ૧૧મી તારીખે આપીને સન્માનિત કર્યા હતા.

### અફીણ વિગ્રહ – ૧૮૯૩

ઉત્તર ગુજરાત વિસ્તારનાં મોટાભાગનાં દેશી રાજ્યોએ ઇ.સ. ૧૮૭૯માં અંગ્રેજ સરકાર સાથે અફીણના કરારો કર્યા હતા. જે કરાર પ્રમાણે અફીણના છૂટક વેચાણ ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો હતો. તે માટે ડ્યુટી દર પેઢીએ રૂ. ૬૫૦ મહિને નક્કી કરવામાં આવ્યો હતો. અફીણના ઉત્પાદન અને વેચાણ અંગે દેશી રાજ્યે પત્રક નિભાવવાનું થતું અને તેનો અહેવાલ દર છ મહિને પોલિટિકલ અધિક્ષકને મોકલવાનો થતો હતો. તે અંગ્રેજો સિવાય કોઈને વેચી શકાતું નહિ. આ સમય દરમ્યાન અંગ્રેજો વધારે નફો મેળવવા માટે વધારે વાવેતર કરાવવાનો આગ્રહ કરતા હતા. તેથી ખેડૂતોમાં અસંતોષ હતો. તેથી તેમણે બળવો કરવાનું નક્કી કર્યું અને તેની આગેવાની ઠાકરડાઓના સરદાર લાડુજી કુંવરે અને ઊંચાવાળા માનજી ઠાકોરે લીધી હતી. આમ, ખેડૂતોના અસંતોષનો અંગ્રેજોને ખ્યાલ આવતાં તેમણે અફીણના વાવેતર ઉપર પ્રતિબંધ લગાવ્યો હતો.

### દુષ્કાળના સમયે મહેસૂલ ભરવામાંથી મુક્તિ મેળવવા માટે કરેલો બળવો – ૧૯૦૧

બનાસકાંઠા વિસ્તારમાં ઇ.સ. ૧૯૦૧માં દુષ્કાળ પડ્યો હતો. દુષ્કાળની સ્થિતિમાં પાકનું ઉત્પાદન થયું નહોતું અને ખેડૂતો મહેસૂલ ભરવા માટે સક્ષમ નહોતા. તેમ છતાં, પોલિટિકલ એજન્ટ અને દીવાને કડકાઇથી મહેસૂલ વસૂલવાનું નક્કી કર્યું હતું.

તેથી મહેસૂલ ભરવામાંથી મુક્તિ મેળવવા માટે પાંથાવાડાના જાગીરદારોએ અને થરાદના માનસિંહ બાપુએ બળવો કર્યો હતો. બળવાખોરોની સામે પોલિટિકલ એજન્ટે શસ્ત્રો ઉગામ્યાં. પરંતુ એમનાં સૈન્ય સમયસર ન પહોંચી શકતાં નવેમ્બર ૧૯૦૧માં સમાધાન કર્યું અને અમુક શરતોને આધિન કરના દર હળવા કર્યા. છેવટે અંગ્રેજ સરકારે એજન્સીનું ૩,૦૯,૬૫૧ રૂ. દેવું માફ કરવું પડ્યું હતું.

આ સિવાય, પાલનપુર રાજ્યમાં ઊંચા દરના જમીન મહેસૂલનો મોટો પ્રશ્ન હતો. કુંભાસણમાં મહેસૂલની વધારે આકારણીનો હુકમ ઇનામી ગામના બેગમસાહેબે કર્યો હતો. આથી, કુંભાસણના ખેડૂતોએ મહેસૂલ દર સામે અને આકારણી સામે વિરોદ્ધ નોંધાવ્યો હતો. ખેડૂતોના વિરોધ બાદ મહેસૂલ દરમાં ઘટાડો કરવામાં આવ્યો હતો.

### ભીલોની સમસ્યા – ૧૯૧૧

ભીલોના હિતો અને જંગલી પેદાશો ઉપર તરાપ મારવાના પ્રયત્નો થતાં ભીલો એકઠા થયા અને ઉગ્ર માંગણીઓ કરી. પાલનપુર રાજ્ય વતી વજીર અને મહેસૂલ મંત્રીએ સમસ્યાના ઉકેલ માટે ભીલોની મુલાકાત લીધી. આખરે, ૩૦ દિવસના સંઘર્ષ બાદ તેમની માંગણી સંતોષાતાં સમસ્યાનો અંત આવ્યો હતો.


**ISBN: 978-81-952708-6-6**

### અસહકારનું આંદોલન - ૧૯૨૦/૨૨

અસહકારના આંદોલન સમયે ખાદીના ગૃહ ઉદ્યોગો મોટાપ્રમાણમાં શરૂ થયા હતા. ત્યારે બનાસકાંઠા વિસ્તારમાં પાલનપુર ખાતે જય હિંદ, સંઘ સરદાર સોસાયટી, નવજીવન, ગ્રામોદ્યોગ સેવા સંઘ, જૂના માર્કેટયાર્ડ વિસ્તાર, સ્ટેટ બેન્ક વિસ્તાર, બનાસકાંઠા જિલ્લા ખાદી  ગ્રામોદ્યોગ જેવા અનેક ખાદી ગ્રામોદ્યોગ શરૂ થયા હતા.

જ્યારે સ્વદેશી શિક્ષણની હિમાયત થઈ ત્યારે થરાદ સહિત અનેક સ્થળોએ સ્વદેશી શાળાઓ શરૂ થઈ હતી. આ સિવાય, અંગ્રેજી નોકરી છોડવાની વાત આવી ત્યારે થરાદના મોહનલાલ પરીખે પોલિટિકલ એજન્ટની, હિરાલાલે અંગ્રેજી શિક્ષણનો અને મફતલાલ પરીખે વકીલાતની નોકરી છોડી દીધી હતી. આ, સિવાય, આ સમય દરમ્યાન નાના-મોટા અનેક બનાવો બન્યા હતા.

### અસ્પૃશ્યતા નિવારણના પ્રયાસો

ગાંધીજીએ થરાદની મુલાકાત લીધી ત્યારે ભાવાભાઇ મનજીભાઈ ભંગીના ત્યાં ઉતારો રાખ્યો હતો. આ ઉતારાનું સ્થળ અસ્પૃશ્યતામાં માનનારા ઉચ્ચ વર્ણના લોકોને ન ગમ્યું. તેથી તેમણે રાંમશીભાઈ મણવરભાઈ સિલાણા (પટેલ) સહિતના તત્કાલિન આગેવાનોને નાત બહાર મૂક્યા. આની જાણ ગાંધીજીને થતાં દુ:ખ વ્યક્ત કર્યું અને સ્થાનિકોએ ઉતારો મલુપુર ગામમાં મનજીભાઈ પટેલને ત્યાં ગોઠવી દીધો. ત્યાં જઈને ગાંધીજીએ સૌપ્રથમ અસ્પૃશ્યતાને ડામવાનું કામ હાથમાં લેવા આહ્વાન કર્યું. તેની જવાબદારી પુનમચંદ પરીખ અને કાંતિભાઈ પટેલને સોંપવામાં આવી.

### મીઠાના સત્યાગ્રહો – ૧૯૩૦

મહાત્મા ગાંધીએ અંગ્રેજ સરકારે મીઠા પર લગાડેલા કરના વિરોધમાં દાંડીકૂચ અને મીઠાના સત્યાગ્રહનો (સવિનય કાનૂનભંગની લડત) પ્રારંભ ૧૨મી માર્ચ ૧૯૩૦ના રોજ કર્યો હતો. આ દાંડીકૂચને અનુલક્ષીને દેશમાં ઠેર-ઠેર મીઠાના સત્યાગ્રહો થયા હતા. મીઠું બનાવીને અને ગેરકાયદેસર રીતે મીઠું ખરીદીને અનેક લોકો મીઠાના સત્યાગ્રહમાં જોડાયા હતા. આ સમયે બનાસકાંઠા વિસ્તારમાં રાધનપુર, સાંતલપુર, કુંડાળીયા, નેસડા, રાછેણા, લોદ્રાણી, અસારા, માધપુરા, મસાલી, નડાબેટ, સૂઈગામ જેવા અનેક સ્થળોએ મીઠાનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થતું હતું.

આ વિસ્તારમાં મીઠાના સત્યાગ્રહો દુદોસણના મહંત નારાયણ સ્વામી ગુરુ હંસ સ્વામી, વાવના ગુણવંતરાય મહેતા, વડગામના કાલિદાસ ભોજકની આગેવાની હેઠળ સ્થાનિક લોકોએ મીઠાના અગરો ઉપર હલ્લાબોલ કર્યા હતા. આ મીઠાના સત્યાગ્રહોમાં અગ્રણ્ય ભૂમિકા ભજવવા બદલ કાનજીભાઇ રાતડીયા, ગફરભાઈ ગમારા, પાંચાભાઈ ઠાકોર, રામેશ્વરલાલ જોશી, ઈશ્વરભાઈ જોશી સહિત તેર જેટલા આગેવાનોને ૬ મહિનાની જેલની સજા અંગ્રેજ સરકારે ફટકારી હતી.

### થરાદના શાસકનો મહેસૂલ ન ભરવાનો મક્કમ નિર્ણય

ઉત્તર ગુજરાતમાં મહેસૂલ ઉઘરાવવા માટે પોલિટિકલ એજન્ટનું થાણું સ્થાપિત કરવા માટે  બ્રિટિશ પોલિટિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ કર્નલ વિલિયમ સ્કોટે થરાદનો પ્રસ્તાવ મૂક્યો હતો. પરંતુ થરાદના શાસક ભીમસિંહ વાઘેલાએ થાણું સ્થાપવાની પરવાનગી આપી નહોતી. તેથી તે થાણું  પાલનપુરમાં સ્થાપવામાં આવ્યું હતું. મહેસૂલ ભરવા બાબતે થરાદના શાસક વાઘેલા ભીમસિંહને અંગ્રેજો સાથે સંઘર્ષ થયો હતો. તેથી ભીમસિંહજીને

 **ISBN: 978-81-952708-6-6**

અંગ્રેજોએ કેદ કર્યા હતા અને સાદરામાં નજરકેદ રાખ્યા હતા. થરાદમાં વિદ્યાર્થીઓએ વિદ્યાર્થી મંડળ અને પ્રજામંડળની રચના કરી હતી. તેના ઉપક્રમે લોકજાગૃતિ માટેની સભાઓ ભરવામાં આવતી હતી.

### હિંદ છોડો આંદોલન દરમ્યાન પાલનપુરમાં થયેલી પ્રવૃત્તિઓ - ૧૯૪૨

પાલનપુરમાં હિંદ છોડો આંદોલન દરમ્યાન પ્રજાજનોમાં રાષ્ટ્રીય ચેતનાનો સંચાર થયો હતો. મહાત્મા ગાંધીની હિંદ છોડો લડતની અસર થવાના કારણે પાલનપુરમાં કાળા વાવટા ફરકાવીને બ્રિટિશ રાજ્ય સામે વિરોધ વ્યક્ત કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ મુજબ જો તેઓ કાળા વાવટા ફરકાવે તો તે રાજ્યનું સારું દેખાતું ન હતું અને જો તેઓ તેમ ન કરે તો તેમનું અપમાન થતું હતું. આવા કટોકટીના સમયે નવાબે વચ્ચેનો રસ્તો કાઢીને આગેવાનોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, 'તમારો વિરોધ બ્રિટિશરો સામે છે, તેથી તમારે બ્રિટિશ રાજ્યના વિસ્તારોમાં જઈને દેખાવો કરવા જોઈએ. જો વિરોધ મારી સામે હોય તો અહીં કાળા વાવટા ફરકવા દેવામાં મને કોઈ વાંધો નથી.' આ ઘટના પરથી એ બાબત સ્પષ્ટ થાય છે કે, નવાબે પોતાના આગેવાનો અને બ્રિટિશ સરકાર સાથેના સબંધો સાચવીને જાળવી રાખ્યા અને પોતાના રાજ્યમાં બ્રિટિશ રાજ્ય વિરુદ્ધ દેખાવો થવા ન દીધા. પાલનપુરની ઈ.સ. ૧૯૩૫માં જવાહરલાલ નેહરુએ મુલાકાત લીધેલી અને 'જવાહર મંડળ'ની રચના કરી હતી. આ મંડળ વિદેશી ચીજવસ્તુઓના બહિષ્કારની પ્રવૃત્તિઓ કરતું હતું.

### રવિશંકર મહારાજનું અધિવેશન – ૧૯૪૨

અંતરિયાળ વિસ્તારના લોકોને જાગૃત કરવા માટે રવિશંકર મહારાજે પદયાત્રા કાઢવાની યોજના બનાવી હતી. આ સિવાય, તેમણે થરાદ તાલુકાના મલુપુર ગામમાં ૯મી ફેબ્રુઆરી ૧૯૪૨ના રોજ પહેલું અધિવેશન અને ૧૨મી ડિસેમ્બર, ૧૯૪૨ ના રોજ બીજું અધિવેશન ભર્યું હતું. આ બંને અધિવેશનોમાં લોકોને જાગૃત કરવા અને સ્વયંસેવકોને એક તાંતણે બાંધવાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

### આઝાદીની ચળવળના નાયકો

ગાંધીજીના રંગેરંગાઈને બનાસકાંઠા એજન્સીમાંથી અનેક નવલોહિયા યુવાનોએ આઝાદીની ચળવળમાં ઝંપલાવ્યું હતું. આઝાદીની ચળવળમાં અકબરભાઈ ચાવડા (સાંસદ બે ટર્મ – ૧૯૫૧ થી ૫૭, ૧૯૫૭ થી ૬૨), જોહરાબેન અકબરભાઈ ચાવડા (સાંસદ એક ટર્મ ૧૯૬૨થી ૬૭), નારાયણસ્વામી ગુરૂ હંસસ્વામી, કાલિદાસ લક્ષ્મીદાસ ભોજક 'કવિ આનંદી', વિરજીભાઈ ભગવાનભાઈ પટેલ, હકુમતસિંહ હરગોવનસિંહ, મનસુખભાઈ જયશંકરભાઈ દવે, મંદાકીનીબહેન જી. કામતેકર, જેશિંગલાલ બી. જોશી, ખુબમીયાં બડામીયા સૈયદ, રામેશ્વરલાલ ઈશ્વરલાલ જોષી, પુનમચંદ મફતલાલ પરીખ, મુકુંદીલાલ એમ. ગુપ્તા, ગુણવંતરાય કાલિદાસ મહેતાએ મહત્વની કામગીરી કરી હતી.

આ સિવાય, અજાયબસિંહ કે. (I. M. A), મગનલાલ વાઘજીભાઈ પટેલ, જયંતીલાલ મફતલાલ પરીખ, દેવજીભાઈ લાલજીભાઈ આચાર્ય, રાણીબેન બાપુભાઈ પટેલ, ઝવેરી કેસરબેન મૂળચંદભાઈ, મહેતા માણેકબેન કનૈયાલાલ, પરીખ સુભદ્રાબેન મણિલાલ, ગાંધી તારાબેન, શ્રીમતી મણીબેન કાલિદાસ ભોજક, લીલાબેન રામેશ્વરભાઈ જોશી, કરમણભાઈ મલુરામભાઇ આચાર્ય, બાલકૃષ્ણ નારાયણદાસ પરીખ, મનુભાઈ મોહનલાલ ભટ્ટ વગેરેએ મહત્વની કામગીરી કરી હતી.


**ISBN: 978-81-952708-6-6**

સ્વાતંત્ર્ય સેનાનીઓને મદદ કરવા માટે સ્વયંસેવકોની ટીમ ખડેપગે રહી હતી. જેમાં, ગલબાભાઈ હાથીભાઈ પટેલ, મોતીલાલ ચુનીલાલ દેસાઇ, દલપતરામ કકલદાસ શાહ, જેશીંગલાલ ત્રિકમલાલ ખત્રી, ભલાભાઈ નાથુભાઈ પટેલ, ગીરીશચંદ્ર બાબુભાઈ પટેલ, મનજીભાઈ વિરમભાઈ પટેલ, જગતાભાઈ માવાભાઇ પટેલ, ડાહ્યાલાલ મહેતા, બાલાશંકર જોશી, ભીખાભાઈ પટેલ, મોહનલાલ પરીખ, શારદાબેન જોશી, હમીદાબાનું સૈયદ, કેસરબેન અમૃતલાલ મહેતા, ગિરધરદાસ મહેતા, હીરાલાલ પરીખ વગેરેએ ખૂબ મદદ કરીને સહયોગ આપ્યો હતો.

## આઝાદીની ચળવળમાં શૈક્ષણિક સંસ્થાઓ અને ગ્રંથાલયોનું યોગદાન

આઝાદીની લડત ચાલતી હતી ત્યારે બનાસકાંઠા એજન્સીના વિસ્તારમાં (હાલના બનાસકાંઠા જિલ્લામાં) શરૂ થયેલ શાળાઓએ લોકોને જાગૃત કરવાનું કામ કર્યું હતુ. પાલનપુરમાં ૧૮૭૮/૭૯માં ૧૦ પ્રાથમિક શાળાઓ, એક પર્શિયન અને એક એંગ્લો વર્નાક્યુલર શાળા શરૂ થઈ હતી. દેશ આઝાદ થયો ત્યારે પાલનપુર રાજ્યમાં ૧૧૯ જેટલી શાળાઓમાં કાર્યરત હતી. કાણોદર અને ડીસામાં અંગ્રેજી મીડિયમની પણ શાળાઓ ખોલવામાં આવી હતી.

થરાદમાં સૌપ્રથમ ઇ.સ. ૧૮૬૯માં ખેંગારસિંહ વાઘેલાએ મફત શિક્ષણના ઉદ્દેશ્ય સાથે કુમારશાળા અને ૧૮૮૫માં કન્યાશાળા શરૂ કરવામાં આવી હતી. ત્યારબાદ ૧૯૦૬/૦૭માં સાત શાળાઓ અને ૧૯૧૩માં શેઠ પરિવારનાં ગલબીબાઈએ 'ગલબીબાઈ એંગ્લો વર્નાક્યુલર સ્કુલ' શરૂ કરીને થરાદ દરબારને અર્પણ કરી હતી. જે હાલમાં જનતા હાઈસ્કૂલના નવા નામાભિધાન સાથે કાર્યરત છે. ૧૮૭૯માં વાવ ખાતે કુમારશાળા અને થરા ખાતે શાળાઓ શરુ કરવામાં આવી હતી. જ્યારે મિસિસ કોગહીલ કન્યાશાળા ૧૯૧૬માં શરૂ કરવામાં આવી હતી. ૧૯૦૬માં કાંકરેજમાં સાત, વાવમાં ત્રણ અને દિયોદરમાં બે શાળાઓ કાર્યરત હતી.

દાંતામાં એંગ્લો વર્નાક્યુલર શાળામાં ગુજરાતી અને અંગ્રેજી શિક્ષણ આપવામાં આવતું હતું. આઝાદી ટાણે દાંતામાં સાત શાળાઓ કાર્યરત હતી. બનાસકાંઠા એજન્સીમાં સ્થાપેલી જૂદી જૂદી શાળાઓ સ્વદેશી શિક્ષણની હિમાયત કરતી હતી અને દેશ પ્રત્યે પ્રેમ જાગે તે માટે વિદ્યાર્થીઓને તૈયાર કરતી હતી.

આ વિસ્તારમાં પાલનપુર ખાતે ઈ.સ.૧૮૭૨માં રાણી વિક્ટોરિયા જ્યુબિલી લાઇબ્રેરી, ઈ.સ. ૧૮૭૮માં રાધનપુર ખાતે શ્રી બિસ્મિલ્લા ખાનજી લાઇબ્રેરી, ઈ. સ. ૧૯૨૧માં થરાદ ખાતે મેમણ હાજી અબદલે બંધાવેલી થરાદ દરબાર દૌલતસિંહજી સાર્વજનિક લાઇબ્રેરી, ઈ.સ. ૧૯૨૩માં પટેલ ઉમેદરામ જીવાભાઈ લાઇબ્રેરી શરૂ થઈ હતી. આ લાઈબ્રેરીઓમાં ગાંધીયુગના સમાચાર પત્રો આવતાં હોવાથી ગાંધીજીના આંદોલનથી યુવાનો માહિતગાર થતા હતા. આ લાઇબ્રેરીઓમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ એકઠા થઈને એમની યોજનાઓ બનાવતા હતા. લોકોને જાગૃત કરવા માટે આખા જિલ્લામાં પગપાળા યાત્રા કરવાનો પ્લાન આ લાઇબ્રેરીઓમાં ઘડાયો હતો. જેમાં થરાદની લાઇબ્રેરીને 'સ્વાતંત્ર્ય સેનાનીઓનો ગઢ' કહેવામાં અતિશયોક્તિ નથી. રવિશંકર મહારાજની સાથે અકબરભાઈ ચાવડાએ સર્વે સેનાનીઓની સાથે મળી પદયાત્રા કરીને ખેડૂતોને સમજાવવા અને આંદોલનમાં જોડાવવા માટે અથાગ પ્રયત્નો કર્યા હતા. આ સેનાનીઓને થરાદના શાસક ભીમસિંહજી વાઘેલાનો ટેકો મળતા એમનામાં ઉત્સાહ બમણો થયો હતો. હિંદ છોડો આંદોલન વખતે ભીમસિંહજી વાઘેલાએ સેનાનીઓને ખૂબ મદદ કરી હતી.

## તારતમ્ય


**ISBN: 978-81-952708-6-6**

બનાસકાંઠા એજન્સીના મોટાભાગના વિસ્તારોમાં એકલ-દોકલ પ્રવૃત્તિઓ થયેલી. પાલનપુર, થરાદ અને રાધનપુરમાં પ્રજા મંડળની રચનાઓ થઈ હતી. પાલનપુરના નવાબ જોરાવર ખાને અંગ્રેજ સરકારને મદદ કરીને 'મહારખાન'નો ખિતાબ ૧૧મી જુલાઇ ૧૮૬૪માં મેળવ્યો હતો. જ્યારે થરાદના શાસક વાઘેલા ભીમસિંહે થરાદમાં અંગ્રેજોનું થાણું શરૂ પરવાનગી ન આપીને અને મહેસૂલી પ્રથાનો સખત વિરોધ કરીને સંઘર્ષનો માર્ગ પસંદ કર્યો અને દેશ સેવા માટે જેલ સજા ભોગવી. આમ, બનાસકાંઠા જિલ્લાની રિયાસત પરંપરામાંથી પણ પ્રજાએ સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લીધો હતો.

**સંદર્ભસૂચિ :**

1. Gazetteer of the bombay presidency vol. - v, cutch, palanpur and mahi kantha, Govt. central press - 1880.
2. Gujarat state gazetteer : mehsana – 1975.
3. The palanpur state gazettee – 08/02/1915.
4. આચાર્ય કનુ, બનાસની અસ્મિતાનો ઉન્મેષ.
5. જમીનદાર રસેશ, સ્વાધીનતા સંગ્રામમાં ગુજરાત.
6. દેસાઇ શાંતિલાલ, રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગુજરાત.
7. પટેલ દિપક, પાલનપુર રાજ્યનો ઇતિહાસ.
8. પટેલ ભુપેન્દ્ર, ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઉત્તર ગુજરાતનું પ્રદાન.
9. ભરવાડ વિનુભાઈ, બનાસકાંઠા જિલ્લાના સ્વાતંત્ર્ય સેનાનીઓ.
10. સૈયદ ગુલાબમિયા અબ્દુલમિયા, પાલનપુર રાજ્યનો ઈતિહાસ ભાગ – ૨.

 **ISBN: 978-81-952708-6-6**

# મહારાવ સયાજીરાવ ગાયકવાડ ત્રીજા અને પુસ્તકાલય

**દેસાઇ પરેશભાઇ બાબુભાઇ**
પીએચ.ડી. સ્કોલર હેમ.ઉ.ગુ.યુનિ., પાટણ

**પ્રસ્તાવના**

સયાજીરાવ ગાયકવાડ ત્રીજાનું મૂળનામ ગોપાળરાવ હતું. તેમનો જન્મ મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના કવલાણા ગામમાં ૧૧ માર્ચ ૧૮૬૩ના રોજ થયો હતો. કવલાણા ગામમાં ૧૦૦ થી ૧૫૦ ઘરની વસતી હતી. તેમાં બે કે ત્રણ બ્રાહ્મણ કુટુંબો હતા અને સાત ગાયકવાડ કુટુંબના ઘર હતા જયારે બાકીની વસ્તી કણબીઓની હતી. તેમના બધાયનો વ્યવસાય ખેતીનો હતો. કલા કવલાણા ગામમાં ગાયકવાડના ઘરો વિશાળ તેમજ રહેવાની ઉત્તમ વ્યયવસ્થા વાળા હતા. જીવન જરૂરિયાતની બધીજ સુખ-સગવડો ઉપલબ્ધ હતી. ગામમાં આગળ પડતા ઘરોમાં સમાવેશ થતો હતો.

સયાજીરાવ ગાયકવાડના પિતાનું નામ કાશીરાવ હતું અને માતાનું નામ ઉમાબાઈ હતું. કાશીરાયને ચાર દિકરીઓ તથા ત્રણ દિકરા હતા. દિકરીઓના નામ ભીમાબાઈ ચિમાભાઈ, હુમાબાઈ અને તુળાભાઈ હતા. અને દિકરાના નામ આનંદરાવ, ગોપાલરાવ અને સંપતરાવ હતા. ખાનદેશના કવલાણા ગામમાં ગાયકવાડ વંશના આદિ પુરુષના વંશજો રહેતા હતા. તેમનો સંબંધ મૂળ વંશ વૃક્ષ સાથે જણાતા શ્રી કાશીરાય ગાયકવાડના ત્રણ પુત્રોને વડોદરા બોલવામાં આવ્યા. તેમાંથી ગોપાલરાવને ઈ.સ.૧૮૭૫ ની ૨૭મી મેના શુભ દિવસે દત્તક લેવાની વિધિ કરવામાં આવી. દત્તકવિધિ પૂરી થતાં ગોપાલરાવનું નામ સયાજીરાવ રાખવામાં આવ્યું. જે મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજા તરીકે જાણીતા બન્યા.

**સયાજીરાવ ગાયકવાડ ત્રીજાની પુસ્તકાલય પ્રવૃત્તિઓમાં સહાય** :

આમ મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજા તેમનો પુસ્તક પ્રેમ જાણીતો છે. આથી તે એમ પણ માનતા હતા કે પુસ્તકાલયનો વિકાસ કરવાથી આમ જનતાનો વિકાસ થશે. આથી સયાજીરાવ ગાયકવાડ દ્વારા પુસ્તકાલય પ્રવૃત્તિને વેગ આપવા માટે તે બનતા પ્રયત્ન કરતા હતા અને હંમેશા મદદ માટે તૈયાર રહેતા હતા.

**પુસ્તકાલય સહાયક સહકારી મંડળ** :

આ મંડળ ઈ.સ.૧૯૨૪ની સાલમાં વડોદરા ખાતે સ્થાપવામાં આવ્યું હતું. આનું કાર્ય એકસામટા પુસ્તકો ખરીદી કરવાની અને તે પુસ્તકોને ૬% ના વળતરથી પુસ્તકાલયનો આપવા. તમામ આના મોટા ભાગના કાર્યો પુસ્તકાલયને મદદરૂપ થવાના હતા.

આ કાર્યો કરવા સ્થાપેલું મંડળ આજે પુસ્તકાલયને એવા ઘણા લાભ આપે છે કે જે પહેલામળતા ન હતા. આમ તે પુસ્તકાલયો પાસે જે મંડળ નફો મેળવે છે. તે પણ મંડળ જમા રાખીને તે પુસ્તકાલયના લાભમાં જ વાપરવામાં આવે છે. આ મંડળ વડોદરા રાજયને નહિ પણ ગુજરાતના કોઈ પણ પ્રદેશના પુસ્તકાલયને પુસ્તક ખરીદીને આપે છે.

**વડોદરા રાજય પુસ્તકાલય પરિષદ** :

ઈ.સ.૧૯૨૫ની સાલમાં વડોદરામાં પ્રથમ પુસ્તકાલય પરિષદની બેઠક મળી હતી. આ પ્રથમ બેઠક ગણદેવીમા રા.મટુભાઈ હ.કોટાવાળાના અધ્યક્ષ સ્થાને મળી હતી. તેમાં પુસ્તકાલય પ્રવૃત્તિઓના કાર્યકરો એકબીજા

 ISBN: 978-81-952708-6-6

વિચારોની આપ લે. મુશ્કેલીઓ દૂર કરવી, નવા ક્ષેત્રો શોધવા તથા વિકાસની યોજનાઓ વિચારવી વગેરે હેતુઓથી આ પરિષદ પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી. આમ આ પરિષદની પાંચમી બેઠક ઈ.સ.૧૯૩૦ માં પાટણ મુકામે લેડી વિદ્યાગૌરી નીલકંઠના અધ્યક્ષપણા નીચે ભરવામાં આવી હતી.

આ પરિષદના ઉદ્દેશ્યો એ છે કે (૧) પુસ્તકાલયો અને વાંચનાલયોની પ્રવૃત્તિ સ્થાપવી (૨) ગામે ગામ પુસ્તકાલયો અને વાંચનાલયો સ્થપાય એવી હીલચાલ કરવી (૩) કાર્યકર્તાઓ, સરકાર તથા સ્થાનિક સંસ્થાઓ વચ્ચે સહકાર વધે એવા પ્રયત્ન કરવા (૪) પ્રજાને વાંચનમાં વધુને વધુ રસ લેતી કરવા માટે બધા મહાલોમા મહાલયપુસ્તકાલય મંડળો અને જૂથમંડળો અને બધા પ્રાંતમાં પ્રાંત પુસ્તકાલય મંડળો ઉભા કરવા, રાજયના પુસ્તકાલયો વ્યવસ્થિત બનાવી શકાય એ માટે પ્રચારકો નિમવા, શિષ્ટ વાંચનના પ્રચાર માટે વાકય મંડળો, અભ્યાસ મંડળો, અભ્યાસક્રમો અને પરીક્ષણોની જુદી જુદી યોજનાઓ હાથ ધરવી, પુસ્તકાલયનું શિક્ષણ આપવા માટે શિક્ષણવર્ગો ઉઘાડવા.

ઉત્તર ગુજરાતમાં સયાજીરાવ ગાયકવાડ દ્વારા અહીંના લોકો શિક્ષણ મેળવે અને ઉન્નતિ પ્રાપ્ત કરે તે હેતુથી તેમને અલગ અલગ કરવામાં પુસ્તકાલય ખોલ્યા હતા. આ માટે તેમણે ઉત્તર ગુજરાતમાં સૌ પ્રથમ શિક્ષણની શરૂઆત કરી. તે સમયે કડી પ્રાંત દ્વારા જુદી જુદી શાળાઓ ૧૯૨૦ થી શરૂ કરવામાં આવી. ખાસ કરીને કડીમાં સ્કૂલ શરૂ થઈ ત્યારપછી બધી જ જગ્યાએ ધીરે ધીરે સ્કૂલો શરૂ કરવામાં આવી. જેને કારણે શિક્ષણ વ્યાપ વધ્યો. કડી પ્રાંતના વિસનગર, મહેસાણા, પાટણ કસ્બા વિસ્તાર વધવાથી વિસનગરમાં ફત્તેહસિંહરાવ દ્વારા એક પુસ્તકાલય ખોલવામાં આવ્યું. જયારે પાટણમાં ફત્તેહસિંહરાવના નામથી ફત્તેહસિંહરાવ ગાયકવાડ પુસ્તકાલય પાટણના ભદ્રના વિસ્તારમાં ખોલવામાં આવ્યું. આ સમયે ભદ્રનો વિસ્તાર ખૂબ જ શિક્ષિત અને વધારે રહેઠાણ વિસ્તાર હતો. આજુ બાજુના ગામડાઓથી શિક્ષણ મેળવેલા લોકો ઉચ્ચ શિક્ષણ મેળવવા પાટણમાં આવતા હતા. તેથી આ વિસ્તારમાં જનરલ લાયબ્રેરી ખોલવાના ૧૮૯૦માં આ લાયબ્રેરી ખોલવામાં આવી હતી.

ત્યાર પછી લગભગ પાટણ કસ્બાના જુદા જુદા ગામોમાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની શાળાઓ શરૂ કરવામાં આવી. ૧૯૨૦ થી ૧૯૩૯ દરમિયાન ઘણી બધી સ્કૂલો ખોલવામાં આવી આપણમાં હાલની એમ.એન.સ્કૂલ ખોલવામાં આવી ત્યાર બાદ પાટણમાં ન્યુ એરા સ્કૂલ ખોલવામાં આવી. ગામડાઓમાંથી પગપાળા ચાલતા અનેક વિદ્યાર્થીઓ સ્કૂલમાં આવતા રણુજ, મણુંદ, રૂની, હાજીપુર, કમલીવાડા, સંખારી વગેરે ગામોમાં સ્કૂલો ખોલાવી વિદ્યાર્થીઓ શિક્ષણનો લાભ લેવા તે સમયે વધારે વ્યવસ્થિત અભ્યાસ માટે પુસ્તકાલયનો ઉપયોગ થયો. રૂની, રણુજ, મણુંદમા અંગ્રેજી માધ્યમની કુમારિકાઓ માટેની અલગ સ્કૂલો ખોલવામાં આવી. કુમારો અને કુમારિકાઓની ભેગી સ્કૂલ પણ ગુજરાતી માધ્મની ખોલવામાં આવી. જેનો રેકોર્ડ ગુજરાત રાજય દફતર ભંડાર વડોદરા ખાતે ફાઈલોમાં તેનો અહેવાલ આપવામાં આવ્યો છે.

ત્યાર પછી જુદી જુદી સ્કૂલના વિદ્યાર્થીઓ પાટણમાં આવતા અને લાયબ્રેરીનો ઉપયોગ કરતા આ લાયબ્રેરરી શરૂઆતમાં ગણતરીના જ એવા વર્તમાન પક્ષો અને પુસ્તકો દ્વારા સજ્જ થયેલી હતી. તેમાં ગુજરાત સમાચાર, જયહિન્દી જેવા વર્તમાન પત્રો. આ ઉપરાંત વડોદરાથી નિકળતા. મુંબઈથી નિકળતા મુંબઈ સમાચાર પત્રો ટાઈમ ઓફ ઈન્ડીયા વગેરે મળતા હતા. વાચકનો વર્ગ ખૂબ જ વિશાળ હતો. આ સમયે બીજી કોઈ સગવડ ન હતી. એટલે વર્તમાન પત્રો રેલ્વેમાં આવતા હતા. આ ઉપરાંત કેટલાક સ્થાનિક પત્રોએ પણ વર્તમાન પત્રોનું સ્થાન લીધેલું. આઝાદીની ચળવળમાં કેટલીક પત્રિકાઓ બહાર પડતી હતી. જેમાં અંગ્રેજ સરકારને બાન હતો. જે જાહેરમાં વહેંચી


**ISBN: 978-81-952708-6-6**

શકાતો નહીં. તેથી ઘણીવાર આવી પત્રિકાઓ લાયબ્રેરીની દીવાલ પર લગાવામાં આવતી. ઈ.સ.૧૯૦૧માં વાચક વર્ગની સંખ્યા વધવાથી લાયબ્રેરીનું મકાન બનાવવામાં તે સમયે સયાજીરાવે રૂપિયા ૨૫૦૦૦ હજારનું માતબર દાન આપેલું. તેથી પુસ્તકાલયનું બાંધકામ અને મકાન બાંધવામાં આવ્યું. તે મકાનનું નામ તેમના પુત્ર ફત્તેહસિંહરાવ ગાયકવાડના નાથી લાયબ્રેરી નામાંકિત બની ત્યાર બાદ ભારત આઝાદ થતા આ પુસ્તકાલય અવિરત વિકાસ કરતું રહ્યું. તેમને બે મઝલાની બનાવવામાં આવી. ગામના નાગરિકો પાસેથી દાન મેળવવામાં આવ્યા. લાયબ્રેરીમાં દિવસેને દિવસે પુસ્તકોની સંખ્યા વધતી ગઈ. સાહિત્ય શિક્ષણ, વિજ્ઞાન, ટેકનોલોજી વગેરેનો વ્યાપ વધતો ગયો. વાચકોની સંખ્યા પણ વધતી ગઈ. અહીં કર્મચારી નિમણૂંક કરવામાં આવ્યા.  અહીં વાચક પૂર્તિ સગવડ આપવામાં આવે છે. ધીરે ધીરે દિનપ્રતિદિન વિકાસ વધતો ગયો અને પુસ્તકાલય મોટામાં મોટું બનતું ગયું.આ સમયે અનેક મોટો વર્ગ છે. વાચકનું સ્થાન ધરાવે છે.લગભગ જયારથી શરૂ કર્યું ત્યારથી વાચક વર્ગ દિનપ્રતિદિન વધતો ઉભે. પરિણામે અનેક વાચકોમાં કેટલાક લોકો ડોકટર બન્યા. કેટલાક પ્રોફેસ બન્યા. કેટલાક લોકો સારા શિક્ષણ બન્યા. કેટલાક લોકો સારા અધિકારી પણ બન્યા છે. છેલ્લા કેટલાક ઓફિસ સેવક પણ બન્યા છે. ખાસ મહત્ત્યવનું એ છે કે અહીં વાચવા આવેલા દરેક વાચક કોઈને કોઈ સારી જગ્યા પર રોજી રોટી મેળવી રભે છે. અહીં ભણેલા કેટલાક લોકો નિવૃત્ત પણ થઈ ગયા છે. અહીં વહીવટ માટે પ્રમુખ, મંત્રી, કારોબારી અન્ય કલાર્ક  વર્ગ  ચારના સેવક તરીકે લાયબ્રેરીમાં નોકરી ધરાવે છે. જુના પાટણથી શરૂ કરી નવા પાટણ સુધીના વિકાસની  ગાથા આ પુસ્તકાલય આપે છે. આ પુસ્તકાલયમાં જે લોકો વાચક તરીકે હતા. તેવા લોકો પોતાના વિકાસ માટે ફત્તેહસિંહરાવ ગાયકવાડ પુસ્તકાલયને મહત્ત્યવનું સ્થાન આપી તેનું સન્માન કરે છે. જેમના કેટલાક લોકોનું નામ જાણું છું તેવા ડૉ.કાન્તીભાઈપટેલ, મનોચિકિત્સક, ડૉ.શૈલેષ બી.સોમપુરા, વલ્લરીબેન હાથી લાયબ્રેરીયન, પી.કે.કોટાવાલા આર્ટ્સ કોલેજના પ્રિન્સીપાલ એલ.એસ. પટેલ. જી.કે. વ્યાસ, ગુજરાતી વિભાગના આર્ટ્સ કોલેજના પ્રોફેસર ઈશ્વરભાઈ પટેલ, એમ.એન. સાયન્સ કોલેજ, પ્રો.સ્વ.મુકુન્દભાઈ બ્રહ્મક્ષત્રિય, લો કોલેજ પ્રમુખ ફત્તેહસિંહરાવ પુસ્તકાલય ડૉ. જી.વી. શ્રીમાળી, અધ્યક્ષ ઈતિહાસ વિભાગ આર્ટ્સ કોલેજ, પ્રોફેસર એલ.એન.રેવડીવાલા, નિવૃત અધ્યાપક ઈંગ્લીશ વિભાગ પ્રોફેસર આર.પી.શાહ, હિંદી વિભાગ,ડૉ.જી.એચ.પંચોલી ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર હેમ. ઉ.ગુ.યુનિવર્સિટી પાટણ. આ ઉપરાંત અનેક પ્રાથમિક શિક્ષકો, અધિકારીઓ વગેરે અહીં અભ્યાસ માટે આવતા હતા.

અહીં વર્ષો જુનું પુસ્તકાલય હોવાથી અને લોકો વાચન કરતા. તેમાં આસુતોષ પાઠક ઈંગ્લીશ વિભાગ, વહીવટી મંડળમાં સત્તા ધરાવતા તેવા લોકોની વિકાસની ગાથાઓ તથા જીવનના વિકાસમા આ પુસ્તકાલયનું મહત્ત્યવ છે.

આધુનિક સમયમાં પુસ્તકાલયમાં બાળ વિભાગ, સ્ત્રી વિભાગના વાચનો શરૂ કરવામાં આવ્યા છે. કેસેટ લાયબ્રેરી પણ શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત ન્યુ એસ.સી. અને ધોરણ-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટે અલગ વાચન રૂમ પણ બનાવવામાં આવ્યા છે. આ લાયબ્રેરી તેના અવિરત વિકાસથી પાટણના આર્થિક, સામાજિક, રાજકીય, વિકાસની ગાથા રહી છે.

 **ISBN: 978-81-952708-6-6**

**સંદર્ભગ્રંથસૂચિ**

1. ડૉ.ચિમનલાલ મગનલાલ, 'શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ' ભાગ-૧ લો, પ્રકાશક - શ્રી સયાજી સાહિત્યમાલા વડોદરા, ૧૯૪૩.
2. ડૉ.ચિમનલાલ મગનલાલ, 'શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ' ભાગ-૨જો, પ્રકાશક - શ્રી સયાજી સાહિત્યમાલા વડોદરા, ૧૯૪૩.
3. દવે કનૈયાલાલ ભાઈશંકર, 'પાટણ મ્યુનિસિપાલિટી', પ્રકાશન, પાટણ, ૧૯૭૬.
4. દવે કનૈયાલાલ ભાઈશંકર, 'ગુજરાતનું મૂર્તિવિધાન' ગુજરાત વિદ્યાસભા, ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ, ૧૯૬૩.
5. દેસાઈ ગોવિંદભાઈ હાથીભાઈ 'કડી પ્રાંત વડોદરા રાજ્ય પ્રતિક સર્વસંગ્રહ', વડોદરા રાજ્ય, વડોદરા, ૧૯૨૦-૨૧.
6. દેસાઈ ગોવિંદભાઈ હાથીભાઈ 'શ્રી સયાજી હિરક મહોત્સવ' નિવેદન ભાગ-૧, પ્રકાશક-હિરક મહોત્સવ સમિતિ, વડોદરા, ૧૯૩૬.
7. પોટા મનસુખલાલ મોહનલાલ, શ્રી સયાજી ગૌરવગ્રંથ બીજી આવૃત્તિ, પ્રકાશક - જન્મ દિવસ મહોત્સવ મંડળ -૧૯૩૩


ISBN: 978-81-952708-6-6

# ગુજરાતના રાઠવા આદિવાસીઓનો સાંસ્કૃતિક પરિચય : એક અભ્યાસ

**AnjanabenShankarlal Patel**
(M.A.,B.Ed.,M.Phil) Ph.D. Student
Dept. of History, H.N.G.U.Patan
Email :-anjana.rantai@gmail.com

## રાઠવા આદિવાસી

સમાજ જ્યારે કોઈ સમાજથી પરસ્પર વ્યવહાર કરીને એક બીજાની નજીક આવે છે, ત્યારે તેને "સમાજ" નામ પ્રાપ્ત થાય છે. લોકોનો સમૂહ ઘડાતા ધીરે ધીરે નિયમો રીતી રીવાજો અને સંસ્કૃતિનું ગઠન થાય છે. આ સમાજ ઘડતર પ્રક્રિયાનું પ્રમાણ જંગલ આદિ પહાડી અને વનરાવન વિસ્તારમાં બહુજ ધીમા ક્રમે ચાલે છે. કારણકે ત્યાં વ્યવહારો વગેરેનો વિકાસ પણ ધીમે ધીમે થઇને થોડા જુજ જ નિયમો સ્વીકૃત થઇ ને જડ બની જાય છે, આવી ઘડતર પ્રક્રિયા ધરાવનાર સમાજમાંનો એક સમાજ એટલે રાઠવા સમાજ. રાઠવા ગુજરાતની એક આદિવાસી જાતી છે. ગુજરાતમાં વસતી અનેક-વિધ અનુસૂચિત જનજાતિઓમાં રાઠવા જાતિ ઊજળો વાન ધરાવતી સામાજિક તેમજ ધાર્મિક દૃષ્ટિએ ઘણું જ વૈવિધ્ય અને આગવાં સાંસ્કૃતિક લક્ષણો ધરાવતી જાતિ છે. ગુજરાતની કુલ 28 જેટલી અનુસૂચિત જનજાતિઓની 48 લાખ જેટલી વસ્તીમાં રાઠવાઓની વસ્તી લગભગ 4.92 % છે. એ રીતે વસ્તીના ક્રમમાં રાઠવાઓ છઠ્ઠા નંબરે આવે છે.

રાઠવાઓની વસ્તી પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા વિસ્તાર ઉપરાંત દેવગઢ બારિયા તાલુકાના સાગટાળા વિસ્તારમાં તેમજ તેને અડીને આવેલા છોટાઉદેપુર જિલ્લાના ઝોઝ, દેવહાટ, મોટી સડલી, પાવી, જેતપુર અને ક્વાંટ વિસ્તારમાં જોવા મળે છે. આ જાતિના લોકો છોટાઉદેપુર અને પંચમહાલ જિલ્લામાં વસવાટ કરે છે. ગેઝેટિયરમાં નોંધ્યા પ્રમાણે માળવાના રાઠ વિસ્તારમાં અલીરાજપુર રાજ્ય આવેલું હતું. આ રાજ્ય ઉત્તરમાં બોમ્બેના પંચમહાલ જિલ્લા, દક્ષિણમાં નર્મદા નદી, પશ્ચિમમાં બોમ્બેની રેવાકાઠા એજન્સી અને પૂર્વમાં ભોપાવર એજન્સીની કેટલીક ઠકરાતો સુધી વિસ્તરેલું હતુ. આ રાજ્યમાં પાંચ પરગણાઓ આવેલા હતા. જેમા, ૧) બાબરા, ૨) રાઠ, ૩) નાનપુર, ૪) છકતલા અને ૫) ચાંદપુરનો સમાવેશ થતો હતો. આ રાજ્યમાં આવેલી કોર્ટ તે સમયે રાઠકોર્ટ તરીકે ઓળખાતી હતી. આ ઉપરાંત અલીરાજપુરમાં મહેસુલ ખાતામાં તલાટી તરીકે ફરજ બજાવતા ઈન્દ્રગિરિ કે જેમના પૂર્વજોને આ રાજ્યની વંશપરંપરાગત રાજગુરૂની ગાદી મળી હતી તેમના કહેવા પ્રમાણે, "અલીરાજપુર રાજ્યની મૂળ રાજધાની આજના અલીરાજપૂરથી દક્ષિણે દસેક માઈલ દૂર આવેલા આલિ સ્થળે હતી. આ રાજ્યનો મૂળ સ્થાપક રાજા આનંદદેવ રાઠોડ વંશનો હતો. તેણે આ રાજ્યની સ્થાપના ઇ.સ. ૧૪૭૩માં કરી હતી. પોતાના વંશના આધારે રાઠોડ રાજ્ય અને તેમાંથી રાઠ કે રાઠવા વિસ્તાર સંભવ્યો હોય. રાઠ વિસ્તારમાં વસવાટ કરતી જાતિ એટલે રાઠવા. ગુજરાતમાં વસવાટ કરતી રાઠવા જાતિ મધ્યપ્રદેશ રાજ્યમાં 'ભિલાલા' તરીકે ઓળખાય છે(શેખ ૨૦૧૨:૩૧). રાઠવા જાતિમાં ૫૬ગોત્રો જોવા મળે છે

## રાઠવા જાતિના ગોત્રો

૧) કટોલિયા ૨) કનાસ્યા, કનાસીઆ ૩) કળસ્યા ૪) કીચડિયા ૫) કિરાળિયા, કિરાળ, કોલિયા ૬) ખુટ્યા-ખુટિયા ૭) ગમારિયા ૮) ગોંડમંડા ૯) ચંઘોળ ૧૦) સુવાણિયા, ચુવાણ, ચૌહાણ ૧૧) ચૌધરિ ૧૨) ચૌધરિયા ૧૩) છતીહા ૧૪) જમોરા, જમારિયા ૧૫) ડૉમરા, ડોમરિયા ૧૬) ડીમચ્યા ૧૭) ડોડવા, ડોળવા ૧૮) તડવી, તડવલા, વળવલા ૧૯) ધારવા ૨૦) નાહર ૨૧) નિંગવાળિયા ૨૨) પરમાર ૨૩) પૂજારા ૨૪) ફળિયા ૨૫) ફુવડિયા ૨૬)

 ISBN: 978-81-952708-6-6

બામણિયા ૨૭) બારિયા ૨૮) બંડોડિયા ૨૯) ભાભરિયા ૩૦) ભંડાર ૩૧) ભીંડોલિયા ૩૨) ભૈડિયા ૩૩) મકવાણ ૩૪) મળિય ૩૫) મસાણિયા ૩૬) મેંતા ૩૭) મોરિયા ૩૮) મોહાળિયા ૩૯) રાઠળિયા, રાઠોળ ૪૦) રાવતિયા ૪૧) લુવારિયા ૪૨) વાહકળિયા ૪૩) વિહકિયા ૪૪) સિમળિયા ૪૫) સાદરિયા ૪૬) સહતીઆ ૪૭) સિમયા ૪૮) હમળિયા ૪૯) હરાયા ૫૦) હિમલિયા ૫૧) અવાય ૫૨) ઓહરિયા ૫૩) મુડારચા ૫૪) ખવાસિયા ૫૫) ગરાસિયા ૫૬) પટેલિયા

**વિસ્તાર**

રાઠવા આદિવાસીઓ ગુજરાતમાં મુખ્યત્વે વડોદરા, દાહોદ, છોટાઉદેપુર અને પંચમહાલ જિલ્લામાં છે. ગુજરાતનો આ વિસ્તાર પહેલાં 'રેવાકાંઠા' તરીકે ઓળખાતો અને છોટાઉદેપુરનો સમગ્ર પહાડી વિસ્તાર 'પાલ' તરીકે ઓળખાતો હતો. છોટાઉદેપુરના ઉત્તર-પૂર્વના વિસ્તારમાં રાઠવાઓના વસવાટને પરિણામે તે વિસ્તાર આજે 'રાઠ' તરીકે ઓળખાય છે. રાઠવાઓ સિવાય ભીલ, ધાનકા, નાયકા વગેરે જાતિઓ પણ આ વિસ્તારમાં વસવાટ કરે છે.

છોટાઉદેપુર જીલ્લો આદીવાસી બાહુલ્ય ધરાવતો જીલ્લો છે. તેની ભૌગોલીક રચના ખૂબ સુંદર છે અને પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર જોવા મળે છે. જીલ્લામાં 80% કરતા વધુ આદીવાસીઓ વસે છે. જેઓ પ્રકૃતીપૂજક છે.

છોટાઉદેપુર આદિજાતિ જીલ્લો છે. છોટાઉદેપુરના મૂળ લોકો (આદિવાસી) ને રાઠવા કહેવામાં આવે છે. આ નામ તેમના જૂના નિવાસ ક્ષેત્ર પર થી પડ્યું છે, જેનું નામ રથ હતું. છોટાઉદેપુરના તમામ તાલુકોમાં અને પંચમહાલ જીલ્લામાં પણ રાઠવા વસ્તી રહે છે. તેઓની બોલી ને રાઠવી કહે છે.તેઓ ગુજરાતી પણ બોલે છે. તેમનો મુખ્ય વ્યવસાય કૃષિ છે. તેમના ૫૬ કુળ છે, અને સમાન કુળ માં લગ્ન પ્રતિબંધિત છે.

**પહેરવેશ**

રાઠવા પુરુષો લંગોટી વાળીને લાલ, ભૂરા, પીળા રંગનું ફાળિયું માથે બાંધે છે. ક્યારેક તેની ઉપર લીલા કે ભૂરા રંગનું પહેરણ પહેરે છે. જ્યારે સ્ત્રીઓ ઘાઘરો, ચોળી તથા ઓઢણી ઓઢી, પગમાં કથીર કે રૂપાનાં કલ્લાં, ગળામાં રંગીન મણકાની માળાઓ, રૂપાની નક્કર હાંસડી, કાનમાં લોળિયાં તથા ઉપરના ભાગે વીંટલા, નાકમાં જડ ને ભમ્મરિયો કાંટો જેવાં આભૂષણો પહેરે છે તથા શરીરનાં ભિન્ન ભિન્ન અંગો જેવાં કે હાથ, પગ, મોંના જુદા જુદા ભાગો પર છૂંદણાં છૂંદાવે છે.

**વંશગત જૂથ અને લગ્નવ્યવસ્થા**

ગુજરાતના આદિવાસીઓમાં પિતૃસ્થાનીય, પિતૃવંશીય, પિતૃસત્તાક કુટુંબવ્યવસ્થા જોવા મળે છે. દક્ષિણ ગુજરાતના ધોડિયા, કોકણા, વારલી, ચૌધરી, ગામીત, ભીલ, નાયક, હળપતિ, વગેરે આદિવાસીઓ વિવિધ કુળોમાં વહેંચાયેલા જોવા મળે છે. જ્યારે ઉત્તર ગુજરાતના તેમજ પંચમહાલના ભીલ, પટેલિયા, ગરાસિયા, રાઠવા વગેરે આદિવાસીઓમાં અલગ-અલગ અટક જોવા મળે છે. આ કુળ યા અટક ઘણી વાર સાચા યા કાલ્પનિક પૂર્વજના નામ યા કોઈક આકસ્મિક ઘટના પરથી પડેલાં હોય છે.

ગુજરાતના આદિવાસીઓમાં પ્રચલિત લગ્નપ્રકારોમાં માતાપિતા અને વરકન્યાની સંમતિથી થતાં લગ્નને સૌથી વિશેષ પ્રાધાન્ય આપવામાં આવે છે. માતાપિતાની સંમતિથી અથવા સંમતિ વિના માત્ર


**ISBN: 978-81-952708-6-6**

વરકન્યાની પસંદગીથી થતાં 'પલાયન લગ્ન' પણ ઘણીખરી આદિવાસી જાતિઓમાં જોવા મળે છે. કન્યાનાં માતા-પિતાની ઇચ્છા વિરુદ્ધ અને કેટલીક વાર કન્યાની ઇચ્છા વિરુદ્ધ પણ થતાં 'અપહરણ લગ્ન' સમાજમાન્ય લગ્નપ્રકાર તરીકે ભીલ, રાઠવા, નાયક, પટેલિયા, ગરાસિયા વગેરે જાતિઓમાં એક કાળે પ્રચલિત હતાં. તેના કેટલાક અંશો આજે પણ કેટલાક વિસ્તારોમાં જોવા મળે છે; વરનાં માતાપિતા અને કુટુંબીજનોના પ્રારંભના અનાદર છતાં, પુરુષના ઘરમાં રહેવાના 'હઠલગ્ન' નામે ઓળખાતા એક પ્રકારનાં ઉદાહરણો રાઠવા, ભીલ, પટેલિયા, વસાવા વગેરે આદિવાસી જાતિઓમાં તેમજ અખતરા લગ્ન(marriage by trial)ને મળતો આવતો એક લગ્નપ્રકાર વારલીઓમાં છે, જેમાં એવા લગ્નના કેટલાક અંશો જોવા મળે છે. એવો ખંધાડિયા અથવા ઘરજમાઈને નામે ઓળખાતો લગ્નપ્રકાર પણ ધોડિયા, ચૌધરી, હળપતિ, વારલી, ગામીત વગેરે આદિવાસી જાતિઓમાં જોવા મળે છે.

### શિક્ષણ અને સંસ્કૃતિ

આદિવાસી જાતિઓમાં આઝાદી પહેલાં શિક્ષણનું પ્રમાણ પાંચ ટકા કે તે કરતાં પણ ઓછું હતું. સ્ત્રીઓમાં એક ટકા કરતાં પણ ઓછું-લગભગ શૂન્યસ્તરની નજીક. તદ્દન નહિવત્ અક્ષરજ્ઞાનનું પ્રમાણ હોય એવી જાતિઓમાં છોટાઉદેપુરના રાઠવા, કચ્છના કોળી, ગીરના બરડા અને આલેચના રબારી, ચારણ અને ભરવાડ તથા સુરેન્દ્રનગર જિલ્લાના પારનો સમાવેશ થાય છે.

ગુજરાતના આદિવાસીઓમાં શિક્ષણ અંગેની કોઈ નિશ્ચિત વ્યવસ્થા ન હતી. છતાં વડોદરા રાજ્યના તાબામાં આઝાદી પહેલાં સોનગઢમાં એક 'ધોડિયા છાત્રાલય' ખૂલ્યું હતું, જેમાં રહીને કેટલાક આદિવાસીઓએ શિક્ષણ લીધું હતું. આ ઉપરાંત આહવામાં રાજકુમાર છાત્રાલય છે, જે ડાંગના રાજાઓનાં સંતાનોના શિક્ષણના હેતુથી ચાલતું હતું. આ સિવાય આદિવાસીઓના શિક્ષણ વિશે કશું જ થયું ન હતું. આઝાદી પહેલાં ગાંધીવિચારથી પ્રેરાઈને ઠક્કરબાપાએ પંચમહાલમાં આદિવાસીઓનું કાર્ય કરવાના હેતુથી દાહોદમાં 'ભીલ સેવા મંડળ' દ્વારા અને જુગતરામભાઈ દવેએ સૂરત જિલ્લામાં વેડછીમાં 'રાનીપરજ સેવાસભા' દ્વારા શિક્ષણને આધારે 1920-21માં સમાજસેવાનું કામ શરૂ કરેલું. તેની પાછળથી અનેક શાખાઓ આશ્રમશાળાઓ રૂપે વિકસી અને તેમાં અનેક સ્વાયત્ત સંસ્થાઓમાં આદિવાસી બાળકોએ શિક્ષણ મેળવ્યું. 1981ના અહેવાલ પ્રમાણે રાજ્યમાં આદિવાસીઓમાં સાક્ષરતાનું કુલ પ્રમાણ 21.15% છે, જેમાં પુરુષોમાં 30.41% છે અને સ્ત્રીઓમાં 11.64% છે. જાતિવાર શિક્ષણપ્રમાણમાં 1971 અનુસાર ધોડિયા 31.19%, ચૌધરીઓ 22.04%, ધાનકા 17.05%, પટેલિયા 18.94%, ગામીત 14.26%, દૂબળા 13.74%, કુનબી 13.31% છે. રાઠવા, વારલી, કોટવાડિયા, નાયકડા વગેરેમાં પ્રમાણ આજે પણ ઘણું ઓછું છે.

### મેળા, નૃત્ય અને કલા

રાઠવા આદિવાસીઓ અન્ય આદિવાસીઓની જેમ જ હોળી, દિવાળી, દશેરા જેવા તહેવારોની ઉજવણી કરે છે. તે દરમિયાન જ્યાં 'હાટ' (અઠવાડિક બજાર) ભરાતા હોય ત્યાં લોકમેળાઓ ભરાય છે. હોળીના મેળાને 'ભંગુરિયો' કહે છે. ધૂળેટીના દિવસના મેળાને 'ચૂલ'ના મેળા તરીકે ઓળખે છે. મેળામાં જતી વખતે રાઠવા સ્ત્રી-પુરુષો પરંપરાગત પહેરવેશ અને ઘરેણાંઓ પહેરીને 'પિહોટો' વગાડતાં વગાડતાં નાચતાં-કૂદતાં એક ગામથી બીજે ગામ જતાં હોય છે.


ISBN: 978-81-952708-6-6

રાઠવા સમુદાયના મુખ્ય તહેવારો હોળી, દિવાસો, દશેરા, દેવ-દિવાળી અને અખાત્રીજ છે. મેળા દરમિયાન આદિવાસીઓની સાંસ્કૃતિક વૈવિધ્યતાને જોઈ શકાય છે. પાવી જેતપુરમાં તેલવ માતા મેળો, કવાંટમાં ઘેર મેળો, ડુંગરવાટનો મેળો, ઝૂજ, રાયસિંગપુર, છોટા ઉદેપુર, અમરોલમાં મેળાનું આયોજન હોળી પછી કરવામાં આવે છે.

છોટાઉદેપુર માં સાપ્તાહિક બજાર ભરાય છે જેને હાટ કહે છે. મોટાભાગના આદિવાસીઓ ની જરૂરિયાતો હાટમાં પૂર્ણ કરે છે. અઠવાડિયાના દરેક દિવસ છોટાઉદેપુરના આજુબાજુના વિસ્તારોમાં જુદા જુદા સ્થળોએ એક હાટ હોય છે. હાટ એ સંબંધીઓ અને મિત્રોને મળવા માટે ભેગા થવાની પણ જગ્યા છે. કપડા, શાકભાજી, અનાજ અને પશુધન, ધનુષ્ય અને તીરો, દાગીના, વાંસના આર્ટિકલ્સ, રાંધવાના વાસણો જેવી વસ્તુઓ હાટ માં વેચાય છે.

રાઠવા ઘણા દેવો અને દેવીઓની પૂજા કરે છે, પરંતુ બાબા પિઠોરા રાઠવા સમુદાયના દેવતાઓમાં મુખ્ય છે અને તેમને ખુશ કરવા ઘરોમાં પેઇન્ટિંગ આકારવામાં આવે છે. તે રાઠવાનાં ઘરોની અંદર ત્રણ દિવાલો પર દોરવામાં આવે છે. તેઓ માને છે કે આ પેઇન્ટિંગ કરવાથી ઘરમાં શાંતિ અને સમૃદ્ધિ રહે છે. તેઓ તેમના ઘરોની દિવાલો પર વાઘ, ઊંટ, હાથી વગેરેની રચનાનો ઉપયોગ કરે છે. તેમના પોતાના લોક-ગીતો અને લોક-કથાઓ છે. લગ્ન સમારંભ સમયે લોક ગીતો ગાવામાં આવે છે. તહેવારો અને લગ્નો સમયે તેઓ નૃત્ય કરે છે અને સંગીત નો આનંદ લે છે.

### ધર્મ

છોટાઉદેપુર જીલ્લામાં વસતા આદીવાસીઓ અને તેમાય મોટેભાગે રાઠવા સમુદાયના સૌથી મોટા ઇષ્ટદેવ પીઠોરા દેવ છે. આ પીઠોરા દેવની પૂજા અહીના આદીવાસીઓ કરે છે. અહીના આદીવાસીઓ આ પીઠોરાને ભીતચીત્ર નહી પણ પ્રાચીન સમયની એક લીપી માને છે. ચિત્રોના સ્વરૂપમાં આ પીઠોરો વાંચવામાં આવે છે. જો કે આ પ્રાચીન લીપીને ગણ્યા ગાંઠયા લોકો જ વાંચી શક્યા છે.

રાઠવા જાતિ અલૌકિક શક્તિ પરના વિશ્વાસને જ ધર્મનો મૂળ આધાર માને છે. શક્તિઓની પૂજા-આરાધના દ્વારા મુશ્કેલીઓ દૂર થાય તેને ધર્મ માને છે. આ જાતિ ત્રણ પ્રકારનાં દેવ-દેવીઓની પૂજા-આરાધના કરે છે : (1) કુદરતી દેવો; જેમાં સૂર્ય, ચંદ્ર, ઇન્દ્ર, પવન ઘોડાદેવ વગેરેનો સમાવેશ થાય છે; (2) આ પ્રકારમાં હિંદુ ધર્મની અસરવાળા દેવો; જેવા કે, વેરાઈમાતા, હોળી, કાળકામાતા, શંકર, અંબાજી વગેરે; (3) ત્રીજા પ્રકારમાં, હિંદુ ધર્મના જુદા જુદા સંપ્રદાયોની અસર શહેર નજીક વસવાટ કરતા રાઠવાઓમાં જોવા મળે છે; તેમાં રામાનંદી, કબીરપંથી, સ્વામિનારાયણ, સનાતન વગેરે સંપ્રદાયમાં માનનારા રાઠવાઓ પોતાને ભગત તરીકે ઓળખાવે છે. તેઓ અન્ય રાઠવાઓ સાથે સંબંધો નહિવત્ રાખે છે. 'પિઠોરો' ઘોડાદેવ તેમનો મુખ્ય દેવ છે.

ગુજરાત રાજ્યના અતિ પછાત ગણાતા કવાંટ તાલુકામાં મોટેભાગે આદીવાસી સમાજ જોવા મળે છે કે જેઓ સંપૂર્ણ પણે પ્રાકૃતીક જીવન જીવે છે. આવા નાખલ ગામના કેટલાક આદીવાસીઓ પોતે ભગત હોવા છતાય પીઠોરા દેવને આહુતી આપે છે.અને પોતાનું આરોગ્ય સારૂં રહે, સુખ શાંતી જળવાઈ રહે તે માટે પીઠોરા દેવની પૂજા કરે છે. અને પોતાના દેવ જીવતા જાગતા છે અને તેઓ પર સંપૂર્ણ શ્રધ્ધા હોવાનું માની રહયા છે.

એક સમયે પ્રત્યેક આદીવાસીઓના પીઠોરા દેવ ઘેર ઘેર જોવા મળતા હતા. પરંતુ ધીમે ધીમે ધાર્મિક પરીવર્તન થતાં લોકો જુદા જુદા ધર્મોમાં માનતા થયા ત્યારથી આ પ્રાચીન પરંપરા લુપ્ત થઈ રહી છે. ત્યારે

જીલ્લાના અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારમાં આજે પણ ઇંદ, પાનગુ, જુવારીયો ઇંદ, કરોળીયો ઇંદ, પેઢી બદલવાનો ઇંદ, જેવા પ્રાચીન પરંપરા મુજબના ઇંદ ઉજવાઇ છે.

પીઠોરા લિપી ૫ હજાર વર્ષ જૂની છે. જ્યારે ભાષાઓનું અસ્તિત્વ ન હતું. લખાણ શોધાયું ન હતું. તે સમયે વનમાં વસતા આદીવાસીઓ પીઠોરાનો ઉપયોગ કરતાં હતા. હાલમાં પુરાતન કાળની સંસ્કૃતીની જાળવણી કરતાં આદીવાસી સમાજના લોકો પોતાના ઘરની દીવાલ પર પીઠોરા લખાણ લખે છે. આદીવાસીઓના ઇષ્ટદેવ આ પરિભાષા સમજી લે છે.

ભીંતચીત્રોનું આલેખન કરનાર અમે લખારા તરીકે ઓળખે છે. બીજા ધર્મો જેવા કે હીંદૂ ધર્મમાં ભગવદ ગીતા, મુસ્લીમ ધર્મમાં કુરાન, ખ્રીસ્તી ધર્મમાં બાઇબલ તેવી જ રીતે અમારા આદીવાસી રાઠવા સમાજમાં જ્યારે આદી અનાદી કાળથી વસતા રાઠવા સમુદાય અભણ હતા ત્યારથી આ પીઠોરા લિપી લખતા હતા અને તેમાં ચિત્રાત્મક રજૂઆત વર્ણવેલી છે.બાબા પીઠોરા દેવ રાઠવા આદીવાસી સમાજના ઇષ્ટદેવ છે. પરંતુ સમાજના ઘણાખરા લોકો આની પંથમાં વહેચાઈ જવાથી સંસ્કૃતિ ભુલાઈ રહી છે.

પણ આજે છોટા ઉદેપુર જીલ્લાના અંતરીયાળ ગામોમાં બાબા પીઠોરા દેવને પરંપરાગત લખાવીને તેનું પૂજન કરી સંસ્કૃતી બચાવી રાખી છે તેથી સમાજ અને વિસ્તાર બચી રહ્યો છે.

પીઠોરા એ ગુજરાત રાજ્યના છોટાઉદેપુર જિલ્લામાં અને મધ્યપ્રદેશમાં રહેતી રાઠવા અને ભીલ જાતિઓ દ્વારા દિવાલો (ભીંતો) પર કરવામાં આવતું એક ધાર્મિક ચિત્રણ છે.

પીઠોરા ચિત્રો એક કલાના સ્વરૂપ કરતાં વધુ એક ધાર્મિક વિધિ છે. આ ધાર્મિક વિધિઓ ભગવાનનો આભાર માનવા અથવા ઇચ્છા પૂર્તિ કરવા અથવા વરદાન મેળવવા માટે કરવામાં આવે છે. ભાડવા અથવા આદિજાતિનો મુખ્ય પૂજારીને બોલાવવામાં આવે છે અને સમસ્યાઓ વર્ણન કરવામાં આવે છે. આ સમસ્યાઓ મૃત્યુ પામેલા ઢોરથી લઈને કુટુંબનાં અસ્વસ્થ બાળકો સુધીની કોઈ પણ હોઈ શકે છે. સંબંધિત વ્યક્તિને સમસ્યાનું સમાધાન પૂરું પાડવામાં આવે છે અને ભાડવા દ્વારા પીઠોરાના ચિત્રણ અને તેની વિધિ કરવા માટે કહેવામાં આવે છે. પીઠોરા બાબાની હાજરી એ બધી સમસ્યાઓના સમાધાન તરીકે માનવામાં આવે છે. પીઠોરાના ચિત્રો હંમેશાં ઉંબરા પર, ઓસારીમાં, અથવા ઘરની બહારની પહેલી દીવાલ અથવા ઘરની અંદર પ્રવેશતાંની પ્રથમ દીવાલ પર ચિત્રણ કરવામાં આવે છે. પીઠોરા ચિત્ર સામાન્ય રીતે આખી દિવાલને આકૃતિઓથી ભરી દે છે. ચિત્ર માટે આગળની એક દિવાલ અને તેની બંને બાજુ બે દીવાલો એમ ત્રણ દિવાલો તૈયાર કરવામાં આવે છે, સામેની અથવા વચ્ચેની દીવાલ બાજુઓની બે દીવાલ કરતાં બમણી મોટી હોય છે. આ દિવાલોને ગાયના છાણનું લીપણ કરી ચુનાથી રંગવામાં આવે છે. જે અપરિણીત છોકરીઓ દ્વારા કરવામાં આવે છે. વરંડાની મુખ્ય દિવાલ જે તેને રસોડાથી અલગ પાડે છે તેને પીઠોરા માટે પવિત્ર માનવામાં આવે છે. આ દિવાલ પર બનાવટની દંતકથાઓ અને પીઠોરાથી સંબંધિત ચિત્રોનું ચિત્રણ કરવામાં આવે છે. વરંડાના બાજુની બે દીવાલો પર પણ નાના દેવી-દેવતાઓ, ભૂત અને પૂર્વજોની આકૃતિઓ દોરવામાં આવે છે.

**સંદર્ભ સૂચિ**

1. ગુજરાતની આદિવાસી સંસ્કૃતિ,માહિતીખાતુ ગુજરાત રાજ્ય ગાંધીનગર,૨૦૦૦.
2. શાહવિમલ, ગુજરાતના આદિવાસીઓ, અમદાવાદ ,૧૯૬૬
3. વાઘેલાઅરુણ, સાંસ્થાનિક ગુજરાતની આદિવાસી ચળવળો,અમદાવાદ ,૨૦૧૯


**ISBN: 978-81-952708-6-6**

4. Patel G.D., Gazettee of the Gujarat;Pnchmahal District,Government of India,Amadavad,1972
5. તડવીશંકરભાઈ અને તડવીરેવાબેન, પાલના રાઠવા,વડોદરા,૧૯૭૮
6. તડવીશંકરભાઈઅને તડવીરેવાબેન,આદિવાસીનો કલાવારસો, અમદાવાદ, ૧૯૭૮
7. વાઘેલાઅરુણ, વિસરાયેલા શહીદો,અમદાવાદ,૨૦૧૫.
8. પટેલભગવાનભાઈ,આદિવાસી સંસ્કૃતિ વારસો,અમદાવાદ,૨૦૦૯
9. જાદવ,જોરાવરસિંહ, ગુજરાતની લોકકલાઅનેસંસ્કૃતિ, માહિતીકમિશનર ગુજરાતસરકાર, ગાંધીનગર,૨૦૦૭.
10. રાઠવા માનસિંહ, નવનીત સમર્પણ સામાયિક

 **ISBN: 978-81-952708-6-6**

# "સ્વાતંત્ર્ય ચળવળમાં શ્રી વામનરાવ મુકાદમનું યોગદાન"

**પટેલીયા અરવિંદકુમાર કનુભાઈ**
પી.એચ.ડી.સ્કૉલર,ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ

પ્રસ્તાવના

ગોધરાના ઈતિહાસમાં મૂળ ગુજરાતનાં ના હોય તેવા બે નેતાઓએ ગોધરાને પોતાની કર્મભૂમિ બનાવીને, માતૃભૂમિને ખાતર પોતાનું સમગ્ર જીવન સમર્પિત કર્યું હતું.આ બે નેતાઓમાં પ્રથમ શ્રી વામનરાવ મુકાદમ અને બીજા મામાસાહેબ ફડકે હતા. મામાસાહેબ ગોધરામાં ઇ.સ.૧૯૧૯ થી સ્થાયી થયા હતા,જ્યારે વામનરાવનો જન્મ જ ગોધરામાં થયો હતો.તેમનું કુટુંબ મૂળ મહારાષ્ટ્રથી આવીને ગોધરામાં વસ્યું હતું.તેમના જન્મ સમયે ભારતમાં રાષ્ટ્રીય જાગૃતિ ઠીક-ઠીક વધવા પામી હતી.તેમના વડવાઓ મહારાષ્ટ્રના હોઈ,સ્વભાવમાં આક્રમકતા ગળથૂંથીમાથી મળી હતી. પંચમહાલ અંગ્રેજી સત્તાની નીચે સિંધિયા સાથેના કરારથી ઝાંસીના બદલામાં ઇ.સ.૧૯૬૪ થી સોંપાયો હતો.આમ અહી અંગ્રેજ સત્તાનું સીધું શાસન પ્રવર્તમાન હતું.અંગ્રેજોની ભારતને આર્થિક, સામાજિક, ન્યાયિક, રાજકીય રીતે પાયમાલ કરવાની કામગીરી સમગ્ર દેશની જેમ અંહિયા પણ શરૂ જ હતી.ગોધરા આ અરસામાં એક પછાત જીલ્લાના વડા મથક તરીકે ઓળખાતું હતું.અને અહિયાં ઇ.સ.૧૮૫૭ થી ૧૮૫૯ સુધી ક્રાંતિકારી પ્રવૃત્તિઓ થવા પામી હતી.તે સિવાય ગોધરાની વધુ ઓળખ  થઈ ન હતી.ઇ.સ. ૧૮૮૫ માં રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના પછી ઠેર-ઠેર થયેલી લોકજાગૃતિના કારણે ગોધરામાં પણ આઝાદીના ભણકારા વાગવા લાગ્યા હતા.તેમાં વામનરાવ જેવા સ્વાતંત્ર્યવીરોએ ક્રાંતિની જ્યોત જગાવવા અમૂલ્ય ફાળો આપ્યો હતો.

**વામનરાવનું પ્રારંભિક જીવન**

ગોધરાના આ મહાન સ્વાતંત્ર્ય સેનાની વિષે માહિતિ મામાસાહેબ ફડકેએ પોતાની આત્મકથામાં વર્ણવી છે.તે મુજબ "વામનરાવ મુકાદમની હું તદ્દન પાડોશમાં રહેવા માંડ્યો.વામનરાવ મુકાદમનું વર્ણન કરવું હું અહી યોગ્ય ધારુ છુ.વામનરાવ પંચમહાલના સિંહ કહેવાતા. તેમનું વ્યક્તિત્વ સિંહ જેવુ હતું.વામનરાવે સેવાની શરૂઆત ૧૯૦૫ ના જમાનામાં કરી હતી." [૧] ઇ.સ. ૧૯૦૫ માં બંગ-ભંગ આંદોલનની શરૂઆત થઈ અને આખા દેશ સમક્ષ અંગ્રેજોની નામુરાદ સામે આવી.તે સમયે ગોધરામાં પણ આ આંદોલનના પડઘા પડ્યા હતા.ગોધરાના જાહેર જીવનમાં અને રાજકીય પ્રવૃત્તિમાં ગણ્યા-ગાંઠયા નેતાઓ આગળપડતો ભાગ ભજવતા હતા.તેમાના વામનરાવ અગ્રગણ્ય હતા. "તેમનો જન્મ ૨૬ મી જાન્યુઆરી ૧૮૮૫ના રોજ થયો હતો." [૨]

તેઓ ગોધરાના એક બાહોશ નેતા હતા.વ્યવસાયે એક શિક્ષક હતા.તેમનું જીવન એકદમ સાદું હતું.તેઓ મેટ્રિક સુધી ભણ્યા હતા.અને તેમની આવક મર્યાદિત હતી."ખાનગી જીવનમાં વામનરાવ શ્રી મણિલાલ મહેતાની હાઇસ્કૂલના એક શિક્ષક હતા.તેમની આવક છેક ટૂંકી હતી અને કુટુંબ બહોળું હતું." [૩] તેમના દેખાવ અને સ્વભાવ વિશે મામાસાહેબ નોંધે છે કે – " તેમનું શરીર ટૂંકી બાંધી દડીનું હતું.અને સ્વભાવ વિલક્ષણ અને વિચિત્ર હતો.બીકણપણાના તેઓ કટ્ટર શત્રુ હતા.તેથી જ જીવનસંધ્યાના સમયે તેમણે જિલ્લાના હોમગાર્ડના કમાન્ડર તરીકેની કામ કરવાની જવાબદારી સ્વીકારી હતી.વામનરાવ વડીલોનું માન જાળવવા કે ગમે તે કારણે તેઓ પોતાની પત્નિ સાથે કોઈપણ દિવસ વાત કરતાં કોઈને દેખાયા ન હતા.ટીળક મહારાજના પટ્ટશિષ્યમાના તેઓ એક હતા.ગાંધીજીના પ્રશંસક હતા પણ ટીળકના અનુયાયી હતા." [૪] "તેઓ મૂળ મહારાષ્ટ્રીયન હતા.ગોધરા ખાતે તેમણે પોતાના રાજકીય જીવનની શરૂઆત હોમરૂલ અને વેઠપ્રથાના વિરોધી આંદોલનથી કરી હતી." [૫] તેમની વાક્છટા અને બુધ્ધિમતા વિષે નોધાયું છે કે- "વામનરાવનો અભ્યાસ માંડ મેટ્રીક સુધી હોવા છતાં, તેમની કુશાગ્ર બુધ્ધિ, હૈયા ઉકલત, હાજરજવાબીપણું, અને જે પ્રશ્નો હાથમાં લે તેનો વિગતવાર અભ્યાસ કરવાની ટેવ, એ ગુણોને લીધે ગાંધીજી પણ વર્ષો સુધી તેમને વકીલ સમજતા હતા. વામનરાવનું વ્યકતવ્ય સાદું પણ કહેવતોથી અને ગામઠી ઉપમાઓથી ભરેલું તેમજ બીકણ માણસના રૂંવાડા પણ ઊભા કરે તે જાતનું હતું." [૬]

 ISBN: 978-81-952708-6-6

વામનરાવનું જીવન તથા કારકિર્દી લોકમાન્ય ટીળકના વિચારોથી પ્રભાવિત હતી.તેમ છતાં તેઓ ગાંધીજીને પણ માનતા હતા.ગોધરા અને ગુજરાતમાં થયેલ ગાંધીપ્રેરિત આંદોલનોમાં શ્રી વામનરાવનો સિંહફાળો રહ્યો હતો.તેઓ પોતાના વિચારો રજૂ કરવામાં કોઇની પણ શરમ રાખતા ન હતા.પોતાના જીવન દરમ્યાન તેઓ સમાજ અને દેશસેવા માટે હંમેશા અગ્રેસર રહ્યા હતા.ખાનગી જીવનમાં તેમનો વ્યવહાર કઇંક વિચિત્ર કહી શકાય તેવો હતો. "વામનરાવ પોતે સાદાઈથી રહેતા હતા.તેમના ઘેર તેમની વિધવા બહેન નબુબહેન તથા નાની દીકરી કમુબહેન રહેતા હતા.અને ઘર સંભાળવાનું કામ નબુબહેન કરતાં હતા.મોટાભાગે તેઓ તેમના મિત્ર ડૉ.માણેકલાલ શાહને ત્યાં રહેતા અને જમવા પુરતા ઘેર આવતા હતા." [૭] વામનરાવે દેશસેવા માટે પોતાના પરિવારને કદી પ્રાધાન્ય આપ્યું ન હતું.મામાસાહેબ ફડકે તેમના વિશે નોંધે છે કે- " જાહેરસેવાની ધૂનમાં પોતાના કુટુંબીજનો તરફ એમણે દુર્લક્ષ સેવ્યું ,તે ગૃહસ્થાશ્રમીઓ માટે ગુનો ગણાય તે હદનું હતું." [૮] રાજકીય પ્રવૃત્તિઓમાં તેઓ એટલા રત રહેતા કે પોતાના પરિવાર માટે વિચાર કરવાનો સમય પણ નહોતા કાઢી શકતા.પોતાની આવક ઓછી હોવા છતાં નેતાઓની સરભરા પોતાને ત્યાં જ રાખતા.પોતે સાદું જીવન જીવતા પણ આવનારાઓને કાઇપણ ખોટ વર્તાવવા દેતા ન હતા.

ખાનગી જીવનના તેમના આ પાસા ઉપરાંત તેમની બીજી બાજુ પણ છતી થયેલી છે. તેમની સમાજસેવા તથા માન્યતાઓ જુદી હતી.તેઓ ગાંધીજીને માનતા હતા પરંતુ તેમના કેટલાક વિચારો સાથેનો વિરોધાભાસ નજરે પડે છે.આ માટે ડૉ.અરુણ વાઘેલા નોંધે છે કે- "ગાંધીવાદી રચનાત્મક અને સ્વાતંત્ર્ય પ્રવૃત્તિઓ સાથે નિકટતાથી સંકળાયેલા હોવા છતાં ગાંધી પ્રેરિત અહિંસાના સિધ્ધાંતમાં તેમને શ્રધ્ધા ન હતી. રિવોલ્વોર રાખી તેનું લાઇસન્સ પણ તેઓ ધરાવતા હતા." [૯] વામનરાવનું જીવન બે વિચારધારાઓ વચ્ચે ચાલતું હતું.તેઓ ટીળક મહારાજ જેવા ઉગ્ર વિચારસરણી ધરાવતા નેતાના પટ્ટશિષ્ય હતા.અને બીજી બાજુ ગાંધીજીના ચાહક હતા.તેથી તેમના જીવનમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળે છે.સમાજસેવામાં પણ તેમની આ છબી દેખાઈ આવે છે. "વામનરાવ અસ્પૃશ્યતા નિવારણમાં માનતા ન હતા.છતાં અસ્પૃશ્યોની સેવા કરવામાં માનતા હતા,એટલે કે રૂઢિચુસ્ત હતા." [૧૦] " ગોધરાના આગેવાન વામનરાવ મુકાદમ હજી અસ્પૃશ્યતા નિવારણ કરી શક્યા નથી.છતાં તેઓ બપોરે અને રાત્રે .....વાડામાં જય અંત્યજો સાથે બેસી તેમને દારૂ ત્યાગવાનો ઉપદેશ કરે છે અને પછી ઘેર આવી નાહી લે છે." [૧૧] પોતાના કૌટુંબિક વારસાને કારણે અને ગોધરાના દહેશતપૂર્ણ વાતાવરણને લીધે કદાચ આ બાબતો તેઓ પોતાના જીવનમાથી હટાવી શક્યા નહી હોય,છતાં તેમની સમાજસેવા અને રાજકીય પ્રવૃત્તિઓ અગ્રગણ્ય હતી.

**રાજકીય જીવનની શરૂઆત**

વામનરાવ શરૂઆતથી જ અંગ્રેજ સરકારની નીતિના વિરોધમાં હતા.પરંતુ અગાઉ જણાવ્યા અનુસાર તેમની રાજકીય જાહેર જીવનની શરૂઆત ઇ.સ.૧૯૦૫ થી જોવા મળે છે.૧૯૦૫માં બંગાળાના ભાગલા થયા તે પછી જે જનાંદોલન શરૂ થયું,તેમાં ગોધરામાં વામનરાવે પ્રજાજાગૃતિ માટે કાર્ય કર્યું હતું.સ્થાનિક કક્ષાએ વામનરાવ અંગ્રેજ સરકારની વેઠપ્રથાના વિરોધમાં હતા.આ પ્રથાની નાબૂદી માટે પોતાનાથી થાય તેટલા પ્રયત્નો તેઓ હંમેશા કરતાં રહેતા હતા.પરંતુ ગોધરામાં પ્રજાજાગૃતિના અભાવ અને રાજકીય ક્ષેત્રે નિરસતાના કારણે તેમને ઓછો પ્રતિસાદ મળતો હતો.પરંતુ ડગયા વિના તેઓ અવિરત આ પ્રથાને બંધ કરવા માટે બનતા પ્રયાસો કરી,લોકોને જાગૃત કરી તેને અંજામ સુધી પહોચાડવાનું કાર્ય કર્યું હતું.રાજકીય જીવનની શરૂઆત તેમણે પોતાના સાથી એવા મણિલાલ મહેતા સાથે કરી હતી. " ૨૧,૨૨ ઓક્ટોબર ૧૯૦૬માં મુંબઈ પ્રાંતિક રાજકીય પરિષદ ભરાઈ,તેમાં ગોધરાના પ્રાથમિક શાળાના સંચાલક શ્રી મણિલાલ મહેતા અને શ્રી વામનરાવ મુકાદમે સક્રિય ભાગ લીધો હતો." [૧૨] આમ ગોધરામાં તેઓ ૧૯૦૫થી સક્રિય કાર્યરત થયેલા દેખાય છે.અને ગોધરા બહાર ગુજરાતમાં ગોધરાનું પ્રતિનિધિત્વ કરતાં નેતા તરીકે દ્રષ્ટિગોચર થાય છે.

**હોમરૂલ શાળાની સ્થાપના**


**ISBN: 978-81-952708-6-6**

હોમરૂલ લીગની સ્થાપના મિ.એની બેસન્ટ દ્વારા મદ્રાસમાં અને લોકમાન્ય ટીળક દ્વારા પુનામાં એમ બે જગ્યાએ થયેલી હતી.આ બન્ને લીગનો ફેલાવો દેશમાં થયો હતો. લોકમાન્ય ટીળકના ઉગ્રવાદી વિચારોથી સમગ્ર દેશ પ્રભાવિત હતો.વામનરાવ લોકમાન્ય ટીળકના અનુયાયી હતા.તેથી તેમણે શરૂ કરેલી લીગની અસર લોકમાન્ય ટીળકના પ્રભાવને કારણે વામનરાવ પર થઈ હતી.તેથી તેમણે પ્રયત્ન કરી હોમરૂલના વિચારોને ગોધરામાં પ્રસરાવવા હોમરૂલ શાળાની સ્થાપના કરી.તેમના દ્વારા ગોધરામાં આ શાળાની વિધિવત શરૂઆત કરવામાં આવી.આ સમયે જિલ્લા કોંગ્રેસ સમિતિ પણ કાર્યરત હતી. વામનરાવ તેના મંત્રી પણ હતા. "ગોધરા જિલ્લા કોંગ્રેસ સમિતિના મંત્રી અને સ્થાનિક હાઇસ્કૂલના શિક્ષક શ્રી વામનરાવ સીતારામ મુકાદમે, ઇ.સ. ૧૯૧૭માં હોમરૂલ લીગની શાળા સ્થાપી.મુંબઈથી તેમણે શંકરલાલ છેલભાઈ બેન્કર, મનસુખભાઇ આત્મારામ માસ્તર અને વકીલ ચંદ્રશેખર ન.પંડ્યાને, ૨૧ જુલાઇ ૧૯૧૭ના રોજ નિમંત્રણ પાઠવીને ગોધરા બોલાવ્યા. ગોધરામાં હોમરૂલ અંગે જાગૃતિ ફેલાવવા,એ રાત્રે ગોધરામાં વિશાળ જાહેર સભા થઈ. આવેલ ગોધરાના વેપારીઓ, વકીલો અને પ્રજાજનો થઈ આશરે ૨૫૦ માણસોએ આ સભામાં હાજરી આપી.આ સભાની પૂર્ણાહુતિ પછી હોમરૂલ શાળામાં જોડાવા માટે ૫૬ વ્યક્તિઓએ પોતાના નામ નોંધાવ્યા હતા.આમ ગોધરામાં હોમરૂલના શ્રી ગણેશ થયા." ૧૩

હોમરૂલ શાળાની સ્થાપના બાદ રાજકીય પ્રવૃત્તિઓમાં ગોધરા ખાતે એક નવું જોમ આવ્યું.લોકો સરકારની ખરાબ નીતિઓનો વિરોધ કરવા આગળ આવવા લાગ્યા.વામનરાવે ઉત્તમ નેતાગીરી પૂરી પાડવા માંડી.આ લીગની મદદથી તેમણે પોતે આદરેલી વેઠપ્રથાની નાબૂદીના પ્રયાસો વધુ જોર-શોરથી અમલમાં મૂક્યા.આ લીગની સ્થાપના બાદ અનેક આંદોલનો શરૂ થયા.તેમાં વામનરાવની ભૂમિકા અગ્રિમ રહી હતી.ગોધરાની જનતાએ પણ વામનરાવનો સાથ આપ્યો.શરૂઆતમાં સભ્યોની સંખ્યા ઓછી હતી,પણ જેમ જેમ જાગૃતિ વધી તેમ તેમ સભ્યો વધતાં ગયા.સક્રિય કાર્યકરો પણ વધતા ગયા.ગોધરામાં સભાઓ, જાગૃતિ અભિયાનો અને સમાજસેવાના નાના પાયા પર આ લીગે શરૂઆત કરી.અને નેતાગીરીની ભૂમિકાને કારણે આગળ બીજા આંદોલનોનો પાયો પણ રચાયો.

## વેઠપ્રથાના વિરોધમાં

હોમરૂલ લીગની સ્થાપના થઈ,પછી વામનરાવ પાસે વેઠપ્રથાનો મુદ્દો હાથવગો હતો.તેથી તેમની ટીમે આ કામ ઉપાડી લીધું. "હોમરૂલ આંદોલનના ભાગરૂપે પંચમહાલ જિલ્લામાથી વેઠપ્રથા નાબૂદી માટે સક્રિય પ્રયાસો આરંભાયા.વામનરાવ મુકાદમ, દલસુખભાઇ શાહ, વકીલ પુરુષોત્તમદાસ શાહ અને માણેકલાલ શાહ આ કાર્યમાં સક્રિયાપણે લાગી ગયા." [૧૪] વેઠપ્રથા એ અંગ્રેજો દ્વારા ભારતીયોને ગુલામીનો અહેસાસ કરાવનાર પ્રથા હતી. "તે જમાનામાં તાલુકાનો મામલતદાર અથવા તો મહાલનો મહાલકારી પોતાને તાલુકાનો અથવા મહાલનો મહારાજા માનતો.એટલું જ નહી પણ તાલુકાનાં સર્કલ ઉપર સર્કલ ઈન્સ્પેકટરની આણ ફરતી.તદ્દન નાના ગામડામાં તો રાવણીયાનું રાજ્ય ચાલતું હતું.મહાલકારી મહાલના મુખ્ય ગામોમાં પોતાના પટાવાળા સાથે જ્યારે ફરવા નીકળતા,ત્યારે આર્થિક વેરા ભરનારા ગામના આબરૂદાર શેઠીયાઓને પણ પોતાની દુકાનેથી નીચે ઉતરી,નીચે ઝુકી-ઝુકીને મામલતદાર અથવા મહાલકારીને માન આપતા,ત્યારે તેના જવાબમાં એ અમલદાર ફક્ત માથું ધૂણાવતા." [૧૫]

વેઠપ્રથા વિશે માહિતી મામા ફડકેનું વર્ણન અને શ્રી નરહરીભાઇ પરીખના 'સરદાર વલ્લભભાઈના ચરિત્ર'માથી ટાંકયું છે.પહેલી ગુજરાત રાજકીય પરિષદના અહેવાલમાં પણ તેનો ઉલ્લેખ કરેલો છે.તે મુજબ " જ્યારે સરકારી અમલદારોનો ગામડામાં મુકામ થતો ત્યારે ગામના વસવાયા લોકોને અમલદાર તથા તેની કચેરીના માણસો માટે બધી સગવડો માટે જુદા-જુદા કામ ફરજીયાત કરવા પડતાં.અને તે માટે પૂરા દામ મળતા નહી.ઘણીવાર બિલકુલ મળતા નહી.સુથારને સાહેબના તંબુ થોકવા માટે લાકડાણી ખૂટીઓ તૈયાર કરી આપવી પડતી.કુંભારને માટીના વાસણો પૂરા પાડવા પડતાં તથા પાણી ભરવું પડતું.વાળંદને વાળવા-ઝૂડવાનું અને દીવાબત્તીનું કામ કરવું પડતું.....ને સફાઇનું અને સંદેશ પહોચાડવાનું કામ કરવું પડતું.ગામના વાણીયાને જોઈએ તે સીધું-સામગ્રી પુરી


ISBN: 978-81-952708-6-6

પાડવી પડતી.અને સાહેબનો મુકામ એક ગામથી ઉપાડી બીજે ગામ જાય ત્યારે ખેડૂતોને તમામ સરસામાન પહોચાડવા ગાડા જોડાવા પડતાં.આ ગામના દરેક માણસને કાઇં ને કાઇં કામ કરવાનું આવતું.આ બધી વ્યવસ્થા ગામનો મુખી પટેલ કરતો.સાહેબનો મુકામ હોય ત્યાં સુધી એને અને એના રાવણીયાને ખડેપગે હાજર રહેવું પડતું.સાહેબ ઉપરાંત શિરસ્તેદાર તથા કારકૂનોની મરજી ઉઠાવવી પડતી.આ બધા કામોનું યોગ્ય મહેનતાણું તથા પુરા પાડેલા સીધા-સામાનની વાજબી કિંમત ભાગ્યે જ મળતી તથા લોકોને મુકામો ઉપર કલાકો ના કલાકો,દિવસો સુધી ખોટી થવું પડતું તે વધારામાં." [૧૬]

આમ વેઠપ્રથાને કારણે આખા ગામને ત્રાસ થતો હોઇ,વામનરાવે તેને દૂર કરવા માટે પોતાના સાથીઓની મદદથી કમર કસી હતી.સૌ પ્રથમ તેમણે આ પ્રથા દૂર કરવા લોકોમાં જાગૃતિ આવે તે માટે પ્રયાસો આરંભ્યા.જનજાગૃતિ માટે ફક્ત ગોધરા જ નહી પરંતુ આજુ-બાજુના ગામડાઓમાં પણ સભાઓ ભરતા અને લોકોને આવા અમલદારોથી સાવચેત રહી,ડર રાખ્યા વિના મફતમાં કામ ન કરવા સમજાવતા.તેમણે છેવાડા સુધી આનો પ્રચાર કર્યો હતો. "ઇંદુલાલ યાજ્ઞિક, પી.એમ.શાહ,વામનરાવ મુકાદમ, દલસુખભાઇ શાહ જેવા કાર્યકરોએ વેઠપ્રથા વિરોધી પ્રચારસભાઓ કરી ભીલોમાં રાજકીય જાગૃતિનો સંચાર પણ કર્યો." [૧૭]

આ અન્યાયી પ્રથા દૂર કરવા ફક્ત સભાઓ કે જાગૃતિ જ નહી પણ રાજકીય માર્ગે પણ પ્રયત્નો કરવામાં આવ્યા.ગોધરા ખાતે કલેકટરને પત્ર લખી આ પ્રથા દૂર કરવા સૂચના આપવામાં આવી.અને તે પછી આ માટે રાજકીય રીતે પ્રશ્ન આગળ વધારવામાં આવ્યો.જોકે આ પ્રથા સદંતર નાબૂદ ન કરી શકાઈ પણ અંગ્રેજ સરકારને આ બાબતે અમલદારોને તાકીદ જરૂર કરવી પડી.(વામનરાવના પ્રયાસોથી પહેલી રાજકીય પરિષદમાં વેઠપ્રથાની નાબૂદી બાબતનો ઠરાવ લેવામાં આવ્યો હતો.)

### ગાંધીયુગના આંદોલનોમાં

ગાંધીજી ઈ.સ.૧૯૧૫મા સ્વદેશ પરત આવ્યા બાદ,ભારતીય સ્વતંત્રતાના આંદોલનમાં એક નવો વળાંક આવ્યો.ગાંધીજીના અહિંસા અને સત્યાગ્રહના પ્રવાહમાં આખો દેશ સામેલ થયો.તેમના વિચારોને લોકોએ હૃદયમાં ઉતારી આચરણ કરવા લાગ્યા.ગોધરા પણ તેમાંથી બાકાત રહ્યું ન હતું.વામનરાવ જેવા નીડર અને ઉદ્દામવાદી વિચારસરણી ધરાવતા નેતા પણ ગાંધીજીના આગમન બાદ તેમની તરફ ખેંચાયા.કેટલાક વિચારોમાં મતભેદ હોવા છતાં વામનરાવ ગાંધીજીના પ્રસંશક બન્યા.અને તેમના દરેક આંદોલનોમાં અગ્રગણ્ય ભૂમિકા ભજવી.

વામનરાવ મુકાદમ હોમરૂલની પ્રવૃત્તિઓ કરતા જ હતા.પરંતુ તેનો પ્રતિસાદ ઓછો મળતો હતો.અંગ્રેજો સામે લડત આપવા મોટા માહોલને ઉભા કરવાની જરૂર જણાઈ હતી.અને આ માટેની તક વામનરાવને જોઈતી હતી.તેવામાં રાજકીય પરિષદ ભરવાની તક તેમને સાંપડી. "અમદાવાદમાં ઈ.સ.૧૮૮૪મા સ્થાપવામાં આવેલ 'ગુજરાત સભા'નાં પ્રમુખ ઈ.સ.૧૯૧૭મા ગાંધીજીને બનાવ્યા ત્યારે તેનું પ્રથમ અધિવેશન ક્યા ભરવું, તેની દ્વિધામાં સૌ હતા.એ સમયે પંચમહાલ જીલ્લાના હોમરૂલ આંદોલનના સક્રિય કાર્યકર શ્રી વામનરાવ મુકાદમે ગુજરાત સભાનું પ્રથમ અધિવેશન પંચમહાલ જીલ્લાના ગોધરા શહેરમાં ભરવાની દરખાસ્ત મૂકી.ગાંધીજીએ તે માન્ય રાખી કારણકે વામનરાવની દેશનિષ્ઠાથી તેઓ પરિચિત હતા.ફેબ્રુઆરી ૧૯૧૭મા જ્યારે ગાંધીજી ગોધરા આવ્યા હતા,ત્યારે તેમનો ઉતારો વામનરાવને ત્યાં જ હતો." [૧૮] અને આમ ગોધરા ખાતે મોટું રાજકીય અધિવેશન યોજાયું.

### ગુજરાતની પહેલી રાજકીય પરિષદ

ગાંધીજી સાથેની ચર્ચા બાદ ગોધરામાં પરિષદ ભરવાની અને ગાંધીજીને તેના અધ્યક્ષ બનાવવાની મંજુરી મળ્યા બાદ ઘણા અંતરાયો આવ્યા.તે પછી છેવટે આ પરિષદ ભરવાનું ગોધરા ખાતે નક્કી થયું.વામનરાવ તથા તેમના સાથીઓએ ગોધરામાં પોતાનું કામ શરૂ કરીએ દીધું. પ્રથમ તો પરિષદ માટે નાણાંની વ્યવસ્થા કરવા માટે કાર્યકરો કામે લાગી ગયા.પરિષદના આયોજનથી માંડીને પૂર્ણાહૂતિ સુધીની તમામ વ્યવસ્થામાં વામનરાવ મુકાદમ, મણિલાલ મહેતા, દલસુખભાઈ શાહ,શ્રી પુરુષોત્તમદાસ શાહ જેવા નેતાઓએ આખા પંચમહાલમાંથી હજારો

 ISBN: 978-81-952708-6-6

રૂપીયા એકત્ર કર્યા.પરિષદના માટે મંડપ, મહેમાનોના ઉતારા તથા તેમની સરભરા માટેનું આયોજન કરવામાં મહત્વનું યોગદાન વામનરાવે આપ્યું. ગોધરામાં પ્રભાવતી નદીના કિનારે પરિષદનો મંડપ બાંધવા તથા મહેમાનોનાં બંદોબસ્તની જવાબદારી નેતાઓએ ઉઠાવી લીધી.ગોધરાની જનતાના સહકારથી પરિષદમાં મંડપની સજાવટ, વેપારીઓની સુંદર ચીજોનું પ્રદર્શનની ગોઠવણી, સુવાક્યોનું ચિતરામણ ખૂબ જ મહેનતથી કરવામાં આવ્યું હતું. પરિષદમાં સ્વાગત સમિતિના મંત્રી વામનરાવ નિમાયા હતા.તેમના સાથી શ્રી મણિલાલ મહેતા પ્રમુખ હતા.અને આ સભામાં તેમણે આ બધી જવાબદારી સારી રીતે નિભાવી હતી.આ પરિષદના ઠરાવોમાં પણ વામનરાવની સક્રિય ભૂમિકા રહી હતી.

પરિષદમાં ભાગ લેવા આવેલ ઇન્દુલાલ યાજ્ઞિક નોંધે છે કે – " પંચમહાલ જીલ્લામાં ગાંધીજીના પ્રમુખપદે નવી રાજકીય પરિષદ ભરવાનું નક્કી થયેલું,તેથી ઓક્ટોબર ૧૯૧૭નાં આરંભમાં તે જીલ્લા તરફ મેં પગલા માંડ્યા.વરસના આરંભમાં જ ગાંધીજી સાથે મને વામનરાવ મુકાદમે સત્કારેલો,તેથી હવે મેં પણ ગોધરાની રાજકીય પરિષદને સફળ બનાવવામાં તેમનો જ સાથ લીધો.તેમની ઝીણી આંખોમાંથી ઝરતો આતસ અને તેમની જીભમાંથી વરસતી અગન પરથી તેમની રાજકીય ઉગ્રતા સહેજે વરતાતી.મહારાષ્ટ્રના અસલ વાતની મુકાદમ વરસોથી લોકમાન્ય ટિળકનાં જીવન અને લેખોમાંથી પ્રેરણા મેળવી ઉદ્દામ વિચારણા બનેલા." [૧૯] આવી ઉદ્દામ વિચારસરણી હોવા છતાં વામનરાવે ગાંધીજી અને તેમની રચનાત્મક પ્રવૃત્તિઓ હોમરૂલ સાથે જોડી હતી.અને આ પ્રવૃત્તિઓમાં પ્રથમ રાજકીય પરિષદનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું.

પહેલી રાજકીય પરિષદ ત્રણ દિવસ ચાલી.ગાંધીજી આ પરિષદમાં ભાગ લેવા પહેલી તારીખે જ આવી ગયા હતા.ગાંધીજીનું આગમન થતા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. "ગાંધીજી રેલ્વે સ્ટેશને આવ્યા તેમનું સારૂં એવું સ્વાગત થયું.અને ત્રીજે દિવસે ત્રીજી નવેમ્બરે બપોરે પરિષદનું કામ શરૂ થયું." [૨૦] આ દિવસો દરમ્યાન ગાંધીજી ગોધરામાં રોકાયા અને જરૂરી ઠરાવો પર ચર્ચા વિચારણા, નેતાઓ સાથે કરી પરિષદમાં આગોતરું આયોજન કરી રાખ્યું. "ગોધરામાં પહેલી રાજકીય પરિષદ વખતે ગાંધીજી, ટીળક તથા ખાપર્ડેને ભવ્ય સરઘસ સાથે લાવવામાં આવ્યા હતા.અને આ આખું સરઘસ મુકાદમના 'તારાબાગ' માં આવીને વિખરાયું હતું." [૨૧] આમ ગાંધીજી તેમજ તેમની સાથે આવેલા નેતાઓએ ગોધરામાં તેમને ભવ્ય આવકાર આપ્યો.અને વામનરાવે તેમની યજમાની લીધી.

ત્રીજી નવેમ્બરે શરૂ થયેલી રાજકીય પરિષદ,તેમાં કરવામા આવેલ ઠરાવો તથા કાર્યવાહક સમિતિની રચનાને કારણે ખૂબ અગત્યની સાબિત થયેલી છે.આ પરિષદના થયેલા અગત્યના ઠરાવો પૈકી,વામનરાવે ઉપાડેલા વેઠપ્રથાના આંદોલનને લગતો ઠરાવ પણ કરવામાં આવ્યો હતો. તેમના પ્રયત્નોથી આ જુલ્મી પ્રથા બંધ કરવા વધુ જાગૃતિ આવે તે માટે કાર્ય થયું. "ગોધરાની પરિષદનો વધારેમાં વધારે મહત્વનો ઠરાવ, વેઠપ્રથા બંધ કરવાનો જ ગણાય.તે બાબતે ૧૯૧૮ની શરૂઆતમાં વેઠ ન કરવાનીએ પત્રિકા બહાર પડી." [૨૨] અને ગોધરાના નેતાઓ ગામડે-ગામડે ફરી આ પ્રથાનો વિરોધ કરવા જવા લાગ્યા. " વેઠપ્રથાની વિરુધ્ધ એક પત્રિકા વલ્લભભાઈ પટેલે છપાવી.તેની હજારો નકલો ગામડે-ગામડે વહેચાવી દીધી. વામનરાવ મુકાદમ અને ઇન્દુલાલ યાજ્ઞિકે એ અંગે પંચમહાલમાં ખુબ કામ કર્યું. તેમણે જીલ્લાના ગામોનો પ્રવાસ ખેડીને વેઠવારાની વિરૂધ્ધમાં મોટું આંદોલન ઉભું કર્યું. તેનાથી લોકોના જાગૃતિ આવી." [૨૩]

વામનરાવના અને તેમની ટૂકડીના પ્રયાસોથી ગોધરામાં પહેલી રાજકીય પરિષદ સફળ રહી.ગોધરામાં રાજકીય પ્રવૃત્તિઓ વધવા પામી.દેશમાં ગોધરાને નામ મળ્યું.ગાંધીજીએ પ્રાદેશિક ભાષાને આપેલું મહત્વ, દરેક સભાની શરૂઆતમાં કરવામાં આવતો, અંગ્રેજીરાજ્ય પ્રત્યેની રાજનિષ્ઠાના ઠરાવનો છેદ,ખેડૂતોની વેદનાના લગતા થયેલા ૧૦ જેટલા ઠરાવો, અને આ પરિષદના પરિપાકરૂપે ગોધરામાં યોજવામાં આવેલ સંસારસુધારા પરિષદ અને અંત્યજ પરિષદ, તેમાં થયેલ કામગીરી જોતા, આ એક અગત્યની પરિષદ હતી.આ પરિષદમાં રચવામાં આવેલ કાર્યવાહક સમિતિ અને તેની જવાબદારી પણ સાચા અર્થમાં અગત્યની સાબિત થયેલી.

 **ISBN: 978-81-952708-6-6**

## અસહકારનું આંદોલન

પહેલી રાજકીય પરિષદના સફળ આયોજન બાદ ગોધરાના નેતાઓ, ગાંધીયુગની ચળવળમાં વધુ સક્રિય બન્યા હતા.અંગ્રેજોએ વિરૂધ્ધ ગાંધીજી દ્વારા અસહકારની લડત છેડવામાં આવી.આ માટે ગાંધીજીએ વ્યવસ્થિત આયોજન કરવા અનેક કાર્યકરો તથા વિવિધ પ્રાંતના નેતાઓ સાથે ચર્ચા-વિચારણા કરી હતી.અસહકાર માટે આવી ચર્ચાઓમાં વામનરાવ મુકાદમ પણ હાજર રહેતા હતા. અને પોતાનો મત રજૂ કરતાં હતા. "ઇ.સ.૧૯૨૦ માં અમદાવાદમા ભગુભાઇના વંડામાં ભરાયેલ પ્રાંતિક પરિષદમાં અસહકારના ઠરાવ વિરૂધ્ધ જય, તેમણે ગાંધીજીના દેખતાં એકલાએ કહ્યું કે 'આ અંગ્રેજ સરકારને હટાવવા જેના હાથમાં જે હથિયાર આવે તેનાથી હટાવવી જોઈએ.'આવું બોલનારા એ એકજ માણસ નિકળ્યા.જ્યારે બીજા થોડા અસહકારની વિરૂધ્ધ હોવા છતાં ચૂપ રહ્યા." [૨૪] વામનરાવ તેમના ઉગ્ર વિચારોને કારણે જાણીતા હતા.તેમના ભાષણોમાં પણ અગન ઝરતી.છેવટે અસહકારના આંદોલનનો તખ્તો ઘડાયો.અને તેમાં વામનરાવ અને ગોધરાના સૌ નેતાઓ જોડાઈ ગયા.

અસહકારના આંદોલનમાં નિષેધાત્મક અને રચનાત્મક કાર્યક્રમો કરવામાં આવ્યા હતા.ગોધરામાં પણ આ આંદોલન વખતે નેતાઓએ પંચમહાલને જાગતું રાખ્યું હતું. નકારાત્મક કાર્યોમાં દારૂની દુકાનોનું પિકેટિંગ, વિદેશી માલનો બહિષ્કાર, અંગ્રેજી કચેરીઓનો બહિષ્કાર, સરકારી પદોનો ત્યાગ, શાળા-કોલેજોનો ત્યાગ જેવા કાર્યો થયા.જ્યારે રચનાત્મક કાર્યોમાં દારૂનિષેધ,વ્યસંનમુક્તિ,અસ્પૃશ્યતા નિવારણ,સ્વદેશી પ્રચાર,ખાદી પ્રચાર,રાષ્ટ્રીય શાળાઓની સ્થાપના જેવા કાર્યક્રમો પણ ગોધરામાં થયા.ગોધરાના નેતાઓ ગોધરામાં જ નહી પણ અન્ય જીલ્લામાં પણ આંદોલન માટે પ્રયત્નો કરતા હતા. "વામનરાવ મુકાદમ અને કલ્યાણજી મહેતા ખેડા લડત વખતે ખેડામાં ગાંધીજીને સાથ આપવા અવાર-નવાર જતાં હતા." [૨૫] આમ ગાંધીયુગના આંદોલનોમાં શરૂઆતથી જ વામનરાવ ગાંધીજીને પડખે રહ્યા હતા.ગાંધીજીએ જ્યારે અસહકારનું આંદોલન સ્થગિત કર્યું, તે પછી પણ વામનરાવ અને ગોધરાના નેતાઓ ઠેર-ઠેર ફરીને રચનાત્મક કાર્યો અને લોકોને જાગૃત કરવાનું કામ કરતાં રહયા હતા.

"ઇ.સ.૧૯૨૬માં પંચમહાલ જીલ્લાના લોકલ બોર્ડના સભ્યો વામનરાવ, માણેકલાલ, મારૂતિસિંહ ઠાકોર વગેરેએ તાલુકા લોકલબોર્ડની ઓફિસમાં દેશનેતાઓના ફોટા લટકાવવાનો ઠરાવ કર્યો હતો.ત્યાર બાદ હિંદદેવીનો ફોટો લટકાવવાનો ઠરાવ પણ કર્યો હતો.અને તેનો અમલ કર્યો." [૨૬] આમ અંગ્રેજી સત્તાની વિરૂધ્ધ નેતાઓ કોઈને કોઈ પ્રવૃત્તિઓ કરતાં જ રહેતા હતા.

## સવિનય કાનૂનભંગની લડત

"૧૨મી માર્ચ ૧૯૩૦ના રોજ ગાંધીજીએ તેમના ૭૮ સાથીઓ સહિત સાબરમતી આશ્રમમાથી દાંડીકૂચ આરંભી.૬ એપ્રિલના દિવસે સુરતના દાંડી ગામના દરિયાકિનારેથી ચપટી મીઠું ઉપાડી,મીઠાના કાયદાનો ભંગ કર્યો.પંચમહાલમાં આ કાર્યની પહેલ ગોધરાના વલ્લભદાસ ચંદુલાલ મોદીએ કરી.તેમણે બીનજકાતી મીઠું લાવી ગોધરામાં વેચાણ કર્યું હતું." [૨૭] "વામનરાવ સ્વરાજ્ય પક્ષના ઉમેદવાર તરીકે મુંબઈની ધારાસભામાં ચૂંટાઈ આવ્યા હતા.ગાંધીજીની દાંડીયાત્રા આરંભ થતાં જ તેમણે અંગ્રેજ સરકારના વિરોધમાં ધારાસભામાથી રાજીનામું આપી દીધું અને ગાંધીજીના મીઠાના સત્યાગ્રહમાં જોડાવાની જાહેરાત કરી." [૨૮]

સવિનય કાનૂનભંગની લડત ખૂબ જોર-શોરથી શરૂ હતી.ગાંધીજીની ધરપકડ કરવામાં આવ્યા બાદ પણ આખા દેશમાં તેના પડઘા સંભળાતા રહ્યા હતા.મે માસમાં ધરાસણાના અગરો પર હલ્લો કરવામાં આવ્યો.તેમાં પંચમહાલ અને ગોધરાના નેતાઓએ ભાગ લીધો હતો. " વામનરાવ સીતારામ મુકાદમની આગેવાની હેઠળ ગોધરા,કાલોલ, હાલોલ, દાહોદ અને ઝાલોદના ૨૫ જેટલા સ્વયંસેવકોની ટૂકડી ગોધરામાં સરઘસરૂપે ફરી, ધરાસણા ઉપડી ગઈ.સુરત જિલ્લાના ધરાસણાના મીઠાના અગરો પરનાં હુમલામાં તેઓ મે ૧૯૩૦માં જોડાયા.ધરાસણામાં પોલીસે વામનરાવની ધરપકડ કરી,તેમનું ખૂબ જ અપમાન કર્યું.તેમને સખત માર મારવામાં આવ્યો.તે પછી તેમને દોઢ વર્ષની સખત કેદની સજા કરવામાં આવી હતી." [૨૯] આ લડતનું વર્ણન 'ધરાસણાનો કાળો કેર' નામના પુસ્તકમાં

 ISBN: 978-81-952708-6-6

કરવામાં આવ્યું છે.તેમાં જણાવ્યા અનુસાર વામનરાવને તેમના સાથીઓથી પોલીસે ખોટી રીતે જુદા પાડી તેમના પર અત્યાચાર કરવામાં આવ્યો. તેમના સાથીઓને ભગાડી મૂકી, તેમને એકલાને કસ્ટડીમાં રાખી રંજાડવામાં આવ્યા હતા.

**મલાવ જંગલ સત્યાગ્રહમાં**

સવિનય કાનૂનભંગ આંદોલન સમયે ગોધરા અને પંચમહાલના નેતાઓએ મહત્વની ભૂમિકા નિભાવી હતી.મીઠાના કાયદાનો ભંગ કરવાની જાહેરાત કરી પણ પંચમહાલ ખાતે એવી કોઈ મીઠાં ઉત્પાદનની જગ્યા ન હોવાથી અંહીના નેતાઓ મુઝવણમાં મુકાયા હતા.વલ્લભદાસ મોદી ગેરકાયદે મીઠું વેચી જેલમાં ગયા હતા.તો આ સમયે સવિનય કાનૂનભંગમાં જોડાવા ગાંધીજીના માર્ગદર્શનની જરૂર પડી. "પંચમહાલ જિલ્લાના કાર્યકરોએ મીઠાના કાનૂનભંગની ચળવળમાં પોતાને શક્ય એટલો સાથ અને સહકાર આપ્યો.તેમ છતાં જીલ્લાના તત્કાલિન અગ્રણીઓ વામનરાવ મુકાદમ, લક્ષ્મીદાસ શ્રીકાંત, ડૉ.માણેકલાલ શાહ, ગાંધીજીને મળ્યા.પંચમહાલમાં કાલોલ તાલુકાનાં મલાવ ગામે જંગલમાં સરકારના ૪૦૦ એકરના ઘાસના બીડમાથી ઘાસ ઉપાડી સત્યાગ્રહ કરવાનું સૂચવ્યું.ગાંધીજીએ પંચમહાલના નેતાઓ સાથે લંબાણથી ચર્ચા કરી અને જંગલ સત્યાગ્રહ માટે મંજૂરી આપી." [૩૦] આમ એક અનોખા એવા જંગલ સત્યાગ્રહના મંડાણ થયા.

"ગાંધીજીના પ્રોત્સાહક સંદેશથી મલાવ જંગલ સત્યાગ્રહ માટે પંચમહાલમાં લોકજાગૃતિ આણવાના ભાગરૂપે વામનરાવ મુકાદમ, ડાહ્યાભાઇ, લક્ષ્મીકાંત અને સુખદેવ ત્રિવેદીએ ભાષણો કર્યા." [૩૧] આ સમયે "પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ લક્ષ્મીકાંત શ્રીકાંતે જિલ્લાના કાર્યકરોને ઉદ્દેશી સંબોધન પ્રગટ કર્યું. પૂ.મહાત્મા ગાંધીની પૂર્ણ સ્વારાજ્યની લડતના મંડાણની શરૂઆત વામનરાવે જંગલ સત્યાગ્રહની હકાલથી કરી." [૩૨] આ લડતમાં જોડાવા માટે આખા જીલ્લામાથી યાદી તૈયાર કરવામાં આવી.તેમાં ૧૫૦૦ જેટલા નામ લખાવવામાં આવ્યા હતા અને તેટલા લોકોએ ભાગ લીધો હતો.આ સત્યાગ્રહ સફળ રહ્યો.સત્યાગ્રહીઓએ જંગલમાં ઘાસ ઉખેડીને અને છુટ્ટા ઢોર ચરાવવા મૂકીને આંદોલન કર્યું.અંગ્રેજ સરકાર તરફથી આંદોલન સમયે કોઈ કાર્યવાહી કરવામાં ન આવી પરંતુ બાદમાં આ સત્યાગ્રહ સફળ રહ્યા પછી ભરવામાં આવેલ સભામાંથી નેતાઓની ધરપકડ કરવાનો દોર શરૂ થયો હતો.

સવિનય કાનૂનભંગ આંદોલન બાદ થયેલા ઇ.સ.૧૯૩૨નાં આંદોલનમા પણ વામનરાવ સક્રિય રહ્યા હતા. " ઇ.સ. ૧૯૩૨ની લડતના બીજા તબક્કામાં લંડનમાં મળેલી બીજી ગોળમેજી પરિષદમાં હાજરી આપી ગાંધીજી ખાલી હાથે પાછા ફર્યા,ત્યાર બાદ સરકારે દેશનેતાઓની ધરપકડો કરી.આ સમયે કોંગ્રેસનાં નેતાઓમાં પંચમહાલ જિલ્લામાં પણ વામનરાવ, લક્ષ્મીકાંત, ડાહ્યાભાઇ નાયક સહિતના નેતાઓની ધરપકડ કરવામાં આવી હતી."

**હિંદ છોડો આંદોલનમાં**

'કરેંગે યા મરેંગે' અને 'અંગ્રેજો હિંદ છોડો'નાં નારાથી શરૂ થયેલું આ મહા આંદોલન ભારતભરના સ્વાતંત્ર્ય સૈનિકોનાં કારણે સમગ્ર દેશવ્યાપી બન્યું.કોઈપણ ભોગે અંગેજોને ચાલ્યા જવા માટે દેશે લલકાર કર્યો. ગોધરામાં પણ આ આંદોલન શરૂ થયું.અંગ્રેજોએ આ આંદોલન શરૂ થયા પૂર્વે જ નેતાઓની ધરપકડનો દોર શરૂ કરીએ દીધો હતો.તેમ છતાં ગોધરામાં સભા-સરઘસો કરવા તથા સરકારના વિરોધમાં અનેક પ્રવૃત્તિઓ કરવા સબબ નેતાઓને સરકાર દ્વારા રંજાડવામાં આવ્યા હતા.કેટલાકને દંડ, સજા તથા ધરપકડોનો સામનો કરવો પડ્યો હતો. "હિંદ છોડો લડત વખતે પંચમહાલ જિલ્લાના ગોધરાના વામનરાવની ધરપકડ કરવામાં આવી હતી.અને તેઓને નાસિકની જેલમાં અટકાયત રાખવામાં આવ્યા હતા." [૩૪] આ આંદોલનમાં વામનરાવ મુકાદમની સુપુત્રી કમુબહેન પણ સામેલ હતા. " દાહોદમાં પંચમહાલ જિલ્લાની આઝાદ પરિષદ મળી હતી.જેમાં કમુબેન વામનરાવ મુકાદમની ધરપકડ થઈ અને તેમને બે મહિનાની કેદની સજા થઈ હતી." [૩૫]

વામનરાવ મુકાદમની સક્રિયતા હોમરૂલ આંદોલનથી લઈને ગાંધીયુગના આંદોલનો સુધી ગોધરા તેમજ પંચમહાલમાં જોઈ શકાય છે.તેઓ અંગ્રેજોએ સામેની લડાઈમાં લોકોને જાગૃત કરવાની કામગીરી તથા ક્રાંતિકારી

 **ISBN: 978-81-952708-6-6**

પ્રવૃત્તિઓમાં અગ્રેસર હતા.ગાંધીજીના આંદોલનોમાં પણ તેઓ હરહંમેશ આગળ રહ્યા હતા.આઝાદીની પ્રાપ્તિમાં પણ તેમનો અમૂલ્ય ફાળો રહ્યો છે.

**વામનરાવ મુકાદમનો જીવનસાર**

પંચમહાલના અગ્રગણ્ય નેતા અને પંચમહાલના સિંહ તરીકે ઓળખાતા વામનરાવ મુકાડમે તેમના જીવનના લક્ષ્યને ઉન્નત બનાવવા ઘણા પ્રયાસો કરી,આઝાદીની લડતોમાં પ્રથમ હરોળના નેતા તરીકેનું સ્થાન હાંસલ કર્યું છે. "વામનરાવે લોકજાગૃતિ લાવવા માટે ઇ.સ.૧૯૨૮ માં ગોધરામાં 'વીરગર્જના' નામનું સાપ્તાહિક શરૂ કર્યું હતું." [૩૬] ગોધરા તથા પંચમહાલનું તેમને પ્રતિનિધિત્વ તેમણે અનેક સભાઓ,આંદોલનો તથા પરિષદોમાં કર્યું હતું.તેઓ તેમના સાથીઓ સાથે આઝાદીની લડતોમાં અને અંગ્રેજોના વિરોધમાં, જરૂર પડ્યે દોડી જવાનું તથા અગ્રીમ ભાગ ભજવવાનું કામ સદાય કરતાં રહ્યા હતા.

વામનરાવ ક્યારેક પોતાની ઉગ્ર વિચારસરણીને કારણે સંગઠનથી ક્યારેક અલગ મત ધરાવતા જોઈ શકાય છે.તેઓ પોતાની વાત વિના સંકોચે અને કોઈ જાતનો ડર રાખ્યા વિના કહી નાખતા હતા. અને આવી વિચારધારાને કારણે જ "વિઠ્ઠલભાઈ પટેલના સ્વરાજવાદી પ્રચારકાર્યના લીધે ગોધરાના વામનરાવ મુકાદમ ને ગજાનન માવળાંકર અને પ્રો.ચીમનલાલ જેવા કોઈ નવા જ પક્ષમાં ભળ્યા હતા." [૩૭] ગોધરા ખાતે થયેલા કોમી તોફાનોમાં વામનરાવ તથા તેમના સાથી શ્રી પુરુષોત્તમદાસ શાહ ખૂબ ઘવાયા હતા.જેમાં પુરુષોત્તમદાસ શાહનો ઘા જીવલેણ સાબિત થયો.તેમના મિત્રનું અવસાન થયું.અને આવી સ્થિતિના કારણે જ તેઓ કદાચ શસ્ત્રસન્યાસ સ્વીકારી શક્યા ના હતા.છતાં તેઓ સદાય ગાંધીજીના સંપર્કમાં રહેનારા અને તેમની હરેક ચળવળ તથા આંદોલનમાં આગળ રહેનારા નેતા હતા.વામનરાવ તેમની જીવનયાત્રા દરમિયાન પછાત, ભીલ અને સરકારથી ત્રસ્ત લોકો માટે સદૈવ તત્પર રહ્યા હતા.

વામનરાવ પોતાની રાજકીય જીવનયાત્રામાં લોકલ બોર્ડના સભ્ય અને મુંબઈ ધારાસભાના સભ્ય (ઈ.સ.૧૯૪૨ થી ૧૯૪૭ સુધી) રહ્યા હતા.આની સાથેસાથે સ્વરાજ પક્ષના સભ્ય પણ રહ્યા હતા.પોતે પાર્ટીના વ્હીપ(દંડક) હોવા છતાં,તેમનું જીવન સાદું રહ્યું હતું. "વામનરાવ ધારાસભ્ય હોવાના કારણે ઘણા લોકોને મળવાનું થતું.અરજદારો આવતા, ઘણું પ્રલોભન હતું, છતાં બીજાની, ગરીબોની સેવા કરવામાં એમણે એક ઝૂડી ભાજીનો પણ લોભ રાખ્યો ન હતો." [૩૮]આમ તેમની ઉત્તમ જીવનરીતને કારણે તેઓ આખા પંચમહાલના ખ્યાતનામ નેતા બનીએ શક્યા હતા.

ગાંધીજી સાથે તેઓ અનેક આંદોલનોમાં ભાગ લેવાથી સંપર્કમાં આવ્યા હતા.પરંતુ સરદાર પટેલ સાથે અસહકારની ચળવળ સમયે નજીક આવ્યા હતા.સરદાર પટેલને તેમની નીડરતા તથા હાજરજવાબીપણાથી માન હતું.તેઓ એકબીજા સાથે પત્રવ્યવહારથી જોડાયેલા રહેતા હતા.વામનરાવને પણ સરદાર પટેલ પ્રત્યે માન હતું.તેથી તેમણે ગોધરા ખાતે સરદાર વલ્લભભાઈનું સ્મારક બનાવ્યું,ત્યારે સરદાર પટેલે તેને ઉદ્દેશીને મામાસાહેબ ફડકેને લખ્યું હતું કે –"ભાઈ વામનરાવ શું કામ ઉપાડી રહેલ છે.તેની મને ખબર નથી પણ કોઈ વખત ગુજરાતી છાપાઓમાં કઇંક વાંચવામાં આવે છે,તે ઉપરથી જણાય છે કે પંડિતજીને ત્યાં બોલાવી એમને હાથે કઇંક મારા (વલ્લભભાઈના) નામનું સ્મારક ઊભું કરે છે.પંડિતજીને આવા કામ માટે શું કામ તસ્દી આપે છે.તે હું સમજ્યો નથી ને આ કામ શું છે તે હું જાણતો નથી પણ વામનરાવનો પ્રેમ છે એટલે એમને સૂઝે તે કરી રહ્યા છે. -વલ્લભભાઈ પટેલ, ઔરંગઝેબ રોડ,નવી દિલ્લી,તા.૨૧/૧૧/૧૯૪૮."[૩૯]

ધારાસભ્યના પદ પર રહેવા છતાં તેમની સ્થિતિ સારી નહોતી,એ તેમની પ્રામાણિકતા બતાવે છે.આ સાથે ગોધરામાં કોઈ નેતાનું આગમન થાય ત્યારે તેમનો ઉતારો પોતાને ત્યાં જ થાય તેવો તેમનો સદાય આગ્રહ રહેતો.અને આવા આગંતુક નેતાઓની સરભરા કરવામાં તેઓ જરાય કચાશ રાખતા ન હતા.ગોધરાને આખા દેશમાં મળેલી ઓળખ માટે તેમણે ગર્વિષ્ઠતા અનુભવી હતી.પ્રથમ રાજકીય પરિષદના પોતાના વક્તવ્યમાં તેમણે જણાવ્યુ હતું કે-

 **ISBN: 978-81-952708-6-6**

" ગોધરા શહેરને આજ સુધી કોઈ ઓળખતું ન હતું. પરંતુ તેને હિંદુસ્તાનના ઈતિહાસમાં સ્થાન મળ્યું છે. આ દિવસ તવારીખમાં સોનેરી અક્ષરે લખાઈ રહેશે.આજથી ગુજરાતમાં નવું ચેતન આવ્યું છે." [૪૦]

આવા ગોધરા અને પંચમહાલના અગ્રણી નેતા તથા સ્વાતંત્ર્ય સૈનિક એવા વામનરાવ મુકાદમ, એક ઉદ્દાત જીવન જીવી જાણ્યા. "આ મહાનુભાવનું અવસાન તારીખ ૧૬-૦૨-૧૯૫૧ના રોજ થયું હતું." [૪૧] તેમના મૃત્યુ વિશે તેમના નજીકના સાચા મિત્ર અને સ્વાતંત્ર્ય સેનાની એવા મામાસાહેબ ફડકે નોંધે છે કે-"તેઓ ગુજરી ગયા મુંબઈની હોસ્પીટલમાં,એમનો મૃતદેહ સરકારે વિમાન દ્વારા વડોદરા સુધી પહોચાડ્યો.ત્યાથી મૃતદેહ, ગોધરા સુધી દહન કરવાને માટે યાત્રારૂપે લાવવામાં આવ્યો." [૪૨] અને આમ 'પંચમહાલના સિંહ' કહેવાતા વામનરાવ પંચમહાભૂતમાં વિલીન થયા.

**પાદનોંધ**

(૧) ફડકે મામાસાહેબ,મારી જીવનકથા,અમદાવાદ,૧૯૭૪,પૃ.૪૮
(૨) ક્ષેત્રકાર્ય દરમ્યાન સ્ટુઅર્ટ લાઇબ્રેરીમાથી.
(3) દેસાઇ મહેબૂબ, ગુજરાતની સ્વાતંત્ર્ય સાધના,અમદાવાદ,૨૦૦૯,પૃ.૧૧૫
(૪) ફડકે મામાસાહેબ,પૂર્વોક્ત , પૃ.૬૨
(૫) પટેલ દક્ષા,સ્વાતંત્ર્ય આંદોલનમાં પંચમહાલ જિલ્લાનું પ્રદાન,ગુ.યુનિ.અમદાવાદ,૨૦૧૧
(૬) ફડકે મામાસાહેબ,પૂર્વોક્ત , પૃ.૬૨
(૭) એજન,પૃ.૬૪
(૮) એજન,પૃ.૬૨
(૯) એજન,પૃ.૬૪
(૧૦) વાઘેલા અરૂણ,પંચમહાલ જીલ્લામાં ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓ અને સ્વાતંત્ર્ય સૈનિકો,અમદાવાદ,૨૦૦૭, પૃ.૬૨
(૧૧) ફડકે મામાસાહેબ,ઉપરોક્ત,પૃ.૬૪
(૧૨) વાઘેલા અરુણ,ઇતિહાસ દર્પણ,અમદાવાદ,૨૦૦૬,પૃ.૫૫
(૧૩) દેસાઇ મહેબૂબ,ઉપરોક્ત,પૃ.૧૦૬
(૧૪) એજન
(૧૫) વાઘેલા અરૂણ, પંચમહાલ જીલ્લામાં ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓ અને સ્વાતંત્ર્ય સૈનિકો,અમદાવાદ,૨૦૦૭, પૃ.૧૧
(૧૬) ફડકે મામાસાહેબ,ઉપરોક્ત,પૃ. ૬૩-૬૪
(૧૭) વાઘેલા અરુણ,ઉપરોક્ત,પૃ.૫૩
(૧૮) દેસાઇ મહેબૂબ,ઉપરોક્ત,પૃ.૧૦૯
(૧૯) યાજ્ઞિક ઇંદુલાલ,આત્મકથા ભાગ-૨,અમદાવાદ,૧૯૫૬,પૃ.૧૮
(૨૦) ફડકે મામાસાહેબ,ઉપરોક્ત,પૃ. ૫૫
(૨૧) યાજ્ઞિક ઇંદુલાલ,ઉપરોક્ત,પૃ.૩૪
(૨૨) વાઘેલા અરુણ,ઉપરોક્ત,પૃ.૧૫
(૨૩) શુક્લ જયકુમાર,ગુજરાતની સ્વતંત્રતાની ચળવળ,અમદાવાદ,૧૯૯૩,પૃ.૭૫
(૨૪) ફડકે મામાસાહેબ,ઉપરોક્ત,પૃ. ૬૪
(૨૫) યાજ્ઞિક ઇંદુલાલ,આત્મકથા ભાગ-૩,અમદાવાદ,૧૯૭૪,પૃ.૭૦
(૨૬) શુક્લ જયકુમાર,ઉપરોક્ત,પૃ.૭૯
(૨૭) વાઘેલા અરુણ,ઉપરોક્ત,પૃ.૬૮
(૨૮) શુક્લ જયકુમાર,ઉપરોક્ત,પૃ.૮૧
(૨૯) વાઘેલા અરુણ,ઉપરોક્ત,પૃ.૬૮
(૩૦) શુક્લ જયકુમાર,ઉપરોક્ત,પૃ.૮૧
(૩૧) વાઘેલા અરુણ,ઉપરોક્ત,પૃ.૬૮
(૩૨) શુક્લ જયકુમાર,ઉપરોક્ત,પૃ.૮૧

 **ISBN: 978-81-952708-6-6**

(૩૩) એજન,પૃ.૪૦
(૩૪) શુક્લ જયકુમાર,બેંતાલીસમાં ગુજરાત,અમદાવાદ,પૃ.૩૮
(૩૫) એજન,પૃ.૪૦
(૩૬) વાઘેલા અરુણ,ઉપરોક્ત,પૃ.૬૨
(૩૭) યાજ્ઞિક ઇંદુલાલ,આત્મકથા ભાગ-૩,અમદાવાદ,૧૯૭૪,પૃ.૨૦૪
(૩૮) ફડકે મામાસાહેબ,ઉપરોક્ત,પૃ. ૬૪
(૩૯) એજન
(૪૦) એજન,પૃ.૬૩
(૪૧) ફડકે મામાસાહેબ,ઉપરોક્ત,પૃ. ૬૪
(૪૨) ક્ષેત્રકાર્ય દરમ્યાન,સ્ટુઅર્ટ લાઇબ્રેરીમાથી.


**ISBN: 978-81-952708-6-6**

# મહિલા સશક્તિકરણ : વિવિધ આયામ

**Hareshkumar Ramanlal Patel**
(M.A.,B.Ed.,M.Phil)
Ph.D. Student, H.N.G.U.,Patan
Email :- haresh.sander@gmail.com

**પ્રસ્તાવના**

સૌ પ્રથમ એ જાણવું જરૂરી છે કે સશક્તિકરણ શું છે? સશક્તિકરણ એટલે સામાજિક-આર્થિક અને રાજકીય અસમાનતાના કારણે ઊભી થતી સમસ્યાઓનો સામનો કરવાના માર્ગ તરીકે જોઈ શકાય છે. હવે આપણે મહિલા સશક્તિકરણને પૈલીનીયુરાઈના શબ્દોમાં જોઈએ તો મહિલા સશક્તિકરણએ પ્રક્રિયા છે કે જેના દ્વારા સમાજના વિકાસની પ્રક્રિયામાં રાજકીય સંસ્થાઓ દ્વારા મહિલાઓને પુરુષોની સમકક્ષ તરીકે ઓળખવામાં આવે છે.

મહિલાઓ માટે ડો.બી.આર.આંબેડકર કહે છે કે ભારતીય મહિલા શ્રમથી ડરતી નથી, પરંતુ આંસુઓની ચિંતા કરતા તે ચોક્કસપણે રોટી, અસમાન વ્યવહાર, શોષણથી ડરતી હોય છે. આમાં બાબાસાહેબ આંબેડકરે મહિલાઓની વાસ્તવિક પીડા વ્યક્ત કરી છે કે મહિલા સશક્તિકરણની બહુ-પરિમાણીય જરૂર છે. આ માટે પુરુષોએ પણ આગળ આવવું પડશે,

મહિલાઓના સામાજિક સશક્તિકરણમાં શિક્ષણની મહત્વપૂર્ણ ભૂમિકા છે.આ મહિલાઓના સર્વાંગી વિકાસ માટેનું પ્રથમ અને મૂળભૂત માધ્યમ છે, કારણ કે જ્યારે મહિલાઓ શિક્ષિત થશે ત્યારે ચેતના અને જાગૃતતા આવશે. હક્કની સજા શું હશે, રિવાજો, દુષણો, રિવાજોનો અંધકાર દૂર થશે અને પ્રકાશ કિરણો પ્રગટશે. વૈચારિક ક્રાંતિથી, શિક્ષણ દ્વારા મહિલા સમાજ સમાજને સશક્ત બનાવે છે અને તેમાં મહત્વપૂર્ણ ભૂમિકા નોંધાવી શકે છે.

**ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય**

મહિલા સશક્તિકરણનો ઈતિહાસ ઘણો જૂનો છે, જેની વિગતો નીચે મુજબ છે. 1901 માં, તેલુગુ લેખક બંદારુ અછંબાનું અબલુ સંચરિતા રત્નમાલા ને પહેલી મહિલા ઇતિહાસ પુસ્તક કહ્યું છે. ઇતિહાસમાં ભારતીય મહિલાઓ પરનું પ્રથમ પુસ્તક હતું.1928 માં સૈન્યમાં મહિલાની પ્રથમ નિમણૂક કરવામાં આવી હતી. સુભાષ ચંદ્ર બોઝે લલિતા ઘોષની નિમણુક આઝાદ હિન્દ ફૌજમાં કર્નલના હોદ્દા પર કરી હતી અને તેમને મહિલા સૈનિકોની ભરતી કરવાનું કહ્યું હતું. લલિતાએ પોતાની જવાબદારી સારી રીતે નિભાવી ૧૯૬૧માં માતૃત્વ વલણ અધિનિયમ અમલમાં આવ્યો. પ્રસૃતિની સુવિધા મળવા લાગી તે જ વર્ષે દહેજ નાબૂદી કાયદામાં ખાસ પરિસ્થિતિઓમાં ગર્ભપાતને કાયદેસર કરવામાં આવ્યો હતો. આ ભૂણમાં વિકૃતિને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું હતું, 1976 માં સમાન પગાર કાયદો લાગુ કરવામાં આવ્યો હતો, જેથી મહિલાઓને સમાન વેતન મળી શકે. ૧૯૮૬માં મહિલાઓની ગરિમા જાળવતા જાહેર ખબરોમાં મહિલાઓની છાપને દુષિત કરવાના વિરોધમાં પેટા કાયદો લાવવામાં આવ્યો. 1992માં રાષ્ટ્રીય મહિલા આયોગની સ્થાપના કરવામાં આવી હતી જેથી લિંગ ભેદભાવને લગતી બાબતોને ઝડપથી ઉકેલી શકાય. 1997 ફિમેલ હોમોસેક્સ્યુઆલિટી ફાયર પરની ભારતની પ્રથમ ફિલ્મ ફાયર હિંદુ કટ્ટરપંથીઓના ધ્યાન પર આવી. આ ફિલ્મ મહિલાઓની જાતીય ઈચ્છાઓ સાથે સંબંધિત જાતીયશિક્ષણ અભિવ્યક્તિ તરીકે ગણવામાં આવી હતી. 1999 માં નામદાર સુપ્રીમ કોર્ટે ચુકાદો આપતા જણાવ્યું


ISBN: 978-81-952708-6-6

કે જાતીય સતામણીના અવકાશમાં અશ્લીલ હાવભાવનો સમાવેશ થાય છે. 2005માં સુપ્રીમ કોર્ટે પોતાના આદેશ દ્વારા ત્યજી દેવાયેલી પત્નીને મિલકત પર દાવો કરવાનો અધિકાર આપ્યો હતો, આ પૈતૃક મિલકત સિવાય, છોકરીને પણ પિતાની મિલકતમાં સમાન હિસ્સો મળવા લાગ્યો હતો. જાગૃતિના અભાવે અને લાંબા સમય સુધી ન્યાયિક પ્રક્રિયા, સ્ત્રીઓ ઘણી વખત તેમના પોતાના હિતમાં લાગુ કાયદાનો લાભ લેવામાં અસમર્થ હોય છે.

ભારતનું બંધારણ સૌપ્રથમ એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરે છે કે સ્ત્રી અને પુરૂષને સમાન રીતે વ્યવહાર કરવો. બંધારણ જાણે છે કે સમાજમાં મહિલાઓ સાથે ખરાબ વ્યવહાર કરવામાં આવે છે.બંધારણ અપેક્ષા રાખે છે કે રાજ્ય સરકાર મહિલાઓના શોષણને રોકવા માટે વિશેષ જોગવાઈ કરવા માટે પ્રયાસ કરે છે.

બંધારણની કલમ 14 જણાવે છે કે કોઈપણ વ્યક્તિને કાયદા સમક્ષ સમાનતા અથવા ભારતના પ્રદેશમાં કાયદાના સમાન રક્ષણથી વંચિત કરવામાં આવશે નહીં બંધારણની કલમ 15(1) જણાવે છે કે ભારતનું કોઈપણ રાજ્ય માત્ર ધર્મ, મૂળ જાતિ, જાતિ, લિંગ અથવા, જન્મસ્થળના આધારે કોઈપણ નાગરિકની વિરુધ્ધ અસમાનતાનો વ્યવહાર કરશે નહીં.

- કલમ 15(3) હેઠળ કહેવામાં આવ્યું છે કે રાજ્યોને મહિલાઓના લાભ માટે વિશેષ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની છૂટ છે.
- કલમ 39(C) જણાવે છે કે સમાન કામ કરવા માટે પુરુષો અને સ્ત્રીઓને સમાન વેતન મળશે.
- કલમ 15(a)(e) જણાવે છે કે ભારતના દરેક નાગરિકની તે પ્રથાઓને છોડી દેવાની પવિત્ર ફરજ છે જે મહિલાઓના સન્માનની વિરુદ્ધ છે, કેટલાક કાયદાઓ છે જે મહિલાઓની તરફેણમાં વિશેષ જોગવાઈઓ કરે છે.

1. સ્પેશિયલ મેરેજ એક્ટની કલમ 6, માત્ર પત્નીની તરફેણમાં જ ભરણપોષણનો આદેશ આપવામાં આવ્યો હતો, તેની માન્યતા સ્વીકારવામાં આવી છે.
2. મહિલાઓને જારકર્મની સજામાંથી મુક્તિ આપવામાં આવી છે ( પર પુરૂષ સાથે શારીરિક સંબંધ)
3. આવી જોગવાઈઓ ક્રિમિનલ પ્રોસિજર કોડમાં ઉપલબ્ધ છે, જે મહિલાઓને જામીન પર મુક્ત થવાનો વિશેષ અધિકાર આપે છે, તેને પણ માન્ય કરવામાં આવી છે.
4. કોડ ઓફ સિવિલ પ્રોસિજર હેઠળ, પરિવારની મહિલા સભ્યના નામે સમન્સ જારી કરી શકાતું નથી, આ છૂટ પણ કોર્ટે માન્ય જાહેર કરી છે.
5. જેવી રીતે શૈક્ષણિક સંસ્થાઓમાં પણ મહિલાઓ માટે અનામતની જોગવાઈ યોગ્ય જણાય છે.

આ રીતે કાયદાનો સહારો લઈને સ્ત્રી જાગૃતિ શબ્દનો વિસ્તાર કરવામાં આવ્યો છે. આજકાલ જાગૃતિ, કલ્યાણ વગેરેને બદલે સશક્તિકરણ શબ્દ પ્રચલિત છે.મહિલા સશક્તિકરણે આંદોલનનું સ્વરૂપ લીધું છે. આ ચળવળને વેગ આપવા માટે રાષ્ટ્રીય મહિલા આયોગની સ્થાપના 31મી જાન્યુઆરી 1992ના રોજ કરવામાં આવી હતી. રચાયેલ આ પંચ રાષ્ટ્રીય મહિલા આયોગ અધિનિયમ 1990ના કાર્યક્ષેત્રમાં રહીને મહિલાઓના કલ્યાણ માટે કામ કરવા તૈયાર છે.

તે જમ્મુ અને કાશ્મીર સિવાય સમગ્ર ભારતમાં ફેલાયેલું છે, તેની રચના કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી છે, તેમાં 5 સભ્યો અને એક અધ્યક્ષ છે. તે કમિશન મહિલા હક્કો માટે પ્રહરી તરીકે કામ કરે છે. તે સરકારને મહિલા ઉત્થાન સંબંધિત મુદ્દાઓ પર સલાહ આપે છે. મહિલાઓના હિતોનું રક્ષણ કરવાનું કામ છે. આ અધિનિયમ દ્વારા એક નિયત કરવામાં આવે છે કે સરકાર મહિલાઓને લગતા દરેક મુદ્દા પર કમિશનની સલાહ લે અને તમામ

 **ISBN: 978-81-952708-6-6**

ભલામણો સંસદની સામે રાખે, આ સિવાય ઘણી બિન-સરકારી સંસ્થાઓ છે. મહિલાઓના હિતમાં કામ કરી રહી છે.

**મહિલા સશક્તિકરણનો અર્થ/સંકલ્પના**

આખરે મહિલા સશક્તિકરણ એટલે શું? શું સ્ત્રીને કોઈ વસ્તુમાંથી એક વ્યક્તિ તરીકે સમજવાની શરતનું પહેલું પગલું છે કે સ્ત્રીમાં એ સમજવું કે તે પોતાની જાતમાં પુરુષની સમાન એકમ છે, તે ગુલામ નથી, તેથી તેને સમાન અધિકારની જરૂર છે, જલદી. તે સ્પષ્ટ થાય છે કે સમાજ ખાસ કરીને પુરુષોએ તેના પ્રત્યે તર્કસંગત વલણ અપનાવવું જોઈએ, તે તેના પર વર્ચસ્વ ન જમાવે તે પ્રતિકાર કરવા માટે તેનું મન બનાવવા માટે વિચારવાનું શરૂ કરશે, આ વિચારસરણી સ્ત્રીઓને સશક્ત બનાવે છે. આજ સુધી સમાજમાં એવો પ્રતિકાર ન ઉભો થવા દેવાની દરેક યુક્તિ સમાજે અપનાવી છે કે બૌદ્ધિક સ્તર પર  તત્વચિંતકો, વિચારકો, બૌદ્ધિકોએ પોતાની માન્યતાઓ, ટિપ્પણીઓ અને સિદ્ધાંતો દ્વારા મહિલાઓને બીજા નંબર પર સાબિત કરવામાં કોઈ કસર છોડી નથી. ધાર્મિક પ્રવક્તાઓ ફતવા અને નિષેધ બહાર પાડીને તેમને એટલી ભયભીત કરી છે કે જેણે પણ આવું કરવાનો પ્રયાસ કર્યો તેની હત્યા કરવામાં આવી અથવા છેડતી કરવામાં આવી. હાંસિયામાંથી સ્ત્રીને આગળ આવતી જોઇને સમાજના મનમાં એક ડર છે કે સ્ત્રી સશક્તિકરણ ઘર તોડવાની ચળવળ ન બની જાય. સ્ત્રીએ પોતાની સાથે થતા અન્યાયનો અંત લાવવાનો હોય છે, તે ઘર અને બાળકો પ્રત્યેની પોતાની જવાબદારી સમજે છે અને તેને જીવનભર નિભાવે છે, પરંતુ પ્રેમને બદલે ત્રાસ મળે તો તે સહન નહીં થાય. તે માત્ર એટલું જ ઈચ્છે છે કે તેને જીવનમાં ક્યારેય એ અહેસાસ ન કરાવવો જોઈએ કે સ્ત્રી તરીકે જીવવા કરતાં મરવું વધુ સારું છે. સ્ત્રીએ અત્યાચાર સહન કરવા માટે જ જન્મ લીધો છે તે લાગણીને જડમૂળમાંથી નાબૂદ કરવાની છે. એવી આશા સાથે કે એક દિવસ નક્કર વિચાર અને સંસ્કૃત શૈલી ધારણ કરીને સ્ત્રીને તેનું સ્થાન ચોક્કસ અપાશે.

हाथ को हाथ सुझाई न दे, बात को बात सुनाई न दे।
सगड़ी तुम जुड़ जाना सखी री, राह जब कोई दिखाई न दे॥

**મહિલા સશક્તિકરણની આવશ્ક્યતા**

મહિલા સશક્તિકરણની જરૂરિયાત આપણી સમગ્ર સંસ્કૃતિ માનવજાતના વિકાસની સાથે સાથે સ્ત્રીઓની ગુલામીના વિકાસનો દસ્તાવેજ છે. ઘરેલું હિંસા કાયદાએ ભારતીય મહિલાને આ ગુલામીમાંથી બહાર નીકળવાની ઉત્તમ તક આપી છે, પરંતુ તે તેની સામાજિક, આર્થિક અને રાજકીય પરિસ્થિતિ પર ઘણો આધાર રાખે છે, તેણે વધુ જાગૃત થવાની જરૂર છે.

તે જરૂરી છે કે જ્યાં સુધી તે પરિવાર અને સમાજની જાગૃત નાગરિક બનવાનો પ્રયાસ ન કરે ત્યાં સુધી તે તેના પર થતી હિંસાથી પોતાને બચાવી શકતી નથી.

કોઈ પણ સંજોગોમાં, સ્ત્રીએ સમજવું પડશે કે એક માનવ તરીકે, તે પણ સમાજનું એક આવશ્યક એકમ છે, તેણે પોતાનામાં એવી લાગણી પણ કેળવવી જોઈએ કે તે માત્ર એક સ્ત્રી નથી, પરંતુ આ દેશની એક સન્માનિત નાગરિક પણ છે.

પુરૂષોની માનસિકતા બદલવી એ જરૂરી કરતાં વધુ મહત્ત્વનું છે, સ્ત્રી પ્રત્યે પુરુષની પોતાની દ્રષ્ટિ બદલવી એ હંમેશા લાંબી પ્રક્રિયા રહી છે, સમાજને બદલવો એટલો સહેલો નથી, પરંતુ એ પણ સાચું છે કે પોતાનામાં પરિવર્તન લાવીને સમાજ પણ બદલવાની ફરજ પડી છે.

 **ISBN: 978-81-952708-6-6**

सोना देखा, चाँदी देखी, हीरा देखा, मोतियों की मलाएं देखी |
फिर चाहे हो जितना फेरबदल जमाने में, सीता और द्रोपदी जैसी कहानियाँ नहीं देखी ||

**સામાજિક સશક્તિકરણ**

ભારતીય સાહિત્યમાં સ્ત્રીની છબી દેવી અને શક્તિના રૂપમાં દર્શાવવામાં આવી છે, ભારતીય નારીવાદી વિચારધારા પરંપરાઓ અને કૌટુંબિક ભાવનાત્મક સંબંધોથી સંપૂર્ણપણે મુક્ત થવા માંગતી નથી. ભારતની પોતાની સાંસ્કૃતિક દ્રષ્ટિ છે, જીવન દ્રષ્ટિ છે, અહીં આપણે સ્ત્રીને દેવીનું સ્વરૂપ આપ્યું છે. પરંતુ જીવનની વાસ્તવિકતા એ છે કે ઘણીવાર તે દેવી નહીં પણ ગુલામ બનીને જીવે છે, સ્ત્રીની માંગ એ છે કે તેને માત્ર હૃદય અને દિમાગ ધરાવતો માનવ માનવો જોઈએ. એ વાત સાચી છે કે ભારતીય નારીવાદી અભિગમ પિતૃસત્તાક સમાજ દ્વારા સ્થપાયેલા ઘણા મૂલ્યોને પડકારે છે પરંતુ માતૃત્વ, સ્નેહ અને પારિવારિક સંબંધોના મૂલ્યોનું સન્માન કરે છે.

મહિલા સશક્તિકરણની જરૂર કેમ પડી? સ્ત્રીના મનમાં આ પ્રશ્ન વારંવાર ઉઠે છે, હકીકતમાં સ્ત્રીએ જાણવું જોઈએ કે શિક્ષણ અને જ્ઞાનની સમગ્ર વ્યવસ્થા પિતૃસત્તાક છે. મહિલાઓને પુરૂષોની જેમ તમામ સંસાધનો પર સમાન નિયંત્રણ હોવું જોઈએ. આ સંસાધનો ભૌતિક, માનવીય, બૌદ્ધિક, આર્થિક અને વૈશ્વિક છે.

સ્ત્રીએ હવે પોતાના મૂલ્યો નક્કી કરવાની શક્તિ શીખવી પડશે. તેણે નિર્ણય લેતા શીખવું પડશે. તેણે સંસાધનોનો યોગ્ય ઉપયોગ કરતાં શીખવું પડશે, તેણે સ્ત્રી ગુણો જાળવી રાખીને, તેના દોષો દૂર કરીને, એકબીજાને ટેકો આપીને અને સશક્તિકરણની લહેર ફેલાવીને બૌદ્ધિક કાર્ય કરીને પોતાને સાબિત કરવું પડશે. મહિલાઓને જે અધિકારો નથી, તે તેમને મળવાના છે જેમ કે:

घर - बार पर नियन्त्रण, अपने शरीर पर हक |
आने-जाने की छूट, अपनी कोख पर हक ||

બાળકોના ઉછેર જવાબદારીમાં પિતાનો સાથ, ઘરની આવક પર અધિકાર, પુરુષોની બેડીઓ તોડવી વગેરે. એ સમજી લેવું જોઈએ કે જ્યારે એક-બે સ્ત્રીઓ પરંપરાઓને તોડવાનો પ્રયાસ કરે છે ત્યારે તેમને અપેક્ષિત સફળતા મળતી નથી, પરંતુ જ્યારે મહિલાઓનો આખો સમૂહ વિરોધ પર ઉતરી આવે છે ત્યારે સમાજે તેમની સામે ઝુકવું પડે છે.

શ્રી બુદ્ધે કૌટુંબિક અને સામાજિક જીવનમાં સ્ત્રી-પુરુષ સંબંધની યોગ્ય પ્રકૃતિ પર ભાર મૂક્યો હતો. 1829માં સતી પ્રથાને રોકવાનો કાયદો અમલમાં આવ્યો. બ્રહ્મસમાજ, આર્ય સમાજ અને પ્રાર્થના સમાજની ચળવળોને પરિણામે સ્ત્રીશિક્ષણનો ફેલાવો થયો અને સ્ત્રીઓના વિરુધમાં થનારા કુરિવાજો રોકવામાં આવ્યા. વિધવા વિવાહ અને આંતરજ્ઞાતિય લગ્નને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. મહારાષ્ટ્રમાં, જ્યોતિબા ફુલે અને સાવિત્રી ફુલેએ મહિલાઓને શિક્ષિત કરવા અને તેમને સામાજિક ન્યાય આપવા માટે ચળવળો શરૂ કરી. સ્વામી વિવેકાનંદે માતૃત્વને સ્ત્રીત્વની ઓળખ ગણાવી હતી. તમિલનાડુમાં પેરીમારે મહિલાઓને બ્રાહ્મણવાદી અને પુરૂષવાદી પ્રણાલીમાંથી મુક્ત કરવા અને મહિલાઓના સ્વાભિમાનને જાળવવા માટેના સંઘર્ષ માટે આહવાન કર્યું હતું.તેમણે તત્કાલીન સમાજમાં મહિલાઓના સંઘર્ષ માટે આહવાન કર્યું હતું. વર્ષ 1882માં મરાઠીમાં તારાબાઈ શિંદે. , 'સ્ત્રી-પુરુષ તુલના' લખીને, તત્કાલીન સમાજમાં મહિલાઓના સંઘર્ષ અને તનાવને અવાજ આપતાં, પુરુષ સત્ર સામે ઉગ્ર વિરોધ વ્યક્ત કર્યો. મહિલા પક્ષને જોરદાર ટેકો આપ્યો, વર્ષ 1882માં અજાણી હિંદુ મહિલા દ્વારા લખાયેલ સેમંતની ઉપદેશમાં સ્ત્રી ચેતના પ્રબળ અવાજ છે.

 **ISBN: 978-81-952708-6-6**

**રાજકીય સશક્તિકરણ**

રાષ્ટ્રનો સર્વાંગી વિકાસ ત્યારે જ શક્ય બને છે જ્યારે મહિલાઓને સમાજમાં યોગ્ય સ્થાન આપવામાં આવે અને વિકાસમાં પુરુષોની સાથે સમાન ભાગીદાર તરીકે ગણવામાં આવે. સશક્તિકરણ હેઠળ, મહિલાઓને તેમની આર્થિક આત્મનિર્ભરતા, રાજકીય ભાગીદારી અને સામાજિક વિકાસ માટે જરૂરી વિવિધ પરિબળો પર પહોંચ અને નિયંત્રણ મળે છે, તેઓ તેમની શક્તિઓ અને શક્યતાઓથી વાકેફ બને છે અને તેમના આત્મવિશ્વાસ અને આંતરિક શક્તિમાં વધારો કરે છે, જેથી તેઓ જીવનના તમામ ક્ષેત્રોમાં (સામાજિક, રાજકીય, આર્થિક) પોતાનો વિકાસ કરી શકે.

'દેશને આઝાદ થયાને 6 દાયકા વીતી ગયા છે અને દેશે પરિવર્તનના ઘણા નવા આયામો સ્થાપ્યા છે, નાગરિકોને સમાન અધિકારોની સાથે ભારતીય મહિલાઓને પણ શિક્ષણ, મિલકત અને વારસામાં સમાન અધિકારો છે, પરંતુ તેમ છતાં મહિલાઓ માટે હજુ પણ દેશનો રાજકીય નકશો બહુ બદલાયું નથી, રાજકારણ સમાન અધિકારોથી વંચિત છે' હું માનું છું કે ભારતીય રાજનીતિમાં મહિલા સશક્તિકરણ અંગે ગર્વ અનુભવવા માટે આપણે હજી લાંબો સમય રાહ જોવી પડશે.

અડધી વસ્તીને તેમનો હક્ક ક્યારે મળશે? તમામ પક્ષોએ રાજકારણમાં મહિલાઓની ભાગીદારીના દાવા કર્યા છે, પરંતુ શું તેમને સંસદ અને વિધાનસભાઓમાં યોગ્ય પ્રતિનિધિત્વ આપવામાં આવશે?

જો રાજકીય પરિદ્રશ્યમાં જોવામાં આવે તો હાલમાં સંસદમાં માત્ર 126 મહિલાઓને પ્રતિનિધિત્વ મળ્યું છે, એટલે કે 15મી લોકસભામાં કુલ 59 મહિલાઓ હતી. જો સંસદમાં 1\3 મહિલા અનામત મળી જાય તો 180 મહિલાઓ ચૂંટાઈને આવી શકે છે. ભારતીય રાજનીતિમાં સકારાત્મક ભૂમિકા નિભાવવામાં પરિવર્તન થઇ શકે છે.

**આર્થિક સશક્તિકરણ**

જો સ્ત્રી શિક્ષિત થાય અને આર્થિક રીતે મજબૂત બને તો શું તેના પ્રત્યે સમાજનો અભિગમ બદલાય છે? મહિલાઓના મનમાં સ્વાભાવિક રીતે જ આવો પ્રશ્ન ઉદભવે તે સ્વાભાવિક છે, કારણ કે વિકસિત દેશોમાં જ્યાં મહિલાઓનું જીવનધોરણ ઊંચું છે, ત્યાં પણ જુલમ છે, અસમાનતા પણ છે. "ભંવરી દેવીનો કેસ કોણ ભૂલી શક્યું છે. બળાત્કારીઓના નામ સામે આવ્યા પછી પણ કાયદો તેમને સજા આપી શક્યો નથી. શાલિની ભટનાગર, અંજુ ઇલ્યાસી, જેસિકા લાલ નૈના સાહની, એક નેતાની પત્ની, આદિવાસી છોકરી, પ્રિયદર્શિની ભટ્ટ મધુમિતા અને બીજી ઘણી સ્ત્રીઓના આત્માઓ તેમના શસ્ત્રો મુક્તપણે ફરતા જોવા માટે વેદનામાં હશે. એમને ક્યાંથી મોક્ષ મળ્યો? "

આર્થિક શક્તિ મળવા છતાં મહિલાઓને ઘરકામમાં મદદ કરવા માટે કોઈ મળતું નથી. ઉલટું ઘણી વખત ઘરના પુરુષો બીમારી, બેરોજગારીનું બહાનું બનીને રહે છે. અને સામાજિક દૂષણોમાં ફસાયેલા રહે છે. એ નોંધવું જોઈએ કે જ્યાં સુધી સ્ત્રી પોતાની જાતને નીચી સમજતી રહે છે ત્યાં સુધી બહારની દખલગીરી તેને એવી તાકાત નથી આપતી કે જેના આધારે તે પરિવાર અને સમાજની સામે ઊભી રહી શકે. તેણે સમાજને અહેસાસ કરાવવો પડશે કે ઘર ચલાવવામાં તેનો કેટલો સહકાર છે. તે જ સમયે, તેણે પોતાની ક્ષમતા અને સમજને પણ માન આપવું જોઈએ. કોઈપણ બાહ્ય શક્તિનો સામનો કરવાને બદલે આપણી આસપાસની મહિલાઓને સંગઠિત કરીને આ અભિયાનને વધુ મજબૂત બનાવવું પડશે.

**મહિલા સશક્તિકરણના માર્ગમાં અવરોધો**

- મહિલા સશક્તિકરણની વ્યાખ્યામાં વેશ્યાવૃત્તિનો સમાવેશ થતો રહેશે.

 **ISBN: 978-81-952708-6-6**

- જ્યાં સુધી નારીવાદીઓ હતા ત્યાં સુધી તેઓ દલીલ કરતા રહેશે કે લગ્ન બહાર શારીરિક સંબંધ બાંધવો એ સ્ત્રીનો અધિકાર છે?
- જ્યાં સુધી કોઈ પુરુષને કોઈ ચોક્કસ ધર્મમાં કાયદેસર રીતે 3 લગ્ન કરવાનો અધિકાર છે ત્યાં સુધી તે પુરુષને પણ અધિકાર રહેશે.
- જ્યાં સુધી મહિલાઓને દરેક મંદિરમાં જવાનો અધિકાર ન મળે.
- જ્યાં સુધી "પુત્રએ અગ્નિ પ્રગટાવ્યા વિના પિતાનો ઉદ્ધાર થતો નથી" તે સંસ્કાર પૂરો થતો નથી,
- જ્યાં સુધી સાસુ અને વહુ વચ્ચે દુશ્મનાવટ રહેશે
- જ્યાં સુધી માતા પોતે સ્ત્રી ભ્રૂણ હત્યામાં સહભાગી રહેશે.
- જ્યાં સુધી સક્ષમ મહિલાઓ બીમાર/પુખ્ત પુરૂષને બસ કે ટ્રેનમાં સીટ છોડવા માટે કહેવાનો તેમનો અધિકાર માનતી રહેશે.
- જ્યાં સુધી સ્ત્રીઓ પુરૂષમાં મિશ્રસાથીને બદલે પલન હારા કે સુરક્ષા ગાર્ડ જોતી રહેશે ત્યાં સુધી સ્ત્રી સશક્તિકરણ થઈ શકે નહીં.

**સશક્તિકરણના માર્ગમાં આવતા અવરોધોને દૂર કરવાના ઉપાય**

- જાતીય શુદ્ધતા અને નૈતિકતામાંથી સ્ત્રીઓની મુક્તિ એટલે કે જ્યાં શાસ્ત્રોએ સ્ત્રીના શરીર પર પુરૂષ માટે પ્રતિબંધિત વિસ્તાર બનાવીને તેને પવિત્રતા સાથે જોડીને પ્રતિબંધો લગાવ્યા છે, તે જ પાપ. , તેને અપરાધ અને દુષ્ટતા અને દ્વેષનો પર્યાય પણ જાહેર કરવામાં આવ્યો છે, જેવો કોઈ સ્પર્શ કરે કે તે ગંદી છે, જેમ કે તે કોઈ કપડું કે વસ્તુ છે, સ્ત્રીએ શરીરની આ શુદ્ધતાથી મુક્ત થવું જોઈએ.
- સ્ત્રી દેહને વ્યભિચાર સાથે ન જોડવો જોઈએ, પરંતુ એક માણસ તરીકે, સમાજને એક સંસ્કારી નાગરિક તરીકેની છબીથી શણગારવું જોઈએ.
- સ્ત્રી શરીરના અધિકારોના અવકાશને વિકસાવવાની જરૂરિયાત, જેમાં તેણીના પોતાના નિર્ણયો લેવાની સ્વતંત્રતા, તેણીને જે ન ગમતી હોય તેને નકારવાનો અધિકાર શામેલ છે. સ્ત્રી સ્વાતંત્ર્ય માટે પુરૂષ માનસિકતામાં પણ બદલાવ જરૂરી છે. નવી ટેક્નોલોજી અને વિજ્ઞાને સ્ત્રીને, ખાસ કરીને મજૂરીની રોજગારીમાંથી મુક્તિ અપાવી છે, જ્યારે તેણે સ્ત્રીને અંધશ્રદ્ધા અને ભારે બોજમાંથી પણ અમુક અંશે મુક્ત કરી છે. મહિલા સશક્તિકરણ 'સ્વ' બનાવે છે, પવિત્રતાનો નહીં, આજની સ્ત્રીની વિચારસરણીનો વિષય જાતીય શુદ્ધતાનો નથી, પરંતુ સ્વયંના નિર્માણ અને વિકાસની જરૂરિયાતનો મુદ્દો છે.
- મહિલાઓએ આર્થિક, સામાજિક અને માનસિક દરેક મોરચે પોતાની છાપ ઉભી કરવા સક્ષમ બનવું પડશે, તો જ સાચી સ્ત્રી મુક્તિ થશે.

**વિશ્લેષણ**

મહિલા સશક્તિકરણનો વ્યાપ ઘણો વ્યાપક છે, તે પોતાનામાં એક સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક અને રાજકીય વિચાર બની ગયો છે. જેમાં એક તરફ મનુવાદી પુરૂષ વર્ચસ્વનો વિરોધ છે અને બીજી તરફ તે વિશિષ્ટ તત્વોનો સ્વીકાર છે. ભારતીય સાંસ્કૃતિક પરંપરામાંથી જે માનવતાનો નવો વિકાસ છે.આજે ભારતીય નારી વિકાસ માટે યોગ્ય છે

આજ ભારતની સ્ત્રીઓ તે તેના અધિકારો અને સ્વાયત્તતા મેળવવા અને તમામ પ્રકારના શોષણથી મુક્ત થવા માટે સંઘર્ષ કરી રહી છે.

વીસમી સદીના છેલ્લા પાંચ દાયકાઓ ભારતીય મહિલા પરિપ્રેક્ષ્યમાં વિશેષ મહત્વ ધરાવે છે. શીખાના પ્રસાર સાથે, વ્યાપક સાક્ષરતા ચળવળ, માહિતી ટેકનોલોજી અને સંચાર માધ્યમોમાં ક્રાંતિ હેઠળ ભારતીય


**ISBN: 978-81-952708-6-6**

મહિલા સમાજમાં જાગૃતિ આવી. આ વાતાવરણમાં ભારતની મહિલાઓ મતદાનનો અધિકાર પહેલા કરતાં જવાબદારી સાથે અર્થપૂર્ણ રીતે ભજવે છે. મહિલા પ્રતિનિધિ પંચાયત સ્તરથી લઈને સંસદ સુધી મહિલાઓના અધિકારો માટે અવાજ ઉઠાવવામાં સક્ષમ છે. એવું કોઈ ક્ષેત્ર નથી જ્યાં મહિલાઓ પહોંચી ન હોય. ભારતીય મહિલાઓએ પ્લેન પાઇલોટિંગથી લઈને શૂનધારાની સફર સુધી દરેક બાબતમાં સફળતા મેળવી છે. તેમણે સક્રિય રાજનીતિ, કાર્યક્ષમ વહીવટ, વાણિજ્ય વ્યવસ્થાપન, માહિતી ટેકનોલોજી અને શેરબજાર જેવી યોગ્યતાની દિશામાં પણ સમગ્ર વિશ્વને પોતાની વિશેષ ક્ષમતાઓનો પરિચય કરાવ્યો છે. સંસદ અને વિધાનસભામાં મહિલાઓ માટે ઉચ્ચ ટકાવારી અનામતની માંગને વેગ મળ્યો, જોકે તે બિલ હજુ આવ્યું નથી.

મહિલાઓની આટલી બધી સિદ્ધિઓ હોવા છતાં પણ આપણા મોટા દેશમાં આવી મહિલાઓની ટકાવારી વધુ નથી, તે એક કરુણ સત્ય છે. વૈશ્વિકરણને કારણે, ઉચ્ચ વર્ગ અને ઉચ્ચ વર્ગમાં હાજર કહેવાતી 'કાગળની મહિલાઓ' સમાજની બહુમતી સામાન્ય મહિલાઓથી ઘણી અલગ છે, તેઓ બહુમતી સામાન્ય મહિલાઓથી ઘણી અલગ છે, તે બહુમતી વર્તમાન ઉપભોક્તાવાદને કારણે મહિલાઓ હજુ પણ નિરક્ષરતા, અજ્ઞાનતા અને ગરીબીમાંથી મુક્ત નથી થઈ શકી તેમના માટે આ સમયગાળો શોષણનો સમયગાળો છે, વૈશ્વિકીકરણ અને ઉપભોક્તાવાદના વર્તમાન વાતાવરણમાં એક તરફ સ્ત્રી શરીર અને તેની સુંદરતા વેચાઈ ગઈ છે. સ્ત્રીની સુંદરતાનો દુરુપયોગ થઈ રહ્યો છે. બજારવાદના આ યુગમાં સ્ત્રીને માત્ર વસ્તુ બનાવવાની દોડધામ ચાલી રહી છે. ભારતની મોટાભાગની સામાન્ય મહિલાઓ અને તે પણ પુરૂષ વર્ગના દુ:ખમાંથી પોતાને મુક્ત કરી શકતી નથી, કારણ કે મહિલાઓ પિતૃપ્રધાન સમાજના વાતાવરણમાં ઉછરીને અનેક પ્રકારની માનસિક ગ્રંથિઓથી પીડાતી હોય છે, જેમાંથી પોતાને મુક્ત કરાવીને તેમણે પોતાની દિશા નક્કી કરવી પડશે. સ્ત્રી આંદોલનોને સ્ત્રી સમાજમાં વ્યાપેલ આવી અસમાનતાઓ અને ખામીઓને ઉખાડવા સંઘર્ષ કરતા રહેવું પડશે.

**સંદર્ભસૂચી**

1. Doddamani Rajendra, "Empowerment Women in India, Politics", "Third Concept" May 2010
2. ઠક્કર હેતલ સ્ત્રી સશક્તિકરણ અને સ્ત્રી શિક્ષણનો ઈતિહાસ,યોજના,અમદાવાદ: જુન , 2012
3. અનુપમા રોય મહિલા સશક્તિકરણ : પ્રશ્નો અને ચર્ચા,યોજના,અમદાવાદ: ઓકટોબર ,2008
4. ભારમવેરચંદેલ ભારતમાં મહિલા સશક્તિકરણ: દશા અને દિશા પત્રકાર. dharamveer. blagspot. com
5. અંજુ દુઆ જર્મિની, મોર્ચે પર સ્ત્રી, પ્રકાશક (કલ્યાણી શિક્ષા પરિષદ) નવી દિલ્હી, આવૃત્તિ 2010
6. રમણિકા ગુપ્તા, સ્ત્રી મુક્તિ : સંઘર્ષ અને ઈતિહાસ પ્રકાશક, નવી દિલ્હી આવૃત્તિ 2014
7. પ્રેરણા ભારતી ,મહિલા સશક્તિકરણ: નવા પરિમાણો www.prernabharti.com
8. Happy Wopmen's day (મહિલા સશક્તિકરણ) – https:// pushpenderblog. wordpress. com
9. Meri Kavitayen, રાજકારણમાં મહિલા આરક્ષણ, prixagnihetri.blogspot.com
10. મહિલા સશક્તિકરણનો રાજકીય ખ્યાલ, 15HJ.org/article.aspx?.
11. ડૉ. કે. એમ. માલતી , સ્ત્રી પ્રવચન: ભારતીય પરિપ્રેક્ષ્ય, પ્રકાશન- નવી દિલ્હી-110002, આવૃત્તિ - 2010
12. पैलिनीथूराई, जी., इण्डियन जनरल ऑफ पब्लिक एडमिनीस्ट्रेशन, वो. ग्स् टम्प् नं. 1, जनवरी-मार्च 2001
13. लवानिया, एम. एम. भारतीयों महिलाओं का सामजशास्त्र, रिसर्च पब्लिशर्स, जयपुर, 2004

 **ISBN: 978-81-952708-6-6**

# ગુજરાતના આધુનિકીકરણમાં રાજકોટ રાજ્યનું યોગદાન

**ડૉ. કાળુભાઈ જી. સરવૈયા**
સહાયક અધ્યાપક,ઇતિહાસ અનુસ્નાતક ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ

**પ્રસ્તાવના**

રાજકોટએ સૌરાષ્ટ્રનું બીજા વર્ગનું રાજ્ય હતું. તેના શાસકો જામનગરના જાડેજા વંશના હતા. સૌરાષ્ટ્રમાં આવેલા ૨૨૨ રાજ્યોમાંનું એક રાજ્ય હતું. તેબહુ મોટું રાજ્યન હતું તેમ છતા પણ તે મહત્વનું હતું કારણ કે તે પશ્ચિમ ભારતના રાજ્યોની રાજધાની જેવું સ્થાન ભોગવતું હતું અને કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટનું તે વડુ મથક હતું. રાજકોટ રાજ્યનું ક્ષેત્રફળ ૭૩૦ ચો.કિ.મી.નું હતું અને તેમાંક૪ગામો આવેલા હતા.[૧]

સૌરાષ્ટ્રના અન્ય ગામોના નામ જેમ કોઇ વ્યક્તિના નામ ઉપરથી પડ્યા છે. તે રીતે રાજકોટનું નામ પણ રાજુ સંધિના નામ ઉપરથી પડ્યાનું ઇતિહાસને પાને નોંધાયું છે. જે રાજુ સંધિવિભાજી પાસે રહેતો વફાદાર અને વિશ્વાસુ માણસ હતો. તેથી પોતાના આ વફાદાર સાથીની યાદગીરી કાયમને માટે જાળવી રાખવાને માટે રાજુ ઉપરથી રાજકોટ વસાવ્યું અને તેને એ નવું વસાવેલ ગામ ગરાસમાં ખાવા આપ્યું હતું. રાજુ સંધિ નિર્વંશ ગુજરી જતા રાજકોટ પાસુ જાડેજાના હાથમાં સરધારમાં ભળી ગયું. રાજકોટ રાજ્યના સ્થાપક વિભાજી (ઇ.સ.૧૬૦૮થી૧૬૩૫) હતા. રાજુ સંધિનો આજી નદીના પશ્ચિમ કાંઠા ઉપરને સહતો, તેના નામ ઉપરથી 'રાજકોટ' નામ પડ્યું હોવાનું કહેવાય છે.[૨] વિભાજીએ રાજકોટની ગાદીના સ્થાપક અને મૂળ પુરુષ હતા, જે નવાનગરના રાજવંશના હતા, તે પોતાના મામાને ત્યાં સરધારમાં રહેતા હતા અને વાઘેલા ઠાકોરની કુંવરી સાથે પરણ્યા હતા, તે કુંવરીને ચીભડા ગામ દાયજામાં મળ્યું હતું પછી વિભાજીએ ઇ.સ.૧૬૧૫-૧૬માં સરધાર જીતી લીધું, પછી દિલ્હીના બાદશાહ જહાંગીર પાસેથી સરધાર પર ગણાના પોતે હવે માલિક છે તેનું પરવાનો મેળવ્યો હતો. તે પછી તો મોગલ સુબાએ તેમને અરડોઇ, રીબ, રીબડા અને કાળીપાટ વગેરે ગામ બક્ષિસ આપ્યા હતા. વિભાજી ઇ. સ.૧૬૩૫માં મૃત્યુ પામ્યા, તેમના પછી તેમના કુંવર મેરામણજી આવ્યા તે પણ સરધારમાં રહી મુસ્લિમ થાણદારોના તાબામાં કામકાજ કરતા. મેરામણજીને બે કુંવર હતા. પાટવી કુંવર સાહેબજી અને કુભોજી,પાટવી કુંવરને સરધારના થાણદારની મદદથી મેરામણજીની જાગીર મળી. સાહેબજીએ સરધારમાં જ રહી થાણદારની નોકરી કરી. સાહેબજી અને તેના ભાઇ કુંભાજીને અણબનાવ હતો પણ સોરઠના ફોજદાર કુતુબુદ્દીને વચ્ચે પડી બંને વચ્ચે સમાધાન કરાવ્યું. સાહેબજીએ કુંભાજીને અરડોઇ અને રીબએ બે ગામો આપ્યાં. સાહેબજી ૧૬૭૫માં મૃત્યુ પામ્યા ત્યારે તેની જગ્યાએ તેના કુંવર બામણીયોજી આવ્યા. બામણીયાજી એક વખતે હોળીનો તહેવાર કરવા રાજકોટ ગયા હતા તે વખતે મિયાણાઓની એક ટોળી આવીને ગામના ઢોર વાળી લઈ ગઈ. બામણીયાજી તેમની પાછળ પડ્યા તેમને નકલંગ વીડ આગળ પકડી પાડી ત્યાં યુદ્ધ થયું તેમાં તે કામ આવી ગયા. પછી તેમના કુંવર ઇ. સ.૧૬૯૪માં મેરામણજી બીજા ગાદીએ આવ્યા. મેરામણજી બીજા હિંમતવાન અને શૂરવીર યોદ્ધા હતા.

ઈ.સ. ૧૭૦૭માં ઔરંગઝેબનું અવસાન થયું ત્યાર પછી પ્રાંતનો રાજ્યકારભાર નબળો પડ્યો અને ગુજરાતના દક્ષિણભાગ ઉપર મરાઠાઓ સવારી કરતા હતા તેમને અટકાવવા માટે સૌરાષ્ટ્ર પ્રાંતનું મુસલમાની લશ્કર ગુજરાત બોલાવી લેવામાં આવ્યું હતું. ત્યારે એ તકનો મેરામણજીએ લાભ લઇ રાજકોટ જીતી લીધું અને તેના તાબાના ઘણાખરા ગામો પણ મેળવ્યા હતા. પરંતુ ઇ.સ. ૧૭૨૦માં જૂનાગઢના નાયબ ફોજદાર માસુમખાને રાજકોટ ઉપર આક્રમણ કર્યું. મહેરામણજીએ તેમની વીરતા, યુદ્ધ કૌશલ્ય અને શક્તિનો પરિચય શાહી સૈન્યને પરાજયથી આપ્યો. ભયંકર રણસંગ્રામને અંતે અનેક સૈનિકો અને યોદ્ધાઓ મરાયા. માસુમખાને સરધારનો ગરાસ લોઢાનાચણા જેવો થઈ ગયો. તેણે એક બહાદુર સૈનિકને લાલચ આપી મહેરામણજીને દગાથી મારવા આજ્ઞા


**ISBN: 978-81-952708-6-6**

આપી. તેણે મહેરામણજીના વાસામાં ભાલાનો ઘા કરી એ વીર રાજવીનો પ્રાણ લીધો. મહેરામણજીનું મૃત્યુ થતા સરધારનું શૈન્ય વેરવિખેર થઈ ગયાં અને ત્યા મુસ્લિમ સત્તાની સ્થાપના થઈ.[3] મહંમદ શાહબાદશા હેમાસુમખાનને ઇ. સ.૧૭૨૦માં આ મહાલ જાગીરમાં આપ્યો પણ એ શરત હતી કે તેણે ફોજદારનું કામ કરવું. ઇ. સ.૧૭૨૨માં માસુમખાને રાજકોટનો કિલ્લો બંધાવ્યો અનેપોતાના નામ ઉપરથી તેનું નામ માસુમા બાદ રાખ્યું.[4] મેરામણજીના અવસાન પછી માસુમખાને ઇ. સ.૧૭૩૨ સુધી રાજકોટમાં રાજ્ય કર્યું. મેરામણજીના પાટવી કુંવર રણમલજી-૧લાએ માસુમખનને મારી રાજકોટનો કબજો લઈ પોતાના પિતાની ગાદી ઉપર બેઠા અને પોતાનાં રાજયની રાજ્ધાની ના સ્થળ તરીકે વિકાસ કાર્યો હતો.[5] રાજકોટ રાજ્યનું રાજ્ય ચિહ્ન પણ વિભાજીએ જ પસંદ કરેલ છે જેમાં માથે હરણ અને અર્ધચંદ્ર પસંદ કરેલ છે બંને બાજુ શક્તિમાતાના ત્રિશૂલ રાખવામાં આવ્યા છે અને હરણ ઉપર એક કટાર રાખવામાં આવી છે. આનો અર્થ એ કરી શકાય કે રાજકોટે અંગ્રેજો આવ્યા પહેલાં કે કોઇની અસલ પહેલા જ રાજચિહ્ન ૧૭મી સદીમાં જપ સંદકરી લીધુ હતું.[6] વોકર કરારને પરિણામે સૌરાષ્ટ્રમાંથી ત્રાસવાદી મુલક ગીરીચડાઈઓનો અંત આવ્યો. આ કરારથી સૌરાષ્ટ્રમાંથી અવ્યવસ્થા અને અંધાધૂંધી દૂર થઈ અને શાંતિ સ્થપાઈ, પછીથી ઇ. સ.૧૮૨૦-૨૨માં રાજકોટમાં બ્રિટીશ એજન્સીની સ્થાપના થતાં સૌરાષ્ટ્રમાં પારસ્પરિક કલહો અને ગાયકવાડનીસેના સાથેના સંઘર્ષનો અંત આવ્યો. તેથી શાંતિ સ્થપાય અને સૌરાષ્ટ્રના વિકાસ માટેની પૂર્વ ભૂમિકા રચાઈ.[7] વળી તે પશ્ચિમહિન્દના રાજ્યોની રાજધાની જેવું સ્થાન ભોગવવા લાગ્યું કારણ કે તે કાઠિયાવાડ પોલિટિકલ એજન્ટનું વડુ મથક હતું.[8] ઇ. સ.૧૮૨૨ સુધી રાજકોટનો વિકાસ ખૂબ મર્યાદિત થયો હતો, પરંતુ અંગ્રેજોની કાયમી લશ્કરી છાવણી અને ઇ. સ.૧૮૫૮માં. તાજનું શાસન સ્થપાયા પછી બ્રિટિશ સરકારની વહીવટી નીતિમાં પણ પરિવર્તન આવ્યું અને તેમણે 'પ્રજાકલ્યાણ'ની નીતિ અપનાવી અને સાથે સાથે સૌરાષ્ટ્રના રાજવીઓને પણ તેવી નીતિ અપનાવવા પ્રોત્સાહિત કર્યા. ઇ. સ.૧૮૬૩માં સિવિલ સ્ટેશન (કેમ્પ)સ્થપાતા રાજકોટની પશ્ચિમ બાજુ પણ સારો વિકાસ થયો. એમાં વળી રાજકોટ, કાઠિયાવાડી એજન્સીની રાજધાની બનતાં સૌરાષ્ટ્રના રાજા-રજવાડાઓ અને બહારના વેપારીઓ વગેરે રાજકોટમાં જમીન ખરીદવા લાગ્યા. તેથી રાજકોટ શહેરનો વિસ્તાર વધ્યો ઇ.સ.૧૯૦૦ સુધીમાં તો સિવિલસ્ટેશનમાં સૌરાષ્ટ્રના અનેક રાજ્યોનાઉતારાબંધાયા હતા.વીસમીસદીમાંલાખાજીરાજના સમયમાં રાજકોટના શહેરીકરણની સાથે તેના આધુનિકી કરણની પણ શરૂઆત થઈ. રાજકોટ એ નાનું રાજ્ય હોવા છતાં કાઠિયાવાડની બ્રિટિશ એજન્સીનું વડું મથક હોવાથી સૌરાષ્ટ્રની રાજકીય પ્રવૃત્તિઓનું પણ એ વડુ મથક બન્યું હતું. સાથે સાથે સૌરાષ્ટ્રની આર્થિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર પણ બન્યું હતું.[9] પરિણામે રાજકોટ રાજ્ય આધુનિકીકરણના પંથે આગળ વધ્યું હતું. રાજકોટ રાજયમાં બાવજીરાજ અને લાખજીરાજનાં સમયમા પ્રજાકલ્યાંણના કાર્યો ખૂબ થાય હતાં.

- **વહીવટતંત્ર**

વહીવટના ક્ષેત્રે રાજકોટ રાજ્યમાં બ્રિટિશ એડમિનિસ્ટ્રેશનના સમય દરમિયાન નિયમિત દફતર રાખવાની પ્રથા શરૂ થઈ હતી. બાવાજીરાજ એ રાજકોટ રાજ્યના વહીવટમાં યોગ્ય વ્યક્તિઓની નિમણૂક કરી,રાજકોટનો વિકાસ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. મહાત્મા ગાંધીના પિતા કરમચંદ ઉત્તમ ચંદ ગાંધીને દિવાન તરીકે અને ઠાકોર સાહેબના સલાહકાર તરીકે કરસનદાસ મૂળજી નિમણૂક કરી હતી.કરમચંદ ગાંધી નિવૃત્ત થતાં બાવાજીરાજે રાજકોટના જ પ્રજાજન એવા મોતીચંદતુલસીને દીવાન તરીકે નીમ્યા હતા.બાવાજીરાજના શાસનના અંતે રાજકોટમાં ૮૦ ટકા કર્મચારીઓ રાજકોટના જ પ્રજાજનો હતાં. તેથી તેમણે પણ રાજકોટના વિકાસમાં ઊંડો રસ દાખવ્યો હતો.બાવાજી રાજ માત્ર ૩૪ વર્ષની નાની વયે ઇ.સ.૧૮૯૦માં અવસાન પામ્યા ત્યારે લાખાજીરાજ માત્ર પાંચ વર્ષની વયે સત્તા પર આવ્યા. ત્યારે તેઓ સગીર હોવાથી ઇ. સ.૧૮૯૦-૧૯૦૭ સુધી રાજકોટમાં ફરી એકવાર બ્રિટિશ મેનેજમેન્ટ હેઠળ મુકાયું. બ્રિટિશ સરકારે બાવાજી રાજના રાજનીતિપૂણ કારભારી એવા મોતીચંદતુલસીને જ પોતાના તરફથી રાજકોટના વહીવટદાર નીમ્યા

 **ISBN: 978-81-952708-6-6**

હતા.લાખાજી રાજે પણ  રાજકોટની રાજકુમાર કૉલજમાં શિક્ષણ લીધું હતું. ઉપરાંત તેમણે દહેરાદૂનની ઇમ્પિરિયલ કેડેટ કોર (I.C.C)માં બે વર્ષની લશ્કરી તાલીમ મેળવી હતી.લાખાજી રાજે ૨૧-૧૦-૧૯૦૭થી રાજવી તરીકેના સંપૂર્ણ હકો આપવામાં આવ્યા હતા. તેઓ ઇ. સ.૧૯૦૮માં ઇંગ્લેન્ડના પ્રવાસે ગયા ત્યારે તેમની ગેરહાજરીમાં રાજકોટ રાજ્યનો વહીવટ મુખ્ય કારભારી હરજીવન ભવાનભાઈ કોટકે કુશળતા પૂર્વક ચલાવી રાજ્યની પ્રતિષ્ઠા વધારી હતી. લાખાજીરાજનું પાછળ શિક્ષણ તથા પ્રવાસને કારણે તેમનું દ્રષ્ટિબિંદુ ઉદાર અને પ્રગતિશીલ રહ્યું હતું. તેમણે રાજકોટ રાજ્યમાં વિવિધ ક્ષેત્રે સુધારાઓ કર્યા હતા તેથી તેમને રાજકોટ રાજ્યના આધુનિકીકરણના ઘડવૈયા કહેવામાં આવે છે.[૧૦]

- **શહેર સુધરાઇ**

ઇ. સ.૧૮૬૯માં લોકશાહીની પદ્ધતિએ રાજકોટ શહેર સુધરાઈનો કાયદો પસાર કરાયો હતો. તેના અમલ માટે રાજ્ય તરફથી ચાર અમલદારો અને પ્રજા તરફથી પાંચ વ્યક્તિઓની બનેલી જનરલ સભા નીમવામાં આવી હતી.[૧૧] લાખાજીરાજે ઇ.સ. ૧૯૨૩ માં પોતાની પ્રજાને વહીવટમાં ભાગ લેતી કરવાના હેતુથી રાજકોટ રાજ્યમાં ચૂંટાયેલા ૯૦સભ્યોની પ્રજા પ્રતિનિધિસભાની સ્થાપના કરી હતી. તેમાં બે બેઠકો સ્ત્રીઓ માટે અનામત હતી. તેમજ વેપારક્ષેત્રની-૯, ખેતીક્ષેત્રની -૨૨, મજૂર વિભાગની -૩૧, સાધુસંતની -૨, કળા કૌશલ્ય વિભાગની -૧, તથા અન્ય શહેરીજનોની -૨૫, મળીને કુલ ૯૦ સભ્યો છૂટવાના હતા ૨૧ વર્ષથી ઉપરના દરેક નાગરિકને મતાધિકારનો હક આપવામાં આવ્યું હતો.આમ સંપૂર્ણ સૌરાષ્ટ્રમાં દેશી રાજ્યોમાં સંપૂર્ણપણે ચૂંટાયેલા સભ્યો ધરાવતી તે સૌ પ્રથમ સંસ્થા હતી.[૧૨]

- **ન્યાયતંત્ર:**

કાઠિયાવાડમાં વોકર કરાર પછી ઇ. સ.૧૮૩૧માં બ્રિટીશ એજન્સીએ રાજકોટમાં ફોજદારી અદાલત સ્થાપી રાજાઓના સ્વચ્છંદી ન્યાયની વિરૂદ્ધ નિષ્પક્ષ ન્યાયતંત્રની ગોઠવણી કરીને પ્રજાનો પ્રેમ સંપાદન કર્યો હતો. પરંતુ ઇ. સ. ૧૮૬૩ માં કર્નલકીટિંગે સૌરાષ્ટ્રના રાજ્યોને સાત વર્ગમાં વહેંચી તેમની ફોજદારી તથા દિવાની ન્યાયની સત્તાઓ નક્કી કરી સૌરાષ્ટ્રમાં આધુનિક ન્યાયતંત્રનો પાયો નાખ્યો હતો. તેથી કર્નલ કીટિંગેને સૌરાષ્ટ્રમાં ન્યાયિક સુધારણાનો પ્રણેતા કહેવામાં આવે છે.[૧૩] ઉપરાંત પોલિટિકલ એજન્ટને ન્યાયકાર્યમાં મદદ કરવા માટે ઇ. સ. ૧૮૭૨માં એક "જ્યુડિશિયલ આસિસ્ટન્ટ" ની નિમણૂંક કરવામાં આવી હતી. તેને સેશન્સ જજના હકો અપાય હતા. સૌરાષ્ટ્રના રાજ્યો અને તેમના ભાયાતો તથા ગિરાસદારો વચ્ચેના ઝઘડાઓ નું નિરાકરણ લાવવા માટે ઇ. સ. ૧૮૭૩ માં રાજકોટમાં રાજસ્થાનિક કોર્ટની સ્થાપના કરવામાં આવી હતી.[૧૪] ત્યારે પોલિટિકલ એજન્ટ જે.બી. પીલના કાર્યકાળમાં (૧૮૭૩-૧૮૭૮) કરવામાં આવી હતી. તેના પ્રમુખ તરીકે એક અનુભવી બ્રિટિશ અમલદાર મેજર જે. ડબલ્યુ. વોટસન  જેવા કાબેલ અને કાર્યદક્ષ બ્રિટિશ અમલદારને ઇ.સ.૧૮૭૭માં નીમવામાં આવ્યા હતા.[૧૫] ઇ. સ. ૧૮૭૩ માં શરૂ થયેલી રાજસ્થાનિક કોર્ટ ૧૮૯૯માં બંધ કરી દેવાઈ હતી.[૧૬]

આમ, ૧૮૭૩ થી ૧૮૯૯ સુધીના કુલ ૨૬ વર્ષના કાર્યકાળ દરમિયાન રાજકોટમાં બ્રિટીશ એજન્સીએ સ્થાપેલી રાજસ્થાનિકકોર્ટે સૌરાષ્ટ્રના ન્યાયતંત્રના ઇતિહાસમાં એક સીમાચિન્હરૂપ ગણાવી શકાય તેણે સૌરાષ્ટ્રના રાજ્યોની ન્યાય વ્યવસ્થાને પણઓપ આપવામાં મહત્વનું પ્રદાન કર્યું છે આ કોર્ટે રાજા અને ગરાસિયાઓ વચ્ચેના ઝઘડાના ઉકેલ માટે ની સર્વોચ્ચ અદાલત હતી. આ કોર્ટે બન્ને પક્ષોને સાંભળીને તટસ્થ ન્યાય આપ્યો હતો. આમ રાજસ્થાનિક કોર્ટે સૌરાષ્ટ્રના આધુનિક ઈતિહાસમાં એક ગૌરવપૂર્ણ, નોંધપાત્ર, મહત્વનું સ્થાન ધરાવતી હતી.

- **આર્થિકક્ષેત્રે સુધારા**

રાજકોટ રાજ્યનું નાણાકીય વર્ષ ૧લી નવેમ્બરથી ૩૧ઑક્ટોબર ગણવામાં આવતું હતું ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં રાજકોટ દુષ્કાળ તથા પ્લેગનો શિકાર બન્યું ત્યારે રાજ્ય દુષ્કાળ રાહત માટે કેટલાક પગલાં પડ્યા


ISBN: 978-81-952708-6-6

હતા.[૧૭] રાજકોટના ઠાકોર સાહેબ લાખાજીરાજે પોતાના રાજ્યના આર્થિક વિકાસ માટે સૌથી વધુ ભાર કૃષિના વિકાસ ઉપર મૂક્યો હતો, કારણકે ખેતીનો વિકાસ થાય તો ખેડૂતો અને રાજ્ય બંનેની આર્થિક સ્થિતિ સુધરે. રાજકોટ રાજ્યોની પ્રજાનો સૌથી મોટો સમૂહ લગભગ ૯૦ ટકા વસ્તી ખેતી ઉપર આધારિત હતી તેથી પોતાની પ્રજાના સૌથી મોટા આ જનસમૂહના કલ્યાણ માટે તેમણે સૌથી વધુ ધ્યાન આપ્યું હતું.

રાજકોટ રાજ્યનો વિસ્તાર ૭૩૦ચો.કિ.મી હતો.[૧૮] રાજ્યમાં ખેતી કરવા લાયક જમીનનું ક્ષેત્રફળ ૧૯૩૦-૩૧ માં ૧,૦૭,૮૮૩એકર અને ૩ ગુંઠા હતું.[૧૯] રાજ્યમાં જમીન પાંચ પ્રકારની હતી. તેમાં અનાજ, કઠોળ, તેલીબિયા, રોકડિયા પાકો અને શાકભાજીની ખેતી કરવામાં આવતી હતી. રાજ્યમાં સિંચાઈકુવાઓ અને તળાવો મારફત કરવામાં આવતી હતી. રાજકોટ રાજ્યએ ઇ. સ.૧૮૯૫ માં રૂપિયા ચાર લાખના ખર્ચે રાજકોટના સિમાડે લાલપરી તળાવ બંધાવ્યું હતું. તે ઉપરાંત સરધાર, કુવાડવા, પીપળીયા, હલેન્ડા તથા આણંદપુરમાં તળાવો બંધાવ્યા હતા. તેમાંથી લગભગ ૩૫૦૦ એકર જમીનમાં સિંચાઈનું પાણી મળતું.[૨૦] આ ઉપરાંત રાજ્યમાં ખેતી મુખ્યત્વે વરસાદ આધારિત હતી. તેથી સિંચાઈના સાધનોના વિકાસ માટે ઠાકોર સાહેબ લાખાજીરાજે કેટલાક પગલા લીધા હતા.

- નવો કુવો ખોદવા માટે ખેડૂતને રાજ્ય તરફથી ૨૦૦ રૂપિયાની મદદ.
- પાણી ક્યાં નીકળશે તેવું જાણકાર પાસે ખાતરી આપી હોય તેવી જગ્યાએ ૨૫હાથ ઊંડો કૂવો ખોદે તે છતાં પાણી ન નીકળે તો પણ તેવા ખેડૂતોને રૂપિયા ૨૦૦ની મદદ.
- જુના કુવા ઊંડા ઉતારવાના ખરેખર ખર્ચના ૭૫ ટકાની સહાય
- કુવાના નવા પાકા મથાળા બાંધવાના ખરેખર ખખર્ચના ૬૬.૬%ની સહાય
- જુના કુવાના મથાળા રીપેર કરવાના ખર્ચમાં પણ યોગ્ય ભાગ રાજ્ય તરફથી અપાતો[૨૧]

રાજકોટ રાજ્યમાં ખેતીના વિકાસ માટે સિંચાઇથી ખેતી કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવતું હતું જેમકે -(૧) ૧૯૨૮-૩૦ના ત્રણ વર્ષ દરમિયાન કુવાના પાણીથી સિંચાઈ કરવામાં આવે તો મહેસુલ બે વર્ષ સુધી ૩૩ ટકાને બદલે ૨૫ ટકા જ લેવાશે, આમ આઠ ટકા મહેસૂલની રાહત આપી હતી.(૨)રાજ્યમાં તલાટીઓ દ્વારા રાજ્યના ખેડૂતોને નવાકુવા માટે ત્રણ વર્ષ સુધી કૂવાના પાણીથી સિંચાઈ કરવા જે તલાટીઓ પ્રેરણા આપશે તેને કૂવાદીઠ રૂપિયા ૧૦નો પુરસ્કાર અપાશે.[૨૨]

જમીનના પાકોમાં સુધારણા કરવા નવી જાતના સારા બિયારણો ,ખાતર અને જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવા માટે એક મોડેલ ફાર્મ સાથે રાજ્ય તરફથી ખેતીવાડી ખાતુ સ્થાપ્યું અને તેમાં તેના જાણકાર અધિકારીઓને નીમ્યાં હતા. રાજ્યમાં પાંચ કૃષિ નિષ્ણાંતો નિમવામાં આવ્યા હતા. તેઓ ગામડાઓમાં પ્રવાસ કરીને ખેડૂતોને નવી પદ્ધતિઓના ઉપયોગ વિશે સમજાવતા હતાઅને તેનો ઉપયોગ કેમ કરવો તે શીખવતા હતા.[૨૩] ખેડૂતોને ખેતીવાડીનું જ્ઞાન વૈજ્ઞાનિક ઢબે મળે તે માટે રાજયે પોતાના ખેતી ખાતાના સલાહકાર પાસે કૃષિ વાંચનમાળાના ત્રણ પુસ્તકો લખાવી ધોરણ ૩ થી ૫ સુધી તેમનું શિક્ષણ દાખલ કરેલું, તેનો હેતુ કેળવણી સાથે ખેતીનો વિકાસ કરવાનો હતો.ખેડૂતોના બાળકો માટે મફત શિક્ષણ અને મફત પુસ્તકો આપવાના હુકમો કરાયા હતા. આ ઉપરાંત ખેતીવાડીના નવા ઓજારોનો ઉપયોગ કરવા પણ પ્રોત્સાહન અપાતુ હતું. ખેડૂતોને સારી જાતના બિયારણ અને ખેત ઓજારોની માહિતી આપવા રાજ્યકૃષિ પ્રદર્શનનો પણ ગોઠવતું કાઠિયાવાડ રાજકીય પરિષદના અધિવેશન વખતે રાજકોટમાં ખેતીવાડી અને ઔદ્યોગિક ઉત્પાદનોનું પ્રદર્શન રાખેલું તેમાં લાખાજીરાજે રૂપિયા ૨૫૦૦ની મદદ આપી હતી. ખેડૂતોના કલ્યાણ માટે રાજ્યે કેટલાક કાયદાઓઘડ્યા હતા. જેમ કે ખેડૂતોને રાહત આપવાના નિયમો વેઠપ્રથાની નાબુદી કરજ માફી વગેરે લાખાજીરાજ પોતે દર વર્ષે એક મહિનો ગામડામાં મુકામ કરી ફરતાં અને દરેક પ્રજાનો પ્રેમ અને વિશ્વાસ સંપાદન કરતા. પશુસંવર્ધન માટેના પણ પગલા લીધા હતા. ઇ. સ.૧૯૧૦માં યુવરાજ ધર્મેન્દ્રસિંહના જન્મ પ્રસંગે રાજ્યમાં ગૌવધની મનાઈ ફરમાવી હતી. પશુ ઉછેર વૈજ્ઞાનિક ઢબે કરવા પેડોકમાં ઢોર ઉછેર કેન્દ્ર તથા મરઘા ઉછેર કેન્દ્ર શરૂ કરાયા હતા.પ્રજા


**ISBN: 978-81-952708-6-6**

ઉપરના કેટલાક કોર નાબૂદ કર્યા હતા. ઊધડ વીઘોટીને બદલે એકસરખી ભાગ બટાઈ પદ્ધતિ દાખલ કરી હતી. ખેડૂતોને શાહુકારોના પંજામાંથી બચાવવા ખેડૂત બેંક સ્થાપવામાં આવી હતી.

લાખાજીરાજના શાસનકાળમાં રાજકોટ શહેરનો વિસ્તાર અને વસ્તી વધ્યા હતા. વળી રાજ્યમાં વેપાર અને ઉદ્યોગોનો પણ વિકાસ થયો હતો. લાખાજીરાજે વેપાર અને ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા પ્રયત્નો કર્યા હતા. ઇ.સ.૧૯૧૦માં રાજકોટ સ્ટેટ બેન્ક, ઇ.સ.૧૯૧૧માં કાપડ મિલ,ઇ.સ.૧૯૧૫માં કૃષિ બેંકો અને પછીથી લાખાજીરાજ રોલર ફ્લોર શરૂ કરેલ હતા.ઇ.સ.૧૯૨૪માંપાવર હાઉસ શરૂ કરી લોકોને વેપાર તથા ઉદ્યોગોને વીજળીની સગવડ અપાઈહતી.[૨૪] આર્થિક વિકાસની સાથે માલ અને માણસોની હેરફેર માટે રસ્તાઓ અને રેલ્વેના બાંધકામ પણ હાથ ધરાયા હતા.ઇ.સ.૧૮૬૫માં વઢવાણ થી રાજકોટનો રસ્તો બાંધવાનું કામ શરુ થયું હતું. ઇ.સ.૧૮૮૦ પછી ગોંડલ, મોરબી અને જામનગર રાજ્યોએ રાજકોટ સુધીની રેલવે લાઇનનો નાખી હતી. જોકે રાજકોટ રાજ્યની પોતાની કોઈ રેલવે નહોતી.[૨૫] આમ રાજકોટ રાજ્યે રસ્તા અને રેલવે માર્ગે સૌરાષ્ટ્રના અન્ય રાજ્યો તથા મુંબઈ સાથે જોડાતા રાજકોટનો આર્થિક વિકાસ ઝડપી બન્યો હતો.

- **સામાજિકઅને શૈક્ષણિકસુધારાઓ**

સામાજિક સુધારણા ક્ષેત્રે સૌપ્રથમ રાજપૂતોમાં પ્રવર્તતો દીકરીઓને દૂધપીતી કરવાના રીવાજને નાબૂદ કરવાના પ્રયત્નો થયા હતા. રાજકોટના રાજવી મહેરામણજી ચોથાએ આ રિવાજ બંધ કરાવવામાં અંગ્રેજ સરકારની મદદ કરેલી. એ માટે કદર કરીને ઇ.સ.૧૮૫૭માં બ્રિટિશ રાજયેએ મને સોનાનો હાર ભેટ આપ્યો હતો. ઇ. સ. ૧૮૫૭માં રાજકોટ રાજ્યના લોકોના નૈતિક વિકાસ માટે જુગાર અટકાવવાનો કાયદો અને પરવાનગી વિના પશુ- પક્ષીઓના શિકાર કરવા ઉપર પ્રતિબંધ મૂકતો કાયદો પસાર કરવામાં આવ્યો હતો.

ઇ. સ.૧૮૫૫માં રાજકોટમાં 'સૌરાષ્ટ્ર-હિતવર્ધક મંડળી' સ્થપાઈહતી. તો 'સૌરાષ્ટ્ર દર્પણ' અને 'વિજ્ઞાન વિલાસ' જેવા સામયિકોએ પણ નવા સુધારાવાદી વિચારો ફેલાવ્યા. બ્રિટીશ એજન્સીના નાગર અમલદાર મણિશંકર કિકાણી અને રાજકોટના રાજવીના સલાહકાર કરસનદાસ મૂળજીએ સામાજિક સુધારાની ચળવળને પ્રોત્સાહન આપ્યું હતું. ઇ. સ.૧૮૭૪માં ટંકારાના મૂળ વતની એવા દયાનંદ સરસ્વતીએ રાજકોટમાં આવીને પ્રવચનો આપ્યા. પછીથી અહીં આર્યસમાજની સ્થાપના થઇ હતી.આમ સામાજિક અને ધાર્મિક સુધારણા ક્ષેત્રે સૌરાષ્ટ્રમાં રાજકોટ અગ્રેસર રહ્યું હતું.[૨૬] શિક્ષણના વિકાસના ક્ષેત્રે પણ રાજકોટ સૌરાષ્ટ્રનું વિદ્યા કેન્દ્ર રહ્યું હતું અનેછે. રાજકોટમાં પ્રથમ ગુજરાતી શાળા સ્થપાઇ હતી. સૌરાષ્ટ્રમાં કન્યા કેળવણીનો પાયો રાજકોટમાં નંખાયો. ઇ.સ.૧૮૬૭માં હન્ટર ટ્રેનિંગ કોલેજ (પુરૂષો માટે) અને ઇ. સ.૧૮૮૫માં સ્ત્રીઓ માટે બાર્ટન ટ્રેનિંગ કોલેજ (સ્ત્રીઓ માટે)સ્થપાઇ હતી. સૌરાષ્ટ્રમાં ઇ.સ.૧૮૬૩માં સુધારાનો શિલ્પી કર્નલ કિટિંગ હતો. તેના પ્રયત્નોથી જઇ.સ.૧૮૭૦માં રાજકોટમાં દેશી રાજ્યોના ભાવિ રાજવીઓની શિક્ષણ આપવા માટે 'રાજકુમાર કોલેજ' સ્થપાઇ. ઠાકોર સાહેબ બાબાજી આ કોલેજમાં અભ્યાસ કર્યો હતો તેઓ આ કોલેજના પ્રથમ બેચના વિદ્યાર્થી હતા. આમ વ્યવસ્થિત અંગ્રેજી શિક્ષણ મેળવનાર તેઓ રાજકોટના પ્રથમ રાજવી હતા. રાજકોટમાં રાજકુમાર કોલેજની સ્થાપના સૌરાષ્ટ્રમાં એક નવા યુગનો ઉદય સૂચવે છે.[૨૭] પછીથી તે પશ્ચિમ હિંદની સૌથી મહત્વની સંસ્થા બની ગઈ.ઇ.સ.૧૮૭૪માં આલ્ફ્રેડ હાઈસ્કૂલની સ્થાપના થઈ, જેમાં પછીથી ગાંધીજી ભણ્યા હતા. આ ઉપરાંત રાજકોટમાં લેંગ લાઈબ્રેરી અને ઇ.સ.૧૮૮૮માં વૉટ્સન મ્યુઝિયમની પણ સ્થાપના થઇ હતી. આમ રાજકોટ સૌરાષ્ટ્રનું વિદ્યાકેન્દ્ર બન્યું.ઇ.સ.૧૯૨૯માં સંપૂર્ણ રાજ્યના શિક્ષકોનું એક શિક્ષણ સંમેલન બોલાવ્યું હતું. સૌરાષ્ટ્રમાં પ્રથમ સ્ત્રી વાંચનાલય રાજકોટમાં શરૂ કરાયું હતું. રાજ્યમાં રૂપિયા ૩૫ સુધીનો માસિક પગાર મેળવતા કર્મચારીઓના બાળકોને અંગ્રેજી શિક્ષણ મફત આપવાનો નિયમ કર્યો હતો. યંત્રશાસ્ત્ર, એન્જિનિયરિંગ તથા રસાયણશાસ્ત્રના પુસ્તકો ગુજરાતી ભાષામાં લખાવીને શાળામાં દાખલ કરી ટેકનિકલ શિક્ષણને માતૃભાષામાં કરી તેને પ્રોત્સાહન આપ્યું હતું.[૨૮]

 **ISBN: 978-81-952708-6-6**

- **રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ**

રાષ્ટ્રીય પ્રવૃત્તિની દ્રષ્ટિએ પણ સૌરાષ્ટ્રમાં રાજકોટનું પ્રદાન મહત્ત્વનું રહ્યું છે.અંગ્રેજો વિરુદ્ધની કોઈપણ પ્રવૃત્તિને છૂપી રીતે પણ મદદ કરવામાં મોટા દેશી રાજ્યો પણ ગભરાતા હતાં, એવા સમયે રાજકોટના ઠાકોર સાહેબ લાખાજીરાજે ઇ.સ.૧૯૯૦માં 'કાઠિયાવાડ રાજકીય પરિષદ'નું પ્રથમ અધિવેશન રાજકોટમાં ભરવાની પરવાનગી આપીને પોતાની રાષ્ટ્રવાદી વિચારસરણીનો પરિચય આપ્યો હતો, તો વળી સરધારનો શિકાર - સત્યાગ્રહ પણ રાજકોટમા ઇ.સ.૧૯૨૨માં થયો હતો. લાખાજીરાજે પોતાની પ્રજાને 'પ્રજા- પ્રતિનિધિ સભા' આપીને જવાબદાર રાજ્યતંત્રની દિશામાં પ્રથમ પગલું ભર્યું હતું એમ કહી શકાય. આ સભામાં બધા જ સભ્યો ચૂંટાયેલા રાખવામાં આવ્યા હતા. સૌરાષ્ટ્રમાં એમનું આ પગલું અપૂર્વ હતું. એ રીતે રાજકોટ સૌરાષ્ટ્રમાં રાજકીય રીતે પ્રગતિશીલ રાજ્ય તરીકે પ્રસિદ્ધ થયું. આ ઉપરાંત લાખાજીરાજે 'વેપારી મંડળ' અને 'ખેડૂત મહાસભા' જેવી સંસ્થાઓ સ્થાપી હતી અને કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું રાજકોટમાં સ્વાગત કર્યું હતું. ઇ.સ.૧૯૨૯માં 'કાઠીયાવાડ યુક્ત પરિષદ'નું પ્રમુખસ્થાન લેવા રાજકોટમાં જવાહરલાલ નેહરુ આવ્યા ત્યારે એમનું પણ સન્માન કર્યું હતું. એમાં પણ તેમણે 'કાઠીયાવાડ નરેન્દ્ર મંડળ' એટલે કે કાઠિયાવાડના રાજવીઓનું સંગઠન ઊભું કરવાનો જે પ્રયત્ન કરેલો તેનાથી બ્રિટિશ સરકાર રોષે ભરાઇ હતી. જ્યારે સામે પક્ષે ઇ.સ.૧૯૨૫માં ભાવનગરમાં મળેલી 'કાઠિયાવાડ રાજકીય પરિષદ' લાખાજીરાજની રાષ્ટ્રવાદી પ્રવૃતીઓને બિરદાવીને ગાંધીજીના અધ્યક્ષ સ્થાને સન્માનપત્ર આપ્યુ હતું.

બારડોલી સત્યાગ્રહ,ખાખરેચી સત્યાગ્રહ, દાંડી કૂચ, વિરમગામ અને ધાંગધ્રા સત્યાગ્રહ વગેરેમાં રાજકોટ રાજ્યમાંથી સ્વયંસેવકો જોડાયા હતા. તો ૧૯૩૮-૨૯નો મહત્વનો રાજકોટ સત્યાગ્રહ અહીં જ થયો હતો. 'રાજકોટ સત્યાગ્રહ'માં તો ગાંધીજીએ અહીં આવીને રાષ્ટ્રીય શાળામાં ઉપવાસ કર્યા. તેથી રાજકોટ રાજયે રાષ્ટ્રવ્યાપી મહત્વ ધારણ કર્યું. આ સત્યાગ્રહ નિષ્ફળ ગયો પણ એનાથી સૌરાષ્ટ્રની રાષ્ટ્રિય પ્રવૃત્તિને વેગ મળ્યો.જૂનાગઢની સ્વતંત્રતા માટેની આરઝીહકુમતની સ્થાપના ૨૫-૯-૧૯૪૭ના દિવસે મુંબઈમાં થઈ પણ એને રાજકોટમાં આવીને જ પોતાની પ્રવૃત્તિઓ કરી હતી અને સફળતા પણ મેળવી હતી.[૨૯]

આમ, રાજકોટ એ સૌરાષ્ટ્રના ૨૨૨ રાજ્યોનું એક નાનકડું દ્વિતીય વર્ગનું રાજ્ય હોવા છતાં અત્યંત મહત્વનું બન્યું હતું. એ સૌરાષ્ટ્રની રાજકીય પ્રવૃત્તિઓનું કેન્દ્ર બન્યું હતું. એ આર્થિક ક્ષેત્રે પણ વેપાર અને વાણિજ્યથી સમૃદ્ધ એવું કેન્દ્ર બન્યુ. બ્રિટિશ શાસનને કારણે  સૌરાષ્ટ્રમાં અંધાધૂંધીને બદલે રાજકીય સ્થિરતા છપાતાએનો સૌથી વધુ લાભ રાજકોટને મળ્યો હતો. એ બ્રિટિશ એજન્સીનુંવડુ મથક હોવાથી અહીં થયેલા સામાજીક અને આર્થિક સુધારાઓની જ્યોત સૌરાષ્ટ્રના બીજા પ્રદેશોમાં પણ ફેલાઈ હતી. રાજકોટના રાજવી લાખાજીરાજના પ્રગતિશીલ વિચારો બીજા પ્રગતિશીલ રાજ્યો માટે પણ પ્રેરક અને પ્રોત્સાહક બન્યા હતા. તો અહીં સ્થપાયેલી શૈક્ષણિક સંસ્થાઓ એ એની સ્થાપના પછીના વર્ષોમાં અનેક મહત્વના અમલદારો,મહાપુરુષો અને  રાજવીઓના વ્યક્તિત્વના વિકાસમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. તેમ જ ખેતીવાડીના ક્ષેત્રે પણ વિકાસ, વેપાર અને વાણિજ્ય ક્ષેત્રે પણ વિકાસ, આરોગ્ય ક્ષેત્રે, રોડ-રસ્તાઓઅને સમાજ ઉદ્ધારક પ્રવૃત્તિઓ પણ કરવામાં આવતી હતી. ટૂંકમાં એમ કહી શકાય કે રાજકોટ રાજ્યએ સૌરાષ્ટ્રનું માત્ર બીજા વર્ગનું રાજ્ય હોવા છતાં વહીવટી, સામાજિક-આર્થિક અને શૈક્ષણિક તથા સાંસ્કૃતિક દ્રષ્ટિએ સૌરાષ્ટ્રના હૃદય સમાન હતું અને તેથી સૌરાષ્ટ્રના દેશી રાજ્યોમાં એનું પ્રદાન અનુપમ રહ્યું હતું એમ કહી શકાય.

**સંદર્ભો**

1. જાની ડૉ. એસ.વી.“ઇતિહાસ સુધા” પ્રવીણ પુસ્તક ભંડાર પ્રથમ આવૃત્તિ ૨૦૦૮, પૃ.૨૬
2. ખાચર ડૉ. પ્રદ્યુમ્નભ.“સૌરાષ્ટ્રનો ગૌરવવંતો ઇતિહાસ” પ્રવીણ પબ્લિકેશન, પ્રથમ આવૃત્તિ ૨૦૧૦,પૃ.૨૮૩
3. દેસાઈ શંભુપ્રસાદ હરપ્રસાદ “શૌરાષ્ટ્રનો ઇતિહાસ” પ્રકાશન: પ્રવીણ પબ્લિકેશન ચોથી આવૃત્તિ:૨૦૧૮ પૃ.૬૧૭

 **ISBN: 978-81-952708-6-6**

4. વોટસન કર્નલ જે.ડબલ્યુ. "કાઠિયાવાડ સર્વસંગ્રહ"ભાષાંતરકાર :નર્મદા શંકરલાલ શંકર એજ્યુકેશન સોસાયટી પ્રેસ, મુંબઈ-૧૮૮૬, પૃ.૫૫૫
5. વોટસન કર્નલ જે.ડબલ્યુ. "કાઠિયાવાડ સર્વસંગ્રહ" સંપાદન : ખાચર ડૉ. પ્રદ્યુમ્ન ભ.પુનઃમુદ્રણ ૨૦૦૫ પૃ.૩૬૪
6. ખાચર ડૉ. પ્રદ્યુમ્ન ભ. "સૌરાષ્ટ્રનો ગૌરવવંતો ઇતિહાસ" પ્રવીણ પબ્લિકેશન, પ્રથમ આવૃત્તિ ૨૦૧૦,પૃ.૨૮૫
7. જાની ડૉ.એસ. વી. "સૌરાષ્ટ્રનો ઈતિહાસ " (૧૮૦૭-૧૯૪૭) દર્શક ઇતિહાસ નિધિ , ચોથી આવૃત્તિ ૨૦૧૪, પૃ.૧૩૫
8. માણેક ડૉ. કલ્પાબેન.એ."ઈતિવૃત્ત"પ્રથમ આવૃત્તિ ૨૦૦૩,પૃ.૭૪
9. માણેક ડૉ. કલ્પાબેન.એ."ઇતિહાસ દર્શન" પ્રથમ આવૃત્તિ ૨૦૦૫,પૃ.૯
10. જાની ડૉ.એસ. વી. "સૌરાષ્ટ્રનો ઈતિહાસ " (૧૮૦૭-૧૯૪૭) દર્શક ઇતિહાસ નિધિ , ચોથી આવૃત્તિ ૨૦૧૪, પૃ.૨૧૫
11. જાની ડૉ.એસ. વી. "ઇતિહાસની આરસીમાં સૌરાષ્ટ્ર" પ્રથમ આવૃત્તિ ૨૦૦૪પૃ.૧૧૧
12. જાની ડૉ.એસ. વી. "સૌરાષ્ટ્રનોઈતિહાસ " (૧૮૦૭-૧૯૪૭) દર્શક ઇતિહાસ નિધિ , ચોથી આવૃત્તિ ૨૦૧૪, પૃ.૨૧૫
13. વોટસન કર્નલ જે.ડબલ્યુ. "કાઠિયાવાડ સર્વસંગ્રહ" ભાષાંતરકાર : નર્મદા શંકરલાલ શંકર એજ્યુકેશન સોસાયટી પ્રેસ, મુંબઈ-૧૮૮૬, પૃ.૨૪૦
14. પરીખ ર. છો. અને શાસ્ત્રી હ.ગં.(સંપાદક)-'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' ગ્રંથ -૮, અમદાવાદ,૧૯૮૪, પૃ.૧૭૯
15. Bell. H. Wilberforce –The History of Kathiawad, New Delhi,1890, p.235
16. પુરોહિત ડૉ નીતા. જે."સૌરાષ્ટ્ર ઇતિહાસ તરંગ" પ્રકાશક: સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, પ્રથમ આવૃત્તિ વર્ષ:૨૦૦૯, પૃ.૭
17. જાની ડૉ.એસ. વી. "સૌરાષ્ટ્રનો ઈતિહાસ " (૧૮૦૭-૧૯૪૭) દર્શક ઇતિહાસ નિધિ , ચોથી આવૃત્તિ ૨૦૧૪, પૃ.૨૧૩
18. The Ruling Princes, Chiefs and Leading Personages in India, New Delhi,1935,p.62
19. Rajkot State Administration Report,1930-31, p.18
20. ભટ્ટ, ત્રિ.પુ.(સંગ્રાહક)- સંસ્થાન રાજકોટની ડિરેક્ટરી ભાગ-૧, રાજકોટ પૃ.૧૮-૧૯
21. જાનીડૉ. એસ.વી. "ઇતિહસ કુસુમ" પ્રથમ આવૃત્તિ ૨૦૦૭, પૃ.૧૯
22. જોબનપુત્રા, જયંતીલાલ.લા. અને વ્યાસ, ત્રિભુવન. ગો.-સર લાખાજીરાજનાસંસ્મરણો, રાજકોટ ૧૯૩૪, પૃ.૧૪૬
23. Rajkot State Administration Report,1929-30, p.11
24. જાની ડૉ.એસ. વી. "સૌરાષ્ટ્રનો ઈતિહાસ " (૧૮૦૭-૧૯૪૭) દર્શક ઇતિહાસ નિધિ , ચોથી આવૃત્તિ ૨૦૧૪, પૃ.૨૧૭
25. માણેક ડૉ. કલ્પાબેન.એ. "ઇતિહાસ દર્શન" પ્રથમ આવૃત્તિ ૨૦૦૫, પૃ.૧૧
26. એજન .પૃ.૧૦
27. Bell.H.Wilberforce – The History of Kathiawad,New Delhi,1890,p.224
28. જાની ડૉ.એસ.વી.પુર્વોકતગ્રંથ પૃ.૨૧૯
29. માણેક ડૉ. કલ્પાબેન.એ. "ઇતિહાસ દર્શન" પ્રથમ આવૃત્તિ ૨૦૦૫, પૃ.૧૧-૧૨


**ISBN: 978-81-952708-6-6**

# ભારતીય સંસ્કૃતિ, મેળા અને ઉત્સવો

**પટેલ નૂતનબહેન ભીખાભાઈ**
સંશોધક; શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા

**પ્રસ્તાવના**

ભારતીય સંસ્કૃતિ એ સૌથી પ્રાચીનતમ સંસ્કૃતિ છે. ભારતીય સંસ્કૃતિ ગંગાના પ્રવાહ સમાન છે. ભારતીય સંસ્કૃતિ સાથે જોડાયેલ મેળા અને ઉત્સવો આજે વિશ્વ પ્રસિદ્ધ છે. આ મેળા માણવા અને ઉત્સવનો આનંદ લેવા માટે વિદેશીઓ ભારતમાં આગમન કરે છે અને ભારતીય સંસ્કૃતિને જાણે અને માણે છે. મેળા અને ઉત્સવો લોકજીવનનું અગત્યનું અંગ છે અને આપણી સંસ્કૃતિ સાથે જોડાયેલા છે. ઉત્સવ અને મેળા ભારતીય સંસ્કૃતિનો ધબકાર કરી શકાય. પ્રાચીન કાળથી ભારતીય કલા અને સંસ્કૃતિ વિશ્વભરમાં આગવું સ્થાન ધરાવે છે અને એ જીવનના આનંદ ઉલ્લાસનો ખૂબ જ સુંદર સમય આપણા રોજિંદા જીવનને નાવિન્યપૂર્ણ બનાવવું શ્રેષ્ઠ કાર્ય ઉત્સવ અને મેળા કરે છે. ભારતમાં વસતા વિવિધ ધર્મ, જાતિ, ભાષાના લોકો પોતપોતાના રીતરિવાજો અનુસાર હર્ષોલ્લાસ સાથે ઉત્સવ ઉજવે અને મેળાનો આનંદ લે છે અને ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરે છે.

મેળા અને ઉત્સવ એક પ્રકારના આનંદ અને ઊર્જાનો ઉભરો કહીએ તો તે ખોટું નથી. લોકજીવનનું દૈવત તેના સાંસ્કૃતિક લોકઉત્સવ અને લોકમેળામાં જોવા મળે છે. ભારતની આ સાંસ્કૃતિક એકતાના મૂળ લોક **ઉત્સવો અને** લોકમેળામાં જ પડેલા છે. દરેક મેળાનું રૂપ અને તેમાંની પ્રવૃત્તિઓ જુદી જુદી હોય છે. ભારતીય લોકપરંપરામાં ભારતના મેળા અને ઉત્સવો અગત્યની ભૂમિકા ભજવે છે. મેળા અને ઉત્સવો ભારતના ધબકતા લોકજીવનની પ્રતીતિ કરાવે છે. મેળા અને ઉત્સવો આનંદ આપવાની સાથે માનવીને ઈશ્વરાભિમુખ કરે છે અને કલા ભાવનાનો વિકાસ થાય છે. આનાથી લોકજીવનનો સંસ્કાર વિનિમય થાય છે. ભારતમાં ઉજવાતા વિવિધ મેળાઓ અને વિવિધ ઉત્સવો ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરે અને ભારતનું ગૌરવ વધારે છે. ઉત્સવ તો ભારતીયોના હૃદયના ધબકારા સમાન છે. ભારતની વિવિધતામાં કેટલી એકતા છે તે આખો દેશ ફર્યા વિના જાણવું હોય તો દેશના દસ-બાર મેળા ફરી લેવા તો **તેનો ખ્યાલ** આવી જાય. આ મેળાઓ તહેવારો અને ઉત્સવો ભારતીય સંસ્કૃતિનું અગત્યનું અંગ છે.

**સંસ્કૃતિ**

અંગ્રેજી શબ્દ કલ્ચર મૂળ લેટિન શબ્દ કલ્ટ (cult) કે ક્લ્ટ્સ (cults) પરથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ કે ખેડાણ કરવું અથવા ઉગાડવું અને શુદ્ધ કરવું અને પૂજન કરવું એવો થાય છે. ટૂંકમાં એનો અર્થ કોઈ એક ચીજ-વસ્તુનું એવું તો વાવેતર કે શુદ્ધિકરણ કરવું તે આપણી પ્રશંસા કે સન્માનને યોગ્ય બની રહે. એ વાસ્તવમાં સંસ્કૃત ભાષાના સંસ્કૃતિ શબ્દ જેવું જ **છે. આમાં** સંસ્કૃતિ શબ્દ  કી (કરવું) જે સંસ્કૃત ભાષાના મૂળ શબ્દમાંથી ઉતરી આવેલ છે. ત્રણ વ્યવહારુ શબ્દ છે. કી, પ્રકૃતિ (જે તેનું મૂળ સ્વરૂપ) અને સંસ્કૃતિ (સુધરેલ બાબત કે સ્થિતિ) કે અને વિકૃતિ (તત્વોની નાશવંત સ્થિતિ). જ્યારે પણ પ્રકૃતિ અથવા મૂળ વસ્તુનું નવું શુદ્ધ ધારણ કરાય ત્યાં તેને સંસ્કૃતિ કહેવામાં આવે **છે**.

સંસ્કૃતિ જીવનનો એક માર્ગ છે. સંસ્કૃતિ એટલે આપણી પ્રકૃતિ અને જીવનશૈલી તથા વિચારસરણીની અભિવ્યક્તિ. મનુષ્યની વિચારપ્રણાલી, જીવનપ્રણાલી અને ભક્તિ પ્રણાલી એટલે સંસ્કૃતિ આવો સામાન્ય અર્થ થાય. જીવન જીવવાની કળા એટલે સંસ્કૃતિ. એક વિચારધારા, પરંપરા, વાણી, વર્તન અને વિચારનો સુમેળ થાય છે તેવા લોકોના સમૂહને સંસ્કૃતિ કહે છે. આપણા પૂર્વજો તેમના પુરોગામી પાસેથી ઘણું બધું શીખ્યા છે. સમય પર આગળ વધતા એમને એમાં પોતાના અનુભવને આધારે ઉમેરો પણ કર્યો. આ દ્રષ્ટિએ આપણે આપણા પૂર્વજો

 **ISBN: 978-81-952708-6-6**

પાસેથી ઘણું શીખ્યા. આ રીતે સંસ્કૃતિ પેઢી-દર-પેઢી **હસ્તાંતરિત થઈને** આગળ વધતી જ રહે **છે. સંસ્કૃતિ** જીવન સાથે પ્રગાઢપણે જોડાયેલ છે.

**ભારતીય સંસ્કૃતિ**

ભારતીય સંસ્કૃતિ એ વિશ્વની સૌથી પ્રાચીન સંસ્કૃતિ છે. દુનિયાના અન્ય દેશોની સરખામણીએ ભારતીય સંસ્કૃતિ આદિકાળથી પરંપરાગત સાથે જ જીવંત રહે **છે. ભારતને** વિવિધ સંસ્કૃતિઓની ભૂમિ તરીકે ઓળખવામાં આવે છે. ભારતીય સમાજમાં પેઢી-દર-પેઢી હસ્તાંતરણ તરફ જતી જીવનશૈલી એટલે ભારતીય સંસ્કૃતિ એમ પણ **કહેવાય. આપણી** સંસ્કૃતિ આપણા જીવનનો પથ કહેવાય. ભારતીય સંસ્કૃતિએ સમગ્ર વિશ્વમાં રહસ્યવાદી સંસ્કૃતિઓમાં એક અને સૌથી જૂની અને જીવંત સંસ્કૃતિ તરીકે ઓળખવામાં આવે છે. જે ધર્મથી માંડીને લોકોની રહેણીકરણી, માન્યતાઓ, પહેરવેશ, ભાષા અને બોલી, ધાર્મિક આસ્થા રિવાજો, ઉત્સવો, પર્વો જીવન તારા બધા પાસાઓ પ્રતિબિંબિત થાય છે. ભારતીય સંસ્કૃતિએ ભારતના લોકોને કળા, નીતિ, સંગીત, કાયદો, સાહિત્ય, રિવાજ, ટેવો, સ્થાપત્યો, શિલ્પો, ધર્મ, વિજ્ઞાન અને દાર્શનિક સિદ્ધાંતરૂપી વારસાની ભેટ આપી છે અને આજે સમગ્ર વિશ્વના પ્રવાસીઓ માટે એક ઉત્તમ પર્યટન સ્થળ છે.

ભારતીય સંસ્કૃતિનો ખૂબ જ મહત્વપૂર્ણ ભાગ છે ધર્મ. ભારત એક બિનસાંપ્રદાયિક (ધર્મનિરપેક્ષ) દેશ છે. બિનસાંપ્રદાયિક એટલે દરેક ધર્મ અને સંપ્રદાયને કોઈ પક્ષપાત વિના સરખું જ મહત્વ આપવામાં આવે છે તેમજ સર્વધર્મ સમભાવની ભાવના જાળવવામાં આવે છે. તમામ સંપ્રદાયો અને ધર્મ પ્રત્યે સમભાવ અને રાખવામાં આવે **છે. ભારતમાં** હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, જૈન, પારસી અને યહુદી ધર્મ પાળતી પ્રજા વસે છે. ભારતના બંધારણે ભારતને એક ધર્મનિરપેક્ષ રાષ્ટ્ર જાહેર કરેલ છે. જેમાં પ્રત્યેક વ્યક્તિને પોતાની ઈચ્છા અનુસાર ધર્મપાલન કરવાની છૂટ છે. ધર્મની ભિન્નતા હોવા છતાં સૌ સમાન રીતે ધર્મનું આચરણ કરી શકે તેવા શુભ આશયથી ભારત દેશમાં દરેક ધર્મને સરખું મહત્વ આપવામાં આવ્યું છે.

ભારત સંસ્કૃતિમાં વિવિધતા ધરાવતો દેશ છે. વિશ્વના મહાન આઠ ધર્મોના લોકો અહીં ભાતૃભાવ પૂર્વક રહે છે. વિવિધતામાં એકતાના દર્શન ભારતીય સંસ્કૃતિમાં થાય છે. ભારતના લોકોમાં ઘણી વિવિધતા જોવા મળે છે. વિશ્વભરમાંથી ઘણી ઓછી સંસ્કૃતિમાં ભારતીય સંસ્કૃતિ જેવી વિવિધતા જોવા મળે છે. વિવિધ પ્રકારના લોકો, પહેરવેશ, બોલી, ભાષા, જાતિ, ધર્મ, સંપ્રદાય આ દ્રષ્ટિએ દુનિયામાં સૌથી વધુ વૈવિધ્ય ધરાવતો દેશ હોય તો તે છે આપણો ભારત દેશ. હજારો વર્ષો પહેલાં વિવિધ પ્રજા ભારતમાં આવીને સ્થાયી થઈ આર્યોથી શરૂ કરી તુર્ક, મુઘલો, પારસીઓ, ડચ, પોર્ટુગીઝો અને અંગ્રેજો ભારતમાં આવ્યા અને સાથે સાથે વિવિધ જાતિ-પ્રજાતિ પણ લાવ્યા અને સાથે એમની સ્થાનીય સંસ્કૃતિ, બોલી, રીતરિવાજો, ધર્મ વગેરે લઈને **આવ્યા. આ** બધાના મિશ્રણથી એક ભારતીય સંસ્કૃતિનું નિર્માણ થયું. ભારત એક રાષ્ટ્રનો વિચાર છે. ભારતમાં કાશ્મીરથી લઈને કન્યાકુમારી સુધી અને ગુજરાતથી લઈને અરુણાચલ પ્રદેશ સુધી દેશવાસીઓમાં રંગ, રૂપ, પોશાક, ખોરાક, ધર્મ, રહેણીકરણી વગેરેમાં ભિન્નતા જોવા મળે છે. ભારતમાં બોલાતી વિવિધ ભાષાઓ અને બોલીઓએ વિવિધતાસભર સાહિત્યનું સર્જન કર્યું છે. ભારતના મહાન ઋષિ મુનિઓ, તપસ્વીઓ, યુગ પુરુષો અને સુખી સંતોએ હંમેશા શાંતિ, સમન્વય અને વિશ્વબંધુત્વની વાતો પર ભાર મૂક્યો છે. ભારતમાં વસતી તમામ પ્રજા પોતાના ધર્મ અને સંપ્રદાય તેમજ પરંપરા પ્રમાણે વિવિધ તહેવારો અને ઉત્સવો ઉજવે છે, વિવિધ ભાષાઓ બોલે છે છતાં પણ પોતે ભારતીય હોવાનું ગૌરવ અનુભવે છે. **સમરસતાથી અને** સહઅસ્તિત્વની ભાવનાથી પોતાનું જીવન જીવે છે અને વિવિધતામાં એકતાનુ સર્જન કરે છે. ભારતીય સંસ્કૃતિની મિશ્ર પ્રકૃતિએ ગાયન-વાદન, નાટકો, કલાના સ્વરૂપો જેવા **કે શિલ્પકામ**, ચિત્રકામ અને સ્થાપત્ય કલા, નૃત્યના સ્વરૂપો વગેરેએ પણ પ્રભાવ પાડ્યો છે. વિવિધ ભાષાઓમાં રચાયેલુ આપણું સાહિત્ય પણ તેની આ પ્રકૃતિનું પ્રતિપાદન કરે છે. ભારતીય કલા, સ્થાપત્ય, સંગીત, ભાષા, તત્વજ્ઞાન અને ધર્મ વિવિધતાસભર હોવા ઉપરાંત આ વારસાનો સમુચ્ચય છે અને તે ભારતીય સંસ્કૃતિનું

 **ISBN: 978-81-952708-6-6**

સૌંદર્ય છે. સમગ્ર દુનિયા એક વિશાળ કુટુંબ છે એવી ભાવના ભારતમાં વેદકાળથી પ્રચલિત છે. ભારતની પ્રાચીન સંસ્કૃતિએ સમાજમાં સહિષ્ણુતા અને સમન્યરૂપી જે બીજ વાવ્યા હતા તેમાંથી આજે વિશાળ વટવૃક્ષ બની ગયું છે. વિવિધ ધર્મો, જાતિઓ, જ્ઞાતિઓ, સંસ્કૃતિઓ, રીતરિવાજો, ભાષાઓ, સંપ્રદાયો, ઉત્સવો વગેરેને પોતાનામાં સમાવીને ભારતે વસુધૈવ કુટુંબકમ્ ની ભાવનાને વિશ્વમાં સાકાર કરી છે. બીજાને ખવડાવીને ખાવું અને ત્યાગીને ભોગવવું **એ ભારતીય** સંસ્કૃતિનો ગુણ છે.

**મેળા**

ભગવદ્ગોમંડલમાં જણાવ્યા પ્રમાણે મેળો એટલે અંત ઘડી એ છેલ્લો મેળાપ થવો. કોઈ ઉત્સવની ઉજવણી નિમિત્તે ભેગા થયેલા લોકોનો જનસમૂહ મેળો એટલે મેળા. મુલાકાત આ સિવાય મેળાના અન્ય અર્થ જાત્રા, તમાશો ખેલ, મેળાપ, મુલાકાત સમાગમ જેવા થાય છે. મેળો એટલે હળવું-મળવું. પરંપરાગત રિવાજ મુજબ નિયત કરેલા સ્થળે અને સમયે મળવું. મેળો એટલે વ્યાપાર, મનોરંજન, સંસ્કૃતિ અને આધ્યાત્મનો ચતુર્વેણી સંગમ. ચાર વહેણનો સંગમ છે. જુદી જુદી દિશામાંથી આવતા મેળાઓ સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાઓનું પ્રતિક છે. ધર્મ સંસ્કૃતિ અને માનવજીવનનો ત્રિવેણી સંગમ એટલે મેળો.

ભારતની સાંસ્કૃતિક એકતાના મૂળ લોકમેળામાં પડેલા છે. ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતો અવસર એટલે મેળો. ભારતના સમાજજીવનમાં મેળો અગત્યનું સ્થાન ધરાવે છે. ભારતમાં ભરાતા ભાતીગળ મેળા ભારતના તેમજ વિદેશી લોકોને મનોરંજન, ખરીદી અને ભારતીય સંસ્કૃતિને જાણવાનો અવસર આપે છે. મેળો સમાજ જીવનનું અગત્યનું અંગ છે. મેળો એ જીવનમાં આનંદ અને ઉત્સવ છલકાવતી એક વિશિષ્ટ લોક પ્રવૃત્તિ છે. મેળો એ માનવહૃદયના ઉલ્લાસ -ઉમંગનું **એક મહામૂલું** પર્વ છે. ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવા માટે મેળાઓનું આયોજન થાય **છે. આ** મેળાઓને માણવા અને ભારતીય સંસ્કૃતિને જાણવા માટે દેશ-વિદેશથી પ્રવાસીઓ આવતા હોય છે. ભારતીય લોક પરંપરામાં, ભારતના લોકજીવનમાં મેળા માનવનું પ્રતિબિંબ ઝીલે છે. મેળો એ અતિપરિશ્રમવાળી જિંદગીમાંથી આનંદ-ઉત્સાહ ભરપૂર રીતે છલકાવનારી એક વિશિષ્ટ લોક પ્રવૃત્તિ છે. **મેળો માણવાનો** આનંદ અનોખો છે. મેળા મુખ્ય ધાર્મિક તહેવારે અને યાત્રાસ્થાને તેમજ મંદિરોની આસપાસ, નદી સંગમસ્થાને, તળાવના કિનારે, ડુંગર કે ટેકરીની તળેટીમાં, લીલીછમ હરિયાળી વચ્ચે, સમુદ્રકાંઠે, રેતીના રણમાં કે ઐતિહાસિક સ્થાને ભરાતા હોય છે. મેળા માત્ર ધાર્મિક આશયથી જ ભરાય છે એવું નથી. ધાર્મિક, સાંસ્કૃતિક આશયથી ભરાતા મેળા, વેપારી મેળા, વિજ્ઞાન મેળા, પુસ્તકમેળા, રમતગમત **મેળા**, કૃષિ મેળા, ઉદ્યોગ મેળા, પશુમેળા, લોક સંસ્કૃતિના મેળા, હસ્ત-કલા પ્રદર્શન મેળા, આદિવાસી મેળા વગેરે મેળાઓ ભારતીય સંસ્કૃતિના દર્શન, મનોરંજન, ખરીદી ધર્મ, પરંપરા સાથે લોકોના મિલન-મુલાકાત માટેનો અનેરો સંગમ જોવા મળે છે. પ્રત્યેક મેળાની એક અનોખી ખાસિયત હોય છે. પ્રત્યેક મેળાની એક પોતાની આગવી શૈલી, પરંપરા અને રીતભાત છે. દરેક મેળાનું રૂપ અને તેની પ્રવૃત્તિઓ જુદી જુદી હોય છે. આપણા પૂર્વજોનો મૂળભૂત ઉદ્દેશ આપણી ભારતીય સંસ્કૃતિના વારસાનું જતન કરવાનો હોવાથી મેળાનું આયોજન થયું અને લોક સંસ્કૃતિ જળવાઈ **રહી. લોકમેળા** વિશ્વમાં એકમેકની સંસ્કૃતિને ઘડે છે. વ્યક્તિના જીવનમાં આવતા સુખ-દુઃખ, શ્રમ અને વિરામ જેવી ઘટનાઓમાં સંતુલન સાધવાના હેતુથી માણસ અમુક પ્રયુક્તિ રચે છે અને મેળો એ આમાંની એક પ્રયુક્તિ છે. વિશાળ ભારતમાં વસતી પ્રજાના લોકજીવનના અગણિત રંગ છે. આ રંગો ભાતીગળ મેળામાં જોવા મળે છે. જનસમૂહો પોતાના વીર પૂર્વજોની યાદમાં આવા મેળાઓ યોજતા **હતા. હાટમેળો** એ પણ મેળા નું એક સ્વરૂપ છે. મેળો એ તો લોકોનો સમૂહ માધ્યમ છે. દરેક મેળાની સાથે તેના મહાત્મ્ય અને જે તે સ્થળની પ્રાચીનતાનો ઇતિહાસ સંકળાયેલ જોવા મળે છે.

લોકજીવનમાં મેળાનું ખૂબ જ મહત્ત્વ જોવા મળે છે. જૂના જમાનામાં મનોરંજનના સાધનોના અભાવે લોકો પોતાના રોજિંદા કામથી કંટાળીને થાકતા ત્યારે આ થાક દૂર કરીને સમૂહમાં આનંદનું અને આત્મવિશ્વાસનું

 **ISBN: 978-81-952708-6-6**

ભાથું મેળો મ્હાલીને બાંધતા. મેળો એ માનવીને આનંદ, દેવ દર્શન અને ખરીદીની તક પૂરી પાડે છે. લોકજીવન સાથે જોડાયેલા આ મેળા મનોરંજન પૂરું પાડે છે. લોકજીવનનો ઉમંગ-ઉત્સાહ, લોકસંસ્કૃતિની રંગીન કલાત્મકતાનો સ્વાભાવિક આનંદ મેળોમાં છતો થાય છે. મેળો એક ઉત્સવ બની ગયો છે જેમાં સૌ ખૂબ જ આનંદ પૂર્વક ભાગ લે છે. દેશનું પ્રત્યેક રાજ્ય આવા મેળાઓથી સભર છે. મેળામાં **લોકજીવનનો**, **ઉમંગ**, **ઉલ્લાસ** અને લોકસંસ્કૃતિની કલાત્મકતાનો સ્વાભાવિક આનંદ જોવા મળે છે.

ભારતના વિવિધ મેળાઓમાં કુંભ મેળો- દર બાર વર્ષે ભરાતો ખૂબ મોટો મેળો છે. આ મોટા મેળામાં નાસિક, ઉજ્જૈન, પ્રયાગ અને હૈદરાબાદમાં દર બાર વર્ષે હિંદુ યાત્રાળુઓ પવિત્ર સ્નાન માટે ગંગા નદી પર ભેગા થાય છે. કુંભ મેળા પછી બીજો સૌથી મોટો મેળો છે ગંગાસાગરનો મેળો. સુંદરવન ટાપુ પર મકરસક્રાંતિએ આ મેળો યોજાય છે. સૂર્ય મકરમાંથી કર્ક રાશિમાં પ્રવેશ થતો હોય ત્યારે ગંગામાં ડૂબકી મારવાનું મહિમા છે. એમ કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે એવી લોકોની શ્રદ્ધા છે. **રાજસ્થાનના પુષ્કરમાં** ભરાતો પુષ્કર નો મેળો એ વિશ્વના સૌથી મોટા મેળામાંનો એક છે. કારતક માસના બે અઠવાડિયામાં આ મેળાનું આયોજન થાય છે. આ મેળામાં વિશ્વભરના લોકો આવે છે. ખાસ કરીને ઇઝરાયેલ થી મોટી સંખ્યામાં મુલાકાતીઓ આવે છે તે વિશ્વનો સૌથી મોટો ઊંટમેળો છે. ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢમાં વિશ્વવિખ્યાત તરણેતરનો મેળો ભાદરવા સુદ ત્રીજના દિવસે ભરાય છે. જૂનાગઢના ગિરનારની તળેટીમાં સુવર્ણરેખા નદીના કિનારે ભવનાથ મહાદેવનું મંદિર આવેલું છે. અહીં દર વર્ષે મહાશિવરાત્રીના પર્વે મહા વદ અગિયારસથી મહા વદ અમાસ સુધી ભવનાથનો મેળો ભરાય છે. જોધપુર ભરાતો નાગોરનો મેળો જે ભારતનો બીજા ક્રમનો સૌથી મોટો કેટલ ફેર **છે. ત્રણ** દિવસ સુધી આ મેળામાં પ્રાણીઓનું ખરીદ-વેચાણ થાય છે. આ ઉપરાંત અહીં ભારતની સૌથી મોટી લાલ મરચાની બજાર ભરાય છે. રસ્સા-ખેચ, ઊંટ દોડ અને આખલા દોડ પણ યોજાય છે. ગોવા કાર્નિવલ દર વર્ષે ૬ થી ૯ ફેબ્રુઆરી દરમિયાન યોજાય છે. 18મી સદીથી આયોજિત અથવા કાર્નિવલ ગોવાના સંસ્થાનવાદી પોર્ટુગીઝ ઇતિહાસ નો પુરાવો છે.

ઉત્સવો

ભગવદ્ગોમંડલમાં આપેલા અર્થ પ્રમાણે,'ઉદ્'= વધારે અને 'સ્'= ઉત્તેજવું. આમ વધારે ઉત્તેજનાર, ઉત્સાહ વધારનાર, એટલે ઉત્સવ. માનવજાતને સાર્થક કરે તે ઉત્સવ. ઉત્સવ એટલે **પર્વ. ઉત્સવોને** સંસ્કૃતિ અને સંસ્કારો સાથે ગાઢ સંબંધ છે .માનવ સંસ્કૃતિનો ઉત્સવો, તહેવારો અને એની ઉજવણીનું વિશિષ્ટ સ્થાન છે નહીં તો માણસ એકધારી જીવનશૈલીથી કંટાળી જાય. ભારતમાં ઉત્સવોની ઉજવણી પાછળ કોઇને કોઇ વાર્તા કે ઇતિહાસ રહેલો છે. ભારતમાં ગામડાઓ અને શહેરો ઉત્સવો અને તહેવારો ની સાત્વિક પરંપરા અને પવિત્રતા જાળવી રાખે છે. તહેવારો પાછળનો મૂળ આશય વિસરાય ન જાય, પ્રાચીન પરંપરા અને સાંસ્કૃતિક મૂલ્યો જળવાઈ રહે તે મહત્વનું છે. ઉત્સવ લોકોને સાંસ્કૃતિક અને ધાર્મિક તફાવતો ભુલાવીને એક કરે છે અને ઉજવણી અને ખુશીના એકમાત્ર હેતુ સાથે લાવે છે સંસ્કૃતિ અને **ધર્મ અપનાવવામાં** ઉત્સવો ખૂબ જ અગત્યની ભૂમિકા ભજવે છે.

ભારતના લોકો ઉત્સવ પ્રિય છે. ભારત સરકાર દ્વારા અવાર-નવાર વિવિધ ઉત્સવોની ઉજવણી કરવામાં આવે છે. ભારતમાં ઉજવાતા ઉત્સવોમાં ભારતના લોકોની સાથે સાથે દેશ વિદેશના લોકો પણ ભાગ લેતા હોય છે ઉત્સવમાં ભારતીય સંસ્કૃતિ દેશ-વિદેશથી આવેલા લોકોને આકર્ષે છે. આ ઉત્સવોમાં રણોત્સવ, પતંગોત્સવ, નવરાત્રી, કાંકરિયા કાર્નિવલ વગેરે ઉત્સવો અને તહેવારો સાથે ભારતની પ્રજાનો જીવંત સંબંધ સદીઓથી બંધાયેલો છે. ભારત દેશમાં અલગ અલગ ધર્મો પાળતી પ્રજા એક સાથે રહે છે જે બિનસાંપ્રદાયિકતાનું ઉત્તમ ઉદાહરણ છે. જુદા જુદા ધર્મોમાં **માનતી પ્રજા** તહેવારોને ધાર્મિક બાબતો સાથે જોડે છે. તહેવારની સાથે ધાર્મિક સ્થળો જોડાયેલા **છે. ભારતના** દરેક ઉત્સવો અને તહેવારો પાછળ કોઈને કોઈ સાંસ્કૃતિક, ધાર્મિક, સામાજિક કે રાજકીય મહાત્મ્ય સાથે જોડાયેલું છે. ઉત્સવ માનવજીવનના આનંદમાં વધારો કરે છે પ્રાચીન ઉત્સવ ધાર્મિક માન્યતાઓ અને પરંપરાગત રીતરિવાજો સાથે જોડાયેલા છે. ઉત્સવોને સંસ્કારો સાથે ગાઢ સંબંધ છે. માનવ


**ISBN: 978-81-952708-6-6**

એકધારી જીવનશૈલીથી કંટાળી ન જાય એ માટે માનવ સંસ્કૃતિમાં આવા ઉત્સવો તહેવારો અને તેમની ઉજવણીનું વિશિષ્ટ સ્થાન છે. ઉત્સવો માનવ જીવનને ધબકતું રાખવાનું કામ કરે છે અને આનંદ પ્રમોદની સાથે માનવી ઈશ્વર તરફ વળે છે. ઉત્સવો નાત-**જાત**, **ઉંચ**-નીચ જેવા કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર સૌ સાથે મળીને ઉજવે છે. ભારતના તહેવારો ની ઉજવણી પાછળ વૈજ્ઞાનિક દ્રષ્ટિ બિંદુ સાથે ઋતુ વિષયક અને ચોક્કસ આયોજન કોઈ વાત કે ઇતિહાસ રહેલો છે.

ભારતમાં **ધાર્મિક**, **સામાજિક** અને રાષ્ટ્રીય ઉત્સવોની ઉજવણી કરવામાં આવે છે. નવરાત્રી, દિવાળી, શિવરાત્રિ, **દશેરા**, **રથયાત્રા**, હોળી, જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી, નાતાલ, બકરી ઈદ, રમઝાન ઈદ, મહાવીર જયંતી, બુદ્ધ જયંતિ વગેરે ધાર્મિક તહેવારો, મકરસંક્રાંતિ, પોંગલ, ગુરુપૂર્ણિમા, રક્ષાબંધન, ઓણમ, ધુળેટી, શરદોત્સવ, આનંદ મેળા, જેવા સામાજિક ઉત્સવો અને સ્વાતંત્ર દિન, પ્રજાસત્તાક દિન, શહીદ **દિન**, **જેવા** રાષ્ટ્રીય તહેવારો ઉજવવામાં આવે છે. લોકોને ભક્તિના માર્ગે દોરવા ધાર્મિક તહેવારો, લોકોમાં પ્રેમભાવ અને સામાજિક સેવાના માર્ગ દોરવા સામાજિક ઉત્સવો અને લોકોમાં રાષ્ટ્રભાવના રાષ્ટ્રીય તહેવારો ખૂબ અગત્યની ભૂમિકા ભજવે છે.

## નવરાત્રી મહોત્સવ

ગરવી ગુજરાતની ગરવી સંસ્કૃતિનો ઇતિહાસ ગુજરાતના ગરબામાં સમાયેલો છે. **આસો મહિનાના** પ્રથમ નવ દિવસો એટલે નવરાત્રી. આ સમયમાં શક્તિની આરાધના ઉપાસના કરવામાં આવે **છે**. **નવરાત્રી** ઉત્સવ માટે પૌરાણિક કથા પ્રચલિત છે . મહિષાસુર નામના દાનવનો દેવી શક્તિએ સંહાર કર્યો તે જોડાયેલી **છે**. **નવરાત્રી** મા જગદંબાની આરાધનાનું પર્વ છે .વિશ્વના સૌથી લાંબા નૃત્ય મહોત્સવ નવરાત્રીને વાઇબ્રન્ટ નવરાત્રી ના રૂપમાં રજૂ કર્યો હોવાથી દેશ-વિદેશથી અનેક પ્રવાસીઓ અહીં આવવા આકર્ષાય છે.

દશેરા

આસો સુદ દશમ એટલે દશેરો. આ દિવસે મા દુર્ગાએ મહિષાસુર રાક્ષસનો નાશ કર્યો હતો. આ જ દિવસે ભગવાન રામચંદ્રજીએ રાવણનો વિનાશ કર્યો હતો. અસત્ય પર સત્યના, પાપ ઉપર પુણ્યના, દુરાચાર પર સદાચારના, અને અજ્ઞાન પર જ્ઞાનના વિજયનું પ્રતીક એટલે દશેરો. અને અજ્ઞાન ઉપર જ્ઞાનના પ્રભુત્વનો દિવસ અને અનિષ્ટ ને સંહારવાનો ઉત્સવ પણ કહી શકાય છે. આ દિવસે લોકો પોતાના વાહનોની અથવા પોતાના યંત્રની પૂજા કરીને દિવસ પર ફાફડા-જલેબી ખાઇને રાત્રે રાવણ દહન અને રામલીલાના કાર્યક્રમ માણે **છે**. **ક્ષત્રિય** પોતાના હથિયારો અને પશુઓનું પૂજન કરે છે .

## દિવાળી

દિવાળીનો તહેવાર ધનતેરસ થી શરૂ કરીને ભાઈબીજ સુધી સળંગ પાંચ દિવસનો હોય **છે**. **આ** પર્વ શ્રી, શક્તિ અને સરસ્વતી આ ત્રણેય શક્તિઓનું પર્વ છે. ધનતેરસ એટલે દેવોના વૈદ્ય ધન્વંતરીનો જન્મદિવસ. આ દિવસે લક્ષ્મીજીની પૂજા થાય છે. કાળી ચૌદસના દિવસે શક્તિનું પૂજન થાય છે. દિવાળીના દિવસે મેરાયુ બનાવવામાં આવતું અને આ મેરાયું ઢોરને બતાવવાની પ્રથા છે. ફટાકડા ફોડવામાં આવે છે અને જુદી જુદી મીઠાઈઓ બનાવીને જમવામાં આવે છે. દિવાળી પછીનો બીજો દિવસ બેસતુ વર્ષ. આ દિવસે બધા પ્રેમથી એકબીજાને મળે છે અને નૂતનવર્ષાભિનંદન કરે છે. બેસતા વર્ષનો બીજો દિવસ એટલે ભાઈ બીજ. આ દિવસે ભાઈ તેની બહેનના ઘેર ભાવપૂર્વક ભોજન લે છે. માનવ હૈયાને જોડતો આ ઉત્સવ એટલે દિવાળી.

## ઉત્તરાર્ધ ઉત્સવ.

પ્રાચીનકાળમાં **સોમનાથ**, **તિરુપતિ** જેવા મંદિરોમાં નર્તકીઓ પોતાના ઇષ્ટદેવને રીઝવવા નૃત્ય પ્રસ્તુત કરતી. આ પરંપરાને આગળ વધારવા શરૂ થયેલા ઉત્તરાર્ધ મહોત્સવમાં જુદા-જુદા છ પ્રકારની

 **ISBN: 978-81-952708-6-6**

અભિવ્યક્તિ થાય છે. ઉત્તરાયણ પછી તરત જ મોઢેરા સૂર્યમંદિર ઉત્સવનો પ્રારંભ થાય છે. જેમાં ભરતનાટ્યમ, કથક, ઓડિસી, મણિપુરી, કથકલી નૃત્ય પ્રકારોની અભિવ્યક્તિ થાય છે.

**મકરસંક્રાંતિ**

સૂર્ય મકર રાશિમાં પ્રવેશતા સૂર્યની ગતિ ઉત્તર તરફ થતાં ઉજવાતો તહેવાર એટલે મકરસક્રાંતિ. કોઇપણ પ્રકારના ભેદભાવ વિના હિન્દુ-મુસ્લિમ બન્ને કોમના લોકોના ચહેરા ઉપર ખુશી અને સામાજિક સમરસતા **સર્જતો ઉત્સવ** એટલે મકરસંક્રાંતિ. સરકારે ગુજરાતના પતંગને વિશ્વના આકાશમાં ઉડતો કર્યો છે. વાયબ્રન્ટ પતંગ મહોત્સવ થી આખી દુનિયાના પતંગ રસિયાઓ આકર્ષાયા છે. તેઓ ગુજરાતના ઉત્સવોથી પરિચિત થયા છે એટલું જ નહીં ગુજરાતના કલાકારીગરીથી પણ તેઓ પરિચિત થયા છે.

રાજ્ય સરકાર 14 મી જાન્યુઆરીની આસપાસ દર વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનું આયોજન કરે છે. પ્રથમ ગાંધીનગરથી શરૂ થયેલ પતંગોત્સવ હવે કચ્છનું રણ, સોમનાથ સહિત રાજ્યના અનેક સ્થળોએ ઉજવાય છે. જેમાં 30 કરતાં પણ વધારે દેશના પતંગપ્રેમીઓ સ્પર્ધામાં ભાગ લેવા અને પતંગબાજી સાક્ષી બનવા ગુજરાતમાં આવી પહોંચે છે અને પતંગોત્સવની મજા માણે છે

**રાષ્ટ્રીય ઉત્સવો**

રાષ્ટ્રીય તહેવારો સમગ્ર રાષ્ટ્રના તહેવારો છે. જે કોઈ ચોક્કસ જાતિ તથા ધર્મનો નથી. લોકોમાં રાષ્ટ્રપ્રેમ, દેશભક્તિ અને દેશ માટે કંઈક કરી છૂટવાની ભાવના વધારનારા આ ઉત્સવો દેશના બધા જ લોકો કોઇપણ પ્રકારના ભેદભાવ વગરખૂબ જ આનંદ અને ઉત્સાહપૂર્વક ઉજવે છે.

**સ્વાતંત્ર દિન**

૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ આપણને આઝાદી મળી હતી. આ આઝાદીની ચળવળમાં દેશના ઘણા **બધા દેશપ્રેમીઓએ** પોતાના પ્રાણની આહુતિ આપી દીધી હતી. આ દિવસે ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ દિલ્હીમાં લાલ કિલ્લા પર ભારતીય રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો અને દેશને સંબોધન કર્યું હતું એ પરંપરા મુજબ દર વર્ષે આ દિવસે ભારતના વડાપ્રધાન દિલ્હીના લાલ કિલ્લા **પરથી રાષ્ટ્રધ્વજ** ફરકાવે છે અને દેશને સંબોધન કરે છે. સમગ્ર ભારતનો ધ્વજ વંદન સમારોહ, પરેડ અને સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. દેશના પ્રથમ નાગરિક એવા દેશના રાષ્ટ્રપતિ સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રને સંબોધન કરે છે અને બીજા દિવસે દિલ્હીના લાલ કિલ્લા પર ત્રિરંગો ફરકાવવામાં આવે છે તેને 21 તોપોની સલામી આપવામાં આવે છે. આ પછી વડાપ્રધાન દેશને સંબોધન કરે છે.

પ્રજાસત્તાક દિન

૨૬ મી જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ભારતનું બંધારણ અમલમાં આવ્યું. પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રપતિ રાષ્ટ્રને સંદેશ આપે છે આ દિવસે દરેક ભારતીય શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે જેમણે દેશ માટે પોતાનો જીવ આપ્યો. શાળાઓ, કોલેજો વગેરેમાં અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ૨૬મી જાન્યુઆરીના રોજ રાજધાની દિલ્હીમાં ભારતના રાષ્ટ્રપતિ દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે છે અને ભવ્ય પરેડ થાય છે. પરેડ વિવિધ રાજ્યોના પ્રદર્શનો, દરેક રાજ્યના લોકગીતો, કલાના દ્રશ્યો તેમની વિશેષતાઓ ભારતની વિવિધતા અને સાંસ્કૃતિક સમૃદ્ધિના દર્શન કરાવે છે. આ સમગ્ર કાર્યક્રમ રાષ્ટ્રીય ટેલિવિઝન પર પ્રસારિત થાય છે અને દેશના ખૂણે-ખૂણે લોકો દ્વારા જોવામાં આવે છે.

સમાપન

વિવિધતામાં એકતા ધરાવતા વિશાળ ભારત દેશની ભવ્ય સંસ્કૃતિ આજે વિશ્વમાં વખણાય છે. જેનું કારણ છે ભારતના લોકોમાં રહેલી એકતા. લોકો ધર્મ અને નાતજાતના ભેદભાવ ભૂલીને એકબીજા સાથે સંપીને રહે છે, જેનું ઉદાહરણ આપણને ભારતીય ઉત્સવ અને મેળાઓમાંથી મળે છે. બંધારણ મુજબ આપણું ભારત એ

 ISBN: 978-81-952708-6-6

બિનસાંપ્રદાયિક છે જે સર્વ ધર્મ સમભાવનું એક વિશિષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે અને ભારતીય સંસ્કૃતિની બોલબાલા વિશ્વના દરેક ખૂણે-ખૂણે આજે પ્રસરી રહી છે.

સંદર્ભ સૂચિ

1. ભારતીય સંસ્કૃતિ અને વારસો.
2. ગુજરાતના લોકોત્સવો અને મેળા.
3. પ્રવાસન ભૂમિ ગુજરાત.
4. બાળવિશ્વકોશ.

 **ISBN: 978-81-952708-6-6**

# ગુજરાતના કિસાન આંદોલનમાં ઇન્દુલાલ યાજ્ઞિકનું પ્રદાન

**પરમાર ધરતીબહેન દિવ્યકાન્તભાઈ**
પી.એચ.ડી સ્કોલર,સમાજવિધ્યાભવન,ગુજ યુનિ

**પ્રસ્તાવના**

આધુનિક યુગમાં ઇતિહાસના પરિણામો બદલાયા છે.હવે ઈતિહાસ માત્ર રાજા,મહારાજાઓ કે યુધ્ધો પુરતો સીમિત રહ્યો નથી.પરંતુ ઈતિહાસ સંશોધનમાં આમ જનતાના ઇતિહાસને મહત્વ અપાઈ રહ્યું છે.જેમાં સ્ત્રીઓ, શ્રમજીવીઓ , આદિવાસીવર્ગ,કિસાનવર્ગ ને માનવ ઇતિહાસના સાચા સર્જક તરીકે કેન્દ્ર સ્થાને મુકીને તેમની ઐતિહાસિક ભૂમિકાનું મૂલ્યાંકન કરવાનું વલણ વધ્યું છે.

ભારતનો ઈતિહાસ જેટલો પ્રાચીન છે એટલો જ પ્રાચીન ઈતિહાસ ખેડૂતોનો પણ છે.ખેડૂતો આ દેશના આધાર સ્થંભ છે.છતાં પણ ભારતના ખેડૂતોની ગરીબી અને અયોગ્ય પરિસ્થિતિ એ દુનિયાની સચ્ચાઈ છે.કિસાન આ દેશનો આધારસ્થંભ છે.ખેતી ક્ષેત્રે ઉત્પાદનની પ્રક્રિયામાં સક્રિય એવો વેગ સમગ્ર માનવ સંસ્કૃતિનાં પાયાની આર્થિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલો રહ્યો છે.કિસાન સમુદાયો પર જમીનદારો,જાગીરદારવર્ગ,શાહુકારો દ્વારા થતા અત્યાચારો તેમજ બ્રિટીશરોની શોષણનીતી ચાલુ રહી.આ શોષણનીતિનો લોકોમાં અસંતોષ વધતા અસંખ્ય ખેડૂતો દ્વારા પોતાના હક માટે લડત ચલાવવામાં આવી પોતાના હક મેળવવા માટે બ્રિટિશ સરકાર સામે ઉભા થયા. ગુજરાતમાં આ સમયે ભણેલો ગણેલો બૌધિક વર્ગ અસ્તિત્વમાં આવ્યો હતો.આ શહેરી બૌધિક વર્ગ દ્વારા ખેડૂતોને આંદોલન માટે પ્રેરણા આપી હતી.તેમજ આ સમયે ગુજરાતમાં ગાંધીજી,સરદાર વલ્લભભાઈ પટેલ,પ્રો રંગા, સ્વામી સહજાનંદ સરસ્વતી,ઇન્દુલાલ યાજ્ઞિક જેવા રાષ્ટ્રીય કક્ષાના નેતાઓએ ખેડૂતોનાં આંદોલનોને યોગ્ય નેતાગીરી પૂરી પાડી હતી.ગુજરાતના કિસાન આંદોલન ને યોગ્ય સવરૂપ અને માર્ગદશન આપવા માટે ઇન્દુલાલ યાજ્ઞિકનો ફાળો અમુલ્ય ગણાય ઇન્દુલાલ દ્વારા ખેડૂતોના હક્કો માટે જાગૃત કરવા માટે સમગ્ર ગુજરાતભરમાં કિસાન સભાઓ તેમજ કિસાન પરિષદો ભરી ખેડૂતોને જાગૃત કર્યા.ખેડૂતોની હક્ માટે રેલીઓ,અને સરઘસો કાઢી ખેડૂતોની માગણીઓ સરકાર સુધી પહોચાડી છે. ગુજરાતના કિસાન આંદોલનમાં ઇન્દુલાલ યાજ્ઞિકનો ફાળો અપ્રતિમ ગણાય .

ઇન્દુલાલ યાજ્ઞિક નો જીવન પરિચય

ઇન્દુલાલ યાજ્ઞિકએક વિરલ વ્યક્તિત્વ છે.જેઓ ગુજરાતના લોકજીવનમાં વીસમી સદીના પહેલા સાત દાયકા સુધી છવાયેલા રહ્યા છે.લોકચાહના મેળવનાર સામાજિક કાર્યકરો પૈકી તેઓ પ્રથમ પાચમાં આવે છે. -ઇન્દુચાચાનાં હુલામણા નામે જાણીતા બનેલા ઇન્દુલાલ યાજ્ઞિક જીવન પર્યંત આમ આદમીના પ્રતિનિધિ રહ્યાં અને કોઈની પણ શેહશરમ કર્યા વિના તેમને જે સાચું લાગ્યું તે વાત લોકો સમક્ષ રજુ કરતા રહ્યા અને તે સત્યની સ્થાપના માટે ઝઝુમીયા.ઇન્દુચાચા ભારતના જાહેરજીવનમાં પ્રચંડકાય વ્યક્તિ તરીકે બહાર આવ્યા અને તેઓ મહાત્મા ગાંધી અને સરદારના સમકાલીન છે.એક આખી સદી પહેલાના ગાંધીયુગમાં જેણે સેવાની પ્રવુંતીઓ કરી છે.મહાગુજરાત આંદોલનના મહાનાયક અને અલગ ગુજરાત રાજ્યની રચનાની સિધ્ધિ દ્વારા જેમનો કીર્તીકલશ મંડાયો . ઇન્દુલાલ યાજ્ઞિક ગુજરાત વિધ્યાપિ , ભીલસેવા મંડળ ,સ્ત્રી કેળવણીની સંસ્થા,શ્રી લાભશંકર ઉમિયાશંકર પાઠશાળાવગેરેની સ્થાપનામાં તેમને અપ્રતિમ પ્રદાન કર્યું.પત્રકારત્વના ક્ષેત્રેતેમને યશસ્વી પ્રવૃતિઓ કરી અને કિશાનો માટેના કાર્યો,કામદારો અને શોષિતો,વંચિત જનતાના ઇન્દુલાલ યાજ્ઞિકઆંદોલન પુરુષ બની રહ્યા.

**કિસાન આંદોલન તરફ પ્રેરનાર પરિબળો**


**ISBN: 978-81-952708-6-6**

ઈ.સ.૧૯૩૦ થી ઈ.સ.૧૯૩૫ નાં વર્ષ દરમ્યાન ઇન્દુલાલ યુરોપમાં ગયા ઈ.સ ૧૯૩૦ના ઓગસ્ટમાં બર્લીનમાં જઈને વસવાટ કર્યો.દસ મહિના મુસીબત વેઠીને ત્યાં રહ્યા.તે સમય દરમ્યાન તેઓ આગ્ફા સ્ટુડીયોમાં કામ કર્યું.આખરે ઈ.સ ૧૯૩૨ જુલાઈમાં લંડન પહોચ્યા અને ત્યાં રણછોડલાલ લોટાવાળાનાં મહેમાન બન્યા જેઓ હિંદની સ્વાતંત્ર્યની લડત અંગેનું પ્રચારનું કામ કરતા હતા અને દર અઠવાડિયે ભારત વિષે માહિતી આપતી પત્રિકા જાતે તૈયાર કરતા.ઈ.સ ૧૯૩૨મા શ્રી લોટાવાલાઅને શ્રી વિઠ્ઠલભાઈ પટેલ આયર્લેન્ડનાં પ્રવાસે ગયા.આયર્લેન્ડનાં ક્રાંતિકારીઓને હિન્દ તરફ ઘણી લાગણી હતી.પરંતુ હિન્દ વિશે એમની પાસે પુરી માહિતી ન હતી. જેથી હિન્દ અને આયર્લેન્ડમાં પ્રચાર અને પ્રસાર માટે ઇન્દુલાલ યાજ્ઞિકને મોકલવામાં આવ્યા.ડબ્લિનમાં ઇન્દુલાલનો પરિચય મુક્તિનેતા ડી.વેલેરા સાથે થયો.તે સમય દરમ્યાન ઇન્દુલાલે અંગ્રેજ જમીનદારી નાબુદી વિશેની લડતના વિધાતા માઈકલ ડેવિડે લખેલ પુસ્તક વાંચ્યું .જેમાંથી તેમને સર્વાંગી,સારી રાષ્ટ્રીય ભાવનાનો સંદેશો મળ્યો .ત્યારબાદ લંડનમાં ઈ.સ.૧૯૩૫મા ઉનાળામાં ગરીબ હિન્દીઓને મુફત કપડા વેચવાના કાર્યક્રમમાં તે સમયએ ત્યાં હાજર રાજપુરુષ ભુલાભાઈ દેસાઈ ને મળ્યા જેમને ઇન્દુલાલને પોતાની પ્રવુતિ વિશે પૂછ્યું ત્યારે તેમને હિન્દમાં પાછા જઈ ખેડૂતોની સ્થિતિ સુધારવાના કાર્યો વિશેની માહિતી આપી.અને ઇન્દુલાલ ઈ.સ.૧૯૩૫મા ભારત પરત આવી પોતાની હિંદની પ્રજાને લગતી પ્રવુતિઓની શરૂઆત કરી.

### કિસાન સભા અને કિસાન પરિષદો

ઈ.સ.૧૯૩૫માં શ્રી ઇન્દુલાલ ભારત પરત આવ્યા ત્યારે તેમણેભારતમાં કાર્ય કરવાના ત્રણ કાર્યક્રમો રજુ કર્યા.જેમાં (૧) રાષ્ટ્રીયભાષાનો પ્રચાર (૨) રાષ્ટ્રીય વ્યાયામ અને મેદાની રમતોનો વિકાસ (૩) રાષ્ટ્રીય કક્ષાએ કિસાન આંદોલન.ભારતમાં આવ્યા પછી પ્રવૃત્તિઓ શરુ કરી.ઇન્દુલાલ યાજ્ઞિકજ્યારે વિદેશમાં હતા ત્યારે ભારત આ કિશાનો ની સ્થિતિ અંગેનાં લેખો તેમજ અહેવાલો અને પુસ્તકોનું વાચન શરું કર્યું જેમાંથી તેમને કિશાનો માટે ની ભૂમિકા કરી.વિદેશથી પરત ફરતા કિશાનો માટે પ્રવૃત્તિ કરવાની તક શોધતા તે સમયે તેમને ગાંધીઆશ્રમ માં ગાંધીજી,ન્સીહાભાઈ અને બીજા મિત્રોને મળવા ગયા .તે સમયગાળા દરમ્યાન તેમની મુલાકાત માતર તાલુકાના કોગ્રેશ્ના પીઢ કાર્યકર માધવલાલ શાહ અને રાવજીભાઈ નાથાભાઈ અને બીજા સાથીઓ સાથે થઇ તેઓએ પોતાના વિસ્તારમાં ચોમાસું નિષ્ફળ જતા સરકારે ભારે આનાવારી આંકીને પૂરું મહેસુલ વસુલવાની માનાગની સરકારે કરી છે તે બાબતે જાણ કરી.તેથી ઇન્દુલાલ ને તે લોકો ની મદદ કરે તે માટે ભાલામાણ કરવામાં આવી.તેથી ઇન્દુલાલ તેમને મદદ કરવા આંતર તાલિકામાં ગયા ત્યાં તેમને કિશાનો ની સમસ્યાનું નિવારણ લાવ્યા અને ત્યારબાદ પંચમહાલનાં દાહોદના ભિક કિશાનો માટેની લડત માટેનું કાર્ય કર્યું .તેમાં જંગી સફળતા મળવી ખેડા જલ્લામાં પછી પંચમહાલના દાહોદ વિભાગમાં કીશાનોની પ્રવૃત્તિ ચાલી કરી.માતર તાલુકાની કિસાન પ્રવુતિઓના પરિણામે તેમને અમદાવાદ જીલ્લા સિવાયના બીજા બ્રિટિશ ગુજરાતના કોઈ પણ જીલ્લ્લામાં દાખલ થવાની મનાઈ ફરમાવવામાં આવી.અને તે સમયગાળા દરમ્યાન અમદાવાદ માં પણ કોઈ પ્રવૃત્તિ કરી શકાશે નહિ તેવો ફરમાન કરવામાં આવ્યો.જે હુકમ ને થોડા સમયબાદ મુબઈનાં ગૃહ પ્રધાન કાનીયાલાલ મુનશીની મદદ થી રદ કરાવ્યો હતો.ઇન્દુલાલને લાવેતથી રામજીભાઈ ચૌધારી એ તેમના ગામના ખેડૂતોએ સાહુકારોને ઉપજનો અડધોભાગ આપવાની ના પાડી જેના પરિણામે કટોકટીની સ્થિતિ સર્જાઈ જેની મદદ માટે તેમને બોલાવવામાં આવ્યા ત્યાં જઈ તેમને રામજીભાઈ તેમજ તેમના સાથીઓ અને કિશાનો સાથે વાત કરી સમસ્યા અંગે માહીતી મેળવી ત્યાં ઘણી જમીનો શાહુકારે પોતાના નામે ચડાવી દીધી હતી અને તેઓ અડધોભાગ અને લ્હેણું વસુલ કરતા જેના પરિણામે ખેડૂતો પાસે થોડોકા જ અનાજ બચતું તેથી ત્યાં ખેડૂતોની અડધાભાગ ની પ્રથાને નાબુદ કરવાનો નિર્ણય કરી ઇન્દુલાલે લાવેતામાં અને માંગરોળમાં ખેડૂતોની સભાઓ ભરી જ્યાં કિશાનો તેમજ હાલીઓના સંયુક્ત મોરચો રચી આધાભાગનો વિરોધ

 **ISBN: 978-81-952708-6-6**

કર્યો અને તેમણે પાંગારકર નો સહયોગ લઇ જમીનદારો સાથે વાટાઘાટો કરી જેના પરિણામે નીચે પ્રમાણે સમાધાન કરાવવામાં આવ્યું.

- જે જુના ખેડૂતોને ગણોત કાયદો લાગુ પડે તેમને તે સરકારે ઠરાવેલું ગણોત આપવાનું છે
- જે ખેડૂતોને કાયદો લાગુ પડતો નથી તેમને ગઈ સાલના ધોરણે ગણોત આપવાનું છે.
- ખેડૂત કિ માલિકને ગનોતામાં સુધારો કરવો હોય તો તે વિશે સરકારનો નિર્ણય આખરી રહેશે.
- જ્યાં સુધી સરકાર નિર્ણય નાં કરે ત્યાં સુધી ખેડૂતો પાસેથી જમીનદારો જમીન આચકી શકાશે નહિ.
- હાળી પ્રથાને ગુલામોની પ્રથા ગણાવવામાં આવી.તેથી હવે માલિકોને જે નોકરોને કાયમ માટે રાખવાના હોય ટીમની પાસે કરારનામા કરાવવા જોઈએ.

આ મુદ્દાઓનાં સમાધાનનાં પરિણામે ખેડૂતો અને હાળીઓનો વિજય થયો ત્યારે જમીનદારો એ ખેડૂતો અને હાળીઓ ચારેબાજુ ક્રાંતિકારી પ્રવૃત્તિ કરે છે તેનાથી ખેતી ઉપર ગંભીર અસર થવાના બીક સરકાર ને બતાવી જેના પરિણામે સરકારે સુલેહનો ભંગ થતો લાગવાથી તેમને ઇન્દુલાલ ને માંગરોળમાં પ્રવેશવાની તેમજ જાહેરસભાઓ ભરવાની મનાઈ કરવામાં આવી જેથી ઇન્દુલાલ દ્વારા લાવેતામાં કિસાન સભા ભરવામાં આવી જ્યાં તેમને સરકાર દ્વારા પોતાની માગણીઓ સ્વીકારવામાં નાં આવે તો ઘોષણા કરી સિતમને રસ્તે ચડેલા સરકાર ની સામે તમારી જમીન છોડાવવાના હુકમ આપે તો સત્યાગ્રહ કરજો.કોર્ટમાં સજા થાય તો હસ્તે મોઢે જેલમાં જજો જો તમારી જમીન કોઈ જમીનદાર કે શાહુકારએ પચાવવાની નથી.સમાધાન નાં થતા જમીનદારોએ અદાલતમાં દાવો કરી જમીનનો કબજો પોતાના હસ્તક લઇ લીધો પરંતુ થોડા દિવસો બાદ ખેડૂતોએ પોતાની જમીનનો પાછો કબજો મેળવી લીધો.તેથી પોલીસની મોટી સેના ખેડૂતોને તેમની જમીનો પરથી હાંકી કાઢવા માટે આવી અને ચારેબાજુ ખેડૂતોને ઘેરીને રામજીભાઈ અને આશરે સાઈઠ કિશાનો ને પકડીને જેલમાં પૂરી દીધા. ઇન્દુલાલ દ્વારા નવસારીના સુબાને મળીને તેમને જામિન પર છોડાવવામાં આવ્યા.

ડાકોર પાસે આવેલ સિતાલાવ ગામના અદેસીગ ઇન્દુલાલ ને મળ્યા તેમને જણાવ્યું કિ તેમના ઠાકોર તેમની પાસે વધારે ગણોત માગે છે અને નાં આપે તો જમીન ખાલી કરવાની ધમકી આપે છે.તેથી ઈન્દુલાલે બધા ખેડૂતોને સમજાવ્યા કેઆ બ્રિટિશ વિભાગમાં રહેતા ઠાકોરો કાયદા મુજબ વધારે ગણોત માગી શકે નહિ અને તે કોઈ પણ કારણોસર જમીન ખાલી કરાવી શકે નહી તેમને ખેડૂતો પાસે કલેકટર ને અરજી કરાવી.ઠાકોરોએ પઠાણો મારફતે ખેડૂતો પર હુમલા કરાવીને જમીનનું ગણોત વધારવાની નહિ તો જમીન ખાલી કરાવવાની છાપેલી નોટીશ મોકલી.ઈન્દુલાલે ખેડૂતોને આપેલી નોટીશ તેમજ બીજા ગેરકાયાદેસર કરેલા કાર્યોના પુરાવા ભેગા કર્યા અને તેમને કલેકટરને રજૂઆત કરી.કલેકટરે ઠાકોરો પર જપ્તી કરાવી.પછી એ જ તાલુકાના રાનિયા,કોઠ,ઉમરેઠ,ભદ્રાસા,વગેરે તાલુંકાઓમાથી ખેડૂતો દ્વારા ઠાકોરોની ફરિયાદો આવી.ઈન્દુલાલે ઉમરેઠના પ્રો.ચંદુલાલના સહકારથી સંપૂર્ણ વિસ્તારના ઠાકોર ખેડતો ની મોટી સભા ભદ્રાસા ગામે ભરી ત્યારબાદ કોઈ ઠાકોરે પાછી તેમના ખેડૂતો પર અન્યાય કરવાની હિમત કરી નહિ.ઓકટોમ્બર માં ગુજરાત કિસાન સમિતિ ગોધરામાં મળી જેમાં તેમની સાથે દિનકર મહેતા,કામાંલાસ્ન્કાર પન્ડ્યા,હરીએલાલ શાહ,છોટુભાઈ શાહ,રામચન્દ્ર કૈશિક વગેરે કાર્યકરો હતા.તેમાં વડોદરા સરકારે આધાભાગ ની પ્રથા સામે લડતા કિશાનો પર લાઠી ચલાવી,ઘોડા દોડાવ્યા અને અંતે સરકારે રામજીભાઈ સાથે અન્ય ખેડૂતોની ધરપકડ કરી તે માટે ઇન્દીલાલે સરકારનો કડક શબ્દોમાં વિરોધ કર્યો.તેમને ગુલામીમાં સબળતા હાલીઓને આઝાદ કરાવવા ગુજરાત કિસાન સમિતિનો આભાર માન્યો અને સરકારને જમીન મહેસુલ ઉત્પાદન જેટલુ જ ગણોત નક્કી કરવાનો કાયદો કરવા આગ્રહ કર્યો અને પોલીસ દ્વારા પંચમહાલની ભીલ સ્ત્રીઓ પર અત્યાચાર કરવા માટે તેમની સખત જડતી લીધી અને જ્યાં ચોમાસું નિષ્ફળ થયું હોય ત્યાં મહેસુલ માફ કરવા સરકાર ને ભલામણ કરી.આ સમય દરમ્યાન ઇન્દુલાલ દ્વારા ગુજરાતના વિવિધ વિસ્તારોમાં થતા ખેડૂતો પર નાં અન્યાયો માટે વલસાડ નસવાડી ,માતરતાલુકાના સિજીવાડામાં ,બોરસદ તાલુકામાં આવેલા ઉમેટા રાજ્યના ખેડૂતો ની લડત ,બાવળામાં કિશાનો

 **ISBN: 978-81-952708-6-6**

ની સમસ્યા ,વિરમગામ તાલુકાના પાટડી ગામના લોકો ને થતા અન્યાય વગેરે સમક્ષ તેઓએ સભાઓ અને સરઘસો કાઢી ખેડૂતોને મદદ કરેલ.ઈન્દુલાલે કિસાન સભાઓ ભરી કિસાનોને તેમના હક્કો તેમજ માગણીઓ પ્રાપ્ત થાય તે માટેના કાર્યો કરયા અને કિસાનોમાં જાગૃતતા કેળવી.કિસાનસભાઓમાં ખેડૂતોના સંગઠન તૈયાર કરી ખેડૂતોના આર્થિક જીવનધોરણો સુધારવા તેમજ ખેડૂત આંદોલનના ભાગરૂપેગુજરાતમાં ખેડૂત પરિષદો ભરી લોકજાગૃતિ માટેના કાર્યો કર્યા

ઇન્દુલાલ યાજ્ઞિક માતર તાલુકાના કોગ્રેશ કાર્યકર માધવલાલ શાહ,રાવજીભાઈ,નાથાભાઈ અને બીજા કાર્યકરોને ગાંધીજીના આશ્રમમાં મળ્યા ત્યારે તેમને પોતાના વિસ્તારમાં ચોમાસું નિષ્ફળ જ ગયું હોવા છતાં સરકારે ભારે કર ખેડૂતો પર લાદ્યો હતો તેથી તેમને ઇન્દુલાલને પોતાની મદદ કરવા માટે આવવા જણાવ્યું.ઈન્દુલાલે માતર તાલુકાએ જઈ ત્યાંની પરિસ્થિતિ જાણી ખેડૂતોને મદદ કરવા માટેની પ્રવુતિઓની શરૂઆત કરી. માતર તાલુકાની ખેડૂતોની પરિષદ નડિયાદના દેસાઈ કુટુબના રાજપુરુષ દાદુભાઈ દેસાઈના પ્રમુખપણાનીચે ૨૧મી જાન્યુઆરી ૧૯૩૬નાં રોજ ભરવામાં આવી.આ પરિષદમાં ઈન્દુલાલે બ્રિટિશ સરકારની જમીન મહેસુલાનીતી વિશે ભાષણ કર્યું.જેમાં તેમને જણાવ્યુકે ખેડૂતો જમીનના માલિક છે.તેથી સરકારને ભાગપેટે કંઈપણ લેવાનો હક નથી.જમીન મહેસૂલનો આખો કાયદો દેશના કરોડો ખેડૂતોને ગુલામીની જંજીરથી જકડવાને પરદેશી સરકારે ઘડ્યો છે તેથી તે રદ કરવો જ જોઈએ.ત્યારબાદ પરિષદમાં ખેડૂતોની ચોખ્ખી આવક પર સરકાર દ્વારા કર લેવા માટેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો.

ઇન્દુલાલ માતર તાલુકામાં કિશાનોની પ્રવૃત્તિ કરતા હતા તે સમયે કોગ્રેસ સમાજવાદી પક્ષમાં જોડાયેલા કમળશંકર પંડયા,હરીભાઈ શાહ વગેરેની મદદથી મિરાખેડી માં ૨૬મી જાન્યુઆરી ૧૯૩૬ના રોજ ભીલ ખેડૂતોની પરિષદ ભરવામાં આવવાની હતી જેનું પ્રમુખપદ ઇન્દુલાલને આપવામાં આવ્યું હતું.તે સમય દરમ્યાન ભીલોની પરિસ્થિતિ વધારે ખરાબ થઇ ગઈ હતી.તેની સાથે જ પરિષદનો પ્રચાર કરવાનું કાર્ય વધારે મુશ્કેલ બન્યું હતું . મિરાખેડી પરિષદમાં ઇન્દુલાલની સામેલગીરીની જાણ થતા ભીલ સેવા મંડળનાં તેમના જુના મિત્રો નારાજ થયા હતા.તેથી તેમના ભીલસેવા મંડળના મિત્રો વતી સુખદેવભાઈ માતર તાલુકામાં ઇન્દુલાલની સભા ભરાઈ ત્યારે તેમને સભાની પ્રવૃત્તિ થી દુર રહેવા સમજાવેલ પરંતુ તેઓ પોતાની ભીલ ખેડૂતોની મુક્તિની લડાઈ માટે પરિષદમાં ભાગ લેવા મક્કમ રહ્યા.દાહોદ,ઝાલોદ વિસ્તારમાં આદિવાસી ખેડૂતોની પરિષદ ભરવાનો નિર્ણય લેવામાં આવ્યો.પરિષદના દિવસે મીરાખેડી માં હજારો આદિવાસી ખેડૂતો ઉપસ્થિતરહ્યા હતા પરિષદમાં આદિવાસીઓને સરકાર અને અમલદારોના ત્રાસમાંથી મુક્તિ મેળવવા માટે સંગઠિત થવા માટે જણાવવામાં આવ્યું .પરિષદમાં આદિવાસીઓ માટે અનુકુળ ઠરાવો પસાર કરવામાં આવ્યા.જેમાં જમીન મહેસૂલનો કાયદો રદ કરી મહેસુલ અને ગણોતમાં અડધો અડધ કાપ મુકવો.ખેડૂતોને જમીન પર કાયમી હક્ક આપવો.ખેડૂતોને આપવામાં આવતું તગાવીનું વ્યાજ ઓછું કરવું.શાહુકારોના જુના દેવામાં કાપ મુકવો. તાલુકાદાર અને ઈનામદારી પ્રથા નાબુદ કરવા.જંગલોના ઘાસ અને લાકડા પર જાત ઉપયોગના જુના હક મંજુર કરવા.

ઈન્દુલાલે એપ્રિલ ૧૯૩૯મા ગુસર મુકામે ખેડૂતોની ગુજરાત કિસાન પરિષદ ભરવાની જાહેરાત કરી.ઇન્દુલાલ ગુસર જઈ ત્યાના વેજલપુરના છોટાભાઈ અને ઝવેરીભાઈને મળ્યા અને તેમની સહૈથી શાહુકારોના જુલ્મોનો વિરોધ કરતી હજારો પત્રિકાઓની નકલ તૈયાર કરાવી અને નજીકના ગામડાઓમાં પત્રિકાનો વહેચાણ કરાવ્યો.ભીખાપુરા ગામે ખેડૂતોની પરિષદ માટે મંડપ બંધાવ્યો તેનો અસામાજિકતત્વો દ્વારા સળગાવી દેવામાં આવ્યો ત્યારે ઈન્દુલાલે ખેડૂતોને સંયમ થી કાર્ય કરવાનો આદેશ આપ્યો અને ઇનામદારી,ઠાકોરોના જુલ્મો,ખેડૂતોનું જાહેરનામું માટેની પત્રિકા લોકોને વહેચી.એપ્રિલમાં ગુસરમાં સુમંત મહેતાના પ્રમુખપદે ગુજરાત કિસાન પરિષદ ભરાયી.તેમાં દિનકર મહેતા,શારદાબેન મહેતા તે ઉપરાંત દેવગઠબારિયા ,એરલ,લુણાવાડા ,ઇડર વગેરે ક્ષેત્રોના ખેડૂતો કાર્યકરો સાથે સભામાં આવી પહોચ્યા


ISBN: 978-81-952708-6-6

હતા.ગુસરમાં મળેલી પહેલી ગુજરાત કિસાન પરિષદના પરિણામે સમગ્ર ગુજરાતમાં કિસાનોમાં નવી જાગૃતિ આવી

૧૫ જુન ૧૯૪૧ નાં રોજ વલસાડમાં ખેડૂત પરિષદ ભરાયી.પરિષદની સંપૂર્ણ તૈયારીઓ ઠાકોરભાઈએ કરી હતી. પરિષદમાં ઈન્દુલાલે ભાગ લઇ પ્રવુંતીઓ કરી હતી.પરિષદમાં સ્વામીજી હાજર રહ્યા.તેથી તેમને જોવા અને સાભળવા માટે મોટા પ્રમાણમાં એકત્રિત થયા હતા.પરિષદમાં ઈન્દુલાલે તેમજ અન્ય કાર્યકરોએ કિસાનોના સવાલો ઉકેલ કરવા માટે તેમજ તેમના બાળકોને શિક્ષણઆપવા માટે વિધ્યાલય ખોલવાની અને તેમના માટે રચનાત્મક કાર્ય કરવાના ઠરાવો રજુ કર્યા અને તે સર્વાનુમતે મંજુર થયા.

ઈ.સ ૧૯૪૨ના મેં માસમાં ગુજરાત કિસાન પરિષદ ટુવામાં ઇન્દુલાલાના પ્રમુખપદે ભરાવવામાં આવી.વેજલપુરના છોટાભાઈ ગણપતરામ ટુવામાં કપાસની સહકારી મંડળી તરફથી એક જીન ચલાવતા.તેમની વિનંતીનાં કારણે ટુવામાં કિસાન પરિષદ ભરાવવાનો નિર્ણય ઈન્દુલાલે કર્યો આ ક્ષેત્રમા કોઈ કિસાન લડતો પણ ન હતી. તે ઉપરાંત તુવાગામાની પરિષદમાં સામ્યવાદી લોકોનું પ્રભુત્વ વધવા લાગ્યું જેના પરિણામે ઇન્દુલાલ દ્વારા તેમજ અન્ય કાર્યકરો દ્વારા અસંતોષ ની લાગણી પેદા થઇ અને આ પરિષદમાં ઠરાવો પસાર થયા પરંતુ સામ્યવાદિનીતી થી ઇન્દુલાલને ઘણી નિરાશા થઇ હતી.

ઇન્દુલાલ દ્વારા ગુજરાતના રેવાકાઠાનાં મેવાસામાં માં ખેડૂત પરિષદ ભરવામાં આવી તે ઉપરાંત રાજપીપળા, ઝાલોદ ,પંચમહાલ નાં ગુસરગામે ,ભાવનગરનાં મહુવા તાલુકામાં બોરસદ,ભરૂચ ,કચ્છનાં ભચાઉ ગામે કિસાન પરિષદો ભરી ખેડૂતોને તેમની અન્યાયી શાહુકારોના ત્રાસમાંથી ,જમીનદારી પ્રથા,તેમજ સરકારાનો અન્યાયી ગણોતધારા સામે લડત લડવા માટેની દિશા સૂચિત કરી માર્ગદર્શન પૂરૂ પાડે છે.

**નિષ્કર્ષ**

ઇન્દુલાલ યાજ્ઞિક ગુજરાતના ગૌરવશાળી જાહેરજીવનની અણમોલ અકસ્યામત સમા છે.ગુજરાતના ક્રાંતિકારીઓના પ્રેરણાબળ પુરું પાડનાર હતા.ઈન્દુલાલે ખેડુતસભાઓ અને પરિષદો ભરીને ખેડૂત આંદોલન ને યોગ્ય દિશા નિર્દેશ કર્યું . ખેડત આંદોલનને અસરકારક બનાવવા માટે સમગ્ર ગુજરાતમાં કિસાન સરઘસો કાઢી,ખેડૂત સંમેલનો ભરીને ખેડૂતોને જાગૃત કર્યા હતા.

**સંદર્ભસુચિ**

1. ઓઝા ધનવંત,ઇન્દુલાલ યાજ્ઞિક,અમદાવાદ.
2. ઓઝા ધનવંત,ગુજરાતની અસ્મિતાના સ્વપ્નદ્રષ્ટા ઇન્દુલાલ યાજ્ઞિક,અમદાવાદ.
3. દેસાઈ અક્ષયકુમાર આર,ભારતીય રાષ્ટ્રવાદની સામાજિક ભૂમિકા,અમદાવાદ.
4. દેસાઈ શાંતિલાલ મ,રાષ્ટ્નો સ્વાત્રંતય સંગ્રામ અને ગુજરાત,અમદાવાદ.
5. પંડ્યા રોહિત,સાંથાનીક ભારતના કિસાન આંદોલનો,અમદાવાદ.
6. યાજ્ઞિક ઇન્દુલાલ કે,આત્મકથા ભાગ ૫ કિસાનસભા ,અમદાવાદ.


ISBN: 978-81-952708-6-6

# ઇતિહાસમાં સ્ત્રીઓનું સ્થાન અને અબળામાંથી સબળા બનતી મહિલાઓ

**પાયલ ઇન્દ્રવદનભાઈ જોષી**
શિક્ષિકા; પટેલ સંકુલ, અમરેલી
સારસ્વત સોસાયટી , "આશુતોષ" નિવાસ, મુ. અમરેલી - 365601

**પ્રસ્તાવના :**

આજનાં ટેકનિકલ યુગે કેટકેટલી કરવટ બદલી છે. વિશ્વમાં કેટકેટલી ક્રાંતિઓ થઈ છે.ઘણી બધી નવી-નવી શોધખોળ થઇ છે. વિજ્ઞાન ક્યાં છેક સુધી પહોંચી ગયું. વિશ્વના દરેક ક્ષેત્રમાં વિજ્ઞાને પોતાનાં જ્ઞાન થકી હરણફાળ ભરી છે. "જેટ યુગથી આગળ વધી હવે નેટ યુગ સુધી."

'સંસાર એ પરિવર્તન શીલ છે.' અને એમાં પણ આજનાં કાળા માથાનાં માનવીના જીવનમાં કેટલું પરિવર્તન આવ્યું છે. માનવીની જીવન શૈલી જ બદલાઈ રહી છે . વિચારોની વૈવિધ્યથી લઈ માણસના વર્તન પરિવર્તન થતા જોવા મળી રહ્યા છે. ત્યારે હજુ પણ સવાલ એનો એનો એ જ છે કેઇતિહાસ કાળથી ચાલ્યો આવતો પ્રશ્ન હજુ પણ પૂછવો પડે છે કેમહિલા અબળા છે. ? શુ સબળા બની છે..? આ ગતિશીલ યુગમાં બધું તો બદલાઈ રહ્યું છે.તો આ પ્રશ્નનું સ્થાન હજુ કેમ છે.? અને જો આપણે આ પરિવર્તનશીલ વિશ્વમાં માની પણ લઈએ કે નારી અબળા નથી પણ સબળા છે , તો શું આ વાસ્તવિકતા છે કે આભાસ છે ? અબળા માંથી સબળા બનતી મહિલાઓ એટલે આ યુગમાં અબળા હજુ છેને સબળા બની રહી છે.આ ખૂબ વિચાર માંગી લે એવો પ્રશ્ન છે. પવિત્ર ભારતની ધરાની કલ્પનાંની જો વાત કરીએ તો આ ભૂમિની કલ્પના એક નારી સ્વરુપે કરાય છે. પૌરાણિક કાળથી જ 'ભારત માતાનાં રૂપમાં કરાય છે.અને કહેવાય છે કે.

"जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी॥"

અર્થાત્. જન્મ દેનારી મા અને માતૃભૂમિ સ્વર્ગ કરતા પણ વધારે મહાન હોય છે.

ભારત દેશને માતા રૂપમાં તેની પૂજા પણ કરાય છે. એવું રાષ્ટ્ર અને ભારતીય સમાજ કે ,જ્યાં પ્રાચીનકાળથી જ નારીની દેવીનાં રૂપમાં પૂજા કરાય છે. મનુસ્મૃતિમાં કહેવાયું છે કે

"यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः।
यत्रैतास्तु न पूज्यन्ते सर्वास्तत्राफलाः क्रियाः।।"

અર્થાત્. જ્યાં નારીની પૂજા કરવામાં આવે છે ત્યાં દેવતાઓ નિવાસ કરે છે.જ્યાં પણ તેમની પૂજા કરવામાં આવતી નથી.ત્યાં બધી જ ક્રિયાઓ નિષ્ફળ થાય છે.

પવિત્ર ભારતનો ઇતિહાસ જો યાદ કરીએ તો નારીઓની ગૌરવગાથા ભરેલો છે. માતાના રૂપમાં નારી પ્રથમ ગુરુ હોય છે. સુશિક્ષિત સમાજના નિર્માણમાં નારીની પાયાની ભૂમિકા હોય છે.

"उपाध्यायात् दशाचार्य:आचार्याणां शतं पिता |
पितुर्दशशतं माता, गौरवेणातिरिच्यते || "

અર્થાત્. ઉપાધ્યાયથી દસગણા આચાર્ય,આચાર્યથી સો ગણા પિતાજી, પિતાજીથી હજાર ગણા માતા નું ગૌરવ વધારે છે.

પરંતુ જેમ - જેમ કાળનું ચક્ર ફરતું ગયું તેમ-તેમ દેવી રૂપી નારીઓને એક હાંસિયામાં ધકેલી દીધી.મહિલાઓની દયનિય સ્થિતિ થતી ગઈ.મધ્યકાળમાં બ્રિટિશ શાસન દરમ્યાન પણ આ સ્થિતિમાં કઈ સુધારો થયો નહોતો થયો.

પછી ધીમે-ધીમે સમયનાં ચક્રે એક સમાજની રચના કરી.હા એ સમાજ એટલે 'પુરુષ પ્રધાન સમાજ' જાણે સ્ત્રીનું અસ્તિત્વ જ ન હોય. કોઈ ભૂમિકા જ ન હોય એમ.!! પુરુષપ્રધાન સમાજની વરવી માનસિકતા પ્રગટ થઈ.સ્ત્રી એટલે ગુલામ , સ્ત્રી એટલે જરૂરિયાતો પૂર્ણ કરવા માટેનું સાધન.!! આ વિકૃત

 ISBN: 978-81-952708-6-6

માનસિકતા ધરાવતા સમાજમાં સુધારા કરવા કાનુની રીતે અનેક પ્રયત્નો કરવામાં આવ્યા.પરંતુ સામાજિક સ્તર પર જે સુધારા થવા જોઈએ તે ન થયા.

આમ ને આમ સમયની ગતિએ પીસાતી નારી , અથડાતી સ્ત્રી , દર દરની ઠોકરો ખાતી મહિલા , હર રોજ પીંખાતી અબળા..આમ, મહિલાઓ વિરુદ્ધનાં અત્યાચાર દહેજ માટે શોષણ, પ્રભુદાસી બનાવવાની માનસિકતા. આ બધા કારણોથી આખરેસમાજમાં મહિલા સશક્તિકરણનો અવાજ બુલંદ થયો છે.અને અનેક પડકારોનો સામનો કરતા કરતા એક નવી જ ઊર્જા નારીએ પ્રાપ્ત કરી અબળા રૂપી ઝંઝીરોને તોડી સબળા રૂપી નારીની વિકાસ ગાથા કઈંક આ પ્રમાણે આલેખીયે..

**કુટુંબમાં મહિલાની સ્થિતિ :**

ભારત દેશ વિકસતો સમાજ છે. ભારતમાં જ્ઞાતિ, સંયુક્ત કુટુંબ , લગ્ન , મૂલ્યો અને રિવાજોની પરંપરાનું ખૂબ વધુ પ્રાબલ્ય છે.પરંપરા થી ભારતીય સમાજ પિતૃપ્રધાન અને પુરુષ પ્રધાન રહ્યો છે. નારીની ઓળખ માત્ર દાંપત્ય જીવન પૂરતી સીમિત નથી પરંતુ તે આખાય કુટુંબ, જ્ઞાતિ,વર્ગ ,સમુદાય સુધી વિસ્તરેલી છે. મહિલાઓ પર થતા દમનના મૂળ આ રૂઢિગત પરંપરાથી જકડાયેલા સમાજમાં રહેલા છે. ભારતીય નારી કુટુંબની અનેક જવાબદારીઓનું વહન કરતા કરતા..સંતાનોને શ્રેષ્ઠ સંસ્કાર સાથે સરળતાથી શિક્ષણ જો કોઈ આપી શકે તો એ માતા છે. ઇતિહાસે પણ સાક્ષી પૂરતા કહેવું પડે

"સૌરાષ્ટ્ર માં સાગર કિનારે , સુદામા જન્મ્યો હતો
પાવન ભૂમિ એ પોરબંદર માં કાબો ગાંધી હતો
સંસ્કાર નું સિંચન કર્યું છે , માત મોહનદાસ માં
અમ દેશ ની એ આર્ય રમણી અમર છે ઇતિહાસમાં. "
"ધન્ય કુખ જીજાબાઈની (જેમાં) શિવાજી પાક્યો હતો
તલવાર કેર ધારથી , હિંદુ ધરમ રાખ્યો હતો
પડકાર કરતી પુત્ર ને , મરજે સમર મેદાન માં
અમ દેશ ની એ આર્ય રમણી અમર છે ઇતિહાસમાં."

"ખરેખર સ્ત્રીનું જીવન સ્નેહ, સહનશીલતા, ત્યાગ અને બલિદાનનું મહાકાવ્ય છે." ભારતીય મહિલાઓ સન્માનની અધિકારી બને છે. ઘર સાંભળવાની સાથે - સાથે આજની નારી આર્થિક જવાબદારીઓ શિરે લઈ એક સશક્ત નારી ઘર બહાર નીકળી એક અલગ જ અવતાર ધારણ કર્યો.

**સમાજમાં મહિલાનું સ્થાન**

ભારતીય સમાજમાં અઢારમી અને ઓગણીસમી સદી તો મહિલાઓ માટે જાણે અંધકારમય રહેલી.રાજા રામમોહનરાયે એ સમયના અનેક કુરિવાજો સામે લડાઈ શરૂ કરી હતી.આખરે એ ક્રૂર પ્રથા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો. ત્યારબાદ સ્ત્રીઓની સમાજમાં સ્થિતિ સુધરી નોહતી. અક્ષર જ્ઞાન વગરની જિંદગી જીવતી નારીનાં જીવનમાં આખરે જ્ઞાનનો પ્રકાશ રેલાયો. પૂજ્ય મહાત્મા ગાંધીજી થકી હરઘરની નારી ઘર બહાર નીકળી શિક્ષણ લેતી થઈ.1930નાં દાયકા પછી ભારતીય નારીઓમાં અજબની જાગૃતિ આવી. સદીઓથી દબાયેલી અધિકારોથી વંચિત રહેલી સ્ત્રીઓએ આક્રોશ પૂર્ણ બની બળવો પોકાર્યો.પુરુષ સમોવડી બનવા પહેરવેશ થી લઈ વિચારોમાં આધુનિકતા લાવી.

"જ્ઞાન રૂપી દીવડો પ્રગટ્યો કે જીવન નારનું ઝળહળી ઉઠ્યું."

**સામાજિક કાર્યોમાં મહિલાની નિર્ણાયક ભૂમિકા**

વેદકાળનો સમય સ્ત્રી ઉત્કર્ષનું સૂચક ગણાય છે. વેદોમાં નારીનાં શિક્ષણ , ચારિત્ર્ય, ગુણ , કર્તવ્ય અને અધિકારોનું વિશાળ વર્ણન કરેલું જોવા મળે છે. સ્ત્રીઓ રાજનૈતિક,સામાજિક અને વહીવટી કાર્યોમાં ખૂબ જ

 ISBN: 978-81-952708-6-6

મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી. એ જ રીતે આજની સફળ નારી દરેક ક્ષેત્રે પોતાનું યોગદાન આપી. વૈદિકકાળમાં પોતાનું જે સ્થાન હતું એ પાછું મેળવી રહી છે. સામાજિક કાર્યકર્તાઓની સાથે મહત્વના નિર્ણયો લેતી થઈ છે. રાજકારણમાં મહિલાઓ એ દેશનાં મહત્વપૂર્ણ વિભાગો સાંભળ્યા છે.જેનાં પરથી અબળા માંથી સબળા બનતી નારીનું ચિત્ર સ્પષ્ટ થાય છે કે.

"જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે."

એક સમય એવો હતો કે દીકરીને દૂધ પીતી કરી દેવામાં આવતી.તે કુરિવાજનો અંત આવ્યો.જેમ દર વર્ષે રાવણ દહન કરવામાં આવે છે. અને બીજા સેંકડો રાવણ જન્મી ચૂક્યાં હોય છે. તેમ પરિવર્તન પામતાં સમયે આધુનિકતાનું પહેરણ જરુર પહેર્યું હોય પણ છતાં માનવીના વિચારોને અકબંધ રાખ્યા છે. નવીનતમ ટેકનોલોજીના સાથે સ્ત્રીઓનું ગર્ભજાતિ પરીક્ષણ કરવામાં આવે છે. જો દીકરી હોવાના સંકેત મળે એટલેભ્રુણ હત્યા કરી દેવામાં આવે છે. પહેલાં દૂધ પીતી કરવામાં આવતી અને હવે.!! તેમાં પણ કાનૂની અનેક સહાય પ્રાપ્ત થવા લાગી.અનેક સામાજિક સંસ્થાઓએ પોતાનું યોગદાન આપી આ પ્રકારના પરીક્ષણ ઉપર રોક લગાવી દીધી.ત્યારે એમ કહી શકાય કે..

"જે ઘરમાં ગુંજે કિલગારીઓ દીકરી તણી
એ ભરતદેશની કુંજે કિલગારીઓ દીકરી તણી"

ભારતની દીકરીઓના અદમ્ય સાહસને આખો દેશ આજે વંદન કરી રહ્યો છે. ત્યારે અબળા સબળા બની દેશને દરેક ક્ષેત્રે ગૌરવ અપવનારી એ સબળા વ્યક્તિત્વની સાહસ કથા લખતા આજ ગૌરવ અનુભવાય છે.પી.ટી.ઉષા થી લઈ રમત-ગમત ક્ષેત્રે પી.વી.સિંધુ હોય કે મીરાબાઈ ચાનું .પુરુષો સાથે ખભાથી ખભો મિલાવીને ચાલી રહી છે. આજે દેશમાં 2020 પ્રમાણે 48.04 મહિલાઓની વસ્તી છે. સ્ત્રીઓનાં વિકાસમાં સમાજનો વિકાસ રહેલો છે.સ્ત્રી- પુરુષને સમાન અધિકારો પ્રાપ્ત થયા. છતાં આજનાં આધુનિક યુગમાં નારી સુરક્ષાની વાત કરીએ તોશુ આજે સશક્ત મહિલાઓ પણ દેશમાં સુરક્ષિત છે ખરી..? દેશમાં સ્ત્રીની સુરક્ષાને લઈ અનેક યોજનાઓ ઘડાઈ , કાનૂની અનેક કાયદાઓ બન્યા.આથી મહિલાઓમાં એક આશા અને સુરક્ષાના ભાવ જોવા મળે છે.આજની સબળા નારી ઇંટ થી લઈ પ્લેન ઉડાવી આસમાનની સફર કરતી થઈ છે.આત્મશક્તિ જાગૃત કરી આજની મહિલા આધુનિકતાના હર એક અપરાધોનો વળતો જવાબ દેવા કટિબદ્ધ બની છે.કારણ કે

"બીજલી ચમકતી હૈ તો આકાશ બદલ દેતી હૈ
આંધી ઉઠતી હૈ તો દિન રાત બદલ લેતી હૈ
જબ ગરજતી હે નારી શક્તિ તો ઇતિહાસ બદલ દેતી હૈ
જગત જનની નારી તેરી જય હો.... જય હો.... જય હો..."

**ઉપસંહાર :**

માણસે જ્યારે ધરતી પર પોતાની પહેલી વહેલી આંખ ખોલી અને ત્યારે તેની માતાના રુપમાં નારીની ગોદનું સંરક્ષણ જ નહીં પરંતુ એ પ્રેમાળ આંચલની છાયામાં સ્વર્ગીય સુખની અનુભૂતિ પણ થઈ છે. ગગનથી લઈ સાગરની ઊંડાઈ સુધી સતત શુભકામનાઓ જ મળી છે એ ગૌરવવંતી નારીનું વેદકાળથી અનેરું મહત્વ રહ્યું છે. એ પછી ગાર્ગી, મૈત્રેયી, કાત્યાયની, શચી પૌલોમી, ઘોષા, કે પછી વિશ્પલા વિરાંગના હોય. ગૃહસ્થની ધૂરા વહન કરવાની સાથે જરુર પડ્યેઆજની નારી વીર ભાવનાથી યુક્ત થઈ પ્રચંડ પરાક્રમ ભર્યા કાર્યો પણ કરી શકે છે.આવી સબળા નારીને સબળ વંદન.

 **ISBN: 978-81-952708-6-6**

**સન્દર્ભ સાહિત્ય**

1. નીરા અ. દેસાઇ. "ગુજરાતમાં ઓગણીસમી સદીમાં સામાજિક પરિવર્તન." નીરા અ. દેસાઇ. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ૧૯૮૩
2. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી અને પ્રવિણચંદ્ર ચિ. પરીખ. "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ-૮ અને ૯." અમદાવાદ : ભો.જે.વિદ્યાભવન , ૧૯૮૪.
3. ऋग्वेद - श्री रामशर्मा आचार्य
4. (संस्कृतनिबन्धशतकम् - वि.वि.प्रकाशन, वाराणसी
5. www.sahityasetu.co.in 2012
6. સ્ત્રોત લેખન : સંદેશ , જયહિન્દ
7. ગુજરાત રાજ્ય સહકારી સંઘ

 **ISBN: 978-81-952708-6-6**

# ભારતમાં મુગલ સમયનું સ્થાપત્ય-હુમાયુનો મકબરો

**Hasmukhkumar G.Shrimali**
Ph.D. Scholar – History
H.N.G University,Patan
Email-krishaabhis@gmail.com

**પ્રસ્તાવના**

ભારત દેશએ એશિયાખંડની પશ્ચિમ બાજુએ આવેલ સમૃદ્ધ પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વરસો ધરાવતો દેશ છે.અનેક પેઢીઓએ સ્થાપત્ય ક્ષેત્રમાં કામ કરીને ભારતને અને વિશ્વને સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વરસો આપ્યો છે. કેમકે સ્થાપત્ય કલાશૈલીએ ભારતીય ઇતિહાસના લાંબા સમયપટ પર પથરાયેલ જોવા મળે છે.

ભારતમાં અનેક શાસકો આવ્યા પરંતુ સ્થાપત્ય કલામાં મુગલોએ એક નવીન યુગનો પ્રારંભ કર્યો હતો.અત્યાર સુધી વિભિન્ન શૈલીઓનું સમિશ્રણ ચાલતું આવ્યું હતું. જે મુગલ સમયમાં પરાકાષ્ટાએ પહોચ્યું હતું. મુગલ શૈલીનો વિકાસ અકબર અને શાહજહાંના સમયથી ગણાવી શકાય છે. મુગલ સમય દરમિયાન અનેક સ્થાપત્યો નિર્માણ પામ્યા હતા જે ભારતના ભવ્ય વારસા તરીકે ઓળખાય છે તેમાં આગ્રાનો કિલ્લો, તાજમહેલ, ફતેહપુર સિકરી, હુમાયુનો મકબરો અને લાલ કિલ્લો વગેરે સ્થાપત્યો મહત્વના ગણાય છે. તેમાં તાજમહેલને વિશ્વની સાત અજાયબીમાં સ્થાન મળ્યું છે તેમજ અન્ય સ્થળોને યુનેસ્કો વિશ્વ વિરાસતમાં સ્થાન પ્રાપ્ત થયું છે. આથી દેશ-વિદેશથી અનેક પ્રવાસીઓ મુલાકાત લઇ રહ્યાં છે.

**હુમાયુનું જીવન**

ભારતમાં મુગલવંશની શરૂઆત બાબરે દિલ્હી સલ્તનતના લોદીવંશના અંતિમ સમ્રાટ ઈબ્રાહીમ લોદીને પરાજય આપી કરી હતી. બાબરને કામરાન, હુમાયુ, હિંદાલ અને અસ્કરી નામે ચાર પુત્રો હતા. તેમાં હુમાયુનું પૂરું નામ નાસીરુદીન મહમ્મદ હુમાયુ મિર્ઝા હતું. તેનો જન્મ ઈ.સ. ૧૫૦૮માં ૬ માર્ચે મંગળવારની રાત્રે કાબુલના કિલ્લામાં થયો હતો. માતાનું નામ માહમ બેગમ હતું. બાળપણ કાબુલમાં વીત્યું હતું. તેના લગ્ન યાદગાર બેગ તરાઈની પુત્રી બેગાબેગમ(હાજીબેગમ) સાથે થયું હતું. બાબરના મૃત્યું પછી ૩૦ ડિસેમ્બરના રોજ આગ્રામાં હુમાયુનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો હતો. હુમાયુનું મૃત્યું ઈ.સ. ૧૫૫૬ ૨૬ મી જાન્યુઆરીના રોજ થયું હતું.

**હુમાયુનો મકબરો**

હુમાયુનો મકબરો પ્રથમ રાજવંશીય કબર છે. જે અકબરના શાસનકાળમાં દક્ષિણ-પૂર્વ દિલ્હીમાં ૧૪મી સદીના સૂફી સંત હજરત નિજામુદીન ઓલિયાની દરગાહ નજીક અત્યંત મહત્વપૂર્ણ પુરાતત્વીય સ્થાનમાં ૨૭.૦૪ હેક્ટરના વિસ્તારમાં નિર્માણ પામી હતી .તે હુમાયુના મૃત્યુના આઠમાં વર્ષે તેની વિધવા પત્ની હાજીબેગમે (બેગાબેગમ) ઈ.સ. ૧૫૬૪માં નિર્માણ કાર્ય શરુ કરાવ્યું હતું. જે ૧૫૭૦માં પૂર્ણ થયું હતું. જેમાં અકબરનો કોઈ હાથ ન હતો.

હાજીબેગમના આદેશાનુસાર આ મકબરાના વાસ્તુકાર સૈયદમુબારક ઈબ્ન મિરાક ઘીયાસુદીન અને એમના પિતા મિરાક ઘુયાસુદીનને હેરાતથી બોલાવવામાં આવ્યા હતા. અને આ મકબરાની ડિજાઇન પર્શિયન આર્કિટેક મિર્ઝા ગિયાસે તૈયાર કરી હતી. જેને બેગાબેગમ દ્વારા પસંદ કરવામાં આવી હતી.અને ભારતીય અને ઈરાની ડિજાઇનરો અને કારીગરોને બોલાવી આ મક્બરાનું નિર્માણ કરાવ્યું હતું. જે ભારતીય ઉપખંડમાં આ પ્રથમ બગીચા કબર હતી. જે વિશેષ સાંસ્કૃતિક મહત્વ ધરાવે છે. તાજમહેલના પહેલા  નિર્માણ પામી હતી. જે તાજમહેલના નિર્માણમાં નવીનતાઓને પ્રેરિત કરે છે.

 ISBN: 978-81-952708-6-6

આ મકબરો નીલા ગુબંજ, ઇસખાન, વું-હલીમા અફસરવાલા, બાબરનો મકબરો અને આરબ સેરાઈ સંકુલમાં કારીગરોએ હુમાયુનો મકબરો બનાવવાનું કાર્ય કર્યું હતું. આ મકબરોએ ચારબાગ (સ્વર્ગની ચાર નદીઓ) સાથે કુરાનના ચતુભૂર્જ બગીચાઓનું ઉદાહરણ છે. જેમાં નહેરોનો સમાવેશ થાય છે. જે તેની સુંદરતા અને ભવ્યતા મુગલ શૈલીની ગતિવિધિનું અંતિમ પ્રમાણ માનવામાં આવે છે.. આ એક ઇમારતનો સમૂહ છે જે મુગલ સ્થાપત્ય કળા – મુગલ વાસ્તુકલાથી સબંધિત છે. જેને બનાવતી વખતે લાલ પથ્થરોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો

આ મકબરો ઊંચી પહોળી છતવાળી જગ્યા પર ઉભો છે. જેની આસપાસ ઊંડા ચેમ્બર આવેલ છે. અને તેની યોજના અનિયમિત અષ્ટકોણ પ્રકારની છે. તેની ચાર બાજુએ લાંબી ચેમ્ફડ કિનારીઓ આવેલ છે. તેને ૪૨.૫ મીટર ઊંચા આરસનો ગુબંજ આવેલ છે. તેમાં આરસના થાંભલાઓ સાથેની છત્રીઓ આવેલ છે. અને કેન્દ્રીય છત્રીઓના ગુબંજ ચમકદાર સિરામિક ટાઈલ્સથી શણગારેલા જોવા મળે છે. દરેક બાજુના મધ્ય ભાગને અંદરની બાજુએ મોટા કમાનવાળા ખંડો દ્વારા અંદરની તરફ ધકેલી દેવામાં આવેલ છે. આ અષ્ટકોણ યોજના બીજા માટે પુનરાવર્તિત થાય છે. અને તેની બાંધણી સફેદ અને કાળા આરસની સીમાઓ સાથે લાલ રેતીના પથ્થરમાં સજ્જ કરવામાં આવેલ છે.

હુમાયુના મકબરા સુધી પહોચવા માટે વું-હલીમા બાગ અને તેના પૂર્વ બાજુના પ્રવેશ માર્ગથી થઈને જવું પડે છે. અને તેની સામે જ મકબરાની પ્રશ્ચિમ બાજુના પ્રવેશ માર્ગથી વિશાળ નાકાવાળી મહેરાબ જોવા મળે છે. જે ફારસી ચારબાગના સિદ્ધાંત પર આધારિત અલંકારીત વર્તુળાકાળ બાગના રૂપમાં જોવા મળે છે. આ મક્બરાના નિર્માણમાં એક મહત્વપૂર્ણ વાસ્તુકલાની નવીનતા જોવા મળે છે. આ બાગની મધ્યમાં જ હુમાયુનો મકબરો આવેલો છે. જે દક્ષિણ-પ્રશ્ચિમ બાજુ ઊંચી ઈમારતો અને પ્રવેશ માર્ગોથી આ મકબરો ઘેરાયેલો જોવા મળે છે. જેમાં લાલ અને સફેદ આરસ પથ્થરોથી તેના માર્ગો બનાવવામાં આવ્યા છે.

આ મકબરાને મુગલોનું 'શયનગૃહ' પણ કહેવામાં આવે છે. કેમકે મુગલ પરિવારના ૧૫૦ થી વધુ સભ્યો ત્યાં રહેતા હતા. આમ મકબરાની આસપાસ ઘણા નાના સ્મારકો પણ દક્ષિણ દરવાજાથી પ્રવેશતા જ જોવા મળે છે. આ મકબરા પાસે હુમાયુના ત્રણ ઉત્તરાધિકારીઓ સિવાય અન્યની કબરો આવેલી છે. ઈ.સ. ૧૮૫૭માં કર્નલ હડસને છેલ્લા મુગલ સમ્રાટ બહાદુરશાહ જફરને બંદી બનાવી મ્યાનમાર મોકલવામાં આવ્યા હતા. જે મૃત્યુ સુધી ત્યાં રહ્યાં હતા. આ વિસ્તારમાં અન્ય મકબરા સિવાય ઉત્તર-પૂર્વ બાજુ એક શીખ ગુરુદ્વાર પણ આવેલ છે.

આ મકબરાના નિર્માણથી ભારતમાં મકબરા કલા શૈલીમાં પરિવર્તન આવ્યું હતું. આ મકબરાને મુગલ વાસ્તુકલાનું એક Xક્ષેષ્ટ ઉદાહરણ માનવામાં આવે છે. મકબરો પોતાની સ્થળ યોજનામાં પરંપરાગત પૂર્વ મુગલકાલીન મકબરાથી સંપૂર્ણ ભિન્ન જોવા મળે છે. વાસ્તવમાં ભારતીય વાસ્તુકલાના ક્ષેત્રે આ મકબરામાં અભૂતપૂર્વ નવીનતા જોવા મળે છે. પ્રમુખ ઈરાની વાસ્તુકાર મિરાક મિર્જા ગિયાતે વસ્તુક્લામાં એક નવી શૈલીને મહત્વ આપ્યું ત્યારથી ભારતીય ઇમારતોમાં ફારસી પ્રભાવની શરૂઆત થયેલ જોવા મળે છે.

આમ મુગલ સમ્રાટોની કબરોમાં હુમાયુની કબર મુખ્ય માનવામાં આવે છે. આ સમયની પ્રખ્યાત ઇમારતોમાં આ કબર મહત્વની ગણાય છે. જેમાં ચારબાગ ગાર્ડનનો સમાવેશ થાય છે જે પર્શિયન ગાર્ડન જેવો દેખાય છે. આવો બગીચો ભારતમાં ક્યારેય જોવા મળ્યો નથી આમ આ કબરને ઈ.સ. ૧૯૯૩માં યુનેસ્કો વિશ્વ ધરોહરમાં સ્થાન પ્રાપ્ત થયું છે. જેના કારણે દુનિયાભરમાં પ્રખ્યાત થયો છે.

આગાખાન ટ્રસ્ટની ભાગીદારીથી આ મકબરાની સમાધિ અને બગીચાઓને ઈ.સ. ૧૯૯૭ થી સરક્ષણ પ્રોજેકટ દ્વારા સમાધિની આસપાસના ચહરબાગ અથવા ચારભાગમાં આવેલા સ્વર્ગ બગીચાના માર્ગો, ફૂવારાઓ અને પાણીની ચેનલોને પુનર્જીવિત કરવાના પ્રયાસો કરવામાં આવેલ છે.

**સમાપન**


**ISBN: 978-81-952708-6-6**

આમ હુમાયુનો મકબરોએ ભારતીય સ્થાપત્ય કલામાં મુગલ શૈલીની આગવી ઓળખ ઉભી કરે છે. અને ભારતમાં ઈરાની અને ભારતીય વસ્તુશૈલીની નવી ઓળખ આપવી છે. અને તેજ શૈલીને આધારે મુગલ શૈલીનો વિકાસ થયેલો પણ જોવા મળે છે. જે ભારતમાં મુગલ સામ્રાજ્યના અસ્ત થતાની સાથે જ અસ્ત થવા પામી હતી. પરંતુ આ સમયની ઈમારતો આંજે પણ ભારતને વિશ્વમાં અનેરું સ્થાન અપાવ્યું છે.

**સદર્ભસૂચી**

1) https://en.wikipedia.org/wiki/Humayun%27s_Tomb
2) https://indianculture.gov.in/hi/unesco/heritage-sites/haumaayauun-kaa-makabaraa-dailalai
3) https://www.gyanipandit.com/humayun-tomb-in-hindi-history/
4) https://www.indiaolddays.com/humaayoon-ka-makabara-kisake-dvaara-banavaaya-gaya/
૫) સિંઘાનિયા નીતિન, 'ભારતીય કલા એવમ સંસ્કૃતિ', ૨૦૨૦
૬) પટેલ જસુભાઇ.બી.' ભારતનો ઈતિહાસ –મોગલ્યુગ ૧૫૨૬ થી ૧૭૦૭ ', યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ,૨૦૧૮
૭) 'ધો-૧૦ સામાજિક વિજ્ઞાન', ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
૮) 'ભારતીય ઈતિહાસ', સ્પેક્ટ્રમ બૂક પ્રા.લી., ૨૦૨૧


**ISBN: 978-81-952708-6-6**

# અકબરકાલીન નવરોઝ : ઉત્સવ અને મેળો

**Solanki Gamansinh Dipaji**
Ph.D. scholar - Gujarat University

**પ્રસ્તાવના :**

ભારતીય સંસ્કૃતિ ઉત્સવપ્રિય છે. સમયાંતરે આવતા ઉત્સવો અને મેળાઓ લોકોનાં એકધારા જીવનના થાકને દુર કરી આનંદ અને ઉત્સાહથી ભરી દે છે. મેળાઓતો સમાજનું દર્પણ છે. મુઘલયુગ દરમિયાન ભારતમાં શરૂ થનાર નવરોઝનો ઉત્સવ અને મેળો આગવી લાક્ષણીકતા ધરાવે છે. અકબરાકાલીન નવરોઝનો તહેવાર, મેળો અને તેના ભારતીય સ્વરૂપને જોવાનો પ્રયત્ન કરીશું.

**હેતુઓ :**

- નવરોઝના ઉત્સવનો પરીચય મેળવે.
- અકબરના સમયમાં નવરોઝના ભરાતીય સવરૂપમાં પરીવર્તનને સમજે.
- અકબરકાલીન નવરોઝનાં ઉત્સવની ઉજવણીની પદ્ધતિથી પરિચિત થાય.
- સંશોધનકર્તાનાં જ્ઞાનમાં વધારો થાય.
- ભૂતકાળની ઘટનાઓની વર્તમાનમાં અસરને જાણે.
- લોકમાહીતી તથા શિક્ષણમાં ઉપયોગી થાય.
- ઘટનાની સમાજ પરની અસરો જાણી શકાય.

## 1. નૌરોઝ(નવરોજ) – એક પરિચય

નૌરોઝનો અર્થ થાય છે નવો દિવસ(નૌ=નવો, રોઝ=દિવસ). તે એક તહેવાર છે જે મુખ્યત્વે પારસી અને મુસ્લીમો દ્વારા ઉજવાય છે. જો કે ભારતમાં મુખ્યત્વે પારસી લોકો દ્વારા ઉજવાય છે. અન્ય ધર્મનાં લોકો પણ તેમાં ભાગ લેતા હોય છે. આ તહેવાર ઇરાનના નવા વર્ષ અનુસાર ઉજવવામાં આવે છે. ઇરાનના નવા વર્ષને 'પારસી નવ વર્ષ' તરીકે પણ ઓળખવામાં આવે છે. ઇરાની નવું વર્ષ સૌર કેલેન્ડર પ્રમાણે હોય છે. આ વર્ષનો પ્રથમ માસ એટલે ફરવરદીન અને તેનો પ્રથમ દિવસ એટલે "નૌરોઝ". ખ્રિસ્તી વર્ષ પ્રમાણે તે લગભગ ૨૦ કે ૨૧ માર્ચની આસપાસ આવે છે. જ્યારે વસંત ઋતુનો સમય હોય છે. આ એક પ્રાચીન તહેવાર છે. આ તહેવાર દુનિયાના વિવિધ દેશોમાં અલગ-અલગ રીતે ઉજવાય છે. આ તહેવારને સયુંક્ત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય નૌરોઝના દિવસ' તરીકેની માન્યતા મળી છે.

આ તહેવારની ઉજવણી ઇરાન, અજરબૈજાન, તુર્કમેનિસ્તાન, કઝાકિસ્તાન, બાંગ્લાદેશ, પાકિસ્તાન, ભારત વગેરે દેશોમાં મોટા પાયે ઉજવણી કરવામાં આવે છે. આ બધા દેશોમાં ઉજવણીની પદ્ધતિમાં તફાવત જોવા મળે છે. એટલે કે વિશ્વનાં વિભિન્ન દેશોમાં અલગ-અલગ રીતે ઉજવવામાં આવે છે. વર્ષનાં અંતિમ બુધવારે આગ પર કુદકો લગાવવામાં આવે છે જે 'ચેહરશેબે શૂરી' તરીકે ઓળખાય છે. ત્યારબાદ લોકો નૌરોઝને આવકારવા ઘરની સાફ-સફાઇ કરે છે. નૌરોઝના દિવસે પહેરવા માટે નવા કપડાંની ખરીદી કરાય છે. હાફ્ટ-સીન ટેબલ તૈયાર કરાય છે અને તેની આજુબાજુ બેસીને નવા વર્ષની ગણતરી ચાલુ થાય છે. લોકો પરિવાર સાથે મિત્રો અને પાડોશીઓનાં ઘરની મુલાકાત લે છે. એકબીજાને શુભેચ્છા સંદેશ પાઠવે છે. સાથે સાથે ભેટોની આપ-લે થાય છે. પરંપરાગત વાનગીઓ રાંધવામાં આવે છે. પરિવાર સાથે મિજબાની માણે છે. મિત્રો અને પરિવાર સાથે પિકનિક મનાવાય છે. કબરોની મુલાકાત લેવાય છે અને પૂર્વજોને યાદ કરાય છે.

## 2. અકબરકાલીન નૌરોઝ(નવરોજ) – મેળો

નૌરોઝ એ ઇરાનનો સૌથી મહત્વપૂર્ણ તહેવાર હતો. તત્કાલીન સમયમાં તેનું મહત્વ કેટલું હતું? તેનો ઉલ્લેખ કરતા બદાયુંની લખે છે કે "મિહિરગન તહેવાર એ પર્શિયન લોકોનો નૌરોઝ પછીનો સૌથી મહત્વપૂર્ણ

 ISBN: 978-81-952708-6-6

તહેવાર છે."[1] ભારતમાં આ તહેવારની વિધિવત શરૂઆત કરવાનું શ્રેય અકબરને ફાળે જાય છે. તેનો ઉલ્લેખ અકબરનાં સમકાલીન અને દરબારી એવા અબુલ ફઝલે કર્યો છે. તેઓ લખે છે કે "જ્યારે અકબરને જમશેદનાં તહેવાર અને પારસી ધર્મગુરૂઓના તહેવારોની મહીમાની જાણ થઇ ત્યારે તેમણે તેમને દત્તક લીધા અને તેમને દત્તક લાભ આપવાની તક તરીકે ઉપયોગ કર્યો"[2] જદુનાથ સરકારનો આજ મત છે. બેની પ્રસાદ પણ તેમાં સૂર પૂરાવે છે કે "નૌરોઝ એ પર્શિયન તહેવાર હતો અને અકબર દ્વારા તે મૌલિક સુધારા કરીને અપનાવવામાં આવ્યો હતો."[3]

ટૉડ રાજસ્થાનના ઇતિહાસમાં લખે છે કે "નૌરોઝનો અર્થ વર્ષનો નવો દિવસ થાય છે અકબરે તેની સ્થાપના કરીને તેનું નામ 'ખુશરોઝ' રાખ્યું હતું. એનો અર્થ થાય છે ખુશીનો દિવસ તેની સ્થાપના અકબરે જાતે જ કરી હતી"[4] બદાયૂની પણ મોટે ભાગે આ તહેવારને નૌરોઝ-ઇ-ઝલાલી કહેતો.

નૌરોઝનો તહેવાર ઇરાની પ્રથા અનુસાર દર નવા (સૌર) વર્ષના આરંભના દિવસે ( તા-1 ફરવરદિન ) થી 19 દિવસ સુધી મનાવવામાં આવતો હતો. અબુલ ફઝલ પણ જણાવે છે કે તે વર્ષના નવા દિવસે શરૂ થાય છે કે જ્યારે સૂર્ય મેષ રાશિમાં પ્રવેશે છે અને મહિનાના (ફરવરદિન મહિનાના) ઓગણીસમા દિવસ સુધી ચાલે છે. જહાંગીરના સમયમાં પણ આ તહેવાર 19 દિવસ સુધી ઉજવાતો હતો. જ્યારે જહાંગીરે પોતાની આત્મકથામાં ઉલ્લેખ કર્યો છે કે મંગળવાર 11 મી તારીખે ( 11 અથવા 12 માર્ચ 1606 ) ને જ્યારે મેષ રાશિમાં ઉગ્યો અને મારી રાજ્યગાદી મળ્યા પછીના પ્રથમ નૌરોઝને એવી સુંદર સજાવટ કરાવી જેવી મારા પિતા દર વર્ષે નૌરોઝનાં અવસરે કરાવતા હતા.[5]

અહીં એક સ્પષ્ટતા જરૂરી છે કે જ્યારે આપણે આ ઐતિહાસિક ગ્રંથોનું અધ્યયન કરીએ છીએ ત્યારે આપણને બે શબ્દો ધ્યાને આવે છે (1) નવરોઝ-એ-સુલતાની અને (2) નવરોઝ-એ-જલાલી. તેનો ઉલ્લેખ છે કે 'અકબરનાં રાજ્યારોહણનાં 13 વર્ષ થયા હતા ત્યારે નવરોઝ-ઇ-સુલતાની અને નવરોઝ-ઇ-જલાલી એકબીજાની સાથે આવ્યાં' આ બન્ને પ્રસંગો ભિન્ન છે. (1) નવરોઝ-ઇ-સુલતાની એ અકબરે ચાલુ કરેલ ઇલાહી સંવતના પહેલા દિવસે ઉજવવામાં આવતો હતો. જ્યારે નવરોઝ-ઇ-જલાલીએ પારસી નવ વર્ષનાં દિવસે ઉજવવામાં આવતો હતો. જેને આપણે સામાન્ય રીતે નવરોઝ કહીએ છીએ એને બદાયૂંની નવરોઝ-ઇ-જલાલી તરીકે ઓળખતો હતો.

તુર્કસ્તાનમાં એવી પ્રથા હતી કે દરેક નગર અને મોટે ભાગે ગામોમાં અઠવાડીયામાં એક અથવા બે વાર બજાર ભરવામાં આવતું. એટલે કે એક એવો મેળો જામતો જેમાં આજુબાજુના પાંચથી છ કોશ સુધીનાં વિસ્તારની વસ્તી જોડાતી. લોકો રાતનાં સમયે પોતપોતાના ઘરથી મેળા માટે નીકળતાં અને સૂર્યોદય સમયે બજારમાં આવીને ભેગા થતાં હતાં. સ્ત્રીઓ બુરખો પહેરતી અને નકાબ દ્વારા ચહેરાને ઢાંકતી તથા રેશમ, સુતરાઉ કાપડની

---

[1] AL-BADAONI. MUNTAKHABU-T-TWARIKH. અનુ. GEORGE RANKING. NEW DELHI: ATLANTIC PUBLISHERS, 199O, page-286.
[2] ABUL-FAZAL. AIN-A-AKBARI. Ed. PHILLOTT D.H. Trans. BLOCHMANN H. SECOND. CALCUTTA: ASIYATIC SOCITEY, 1927,P-299.
[3] BENIPRASAD. HISTORY OF JAHANGIR.ALLAHABAD: THE INDIAN PRESS LTD, 1930,P-98
[4] टोड. राजस्थानका इतिहास. Trans. ठाकुर केशवकुमार. Vol. १ . इलाहाबाद: आदर्श हिन्दी पुस्तकालय, १९६२,पेज-२०४.
[5] जहाँगीर .जहाँगीर का आत्मचरित्र. अनुनागरी प्रचारीणी सभा :काशी .व्रजरत्नदास ., दि.न., पेज-98


ISBN: 978-81-952708-6-6

ટોપીઓ, પોતાની હાથકારીગરી કે ફૂલકારીગરીનાં રૂમાલ અથવા બીજી જરૂરી વસ્તુઓ વેચતી. બધા જ વ્યવસાયવાળાં પુરુષો પણ પોતપોતાની વસ્તુઓ બજારમાં વેંચવા લાવતા. મુરઘી અને ઇંડાથી લઇને અનાજ સુધી, તેલ, ઘી, સુથારી અને લુહારીકામ અહીં સુધી કે માટીનાં વાસણો પણ વેચાવા માટે આવતાં અને બપોર સુધી વેંચાઇ જતા. મોટેભાગે ખરીદ-વેચાણ પદાર્થોની આપ-લે દ્વારા જ થાય છે એટલે કે વસ્તુવિનિમયની પ્રથા પ્રચલિત હતી. અકબરે એમાં પણ ઘણો સુધારો કરીને એની શોભા વધારી છે.

અકબરકાલીન નવરોઝનું સ્વરૂપ શું હતું? અને ઇરાની પ્રથામાં અકબરે ક્યા મહત્વપૂર્ણ સુધારા કરીને ભારતમાં આ ઉત્સવને અપનાવ્યો હતો?. તે વિશે અકબરનાં દરબારી બદાયૂંનીના શબ્દોમાં જો કહીએ તો 'આ નવરોઝનાં ઉત્સવ માટે ગુબંજ આકારનાં ટેન્ટ તૈયાર કરવામાં આવતાં.'[6] દિવાને આમમાં એક 60 ડગલાં લાંબો અને 40 ડગલાં પહોળો શામિયાનો એટલે એક એવો તંબુ જે વાંસની મદદથી ઊભો કરવામાં આવે છે તે ઊભો કરવામાં આવતો. આ શામિયાનાને ખુબ જ આકર્ષક રીતે શણગારવામાં આવતો. એના દરવાજા અને પડદાઓ પર સોના અને ચાંદીનુ જરીકામ કરેલું કાપડ લગાવવામાં આવતું સોનેરી કળશો પણ પ્રવેશદ્વારે મુકવામાં આવતાં. મોતીયોની માળાઓ, પૂર્તગાલી બનાતો, રૂમી મખમલ, ઝરીનાં ભરતકામવાળા બનારસી વસ્ત્રો, અને કિનખાબોથી સજાવવામાં આવતો.આ મેળાનું મહત્વ એટલું હતું કે તેની તૈયારીઓ મહીનાઓ પહેલાં શરૂ થઇ જતી. તેમાં દેશ-વિદેશનાં મહેમાનો પણ જોડાતાં. અકબર ખુબ જ દુરંદેશી બાદશાહ હતો. તે આ મેળામાં જોડાવા માટે વિવિધ વ્યાપારીઓને આમંત્રણ આપતો. તે વ્યાપારનું મહત્વ બરાબર સમજતો હોવાથી આ વેપારીઓને પુરતાં પ્રમાણમાં પ્રોત્સાહન પુરું પાડતો. વ્યાપાર માટેની જરૂરી સુરક્ષા અને સુવિધા ઉપલબ્ધ કરાવતો. જેનું સમર્થન બદાયુનીનાં આ કથન પરથી મળે છે. 'બાદશાહ અકબર દ્વારા આમન્ત્રિત યુરોપિયનોને બેસાડવામાં આવ્યાં. તેમનાં સ્વાસ્થ્ય અને જીવનની કામના કરવામાં આવી. તેમની પ્રતિષ્ઠા અને તેમનાં ધર્મનું સન્માન એ તેમની સમ્રાટ સાથેની મૈત્રીનું પરિણામ હતું.'[7]

આ મેળો મુગલ સામ્રાજ્યની શાન-શૌકતને પ્રદર્શિત કરતો હતો એટલા માટે જ તેની સજાવટ ખુબ જ સુંદર રીતે થતી. તેની સજાવટમાં મુગલ દરબારની ભપકાદાર છાંટ હતી. એટલા માટે જ તેમાં ખુબ જ મુલ્યવાન અને પ્રખ્યાત વસ્તુઓ વપરાતી. આ મેળાની શોભા વધારતી વસ્તુઓ ફક્ત ભારતમાં જ નહિ પરંતુ દેશ-વિદેશમાં વિખ્યાત હતી જેમ કે કાશ્મીરની પ્રખ્યાત શાલ આ મેળાની શોભારૂપે પડદા પર લટકાવવામાં આવતી તો ફર્શ(ભોયતળીયે)ની ઉપર ઇરાન અને તુર્કમેનિસ્તાનની કાર્પેટ(ઉન, સુતર વગેરેથી બનેલું એક પાથરણું) પાથરવામાં આવતી. યુરોપ અને ચીનના રંગબેરંગી પડદા લટકાવવામાં આવતાં. આ દિવસે કેવી રીતે મેળાની અને મુગલ મહેલોની સજાવટ કરવામાં આવતી. તેનું વર્ણન જહાંગીરે પોતાની આત્મકથામાં લખ્યુંછે તેઓ જણાવે છે કે 'એ રાજસિંહાસન જેમાં હિરા, પુખરાજ તથા બીજા પ્રકારના સુંદર રત્નો લાગેલા હતા તથા ખૂબ ધન પણ વપરાયેલું હતું તે બહાર કાઢીને દીવાન-એ-ખાસમાં રખાવ્યો. અનેક પ્રકારના જડાઉ ( જડતર કરેલો) સામાન

[6] AL-BADAONI. MUNTAKHABU-T-TWARIKH. અનુ. GEORGE RANKING. NEW DELHI: ATLANTIC PUBLISHERS, 1990, page-348.

[7] AL-BADAONI. MUNTAKHABU-T-TWARIKH. અનુ. GEORGE RANKING. NEW DELHI: ATLANTIC PUBLISHERS, 1990,
page-348.

 ISBN: 978-81-952708-6-6

તથા સુંદર તસવીરો કઢાવી જેનાથી આખો મહેલ, દીવાન-એ-આમ અને દીવાન-એ-ખાસ સજાવ્યો. મેં મારા પિતાના સરદારોને પણ આજ્ઞા આપી કે તેઓ પણ સજાવટ કરે. એ બધાએ સારા રત્નો, હાથી-ઘોડા તથા અલભ્ય સામાન અને સંસારની દુર્લભ વસ્તુઓને બહાર કાઢી અને મને ભેટ ધરી. સેવકોના સન્માનની ખાતર હજારોમાંથી એકની(કેટલીક ભેંટ) સ્વીકારી.'[8] દીવાન-એ-આમના અંદરના ભાગની સજાવટ અદભૂત રીતે કરવામાં આવતી હતી. સુંદર અને અદ્વિતિય ચિત્રો લટકાવવામાં આવતા, કાચ અને બિલ્લોર(એક પ્રકારનો ચમકદાર અને પારદર્શક પત્થર) માંથી બનેલી કમળની પ્રતિકૃતિ મૂકવામાં આવતી. કન્દીલ, ફાનસ, કુમકુમ (રંગબેરંગી કાચના મોટા ગોળાઓ) લટકાવવામાં આવતા. શામિયાનાની આજુબાજુ આસમાની(આકાશી રંગના, વાદળી રંગના કે ભૂરા રંગના) તંબુ પણ તાણવામાં આવતા હતા. આ મેળાના 5 એકરના વિસ્તારમાં રાજ્યનાં સામંતો પોતાના ટેન્ટ લગાવતાં હતાં. આ વિસ્તાર ખરેખર ખૂબ જ મોટો કહેવાય. તેમાં ફક્ત રાજ્યનાં સામંતો જ નહિ પરંતુ દેશ-વિદેશના વેપારીઓ પણ ટેન્ટ લગાવતા. અકબર કાલીન નૌરોજના મેળાનું વર્ણન ગૌરીશંકર હિરાચંદ ઓઝાએ પણ પોતાના પુસ્તકમાં જણાવે છે કે 'શાહી-શામિયાનાની ચારે તરફ 5 એકરના વિસ્તારમાં અમીર-ઊમરાવો પોતાના ડેરાઓને ખુબ જ ધામધુમ અને ઠાઠમાઠથી સજાવતા હતા. ખાનેખાના અને ખાનેઆઝમના ડેરાઓમાં ભારત તથા વિદેશોના અનેક પ્રકારનાં અસ્ત્ર-શસ્ત્ર વગેરેનો સંગ્રહ રહેતો હતો. વાજિંત્રો અને ઘંટ વાગતા રહેતા હતા. જ્યોતિષ સંબધી યંત્ર, ખગોળ, આકાશમાં રહેલા તારાઓ વગેરેના નકશા અને તેમની સાક્ષાત મૂર્તિઓ(પ્રતિકૃતિ) ગ્રહ અને અલગ-અલગ સૌરમંડળ ચક્કર લગાવતા હતા. ભાર ઉપાડવાની કર્લે પોતાનું કામ કરતી હતી. વિવિધ પ્રકારનાં વાજાઓ વાગતાં હતાં. શાહી મંડપમાં સોના-ચાંદીના કામવાળી(જેમાં સોનું અને ચાંદી વપરાઇ હોય એવી શણગારેલી ), હીરા દ્વારા જડેલી, ગાદલાવાળી ખુરશીઓ રાખવામાં આવતી.'[9]

આ મેળામાં દરેક અમીરને સ્ટોલ (દુકાન) ફાળવવામાં આવતી. આ સ્ટોલને સામંત અને વેપારી સજાવતા અને તેમની ચીજ વસ્તુઓ વેચવા માટે મુકતા. આ સ્ટોલધારકો પોતાની કલા અને કારીગરીનું પ્રદર્શન આ સ્ટોલમાં કરતાં. આ મેળામાં વહેલી સવારથી જ લોકોની ભીડ જામતી અને તેમાં સામાન્ય પ્રજા પણ ભાગ લેતી. અહીં વસ્તુઓ ખુબ જ ઓછા ભાવે વેચાતી અને ભાવમાં કોઇ પણ વેપારી અનીતી ના આચરે તે માટે બાદશાહે કડક નિયમો બનાવ્યા હતા. આ મેળામાંથી રાજ્યને કરરૂપે મોટી રકમ અને વસ્તુઓ મળતી. આ ઉપરાંત બાદશાહને ભેંટરૂપે પણ ઘણી મોટી રકમ અને વસ્તુઓ મળતી. આ દિવસોમાં તે દરેક માણસના ડેરામાં દર્શન આપવા જતો અને અમીરોની પોતપોતાની શક્તિ અનુસાર ભેંટ આપતા. જેના બદલામાં તે એમને પદવી અને જાગીર આપતો હતો. આ મેળામાંથી રાજ્યને ખુબ જ ફાયદો થતો હતો. આમ આ તહેવાર રાજ્યની આર્થિક ઉન્નતી માટે મહત્વપૂર્ણ હતો. વધુમા બદાયુંની જણાવે છે કે 'આ તહેવારમાં તેમણે(અકબર) દરેક સ્ટોલધારક તરફથી ઊચ્ચ સન્માન મળતું. સાથે સાથે તેમના તરફથી ઊત્તમ ફળો, સુગંધી, દ્રવ્યો અને નૃત્યાંગના માટે યોગ્ય ઉપહાર પણ તિજોરીમાં આપવામાં આવતું. અમીરો તરફથી બાદશાહને ભેટ ધરવામાં આવતી. બાદશાહ તરફથી તેમની પદોન્નતી થતી.'[10] આ મેળામાં બધા પ્રકારનો સામાન મળતો જેમ કે રેશમી કાપડ,સુતરાઉ કાપડ, ટોપીઓ, મુર્ધી, ઇંડાઓ, મેવો, અનાજ, સુથારી અને લુહારીકામ, તેલ અને માટીનાં વાસણો વગેરે વસ્તુઓ મળતી.

---

[8] जहाँगीर. जहाँगीर का आत्मचरित्र. अनु. व्रजरत्नदास. काशी: नागरी प्रचारीणी सभा, पेज-९८-99.

[9] ओझा गौरीशंकर .वीर शिरोमणी महाराणा प्रताप. अजमेरवैदिक यंत्रालय :, पेज-३१&३२

[10] AL-BADAONI. MUNTAKHABU-T-TWARIKH. અનુ. GEORGE RANKING. NEW DELHI: ATLANTIC PUBLISHERS, 199O, page-353.

 **ISBN: 978-81-952708-6-6**

અકબર એ ધર્મસહિષ્ણુ રાજવી હતો. એટલે જ તે પ્રજામાં પ્રિય હતો. આ ઉત્સવમાં પણ અકબરે ધાર્મિક સહિષ્ણુતા સંબંધી મૌલિક સુધારા કર્યા હતા. આ ઉત્સવમાં હિન્દુ અને મુસ્લીમ એમ બન્ને ધર્મના લોકો ભાગ લઇ શકતા હતા. તેના સામ્રાજ્યમાં બધા હિન્દુ અને મુસ્લમાન આ ઊત્સવને મનાવવા લાગ્યા. રાજ્ય દરબારમાં તેના માટે મોટા આનંદનો કાર્યક્રમ થતો. તહેવાર સમજીને બધાને તેમાં ભાગ લેવાનો અધિકાર હતો. દરબારમાં એક પ્રકારનું સાર્વજનિક સંમ્મેલન થતું હતું. આ જે સ્ટોલ લગાવવામાં આવતા તેમાં ઘણા હિંદુ સામંતો પણ પોતાના સ્ટોલ લગાવતા હતા. બાદશાહ તેમને પણ મળતો હતો અને ભેટો પણ સ્વીકારતો હતો. આ ઉપરાંત અકબર રાજપૂતોના જેવી વળ વાળી પાગડી બાંધીને ચાલતો અને બ્રાહ્મણો પાસે તિલક કરાવી પોતાની ખુરશીમાં જઇને બેસતો. આ ઉપરાંત એ દિવસે તે તુલાદાન પણ કરતો. જેનો ઉલ્લેખ ઓઝાએ કર્યો છે કે 'અકબર જ્યારે વહેલી સવારે સ્નાન કરતો ત્યારે એ દિવસે વહેલી સવારે હિંદુ સોહાગણ સ્ત્રી દાળ દળતી અને અકબર માટે પીઠી તૈયાર કરતી. અકબર બ્રાહ્મણોને બોલાવી નક્ષત્રો જોવડાવી તે અનુસાર સ્નાન કરતો. તે માથે તીલક કરતો અને તુલાદાન પણ કરતો.' [11]

અકબરે બીજા પણ મહત્વના સુધારા આ ઉત્સવને અનુલક્ષીને કર્યા જે તેની પ્રતિભા અને ડહાપણની નિશાનીરૂપ હતાં. તે અંગે બદાયૂની લખે છે કે 'આ સમયે સમ્રાટે નવું મુંઝવણભર્યું હુકમનામું જાહેર કર્યું. અઠવાડિયાના પહેલા દિવસે પશુહત્યાની સખત મનાઇ ફરમાવી કારણકે આ દિવસ સૂર્યપૂજાનો છે. ઊપરાંત ફરવરદિન મહિનાના પહેલા અઢાર દિવસો દરમ્યાન પણ ઉપરોક્ત નિયમ લાગુ કર્યો અને સંપૂર્ણ અબન મહિના દરમ્યાન પણ(અબન મહિનો એ મહિનો છે જેમાં સમ્રાટનો જન્મ થયો હતો) અને બીજા ઘણા દિવસોમાં પણ આ હુકમ લાગુ કર્યો. આ બધુ હિંદુઓને ખુશ કરવા માટે સમ્રાટે કર્યું. આ હુકમ સંપૂર્ણ રાજ્યમાં લાગુ કરવામાં આવ્યો હતો અને દરેક માટે સજા રાખવામાં આવી. જેણે આદેશની વિરુધ્ધ કાર્યવાહી કરી. તેની સંપતિ જપ્ત કરવામાં આવી. આ તહેવારોના સમય દરમિયાન બાદશાહ માંસનો સંપૂર્ણપણે ત્યાગ કરતો હતો. ધીમે ધીમે ધાર્મિક તપસ્યા તરીકે બાદશાહે તેને છ માસથી એક વર્ષ સુધી લંબાવી અને આખરે માંસનો ઉપયોગ સંપૂર્ણપણે બંધ કરવાના વિચાર સાથે.'[12] અકબરના આ બધા સુધારાઓ હિંદુ ધર્મની રીતી પ્રેરીત હતા. અકબરે આ સુધારાઓ કરી હિંદુ પ્રજાનો વિશ્વાસ જીત્યો. આ ઉત્સવને સંબંધિત ધાર્મિક સુધારાઓથી પ્રભાવિત હિંદુ સામન્તો, વેપારી અને પ્રજા આ ઉત્સવમાં ઉત્સાહભેર સામેલ થઇ. આમ, આ મેળામાં ના ફક્ત હિંદુ પ્રજાને સામેલ થવાનો અધિકાર અકબરે આપ્યો. ઉપરાંત પણ તેણે પોતે હિંદુ પ્રજાના રીતી-રીવાજો અને આસ્થાનું સન્માન કરી ખરા અર્થમાં હિંદુ પ્રજાનો પણ હૃદયસમ્રાટ બન્યો.

આ મેળામાં મનોરંજનનું પણ આગવું મહત્વ હતું. વિવિધ વાજિંત્રો વાગતા. દેશના અલગ-અલગ વિસ્તારમાંથી આવેલા સંગીતકારો પોતાના સંગીતના સૂર રેલાવતા. જેને સાંભળવા કલાપિપાસુઓ અને રાજ્યદરબારીઓ તત્પર રહેતા. આ ઉપરાંત રાત્રે નાચ-ગાન પણ થતું. વસંતના તહેવારના 19 સુખદ દિવસો દરમ્યાન ઊમંગ અને આનંદથી દરેક વસ્તુને ભોગવવામાં આવે છે. આ તહેવાર દરમ્યાન નૃત્ય અને સંગીત રાત-દિવસ ચાલતું.

આ મેળાનો ઉદ્દેશ્ય ફક્ત મનોરંજન, વ્યાપાર કે ધાર્મિક બિનસાંપ્રદાયિકતાનો જ નહોતો. આ મેળાનો મહત્વપૂર્ણ ઉદ્દેશ્ય એ રાજ્યની સુરક્ષા અને સામંતો પરનો અંકુશ હતો. અકબરને ખબર હતી કે સામંતો અથવા

[11] ओझा गौरीशंकर .वीर शिरोमणी महाराणा प्रताप. अजमेरवैदिक यंत्रालय :, पेज-३१&३२

[12] AL-BADAONI. MUNTAKHABU-T-TWARIKH. અનુ. GEORGE RANKING. NEW DELHI: ATLANTIC PUBLISHERS, 1990, page-331.

 **ISBN: 978-81-952708-6-6**

મનસબદારોએ રાજ્યની બધી શક્તિના કેંદ્રરૂપે હતા. મનસબદારો લશ્કરી વ્યવસ્થા, સુરક્ષા વ્યવસ્થા, શાંતિ અને રાજ્યની આર્થિક વ્યવસ્થા જેવી પાયારૂપ જવાબદારીઓ નિભાવતા હતા. તેથી તેમની રાજ્યભક્તિ અકબરમાં નિહિત રહે તે અત્યંત મહત્વપૂર્ણ હતું. તેથી જ આ મેળામાં બધા સામંતોને આવવાનું અને હાટ લગાવવાનું ફરજિયાત હતું. અકબર આ બધા સામંતોને મળતો અને તેમની કામગીરી અંગે પૂછપરછ પણ કરતો. અકબર ખૂબ જ ચતુર હતો. તે તેમની વાણી અને વર્તન પરથી આ સામંતોની ભાવનાને ઓળખી જતો. કોઇ સામંત મેળામાં ભાગ ના લે, બાદશાહને નજરાણું ના ધરે, વાણી-વિવેકની રીત-ભાતથી અકબરની ચતુર નજર પારખી જતી કે આ સામંત વિશ્વાસ રાખવા લાયક છે કે નહી? જેની ઊપર બાદશાહેને શંકા થતી તેની ઊપર તે ખુબ જ કડક નિયંત્રણ રાખતો અને તેની દરેક ચાલ ઊપર બાદશાહની દ્રષ્ટિ રહેતી. બીજું મહત્વપૂર્ણ અંગ હતું બાદશાનું ગુપ્તચરતંત્ર. આ તંત્ર મેળા દરમિયાન સક્રિય રહેતું અને લોકોના સાદા વેશમાં તે મેળામાં ફરતા. તેઓ તેમના વ્યવહાર પર નજર રાખતા અને દરેક શંકાસ્પદ બાબતની જાણકારી બાદશાહ સુધી પહોંચાડતા. જેનાથી કોઇ વિદ્રોહ કે રાજ્ય વિરોધી પ્રવૃતિને દબાવી શકાતી. સામ્રાજ્યની રાજનીતીક પરિસ્થિતિને જાણવા માટે આ મેળો એક સાધન માત્ર હતો. આ મેળામાં બધા પ્રકારના યોગીઓ અને સામ્રાજ્યના લોકો પણ ભેગા થતાં અને તેમની વાતચીત, હલચલ, ઢંગ, વિચારો વગેરેનું છુપી રીતે નિરિક્ષણ કરી બાદશાહ રાજ્યની સાચી પરિસ્થિતિ જાણવાનો પ્રયત્ન કરતો. આ મેળામાં જો બે સામંતોનાં સંબંધો સુધારવાનો પણ બાદશાહ દ્વારા સુંદર પ્રયત્ન થતો. જહાંગીર પોતે પણ લખ્યું છે કે 'ત્યારબાદ મનસબદારોને બઢતી આપી, જાગીરો આપી અને તેમને ભેંટ આપી.'[13]

આમ, જ્યારે વસંતઋતુની શરુઆત થતી ત્યારે એટલે કે લગભગ માર્ચ મહિનામાં આ ઉત્સવ શરૂ થતો અને તેમાં ફરવરદીન મહીનાની પહેલી તારીખથી 19 તારીખ સુધી કુલ 19 દિવસ દરમિયાન વિવિધ બહુહેતુક પ્રસંગો યોજવામાં આવતા. જેમાં બાદશાહ અકબરની ચાણક્યનીતી અનુસાર સામ્રાજ્યના હિતાર્થે વિવિધ સુધારાઓ થયા હતા. જે પ્રશંસાપાત્ર છે અને અકબરની મહાન પ્રતિભાની છબી આપણી સમક્ષ ખડી કરે છે. એની મહાન પ્રતિભાની ઝાંખી થાય છે.

### 3. દરબાર

નૌરોઝનાં ઉત્સવ દરમ્યાન એક દરબારનું આયોજન થતું હતું જો કે આવા દરબાર વર્ષનાં સામાન્ય દિવસો દરમ્યાન પણ યોજાતાં. આ દરબાર દિવાને-આમમાં ભરાતો હતો. દીવાને-આમમાં એક 60 ડગલાં લાંબો અને 40 ડગલાં પહોળો શામિયાનો બાંધાવામાં આવતો. આ તંબુને ખુબ જ સુંદર રીતે સજાવવામાં આવતો. જોકે શણગારની આ કામગીરી દિવાને-ખાસ, મહેલો અને કિલ્લાઓ સુધી વિસ્તરતી તેથી કહી શકાય કે નૌરોઝમાં સંપૂર્ણ શહેર નવવધુની જેમ સજાવવામાં આવતું.

શાહી તંબુમાં આ દરબાર મળતો. જો કે મેળાનો વિસ્તાર તો આગળ વર્ણવ્યા પ્રમાણે 5 એકર જેટલો હતો. અહીં એ પ્રશ્ન થાય કે આ દરબાર 19 દિવસ દરમ્યાન ક્યારે મળતો? એ અંગેની માહીતી મળતી નથી. ટૉડ સાહેબે દરબારમાં યોજાતા સાર્વજનિક સંમ્મેલનનો ઊલ્લેખ કર્યો છે પરંતુ તે આ ઉત્સવના દિવસો દરમ્યાન ક્યારે યોજાતું તેનો ઉલ્લેખ કર્યો નથી.

અકબર જિજ્ઞાસુ હતો તેથી તે આ સભામાં દેશ-વિદેશનાં વ્યક્તિઓને આમંત્રણ આપતો. આ ઊપરાંત તે સભામાં વેપારી અને બીજા સામાન્ય લોકો પણ આવતા તથા અકબર સમક્ષ પોતાની ફરીયાદો અને સમસ્યાઓ રજુ કરતા. આ સભામાં ના ફક્ત પુરુષો પણ સ્ત્રીઓ પણ ભાગ લેતી હતી. અકબર અહીં બેસીને જ વસ્તુઓની કિંમત નક્કી કરે છે અને ખરીદ-વેચાણ અંગે નિયમ બનાવે છે. તે અંગે આઇને અકબરી ના કર્તા અબુલ

---

[13] जहाँगीर. जहाँगीर का आत्मचरित्र. अनु. व्रजरत्नदास. काशी: नागरी प्रचारीणी सभा, पेज-99.

 ISBN: 978-81-952708-6-6

ફઝલ જણાવે છે કે 'અકબર દુનિયાની ઘણી અદભૂત વસ્તુઓ વિશે પૂછપરછ માટે એક મોટી સભા બોલવે છે. તે સભામાં બધા વેપારીઓ હાજરી આપે છે અને તમામ દેશના લેખો (જે તે દેશના શાસકો તરફથી બાદશાહને લખવામાં આવતાં ભલામણપત્રો) મુકે છે. અકબર દરેક વસ્તુની કિંમત નક્કી કરે છે.'[14] આ કથન પરથી એવું જણાય છે કે નવરોઝના પ્રથમ દિવસે જ આ દરબાર દ્વારા જ આ ઉત્સવનો પ્રારંભ થતો હશે. તેથી મેળાનો ઉત્સવનો ક્રમ દરબાર, મેળો અને જનાના એમ રહેતો હશે.

આ સભાનું સૌથી આગવું લક્ષણ ગણી શકાય કે તેમાં સ્ત્રીઓ પણ સામેલ થતી અને બીજું કે સામંતો વચ્ચેનું વૈમનસ્ય દૂર કરવા બાદશાહ બંને સામંતોને પોતાની જોડે બોલાવી સૂચના આપતો, અહીં એ ઉલ્લેખનીય છે કે અકબરી દરબારમાં એવુ વર્ણિત છે કે સામંતોની વચ્ચે સુમેળ કરાવી અને તેમનો પરસ્પરનો દ્વેષ દૂર કરવાનો પ્રયત્ન મીનાબજાર ખાતે ભરાતા સ્ત્રીઓના મેળા જનાના બજારમાં થતો. પરંતુ આ વાત ત્યાં યોગ્ય ઠરતી નથી જ્યારે તેના વર્ણનમાં એવુ લખેલું છે કે આ જનાના બજારમાં કોઇ પુરુષ પ્રવેશી શકતો નહી. તો પછી કોઇ સામંત કેવી રીતે પ્રવેશી શકે? એટલે આ ઘટના દિવાને-ખાસમાં ભરાતા શાહી દરબારની કહી શકાય.

અકબર આ દરબારમાં આવતો હતો અને પોતાની પ્રજાની વહુ-દિકરીઓને જોઇને હરખાતો હતો. તે કોઇં યોગ્ય જગ્યાએ બેસતો હતો. તેની સભામાં નિશ્ચિત જગ્યાએ બધા સ્ત્રી-પુરુષો ગોઠવાતા હતા. અમીરોંની સ્ત્રીઓ આવીને સલામ કરતી હતી અને ભેંટ આપીં પોતાના બાળકોને બાદશાહ સામે હાજર કરતી હતી. બાદશાહ આ બાળકોને અને સામંતોની સ્ત્રીઓને ભેંટ આપતો સાથે સાથે આશીર્વાદ પણ આપતો. આ સામંતોના સંતાનોના લગ્ન પણ અહીં જ નક્કી થતાં હતા. સામ્રાજ્ય માટે આ બાબત મહત્વપૂર્ણ હતી કેમ કે સામંતો એ સામ્રાજ્યનો પાયો હતા. અકબર એ બાબતનું ધ્યાન રાખતો હતો કે કોઇ શાસક વધારે શક્તિશાળી ના બને. જો એમ થાય તો તે સામ્રાજ્ય સામે મુશ્કેલી ઉભી કરી શકે છે તેથી અકબર પોતે તેમનાં સંતાનોના સંબંધો કૂટનીતીક અને રાજનીતીક હિતોને ધ્યાનમાં રાખીને કરતો હતો. તે શક્તિશાળી બે સામંતોનાં સંતાનોને પરસ્પર જોડાતાં રોકતો હતો પણ સામે બે પરસ્પર પ્રતિદ્વદ્વિ અને ઝઘડાયેલાં સામંતોના સંતાનોનાં સંબંધો બાંધતો. જેથી એકબીજા વચ્ચેની દુશ્મનાવટ દુર થાય અને તેઓ સામ્રાજ્યનાં ઉત્કર્ષમાં સાથે મળીને ભાગીદાર થાય. જો એઓ પરસ્પર ઝઘડે તો અંતે તો અકબરની જ શક્તિ ક્ષીણ થાય. આ સામંતોના સંબંધો શતરંજના પ્યાદાની જેમ હતા. તેમના પરસ્પર પ્રેમ અને દ્વેષ, એકતા અને વિરોધ, વ્યક્તિગત નુકશાન અને લાભનો પ્રભાવ બાદશાહનાં કાર્યો પર પડતો હતો. એમનાં લગ્ન સંબંધોનો નિર્ણય આ ઉત્સવના સમયે અથવા બીજા કોઇ અવસર પર એક સાચું અને શુભ દ્રશ્ય ખડું કરતા હતા. ક્યારેક તો તે બંને અમીરોની વચ્ચે એવું વેર ઉભું થયેલું હોતું કે તે બંને અથવા બેમાંથી કોઇ એક એકબીજાનું મોઢું જોવા પણ ના ઇચ્છતા. તેઓ એકબીજાના ખુંનના તરસ્યા બનતાં. એકબીજાને મારવાની પ્રતિજ્ઞા કરતાં. બાદશાહની ઇચ્છા રહેતી કે એમનામાં વેર ના રહે પણ મેળ થઇ જાય. એનો એક જ ઉપાય હતો કે બંને ઘર એક થઇ જાય અને મેળ થઇ જાય. જ્યારે તે લોકો ના માનતા ત્યારે બાદશાહ કહેતો કે સારું આ છોકરો અને આ છોકરી બંને અમારા છે. તમારો એમની સાથે કોઇ સંબંધ નથી. જ્યારે બાદશાહના મુખેથી આવી વાતો સાંભળતાં ત્યારે સામંતો અને તેમની પત્નીઓ ખુશ થતાં અને પોતાને ભાગ્યશાળી સમજતા. કેમકે અકબર જેવા બાદશાહ પોતાના સંતાનોના માથા પર પિતારૂપી હાથ અને આશીર્વાદ આપે છે. આમ, તે અમીર અથવા એની સ્રી પણ પ્રેમપૂર્ણ અદાથી કહેતી કે અમે ખરેખર ભાગ્યશાળી છીએ. અમારાં સંતાનોને આપને સોપીએ છીએ. અમારાં માટે આ શુભ ઘડી છે પણ આ સેવકનો આ સંતાન સાથે કોઇ સંબંધ રહેશે નહિ. આ સેવક

[14] ABUL-FAZAL. AIN-A-AKBARI. Ed. PHILLOTT D.H. Trans. BLOCHMANN H. SECOND. CALCUTTA: ASIYATIC SOCITEY, 1927,P-286.

 **ISBN: 978-81-952708-6-6**

પોતાની ફરજો અદા કરી ચુક્યો છે. બાદશાહ પણ કહેતો સરસ અમે આ ભાર મેળવ્યો. ક્યારેક વિવાહની જવાબદારીઓ બેગમો લેતી અને ક્યારેક બાદશાહ પોતે. વિવાહની તૈયારીઓ એટલી સુંદરતાથી થતી જેટલી સુંદર રીતે માતા-પિતા પણ ના કરી શકે.

આ પ્રથા અકબરના અનુકાલીન જહાંગીર અને શાહજહાંના સમયમાં પણ ચાલુ રહી. આ પ્રથા મુઘલ દરબારની શાન-શૌકત અને જાહોજલાલીનાં પ્રતિકરૂપે હતી. આ ઝાંખી વિદેશી અને દેશના સમાન્ય લોકોને આંઝી નાંખે તેવી હતી. તેનાથી તેઓ પ્રભાવિત થતાં.

## 4. મીના બજાર અથવા જનાના બજાર

નવરોઝના ઉત્સવનું એક અગત્યનું અંગ એટલે મીના બજાર અથવા જનાના બજાર. મીના બજારએ તે સમયની રાજધાની ખાતે આવેલું એક મહત્વનું સ્થળ હતું. જ્યાં આ મેળો ભરાતો હતો. જ્યારે જનાના એ ફારસી શબ્દ છે જેનો અર્થ થાય છે 'સ્ત્રીઓના રહેવા માટેનું સ્થળ.' જનાનાનો સમાનાર્થી છે- 'હરમ'. ભારતમાં મુખ્યત્વે મુઘલ અને તે પહેલાના સલ્તનત દરમિયાન સ્ત્રીઓ મહેલોના અંદરના જે ભાગમાં વસવાટ કરતી તેમને જ જનાના કહેવામાં આવતું. તેને આપણે 'રાણીવાસ' અથવા 'અંત:પુર' કહી શકીએ.

જનાના બજારએ ફક્ત સ્ત્રીઓનો જ મેળો હતો. તેમાં પુરુષોના પ્રવેશ પર પ્રતિબંધ હતો. અકબરી દરબારમાં જણાવ્યા અનુસાર 'જ્યારે લોકો ઉત્સવની શોભામાં પોતાની બધી યોગ્યતા અને સમર્થતાના ભંડાર ખાલી કરી દેતા હતા અને સજાવટની પણ બધી જ કારીગરી વપરાઇ જતી ત્યારે એ જ મેહેલોમાં જે ખરેખર શોધ, બુદ્ધિ અને યોગ્યતાના ભંડાર હતા તે જનાના બનતું.'[15] અહીં પ્રશ્ન એ થાય કે થાય કે નવરોઝના 19 દિવસ દરમિયાન આ મેળો ક્યારે મળતો હતો? ઉપરોક્ત કથનાનુસાર તે પુરુષોનો સામાન્ય મેળો ભરાતો તેના પછી મળતો હતો પણ તેના પછી ચોક્કસ ક્યા દિવસે મળતો હતો. તેની માહીતી અકબરી દરબારમાંથી મળે છે- 'આઇને-અકબરીમાં લખ્યું છે કે દર માસે સામાન્ય બજારના ત્રીજા દિવસે કિલ્લામાં જનાના બજાર ખુલે છે. સંભવ છે કે આ ફક્ત નિયમ બની ગયો હશે અને તેનું પાલન ક્યારેક-ક્યારેક થતુ હશે.'[16] આ કથન આઇને-અકબરીમાં લખ્યું હોવાથી સમકાલીન પુરાવો માનીએ તો વિશ્વનીય કહી શકાય પણ વર્ષમાં કેટલી વાર આ મેળો ભરાતો હતો?

કેટલાક ગ્રંથોના અવતરણ અહીં પ્રસ્તુત છે જે આપણા અભ્યાસને નિષ્પક્ષ બનાવશે.

**[અ] વર્ષમાં એકથી વધારે વખત ખુલતો હતો તેના સમર્થનમાં સંદર્ભો-**

1. દર માસે સામાન્ય બજારના ત્રીજા દિવસે કિલ્લામાં જનાના બજાર ખુલે છે. સંભવ છે કે આ ફક્ત નિયમ બની ગયો હશે અને તેનું પાલન ક્યારેક-ક્યારેક થતુ હશે.'[16]
2. 'બેગમ અને હરમનાં લોકોનાં મનોરંજન માટે નૌરોઝનાં સ્થળને સમય-સમય પર ખુલ્લા રાખવાનો આદેશ આપ્યો'[17]

---

[15] मुहम्मद, हुसेन. दरबारे-अकबरी. Trans. रामचन्द्र वर्मा. १ vols. काशी: नागरी प्रचारीणी सभा , १९२८,पेज-२४३-२४४.

[16] मुहम्मद, हुसेन. दरबारे-अकबरी. Trans. रामचन्द्र वर्मा. १ vols. काशी: नागरी प्रचारीणी सभा , १९२८,पेज-२४३-२४४.

[17] AL-BADAONI. MUNTAKHABU-T-TWARIKH. Trans. GEORGE RANKING. Vol. 1. NEW DELHI: ATLANTIC PUBLISHERS, 1990,p-349.

 ISBN: 978-81-952708-6-6

3. 'આ ખુશરોઝના ઉત્સવમાં એક બીજી વાત પણ થતી. આ દેવસે એક મોટી જગ્યામાં મેળો ભરાતો હતો. એ મેળામાં ફક્ત સ્ત્રીઓ જ જતી હતી'[18]

**[બ] વર્ષમાં એક જ વખત ભરાતો હતો તેનાં સમર્થનમાં સંદર્ભો-**

1. 'અમારા ધર્મનાં સન્માનને બીજો ફટકો પહોંચાડવા સમ્રાટે આદેશ કર્યો છે. નવા વર્ષનાં દિવસે ફેન્સી બજારમાં સ્ટોલ લગાવવામાં આવે. હરમની સ્ત્રીઓ અને અન્ય પરીણીત સ્ત્રીઓને આનંદ માટે છોડી દેવા જોઇએ'[19]
2. 'આ નૌરોઝનાં નામ પર વર્ષમાં ફક્ત એક જ વખત સ્ત્રીઓનો મેળો થતો હતો'[20]

પ્રથમ બે સંદર્ભો આપણને સ્પષ્ટ જણાવે છે કે વર્ષમાં એકથી વધુ વાર જનાના બજાર મળતું હતું. જ્યારે છેલ્લા બે સંદર્ભો આપણને વર્ષમાં એક જ વખત ભરાતાં નૌરોઝનાં મેળામાં જ જનાના બજાર મળતું હતું તે દર્શાવે છે પરંતુ આઇને અકબરીનાં કથનો વિરોધાભાસી છે. આ બધી દલીલોના અંતે આપણે એ નિષ્કર્ષ પર ચોક્કસ પહોંચી શકીએ કે જનાના બજાર નૌરોઝનાં ઉત્સવ દરમિયાન શરૂ કરવાનો શ્રેય અકબરને ફાળે જાય છે. તેને એક આદેશ બહાર પાડીને તત્કાલીન ઇસ્લામિક ધર્મગુરૂઓની માન્યતાની વિરુદ્ધમાં જઇને આ જનાના બજાર ચાલુ કર્યું  હતું તે અંગે તત્કાલીન ઇતિહાસકારોની નોંધ પરથી એટલુ ચોક્કસ કહી શકાય કે જનાના બજાર વર્ષમાં એકથી વધુ વાર મળતુ હતું. સંભવ છે કે તે અકબરે ચાલુ કરેલા નવા સંવત દીને-ઇલાહીના પ્રથમ દિવસે, રાજ્યારોહણના દિવસે વગેરે પ્રસંગોએ ભરાતું હોય. ઇતિહાસ સંભાવના નહિ પુરાવાને માને છે તેથી ભવિષ્યમાં આ વિષયે સંશોધનને અવકાશ છે.

જનાના એ ફક્ત સ્ત્રીઓનો જ મેળો હતો. તેમાં પુરુષોના પ્રવેશ પર પ્રતિબંધ હતો. હિન્દુ-મુસલમાન સ્ત્રીઓ આ મેળામાં આવતી. આ મેળામાં મોટા-મોટા હિન્દુ ઘરાણા, રાજાઓ, ધનવાનો, ઉમરાવો, પ્રતિષ્ઠિત અમીરો, બેગમો, હરમની સ્ત્રીઓ ભાગ લેતી. આ સ્ત્રીઓને મેળામાં સામેલ થવાનું આમંત્રણ આપવામાં આવતું અને તેઓ બાદશાહની આજ્ઞાથી સામેલ થતી. આ મેળામાં સ્ત્રીઓ પોતાના સ્ટોલ(દુકાન) ખોલતી અને વસ્તુઓ વેચતી. આ અંગે ટૉડ પણ લખે છે કે 'હિન્દુ અને મુસલમાન સ્ત્રીઓ વસ્તુઓ વેચવા માટે પોતાની વસ્તુઓ રાખતી હતી. સ્ત્રીઓના આ મેળમાં રાજપરીવારની સ્ત્રીઓ જઇને સોદો ખરીદતી હતી. કોઇ પુરુષના ત્યાં જવા પર સંપુર્ણ પ્રતિબંધ હતો અને એ માટે બાદશાહ તરફથી કડક પ્રતિબંધ ગોઠવાતો'[21] આ મેળામાં રાજપરીવારની સ્ત્રીઓ અને જનાનાની સ્ત્રીઓજ ભાગ લેતી એટલે કે આ મેળામાં સમાન્ય સ્ત્રીઓ આવતી નહી હોય. આઇને અકબરીમાં તો પરિણિત સ્ત્રીઓની જ વાત છે.જોકે પરિણિત સ્ત્રીઓની સાથે નાના બાળકો પણ ભાગ લેતા હશે. જે અકબરી

[18] टोड. राजस्थानका इतिहास. Trans. ठाकुर केशवकुमार. Vol. १ . इलाहाबाद: आदर्श हिन्दी पुस्तकालय, १९६२,पेज-२०४.

[19] ABUL-FAZAL. AIN-A-AKBARI. Ed. PHILLOTT D.H. Trans. BLOCHMANN H. SECOND. CALCUTTA: ASIYATIC SOCITEY, 1927,p-213.

[20] टोड. राजस्थानका इतिहास. Trans. ठाकुर केशवकुमार. Vol. १ . इलाहाबाद: आदर्श हिन्दी पुस्तकालय, १९६२,पेज-४२१-२२.

[21] टोड. राजस्थानका इतिहास. Trans. ठाकुर केशवकुमार. Vol. १ . इलाहाबाद: आदर्श हिन्दी पुस्तकालय, १९६२,पेज-२०४.


ISBN: 978-81-952708-6-6

દરબારમાં જણાવ્યું છે તે પ્રમાણે 'જહાંગીર અને નૂરજહાં વચ્ચે પ્રથમ મુલાકાત અહી થઇ હતી અને પ્રણય પાંગર્યો હતો'[22]

અહીં ભરાતાં જનાના બજારમાં ઘણા પ્રકારનો સામાન વેચાતો હતો. જેમાં જીવન જરૂરીયાતથી માંડીને મોજશોખ સુધીની બધી વસ્તુઓ વેચાતી હતી. તેમાં હાથબનાવટ અને કલા-કારીગરીની વસ્તુઓ વેચાતી જેમાં કાપડ, ટોપીઓ, ઉનીવસ્ત્રો, કાર્પેટ, મેવો, શરબત, ફળો, અનાજ, મુર્ધી, સુથારીકામ, લુહારીકામ, વાસણો વગેરે વસ્તુઓનો સમાવેશ થતો હતો. આ બધી જ દુકાનો પર વસ્તુઓ વેચવા માટે સ્ત્રીઓ બેસતી. આ પ્રસંગે મીનાબજારની રોનક વધી જતી. તેને ફૂલોથી શણગારવામાં આવતું. સ્ટોલને પણ શણગારાતો, તેને શણગારવા માટે દેશ-વિદેશની પ્રખ્યાત વસ્તુઓ લાવવામાં આવતી. જેમ કે કાશ્મીરની શાલ, વિવિધ કિંમતી પથ્થરો, અરીસા વગેરેની આ પ્રસંગે સમ્રાટ પણ રાજ્યકોષમાંથી પુષ્કળ ખર્ચ કરતો. આ મેળામાં સુરક્ષા માટે કડક પ્રબંધ રહેતો. આ મેળામાં પુરુષોના પ્રવેશ પર પ્રતિબંધ હોઇ સુરક્ષાની બધી જવાબદારીઓ સ્ત્રીઓ નીભાવતી. તેને માટે ખાસ તાલીમ પામેલી સ્ત્રીઓ પસંદ કરવામાં આવતી. જેનો ઉલ્લેખ ગૌ.હી.ઓઝાએ કર્યો છે. 'ખ્વાજાસરા[નપુસંક બનાવેલ પુરુષ-તત્કાલીન સમયમાં અંતઃપુરમાં રહેતા પુરુષ નોકરને નપુસંક બનાવવામાં આવતો)] કલમાકનિયાં(પહેરો દેનાર સ્ત્રીઓ કે જે વિવાહ કરી શકતી નહી) અને ઉર્દુબેગનિયાં(બજારમાંથી ખરીદેલી સ્ત્રીઓ કે જે યુદ્ધના સમયે અમીરો માટે પત્નીઓનું કાર્ય કરતી) અસ્ત્ર-શસ્ત્ર ધારણ કરીને પ્રબંધ માટે ઘોડા દોડાવતી હતી. પહેરો ભરનાર પણ સ્ત્રીઓ જ હતી. માળીઓની જગ્યાએ બાગને માળણો જ શણગારતી'[23] આ મેળો સમ્પૂર્ણ રીતે સ્ત્રીઓનો અને સ્ત્રીઓ દ્વારા સંચાલિત હતો. આ મેળામાં આનંદ-પમોદ માટે નાચ-ગાન અને ખાણી-પીણીની પણ વ્યવસ્થા કરવામાં આવતી.

આઇને અકબરી પ્રમાણે 'ત્યાં મહેલોની બેગમોને એટલા માટે લાવવામાં આવતી હતી કે થોડી એમની પણ આંખો ખુલે અને યોગ્યતાની આ આંખોમાં સુધરાઇનો સુરમો લગાવે. અમીર અને પૈસાદાર વગેરેની સ્ત્રીઓને પણ આજ્ઞા હતી કે જેની ઇચ્છા હોય તે આવે અને આ તમાશો જુએ, બધી જ દુકાનો પર સ્ત્રીઓ બેસી જતી હતી. બધા સોદા પણ મોટા ભાગે જનાનામાં રાખવામાં આવતાં હતાં.'[24] બાદશાહ અને તેની પત્નીઓ આ મેળામાં સામાન લેવા આવતી હતી. બાદશાહની પત્નીઓ, બહેનો અને કન્યાઓ બાદશાહની જોડે બેસતી હતી. અમીરોની સ્ત્રીઓ આવીને સલામ કરતી હતી. ભેટો આપતી અને પોતના બાળકોને તેના સામે હાજર કરતી હતી. એની સાથે જ રાત-દિવસ નાચ-ગાન થતું હતું.

આમ, આ મેળામાં સામ્રાજ્યની આગળ પડતી બધી સ્ત્રીઓ ભાગ લેતી. તેઓ પોતાના નાના બાળકોને પણ મેળો જોવા સાથે લાવી શકતી પણ અહીં એક પ્રશ્ન એવો છે કે આ ફક્ત સ્ત્રીઓનો મેળો હતો? તેમાં કોઇ પુરુષોના પ્રવેશ પર પ્રતિબંધ હતો તો બાદશાહ તેમાં સામેલ થતાં કે કેમ? આ અંગે ઉપરોક્ત દલીલો પરથી કહી શકાય કે બાદશાહ આ મેળામાં સામેલ થતાં હતાં. બીજું કે જહાંગીર અને નૂરજહાં અહીંયા જ પ્રથમ વખત મળ્યા હતાં એટલું જ નહીં પ્રથમ દ્રષ્ટિનો પ્રેમ પણ અહીં જ પાંગર્યો હતો. તેથી કહી શકાય કે પુરુષોના પ્રવેશ સબંધિત

---

[22] मुहम्मद, हुसेन. दरबारे-अकबरी. Trans. रामचन्द्र वर्मा. १ vols. काशी: नागरी प्रचारीणी सभा , १९२८,पेज-२४६.

[23] गौरीशंकर, ओझा. वीर शिरोमणी महाराणा प्रताप. अजमेर: वैदिक यंत्रालय, n.d.,पेज-३२

[24] ABUL-FAZAL. AIN-A-AKBARI. Ed. PHILLOTT D.H. Trans. BLOCHMANN H. SECOND. CALCUTTA: ASIYATIC SOCITEY, 1927,पेज-२४३-२४७.


**ISBN: 978-81-952708-6-6**

નિયમ બાદશાહ અને તેમના પરીવારને બાધિત નહીં કરતો હોય. તત્કાલીન પરીસ્થિતિઓમા બાદશાહ સર્વસત્તાધીશ હતા એટલે તે જ નિયમ બનાવતા હોવાથી તેમને આ નિયમ બાધ્યકર્તા નહિ હોય.

**નિષ્કર્ષ:-**

- નવરોઝ એટલે નવો દિવસ અર્થાત ઇરાની સૌર સંવતનો પ્રથમ દિવસ.
- નવરોઝની શરૂઆત ઇરાનમાં થઇ હતી. તે એક પારસી તહેવાર છે. તેની ઉજવણી 19 દિવસ સુધી ચાલતી.
- રાજ્યહિતને પ્રાથમિકતા આપીને તેમાં જરૂરી ફેરફાર સાથે ભારતમાં નવરોઝની શરૂઆત કરવાનો શ્રેય અકબરને ફાળે જાય છે.
- અકબરકાલીન નવરોઝમાં ત્રણ ભાગમાં નવરોઝનું આયોજન થતું- (!) દરબાર, (2) મેળો(હાટ) અને (3) જનાના બજાર.
- અકબર નવરોઝનાં દિવસે વહેલી સવારે ઉઠી હિન્દુ વિધિ પ્રમાણે મુહુર્ત અનુસાર મંત્રોચ્ચાર સાથે નહાતો, કપાળમાં તીલક લગાવતો, નવરોઝના દરબારમાં જઇ વિવિધ ભેટો સ્વીકારતો, ખેરાતો વહેંચતો અને તુલાદાનવિધિ યોજાતી.
- મેળામાં સામંતો અને ધનવાન વેપારીઓ પોતાની દુકાન લગાવતા અને દેશ-વિદેશની કિંમતી વસ્તુઓ વેચતા. રાજ્યને કરરૂપે મોટી આવક થતી. નાચગાન અને ખાણીપીણીની રંગત મોડી રાત સુધી ચાલતી. અક્બર ગુપ્તચરતંત્ર દ્વારા રાજ્યની ગુપ્ત માહીતી મેળવતો તો ક્યારેક સ્વયં વેશપલટો કરી લોકોની નીત્તીમત્તા જાણતો.
- દરબાર અને મેળા બાદ જનાના યોજાતું. જેમાં ફક્ત બાદશાહનાં અંત:પુર અને રાજ્યના સામંતોની સ્ત્રીઓ પોતાનો હાટ લગાવતી. પુરુષોનાં પ્રવેશ પર સખત પ્રતિબંધ હતો. આખું જીવન પડદાઓમાં વિતાવનાર બેગમો બહાર આવી અને સ્વતંત્રતાનો આનંદ ઊઠાવી શકે અને હિન્દુ-મુસ્લીમ સંસ્કૃતિનું સમન્વય થઇ શકે તે માટેનો આ એક ઉમદા પ્રયાસ હતો.
- આ ઉત્સવ દરમિયાન રાજ્યમાં થતી હિંસા પર અકબરે પ્રતિબંધ મુક્યો હતો. જેના માટે તત્કાલીન ધર્મગુરૂઓનો વિરોધ પણ કરવો પડ્યો હતો.
- આ ઉત્સવ દરમિયાન યોજાતા દરબારનો ચોક્કસ સમય નથી નક્કી થઇ શક્યો. અહી સંશોધનને અવકાશ છે.
- યુરોપિયન વેપારીઓને પણ આમંત્રીત કરવામાં આવતાં. તેઓ દ્વારા મુઘલ દરબારની શાન-શૌકત વિદેશોમાં પણ પ્રસારીત થતી.

**Bibliography**

1) ABUL-FAZAL. AIN-A-AKBARI. Ed. PHILLOTT D.H. Trans. BLOCHMANN H. SECOND. CALCUTTA: ASIYATIC SOCITEY, 1927.
2) AL-BADAONI. MUNTAKHABU-T-TWARIKH. Trans. GEORGE RANKING. Vol. 1. NEW DELHI: ATLANTIC PUBLISHERS, 1990.
3) JADUNATH. HISTORY OF AURANGZIB. Vol. 2. CALCUTTA: M.C.SARKAR & SONS, 1912.
4) गौरीशंकर, ओझा. वीर शिरोमणी महाराणा प्रताप. अजमेर: वैदिक यंत्रालय, n.d.
5) जहाँगीर. जहाँगीर का आत्मचरित्र. Trans. व्रजरत्नदास. काशी: नागरी प्रचारीणी सभा, n.d.
6) टोड. राजस्थानका इतिहास. Trans. ठाकुर केशवकुमार. Vol. १ . इलाहाबाद: आदर्श हिन्दी पुस्तकालय, १९६२.
7) मुहम्मद, हुसेन. दरबारे-अकबरी. Trans. रामचन्द्र वर्मा. १ vols. काशी: नागरी प्रचारीणी सभा , १९२८.


ISBN: 978-81-952708-6-6

# ગુજરાતની બૌદ્ધ ગુફાઓ

**ચાવડા વૈશાલીબેન આર.**
પીએચ.ડી., રીસર્ચ સ્કોલર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

**પ્રસ્તાવના**

પ્રાચીનકાળમાં ભારતમાં ગુફા નિર્માણનો ઇતિહાસ જાણવા માટે વાસ્તુકલા જાણવી જરૂરી બને છે. બૌદ્ધ સાધુઓના પૂજાસ્થાન અને નિવાસસ્થાન માટે બૌદ્ધ ગુફાઓ બનાવવામાં આવી હતી. સંઘની સ્થિતિમાં બધાનો નિવાસ એક જ સ્થાને હોવાથી ગુફાઓ પર્વતો ખોદીને તૈયાર કરવામાં આવી હતી. ગુફાઓનો ઇતિહાસ બૌદ્ધ ધર્મના ધાર્મિક સિદ્ધાંતો સાથે નિકટનો સંબંધ ધરાવે છે. ઈ.સ.પૂર્વે ૩જી સદીમાં મૌર્ય સમ્રાટ અશોકે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો હતો અને બૌદ્ધ ધર્મના પ્રચાર માટે ધર્મપ્રચારકો વિદેશમાં મોકલ્યા હતા. જેમાં તેમણે ચાર પ્રકારની ઈમારતોનું નિર્માણ કરાવ્યું. સ્તંભ, સ્તૂપ, પાટલીપુત્રનો રાજપ્રસાદ અને ગુફા. જેમાં ગુફા, નિર્માણ કાર્ય ઘટના અદ્વિતીય હતી. બિહારના નાગાર્જુનની પહાડ પરની ગુફા અશોકે બનાવડાયેલી અને નાગાર્જુની પહાડ પરની ગુફા આજીવન ભિક્ષુને દાનમાં આપેલી. નાગાર્જુની પર્વતની અન્ય ત્રણ ગુફા દશરથે પણ આજીવન સંઘને દાનમાં આપી. આમ, ગુફાઓથી સ્પષ્ટ થાય છે કે મૌર્યકાળમાં ગુફાઓનું નિર્માણ કાર્ય આરંભાયું હશે. આમ મૌર્યકાળ દરમિયાન અનેક એવી બૌદ્ધ ગુફાઓનું નિર્માણ કાર્ય થયું હતું. જેમાં ગુજરાતમાં આવેલ બૌદ્ધ ગુફાઓની વિસ્તૃત માહિતી નીચે મુજબ છે.

- **ખંભાલીડાની ગુફાઓ**

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકામાં વીરપુર નગરમાં ખંભાલીડા નામે ગામ આવેલું છે. તેની પાસે વહેતા અને ભાદર નીચે મળતા એક ઝરણાને કાંઠે આવેલું શૈલ ઉત્કીર્ણ ગુફાઓનું જૂથ સૌરાષ્ટ્રની સર્વે ગુફાઓમાં વિશિષ્ટ ભાત પાડે છે. સૌરાષ્ટ્રની આ પ્રકારની અન્ય ગુફાઓના મુખ્યદ્વાર પર કશું શિલ્પાંકન જોવા મળતું નથી. જ્યારે પ્રસ્તુત સમૂહની એક ગુફાના મુખદ્વાર ઉપર પૂર્ણ કદની માનવ પ્રતિમાઓ કંડારવામાં આવેલી છે.

આ સમૂહમાં ગુફાઓના નાના-મોટા પાંચ ઝરૂખા છે. પ્રથમ ઝરૂખામાં વિવિધ પરિમાણ ધરાવતી સાત ગુફાઓ છે. બીજામાં ત્રણ છે જે પૈકીની વચલી ચૈત્ય ગુફાના મુખદ્વાર ઉપર ડાબી બાજુએ પદ્મપાણી અવલોકિતેશ્વર અને જમણી બાજુએ વ્રજપાણિ નામના બોધિસત્ત્વો તથા વૃક્ષછાયા હેઠળ ભક્ત સમુદાય આદિ કંડારેલા છે. અંદરના ભાગે અર્ધવૃત્તાકાર અને પછીથી નષ્ટ થયેલ સમૂહ આવેલ છે. ત્રીજો ઝરૂખો તો હવે ભગ્ન અવશેષમાં જ છે. ઝરણાને કાંઠે આવેલા ચોથા ઝરૂખામાં ત્રણ નાની ગુફાઓ અને જમણે કાંઠે ઉપરવાસમાં આવેલ એકમાત્ર ગુફાને પાંચમા ઝરૂખામાં ગણવામાં આવે છે. આ ગુફા સમૂહને ઈસુની ત્રીજી-ચોથી શતાબ્દીની સમયના માનવામાં આવે છે.

બીજા ઝરૂખાની વચલી ગુફાના મુખદ્વાર ઉપર કંડારાયેલ પદ્મપાણિ અવલોકિતેશ્વર અને વજ્રપાણિની પૂર્ણ કદની માનવ પ્રતિમાઓને આધારે માની શકાય કે આ ગુફાઓ બૌદ્ધ સંપ્રદાયના ભિક્ષુઓના આવાસ માટે કંડારવામાં આવી હતી.

- **તળાજાની ગુફાઓ**

તળાજામાં ત્રીસ કરતા વધુ ગુફાઓ મળેલી છે. શેત્રુંજી નદીના મુખ પાસે પહાડની અગ્નિ દિશા તરફની બાજુએ આવેલ આ ગુફાઓનો એક વિશેષતા એ પણ છે કે તે સૌથી મોટી છે અને 'એભલ મંડપ' નામથી ઓળખાય છે. લગભગ ૭૫x૬૭ ફૂટની લંબાઈ અને પહોળાઈ ધરાવતી આ ગુફા આશરે ૧૭ ફૂટ ઊંચી છે. તેમાં રહેવાની નાની ઓરડી કે વરંડામાં મુખ્ય હોલ સુધી જુદી પાડતી દીવાલ નથી. આગળના ભાગમાં

 ISBN: 978-81-952708-6-6

ચૈત્ય ગવાક્ષની મોટી આકૃતિઓ છે અને તેની નીચે વેદીકામાં પહોળી પટ્ટીની ભાત છે. અહીં એક નાની ચૈત્ય ગુફા પણ છે, જેમાં સ્તૂપનો ટોચ ભાગ છત છાપરાને અડકે છે. આવી રચના મહારાષ્ટ્રની કરાડ, કૂડા, મહાડ અને જુન્નરની ગુફાઓમાં નજરે પડે છે. તે ઈ.સ.ની શરૂઆતના આરંભની કે પહેલી સદીની લાગે છે. આ ગુફા બૌદ્ધ હોવાની માન્યતા છે. તળાજાની ગુફાઓ પરથી ખાસ કરીને એભલ મંડપ પરથી ગવાક્ષની આકૃતિઓ વિશિષ્ટ પ્રકારની અને જૂનાગઢના બાવા પ્યારાની મઢવાળી ગુફાઓના ચૈત્ય ગવાક્ષની આકૃતિ કરતા વધુ વિકસિત લાગે છે.

લગભગ આ જ સમયની સૌરાષ્ટ્રના વાડિયા પાસે સાણા મુકામે ૬૨ ગુફાઓ મળે છે. તેની સૌથી મોટી તળાજાના એભલ મંડપ જેવી છે. છાપરા અને છતને ટેકો આપતા સ્તંભો ઉપર મોટાપૂર્ણ ઘાટની આકૃતિઓ છે અને સ્તંભોની કુંભીઓ નાસિકમાંની નમવાની ગુફાની કુંભીઓ જેવા ઘાટની છે. અહીં ચૈત્ય ગુફામાં આઠ ફૂટ વ્યાસનો સાદો અલંકાર વિનાનો સ્તૂપ છે. આ ચૈત્ય સ્તૂપ ૧૮ ફૂટ પહોળા, ૩૧ ફૂટ ઊંડી, ૧૩ ફૂટ ઊચી છે. ગુફામાં પ્રદક્ષિણા માર્ગ નથી. આ ગુફા પણ બૌદ્ધ ગણાય છે.

- **ઢાંકની ગુફા**

સૌરાષ્ટ્રમાં જૂના ગોંડલ રાજ્યના ઢાંક પાસે કેટલીક ગુફાઓ આવેલ છે. તેમાં ઢાંક ગામ નજીક એક પહાડ ઉપર કોતરેલી કેટલીક શિલ્પાકૃતિઓ અને તે સાથેની નાની ગુફા જે બૌદ્ધ મનાતા અને જૈન છે એમ ડૉ.સાંકળિયાએ પુરવાર કર્યું છે. ઢાંકની પશ્ચિમે લગભગ પાંચ માઈલ દૂર સિદ્ધપુર પાસે ઝીંઝુરી-ઝર નામની નાની ખીણમાં કેટલીક ગુફાઓ છે જે બૌદ્ધ ધર્મની મનાય છે તેમાંની એક હજુ સારી હાલતમાં છે અને તેમાં જૂની ઢબની પહોળી પટ્ટીની વેદીકાની ભાત પણ છે. કેટલાક લેખોના આધારે તે બીજી સદીની ગુફા ગણાય છે.

- **કડિયા ડુંગરની ગુફાઓ**

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર પાસેના ઝઘડિયા નેત્રંગ જવાના તરફ ઝાઝપોર પાસે લગભગ ૧૫૦ મીટર ની ઉંચાઈમાં ડુંગરાળ પ્રદેશ છે જેને કડિયો ડુંગર કહે છે. આ ડુંગરમાળના ખડકમાંથી કોતરી કાઢેલી આ સમયની સાત ગુફાઓ મળી આવી છે અને ડુંગરની તળેટીમાં જ પથ્થરમાંથી કોતરી કાઢેલો એક સિંહ સ્તંભ છે. તેની આસપાસ જમીનમાં દટાયેલ અનેક ઈંટેરી સ્થાપત્યના અવશેષો જોવા મળે છે.

પહેલી ગુફાનો અંદરનો ભાગ ૨૪ ૭.૩ મીટરનો અને ઊંચાઈ ૨.૬મીટર છે. એની બેઠક ૧.૪ ૦.૭ મીટર છે અને બે ફૂટ ઊંચાઈ છે. બે નાના સ્તંભ છે તેમજ પ્રવેશદ્વાર આગળ બે મોટા સ્તંભ છે. સૌથી આગળનો વરંડો ૩.૪ મીટર સમચોરસ છે. સ્તંભોની કુંભીઓ લંબચોરસ તથા સ્તંભદંડ અષ્ટકોણ છે. અને તે સાદા છે. વરંડા પર વેદિકા ભાતની કોતરણી છે. બીજી ગુફા પણ તદ્દન સાદી છે. એનો અંદરના ઓરડો સમચોરસ અને વરંડો ૧૧.૭ ૭.૯ મીટરના છે. વરંડાની સપાટ છતને ટેકવી રાખતી દીવાલના આગળના છેડે કપોત ઘાટની કાનમ આવેલ છે.

ત્રીજા નંબરની ગુફાએ કોઈએ વસવાટ માટે ઉપયોગમાં લીધેલી અને આધુનિક ઢબની બનાવી હતી.ચોથી ગુફાનો વરંડો ૩૧ ફૂટ હતો. તે પાંચમી અન્ય ગુફા કરતા બહુનીચી સપાટીએ છે. અંદરના ખંડ અને આગળના વરંડાની રચના અહીં પણ જોવા મળે છે. ગુફા છ તદ્દન સાદી છે. એમાં વરંડામાંથી ખંડમાં જવા માટેનું પ્રવેશદ્વાર ભાંગી ગયું છે. પછીથી સાતમી ગુફા બિલકુલ ખંડિત હાલતમાં છે. આ ગુફાઓની આસપાસ પાણીના ટાંકા છે. નીચેથી ઉપર પાતળા થતા જતા એક જ પથ્થરનાં કંડારેલા ૧૧ ફૂટ ઊચો એક શિલાસ્તંભ અહી આવેલો છે. સ્તંભના શિરોભાગે એ શરીરવાળી અને એક મુખવાળી એક સિંહ આકૃતિ છે. આ સિંહસ્તંભ બૌદ્ધ ધર્મની આકૃતિ માટે ઊભો કરાવ્યો હોય તેવું લાગે છે.


**ISBN: 978-81-952708-6-6**

ગુફાની સાદાઈ, લેખ, સ્તંભનો આકાર અને વેદીકાની ભાતમાં કાષ્ઠ કલાનું અનુકરણ તેમજ ભોંયતળિયામાં સાંકડા સ્તંભ ખોદવા માટે કરેલા કાણા તથા વરંડિકાના સ્પષ્ટ કર્યાની તથા પ્રાચીન શિલાસ્તંભ વગેરે પરથી આ ગુફાઓ લગભગ ઈસુની પહેલી બીજી સદીની હોવાનું મનાય છે.

- **દેવની મોરી**

દેવની મોરીનો મહાવિહાર ઈંટેરી બાંધકામ છે. તેનો એક વખત સંપૂર્ણ જીર્ણોદ્ધાર થયો હશે કેમ કે મૂળ વિહારની ફર્શબંદી પર તેમજ ભીંતોની બહારનો ભાગ તોડીને તેનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. ૧૫૦ ૧૬૦ ફૂટ લાંબા પહોળા પહાડની વચ્ચે એક છે. જેમાં આજુબાજુ ભિક્ષુને રહેવાના ઓરડાના અવશેષો કે બહારની ચારે તરફ ફરતો ઓટલો હતો જે કદાચ પાછળથી પણ બનેલો હોય. વિહારના બહારના ભાગો પણ ઓછામાં ઓછા બે વખત ફેરફાર થયાના એંધાણ જોવા મળે છે. વ્યાખ્યાન માટેની વિશિષ્ટ રચના પણ નજરે પડે છે. ઉત્તરાભિમુખ પ્રવેશદ્વારની સામેચોકમાં વિહારમાં અંદરથી નાનું ચૈત્ય હતું જેની ફર્શબંદી પથ્થરની હતી.

વિહારની બહારના ખેતરો જેમાં પણ ઈમારતોના અવશેષો છે તથા બીજા કેટલાક વિહારો દટાયેલું હોવાનું જાણવા મળે છે. તે પૈકી એમાંથી બૌદ્ધ દેવ જંભલની નાની આકૃતિ મળી આવી છે. આજે પણ આ સ્તૂપ ભગ્નાવશેષ થયેલ હોવાથી તેની બહારની રચના કેવી હશે તે નક્કી કરી શકાયું નથી. તેથી તે માત્ર એક પ્રદક્ષિણા માર્ગ અને પીઠીકાવાળી રહેતી હતી ન કે તેની ઉપર બે પીઠીકાઓ હતી. તેમજ બીજી કેટલીક હકીકતો સ્પષ્ટ થતી નથી. તેથી નીચેની પીઠીકા પ્રદક્ષિણામાં અને તેની ઉપરનો ગોખ, કુંભીવાળી બીજી પીઠીકાનો ભાગ સરળતાથી સમજી શકાય છે. બાકીનો ઘણો ભાગ તૂટી ગયો છે. સ્તૂપને જુદી જુદી આકૃતિથી અલંકરણો વગેરેથી સુશોભિત કરવામાં આવ્યો હશે એમ તેના અવશેષો પરથી જણાય છે.

આ મનોહર ગોખની આજુબાજુની જોવામાં પ્રથમ પીઠિકા જેવા થાંભલાઓ અને તેની વચ્ચે ચૈત્ય ગવાક્ષોની સુશોભનની અંદર બૌદ્ધ પ્રતિમાની આવી હતી. તદ્ઉપરાંત કેટલાંક ગવાક્ષની વચ્ચે ગોળાકાર સુશોભન અને જ્યારે બીજી ગવાક્ષોમાં પણ ગણાય એવા મુની હતા. આ સુશોભનની રમણીયતામાં વધારો કરવા ચોરસ ઈંટો વપરાઈ હતી અને જેના ઉપર ચોરસ શંખ, ગ્રામ, પાન ઈત્યાદિની ભાત તથા આકૃતિઓ કંડારેલી હતી પ્રત્યેક ગોખની મધ્યમાં માટીથી બનાવેલા માટીની ફલકની પાશ્ચાત્યભૂ ઉપર ઉપસાવેલ કંડારેલા બુદ્ધની ધ્યાનગ્રસ્ત મૂર્તિઓ બિરાજેલી હતી. જેના અસ્થિની પ્રદક્ષિણા કરવા માટે પ્રદક્ષિણા પથ ઉપર ફરતા ફરતા ઉપાસકો તેમજ શ્રમણોની દૃષ્ટિજ્ઞાન, અનુકંપ, કરૂણા વગેરે તથાગત ભગવાનના ચરણકમળ પર રહે અને તેમની ઉપરસમ્યક સંબુદ્ધ દશલવ શાક્ય મુનિ જૈનની મુક્તિ અને કરૂણામય દૃષ્ટિ પડે.

મુખાકૃતિ જુદી જુદી હતી. કેટલીક ગુપ્ત યુગની સુંદર બુદ્ધ પ્રતિમાની યાદી આપે છે. તો કેટલીક મથુરાની કુષાણ કાળની ત્રીજા સૈકા આસપાસની પ્રતિમાઓની યાદ આપે છે.

સ્તૂપની અંદરના બાંધણી શુદ્ધ છે. સ્તૂપના ખંડના કેન્દ્ર ઉપર ચોરસ રચના કરીને તેની આજુબાજુ વલયો રચવામાં આવ્યા છે. આ વલયોની બાજુએ પહોળી અને એક બાજુ અણિયાળી બનાવીને પીપળાના પાનનો ઘાટ આપવામાં આવતો. આખીયે રચના જુદી જુદી દિશામાં ફરતી રહે તેમ જુદા જુદા થરો ગોઠવાતા. આવા પીપળાના પાનના ઘાટવાળા વલયો વચ્ચે આ સ્તૂપ જેના માટે બંધાવેલો તે બુદ્ધના શરીર અવશેષોનું પાત્ર દાબડો મુકવામાં આવતો. દાબડાને માટીના ઘડામાં વચ્ચે મૂકીને ઈંટોથી ફર્શબંદી પર મૂકેલો રહેતો. પારેવા પથ્થરોનો સાત ઈંચ વ્યાસ અને પાંચ ઈંટ ઉંચાઈનો આ દાબડો સંઘાડા પર ઉતારીને બનાવવામાં આવ્યો હશે. તેનું ઢાંકણ, ઢાંકણાથી ટોચ પરનો ગાળો અને દાબડાનો મુખ્ય ભાગ અલગ અલગ બનાવવામાં આવ્યા હતા. આખાયે ઢાંકણા પર બહાર બાજુ પર અનેઅંદરના ભાગ પર ઈ.સ.ની શરૂઆતમાં સદીઓમાં


ISBN: 978-81-952708-6-6

વપરાતી બાહ્ય લિપિમાં પાલિ ભાષામાં નિદાનસૂત્ર અથવા પ્રતિત્ય સમુત્પાદનો બૌદ્ધધર્મનો વિખ્યાત સિદ્ધાંત કોતરેલો છે. બાર નિદાનોની ઉત્પત્તિ અને નિરોધની વાત પણ પણ તેમાં દર્શાવેલી છે.

- **ખાપરા કોડિયાની ગુફાઓ**

જૂનાગઢ રેલવે સ્ટેશનથી પૂર્વ ઉપરકોટની ઉત્તરે શૈલી ઉત્કીર્ણ ગુફાઓનું વિશાળ જૂથ આવેલું છે. વર્ષો પહેલા ત્યાં કોઈ ખાપરા કોડિયા નામનો બહારવટિયાનો વસવાટ હોવાથી તે ખાપરા કોડિયાની ગુફાઓ તરીકે ઓળખાય છે. નિવાસના સમયગાળા દરમિયાન આ ગુફાઓની આસપાસ પથ્થરની ખાણો ખોદાતી હોવાથી ગુફાને ઘણું નુકશાન થયેલું છે. એની ઉત્તરનો પૂરેપૂરો મજલો અને દક્ષિણનો અધિકાંશ ભાગ નષ્ટ થઈ ગયો છે. તેની પૂર્વ પશ્ચિમ લંબાઈ લગભગ ૨૫૦ ફૂટ તથા વધુમાં વધુ પહોળાઈ લગભગ ૮૦ ફૂટની હતી.

આ ગુફાઓનું મૂળ પ્રવેશદ્વાર નિશ્ચિત થઈ શકે તેમ નથી. ભારતના પુરાતત્વ સર્વેક્ષણ કરેલા એના રક્ષણ બાદ દક્ષિણ બાજુના લગભગ મધ્યભાગથી અંદર જઈ શકાય છે. પશ્ચિમ બાજુના પ્રથમ ખંડના મધ્યભાગે આવેલા કુંડના ચારેય ખૂણાઓ પર એક એક સ્તંભ આવેલો છે. તેથી પૂર્વે બાજુએ ૬૧ ૬૦ ફૂટની વિશાળ ગુફાના મધ્યભાગે પણ ચાર સમચોરસ કૂંડ આવેલ છે. દરેક કૂંડના ખૂણે એક એક થઈ ૧૬ સ્તંભ વિતાનને ટેકો આપે છે. કુંડોમાં ઉતરવા માટે એક એક બાજુએ સોપાન શ્રેણી કોતરેલી છે. કુંડની ફરતે ઓસરીમાં દીવાલને અડીને ચોતરફ ઓટલો કોતરેલો છે. એની ઉત્તરે આયતાકાર ઓસરી જેવી એક ગુફા આવેલી છે.એની ઉપરનો ભાગ નષ્ટ થઈ ગયો છે. આ નષ્ટ ગુફા વિશાળ ખંડની પૂર્વ આવેલી છે. આ જૂથની પૂર્વી અવશિષ્ટ ગુફા તદ્દન સાદી છે. અવશિષ્ટ રહેતા સ્તંભ પણ બિલકુલ સાદા અને પ્રાયઃ ચોરસ છે. ગુફાઓની અને કુંડીની દીવાલો ઉપર અને કેટલાક સ્તંભોની સપાટી ઉપર શંખલિપિમાં ઉત્કીર્ણ અક્ષરો નજરે પડે છે. એના સ્તંભ સાદા, ભારેખમ ચોરસ સ્તંભ વાળા પ્યારા ગુફાઓના કેટલાક સ્તંભો જોડે થોડું સામ્ય ધરાવે છે. એના કુંડ ઉપરકોટ ગુફા સમૂહના એક માત્ર કુંડી જેવા જ છે. ઈ.સ.પૂર્વના આરંભથી ઈ.સ.ની દ્વિતીય શતાબ્દી સુધી એની કોતરણી પૂરી થઈ હોવાનું મનાય છે.

આ ગુફાઓ બૌદ્ધ સંપ્રદાયની હતી કે જૈન સંપ્રદાયની એ અંગે કોઈ પુરાવસ્તુકીય સાધન પ્રાપ્ત થતું નહી હોવાથી પ્રાથમિક અનુમાન કરવું પણ અયોગ્ય ગણાય.

- **સાણાની ગુફાઓ**

જૂનાગઢ જિલ્લાના ઉના તાલુકામાં વાંકિયા નામના ગામ પાસે સાણાની ટેકરીઓ છે. એની ઉપર પણ સાદગીમાં જૂનાગઢ અને તળાજાની ગુફાઓ જોડે સામ્ય ધરાવતી લગભગ ૬૨ શૈલ ઉત્કીર્ણ ગુફાઓનો વિશાળ સમૂહ આવેલ છે.

તળાજાના એભલમંડપ જેવી અહીં એભલમંડપ નામની ગુફાઓ છે. એ ૬૮x૧.૨ તથા ૧ ફૂટના વિસ્તારની અને ૧૬-૧૧૨ ફૂટ ઊંચાઈની છે. જેમાં અગ્રભાગે ૬ સ્તંભ હતા. લગભગ ૧૨૦ ફૂટની ઊંચાઈએ ભીમચોરી નામની ગુફા આવેલી છે. એના અગ્રભાગે ઓસરીમાં પણ છે. ચાર અષ્ટકોણ સ્તંભોના શીર્ષ અને કુંભી કળાશાકાર છે. જ્યારે શીર્ષ અને જગતીના ફલક સમચોરસ છે. ભીમચોરીની બાજુમાં ૩૧x૧૮ ફૂટના વિસ્તારમાં આવેલ ચૈત્ય ગુફા ૧૩.૧૧૨ ફૂટ છે. અનઅલંકૃત ચૈત્ય અવશિષ્ટ છે પરંતુ તેનું તોરણ નષ્ટ થઈ થઈ ગયું છે. એની ફરતે પ્રદક્ષિણા માર્ગ નથી આ ગુફાઓ લગભગ ઈ.સ.ના આરંભના સમયની હોવાનો સંભવ છે. તે કયા સંપ્રદાય માટે હતા એ અટકળનો વિષય છે.

- **ઝીંઝુરી-ઝરની ગુફાઓ**

ઢાંકની પશ્ચિમે ઝીંઝુરી ઝર નામે ટેકરીઓ આવેલી છે. એની આસપાસ કેટલીક ગુફાઓ આવેલી છે. જે પૈકી એક ગુફામાં વેદીકાથી જોડાયેલાં એ અષ્ટકોણ સ્તંભ ઈસુની પહેલી-બીજી શતાબ્દીના સમયના જણાય છે.

 ISBN: 978-81-952708-6-6

- **મંડોલ બૌદ્ધ ગુફાઓ**

કુલ ૬ બૌદ્ધ ગુફાના સંકુલ ધરાવતા આ સ્થળનો ઉપયોગ વિહાર તરીકે કરાતો હશે. ગુફા નં.૧ અને ૨ને જોડતી ઓસરી પાછળથી બનાવેલ છે. બંને ગુફાઓ પૂર્વાભિમુખ છે. મોટી ગુફાનુ માપ ૪.૫૫ ૪.૫૫ છે અને પાછળના ભાગે બેઠક બનાવેલ છે. બંને ગુફામાં બંને ચોરસ સ્તંભ મૂકેલા છે. એક ગુફામાં ચાર સ્તંભો મૂકેલા છે. આ ગુફાની અંદરની ઊંચાઈ ૨.૫ મીટર છે. ગુફામાં કોઈ શિલ્પાકૃતિ નથી. આ ગુફાઓ પ્રાયઃ ચોથી સદી જેટલી પ્રાચીન છે.

- **પંચેશ્વરની ગુફાઓ (જૂનાગઢ)**

આ બૌદ્ધ ગુફાઓ ઈ.સ.ત્રીજી-ચોથી સદી જેટલી પ્રાચીન જણાય છે. ગુફામાં અર્ધગોળાકાર આકારમાં ખડકમાંથી કોતરેલી બૌદ્ધ વિહારની રચના છે. જેના મધ્યખંડમાં જુદી જુદી દિશામાં ૧૦ ઓરડીઓ પણ છે. ગુફાના સ્તંભોમાં ચૈત્ય ફરતે સમારકામ કરેલું છે. આ ગુફાની પહોળાઈ ૩૨ મીટર અને લંબાઈ ૧૫ મીટર જેટલી છે.

**સમાપન**

આમ ઉપરોક્ત જણાવ્યા અનુસાર ગુજરાતમાં આવેલ બૌદ્ધ ગુફાઓની માહિતી આપવામાં આવી છે. જેમાંથી કેટલીક ગુફાઓ હાલમાં પણ અસ્તિત્વ ધરાવે છે. આ ગુફાઓની સ્થાપના, તેની રચના, તેની કોતરણી વગેરે તથા આ ગુફાઓનો ઉપયોગ કઈ રીતે કરવામાં આવતો હતો. તેની માહિતી આપેલ છે. આમ આ બૌદ્ધ ગુફાઓ એક ભારતીય સ્થાપત્ય કલાના એક ઘરેણા સમાન છે. તેથી જે કોઈ ગુફાઓ હાલમાં અસ્તિત્વ ધરાવે છે તેની રક્ષણની જવાબદારી આપણી હોવાથી તેને સાચવવી એ દરેક નાગરિકની પવિત્ર ફરજ બને છે.

## સંદર્ભગ્રંથ સૂચિ

01. પરીખ રસિકલાલ, શાસ્ત્રી હરિપ્રસાદ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ભાગ-૨, (મૌર્યકાળથી ગુપ્તકાલ) ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ, પ્ર.આ.૧૯૭૨
02. સાંડેસરા ભોગીલાલ, સ્વાધ્યાય, પુસ્તક-૨૪ ખંડ-૩ વિ.સં.૨૦૨૧
03. નાણાવટી જયેન્દ્ર, કડિયા ડુંગરની બૌદ્ધ ગુફાઓ અને સિંહસ્તંભ, કુમાર (કલાખંડ)૫૨૮
04. બ્રહ્મભટ્ટ આલાપ, ગુજરાત અને મહારાષ્ટ્રની બૌદ્ધ ગુફાઓ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્ર.આ.૨003
05. Dr. Sanklia, Archology of Gujarat

 **ISBN: 978-81-952708-6-6**

# અમદાવાદના મુઘલકાલીન સ્થાપત્યો

**ગોહેલ પારસકુમાર એચ.**
પીએચ.ડી.રીસર્ચ સ્કોલર; ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

**પ્રસ્તાવના**

ઈ.સ.૧૫૭૨ થી ગુજરાતમાં મુઘલયુગ અમદાવાદમાં શરૂ થાય છે. આશરે દોઢસો વર્ષની મોગલાઈમાં અમદાવાદની સ્વતંત્ર બાદશાહીના પ્રમાણમાં નહીવત જેવા જ મકાનો બનેલા જણાય છે. જૂની મસ્જિદો આગળ સુજાતખાની મસ્જિદ અને સરદાર ખાંની મસ્જિદો તદ્દન ઝાંખી પડે છે. એના ભોંયતળિયાની રચના કે મહોરોમાં કોઈ વૈવિધ્ય નથી. ફક્ત ધુમ્મટ જ સારા આ સમયના બે મહેલો આજ સુધી કાયમ ઊભા રહ્યા છે તે આનંદની વાત છે. મોગલાઈ યુગમાં અમદાવાદનો આબાદી તો વધી હતી, પરંતુ એ શાંતિ અને આબાદીના સમયમાં સ્થાપત્યને કોઈ જોર મળ્યું હોય તેમ હાલના અવશેષો પરથી જણાતું નથી. મોગલાઈ સ્થાપત્યો અમદાવાદમાં નીચે મુજબના જોવા મળે છે, જે નીચે પ્રમાણે છે.

**અમદાવાદના મુઘલકાલીન સમયના સ્થાપત્યો**

અમદાવાદના મુઘલ સમયના સ્થાપત્યોમાં શાહીબાગ (મોતીશાહ મહેલ), આઝમખાનો મહેલ નવાબ સુજાતખાનની મસ્જિદ અને નવાબ સરદારખાની મસ્જિદ વગેરે છે. જેમાં મોગલાઈ સ્થાપત્યો જોવા જઈએ તો અલંકારનું સ્વરૂપ મોગલાઈ સમયના મકાનોમાં બદલાઈ જાય છે. એનું હિંદુત્વ ઘણું ઓછું થતું જાય છે અને સાદાઈ વધારે પ્રમાણમાં જોવા મળે છે. અસાધારણ સાદાઈ અને ભવ્યતા તથા ગાંભીર્ય કોઈ મુઘલ સ્થાપત્યમાં ઊભરતું નથી. અમદાવાદમાં અર્ધગોળ ધુમ્મટ આ સમયમાં થવા લાગ્યા. તેના નમૂના સુજાતખાની મસ્જિદ અને સરદારખાંની મસ્જિદમાં વિશેષ પ્રમાણમાં જોવા મળે છે.

1. **મોતીશાહી મહેલ**

મોતીશાહી મહેલ શાહીબાગ ખાતે જ બાંધવામાં આવ્યો હતો. શાહજહાંએ એમાં વસવાટ કર્યો નહતો. આ મહેલ નદીના કિનારે આવેલો છે અને તેનો આકાર ચોરસ છે. વચ્ચે મોટો અષ્ટકોણ ઓરડો અને આસપાસ નીચે ચાર અષ્ટકોણ ઓરડીઓ અને ચાર ઉપર એમ મળીને કુલ ૮ ઓરડીઓની છે. એની ઉપર સળંગ ધાબુ છે. આગળ અને પાછળ નદીની બાજુએ મોટો ઓટલા છે. આખાયે મહેલ તળે ભોંયરા છે. પાછલા પગથિયા છેક નદીના પાણીમાં ઉતરે છે. આ મહેલની ભીંતો એટલા સારા ચૂનાથી છવાયેલી છે કે આરસ જેવી લાગે છે. ધાબા ઉપરની બે ઓરડીઓ મિ.વિલિયમ્સે બંધાવી છે. નીચેના ભાગમાં પણ તેણે કેટલાક સુધારા વધારા કરાવ્યા હતા. આ કારણથી મૂળ મકાનનો આખો દેખાવ ફરી ગયેલો છે.

2. **શાહીબાગ**

મુઘલ બાદશાહ શાહજહાંની સુબાગીરી દરમિયાન દુષ્કાળથી પીડિત માણસોને રોજી રોટી આપવા સાબરમતીના કિનારે દિલ્લી દરવાજાની દોઢેક માઈલ ઉતરે મકસુદપરાની ૧૦૫ વીઘા ૩ વીસમા જમીનમાં શાહીબાગ બંધાવવામાં આવ્યો. એની અસલ હદ ઉત્તર-દક્ષિણે રેલ્વે થી ૫ માઈલ દક્ષિણેથી લઈ કેમ્પ સુધીની ગણવામાં આવે છે. તેની પૂર્વ-પશ્ચિમ હદ નવરોજી હોલની પાછળના ખેતરોથી નારણધામ સુધીની ગણી શકાય. હાલ જે વિસ્તાર શાહીબાગના નામે ઓળખાય છે. તેનો વિસ્તાર અત્યારે ઘણો મોટો ગણાય છે. શેઠ રણછોડલાલ છોટાલાલ હાઈસ્કૂલની બોર્ડિંગથી માંડીને છેક કેમ્પના રસ્તામાં બધો ભાગ તેમજ શેઠ અંબાલાલનો બંગલો ખડગ ધારેશ્વર મંદિર, નવરોજી હોલ વગેરે શાહીબાગ વિસ્તારની હદમાં ગણાય છે. શાહીબાગ હિ.સં.૧૦૩૨ અને ઈ.સ.૧૬૩૦માં બંધાવવામાં આવ્યો હતો. જેમાં શાહજહાં તથા બીજા અમીરો માટે મહેલ, બેઠકો, કમાનો, ઈમારતને ફરતી નહેરો, વગેરે કરવામાં આવ્યા હતા. એમાં ૧૧ કૂવાઓ હતા અને શાહીબાગને ફરતે બાર બુરજોવાળો કોટ હતો. શાહીબાગ તથા ત્યાં બીજા અમીરોના પણ બગીચા બાગની

 **ISBN: 978-81-952708-6-6**

સડકો ઉપર ઉગેલા ધારદાર વૃક્ષોની નીચેથી ચાલતા હોઈએ ત્યારે જાણે નીલમની કમાન નીચેથી ચાલતા હોઈએ તેવું લાગતું. એના વહીવટ માટે ૧૦૦ બળદ, ૭૦ માળી, ૧ દરોગો (કારભારી), ૧ ખજાનચી, ૭ પટાવાળા અને સંખ્યાબંધ ઝાડુ કાઢનારા રહેતા હતા. આપણા દિલ્હીમાં આવેલા રાષ્ટ્રપતિ ભવનની જેમ શાહજહાંના મોતીશાહી મહેલની જાળવણી કરવામાં આવતી હતી.

**3. વિદેશી પ્રવાસી મેન્ડેસ્લોએ કરેલ શાહીબાગનું વર્ણન**

જર્મન મુસાફર મેન્ડેસ્લોએ કરેલ વર્ણન મુજબ શાહીબાગ એ બેગમપુરાનો ભાગ હતો. બાગને ઊંચી દિવાલ હતી. ઉપરાંત તેમાં સુંદર મહાલય હતો એના ઓરડા મોટા અને આકર્ષક ફર્નિચરવાળા હતા. મેન્ડેસ્લો પથ્થરને પણ ઓળંગીને એ બાગમાંથી હીરાબાગ નામે બીજા બાગમાં ગયો હતો. આ પુલ ૪૦૦ કદમ જેટલો લાંબો હતો. એ બાગમાં માછલીઓવાળું નાનકડું સરોવર હતું. એમાં પાણી ભરવા માટે ઉનાળામાં બળદ જોડીને યંત્ર જેવું ચલાવીને પાણી ખેંચીને ભરવામાં આવતું. હાલના શાહીબાગમાં ગુજરાતના ઉપરી અમલદાર જે કમિશ્નર કહેવાય છે તે શાહીબાગના મહેલમાં જ હાલ રહે છે. પરંતુ મહેલના ઓટલાની આસપાસ નાનો બાગ રાખવા ઉપરાંત શાહીબાગની પુરાણી સુંદરતા વધારવા સરકારે કાંઈ કર્યું નથી. અમદાવાદની પ્રજાને આનંદને આ બાગ સાથેકોઈ સંબંધ નથી. શાહીબાગ હાલમાં પણ રાજસત્તાના મુખ્ય અમલદારનું અને અમદાવાદના શાહ જેવા વેપારી વર્ગના કેટલાક ધનિકોનું રહેઠાણ છે. એથી હોલ જુદી જુદી જ રીતે શાહીબાગ નામ સાર્થક કરે છે. ફક્ત બાગ જ નથી રહ્યો મહેલ તો હાલ પણ છે.

**4. આઝમખાનનો મહેલ (આઝમસરાઈ)**

મુઘલ યુગમાં શાહીબાગની જેમ જ અમદાવાદની આઝમસરાઈ પણ નામાંકિત સ્મારક છે. ઈ.સ.૧૬૩૫માં મુઘલશાસન વખતે આઝમખાં અમદાવાદનો સૂબો હતો. તેના ભવ્ય બાંધકામને વિદ્વાનોએ આઝમખાનના મહેલ તરીકે ઓળખાવેલ છે. પરંતુ તેના પ્રવેશદ્વારના લેખમાં હિ.સં.૧૦૪૭ના લેખમાં એ સરાઈ હોવાનો ઉલ્લેખ મળે છે. ભદ્રના કિલ્લામાં હાલ જ્યાં પોસ્ટ ઓફિસ છે તે આઝમખાંના મહેલમાં બેસે છે. ઈ.સ.૧૬૩૭માં ભદ્રના મુખ્ય દરવાજાની દક્ષિણ તરફ ભીંત તોડીને આ મહેલ બંધાવવામાં આવ્યો હતો. મહેલ ઉત્તર તરફની પાંખ કિલ્લા સાથે જોડી દીધી છે. દક્ષિણ તરફની પાંખ ૨૫૦ ફૂટ લાંબી છે. જેમાં એક સમયે કેદખાનુ હતું. એક વખત આ મહેલ (સરાઈ) ધર્મશાળા તરીકે પણ વખણાતી હતી. મહેલનો મુખ્ય દરવાજો મોગલાઈ ઘાટનો અને એની અંદર પેસતા અષ્ટકોણ ઓરડો અને તેની આસપાસ ઓરડીઓ છે. આ ઓરડો અને ઓરડીઓના ભાગમાં નીચે ભોંયરુ છે. તેમાંથી છુપા રસ્તે મહેમદાબાદ સુધી જવાતું એવી માન્યતા હતી પણ એનો કોઈ આધાર જણાતો નથી.

વિદેશી મુસાફર થેવેનો મેન્ડેસ્લોન પછીના ત્રીસ વર્ષ પછી અમદાવાદ આવેલો. તેણે આ આઝમખાં મહેલને ધર્મશાળા કહી છે. એ મહેલ મેદાનનું અલંકાર હતું. એનો દરવાજો દક્ષિણ બાજુ હતો અને તે બીજુ લખે છે કે રાજમહેલ જુદો ગણાવે છે. તેના વર્ણનમાં થોડા ગોટાળા જેવું લાગે છે પણ તેના ઉપરથી સમજાઈ છે કે મહેલને જે દક્ષિણ પાંખ જેનો એક દરવાજો દક્ષિણમાં પડતો તે ધર્મશાળા તરીકે વપરાતી અને મહેલ જેનું બારણું મેદાનમાં જ પડે છે. તેને એણે રાજમહેલ  ધારી લીધો હશે.

બ્રિટિશ શાસન વખતે ઈ.સ.૧૮૨૦માં આ મહેલને તેમણે કેદખાનું બનાવેલું. કવિ દલપતરામે તેને ઉદ્દેશીને ગાયેલું કે ‘તે કારણ કાળાશથી ભદ્ર દીસે ભયાકાર’ સમય જતાં આ મહેલમાં પોસ્ટઓફિસ શરૂ થયેલી. પણ હાલમાં એ જગ્યાએ કોર્ટનું કામ ચાલે છે. ભદ્રનો વચ્ચેનો કોટતોડી નાખીને એમાં બીજા મકાનો બંધાવવામાં આવેલા છે. આઝમખાના મહેલવાળા ભાગમાં હાલમાં ગુજરાત સરકારના સરકારી પુસ્તકોનો પ્રકાશન વિભાગ ત્યાં ચાલે છે. લાંબો પહોળો પથરાળ અને ભવ્ય પ્રવેશદ્વારને લઈને આ ઈમારત આજે પણ ભદ્ર વિભાગમાં એની ભવ્યતાની અનોખી ભાત પાડે છે.


ISBN: 978-81-952708-6-6

### 5. નવાબ સરદારખાંની મસ્જિદ અને રોજો

નવાબ સરદારખાં એ ઔરંગઝેબનો માનીતો સરદાર હતો. તેણે અમદાવાદમાં થોડો સમય શાસન કરેલું. આ સરદારખાંની મસ્જિદ અમદાવાદની મસ્જિદી કરતા જુદી બાંધણી ધરાવે છે. ખમાસા ગેટથી જમાલપુર દરવાજા તરફ જતા મુખ્ય રસ્તા પર ડાબી બાજુએ અમદાવાદમાં સરદારખાંનો રોજો આવેલો છે. આ રોજામાં સરદારખાંને પોતે બંધાવેલી મસ્જિદ અને મકબરાનો સમાવેશ થાય છે. આ બંને ઈમારતો તેણે પોતાના અમદાવાદના નિવાસ દરમિયાન બંધાવેલી હતી. ઈ.સ.૧૬૮૪માં સિંધના નગરપટ્ટામાં તેનું અવસાન થતા તેને અમદાવાદ લાવી આ મકબરામાં દફનાવેલા આ અંગેનો ત્યાં ઈ.સ.૧૬૮૪નો અભિલેખ પણ છે. જેમાં તેના સ્થાપત્ય વિશે જોઈએ તો ઊંચા કોટથી ઘેરાયેલી આ મસ્જિદનું પ્રવેશદ્વાર ભવ્ય છે. પ્રવેશદ્વારની ટોચે બે છેડાઓ પર છત્રીઓ બનાવેલી છે. આ છત્રીઓમાં છાવણનો ઘાટ મસ્જિદના ઘુમ્મટને મળતો કરેલ છે. મસ્જિદનું બાંધકામ ઈંટોથી કરેલ છે. બંને બાજુ ઊંચા ચાર મજલાઓ એક એક મિનારો છે. આ મિનારા અંદરથી નક્કર રખાયા છે. મસ્જિદના લિવાનની બંને બાજુ એક એક ઝરૂખો છે. મસ્જિદના લિવાન પર સરખા કદના ત્રણ ઘુમ્મટ બનાવેલા છે. ઘુમ્મટની ટોચ પિત્તળના ચંદ્ર બીજ અને તારો મૂકેલ છે. નાની અને નમૂનેદાર આ મસ્જિદમાં ઉપરના ભાગેથી બે ચાપ વડે અણીદાર ખૂણો બનાવતી ત્રણ સરખી કમાન બંને બાજુના સરખી ઊંચાઈના ચાર મજલાવાળા મિનારા, સરખા કદ અને ઘાટના પણ મિનારા કરતા ઓછી ઊંચાઈ ધરાવતા ત્રણ ઘુમ્મટ અને લિવાનની બે પાંખમાં કાઢેલા ઝરૂખા સંયોજનની દૃષ્ટિએ પ્રશંસાપાત્ર છે. સરદારખાની મસ્જિદ સાથે મકબરો પણ સંકળાયેલો છે. મધ્યમાં સફેદ આરસની સરદારખાંની સુંદર કબર છે. ઉપરાંત ત્યાં બીજી બે કબર પણ જોવા મળે છે. કબરને ફરતા ૧૨ સ્તંભો વડે ખંડ રચેલો છે. જેની બાજુઓને નકશીદાર જાળીઓથી ભરી દીધી છે. ૨૦ સ્તંભોવાળો રવેશ છે. રવેશના બંને છેડાઓ પર નકશીદાર પડદીઓ ભરી છે. મધ્યખંડની ઉપર વિશાળકદનો જમરૂખ ઘાટનો ઘુમ્મટ છે. તેની ટોચ પર બીજચંદ્ર અને તારો મૂકેલા છે. આ મુખ્ય ઘુમ્મટને ફરતા એ જ ઘાટના નાના કદના આઠ ઘુમ્મટો વડે રવેશનું છાવણ બનાવેલું છે.

હાલ વર્તમાનમાં ઘણા બધા મકાન બની ગયા હોવાથી આ મસ્જિદ અને મકબરો એ ઢંકાઈ ગયા છે પરંતુ દૂરથી તેનો ઘુમ્મટ જોઈ શકાય છે.

### 6. મીર અબુતુરાબનો રોજો (૧૫૪૭)

મીર અબુતુરાબનો રોજો જમાલપુર દરવાજા બહાર બહેરામપુરા વિસ્તારમાં આવેલો છે. અકબરની સેવામાં લગભગ ૨૦ વર્ષ પસાર કરનાર અબુતુરાબનું અમદાવાદમાં ઈ.સ.૧૫૯૭માં અવસાન થતાં અબુતુરાબે પોતાને માટે બંધાવી રાખેલ મકબરામાં દફનાવવામાં આવ્યો હતો. આ રોજામાં તેણે મકબરો અને મસ્જિદ બંને ઈમારતો બનાવી હતી. પરંતુ મસ્જિદનો બિલકુલ નાશ થયેલો છે અને મકબરો ૧૨.૫ મીટર ચોરસ પીઠ પર ઊભેલો છે. તેની પ્રત્યેક બાજુ ફરતા ફરતા ૬-૬ સ્તંભ ગોઠવી કુલ ૨૦ સ્તંભ વડે ચોરસ ખંડ રચેલો છે. આ ખંડને મધ્યમાંથી અન્ય ૧૨ સ્તંભો ટેકો આપે છે. બધા જ સ્તંભો વડે ઉપરથી કમાનો રચાય છે. એમાં ચારે બાજુ ફરતી કમાનો પૈકી દરેક બાજુ પાંચ-પાંચ ઊંચી કમાનો બની છે. દક્ષિણ બાજુએ બે સ્તંભ વધારીને ચોકી કાઢેલી છે. ખંડની છત અંશતઃ સપાટ અને બાકીનામાં ૮ નાના ઘુમ્મટવાળી છે. મધ્યના ૧૨ સ્તંભો વડે રચાતી કમાનો વચ્ચે અગાઉ પથ્થરની જાળીદાર પડદીઓ ભરેલી હતી જે બધી હાલમાં તૂટી ગઈ છે. મધ્યની કમાનો ઉપર બીજા સ્તંભ ગોઠવી એક માળ જેટલી ઊંચાઈ વધારી એના પર અંશતઃ સપાટછત અને બરાબર મધ્યમાં એક મોટો અર્ધવૃત્તાકાર ઘુમ્મટ કરેલો છે. ઘુમ્મટ અંદરથી તદ્દન સાદો છે. મકબરાની ફરસમાં ઘણી જગ્યાએ ખાડા પડી ગયા છે. મધ્યની મુખ્ય કબરની બંને બાજુ એક એક મંડપના રવેશમાં બીજી બે મળીને કુલ પાંચ કબર છે. આ મકબરો એ તદ્દન સાદો છતા સુઆયોજિત હોવાથી

 ISBN: 978-81-952708-6-6

આકર્ષક અને પ્રભાવશાળી લાગે છે. તેમાં પણ એને ચારેબાજુ ફરતા પ્રત્યેક બાજુ ત્રણ પહોળી અને તેઓની વચ્ચે બે સાંકડી કમાનોની સુસંવાદી રચના કરેલી છે જે મનોહર છે. ગુજરાતના મુઘલકાલના આરંભમાં આ સ્થાપત્યમાં સ્થાનિક મુસ્લિમ સ્થાપત્યના શૈલીનો કેટલેક અંશે સમન્વય જોવા મળે છે.

**સમાપન**

આમ, ઉપર મુજબ જણાવ્યા અનુસાર અમદાવાદ શહેરમાં મુઘલ શાસનકાળ દરમિયાન મુઘલ શાસકો તથા સૂબાઓ દ્વારા અનેક એવી ઈમારતોનું બાંધકામ કરવામાં આવ્યું હતું. આ બધા મુઘલકાલીન સ્થાપત્યો અમદાવાદ શહેરમાં હાલમાં પણ અસ્તિત્વ ધરાવે છે. આ સ્થાપત્યો તેની સ્થાપના, રચના, કોતરણી, બાંધકામ વગેરે બાબતમાં ખૂબ જ અગત્યનું સ્થાન ધરાવે છે. આજે પણ આવા બધા સ્થાપત્ય વિશે જાણવા અને જોવા માટે અનેક દેશ-વિદેશના લોકો તેની મુલાકાત લઈ આનંદ માણે છે. આ બધી મુઘલકાલીન ઈમારતો હાલમાં પણ સરકાર દ્વારા ઉપયોગમાં આવી રહી છે અને ભારતના વૈવિધ્ય વારસાને ઉજાગર કરતી અડીખમ ઊભેલી જોવા મળે છે.

**સંદર્ભગ્રંથ સૂચિ**

1. જોટે રત્નમણિરાવ ભીમરાવ, અમદાવાદનું સ્થાપત્ય એનો ઇતિહાસ અને સામાન્ય રૂપરેખા, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ-દ્વિ.આ.૨૦૧૦
2. જોટે રત્નમણિરાવ ભીમરાવ, અમદાવાદનું સ્થાપત્ય,ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ-પ્રથમ આવૃત્તિ- ૧૯૨૯
3. મહેતા કપિલરાય, અમદાવાદ સર્વસંગ્રહ, ગુજરાત પબ્લિશર્સ, અમદાવાદ, પ્ર.આ.૧૯૪૮
4. જોટે રત્નમણિરાવ ભીમરાવ, ગુજરાતનું પાટનગર, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ-દ્વિ.આ.૨૦૧૪
5. પરિખ રસિકલાલ, શાસ્ત્રી હરિપ્રસાદ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ભાગ-૬ (મુઘલકાળ), ભો.જે.વિદ્યાભવન, અમદાવાદ, પ્ર.આ.૧૯૭૯
6. પટેલ માણેકભાઈ 'સેતુ' આ છે અમદાવાદ, ગૂર્જર ગ્રંથરત્ન, કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૭


**ISBN: 978-81-952708-6-6**

# ઉત્તર ગુજરાતના ઇતિહાસ જાણવાના સાધનો તરીકે લોકગીતોનું મહત્વ

**સુથાર કૌશલકુમાર અરવિંદભાઈ**
પીએચ.ડી.રીસર્ચ સ્કોલર, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ,
ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ
**માર્ગદર્શક : ડૉ.વિક્રમસિંહ અમરાવત**

**પ્રસ્તાવના :**

ગુજરાતના ઉત્તરનો ભાગ ઉત્તર ગુજરાત તરીકે ઓળખાય છે. જેમાં મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાનો સમાવેશ થાય છે. તેની ઉત્તરે તથા પૂર્વે રાજસ્થાન, પશ્ચિમે કચ્છનું રણ અને દક્ષિણે મધ્યગુજરાતનો પ્રદેશ આવેલો છે. બનાસકાંઠા અને સાબરકાંઠાની પૂર્વ દિશાએ અરવલ્લીની ટેકરીઓનો ડુંગરાળ પ્રદેશ આવેલો છે. અરવલ્લીની બીજી એક શાખા સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકામાંથી પસાર થઈને વિજયનગર તાલુકા તરફ આગળ વધે છે. જે આગળ જતા આરાસુરની ટેકરીઓ તરીકે ઓળખાય છે. આવા પહાડી પ્રદેશોમાં વર્ષોથી અરણ્ય જીવન જીવતા ભીલો વસવાટ કરે છે.[૧]

વિવિધ જાતિસમૂહનાં આગમન અને ગુજરાતમાં થયેલા તેમના સ્થાયી વસવાટનો ઇતિહાસ અને તે અંગેની દંતકથાઓ છે. મોટા ભાગના સમૂહો આમ ઉત્તરના જમીન માર્ગે આવ્યા અને પંજાબ, રાજસ્થાન, મારવાડ થઈને ગુજરાતમાં આવ્યા અને અનેક સમૂહોએ ઉત્તર ગુજરાતમાં વસવાટ કર્યો.[૨] ઉત્તર ગુજરાતનો બહુચરાજી આસપાસનો પ્રદેશ ચુંવાળ, રાધનપુરથી કાંકરેજ સુધીનો પ્રદેશ વઢિયાર, ડીસા આસપાસનો ડીસાવળ, થરાદ આસપાસનો થરાદરી, કડી આસપાસનો પ્રદેશ ખાખરિયો ટપ્પો, સિદ્ધપુર-પાટણ આસપાસનો પ્રદેશ પાટણવાડો, પાલનપુર આસપાસનો પ્રદેશ ધાણધાર, ખેરાલુ આસપાસનો પ્રદેશ ગઢવાળો વગેરે જેવા પંથક કે વિસ્તાર તરીકે ઓળખાતો. આ પંથકમાં પાટીદારો, આંજણા(ચૌધરી), ઠાકોર, રાજપૂત, મુસલમાન, હરિજન, બ્રાહ્મણ, માળી, સલાટ, દેવીપૂજક, રબારી, રાવળ, સુથાર, કુંભાર, સથવારા, સોની, લુહાર, દરજી, તુરી, વાણિયા, ભાવસાર વગેરે જ્ઞાતિ-જાતિના લોકો વસે છે. આ ઉપરાંત, વહીવંચા બારોટ, ભાટ, મીર, નાયક કે તરગાળા, નથબાવા(ભરથરી), ચારણ કે ગઢવી જેવા લોકસાહિત્યના વાહકોનો સમાવેશ થાય છે. આમ, ઉત્તર ગુજરાતની ધરતી પર લોકસંસ્કૃતિ પાંગરી. આ લોકસંસ્કૃતિમાં અપાર વૈવિધ્ય છે. ઉત્તર ગુજરાતમાં વસતા સમાજની સામાજિક, ધાર્મિક અને સંસ્કૃતિની વાસ્તવિકતા લોકગીતોમાં વર્ણવાયેલી છે.

**ઉત્તર ગુજરાતના ઇતિહાસ જાણવાના સાધનો તરીકે લોકગીતોનું મહત્વ :**

ઇતિહાસ એ સમાજ અને સંસ્કૃતિ સાથે સંકળાયેલો છે. ભૂતકાળના માનવજીવન અને માનવીની પ્રવૃત્તિઓનો ઇતિહાસ વિવિધ અવશેષો, દસ્તાવેજો, સાહિત્યિક લિખિત સાધનો અને મૌખિક પરંપરા કે અલિખિત સાધનો પરથી જાણી શકાય છે. મૌખિક પરંપરા એટલે કંઠોપકંઠ સચવાયેલું અને પેઢી દર પેઢી ચાલ્યું આવતું લોકસાહિત્ય. લોકસાહિત્યમાં લોકગીતોનું મહત્વ સવિશેષ છે. દરેક સમાજના લોકો પોતાની લાગણીઓ, ભાવનાઓ અને વ્યથાઓ લોકગીત દ્વારા અભિવ્યક્ત કરતા હોય છે. લોકસાહિત્યવિદ્ ડૉ. હસુ યાજ્ઞિક લોકગીત વિશે નોંધે છે કે, 'જે રચનાઓ વિશ્વના મોટાભાગના બધા જ પ્રદેશોમાં, એમાં વસતી જાતિ કે જાતિઓ દ્વારા ગવાતા આવ્યા છે અને જેમનો કોઈ એક રચયિતા નિશ્ચિત કરી શકાતો નથી, તેવી રચનાઓને લોકગીત કહેવામાં આવે છે.'

લોકગીતોમાં લગ્નપ્રસંગના ગીતો, રાજિયા કે મરશિયાં જેવા શોકપૂર્ણ ગીતો, કોઈ ઐતિહાસિક પાત્ર કે ઘટનાને લગતા રાસડા કે રાહડા (કથાગીત) જેવા ઐતિહાસિક ગીતો, વિવિધ ઉત્સવો

 ISBN: 978-81-952708-6-6

કે તહેવારના ગીતો, જ્ઞાતિ, સ્થળ કે પ્રદેશ ઉલ્લેખના ગીતો, ઋતુઓના ગીતો, ચારણી દુહા વગેરે પ્રકારોનો સમાવેશ થાય છે. લોકગીતોમાં સમાજજીવન મહત્વનો આધાર છે. ઉત્તર ગુજરાતમાં વસવાટ કરતી જ્ઞાતિ કે સમાજના આનંદપ્રમોદ, પીડા, દુ:ખ, લોકમાન્યતા, પરંપરા, રૂઢિઓ, ઐતિહાસિક વિગતો, સામાજિક, આર્થિક, ધાર્મિક અને સાંસ્કૃતિક વાસ્તવિકતાઓનું પ્રતિબિંબ લોકગીતોમાં જોવા મળે છે.

'જેસંગ બેઠો ભરી રે સભાય, જાચક આવ્યા રે જાચવા' અને 'રાજા પોઢ્યો મંદિર મેડી મોઝાર' આ જસમાના રાસડામાં પાટણમાં સહસ્ત્રલિંગ તળાવ ખોદવા માટે આવેલા ઓડ જાતિની સ્ત્રી જસમા ઓડણ અને પાટણના રાજવી સિદ્ધરાજ જયસિંહની કથા ગીત સ્વરૂપે છે. જેમાં રાજસત્તાના પ્રલોભનો ઠુકરાવી નારીની બહાદુરી, તેની ચારિત્ર્ય શુદ્ધતા અને પતિવ્રતા જોવા મળે છે. તત્કાલીન સમયના ગ્રંથમાં નહીં પણ લોકહૈયે આ રાસડા સચવાયેલા છે. જેમાંથી જે તે સમયની સ્ત્રીજીવનની પરિસ્થિતિનો ખ્યાલ મેળવી શકાય છે.

ન્યાય, નીતિ અને ધર્મ માટે, સ્ત્રીઓ, વૃદ્ધો અને ગરીબોને સહાય કરી હોય અને બહાદુરીથી સામનો કરી વીરગતિ પામ્યા હોય એવા બહારવટિયાઓના લોકગીતો રચાયા છે અને ગવાયા છે. જેમાં ચુંવાળ પંથકના ભંકોડાના ભૂપતસિંહ, પાટણના સરિયદ ગામના મીરખાં અને ધીરજી વગેરેના રાસડા ગવાયા છે.

'જીના હાકોટે ધરુજે કડીનાં કાંગરા' તથા 'ભંકોડું ને કડી લડે, જાણે સતારા રામ' આ દુહા, કથાગીત ચુંવાળ પંથક ભંકોડાના ગરાસદાર ભૂપતસિંહ અને કડીના ગાયકવાડી સૂબા મલ્હારરાવ ગાયકવાડે ભંકોડા પર ચડાઈ કરી અને છેલ્લે બંને વચ્ચે સમાધાન કરીને ખુદ ગાયકવાડ સામે મલ્હારરાવને બંડ કરવું પડ્યું તેમાં ભૂપતસિંહે મલ્હારરાવને મદદ કરી તેની માહિતી પ્રાપ્ત થાય છે. ઈ.સ. ૧૮૧૪માં ભૂપતસિંહનું અવસાન થયું.

'સરિયદનો નર છે વંકો, મીરખાં ! તારો દેશમાં ડંકો' અને 'સરિયોદ તે ગામનો સંધી મીરખાનજી, બા'રવટે જોને ચડિયો !' આ રાસડા પાટણના સરિયદ ગામના મીરખાંનો છે. તેઓ વિજાપુરમાં ચોકીદાર તરીકે નોકરી કરતા હતા. તેના પિતા મુરાદખાનની લીલૂડી નામની ઘોડી ખારામીઠા ગામના દલસંગ ચૌધરીએ આંચકી લીધી. મુરાદખાન ઘવાયા. ત્યારે મીરખાન તે ઘોડી પાછી લેવા માટે બહારવટે ચડે છે તેની માહિતી તથા વીછોડાપુરમાં મૂળી રબારણે બધાને પાણી પાયું અને એક સાથીદારની દાનત રૂપાળી રબારણ પર બગડી ત્યારે મીરખાને તેના સાથીને મારી નાખ્યો અને મૂળી રબારણને બહેન બનાવી. તથા મહેસાણાના લાંઘણજ અને ગોઝારિયા ગામને ભાંગ્યું. ગાયકવાડી ગામ ભાંગતા સૈનિકોની ફોજ તેને પકડી વડોદરા લઈ ગઈ. સાત દિવસ રાખી તેને મૃત્યુદંડ આપવામાં આવ્યો. તેની છેલ્લી ઈચ્છા મુજબ ચાંદાપીરની જગ્યા પાસે દફનાવવામાં આવ્યો. તે ગાયકવાડી સરકાર અને ગોરા એજન્સી સામે બહારવટે લડ્યો. ઈ.સ. ૧૯૨૦ થી ૧૯૨૪ સુધી ચાર વર્ષ બહારવટું ચલાવ્યું.

'હાડ હેમાળે ગાળ્યાં ખુમાણસંગ' એ ઈડરવાડાના ધીરજી બહારવટિયાનું કથાગીત છે. જેમાં ઈડર પરગણાના વાંકાનેરના ઠાકોર ખુમાણસિંહ ઈડરના મહારાજાએ પાનોલના ચારણો પર જુલ્મ કર્યો. એથી નારાજ થઈ હિમાલયમાં હાડ ગાળવા ગયા.વાંકાનેર ઠકરાત બહાદુરપુત્ર ધીરજીએ સંભાળી. ઈડરના રાજા ગંભીરસિંહના કુંવર લાલજી ધીરજીના મિત્ર હતા. ઈડરના મહારાજાએ પોળના રાવ પર ચડાઈ કરી ત્યારે બહાદુર ધીરજીએ યુદ્ધમાં મદદ કરી.ચાંદણીના જાગીરદારી વારસો અને ધીરજીના વિવાદમાં લાલજીએ ધીરજીનો પક્ષ લીધો; પરંતુ ટીટોઈના ઠાકોરનો દંડ જતો કર્યો તે ધીરજીને ખૂંચ્યું. અને બંને વચ્ચે મનભેદ થયો અને ધીરજી બહારવટે ચડ્યા. તે ધન ગરીબોને આપતા. ધીરજીએ ઈડર પંથકના ગામ ભાગવા લાગ્યો તેથી ઈડરના રાવને ખંડણી બંધ થઈ ગઈ. તેથી રાવે અંગ્રેજોનો આધાર લીધો. પરંતુ ધીરજી અંગ્રેજોથી ગભરાયો નહીં. તેણે શરણાગતિ સ્વીકારી નહીં. ધીરજીએ ગાયકવાડી ગામ ભાંગ્યાં વગેરે માહિતી આ રાસડામાંથી મળે છે. ઈ.સ. ૧૮૨૭માં ધીરજીનું મૃત્યુ થયું.


**ISBN: 978-81-952708-6-6**

આ ઉપરાંત સુણસરના તલાજી ઠાકોરનો રાસડો વગેરેના આવા રાસડાઓમાંથી ગાયકવાડી અને બ્રિટિશશાસનકાળના પંથક કે પરગણામાં સ્થાનિક કક્ષાએ બનેલા બનાવ વિશે જાણી શકાય.

પ્રાચીનકાળથી વર્ણવ્યવસ્થા પર આધારિત સમાજમાં મધ્યકાલીન યુગ અને અર્વાચીન યુગમાં અનેક નાની-મોટી જ્ઞાતિ અને પેટાજ્ઞાતિમાં વહેંચાઈ ગયો. સમાજમાં અંધશ્રદ્ધા, વહેમો, સતીપ્રથા, બાળકીને દૂધપીતી કરવાનો રિવાજ, બાળલગ્ન, બહુપત્નીત્વ, દહેજપ્રથા, વિધવાવિવાહ નિષેધ જેવાં કુરિવાજોમાં ફસાયેલો હતો. સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ દયનીય હતી. સ્ત્રીઓના સમાજજીવનની વાસ્તવિકતા લોકગીતોમાં વર્ણાયેલી છે.

‘માડીના ચાંદલિયો ઉગ્યો નં અઈણ્યો આથમી;
માડીના ચ્યો લગણ જોઉ તમારી વાટ રે,
મોંમેરા વેળા વહી જશે રે.’[૩]

આ ગીત ઉત્તર ગુજરાતના પાટીદાર જ્ઞાતિમાં ગવાય છે. આ જ્ઞાતિ ખેતી કરનારી કૃષક જ્ઞાતિ છે. અખાત્રીજના દિવસો દરમિયાન આ જ્ઞાતિમાં ખેતીનું કાંઈ કામકાજ ન હોવાથી પુષ્કળ અનુકૂળતા હતી.તેની પરંપરાગત લગ્નો વૈશાખ મહિનામાં અને મોટે ભાગે અખાત્રીજના દિવસે થયા હતા. ઉપરાંત આ જ્ઞાતિમાં પરંપરાગત રીતે વર કન્યાને રાત્રે મોયરામાં બેસાડવામાં આવે તેના થોડા સમય પહેલાં જ મોમેરું ભરવામાં આવે.(હવે તે ચાલ બદલાયો છે.) આકાશમાં ચંદ્રનું ઊગવું અને હરણી મૃગશીર્ષ નક્ષત્રનું (અઈણ્યો) આથમવું. એ ઘટના વર્ષમાં અખાત્રીજની રાત્રીએ જ બને છે. આ લગ્નગીત ‘બંધુકાવિવાહ’ તિથિ અને સમયની ગવાહી પૂરે છે.[૪] આ બંધુકાવિવાહના સમયે ૪૫ દિવસથી માંડીને દસ વર્ષ સુધીના તમામે તમામ વરઘોડિયાંને પરણાવી દેવામાં આવતા. ‘બંધુકાવિવાહ’ના લગભગ બધા જ લગ્નો બાળલગ્નો થતા.[૫] બંધુકાલગ્નનાં મૂળ તપાસવા અર્થે બારોટોના ચોપડા જોઈએ છીએ ત્યારે જણાય છે કે દ્વાપરયુગમાં ઊઝાપતિ અવનિપતના સમયથી આ ‘બંધુકાલગ્ન’ પ્રથા શરૂ થઈ છે. આ રીતે આ પ્રથા અતિપ્રાચીન છે, જે આજથી ૮૦-૮૫ વર્ષ પહેલાં સુધી ચાલુ હતી.પછી વિ.સં. ૧૯૭૭માં આ બંધુકાલગ્ન પ્રથા લુપ્ત થઈ.[૬]

‘ ચાંદામામા, ચાંદામામા સાસરે ન જઈએ,
સાસરે જઈએ તો મારી સાસુડી સંતાપે.
નખ જેટલી નણદલ મારે માથે છાણાં થાપે,
ડોળ વગરનો દિયર મને ટુંકારે બોલાવે.’[૭]

મહેસાણા જિલ્લામાં ગવાતા આ ગીતમાં સ્ત્રીની વેદના રજૂ થઈ છે. બાળલગ્નનો ભોગ બનેલી કન્યા સાસરામાં શું વેઠવું પડે છે, તેની કથની ચાંદામામાને કહે છે. મધ્યકાલીન યુગમાં ચાંદામામા વિના તેની કથની સાંભળે તેવું પણ કોણ હતું? જે તત્કાલીન સમાજજીવનની સ્થિતિ દર્શાવે છે.

‘ બાર વરહની કન્યાને અઢી વરનો વોર રે,
કુંવારી અતીને મું તો બાર બાર ટીલડી સોડતી રે
મરજે મારી વડહાળી મારી સેલ તોડી આવી રે
વડહાળી હૂં કરે? મારા લખિયા એવા લેખ રે
પાણીડાં હાલુ તો રાંડનું વોહે વોહે આવે રે.’[૮]

પહેલાંના સમયમાં કજોડાં લગ્ન થતાં ત્યારે બાર વરસની કન્યા સાથે અઢી વર્ષના વરને પરણાવેલી કન્યાના પ્રશ્નો છે. અઢી વરહનો વર તોફાન કરે છે ત્યારે પત્ની તેને મારે છે અને એ રોવા લાગે તો તેને છાતીએ ચાંપી છાનો રાખે છે. એમાં દોષ વડવાળીને નહિ દેતા પોતાના નસીબને આપે છે.


ISBN: 978-81-952708-6-6

'ખેરવાડામાં વાવડી ગુડાય' લોકગીતમાં 'બહુપત્નીત્વ' પ્રથાનું ચિત્ર સર્જાય છે. આ ગીતમાં પતિને કામે ધકેલતી સ્ત્રી પોતાના તેમજ શોક્ય માટે ઘરેણાં મંગાવે છે. આ સમાજમાં સ્ત્રીનું સ્થાન ઊંચું છે. આદિવાસી સમાજના લોકગીતોમાં તેમના સમાજજીવન અને સંસ્કૃતિનો ખ્યાલ આવે છે.

'કાંચલડીમાં કંકોડીને વાટકીમાં પાણી,
નાનો વર નવરાવવા બેઠી સમડી લઈ ગઈ તાણી,
લાલ કેમ કરીએ?'૯

ઉત્તર ગુજરાતમાં ગવાતા આ ગીતમાં બાળલગ્ન, કજોડાંનું ચિત્ર સ્પષ્ટ થાય છે.

'વીરા ટીલડીઓ કોની કાજ ઓરો છો?
બેની ટીલડીઓ તારી કાજ ઓરું છું.
હું સાસરિયે નઈ જાઉં
સાસુ સોનાના મોર માગે છે.'૧૦

પાટણના વાઘરી(દેવીપૂજક) સમાજમાં ગવાતું આ ગીત છે. દરેક સમાજમાં 'દહેજપ્રથા' હોય છે. એના કારણે સ્ત્રીઓને ખૂબ મુશ્કેલી પડે છે. સાસરી તરફથી વધારે દહેજ માંગવામાં આવે છે. તેની વ્યથા રજૂ કરતું ગીત છે.

'બાજરિયે રેંણો લાગી રે, બારા રે પરનું બાજરિયું,
સુતારી શાને મુઓ રે, બારા રે પરનું બાજરિયું.
માંડવડી ઘડતાં મુઓ રે, બારા રે પરનું બાજરિયું.'૧૧

આ 'બાજરિયું' લોકગીત પાટણવાડામાં ગવાય છે. જેમાં સમાજની વ્યવસાયિક જ્ઞાતિનું નિરૂપણ છે. જેમાં સુથારી, રંગારી, કુંભારી વગેરે શાને મૃત્યુ પામ્યા.તેનો ઉલ્લેખ મળે છે.

'સૉમી નદીઓની તેડે સાંઢો ચરે,
રૂડા કંકુડા હાટે તોળાય રે,
વિવા આયા ઢૂકડાં.'૧૨

મધ્યકાલીન સમયમાં વણઝારા પોતાની પોઠો કે સાંઢો ઉપર માલસામન લાદીને એક ગામથી બીજે ગામ વેચવા જતા. ગામના પાદરે પડાવ નાખતા. ત્યાં આવીને ગ્રામજનો જરૂરિયાત મુજબ વસ્તુઓ ખરીદતા તેનું આ ગીત છે.

'લેંબળો ઊગ્યો ચુંવાળમાં,
લેબળી ઊગી રે લીલૂડી રે રેતમાં.'૧૩

ચુંવાળ અને ડીસા આસપાસના પ્રદેશમાં વસવાટ કરતી માનવીની ખાસિયતો દર્શાવે છે. ચુંવાળના પુરૂષો લીંમડા જેવા મજબૂત અને ડીસા આસપાસના પ્રદેશમાં સ્ત્રીઓ લીંમડી જેવી નાજુક હોય છે.

'બાઈજી ! ખાખરિયા કૂવા નં પોણી
નઈ ભરું રે લોલ.'૧૪

કડી આસપાસનો પ્રદેશ 'ખાખરિયા ટપ્પા' તરીકે ઓળખાય છે. આ ખાખરિયા ટપ્પામાં જેનું સગપણ થયું છે તે યુવતી ત્યાંનું પાણી ભરવા સહમત થતી નથી અને સગપણની મોજડી ને બંગડી પાછી મોકલી વેર વાળવા કહે છે.

'છેલાજી રે...
મારે હાટું પાટણથી પટોળાં મોંઘા લાવજો,
એમાં રૂડા રે મોરલિયા ચીતરાવજો.'૧૫


ISBN: 978-81-952708-6-6

ઉત્તર ગુજરાતની ભાતીગળ ઓળખને સમાવી બેઠેલા આ લોકગીતમાં પાટણ કેન્દ્રમાં છે. પાટણમાં પટોળાં સાડી સાળવી જ્ઞાતિના લોકો બનાવે છે. પાટણના પટોળાં પ્રસિદ્ધ છે. આ લોકગીતમાં સ્ત્રી પોતાના પતિને પાટણથી પટોળાં લાવવાનું કહે છે. આમાં પ્રણયજીવન કે દામ્પત્યજીવનનો મધુર ભાવ રહેલો છે.

'કૉના પારકે તે ઓટે ન બેસીએ,
કૉના ઓટા મેલાવશે રોટ રે લોલ.'[૧૬]

મહેસાણા જિલ્લાના રબારી જ્ઞાતિમાં ગવાતું ગીત છે. જેમાં સ્ત્રી પોતાના પતિને પારકે ઓટલે બેસીએ નહીં. પારકા ઓટલા તો રોટલા મેલાવશે. જેમાં સ્ત્રીનું બુદ્ધિચાતુર્ય જોવા મળે છે.

'જત જોયો લ્યા માળવો રે,
વળત લૂંટીશ ગુજરાત,
મારું લેરિયું લ્યા દરજીડા.'[૧૭]

આ લોકગીતમાં ઈ.સ. ૧૨૯૮-૯૯ આસપાસ અલાઉદ્દીન ખીલજીના ગુજરાત પરના આક્રમણની ઘટનાના ઐતિહાસિક અંશો જોવા મળે છે. જેમાં જતાં માળવા અને વળતાં ગુજરાત પર આક્રમણ કરવાનો નિર્દેશ છે.

'આઈ આઈ ઝાલાવાડી જોંન, પિયોર મારું મેવાસી,'[૧૮] આ ગીતમાં ઉત્તર ગુજરાતના ધોંધાર, કાકરેસી, દોંતોર, ચુંવાળ પંથકના ઉલ્લેખો છે. 'ભાઈ સોનીડા તું મારો વીર, આજ માર કડલાં લાયે હો રોંમ.'[૧૯] લોકગીતમાં સોની, મણિયાર, મોચી વગેરે જ્ઞાતિના વ્યવસાયનું નિરૂપણ છે.

આમ, ઉત્તર ગુજરાતમાં સમાજજીવન સાથે સંકળાયેલા પરિવારના, દામ્પત્યજીવનના, જ્ઞાતિના વ્યવસાયના ઉલ્લેખવાળા, સામાજિક, ધાર્મિક અને ઐતિહાસિક ઘટના કે માહિતીના, પ્રદેશ કે સ્થળનું મહત્વ ધરાવતા વગેરે લોકગીતો મળી આવે છે. જે ઉત્તર ગુજરાતના સમાજ અને સંસ્કૃતિને ઉજાગર કરે છે.

**ઉપસંહાર :**

ઉત્તર ગુજરાત એ લોકસંસ્કૃતિનું સંગમતીર્થ ગણાય છે. ઉત્તર ગુજરાતમાં વસવાટ કરતી જ્ઞાતિ, સમાજની રાજકીય, સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક વાસ્તવિકતા લોકગીતોમાં જોવા મળે છે. સ્ત્રીઓના સમાજિક જીવન સાથે સંકળાયેલા બાળલગ્ન, કજોડાં, દહેજપ્રથા, બહુપત્નીત્વ પ્રથાને કારણે સ્ત્રીઓની વેદના વર્ણવતા લોકગીતોમાં તત્કાલીન સમાજનું સાચું ચિત્ર સ્પષ્ટ થાય છે. સમાજજીવન પર થતા અત્યાચારો અને વ્યથા જાણી શકાય છે. સામાજિક પરિવર્તનની સાથે મૌખિક પરંપરાના લોકગીતોમાં પાઠાન્તર જોવા મળે છે. આવા પાઠાન્તરના કારણે લોકગીતો સચવાયા છે. સંશોધકે સાચા પાઠની પસંદગી કરી તપાસવાની હોય છે. ઐતિહાસિક ગ્રંથોમાંથી રાજાઓના ઈતિહાસ જાણી શકાય છે, પણ પ્રજાજીવનનો સાચો ઈતિહાસ લોકગીતોમાંથી જાણી શકાય. લોકગીતો એ માનવીના ભૂતકાળને પુન:જાગૃત કરે છે. આમ, ઉત્તર ગુજરાતના ઈતિહાસ જાણવાના સાધનો તરીકે લોકગીતો મહત્વના ગણાય.

-: પાદનોંધ અને સંદર્ભસૂચિ :-

૧. ચૌધરી રમેશ., 'ઉત્તર ગુજરાતના આંજણા', કુસુમ પ્રકાશન,અમદાવાદ, નવેમ્બર ૨૦૧૭, પૃ.૩૨

૨. જાની બળવંત,પટેલ અમૃત અને રોહડિયા અંબાદાન (સંપા.), 'ઉત્તર ગુજરાતની લોકકથાઓ' પાર્શ્વ પબ્લિકેશન,અમદાવાદ, જૂન ૨૦૦૮, પૃ.૧૬૯

૩. પટેલ અમૃત., 'ઝમરખ દીવડો',પાર્શ્વ પબ્લિકેશન,અમદાવાદ, પ્ર.આ.૨૦૧૦, પૃ.૧૨

૪. એજન,પૃ.૧૨


ISBN: 978-81-952708-6-6

૫. એજન,પૃ. ૩૮-૩૯
૬. પટેલ અમૃત.,'વેદકાળથી મા ઊમિયાની પૂજા અને પ્રાચીન નગરી ઉમાપુર-ઊંઝા', પૃ.૪૯
૭. 'મહેસાણા જિલ્લાના લોકગીતો', ગુજરાતી લોકસાહિત્ય.માળા:મણકો ૭ અને ૯, જેઠાલાલ ત્રિવેદી,૧૯૬૮
૮. પટેલ પ્રભુદાસ.,'અરવલ્લીની લોકસંપદા',૨૦૦૯
૯. મફત રણેલાકર, 'ઢોલૈયા ધડૂક્યા લાડી', લક્ષ્મી પુસ્તક ભંડાર,૧૯૯૦
૧૦. 'પટ્ટણી વાઘરીનાં લોકગીતો', સંપા.રાજન શકરાભાઈ પટ્ટણી, પૃ.૨૦૪ થી ૨૧૨
૧૧. 'પાટણવાડાનાં લોકગીતો', સંપા.રાજન શકરાભાઈ પટ્ટણી, પૃ.૨૦૦ થી ૨૦૩
૧૨. પટેલ અમૃત, 'ઝમરખ દીવડો', પાર્શ્વ પબ્લિકેશન,અમદાવાદ, પ્ર.આ.૨૦૧૦, પૃ.૯૨
૧૩. પટેલ અમૃત, 'કંકુ રે વાયુ', પાર્શ્વ પબ્લિકેશન,અમદાવાદ, પ્ર.આ.૨૦૧૦, પૃ.૧૮
૧૪. એજન,પૃ.૨૪
૧૫. પટેલ અમૃત,(સંપા.), 'લોકસાહિત્ય તત્વ અને તંત્ર', પ્ર.પોતે, પ્ર.આ.૨૦૧૪, પૃ.૧૦૩
૧૬. 'મહેસાણા જિલ્લાના રબારીના લોકગીતો', સંપા.ગોવિંદ રબારી, પૃ.૨૯૪
૧૭. પટેલ અમૃત, 'કંકુ રે વાયુ', પાર્શ્વ પબ્લિકેશન,અમદાવાદ, પ્ર.આ.૨૦૧૦, પૃ.૨૯
૧૮. એજન,પૃ.૮૩-૮૪
૧૯. એજન,પૃ.૧૦
• હસુ યાજ્ઞિક.,(સંપા.), 'ગુજરાતી લોકસાહિત્યમાં કથાગીતો', ગુ.સા.અકાદમી,ગાંધીનગર, દ્વિ.આ. ૨૦૧૮
• હસુ યાજ્ઞિક.,(સંપા.), 'ગુજરાતી લોકસાહિત્ય', ગુ.સા.અકાદમી,ગાંધીનગર, દ્વિ.આ. ૨૦૧૮
• ભરત પરમાર,'ઉત્તર ગુજરાતનું ગ્રંથસ્થ લોકસાહિત્ય:એક સમીક્ષાત્મક અધ્યયન',૨૦૧૨


**ISBN: 978-81-952708-6-6**

# ચંદ્રાવતી-આબુ ક્ષેત્રના ભીલ અને ગરાસિયા આદિવાસી

**Patel Sejalben Ramniklal**
(M.A., M.Phil. - Gold Medallist)
Ph.D. Pursuing – H.N.G.Uni., Patan

## પ્રસ્તાવના

ચંદ્રાવતી અને તેની આસપાસના આબુ ક્ષેત્રમાં મુખ્ય બે જાતિઓ જોવા મળે છે. ભીલ અને ગરાસિયા તેમાં ભીલ લોકો અતિ પ્રાચીનકાળથી અહીં વસવાટ કરતા હતા. તેવો આ ક્ષેત્રની પ્રાચીન જાતિ છે. આ ક્ષેત્રના સિવાય આ જ્ઞાતિ ભારતના અનેક રાજ્યોમાં જોવા મળે છે. ભીલ અને ગરાસિયા જાતિના લોકોના સ્વભાવમાં કોઈ ખાસ અંતર જોવા મળતું નથી, સામન્ય પહેરવેશ અને રીતરિવાજ અલગ જોવા મળે છે. આ લોકોનો દેખાવ થોડો નીચો અને શરીરે દુબળા જોવા મળે છે. તેઓ રંગે પણ મોટાભાગે કાળા જોવા મળે છે. તેઓના ચહેરા અને આંખો મટમૈંલી જોવા મળે છે. તેઓ શારીરિક દ્રષ્ટિએ પણ એટલાબધાં તંદુરસ્ત જોવા મળતા નથી. આ બન્ને જાતિઓ સ્વભાવે ખુબજ ભોળી અને સહનશીલ જોવા મળે છે. આ ક્ષેત્રમાં રહેતી આદિવાસી પ્રજા આસાવાદી અને ગરીબ પરિસ્થિમાં જીવતી જોવા મળે છે. તેઓમાં અંધશ્રધ્ધાઓનું પ્રમાણ વધુ જોવા મળે છે, આ પ્રજા પૂર્વજ થાય તેમ પણ માને છે. તેમનામાં પરસ્પર મદદનો ભાવ જોવા મળે છે. ચંદ્રવતીમાં રહેતી આદિવાસી પ્રજામાં ભીલ જાતિના લોકો વધુ જોવા મળે છે. આ લોકોના ઘરો માટીના, ઈંટોના, બનેલા જોવા મળે છે. ભાગ્યેજ કોઈકના ઘર સિમેન્ટના જોવા મળે છે. આ લોકોમાં હોળીનો ત્યોહાર લોકપ્રિય છે. તેઓ માં અન્ય તહેવારો જેવા કે દિવાળી, નવરાત્રિ, વસંતપંચમી, ગણગોર, ઉત્તરાયણ , તીજ વગેરે જેવા તહેવારો ઉજવાય છે. આ લોકોમાં દારૂનું વ્યસન પણ ખૂબ જોવા મળે છે. આમ આ પ્રજા હજુ પણ તેના મૂળ સ્વભાવને અને રહેણીકરણીને વળગી રહી હોય તેવું લાગે છે.

## ભીલ અને ગરાસિયા જાતિની ઉત્પત્તિ

આ બંને જાતિઓની ઉત્પત્તિના વિષયમાં ગણા મતમતાંતરો છે. દ્રવિડ ભાષાના ' બીલ' શબ્દ પરથી ભીલ શબ્દની ઉત્પત્તિ થઈ છે. જેનો અર્થ ધનયુષ્યની ' પ્રત્યન્ચા ' એવો થાય છે. આ જાતિ ધનયુષ્ય બાણ ચલાવવામાં કુશળ હોવાથી આ જ્ઞાતિને ભીલ નામથી ઓળખાવામાં આવે છે. ગરાસિયા જાતિના લોકો માટે કોઈ પ્રાચીનતમ ઉલ્લેખ થયેલો જોવા મળતો નથી. પરંતુ દંતકથાઓના આધારે ગરાસિયા શબ્દનો ઉદ્દભવ સંસ્કૃતના ' ગૃહ-ઋષિ શબ્દ' પરથી થયેલો જોવા મળે છે. જેનો અપભ્રંશ ગ્રાસિયા, ગરાઈયા, ગરાસિયા બની ગયોલો જોવા મળે છે. ભીલ અને ગરાસિયા જાતિની કેટલીક જાતિઓ અને ઉપજાતિઓ પણ જોવા મળે છે. જેને સ્થાનિક લોકો ગોત્ર અને ગોતર કહે છે. ઉપજાતિઓમાં તાઈવર, બુબરીયા, પરમાર, મદરિયા, ચૌહાણ, ડુંગઈસા વગેરે છે.

## સ્વભાવ અને શરીરનો બાંધો

ભીલ જાતિના લોકો શરીરે દુબળા અને માપસરની ઊંચાઈ તેમનામાં ઘણા લોકોતો ખૂબ નીચા પણ જોવા મળે છે . શરીરનો પૂરતો વિકાસ પણ થયેલો જોવા મળતો નથી તેના પાછળ તેમની નબળી આર્થિક પરિસ્થિતિ મોટાભાગે જવાબદાર છે. તે સિવાય વારસો પણ થોડાઘણા અંશે જવાબદાર હોય એવું લાગે છે. તેમના ચહેરાનો ભાગ લાંબો, નાક પહોળું અને ગાલનો ભાગ દબાયેલો જોવા મળી છે. ગરાસિયા જાતિના લોકો ભીલ જાતિના પ્રમાણમાં થોડા ઓછા કાળા હોય છે. તનો ચહેરો પણ ભરાવદાર લાગે છે. તેમનો બાંધો ભીલ જાતિના લોકો જેવોજ દેખાય છે

ભીલ જાતિના લોકો સ્વભાવે ભોળા, વચનના સાચા, મહેનતું, ઈમાનદાર જોવા મળે છે. તેમનામાં પરસ્પર સહાયતાનો ગુણ જોવા મળે છે. આ પ્રજાને તેમના સામર્થ્ય પર ખૂબ વિશ્વાસ જોવા મળે છે તે કઠિન કામ પણ સરળતાથી કરી શકે છે. આ ક્ષેત્રની પ્રજા ખૂબ ભોળી, નમ્ર, સહનસીલ જોવા મળે છે. પરંતુ ગરાસિયા જાતિના

 ISBN: 978-81-952708-6-6

લોકોમાં તેનાથી વિપરીત પરિસ્થિતિ જોવા મળે છે. તમનો સ્વભાવ ક્રોધી, વેરાભાવના વાળો અને ગણી વાર ચોરીનો દુર્ગુણ પણ તેમનામાં જોવા મળે છે. સજાવા સવારવાનું બંને જાતિની સ્ત્રીઓની પસંદ છે. ગરાસિયા અને ભીલ જાતિના લોકોને મેળાઓ, ઉત્સવો ,પર્વો ઉજવવાના ખૂબ શોખીન હોય છે.

**પહેરવેશ અને આભૂષણ**

ભીલ જાતિના લોકોનો પહેરવેશ ખૂબ સાદો હોય છે તેના પ્રમાનમાં ગરાસિયા જાતિના લોકોનો પહેરવેશ થોડો ભભકાદાર જોવા મળે છે. ગરાસિયા જાતિના પુરૂષો ધોતી, ખમિજ પહેરે છે. માથાપર સાફો કે ફેંટો પણ પ્રસંગોપાત બાંધે છે.તે લોકો ફૂલની કલગી પણ બનાવે છે. તે ઉપરાંત તેવો કોઈ પાંદડાની ડાળી લગાવવાનું પણ પસંદ કરે છે. ગરાસિયા જાતિની સ્ત્રીઓ ઘાઘરા મોટાભાગે લાલા રંગના જોવા મળે છે. મુલકી, કુમાતા વાળી કાંતો છપાવેલી ભાત વાળી ઓઢણી ઓઢે છે. કુંવારી છોકરીઓમાં લાલા, કાળા , પીળા રંગની બંગડીઓ પહેરે છે. ઘરેણાંમા તેવો બોર, ડોરની, ગાળામાં ચાંદીની હાંસળી, નાકમાં નથ, પગમાં પાયલ અને પોલરી, દામણી પહેરે છે. ભીલજાતિના લોકો ધોતી, અંગરખું, માથામાં સાફો આજના યુવાનો પેન્ટ અને શર્ટ પહેરતા પણ થયા છે. તહેવારોના દિવાસે કોટનો ઉપયોગ આધુનિક સમયની અસરને કારણે કરતા થયા છે. ભીલ આદિવાસીઓની એક આગવી ઓળખ છે કે તેવો હાથમાં રેશમી રૂપામલ રાખવાનું પસંદ કરે છે. તેમની સ્ત્રીઓ ઘૂંટણ સુધીનો ઊંચો ઘાઘરો, પોલકું અને ઓઢણી પહેરે છે. તેમને પણ આજની આધુનિક નારીઓની જેમ આભૂષણોનો ખુબ શોખ જોવા મળે છે. તેઓ બોર, કાનોમાં ટોટી, ગળામાં હારલી, હાથમાં બંગડી, માથામાં ટિકો, પિત્તળ અથવા અન્ય ધાતુમાંથી બનાવેલા છલ્લા, નાકમાં નથ પહેરે છે. આ લોકોમાં સુંદણાં કરવાનો ખૂબ શોખ જોવા મળે છે. તેઓ ઘણીવાર મોઢાપર કુત્રિમ તલનું નિશાન પણ કરે છે તે રીતે સુંદર દેખાવાનો પ્રયત્ન કરે છે.

**ખાનપાન**

આ ક્ષેત્રના ભીલ અને ગરાસિયા જાતિના લોકોમાં તેમનો મુખ્ય ખોરાક મકાઈ છે. કેમ કે અહી તેવો પોતે મકાઈનું વાવેતર કરે છે અને તે મકાઈનો રોટલા બનાવવામાં ઉપયોગ કરે છે. તે ઉપરાંત ઘઉં, જવ, બાજરી, ચોખા વગેરે અનાજનો ઉપયોગ કરે છે. તે ઉપરાંત તેવો જંગલમાં ઉગતા જાંબુ, કારોનંદા, કેરી, જામફળ, વગેરે ફળફળાદિનો પણ ઉપયોગ ખોરાક તરીકે કરે છે. આદિવાસી લોકો માંસાહારી જોવા મળે છે. તેઓના ત્યાં પ્રસંગોમાં ખાસ બકરાના માંસનો ઉપયોગ ખાવા માટે થાય છે. તેવો જવ માંથી બનાવેલી શરાબનો પીવામાં ઉપયોગ કરે છે. તે સિવાય દૂધ, દહીં, છાશનો પણ પીણાં તરીકે ઉપયોગ કરે છે. ખુજૂરીનું વાવેતર કરે છે અને ખજૂરનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે. પ્રસંગો ઉપર તેમના ઘરોમાં ખાસ લાપસી બનતી હોય છે. આ ક્ષેત્ર નદી કિનારે આવેલું હોવાથી અહીંના લોકો ખોરાકમાં માછલીનો પણ ઉપયોગ કરતા જોવા મળે છે. આ આદિવાસી લોકોમાં વ્યસનનું પ્રમાણ પણ ઘણું જોવા મળે છે. તે લોકો મહુડાનો ઉપયોગ કરે છે. તે ઉપરાંત તેવો બીડી, સિગારેટ, ચલમ , હુકાનો પણ ઉપયોગ કરતા જોવા મળે છે.

**વ્યવસાય અને આજીવિકા**

આ આદિવાસી પ્રજાનું આજે મુખ્ય સાધન ખેતી અને છૂટક મજૂરી જોવા મળે છે. આ લોકો આજુબાજુની મિલોમાં પણ કામ કરવા જાય છે, તે સિવાય રાજસ્થાન અને તેમનો આ પ્રાંત છોડી અને અન્ય રાજ્યોમાં રોજગારી અર્થે જતા જોવા મળે છે. તે સિવાય જંગલમાં થતી પેદાસ વેચીને પણ પોતાનું ગુજરાન ચલાવે છે. તે સિવાય આ લોકો કડીયાકામ, કલરકામ પણ કરે છે. અહીંની સ્ત્રીઓ જંગલમાં ઉગતા ફાળો ઋતુ પ્રમાણે વેચીને ગુજરાન ચાલવામાં મદદ કરે છે. આદિવાસી પ્રજા જંગલના લાકડા કાપીને પણ તેને વેચતી જોવા મળે છે. આ લોકો ખેતીના સાધનો પણ બનાવે છે. કૃષિની સાથે પશુપાલ પણ તેમનો મુખ્ય વ્યવસાય છે.

આમ આ ક્ષેત્રના આદિવાસી સમૂહમાં રહેવા ટેવાયેલા જોવા મળે છે. તેમના ખાનપાન, રીતરિવાજો, રહેણીકહેણી, વ્યવસાય , પહેરવેશ અને આભૂષણોમાં ઘણી સામ્યતા બંને જાતિઓમાં જોવા મળે છે. આદિવાસી

 ISBN: 978-81-952708-6-6

લોકોમાં આર્થિક ઉપજનો ખૂબ ઓછા સ્ત્રોત જોવા મળે છે જેના કારણે આ પ્રજા ગરીબીનો સમનો કરતી જોવા મળે છે. આ પ્રજા પ્રાચીન સમયથી આ ક્ષેત્રમા નિવાસ કરતી જોવા મળે છે. ચંદ્રાવતી નગરીમાં રહેતા ભીલ તેમને પરમાર જાતિના રાજપૂતોના વંશજો હોય તેવું માને છે , આ સ્વભાવે ભોળી પ્રજા સાથે મળીને તહેવારોનો આનંદ લે છે. આદિવાસી જાતિના ભીલ અને ગરાસિયા આજે પણ તેમના પ્રાચીન વારસાને જાળવીને આ ક્ષેત્રમાં પોતાનું જીવન ડુંગરો અને જંગલોની વચ્ચે વ્યતિત કરી રહ્યા છે. તેઓએ આજે પણ પોતાની આદિવાસી સંકૃતિને જાળવી રાખી છે.

## સંદર્ભસૂચિ

1. આબુ ક્ષેત્રના આદિવાસી, અજિત પ્રાચ્ય સમાજ તેમજ વિદ્યા સંસ્થાન,સિરોહી
2. અદિલોક અંક – ૧૧,૭૨
3. શ્રી જયંતવિજયજી., આબૂ ભાગ -૧., કુલચંદજી વેદ., ભાવનગર, ૧૯૮૫
4. ગુલાવચંદ્ર ચૌધરી., જૈન સાહિત્યનો બૃહદ ઇતિહાસ.,પશ્વનાથ વિદ્યાશ્રમ શોધ સંસ્થાન., વારાણસી,૧૯૭૩
5. લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી.,ઐતિહાસિક લેખ સંગ્રહ.,પ્રાચ્યવિદ્યામંદિર., ૨૦૦૭
6. સત્યકેતુ વિદ્યાલંકાર., ભારતીય સંકૃતિ અને તેનો ઇતિહાસ.,દ્વિતીય ભાગ., સર્વોદય સાહિત્ય મંદિર


ISBN: 978-81-952708-6-6

# કચ્છના પ્રાચીન શૈવ મંદિર

**CHAUHAN VIPULKUMAR BHIKHABHAI**
Ph D. Research Scholar,
Gujarat Vidyapith-Ahmedabad

**પ્રસ્તાવના:**

કચ્છ એક પ્રાચીન પ્રદેશ છે.જેના ઉલ્લેખ વેદો, પુરાણો માં પણ જોવા મળે છે. કરછ ના વિવિધ પ્રદેશોમાં પૈરાણિક સ્થાન આવેલા છે જે તેની પ્રાચીન સંસ્કૃતિ ભવ્યતાને વ્યક્ત કરે છે.

કરછના વિવિધ સ્થળોએ શૈવ મંદિરો આવેલા છે જેની બનાવટ ભવ્ય તથા કલાત્મક છે તેના બાંધકામમાં તે સમય ની કાઠોસુઝના ઉપયોગ થયેલ જોવા મળે છે કેરા, ભુઅડેશ્વર, પુઅરેશ્વર વગેરે સ્થળ વિવિધ શૈવ મંદિરો સ્થાપિત છે જે તે સમય ની ભવ્યતાનું વર્ણન કરે છે.

આ મંદિરો પરથી કહી શકાય કે તે સમય કરછ માં શૈવ ધર્મ નો પ્રચાર પ્રસાર સારો હતો લોકો શિવાજીની પૂજા અર્ચના કરતા અને ભવ્ય મંદિરો બનાવતા.

**શૈવ મંદિરો:-**

| | | | |
|---|---|---|---|
| ૧) ભુઅડેશ્વર | ૨) ચોખંડા મહાદેવ | ૩) કોટેશ્વર મહાદેવ | ૪) કેરા |
| ૫) પુઅરેશ્વર | ૬) નાગેશ્વર મહાદેવ | ૭) બીલેશ્વર મહાદેવ | ૮) જાગનાથ મહાદેવ |
| ૯) કોટાય | | | |

આમ કરછ માં વિવિધ શૈવ મંદિરો આવેલ છે, જેમાંથી કેટલાક શૈવ મંદિર વિશે આપણે વિશેષ માહિતી મેળવીયે ઉપરોક્ત તમામ શૈવ મંદિરો પ્રાચીન તથા ૨૫૦ વર્ષ પહેલા સ્થપાયેલા છે.

**ભૂઅડેશ્વર :-**

ભુઅડેશ્વર શૈવ મંદિર અંજારથી ખેડોઈ થઈને કે મુન્દ્રા છસરા થી રૂપારેલ નદીના કાંઠે વસેલા કરછ નું એક સમયનું પ્રાચીન ધામ ભૂઅડ કે ભુવડ પહોચી શકાય છે.

**નામ કરણ:-**

ભૂઅડ થી થોડે દુર આવેલું ભેશ્વરનગરી માં આઠમી સદી માટે કનકસેન નામના રાજા નું શાસન હતું તેના પુત્ર અક્કડસેન ને ભૂઅડ નામનો પુત્ર થયો. તેના નામ પરથી જ આ ભુઅડનું નામ કરણ કરવામાં આવ્યું છે.

**શિવાલય:-**

કેરાકોટ રાજવી લાખા ફુલાણી અને ભુઅડ સાઢુભાઈ થતા હતા, અંજાર થી તે નવ થી દસ કિલ્લો મીટર દુર આવ્યું છે ભુજથી ૬૦ કિ.મી. દુર જર્જરિત શિવાલય આવ્યું છે. ૩૪ સ્તંભો અને ચાર સ્તંભોથી શોભાતા આ શિવાલયના ઉપરના ધુમટ ભાગ ધ્વસ્ત થયેલો છે. તે જયારે હશે ત્યારે કેટલું શોભાતુ હશે તેની કલ્પના જ કરવી રહી. ૩૦ x ૪૦ ફૂટના મંડપ છે સ્તંભ નીચેથી સમ ચોરસ મોટા નિજ મંદિરમાં ચતુર્ભુંજ આકૃતિઓ છે. મંદિર ના ભૂસાઈ ગયેલ લેખમાં સવંત ૧૩૪૬ની સાલ વાંચી શકાય છે. લાખા ફુલાણી ના સમયના આ ધ્વસ્ત મંદિરના પુનરાદ્ધાર કરવામાં આવે તો તેને એક સુંદર તીર્થધામ તરીકે વિકસાવી શકાય છે.

ભૂકંપ બાદ ત્યાં જાળવણી ના અભાવે અત્યારે આ શિવાલય ધ્વસ્ત હાલત માં છે, તેની જળવણી કરી તેનો પુનરોદ્ધારા કરી મરામત કરવામાં આવતો અપણો પ્રાચીન વરસો જળવાઈ રહે.

**ચોખંડા મહાદેવ:-**

મુન્દ્રા તાલુકાના ભદ્રેસ્વાર થી દોઢેક કિલ્લો મીટર દુર ચોખંડા સ્થળે નાળેશ્વર મહાદેવ નું મંદિર આવેલ છે.


**ISBN: 978-81-952708-6-6**

આ મંદિર લોકો માં ચોખંડા મહાદેવ તરીકે વધારે જાણીતું છે. આ મંદિર ના ઓટલા પર સિધ્ધરાજ જયસિંહના શાસન કાળના પાછલા વર્ષોના સવંત ૧૧૯૫ના એક શિલાલેખ જડી દેવાયો હતો. આ શીલા લેખ ગુમ થઇ ગયો હતો. જે ત્યાર બાદ બે ટુકડામાં મળી આવ્યો હતો. જેને સુરક્ષિત રાખવામાં આવ્યા છે આ મંદિરના જીણોદ્ધારના કાર્ય દરમ્યાન વધુ એક શિલાલેખ મળી આવ્યો છે. જેનું હજી વાચન બાકી છે.

આ મંદિર સિધ્ધરાજ જયસિંહ ના સમયનું હોવાના પુરાવા મળ્યા છે. જે મળી આવેલ બીજા શિલાલેખ ની લિપિના ઉકેલ બાદ આ સ્થળ વિશે ની વધુ માહિતી મેળવી શકાશે.

**કોટેશ્વર મહાદેવ:-**

કોટેશ્વર શિવધામ નારાયણ સરોવરથી ૨ કિમી ના અંતરે આવેલું છે. કચ્છના પશ્ચિમ કાંઠે તે પાકિસ્તાન થી તદન નજીક કરાંચીની બરોબર સામે "કોરી નાળા" ના નાકા ઉપર આવેલ હિંદુ ધાર્મિક તીર્થ સ્થાન કોટેશ્વર આવેલ છે

**પૌરાણિક કથા :-**

કોટેશ્વર મંદિર બાબતે પૈરાણિક કથા પ્રચલિત છે. આ કથા મુજબ શીવ ભક્ત રાવણ કૈલાશ માં તપ કરી ભોલેનાથ ને પ્રસન્ન કરી દિવ્ય શિવલિંગ પ્રાપ્ત કરે છે. અને લંકામાં લઇ જવા આશા માંગે છે. ત્યારે ભોલેનાથ એ શરત મુકીકે આ લિંગ જમીન પર મુકવાનું નથી અને જો ભુલેચુકે જમીન નો સ્પર્શ થઈ જશે તો ત્યાંજ સ્થાપિત થઇ જશે. રાવણે વાત કાબુલી લિંગ લઇ જવા નિકડયો આથી દેવતાઓ મુઝાયા અને બ્રહ્મા પાસે ગયા. ગમે તે હિસાબે શિવલિંગ લંકા પહોચે નહિ તે માટે બ્રહ્માજી ને વિનંતી કરતા તેમને ગાયનું સ્વરૂપ ધારણ કરી નારાયણ સરોવર પાસેના ખાડામાં પડી ડૂબવા લાગ્યા આકાશ માર્ગ લિંગ ને લઇ જતા ગૌભક્ત રાવણે આ દ્રશ્ય જોયું અને તે તરતજ નીચે આવ્યો લિંગ ને ભૂલથી જમીન પર મૂકી ગાયને બહાર કાઢી લિંગ જમીન પર રહેતા કોટી લિંગ થઇ ગયા. રાવણ ને પોતાની ભૂલ સમજાઈ તેથી આ કોટી લીંગની પૂજા પ્રતિષ્ઠા કરી જે આજ નું કોટેશ્વર આ મંદિરના જીણોદ્ધાર સુંદરજી સોદાગર ત્યાં મહારાવ દેશવજી બીજા એ કરાવેલ છે. જે જગ્યાએ ગાય ખાડામાં પડી ગઈ હતી તે જગ્યા " બ્રહ્મકુંડ બહમકુંડ " તરીકે ઓળખાય છે.

"પુરાણોના ઉલ્લેખ બાદ આ વાતની નોધ પ્રવાસી ચીની મુસાફર હયુ- અને- સાંગ આપી છે. જેમાં કોટેશ્વર બંદરનો નિર્દેશ થયેલ છે. સિંધુના મુખ પાસે મહાર્ણવ ને કાંઠે આશરે પાંચેક માંઈલ ના ઘેરાવામાં આવેલું કહી આ બંદર નું "કાઈત શ ફાયલ" એવું ચીનીમાં અપભ્રશ પામેલું નામ "સ્યુંઆન ચુઆડ" આપે છે. તેમાં પાંચ હાજર સાધુ ઓના એશી મઠો હોવાનું પણ તે લખે છે.

હિંદુ મંદિરોના જયારે વિધર્મીઓ દ્વારા ધ્વસ થઇ રહ્યો હતા તે સમયમાં તેઓએ (૧૨૯૫-૧૩૧૫ અલાઉદીન ખીલજી) કોટેશ્વરના લિંગમાં ખીલા ઠોક્યા હતા તેવી લોકોકિત છે. પણ કોતેશ્વરનો ઈતિહાસ તપાસીએ તો લાગે છે કે કોટેશ્વર પ્રત્યે તે વખતના રાજા મહારાજાઓએ ઘણું સન્માન દાખવ્યું છે રાઓ શ્રી દેશળજી મોટા એ (૧૯૧૮-૧૯૪૧) કોતેશ્વર મહાદેવને મોટો પિત્તળનો પોઠીયો ધરાવ્યો ત્યારે તેમજી મહારાણી મહાકુવારે નીલકંઠ મહાદેવના મંદિરના જીણોદ્ધાર કરાવ્યો.

આ પ્રાચીન શૈવ મંદિર દરિયા કિનારે આવેલું છે. દરેક શૈવ ભક્ત માટે આસ્થા ના પ્રતિક સમાન છે કોટેશ્વર "કોરીનાળ" નું કુદરતી સૌદર્ય સાધકના મનને પ્રફુલ્લિત કરે છે ને શાંતિ આપે છે.

**નાગેશ્વર મહાદેવ:-**

ભુજ જીલ્લાના અંજાર તાલુકાના કુંભારિયા ગામમાં ૨૫૦ વર્ષ જૂનું શૈવ મંદિર આવેલું છે.

"રાયધન પ્રાગમલજી જયારે કચ્છની રાજગાદી પર બિરાજમાન હતા ત્યારે સામંતગીરી નાગાબાવા એ સવંત ૧૭૬૨ માં આ મંદિર બાંધ્યું હતું. આ મંદિર બાંધકામ માટે થયેલ ખોદકામ વખતે હનુમાનજી મૂર્તિ મળી આવી હતી જેની આજે પણ પાતાળીયા હનુમાન તરીકે પૂજા કરવામાં આવે છે. મંદિર સાથે અહી અખંડ ધુના અને ધર્મ શાળા ચાલતા હતા અને તેથી વિશેષ દિવસ ભંડારો કરવામાં આવતો. મંદિર લોક

 ISBN: 978-81-952708-6-6

મુખે સાંભળેલા ચમત્કારી કિસ્સાઓ છે. લોકોએ મુકેલી શરતોને પૂરી કરતા અનેક પરચા મંદિર કે સાધુઓ દ્વારા કરવામાં આવ્યા છે. તૂટેલી દેખાતી છીપર ઉચી કરતા સોના ચાંદીના અસંખ્ય સિક્કાઓ નીકળતા લોકોએ જોયેલા છે.

આમ નાગેશ્વર મહાદેવનું પ્રાચીન પૈરાણિક મંદિર શૈવ ભક્તો માં આસ્થા નું કેન્દ્ર બની રહ્યું છે.

**બીલેશ્વર મહાદેવ:-**

બિલેશ્વર મહાદેવ નું પૈરાણિક મંદિર ગઢશીશાની પાસે રાજપર માં સ્થિત છે માંડવી તાલુકા ના ગઢશીશાથી ૬ કિમી અને ભુજ થી ૪૫ કિમી ના અંતરે આ સુંદર શિવાલય આવેલું છે.

આ મંદિર ની રૂબરૂ મુલાકાત લેતા ત્યાંના મંદિર પુજારી શૈલેશગીરી ગોસ્વામી એ બીલેશ્વર મહાદેવ શિવાલય ના પૈરાણિક ઈતિહાસ જણાવતા કહ્યું કે આ શૈવ મંદિર ૪૦૦ વર્ષથી વધુ પ્રચીન છે. બીલેશ્વર મહાદેવ મંદિર ની બાજુમાં તાલકેશ્વર મહાદેવ નું મંદિર આવેલ છે. જ્યાં ગોવાળ ગામની ગાયો ને ચરાવતા હતા આ દરમિયાન એક ગાય ઘરે જઈનેમાલિકને દૂધ આપતી ન હતી. તેથી ગાયના માલિકે ગોવાળનું ધ્યાન દોર્યું અને તેઓ ગોવાળ સાથે હાલમાં જ્યાં તાલકેશ્વર મહાદેવ નું મંદિર આવેલું છે. ત્યાં ગાય જે એક જુના રાફડા પાસે જઈ અને પોતાનું દૂધ સ્વયમભું રાફડામાં આપતી હતી. આ ઘટના બાદ બીજી એક ઘટના બની કે એક ખેડૂત ખોદકામ કરતા હતા ત્યારે અચાનક તેની કાંસ જમીન માં માતાજીના સિંહને વાગતા આવાજ સંભળાયો ને ત્યાં ખોદકામ કરતા ત્યાંથી ભગવાન શંકર નું શિવલિંગ નીકળ્યું જેને સ્વયભું બિલેશ્વર મહાદેવ એવું નામ આપી સ્થપિત કરવામાં આવ્યું.

શ્રાવણ માસ માં આ મંદિરે ભાવિક ભક્તો ની મોટા પ્રમાણ માં ભીડ દેખાય છે શ્રાવણ તથા શિવરાત્રિમાં આ મંદિરે મેળો ભરાય છે.

**જાગનાથ મહાદેવ:-**

કરછ ના વિવિધ તાલુકાઓમાં પૈરાણિક શૈવ મંદિરો આવેલ છે જેમાં નખત્રાણા તાલુકાના નેત્રા ગામમાં ૪૦૦ વર્ષ જૂનું શૈવ મંદિર ગામની ઓળખ બની રહ્યું છે.

કચ્છના શિવાલયો કરછ ની રાજાશાહી ના ભવ્ય ભુતકાળની યાદ અપાવે છે જેમાં કેટલાક શિવલિંગ ના આગવા ઈતિહાસ રહેલા છે. કેટલાક સ્થાપિત છે તો કેટલાક સ્વયભું શિવલિંગ છે. નેત્રા જાગનાથ મહાદેવ સ્વયભું શિવલિંગ છે.

“જાગનાથ મહાદેવ ના ઈતિહાસ ૪૦૦ વર્ષ પહેલા ના છે હરિદ્વારથી ગોસ્વામી કલ્યાણ ભારથી તેમના નવ શિષ્યો એ નેત્રા માં આવીને મઠની સ્થાપના કરી મઠના અન્નક્ષેત્રના ડેલામાં સ્વયભૂ શિવલિંગ પ્રગટ થયું હતું. જેની કલ્યાણભારથી નિયમિત પૂજા કરતા હતા તેથી તે જાગૃત શિવલિંગ હોવાથી તેનું નામ જાવનાથ મહાદેવ પડયું મહંત કલ્યાણ ભારથી નિયમિત રીતે જાગનાથ મહાદેવની પૂજા કરતા હોવાથી તેમની તપસ્યામાં બધા ન પડે તે હેતુથી બહારના ભાગમાં બીજું શિવલિંગ બનાવવામાં આવ્યું જેનું નામ કલ્યાણેશ્વર મહાદેવ રાખવામાં આવ્યું, જે આજે પણ નેત્રા તેમજ આસપાસ ના ગામમાં પ્રખ્યાત છે. ચારસો વર્ષ પહેલા આવેલા ગુરુ અને તેમના શિષ્ય ગણ નેત્રા માં આવ્યા બાદ થોડા સમય બાદ, ગુરુ કલ્યાણ ભારથી તથા તેમના નવ શિષ્યો સહીત તમામે શીવ મંદિર ના પરિસર માં જ સમાધિ લીધી હતી જે સમાધિ આજે પણ જોવા મળે છે.

**કોટાય:**

કોટાય ભુજથી ખાવડા જવાના રસ્તે ૧૩ કિ.મી થી આગળ જતા ઢોરી ગામ નજીક આવેલ છે. તેના બીજા માર્ગે ભુજથી સુરાલભટ્ટી વાળા રસ્તે નાગોર હબાય ધ્રંગ લોડાઈ થઈને કોટાય જવાય બંને બાજુથી અંતર ૩૫ કિ.મી થાય છે.

 **ISBN: 978-81-952708-6-6**

અણગોર ગઢની અંદર કોટાયનું શૈવ મંદિર આવેલું છે. જે સોલંકી યુગમાં ૯મી સદીમાં બન્યું હોવાનું અનુમાન છે. આ મંદિરની બાંધણી તથા શિલ્પ ખજૂરાહોની યાદ અપાવે છે. આ મંદિરમાં આવેલ રાસમંડળ અને કમળની પાંખડીનું શિલ્પ મનમોહક છે.

આ મંદિર ૯ મી સદીના ભવ્ય કાંતરણી બાંધકામ તથા કલાની  સાક્ષી પૂરે છે.

**કેરા:-**

ભુજ થી ૨૨કિ.મી અંતર કેરા આવેલું છે એતિહાસિક દ્રષ્ટીએ એ કેરા ગામ આગવી વિશેષતા ધરાવે છે.ગામની આજુ બાજુ નો ગઢ લાખા કુલાણી એ ૧૦મી સદી માં બંધાવેલો છે.

લાખા એ કેરા ગામ માં શિવ મંદિર બંધાવ્યુ હતું. એ આજે પણ કેરા ગામમાં ભગ્ન અવસ્થામાં દશ્યમાન થઇ રહયુ છે.લાખા કુલાણી ના જન્મ સવંત ૯૩૬ થી ૧૦૩૫ વચ્ચે થયો હોવાનું મનાય છે તેના પિતાની નામ જામફૂલ અને માતાનું નામ સોનલ હતું જામ લાખો ઉદાર રાજવી હતો તે સવારના પહોરમાં સવાવાલ સોનું દાનમાં આપતા તથા દરરોજ એક કુવો ખોદાવી દાતણ કરવાનો નિયમ હતો.લાખો એક દાનવીર તરીકે પ્રખ્યાત હતો લાખા સમય માં રાણોચાંદ, સતી મારાઈ, વિકીયો દાતાર, જસમા ઓડણ, ડાહી ડુંમરી, સતી મુમલ વગેરે થઇ ગયા લાખાએ પરાક્રમ કરીને હિન્દુસ્તાનમાં પોતાની કીર્તિ ફેલાવી જે નીચે ની ઉકિતમાં ખ્યાલઆવે છે.

" લાખા પૂત્ર સમુદ્રસા ફૂલ ઘરે અવતાર,
પારેવા મોતીચુગે લાખા રે દરબાર,
વાલાણી હીરે જડીસુરત પચાણી,
પશ્ચિમ હિદો પતાશા લાખો ફૂલાણી "

લાખાના વખત ની અમુક કહેવતો આજ પણ પ્રચલિત છે. (૧) લાખે વારા પેડા (૨) જામ લાખાનો પહોર (૩) લાખા લખ પણ ફૂલાણી એ ફેર.

શિવમંદિર :-

લાખા ને સ્થાપત્ય નો બહુ શોખ તેણે કેરા મધ્યે શિવમંદિર બંધાવેલ જે પૂર્વાભિમુખ આવેલ છે. વાસ્તુશાસ્ત્રમુજબ મંદિર સાંધાર એટલેકે પ્રદક્ષિણા પથયુક્ત છે. શૈલીની દ્રષ્ટીએ મંદિર મહા ગુર્જર શૈલી નું છે મંદિર ઉભી જગત પર ઉભું છે રત્નવેદી તથા કીર્તિમુખના તક્ષણથી જગતી મંદિર ગુજરાત ના ઉત્તમ  મંદિરો મા એક સુંદર ઉદાહરણ છે. સમગ્ર મંદિરોનું પ્રમાણ અને શિલ્પો એ અહી સુંદર જુગલબંધી રચી છે શિલ્પીની કળાથી શિખર ગુંજે છે ધારદાર ચૈત્યબારી અને જાલકભાતનું સુંદર અંકન એક થીજી ગયેલ છે યુગલ ગીત સમ ભાસે છે. મંડોવરના ઉત્તમ શિલ્પો મધ્ય પ્રદેશ ના જગ વિખ્યાત ખજૂરાહોના શિલ્પોની સાથે એકજ કક્ષાએ ઉભા રહી શકે તેમ છે.

અત્યારે મંદિર નો ઘણો ભાગ ૧૮૧૯ માં આવેલ ભૂકંપ માં ધરાશયી થયેલ જોવા મળે છે આ મંદિર ના પથ્થરો ગામ માં અન્ય જગ્યા એ થયેલ ચણતર એટલે કે મકાનો, કબરો માં ઉપયોગ થયેલો જોવા મળે છે.

કેરા ગામ માં આવેલ શિવ મંદિર વિશે ઘણા મત ભેદજોવા મળે છે આ મંદિર લાખા એ બંધાવેલ છે એમ માનવા માં આવે છે, તેની પ્લીથ જોતા એવું લાગે છે કે આ મંદિર વિશાળ હશે. મંદિર ની બાજુમાં પડેલ શિવલિંગ ની સાઈઝ જોતા એમ કહી શકાય કે આ જ મૂળ શિવાલય હશે.

આમ કેરા શિવમંદિર સ્થાપત્ય તથા બાંધણીના કારણે ઐતિહાસિક દ્રષ્ટી ખૂબજ મહત્વનું સ્થાન ધરાવે છે.

**સમાપન:**

કરછ એક પ્રાચીન પ્રદેશ છે. કચ્છ માં વિવિધ પ્રાચીન સ્થળે આવેલા છે. જેમાં કરછનાં શૈવ મંદિર પ્રાચીન કલા બાંધકામ કોતરણી તથા ભવ્ય રાજશાહી ની સાક્ષી પૂરે છે. કરછનાં શૈવ મંદિરની જાળવળી ખુબજ જરૂરી બની છે. કેમકે કેટલીક જગ્યા એ આ પૌરાણિક મંદિરોની સ્થિતિ ખુબ ખરાબ હાલતમાં છે.કરછ માં વિવિધ

 ISBN: 978-81-952708-6-6

સ્થળો એ આવેલ શૈવ મંદિરો તેમનો આગવો ઇતિહાસ ધરાવે છે. કેટલાક શૈવ મંદિરો તો રામાયણ તથા મહાભારતકાળ સાથે સંબધ ધરાવે છે શિવમંદિરો બાંધવામાં એક આગની શૈલી નો ઉપયોગ થયેલો જણાય છે તે સમય ના રજવાડા પણ તેમના રાજ્યો માં કે શાસિત વિસ્તારમાં કલાત્મક તથા ભવ્ય શિવમંદિરનું બાંધકામ કરાવતા હતા જેના પુરાવા અત્યારે પણ મળી આવે છે પુએશ્વર , કેરા, કોટેશ્વર ના શિવમંદિરો જોતા તે સમય ના લોકોની આગવી કલા તથા કોઠા સૂઝના દર્શન થાય છે.

**પાદનોંધ :-**

૧. નરેશ અંતાણી, કરછ સમયના દર્પણમાં ગુ.સા.અકાદમી પ્રથમ આવૃત્તિ ૨૦૨૨ પૃ-૩૭
૨. ઉપરાંકત –પૃ-૩૭
૩. ઉપરાંકત – પૃ - ૩૯
૪. પ્રમોદજેઠી કરછ અમીજાપ્રવાસ ગાઈડ પ્રથમ આવૃત્તિ -૨૦૧૦ પૃ – ૨૩ -૨૪
૫. ડો.મીનાક્ષી ઠાકર તીર્થભુમી ગુજરાત નવભારત સાહિત્ય મંદિર દ્વિતીય આવૃત્તિ -૨૦૧૫ પૃ - ૪૯
૬. ઉપરાંકત – પૃ – ૪૯
૭. દિવ્યભાસ્કર કરછ ભાસ્કર તા. ૨૮/૮/૨૦૨૧ – પૃ – ૩
૮. રૂબરૂ મુલાકાત ૬/૩/૨૦૨૨
૯. સંદેશ સમાચારપત્ર . ભુજ કરછ મૈત્રા – ૮/૮/૨૦૧૯
૧૦. પ્રમોદજેઠી, કચ્છ અચીજા પ્રવાસગાઈડ પ્રથમ આવૃત્તિ – ૨૦૧૦ – પૃ – ૩૭
૧૧. નરેશ અંતાણી, કરછ સમય ના દર્પણ માં ગુ.સા.અકાદમી પ્રથમ આવૃત્તિ- ૨૦૨૨ પૃ-૨૬.
૧૨. ઉપરોક્ત - પૃ -૨૭

**સંદર્ભસૂચી:-**


- કરછ સમયના દર્પણમાં
- કરછ અચીજા
- તીર્થભુમી ગુજરાત
- દિવ્યભાસ્કર સમાચારપત્ર
- સંદેશ સમાચારપત્ર



ISBN: 978-81-952708-6-6

# મોટી જતવાડ વારાહીનું ઐતિહાસિક દ્રષ્ટિએ વિહંગાવલોકન

**પટેલ મલ્લિકાબેન ગોવાભાઇ**
**પીએચ.ડી સ્કોલર**
**એચ.એન.જી.યુ. પાટણ**

**પ્રસ્તાવના**

બ્રિટિશ સમયમાં ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં આવેલ વારાહીની સરહદ ઉત્તર તથા પશ્ચિમે સાંતલપુરનું રાજય અને ચાડચટ તાલુકો આવેલો હતો. દક્ષિણે કચ્છનું રણ અને પૂર્વેદિશાએ રાધનપુરનું સલામીરાજય આવેલુ હતું. આ વારાહીનો પ્રદેશ પ્રાચીન સમયથી અસ્તિત્વ ધરાવે છે. તેવા કેટલાક પૂરાવાઓ મળ્યા છે. તેથી આ પ્રદેશ ઉપર અવારનવાર શાસકો બદલાયા હોય તે સ્વભાવિક છે. પરંતુ બ્રિટિશ સમય દરમિયાન વારાહી પ્રદેશ ઉપર જત કોમના મુસ્લિમ શાસકો શાસન કરતા હતા. પરંતુ તેઓ લુટફાટ કરવામાં માહીર હતા તેથી આજુબાજુના પ્રદેશોના શાસકો સાથે ઘણીવાર સઘર્ષમાં ઉતરવું પડતુ તેવા વારાહીના જતોની વિગતવાર માહિતી નીચે પ્રમાણે છે.

## વારાહીની સ્થાપના અને શાસન કર્તાઓ:-

હાલનો વારાહી વિસ્તાર પ્રાચીન સમયમાં ફાગવા તરીકે ઓળખાતો હતો. વારાહીમાં આજે જ્યાં હાઇસ્કુલ છે. તે જગ્યાએ ફાગવા ગામ અસ્તિત્વ ધરાવતું હતુ. આ ગામનો ઇસ્માઇલ સિદ્દીએ નાશ કર્યો હતો. ત્યારપછી આજથી લગભગ ૩૫૦ વર્ષે પહેલા આજનું વારાહી અસ્તિત્વમાં આવ્યું હતું. હાઇસ્કુલના બાંધકામ માટેનું ખોદકામ કરતા જુના ફાગવા ગામનાં અવશેષો રૂપે માટીના વાસણો અનેજ જૂની પાયાની ઇંટોના થર પ્રાપ્ત થયેલ જે જૂના ફાગવા ગામની માન્યતાને દ્રઢ બનાવે છે. પરંતુ અન્ય એક મત આની પૃષ્ટિ કરતો નથી કારણ કે વિશળદેવ નામના રાજાએ વારાહીથી ઉત્તરે આવેલા 'રામલુ' ગામનું તળાવ સંવત ૧૦૧૫ માં ખોદાવ્યું હતું. એવો અહેવાલ પ્રાપ્ત થાય છે. એટલે તે સમયે વારાહીનું અસ્તિત્વ હતુ. વળી વારાહી ગામ શ્રી કૃષ્ણકાળમાં પણ હતું. એવી પ્રસંગ કથાઓ મળી આવે છે. આના ઉપરથી એક તારણ એવું નીકળી શકે કે કદાચ વારાહીની પાસે જ ફાગવા ગામની નાનકડી વસાહત અસ્તિત્વ ધરાવતી હશે. અને પાછળ થી તેનું પતન થયું હશે. અને વારાહી ગામનું અસ્તિત્વ ટકી શક્યુ હશે.

## વારાહી પર જતોનું શાસન:-

## જતોના પૂર્વજો:-

જત કોમ મધ્ય એશિયા અને વાયવ્ય ભારત સુધીના પ્રદેશમાં ઇ.સ. પૂર્વે થી વસેલી કોમ હતી. અને તે પૈકીનો એકભાગ સીરીયાના હલબમાં રહેતો તે ભાગોમાં અમુક લોકો ઇ.સ. ૭૧૧ માં મહમદ બિનકાસિમ સાથે સિંધના વાગા ગામે આવીને વસ્યો અને ઘણો સમય ત્યાં રહ્યો. પરંતુ ઇ.સ. ૧૪૭૨ માં જતો સાથે એક અકલ્પનીય ઘટના બની.

## મૂળીના પરમારો અને જતો:-

જતો અનેક રાજ્યોમાં ગયા પરંતુ તેમને કોઇ રાજ્યએ આશરો આપ્યો નહી તેથી તેઓ અલ્લાહને યાદ કરતા એક જગ્યાએથી બીજી જગ્યાએ ફરતા હતા ત્યાં તેઓ મૂળીના પાદરે આવ્યા ત્યાં મૂળી રાજયના રાજકુમારો રમતો રમતા હતા તેમણે આ કાફલો જોયો પોતાને પાદર કોઇપણ વટે મારગુને વિસામા વગર ન જવા દેવાની આતિથ્ય ભાવનાવાળા પરમારોએ આ કાફલાને ત્યાં થોડો સમય વિશામો કેવા જણાવ્યું. તેથી જતો મૂળીમાં વિશામો લીધો તે સમય દરમિયાન જતોએ તેમની સાથે બનેલ ઘટના મૂળીના રાજ

 **ISBN: 978-81-952708-6-6**

કુંવરોને જણાવી તેથી રાજકુંવરોએ રાજમાતાની આજ્ઞા લઇ જતોને મૂળીમાં જ હંમેશા માટે રોકાવાનું કહ્યું ત્યારે જતોને લાગ્યું કે દુનિયામાં આશરો આપનાર અને ધર્મ પાળનાર રાજપૂતો હજુ પણ જીવે છે. ત્યારબાદ જતો અને પરમારો સાથે રહ્યા. પરંતુ આ વાતની સિંધના સુમરાને થઇ. તેથી તેણે પોતાનું લશ્કર મૂળી કબજે કરવા મોકલ્યું. આ ચડાઇની જાણ મૂળીના પરમારોને થઇ. તેથી તેઓ સુમરાનું લશ્કર આવે તે પહેલા માડવના ડુંગરામાં પોતાના લશ્કર સાથે સુમરાના લશ્કરની રાહ જોવા લાગ્યા.

## સુમરા સાથે યુધ્ધ :-

માંડવ ડુંગરો કિલ્લાનું કામ કરતો હોઇ મૂળી પરમારો અને જતોનું લશ્કર સૂમરાની રાહ જોતા સૂમરાનું લશ્કર આવી પહોચ્યું અને બંને વચ્ચે યુધ્ધની શરૂઆત થઇ. પરંતુ ડુંગર એવા પ્રકારનો હતો કે સુમરાના લશ્કરના માણસો મૃત્યુ પામતા હતા. પરંતુ પરમાર અને જતોના લશ્કરને કંઇ પણ ઇજા થતી નહીં. આમ કરતાં-કરતાં નવેક દિવસ થવા આવ્યાં. તે સમય દરમિયાન પરમાર રાજકુમાર હાલાજીને વેલા નામના વાળંદ સાથે કંઇક બાબતે અણ બનાવ થયેલો તેથી વેલો તેનું વેર વાળવા સુમરા પાસે જઇ તેના પક્ષમાં ભળી ગયો. અને સુમરાને  જણાવ્યુ કે તમારે યુધ્ધ જીતવું હોય તો ડુંગરા પાસે પીવા લાયક એક જ કૂવો છે. તમે તે કૂવામાં ગાય ને મારીને નાખી દેશો તો પરમારો તે પાણી નહીં પીવે અને પાણી વગર યુધ્ધ કેવી રીતે કરશે. તેથી સુમરાએ વાલાના કહેવા અનુસાર તે કૂવામાં એક ગાય ને બદલે બે ગાયો નાખી. સવાર પડ્યું પરમારો પાણી લેવા ગયા તો તેમણે તે જોયુ તેથી તેઓએ જતોને કહ્યુ કે હવે અમારા થી આ પાણી નહી પીવાય. અમે કાલે કેસરિયા કરીશું. ત્યારે જતોએ પણ તેમની સાથે કેસરિયા કરવા તૈયાર થયા. આમ બંને વચ્ચે યુધ્ધ બરાબર જામ્યુ અને તેમા હૈબતખાનનો પુત્ર મરાયો. તેથી તેની વિધવા પત્નીએ સુમરીબાઇને મેણા-ટોણા કહ્યાં. સુમરીબાઇ ત્યાથી છુપાવેશે ચાલી નિકળી. તેની જાણ સુમરાના લશ્કરમાં થઇ. તેથી સુમરો સુમરીની પાછળ ગયો. સુમરીને જોતા તેનો તેઓ રસ્તો રોક્યો. સુમરી સતી હતી તેણે ધરતી માતાને અરજ કરી ધરતી માતાએ જગ્યા અપતા તે ધરતીમા સમાઇ ગઇ. પરંતુ તેની ચુંદડીનો એક છેડો ધરતીની બહાર રહી ગયો. તે જ્ગ્યાએ અત્યારે સુમરી માનું તળાવ અને તળાવની પાળ ઉપર સુમરી માની મઝારસરીફ આવેલ છે.

બીજી બાજુ માંડવ ડુંગરા ઉપર યુધ્ધ ચાલુ હતું તેમા જત સરદાર ઇસોજી અને લખધીરજી ના કાકા આસોજી ઘાયલ થઈ ને પડેલા આ બન્નેના શરીરમાથી લોહી નિકળી રેલાના રૂપે આગળ જતુ હતુ ત્યા ઇસાજી માટીની પાળ બાધતા હતા તેથી લખધીરજીના કાકા આસોજી કહે ભાઇ પાળ ના બાધ ભળવા દે બન્ને લોહીને ભલે તમે મુસ્લિમ હોય પણ આજથી જત પરમાર લોહી ભાઇ ગણાશે આ બનાવના પણ અનેક દોહા પ્રચલિત થઇ આજે પણ ગવાય છે તેમજ આ વાતની સાક્ષી પુરતો રિવાજ આજે પણ આ વિસ્તારમા જત અને પરમારો વચ્ચે ચાલે છે.

## મહંમદ બેગડાને જતોએ કરેલી મદદ

સુમરા ના યુધ્ધ બાદ જતો અને પરમારો મુળીમા એક સંપ થઈ રહેતા હતા. જતોની બહાદુરીની અનેક વાતો અમદાવાદના મહંમદ શાહે જાણી હતી. તેથી મહંમદ શાહે જ્યારે જુનાગઢ અને પાવાગઢ (ચાપાંનેર) પર આક્રમણ કર્યું. ત્યારે આ જતોએ મહંમદશાહને મદદ કરેલી તેથી મહંમદશાહે ખુશ થઈને જતો ને જાલાવાડનો બજાણા તાલુકો બક્ષીસમાં આપ્યો હતો. જતોએ બજાણામાં રહી બાદશાહના મંજુરીથી માંડળ ઉપર હુમલો કરેલો અને માંડળ ને પોતાના હસ્તક કરેલ પરંતુ માંડળમાં વહીવટી ખટપટ ઉભી થતા ત્યા અમદાવાદના મુઘલ હાકેમની ઇતરાજી થઈ મુઘલ હાકેમે માંડળને જત ભાયાતોમા સરખા ભાગે વહેચી દિધુ તે રિતે જોઇએ તો મલેક હૈદરખાનને બજાણા, મલેક લાખાને સીતાપુર અને વળોદ આપ્યા  જ્યારે મલેક ઇશાને વલીવડા આપ્યુ આમ તેમના કુટુંબની ઘણી શાખાઓ પડી ગઈ.


ISBN: 978-81-952708-6-6

**વારાહીની પ્રાપ્તી અને જતોનુ શાસન**

સિંધમાથી આવેલા જતોએ બજાણા અને માડળ ઉપર પોતાનો અધિકાર સ્થાપ્યા બાદ તેમાના મલેકઇશાની નજર વારાહી ઉપર ગઈ. તે સમયે વારાહી રાવણીઓના તાબે હતું. અને આ વારાહી માટે રાવણીઓના સરદાર ગોદડ અને લાખા વચ્ચે ઝઘડો ચાલતો હતો. તેથી આ ઝઘડાનું નિરાકરણ લાવવા ઇશાજીએ બન્નેને બોલાવ્યા બન્ને વચ્ચેની તકરાર સાંભળતા વારાહી તાબેના લુણખાન ગામમાં મલેક લાખા થોડા સમય માટે રહ્યો ત્યારબાદ તે ત્યાથી નિકળી મારવાડ તાબેના ચોરવાઘરના કુવરકતારીમાં નાસી ગયો અને ત્યાં રહ્યો. રાવણીયા વારાહીમાં રહ્યાં તેઓને મેમદાવાદ જાવાનતરી અને આતરનિશ ગામો આપ્યા અને મલેકઇશાજી વારાહીના માલિક બન્યા આમ વારાહી ઉપર જતોનુ શાસન સ્થપાયુ.

જત લોકો હંમેશા ચોરી અને લુટ ના શોખીન હતા. બ્રિટશ શાસન આવ્યા પહેલા તેઓ પ્રખ્યાત લુંટારાઓ તરીકે જાણીતા. અને તેઓ અમદાવાદના કોટ સુધી લુંટ ચલાવતા હતા વારાહી આજુબાજુના શાસકોને હેરાન કરતા અને તેમની પાસેથી જોર-જુલમી કરી પૈસા પડાવતા તેથી આવા શાસકોએ પોતાના વિસ્તારમાં શાતિ જળવાઇ રહે તે માટે કેટલાક રોકડ નાણા અમુક મુદતે આપવાનુ સ્વીકાર્યું હતુ .જેને તે સમયે વૉલહક કહેતા ઇશાની કેટલીક પેઠીએ ઉમરખાન વારાહીમી ગાદિએ આવ્યા. તેમના સમયમાં પણ લુટફાટનો ધંધો ચાલુ હતો તેથી પાડોસના રાધનપુરના શાસક શેરખાન બાબીએ આ લુંટફાટ અટકાવવા પેશ્વા સરકારના હુકમથી ઇ.સ.૧૮૧૨ મા સરદાર ઉમરખાનને હરાવ્યા અને તેમને કેદી કરી રાધનપુર લઈ જવામા આવેલા પરંતુ ઉમરખાન રાધનપુરની કેદમાંથી ભાગી ગયેલા ત્યારપછી નવાબે ઇ.સ.૧૮૧૫ માં તેમને તેની જાગીરમા વારાહીમાં હક આપ્યો. ઇ.સ.૧૮૧૯ મા વારાહી તાલુકામા અંગ્રેજી શાસના સ્થપાતા ઉમરખાને લુંટફાટનો ધંધો છોડી દિધેલો અંગ્રેજ સરકારે ઉમરખાન સાથે ઇ.સ.૧૮૨૦ કરાર કર્યો. તે કરાર રાધનપુરના કરારને મળતા આવે છે. ઇ.સ.૧૮૨૨ માં પોતાના તાલુકા વારાહીમાં અફિણના વાવેતર બંધ કરવાના કરાર કર્યા હતા. જે થરાદ રાજ્યના કરારો ને મળતા આવે છે તેથી તેમને ખંડણીથી મુક્ત કરવામાં આવ્યા હતા.

ઉમરખાન પછી વારાહીમાં શેદાદખાન આવ્યા હતા. તેમના સમયમાં વારાહીમાં શાંતિ હતી કારણકે બ્રિટીશ વહીવટને અનુસરી તેઓને વહીવટ કરવાનો હતો, પરંતુ તેઓ ઇ.સ.૧૮૪૭ માં મૃત્યુ પામ્યા. તેમને ત્રણ વિધાવા પત્નીઓ હતી તેમા બે વિધવાઓએ શેદાદખાનના મરણ પછી ૮ મહિને બાળક ને જન્મ આપ્યો તેથી તેમના નજીક સગાઓએ આના ખરા પણા વિશે તકરાર ઉઠાવી પરંતુ તેઓ પુરવાર કરી શક્યા નહીં. તેથી તેમના મોટા દિકરા ઉમરખાન વારાહીની ગાદીએ આવ્યા અને તેઓની જાગીરનો વહીવટ પોલીટીકલ સુપ્રીન્ટન્ડેન્ટ સાહેબે કર્યો જે ઇ.સ.૧૮૭૩ સુધી રહ્યો હતો. ત્યારબાદ ઉમરખાનને અખત્યાર આપ્યો ઉમરખાન ઇ.સ.૧૮૮૦ મા મરણ પામ્યા અને તેમના પુત્ર જોરાવરખાનજી વારાહીના માલિક બન્યા. પરંતુ તેઓ સગીર વયના હોવાથી ફરી આ જાગીર અંગ્રેજ સરકારના હસ્તક ચાલી ગઈ. મલીક જોરાવરખાનજીએ રાજકોટ રાજકુમાર કોલેજમા કેળવણી લીધી હતી ત્યારબાદ તેઓ વારાહી આવતા વારાહી તેમના હસ્તક આવ્યું. ઇ.સ.૧૮૯૯-૧૯૦૦ માં દુષ્કાળ પડ્યો તે સમયે તેમણે સારી એવી કામગીરી કરી હતી તેથી બ્રિટીશ સરકારે તેમને કૈસરે હિંદનો રૂપાનો ઇલકાબ આપ્યો હતો. તેઓ આખા વારાહી તાલુકાના મુખીનો અધિકાર ધરાવતા હતા.

બીજી વારાહીની અડધી જાગીર મલેક મુરીદખાનનો અધિકાર હતો તેઓ સગીર હોવાથી તેમજ તેમની જાગીરમા દેવુ થવાથી અંગ્રેજ સરાકારે તે જાગીર જપ્તીમાં લીધી હતી. મલેક જોરાવરખાનજી અને મલેક મુરીદખાનજી સિવાય બીજા તાલુકે દારો બિન-અખત્યાર ધરાવતા હતા. જોરાવરખાનને ત્રીજા વર્ગની

 ISBN: 978-81-952708-6-6

સત્તા અને દિવાની દાવા ૨૫૦ સુધીનો સાંભળવાનો અધિકાર આપવામાં આવ્યો હતો અને જ્યારે ઇ.સ.૧૯૪૭ મા આઝાદી મળી ત્યારે આ રાજ્યને ભારત સંઘ સાથે જોડવામા આવ્યું.

સારાંશ

પ્રાચીન સમયથી અસ્તિત્વ ધરાવતા આ વિસ્તાર પર અવાર-નવાર અનેક જ્ઞાતિઓ આવી અને ગઈ પરંતુ સ્થાઈ કોઇ શાસન રહ્યુ હોય તો તે જતોનુ હતું. આ જતો મહંમદ કાસીમ આથે આવી સિંધમા લાંબો સમય રહી સિંધના રાજા સાથે અણબનાવ બનતા તેઓ ત્યાંથી નિકળી અનેક પ્રદેશો ફરતા ફરતા અમદાવાદ મહંમદ બેગડાની નજરમા આવતા તેમને એક સ્થાઈ પ્રદેશ મળ્યો. તેઓ લુંટફાટ અને ચોરી કરવામાં માહેર હતા. તેમનાથી લોકો કંટાળી વૉલહક આપવા પણ તૈયાર થયેલા તેમનાથી કંટાળી રાધનપુરના શેરખાને પેશ્વાની મદદ લઈ જતોની શાન ઠેકાણે લાવવાં આ પ્રદેશ પર આક્રમણ કરી તેના શાસક ઉમરખાનને કેદ કરેલા અને ત્યારથી આ જતોનુ શાસન શાંતિ પુર્ણ રહ્યુ. અને તેમનુ રાજ્ય ઉતરોતર પ્રગતી સાધવા લાગેલુ પ્રજા પણ શાંતિનો અનુભવ કરવા લાગી હતી બ્રિટીશ સરકારતો તેમના શાસક જોરાવરખાનના કાર્યોથી એટલી ખુશ થયેલી કે જોરાવરખાનને કૈસરે હિંદનો ઇલકાબ આપેલો આમ જોવા જઈએ તો લુંટ્ફાટ અનેચોરીનો ધંધો કરતા શાસકો પ્રજા કલ્યાણકારી બની ગયેલા.

સંદર્ભસૂચી

1. શાસ્ત્રીય હરિપ્રસાદ અને પરીખ પ્રવિણચંદ્ર, (સંપાદકો), 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' ગ્રંથ -૮, (બ્રિટિશકાળ) ભો.જે. અધ્યયન સંશોધન વિદ્યાભવન, અમદાવાદ ઇ.સ. ૧૯૮૪,
2. માસ્તર ફરામરોજ સોરાબજી, 'પાલનપુર એજન્સીની ડિરેક્ટરી', ભાગ-૧, પ્રજાબંધુ પ્રિન્ટિગ વર્કસ, અમદાવાદ, ઇ.સ. ૧૯૦૮
3. Jorawarkhan, his Excellency the right Honorable, ‘ The Earl Of Willing don’, Governor general of India in council, Delhi
4. No 1193 Palanpur 25 February 1909

 ISBN: 978-81-952708-6-6

# ઉત્તર ગુજરાતના રણવિસ્તારનો જળવારસો : બંધારણ અને વ્યવસ્થાપન

**પટેલ ભેમજીભાઈ રગનાથભાઈ**
પી.એચ.ડી.રિસર્ચ સ્કૉલર- ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ

**પ્રસ્તાવના:**

ભારત સાંસ્કૃતિક, શિલ્પ સ્થાપત્ય,કલા,સાહિત્ય, અદ્વિતીય અને અજાણ્યા સ્મારકો,પુરાતત્વ સ્થળો,જળ સ્રોતો, મેળાઓ,જેવા અજોડ અને ભવ્ય વારસો ધરાવતો પ્રદેશ છે. આ ભવ્ય વારસાને સાચવવો જાળવવો તેનું મહત્વ અને ઉપયોગિતા જાણવી આજના દરેક ભારતીયનું કર્તવ્ય છે. ભારતીય કલા અને સ્થાપત્ય ના કેટલાક નમુનાઓ આપની તેના પ્રત્યેની જાગ્રતતા ન હોવાના લીધે અથવા કુદરતી તેમજ માનવસર્જિત પ્રતિકૂળ અસરોને લીધે નષ્ટ થઈ રહી છે. બેનમૂન ભવ્ય વારસો દેશના લોકોને ગૌરવ અપાવે છે. માટે દરેકે હકારાત્મક દ્રષ્ટિકોણ કેળવી વારસાનું જતાં કરવું આપની ફરજ છે. આવનારી પેઢી આપણા પૂર્વજોએ કરેલા ગૌરવપૂર્ણ કાર્યોનું મહત્વ જાણે અને સમજે તેવા આપણે પ્રયાસો કરવા જોઈએ.

આપણો દેશ અનેક વિવિદ્યતાઓ ધરાવતો દેશ છે. આપની ભૌગોલિક રચના માં ખૂબ જ વિશેષતા જોવા મળે છે. ઊંચા પર્વતો થી માંડી મેદાનો, ઉચ્ચપ્રદેશો અને રણપ્રદેશો જેવી વિષમતા જોવા મળે છે. હું એક એવા પ્રદેશની વાત કરવા જઇ રહ્યો છુ એ ભારતના પશ્ચિમ ભાગમાં રાજસ્થાન ની દક્ષિણે આવેલા સૂકો અને નહિવત વરસાદ ધરાવતો ઉત્તર ગુજરાતનો રણ પ્રદેશ છે. જેને આનર્ત પ્રદેશ તરીકે પણ ઓળખવામાં આવતો હતો. આ પ્રદેશ સપાટ રેતીનું મેદાન છે. તેમજ છૂટીછવાઈ નાની ઝાડી ધરાવતો પ્રદેશ છે. કચ્છના મીઠા વાળા રણપ્રદેશ અને રાજસ્થાનના રેતી વાળા રણપ્રદેશના સંગમ સ્થળ તરીકે રહેલો છે.

આ રણપ્રદેશ એકદમ શુષ્ક પ્રદેશ છે. માનવી વર્ષોથી માત્ર વરસાદી પાણી પર આધાર રાખી જીવતો આવ્યો છે. વરસાદી પાણીનો સંગ્રહ કરી તેનો આખું વર્ષ ઉપયોગ કરવા અવનવી પધ્ધતિઓ અપનાવી છે. વરસાદી પાણી નો સંગ્રહ તળાવ, કૂવા,વાવ જેવા પરંપરાગત જળસ્રોતો દ્વારા થયો છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને પાટણ જિલ્લાઓ માં રણપ્રદેશ માં દરેક ગામડાંનો વસવાટ પાણીના મુખ્ય સ્રોત તળાવ ની બાજુમાં છે. આ રણપ્રદેશની રૂબરૂ મુલાકાત લેતા જોવા અને જાણવા મળ્યું કે પાણી માટે લોકોએ જે હાડમારીઓ વેઠી છે તેની કહાણી જ ભારતના ભવ્ય વારસાનો એક નમૂનો ગણાવી શકાય. આ રણપ્રદેશમાં આવેલા વિવિધ પરંપરાગત જળસ્રોતો તેમનું સ્થાપત્ય તેમજ તેની ઉપયોગિતા અને મહત્વ વિષે હું આપની સમક્ષ રજૂ કરું છુ.

**આપણો વિસરાયેલો જળવારસો :**

વિશ્વની પ્રાચીન સંસ્કૃતિઓ નદી કાંઠે જ વિકસી છે. જે આપણે ધોળાવીરા જેવા પુરાતત્વ સ્થળો ના અભ્યાસથી જાણવા મળે છે. માનવી ભૌગોલિક પરિપેક્ષ્ય ને ધ્યાનમાં રાખી જળ વ્યવસ્થાપન અને સરંક્ષણ કરે છે. અહી આપણેપરંપરાગત જળસ્રોતો તળાવ,કૂવા,વાવ અને વીરડા વિષે સમજ મેળવીશું.

**તળાવ :**

ગામનું ચિત્ર દોરવાનું હોય ત્યારે ગામના પાદરમાં સુંદર મઝાનું તળાવનું દ્રશ્ય દેખાય છે. મારાસંશોધન ક્ષેત્ર ઉત્તર ગુજરાતનાં બધાજ ગામો અને શહેરો ની મુલાકત કરતાં એક અથવા બે તળાવો જોવા મળ્યા છે. એમાંથી ઘણાં બધા તળાવો નમૂના પૂરતા જ રહ્યા છે. આ તળાવો ગામની શોભય જ નહોતી,ગામની જળવ્યવસ્થાના આધારો હતા. લોકોનું જીવન વરસાદ આધારિત હતું. અને આ તળાવો વરસાદી પાણીનો ભરપૂર સંગ્રહ સ્થાનો હતા. આ તળાવોમાં ફાગણ (માર્ચ) મહિના સુધી પાણી રહે છે. ઉત્તર ગુજરાતના આ રણવિસ્તારને તળાવોનો પ્રદેશ કહેવામાં જરા અતિશ્યોક્તિ નથી. કેટલાય ગામો એવા છે જેની ચારેબાજુ તળાવો આવેલા છે. જે ગામને પીવામાટે પાણી પૂરું પાડે છે. ગામની વસ્તી ના પ્રમાણમાં તળાવોની સંખ્યા


ISBN: 978-81-952708-6-6

અને આકાર પણ જોવા મળ્યો છે. કેટલાક તળાવો એવા પણ હતા જે બારેમાસ પાણી થી ભરાયેલા રહેતા હતા.

તળાવોનું સ્થાન એવા સ્થાને હોય છે કે સીમનું પાણી વહીને તળાવમાં જ આવે. ઉત્તર ગુજરાતની ભૌગોલિક પરિસ્થિતિ મુજબ પાણીનું વહેણ પૂર્વથી પશ્ચિમ તરફનું છે. જેથી તમામ તળાવોના મુખ પૂર્વ તરફ જ રહે છે.તળાવની ચારેબાજુ માટીના ઊંચા પાળા બનાવી વધુને વધુ પાણીનો સંગ્રહ થાય એ મુજબ તેનો આકાર બનાવી અને બાંધકામ કરવામાં આવતું હતું. ગામ લોકો દ્વારા તળાવને ચોમાસાની ઋતુ પહેલાં ઊંડું કરવામાં આવતું. તેમજ સાફસફાઇ કરવામાં આવતી હતી. તળાવના મુખ પાસેની નીક પણ સરખી કરવામાં આવતી. તળાવોનું ખોદકામ ‘ઓડ’ જાતિના લોકો દ્વારા કરવામાં આવતું હતું. જેઓ તળાવની માટી ખોદીને ગાડામાં ભરી ભરી લાવી લોકોના ઘરોનું ચણતર કરવામાં આવતું હતું.

કેટલાક ગામોમાં અષાઢ સુદ બીજ ની તિથી એ ગામના લોકો ભેગા મળી તળાવના કિનારે જઈ જળ દેવતાનું આહવાન કરી પૂજા કરવામાં આવતી અને પછી ગામ તરફ ચાલતા તેતર નામના પક્ષી બોલવા પર વરસાદની આગાહીઓ કરવામાં આવતી હતી. તેમજ ચોમાસું કેવું રહેશે કેટલો વરસાદ પડશે,કેટલું અને કયું અનાજ સારું થશે તેના વારતારા કાઢવામાં આવતા હતા. રાધનપુરનું તળાવ,ભાભરનુંતળાવ,સમીનુંતળાવ,ઉપરાંતઢીમાનું માદળું તળાવ,પાડણ,ભાટવર,માડકા,નારોલી,ડોડગામ જેવા અનેક તળાવો બારેમાસ પાણી ભરાયેલું રહે છે. અંગ્રેજ સરકાર દ્વારા આ પ્રદેશમાં તળાવો ને ઊંડા કરવા તેની મરામત કરાવાનો ઉલ્લેખ જોવા મળે છે.

**કુવાઓ:**

તળાવોમાં રહેલું વરસાદનું પાણી માર્ચ મહિના સુધીમાં ખાલી થઈ જાય છે. ત્યારે તળાવના તળિયે અથવા કિનારા ઉપર કૂવાઓ બનાવવામાં આવ્યા છે. જેમાં જમીનમાં ઉતરેલું વરસાદી પાણી ભૂગર્ભજળ કુવાઓ દ્વારા પાછુ મેળવવામાં આવે છે. ભૂગર્ભજળની સપાટી કૂવાના તળિયા સુધી આવી જતા પાણીની આવક થતી હોય છે. આવા કૂવાઓને ગામ કૂવા અથવા સાર્વજનિક કુવાઓ તરીકે ઓળખવામાં આવે છે. ગામની વસ્તી મુજબ તળાવોમાં કૂવાની સંખ્યા હોય છે. કેટલીક ક્ષારવાળી જમીનમાં પાણીની ભૂગર્ભજળ સપાટી ખૂબ જ ઉપર જોવા મળી છે.

તળાવની માટી દ્વારા જમીનમાં ઉતરેલું પાણી ગળાઇને કૂવા વાટે પાછું મળે છે. કૂવાનો આકાર મહદઅંશે ગોળ જ જોવા મળે છે. કૂવો ઉપરથી પહોળો અને ઊંડે જતા સાંકડો થતો જાય છે. આકાર પરથી લોકોની ઈજનેરી જ્ઞાન ની જાણકારી મળે છે. કૂવામાંથી પાણીને ડોલ અથવા અન્ય વાસણો થી સીંચીને બહાર કાઢવામાં આવતું. અમુક સમય ગાળામાં બળદોને જોડી કોહ બાંધી પાણી બહાર કાઢવામાં આવતું હતું. કૂવા ઉપર ચાકડો ગોઠવી તેના પર રસ્સી બાંધી બળદ જોડી પાણી બહાર લવાતું હતું. અંગ્રેજ શાસન દરમિયાન કૂવા પરના આ ચાકડા ઉપર વેરો લેવાતો હતો જેને ચાકડાવેરો કહેવામાં આવતો હતો એવો ઉલ્લેખ મળે છે.

કૂવાઓના નિરીક્ષણ કરતાં જાણવા મળે છે કે ૧૩ મી ૧૪ મી સદીમાં કૂવાઓનું નિર્માણ વધુ થયેલું જોવા મળેલ છે. જે બાંધકામ મોટા મોટા પથ્થરો થી થયું છે. ૧૫મી થી ૧૭મી સદીમાં લાલ પથ્થર થી બાંધકામ થયું છે. ૧૮ મી અને ૧૯ મી સદીમાં કૂવાઓનું બાંધકામ ઈંટો થી થયેલું જોવા મળે છે. મુજપુર ગામે લોટેશ્વર મહાદેવના મંદિરની બાજુમાં અજાવલ કૂવો બાંધેલો છે. જે હાલ પણ પાણી થી ભરેલો છે. ભાટવર,જેલાણા તેમજ પાડણ ગામે તળાવમાં ૬ કૂવાઓ આવેલા છે. કરબુણ ગામે આવેલા સાર્વજનિક કૂવા નું પાણી અત્યારે પણ ગામલોકો પીવા માટે ઉપયોગ કરે છે. ઇ. સ. ૧૯૦૦ થી ૧૯૦૨ માં દુષ્કાળની પરિસ્થિતિ સમયે ઘણા પાકા કૂવાઓ બાંધવામાં આવ્યા હતા.


ISBN: 978-81-952708-6-6

**વીરડો:**

ઉનાળાની શરૂઆત થતાં તળાવોનું પાણી સુકાઈ જાય છે ત્યારે તળાવના તળિયામાં ખાડા ખોદવામાં આવે છે. આ તળાવોમાં કુદરતી ઝરાઓ નથી પણ વરસાદનું જમા થયેલું ભૂગર્ભજળ કેશાકર્ષણ ના લીધે આ ખાડાઓમાં જમા થાય છે. જેને વીરડા તરીકે ઓળખવામાં આવે છે. આ વીરડા કચ્છ અને ઉત્તર ગુજરાતના રણવિસ્તારના માલધારી લોકોના વરસાદી પાણીના સંગ્રહ ના વર્ષો જૂના જ્ઞાનનું પ્રતિક છે. જ્યાં ચોમાસામાં વરસાદી પાણીના વહેણ હોય છે ત્યાં નીચાણ વાળા ભાગમાં છીછરા ખાડા ખોડવાથી પાણી થી આવા ખાડાઓ ભરાઈ જાય છે. રણપ્રદેશમાં તળિયામાં પાણી ખારું હોય છે પરંતુ નીચેના ખારા પાણી અને વરસાદના પાણીમાં ઘનતાનો તફાવત હોવાથી જમીનના ઉપરના ભાગે મીઠું પાણી જળવાઈ રહે છે. જે વીરડા ખોદતાં સહેલાઈથી મળી આવે છે. વીરડાનું એક જાણીતું ગીત પણ ગવાય છે..

વેળુમાં વીરડો ગાળતી તી રે...
ઘેલી ઘેલી હો રબારણ ..
ખોબલે પાણી પાવતી તી રે..
ઘેલી ઘેલી હો રબારણ ..

**વાવ:**

જીવનજરૂરિયાત મુજબ જળ મેળવવા માટે પરંપરાગત રીતે સુંદર વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. ભૂગર્ભજળ મેળવવા જમીનની અંદર ૧૨ કે ૧૫ ફૂટ ખાડો ખોદવો પડે ત્યારે પાણી મળે. આવા ખાડા ફૂવા કહેવામાં આવે છે. ફૂવા માંથી પાણી સીંચીને કાઢવું પડે છે. પરંતુ કેટલાક ફૂવાઓ માં પાણી સુધી પહોંચવા પગથિયાં બનાવેલા હોય છે જેને વાવ કહેવામાં આવે છે. ગુજરાતના જળવારસામાં વાવનું અનેરું મહત્વ છે. વાવ નું મહત્વ પાણી મેળવવા ઉપરાંત ધાર્મિક રીતરીવાજો માં પણ ખૂબ જ રહેલું છે. રાજાઓ પ્રજાકલ્યાણ ના કાર્યો માં વાવનું બાંધકામ કરી સંતોષ લેતા . વાવના કિનારે ધાર્મિક ક્રિયાકાંડ પણ કરવામાં આવે છે. મુસાફરો કે લશ્કરી કાફલાઓ પણ વાવના કાંઠે પડાવ લઇ આરામ કરી આગળ વધતાં.

વાવ ના દરેક પગથિયે સુંદર કોતરણી કરી દેવી દેવતાઓ ના ઉત્તમ કલાત્મક નમુનાઓ જોવા મળે છે. ૧૮ મી કે ૧૯ મી સદી સુધી વાવનું બાંધકામ થયું છે. અંગ્રેજ શાસનમાં જળ વ્યવસ્થાનું માળખું બદલાતા કોઈ વાવનું બાંધકામ થયું નથી. તેમજ આવી કેટલીય વાવો ને માટીથી પૂરી દેવવામાં આવેલ છે. ઉત્તર ગુજરાતમાં વાવ નું પ્રમાણ ખૂબ જ છે. વિશ્વ વિરાસત એવી પાટણની રાણીની વાવ સ્થાપત્ય અને કલાનો ઉત્કૃષ્ઠ નમૂનો ગણાવી શકાય છે. આ ઉપરાંત ગોલગામની વાવ, ઢીમાની વાવ,ટડાવની વાવ,આવેલી છે.

**માનવીના લોકજીવનમાં જળ:**

જળ માનવીના આર્થિક જીવનના પણ જોડાયેલું છે. રણપ્રદેશ માં વાર્ષિક સરેરાશ વરસાદ ૨૦ થી ૪૦ સે. મી. જેટલો જ પડે છે. ખેતી તેમજ આર્થિક ઉપાર્જન નો આધાર માત્ર વરસાદ જ રહેછે. માત્ર ખરીફ પાક જ લેવવે છે. તેમજ આ પ્રદેશમાં દે ત્રીજા વર્ષે દુષ્કાળની પરિસ્થિતિ હોય છે. જેથી લોકો સંગહ વૃતિ વાળ જોવા મળે છે. અનાજનો સંગ્રહ કરવો. પશુઓ માટે ઘાસચારાનો ખૂબ જ સંગ્રહ કરી રાખતા હતા. અનાજ રાખવા માટે સુંદર કલાત્મક કોતરણી વાળી માટીની કોઠીઓ બનાવી તેમ ભારત હતા. સમાજજીવનમાં પણ જળ એકરાર થયેલું છે. વરસાદની આતુરતાથી રાહ જોવી, ધાર્મિક પૂજાપાઠ કરવા,તળાવ ફૂવા,વાવ ની પૂજા કરવી. વરસાદ ખેચાય ત્યારે ગામની નાની કુંવારી કન્યાઓ માથા ઉપર માટીમાંથી બનાવેલા જળ દેવતાની મૂર્તિ મૂકી ઘરે ઘરે ફી ગીતો ગાતી અને જલાભિષેક કરવાની પરંપરા હતી. અને ગીત ગાતી..

ઢૂંઢીયા બાપજી મે વરહાવો..

 ISBN: 978-81-952708-6-6

સુપડે સૂંડલે મે વરહાવો..
પાણી ગયાતા રે બેની અમે તળાવ કિનારે ..
પાળેથી લપસ્યો પગ,બેડાં મારાં નંદવાણા રે..
રામે સરોવર ખોદિયાને લખમણ બાંધે પાળ..
હો રાજ રે.. વાવડીના પાણી ભરવા ગયાતા મને કેડ કાંટો વાગ્યો..
ટોડાળી વાવ છે નજુ,ટોડાળી વાવના પાણી ભાંભળા..
ગઢ બિચારી ગામડી, સલ્લુ મોટું શહેર,બસુ બિચારું શું કરે જેનું પાણી ખારું ઝેર..

આવા તો અનેક ગીતો જળ સાથે લોકના જીભે ગવાય છે. રણપ્રદેશમાં લોકોના રહેઠાણ પણ સેગરતાની ઝુંપડી અથવા કૂબો જ હોય છે. ખારાશનું પ્રમાણ ખૂબ જ હોવાથી ઉનાળામાં પવનમાં ઊડતી રેતી થી શરીર પર પણ ખારાશ ચોંટી જાય છે.

**સંદર્ભ સૂચિ:**

1. મિશ્ર અનુપમ ,આજ ભી ખરે હૈ તાલાબ,પ્રભાત પેપરબૈકસ દિલ્હી,પ્રથમ આવૃતિ,૨૦૨૦.
2. ડૉ. મીના કુમારી,થાર મરૂસ્થલ કા પરંપરાગત જલ પ્રબંધન,પ્રભાત પ્રકાશન,દિલ્હી,૨૦૨૦.
3. શુક્લ દિનેશ (અનુવાદક),આપણા જળસ્રોતો,નેશનલ બૂક ટ્રસ્ટ દિલ્હી,૨૦૧૯.
4. ઠાકુર કેશવકુમાર(અનુવાદક)પશ્ચિમ ભારત કઈ યાત્રા,રાધા પબ્લિકેશન્સ દિલ્હી,૨૦૧૦,
5. બી. એ. માસ્ટર ફરામરોજ સોરાબજી,પાલનપુર એજન્સી ડિરેક્ટરી વોલ્યુમ-૧ પ્રજબંધુ પ્રિન્ટિંગ અમદાવાદ, ૧૯૦૮
6. બી. એ. માસ્ટર ફરામરોજ સોરાબજી,પાલનપુર એજન્સી ડિરેક્ટરી વોલ્યુમ-૪ ધી મોદી પ્રિન્ટિંગ રાજકોટ, ૧૯૧૯.
7. ઠાકર સુરેન,ભમરિયા કૂવાને કાંઠે,ઇમેજ પબ્લિકેશન્સ અમદાવાદ,પ્રથમ આવૃતિ,૨૦૦૧.
8. રૂબરૂ મુલાકાત,પાડણ ગામ,૨૫/૧૨/૨૦૨૦.
9. રૂબરૂ મુલાકાત,કરબુણ ગામ,૧૩/૦૧/૨૦૨૧.


ISBN: 978-81-952708-6-6

# "ભારતીય ઇતિહાસમાં ભક્તિ આંદોલન અને વૈષ્ણવ આચાર્યોનું પ્રદાન"

**ડો.રાજેશ એન.ડાભી**
**આસિસ્ટન્ટ પ્રોફેસર; શ્રી કિશનદાસ કિકાણી**
**આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,ધંધુકા.**

**ડો .સરોજ પી.પોંકિયા**
**(પી.ટી.સી.,એમ.એ., પીએચ.ડી.)**

**પ્રસ્તાવના:-**

ભારતમાં સંસ્કૃતિનું નિર્માણ પ્રાચીન પાષાણ યુગ શરૂ થયું છે.ભારતીય સંસ્કૃતિનો ઇતિહાસ ઋગ્વેદથી સિલસિલાબંધ પ્રાપ્ત થાય છે.ભારતીય સંસ્કૃતિનું વાસ્તવિક નિર્માણ વૈદિક સમયથી ઋષિઓના હાથે થયું હતું.વેદો એ જગતનું પ્રાચીનતમ સાહિત્ય છે.વેદિક સમયે અનેક સાહિત્યની રચના થઈ તેમજ ધાર્મિક દ્રષ્ટિએ ખૂબ વિકાસ થયો હતો.ગુપ્ત સમ્રાટના સમયમાં ઉત્તર ભારતમાં વૈષ્ણવ ધર્મનો વ્યાપક ફેલાવો થવા લાગ્યો હતો.

ઈ.સ.ની સાતમી -આઠમી સદીમાં વાસુદેવની પૂજાનો પ્રસાર દક્ષિણ ભારતમાં પણ થવા લાગ્યો હતો.અલવાર નામના પ્રસિદ્ધ સંતોએ વૈષ્ણવ ધર્મભક્તિ તત્વ અને ખૂબ જ મહત્વ આપ્યો હતું તેના પરિણામે અલવાર સંતો દ્વારા શરૂ થયેલી ભક્તિ નો રસ પ્રજામાં ખુબ લોકપ્રીય બન્યો હતો. વળી ભારતીય અનેક રાજવંશો માં ગઢવાલવંશ,ચંદેલવંશ, સેનવંશ, પરમાર વંશના રાજવીઓએ વૈષ્ણવ ધર્મના પ્રચાર-પ્રસારમાં વિશેષ રસ રૂચિ દાખવી હતી.(૧) અને નોંધપાત્ર ફાળો આપ્યો હતો.

**ભક્તિ આંદોલન:-**

ભક્તિનો મહિમા મહાભારત ગીતા તેમજ ભાગવત પુરાણમાં પણ તેના મહત્વની માહિતી પ્રાપ્ત થાય છે.દેવર્ષિ નારદ ભક્તિની લાક્ષણિકતા બતાવતા કહે છે કે....ઈશ્વર પ્રત્યે અતૂટ શ્રદ્ધા જ વાસ્તવિક ભક્તિ છે.ભારતમાં ભક્તિની પ્રાચીનતાને દક્ષિણના વૈષ્ણવ ભક્તોની દેન ને બદલે બદલે દ્રવિડો ની દેન માને છે.ટૂંકમાં, ભક્તિભાવમાં શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચના, વંદના, દાસ અથવા સખાભાવ તેમજ ગુરુની સેવા અને ભગવાનની સ્તુતિ તેનો મુખ્ય આધાર રહ્યો છે.

ભક્તિમાર્ગને શ્રેષ્ઠ માર્ગ ગણવામાં આવ્યા છે.તેનો વિકાસ ગુપ્તયુગ થી શરૂ થાય છે.ઈ.સ.૧૨૦૬ થી દિલ્હી સલ્તનતની સ્થાપના સુધી મુસલમાનોના આક્રમણએ ભારતીય ધર્મ અને સંસ્કૃતિ અને ગંભીર પડકાર ફેંક્યો.મુસ્લિમ આક્રમણો અને મંદિરોને નષ્ટ અને ભ્રષ્ટ કર્યા વળી ગુજરાતમાં આવેલા સોમનાથ મંદિરને પણ મહંમદ ગઝનીએ ધ્વંસ કર્યું હતું.સાથે -સાથે હિન્દુ ધર્મનું અપમાન પણ કર્યું.આ બધી ઘટના પછી હિંદુ સમાજમાં નિરાશા વ્યાપી ગઈ. ચારે તરફ ધાર્મિક અંધાધૂંધી છવાઈ ગઈ. યોગીઓના કહેવાતા ચમત્કારો પણ સમસ્યાનું સમાધાન કરી શક્યા નહીં.આવા સમયે એક જ માત્ર ભક્તિ આંદોલન જ આશાનું કિરણ બની રહ્યો.ભક્તિ આંદોલનને વિશેષ રૂપમાં વેગવંતુ કરવાનું કાર્ય શંકર, યમુનાચાર્ય,નાથ મુનિ, રામાનુજ, વલ્લભાચાર્ય, ચેતન્ય મહાપ્રભુ,રામાનંદ જેવા અનેક આચાર્ય અને સંતોએ પૂર્ણ કર્યું હતું.(૨)

- ભક્તિ આંદોલનના ઉદય માટેના કારણો : ભારતમાં ભક્તિ આંદોલન થવા માટે ધાર્મિક સામાજિક રાજકીય અને ત્રણેય પ્રકારના કારણો જવાબદાર હતાં જે આ પ્રમાણે છે.
- હિન્દુ ધર્મનું જટિલ સ્વરૂપ : હિન્દુ ધર્મમાં કર્મકાંડ પૂજા-પાઠ ઉપવાસ વગેરે પર ભાર મૂકવામાં આવતો હતો.જેનાથી સામાન્ય લોકો આ પ્રકારની રીતથી કંટાળી ગયા હતા.અને તેઓ આમાં પરિવર્તન ઈચ્છતા હતા.તે સમયે ભક્તિ આંદોલનમાં થતાં લોકોમાં ઉત્સાહ જાગ્યો અને ભક્તિ જ એક એવો માર્ગ હતો કે જેનાથી આધ્યાત્મિક શાંતિ મળી શકતી હતી.


**ISBN: 978-81-952708-6-6**

- ઈસ્લામની અસર : સલ્તનત યુગ સમયે હિંદુ સંસ્કૃતિ પોતાની પ્રાચીન પરંપરાનું સંયોજન કરીને ઇસ્લામ સામે અસ્તિત્વની લડાઈ લડી હતી.તે જ સમયે મુસ્લિમ સંસ્કૃતિ તેની તમામ તાકાત સાથે હિંદુ ધર્મ પર તૂટી પડી હતી.જેનાથી બંને કોમ વચ્ચે તિરસ્કારની ભાવના જન્મી હતી.આમાંથી મુક્ત થવા માટે સમાનતાના આધારે વિશેષ પ્રકારની સંસ્કૃતિની શરૂઆત થઈ.(૩)કે જેનો હિન્દુઓ અને મુસલમાનો બંનેએ આવકારી જે અત્યંત મહત્વનું ગણાય છે.
- મંત્ર-તંત્રની જટિલતા : વ્રજયાન શાખામાં મંત્ર-તંત્ર નો ઉપયોગ વધ્યો હતો.જેનાથી ભ્રષ્ટાચારનો જન્મ થયો.સામાન્ય માણસ આવા આડંબરો થી કંટાળી જતી તેઓ ભુવા ભરાડી કે મંત્ર-તંત્રમાં તેણે શ્રદ્ધા ન રહી હતી.હવે લોકો મનની ચોખ્ખાઈ પર વિશેષ ભાર મૂકતા થયા હતા.જે ભક્તિ આંદોલન દ્વારા લોકોને પ્રાપ્ત થવાનો હતો.તેથી લોકો ભક્તિમાર્ગને અપનાવી લીધો.
- સામાજિક કારણો : ભક્તિ આંદોલનમાં જ્ઞાતિપ્રથા અને ઊંચ-નીચના ભેદભાવનો વિરોધ થયો.સમાજમાં જ્ઞાતિપ્રથાના કારણે ઊંચ-નીચના ભેદભાવ પ્રવર્તતા હતા.નીચલા વર્ગની હાલત ખુબજ દયનીય હતી.તેથી નીચલા વર્ગના લોકો આ બાબતોથી કંટાળીને સમાનતાના પાયા પર રચાયેલા ઇસ્લામને સમજીને લોકો મુસલમાન થવા લાગ્યા હતા.આવા સમયે ભક્તિ આંદોલન થતા લોકો ભક્તિ તરફ વળ્યા જેના કારણે હિંદુ ધર્મ ટકી રહ્યો અને ભક્તિનો મહિમા વધ્યો.
- રાજકીય કારણો : છઠ્ઠી સદીથી ભારત પર વિદેશી જાતિઓના આક્રમણ કરતી આવી છે.રાજપૂત યુગની શરૂઆતમાં તો સામાન્ય જનતાને શાસનમાં કોઈપણ પ્રકારનો રસ રહ્યો ન હતો.પરંતુ હિન્દુઓની નજર સામે જ તેમના દેવાલય તોડી નાખવામાં આવતા છતાં તેઓ કંઈ કરી શકે તેમ ન હતા.મુસલમાનોના આવા ધાર્મિક અત્યાચારોથી પોતાને અલગ રાખવાનો માર્ગ તેમની ભક્તિ આંદોલનમાં જ દેખાયો.(૪) તેથી ભક્તિ આંદોલનના માધ્યમ દ્વારા હિન્દુઓમાં ફરીથી આશાનો સંચાર અને ઈશ્વર પ્રત્યે ભક્તિનો મંત્ર ફૂંકવાની જરૂરિયાત ઊભી થઈ હતી.
- ભક્તિમાર્ગના સિદ્ધાંતો :
  - ભક્તિમાર્ગ વિશ્વ બંધુત્વ અને સમાનતાના સિદ્ધાંત પર રચાયેલો હતો.
  - ભક્તિમાર્ગના આચાર્યો, સંતોએ વર્ણ,જાતિ, લિંગ,ધર્મના ભેદભાવ રાખ્યા વિના પ્રાણીમાત્રની એકતા પર ભાર મૂક્યો હતો.
  - ભક્તિ આંદોલનના આચાર્યો અને સંતોએ અછૂત ગણાતા લોકોને વિધર્મી મુસલમાનોને પણ પોતાના શિષ્યો બનાવ્યા હતા.
  - એકેશ્વરવાદમાં અતૂટ વિશ્વાસ એ ભક્તિમાર્ગનો મુખ્ય સિદ્ધાંતો હતો.
  - આમાં સંસાર ચક્રમાંથી મુક્તિ માટે ભક્તિને સરળ અને સફળ સાધન માનતા હતા.
  - ઈશ્વરને દાસ બનીને તેમની સેવા કરવાની તેમના ગુણગાન ગાવાથી જ ઈશ્વરની પ્રાપ્તિ થાય છે.
  - મન ,વચન અને કર્મથી સુધી રહીને ઇષ્ટદેવની અનન્ય ભાવે સેવા કરવી જોઈએ.
  - ઈશ્વરીય જ્ઞાન માટે ભક્તિમાર્ગમાં સદગુરુ ની અનિવાર્યતા બતાવવામાં આવી છે.
  - ભક્તિમાર્ગમાં ગુરુનું વિશેષ મહત્ત્વ રહેલું છે.
  - ગુરુ પોતાના ભક્તને ઈશ્વરનો સાક્ષાત્કાર પણ કરાવી શકે છે.
  - ભક્તિ આંદોલનમાં ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા મનુષ્યને મોક્ષની પ્રાપ્તિ કરાવે છે.(૫)
- વૈષ્ણવ ધર્મ :

ભારતમાં ગુપ્તવંશનું ઉત્તર ભારતમાં વૈષ્ણવ ધર્મનો પ્રચાર -પ્રસાર થવા લાગ્યો હતો.વૈષ્ણવ સંપ્રદાયમાં વિષ્ણુ અને તેના અવતારોમાં વાસુદેવની પૂજા કરતા હતા.વૈષ્ણવ ભક્તો શંખ, ચક્ર, ગદા, પદ્મ, ધારણ કરેલા અને લક્ષ્મી તેમજ ગરુડ વડે શોભતા ભગવાન વિષ્ણુની પૂજા કરતા હતા.તે સમયના કવિઓએ હેમેન્દ્ર

 **ISBN: 978-81-952708-6-6**

,જયદેવે વિષ્ણુના પ્રમુખ ૧૦ અવતારોનો ઉલ્લેખ કર્યો છે.જેમાં ભગવાન ગૌતમ બુદ્ધનો પણ સમાવેશ થાય છે.સામાન્ય કૃષ્ણ ભક્ત વિષ્ણુ વાસુદેવની ભક્તિ અષ્ટાક્ષર મંત્ર 'ઓમ નમો નારાયણ' અને દ્વાદશાક્ષર મંત્ર 'ઓમ નમો ભગવતે વાસુદેવાય' નો ચિંતન મનન કરતા.

સલ્તનત કાળમાં ધાર્મિક સ્થિતિ જોતા શૈવ પ્રથમ ક્રમે હતો.ત્યાર પછી પ્રચારમાં વૈષ્ણવ સંપ્રદાય બીજા ક્રમે હતા.ઉત્તર ભારતમાં ગીત ગોવિંદના રચયિતા જયદેવ અને બંગાળના ચેતન્ય મહાપ્રભુનું અમૂલ્ય પ્રદાન રહ્યું છે.દક્ષિણના હિન્દુ શાસકોએ આ સંપ્રદાયના પ્રચારમાં વિશેષ યોગદાન આપ્યું હતું.દક્ષિણના હિન્દુ શાસકોએ આ સંપ્રદાયના પ્રચારમાં વિશેષ યોગદાન આપ્યું હતું.વિષ્ણુના અવતારો માં કૃષ્ણ ઉપરાંત રામ, વરાહ, અને નૃસિંહ વિશેષ પ્રચલિત બન્યા.(૬) ભારતમાં વિષ્ણુ અને તેમના અવતારોની પૂજા થવા લાગી હતી.

વૈષ્ણવ ધર્મમાં પૂજન, ભજન, ધ્યાન, અને મંત્ર-જાપનું ખૂબ મહત્વ છે.આ ધર્મમાં જન્માષ્ટમી, હોળી, એકાદશી જેવા વૈષ્ણવ તહેવારો આખા દેશમાં ધામધૂમથી ઉજવાઈ રહ્યો છે.વૈષ્ણવ સંપ્રદાયના પવિત્ર અને મહત્વના સ્થળો માં ઉત્તર ભારતમાં મથુરા, વૃંદાવન, ગોકુળ જેવા અનેક સ્થળોનો ખૂબજ મહત્વ રહેલું છે.શ્રી કૃષ્ણની બાળલીલા થઈ હતી તે વિસ્તારન 'વ્રજ'તરીકે ઓળખવામાં આવે છે.આ ઉપરાંત દ્વારિકા, જગન્નાથપુરી, દક્ષિણ ભારતમાં કાંચી,તિરુપતિ, શ્રી રંગમ, જેવા અનેક સ્થળોએ કૃષ્ણ મહિમા ગાતા વૈષ્ણવ તીર્થો ગણાય છે.આ સમયે રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, બંગાળ, મધ્યપ્રદેશ, દક્ષિણ ભારતમાં અનેક વૈષ્ણવ મંદિરો બંધાયા હતા.આમ, વિષ્ણુ અને તેના અવતારોની પૂજા પ્રચાર-પ્રસાર ખૂબ થયો હતો.જે માટે વૈષ્ણવ ધર્મમાં શંકરાચાર્ય જેવા વેદાંતી આચાર્યોની ખોટ વર્તાતી હતી.જે ખોટ રામાનુજાચાર્ય અને અન્ય આચાર્યોએ પૂર્ણ કરી હતી.

- ઉત્તર ભારતમાં ભક્તિ આંદોલન :-

સલ્તનત કાળ દરમિયાન ઉત્તર ભારત, પૂર્વ ભારત અને મહારાષ્ટ્રમાં સામાજિક ધાર્મિક આંદોલનો થયા હતા.આ આંદોલનમાં સંતોએ પણ ભક્તિ અને માનવ સમાનતાને પ્રાધાન્ય આપ્યું હતું.બારમી સદી દરમિયાન ઉત્તર ભારતમાં તીર્થાટન કરવા આવતા આચાર્યો એ પોતાના સંપ્રદાયોના કેન્દ્રો સ્થાપ્યા.પરંતુ ધાર્મિક વાતાવરણ કલુષિત થઈ ગયું.હોવાથી ઉત્તર ભારતની સામાન્ય જનતા પર તેમનો વિશેષ પ્રભાવ કરી શક્યો નહીં.છેક ૧૪મી સદીના ઉત્તરાર્ધમાં રામાનંદ ઉત્તર ભારતમાં પ્રભાવ પાડવામાં સફળ થયા હતા.ઉત્તર ભારતમાં સગુણ અને નિર્ગુણ એ ભક્તિમાર્ગ પ્રચલિત બન્યા સગુણ ભક્તિ માર્ગના પાછળથી રામ ભક્તિ ધારા અને કૃષ્ણ ભક્તિ ધારા જેવા બે ભેદ થયા હતા(૭).

- વૈષ્ણવાચાર્ય શ્રીવલ્લભાચાર્ય :-

કૃષ્ણ ભક્તિના પ્રચારક આચાર્યમાં વલ્લભાચાર્યનું સ્થાન પ્રથમ ક્રમે છે.તેમનો જન્મ બિહારમાં ચંપારણ્યમાં ઈ.સ.૧૪૬૯ માં દક્ષિણના બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. કુશાગ્ર બુદ્ધિ હોવાના કારણે ૧૩ વર્ષની વયે વેદ પુરાણનો અધ્યન કરી લીધું હતું.ગોપાલ કૃષ્ણની ભક્તિવાળો વૈષ્ણવ ધર્મ એમનો કુલધર્મ હતો.તેમણે બનારસમાં રહીને વેદાંત, દર્શનસુત્રો, વેદ, ધર્મ શાસ્ત્ર, પુરાણો અને ઇતિહાસનો અભ્યાસ કર્યો હતો.અભ્યાસના અંતે તેમણે શુદ્ધદ્વૈત નું દર્શન પ્રાપ્ત થયું હતું.

વલ્લભાચાર્ય ઉત્તર ભારતમાં વસવાટ કરીને કૃષ્ણ ભક્તિનો પ્રચાર કર્યો તેમના મત પ્રમાણે પ્રત્યેક વસ્તુ કૃષ્ણની સેવામાં સમર્પિત કરવી જોઈએ.તેમનું મોટાભાગનું જીવન વ્રજ પ્રદેશમાં પસાર થયું હતું.શંકરાચાર્યના માયાવાદના તેઓ કટ્ટર વિરોધી હતા.તેમણે વિજયનગરના મહાન શાસક કૃષ્ણદેવરાયની સભામાં આચાર્ય અને પંડિતોને શાસ્ત્રાર્થમાં પરાજિત કર્યા હતા.રામેશ્વર થી હરિદ્વાર અને દ્વારિકા થી જગન્નાથપુરી સુધીના તીર્થોમાં ત્રણવાર પર્યટન કરીને તેમણે પુષ્ટિમાર્ગના પ્રચાર કર્યો હતો.વલ્લભાચાર્ય વૈષ્ણવ ધર્મમાં પુષ્ટિમાર્ગની સ્થાપના કરી હતી. તેમણે તીર્થયાત્રા દરમિયાન અનેક સ્થળે 'શ્રીમદ ભાગવત'કથા અને પારાયણ કર્યા આજે એ સ્થળ વલ્લભાચાર્યની 'બેઠક' તરીકે પ્રસિદ્ધ છે.આખા ભારતમાં વલ્લભાચાર્યની મહાપ્રભુજીની કુલ ૮૪ બેઠકો આવેલી છે(૮). જે વૈષ્ણવ સંપ્રદાય પાળનારા લોકો માટે આસ્થાનું કેન્દ્ર છે.


**ISBN: 978-81-952708-6-6**

- શ્રી વલ્લભાચાર્યના સિદ્ધાંતો
- વલ્લભાચાર્ય ના મતે બ્રહ્મ શુદ્ધ અને અદ્વૈત છે.માયા રહિત શુદ્ધ જીવ પણ બ્રહ્મનો અંશ છે.
- જન્મ-મરણના બંધનમાંથી છૂટવાનો અને પરમાત્માને મેળવવાનો ઉત્તમ માર્ગ ભક્તિ છે.
- ભક્તિના મુખ્ય બે ભેદ છે.મર્યાદા અને પુષ્ટિ.શાસ્ત્રના વિધિનિષેધનું પાલન કરીને પ્રભુની ઉપાસના કરવી તે મર્યાદા ભક્તિ છે.અને શાસ્ત્રોમાં દર્શાવેલ સાધન ન હોવા છતાં માત્ર પ્રભુની કૃપા મેળવી તે પુષ્ટિ ભક્તિ છે.
- વલ્લભાચાર્ય પુષ્ટિમાર્ગી અને શ્રેષ્ઠ ગણાવે છે.
- પુષ્ટિ એટલે પોષણ.પ્રભુના અનુગ્રહથી પોષણ મેળવવાનો માર્ગ.પુષ્ટિમાર્ગના સેવા પ્રકારના વલ્લભાચાર્ય ૨ સિદ્ધાંતો જણાવ્યા છે.

➢ પુષ્ટિમાર્ગના સેવાના સિદ્ધાંત:

(૧) સંસારમાં ફસાયા વગર જીવન જીવીને કૃષ્ણની અખંડ સેવા કરવી.

(૨) સંસારમાં રહેવા છતાં કૃષ્ણમાં ચિત્ત પરોવીને જીવન જીવવું.

- પુષ્ટિમાર્ગમાં સેવા ના પ્રકારો :-
  - પૃષ્ટિ સેવાના શ્રીવલ્લભાચાર્યે ત્રણ પ્રકાર બતાવ્યા છે.(૧) માનસી સેવા(૨) તનુજા સેવા(૩) વિતજા સેવા.તેમાં સર્વશ્રેષ્ઠ સેવા માનસી સેવા છે.
  - માનસી સેવા: પ્રભુની સેવામાં મનને અખંડ પરોવવું પ્રભુપ્રેમમાં તનમય રહેવું તે માનસી સેવા છે.
  - તનુજા સેવા: દેહ પ્રભુની સેવા કરવી.

- વિત્તજા સેવા:- પ્રભુને વસ્ત્રાલંકારો ધરાવવા મંદિર બંધાવવા વગેરે પ્રકારની સેવા(૯).

**શ્રીવલ્લભાચાર્યના ગ્રંથો:-**

શ્રી વલ્લભાચાર્ય પોતાની પૂર્વે થયેલા આચાર્યોની જેમ બ્રહ્મસૂત્ર પર 'અણુભાષ્ય' રચ્યું છે.આ ઉપરાંત ષોડશગ્રંથ, ગાયત્રીભાષ્ય, સુબોધિની, પત્રઆલંબન, પૂર્વમીમાંસારીકા, વગેરે અનેક ગ્રંથોની શ્રી વલ્લભાચાર્યજી રચના કરી છે.શ્રીવલ્લભાચાર્ય સેવા માર્ગી ગૃહસ્થ હતા.વલ્લભાચાર્ય ને બે પુત્રો હતા.શ્રી ગોપીનાથજી અને શ્રી વિઠ્ઠલનાથજી. ઈ.સ.૧૮૩૧માં ૫૨ વર્ષની વયે શ્રી વલ્લભાચાર્યે જીવનલીલા સંકેલી લીધી હતી.ત્યારબાદ તેમના પુત્રોએ પુષ્ટિ સંપ્રદાયને વધાર્યો હતો શ્રી વલ્લભાચાર્યના પુષ્ટિમાર્ગનું વિશેષ મહત્વ એટલા માટે વધી હતું કે તે સમયે અનેક મતમતાંતરો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, અને ભક્તિની બાબતમાં પડેલાં અનેક પંથકોમાં સામાન્ય પ્રજા અટવાતી હતી.ત્યારે સામાન્ય લોકો સમજી શકે તેવો સરળ માર્ગ બતાવ્યો આ માર્ગમાં કોઈપણના જાતના કે વર્ણના ભેદભાવ વગર બધા જ મનુષ્યો માટે સંપ્રદાય ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

- અન્ય વૈષ્ણવાચાર્ય અને સંતો:-
  - માધવાચાર્ય પુરાણા ભાગવત ધર્મમાંથી વાસુદેવ વગેરેની કલ્પના દૂર કરીને શુદ્ધ વૈષ્ણવ ધર્મનું સ્વરૂપ આપ્યું.
  - નિમ્બાર્ક એ પોતાના પુરોગામી આચાર્યએ દૂર કરેલું કૃષ્ણનું સ્વરૂપ તથા ગોપીઓ સાથેની ક્રીડાની ભાવના વૈષ્ણવ સંપ્રદાયમાં પણ દાખલ કરી.
  - દક્ષિણ ભારતના બાર અલવારો વૈષ્ણવ સંતોનો ખૂબ જ પ્રભાવ પડ્યો છે.તેમને સમાજમાં સરળ ભક્તિનો પ્રચાર કર્યો છે.
  - દક્ષિણ ભારતમાં નાથમુનિ દ્વારા વૈષ્ણવ સંપ્રદાયે વ્યવસ્થિત સ્વરૂપ આપવામાં આવ્યું છે.
  - નાથમુનિના પુત્ર યમુનાચાર્ય પણ વૈષ્ણવ સંપ્રદાયના પ્રચારમાં અગત્યનું યોગદાન આપ્યું છે.
  - કેરળના શાસક કુલશેખરે પણ વૈષ્ણવ એટલે કે અલવાર હતા.તેમણે કૃષ્ણ ભક્તિ ને સ્વીકારી હતી(૧૦).


**ISBN: 978-81-952708-6-6**

- રામાનુજ, નિમ્બાર્ક, માધવાચાર્ય જેવા અને આચાર્યોએ વૈષ્ણવ પરંપરા અને દક્ષિણ ભારતમાં ઘણી જ પ્રબળ બનાવી હતી.
- વૈષ્ણવ ધર્મનું સ્વરૂપ દક્ષિણ ભારતમાં ઘડાયું અને વૈષ્ણવ ભક્તિ ના પાયા ઉપર ઉત્તર ભારતમાં ભક્તિ આંદોલન નો પ્રસાર થયો.

વૈષ્ણવ ધર્મની આચાર્ય પરંપરામા ચૈતન્ય મહાપ્રભુ છેલ્લા છે.બંગાળને ભક્તિરસમાં તરબોળ કરનાર ચેતન્ય વલ્લભાચાર્યના સમકાલીન હતા ૨૫ વર્ષની ઉંમરે સંન્યાસ ગ્રહણ કર્યો.બંગાળ અને ઓરિસ્સા ચૈતન્ય મહાપ્રભુને લોકો ભગવાન કૃષ્ણ અવતાર માનવા લાગ્યા. ચૈતન્ય મહાપ્રભુના માત્ર ૧૦ સ્લોક જ ઉપલબ્ધ છે.તેના કારણે સિદ્ધાંતોને વ્યવસ્થિત સ્વરૂપ આપવાનું કાર્ય તેમના શિષ્ય નિત્યાનંદ, અદ્વૈઆનંદ તેમજ અનેક ગૌસ્વામીએ પૂર્ણ કર્યું છે. મહારાષ્ટ્રમાં તેરમી સદીમાં થયેલા મુકુન્દરાય નામના વેદાંતી ગુરુએ ઘણો વૈષ્ણવ સંપ્રદાય વેગ આપ્યો હતો મુકુન્દરાયના સમકાલીન ચક્રધરએ મહાનુભાવ સંપ્રદાયની સ્થાપના કરી હતી.

ગુજરાતમાં નરસિંહ મહેતા અને મીરાંબાઈ કૃષ્ણ ભક્તિનો મહિમા ગાયો છે.પંદરમી સદીમાં નરસિંહ મહેતાએ પરમ તત્વ તરીકે શ્રીકૃષ્ણને સ્વીકારી વ્રજની ગોપીઓ જે અનન્ય આશ્રય શ્રીકૃષ્ણને પ્રેમ કરતી હતી.તેવા પ્રકારના નિર્દોષ પ્રેમની તમન્ના સેવે છે એટલે જ કહેતા.....

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ જૂજવે રૂપે અનંત ભાસે.... (૧૧)

- સમાપન:-

ભક્તિ આંદોલન દ્વારા સાંસ્કૃતિક ચેતનાના પ્રગટ કરવાનું મહત્ત્વનું કાર્ય આચાર્ય અને સંતોએ પાર પાડ્યું છે.સંતોએ આ સ્પષ્ટ વિચારધારા દ્વારા શાપિત,તાપીત તને પીડિત અને દયનીય જીવન જીવતા લોકોમાં આશા, આસ્થા, પ્રેરણા, આત્મવિશ્વાસ અને આત્મસન્માન જાગ્રત કરવાનું કાર્ય કર્યું છે .આ રીતે ભક્તિ જ સર્વશ્રેષ્ઠ સાધન ગણાવી લોકોમાં ઈશ્વર પ્રત્યેની અતૂટ શ્રદ્ધા રાખવી છે.ભક્તિ આંદોલનના સંતો ભક્તકવિ હતા.તેમણે પોતાના પદો પોતાની માતૃભાષામાં રચ્યા અને સામાન્ય લોકો સમજી શકે તે રીતે ભક્તિનો મહિમા રજૂ કર્યો હતો.ભક્તિ આંદોલન સમાજમાં ઉચ્ચ નીચના ભેદભાવો દુર કર્યા.વર્ગભેદ દૂર થયો.સમાજની અંધશ્રદ્ધાને દૂર કરીને સમાજ યોગ્ય દિશા તરફ આગળ વધ્યો.

આમ,ભક્તિ આંદોલનએ સંસ્કારહીન ગણાતા લોકોના જીવનમાં જડાયેલી આશા,પ્રેરણા અને આસ્થાની ચેતના સંતો, આચાર્ય દ્વારા થયેલી આ સાંસ્કૃતિક ક્રાન્તિને આભારી છે.

## સંદર્ભ ગ્રંથો

1. પરીખ (ડો)પ્રવિણચંદ્ર, 'ભારતીય સંસ્કૃતિ:સ્વરૂપ અને વિકાસ' (મધ્યકાલીન અને અર્વાચીનકાળ) અમદાવાદ, છઠ્ઠી આવૃત્તિ, ૨૦૨૦,પૃ.૪
2. ઓઝા (ડો) ઇશ્વરભાઇ, 'મધ્યકાલીન ભારતનો ઇતિહાસ, (સલ્તનતકાળ) અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૧,પૃ.૨૭૭.
3. એજન, પૃ.૨૭૮.
4. ગઢવી (પ્રો) જનક ugc net-slet, ઇતિહાસ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૦, પૃ.૭૮
5. પરીખ (ડો) પ્રવિણચંદ્ર, 'ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ', અમદાવાદ, સાતમી આવૃત્તિ, ૨૦૧૯,પૃ.૨૨૩.
6. એજન, પૃ.૨૨૫.
7. શાસ્ત્રી પ્રદ્યુમન, 'મહાપ્રભુજી શ્રી વલ્લભાચાર્ય',અમદાવાદ, ત્રીજી આવૃત્તિ, ૨૦૦૬,પૃ.૨૧.
8. શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર, 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ', ગ્રંથ ૮ અમદાવાદ ,પ્રથમ આવૃત્તિ,૧૯૮૭, પૃ.૧૩૮.
9. નાયક (ડો) છોટુભાઈ રણછોડજી, 'મધ્યયુગીન ભારત (ખંડ-૨), અમદાવાદ, ચોથી આવૃત્તિ, ૨૦૧૮, પૃ.૩૧૪.
10. પરીખ (ડો) પ્રવિણચંદ્ર,ઉપરોક્ત ગ્રંથ, પૃ.૨૩૩.
11. ઓઝા (ડો)ઇશ્વરભાઇ, ઉપરોક્ત પુસ્તક, પૃ.૨૯૨.


ISBN: 978-81-952708-6-6

# મહારાજા સાયજીરાવ ગાયકવાડ ત્રીજાના સામાજિક સુધારાઓ

**વણકર મનોજકુમાર મૂળજીભાઇ**
Ph.D. Student, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
**માર્ગદર્શક : ડૉ. રાજેન્દ્ર જોષી**

**પ્રસ્તાવના :**

ડેનિયલ લર્નરના મંતવ્ય પ્રમાણે "આધુનિકીકરણ એ એક પ્રક્રિયા છે, જેમાં પરંપરાગત સમાજો વિકસિત સમાજો સાથેના સમાગમને પરિણામે ક્રમશઃ પરિવર્તન પામે છે અને સંક્રમણકાળમાંથી પસાર થઈ આધુનિકતામાં પ્રવેશ પામે છે."[1]. વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાએ તેમના શાસનકાળ દરમ્યાન સામાજિક, શૈક્ષણિક, કલા, બાંધકામ, વાહનવ્યવહાર અને વહીવટી સુધારા કરીને વડોદરા રાજ્યમાં સુશાસન સ્થાપ્યુ હતું. જેમાં ખાસ કરીને તેમના સામાજિક સુધારા માટેના પગલાં સવિશેષ જાણવા મળે છે.

**વડોદરા રાજ્ય :**

"બ્રિટિશ શાસનકાળમાં ગુજરાતમાં વડોદરા રાજય એ સૌથી મોટું દેશી રાજય હતું. રાજયને પોતાની માલિકીની રેલવે અને પોતાની સેન્ટ્રલ બેંક હતી."[2] ૮૧૬૪ ચોરસ માઇલનું ક્ષેત્રફળ ધરાવતું આ રજવાડું વડોદરા, નવસારી, અમરેલી, ઓખા મંડળ, અને મહેસાણા એમ પાચ પ્રાંતોમાં વહેચાયેલું હતું.

મહારાજા સાયજીરાવ ગાયકવાડ ત્રીજાદ્વારા થયેલા સામાજિક સુધારાઓ :

- **અસ્પૃશ્યતા નિવારણ**

અસ્પૃશ્યો અને આદિવાસીઓની પ્રગતિની દિશામાં સૌપ્રથમ પહેલ કરનાર ગુજરાતી રાજવી સયાજીરાવ ગાયકવાડ ત્રીજા (ઇ.સ. ૧૮૬૨ - ઇ.સ. ૧૯૩૯) હતા. અસ્પૃશ્યો તરફનાં વલણોની બાબતમાં તેમનો શાસનકાળ તેમની પૂર્વેનાં તમામ ગાયકવાડ રાજાઓનાં શાસન કરતાં અલગ જોવા મળે છે. જ્યારે અછૂતોદ્ધારનું નામ લેવાની કોઈને હિંમત નહોતી ચાલતી ત્યારે અંત્યજનોદ્ધારની પ્રવૃત્તિમાં વડોદરા રાજ્યના મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાએ પહેલ કરીને હિંદુસ્તાનમાં સામાજિક સુધારણા માટે નવો ચીલો ચિતર્યો હતો. ઇ.સ. ૧૮૮૨મા સયાજીરાવ ત્રીજાએ પુખ્ત રાજવી તરીકે શાસન સંભાળ્યાના બીજા જ વર્ષે અસ્પૃશ્યો માટે એક શાળા શરૂ કરી. ઇ.સ. ૧૮૮૩મા અસ્પૃશ્ય વિદ્યાર્થીઓ માટે ૧૪ અંત્યજ શાળાઓ અને વિદ્યાર્થીનીઓ માટે ૧ એમ કુલ ૧૫ શાળાઓ શરૂ કરી."[3] "અંત્યજનોની શાળાઓ માટે દોઢો પગારા આપવા છતાં હિન્દુ શિક્ષકો મળતા ન હતા. આથી મુસ્લિમ શિક્ષકો રાખ્યા. અંત્યજોના પુરોહિતો માટે અલગ શાળા શરૂ કરી."[4] ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિભા પારખીને તેમના વધુ અભ્યાસ માટે શિષ્યવૃત્તિ મંજૂર કરી હતી.

મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજા મક્કમ પણે માનતા હતા કે જ્યાં સુધી દલિતો આર્થિક રીતે પગભર ન થાય ત્યાં સુધી તેઓ સ્વમાનભેર જીવી શકે નહિ. તેમના હુન્નર ઉદ્યોગના વિકાસ માટે તેમણે કેટલાક પગલાં લીધા. વણકરી ધંધાને ઉત્તેજન આપી નવી નવી જાતના ટેબલ-ક્લોથ, પડદા, શેતરંજી અને અન્ય ગૃહ ઉપયોગી કાપડ વણવાનો ઉદ્યોગ ખીલવ્યો હતો. હાથવણાટના ઉદ્યોગમાં નવી ઢબની શાળાઓનો પ્રારંભ કર્યો હતો.[5] વડોદરા રાજ્યમાં દલિતોમાં સહકારી પ્રવૃત્તિઓની વાત કરીએ તો ૧૯૩૮-૩૯માં દલિતોની ૯૯ સહકારી મંડળીઓ હતી.[6] અંત્યજોના પાણી માટે ૧૯૩૧ પછી મહારાજાએ ફરમાન કર્યું હતું કે નવો ચોરો, નવો કૂવો, નવું તળાવ વગેરે બનાવવામાં આવે તેમાથી અંત્યજનોને પાણી ભરતા રોકવા નહી. સવર્ણ વર્ગને આ બાબતે વાંધો હોય તો અંત્યજનો માટે પીવાના પાણી વગેરે સગવડ માટે કૂવા, તળાવો વગેરેની સગવડ કરવાની જવાબદારી તેમણે લેવી તથા ખર્ચ સવર્ણ વર્ગે જ ઉપાડવાનો રહેશે તેવી તાકીદ પણ કરી.[7] ઇ.સ. ૧૯૩૧-૩૨ માં સમગ્ર ભારતમાં દલિતો દ્વારા મંદિર પ્રવેશની ચળવળ ચાલતી હતી તે સમયે મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાએ

 **ISBN: 978-81-952708-6-6**

તા.૭-૧૦-૧૯૩૨ ની આજ્ઞા-પત્રિકા (સરકરી ગેજેટ) બહાર પાડીને સરકારી દેવાલયો દર્શન અને પૂજન માટે અંત્યજો માટે ખુલ્લા મૂક્યા હતા.[8]

### સાર્વત્રિક શિક્ષણ દ્વારા સામાજિક જાગૃતિ

"વડોદરા રાજયમાં ઇ.સ. ૧૮૫૬ માં નવસારીમાં પારસીઓની એક શાળા અને વડોદરા શહેરમાં બે ગુજરાતી અને બે મરાઠી શાળાઓ શરૂ કરાઇ હતી."[9] મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજા એવું સ્પષ્ટપણે માનતા હતા કે શિક્ષણ દ્વારા જ સામાજિક પરિવર્તન લાવી શકાશે. તેઓએ "ઇ.સ. ૧૮૯૦ માં ત્રિભુવનદાસ ગજ્જરના આચાર્યપદ નીચે 'કલાભવન' ખોલ્યું હતું. જેમાં કલા, સ્થાપત્યવિદ્યા, સિવિલ અને મિકેનિકલ એન્જીનિયરીંગ, કેમિકલ ટેકનોલોજી, વણાટકામ, ઘડિયાળ વગેરે વસ્તુનું જ્ઞાન અપાતું હતું."[10] "સંગીત માટે વડોદરા સિવાય કોઈપણ સ્થળે શિક્ષણની વ્યવસ્થા અસ્તિત્વમાં ન હતી, ઇ.સ. ૧૮૮૬માં વડોદરામાં સ્થપાયેલી સંસ્થા કંઠય અને વાદ્ય સંગીતની સુંદર તાલીમ આપતી હતી."[11] "મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાએ ઇ.સ. ૧૮૯૩માં પ્રયોગ તરીકે અમરેલીનાં ૧૦ ગામોમાં અને ત્યારબાદ ઇ.સ. ૧૯૦૬માં સમગ્ર રાજ્યમાં પ્રાથમિક કેળવણી ફરજિયાત કરી હતી."[12] આમ ફરજિયાત શિક્ષણની શરૂઆત કરીને નવા ભારતના નિર્માણની શરૂઆત વડોદરાથી થઈ હતી.

### બાળલગ્ન

સમાજમાં કન્યાવિક્રય, બાળલગ્ન, સતીપ્રથા, બહુપત્નીત્વ, દીકરીને દૂધપીતી કરવાના રિવાજ વગેરેનું પ્રમાણ વધુ હતું. બ્રાહ્મણ-વાણિયાની જ્ઞાતિઓમાં સમાજની અનુમતિ વિના સગપણ તોડી શકાતું ન હતું. ઘણી જ્ઞાતિઓમાં કન્યાવિક્રયની બદી ફેલાયેલી હતી. આવું કાર્ય ગોર કે સમાજના અગ્રગણ્ય વ્યક્તિ દ્વારા કરાવવામાં આવતું હતું. મોભાદાર કુટુંબોમા કન્યા આપવા માટે હોડ જામતી હતી. આ તકનો ગેરલાભ લઈને કેટલાક બહુપત્નીત્વ ભોગવતા તો કેટલીક જગ્યાએ બાળલગ્ન-વૃદ્ધલગ્નના અનિષ્ટો ફેલાયા હતાં. મોટાભાગનો વર્ગ કન્યાને ૧૦ વરસે લગ્ન કરાવી દેવામાં માનતો હતો. કન્યાનું લગ્ન મોટી ઉમરે થાય એ દોષ મનાતો. ઇ.સ. ૧૯૦૪માં વડોદરા રાજ્યમાં ગાયકવાડ સરકારે કાયદા દ્વારા કન્યાની લગ્ન માટેની લઘુત્તમ વય ૧૨ વર્ષથી વધારીને ૧૬ વર્ષની નક્કી કરી.[13]

### વિધવાવિવાહ

બાળલગ્નોને કારણે બાળમૃત્યુનું પ્રમાણ વધતાં સમાજમાં બાળ વિધવાઓનો વિકટ પ્રશ્ન ઉપસ્થિત થતો હતો. ઇ.સ. ૧૯૦૨માં વડોદરા રાજ્યમાં સયાજીરાવ ગાયકવાડ હિન્દુ વિધવા વિવાહ કાયદો અમલમાં લાવ્યા. આ કાયદો કોઈ વિધવાને લગ્ન કરવા માટે ફરજ પાડતો ન હતો પરતું જો કોઈ વિધવા પુનઃલગ્ન કરે તો તે કૃત્યને કાયદેસર ઠરાવીને તેના સંતાનોને કાયદેસર પુત્ર-પુત્રીનો દરજ્જો મળતો હતો તથા વારસા હક મળતો અને ન્યાત બહાર હવે પછી મૂકી શકાતું ન હતું.[14]

### ઐહિક લગ્ન

મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાએ ઇ.સ. ૧૯૦૮માં ઐહિક લગ્ન કાયદો અમલમાં મૂક્યો હતો. ઇ.સ. ૧૯૩૨માં સુધારો કરીને નવો ઐહિક લગ્ન કાયદો અમલમાં આવ્યો.[15] આ કાયદા મુજબ લગ્ન કરનારે ધર્મ પરિવર્તન કરવો ના પડે એ છૂટ માત્ર વડોદરા રાજ્યમાં જ અમલમાં હતી. ઇ.સ. ૧૯૧૯માં અંત્યજ-સવર્ણનાં લગ્ન પ્રસંગે રાજય તરફથી ચાંલ્લો આપવામાં આવ્યો હતો. આમ આવા લગ્નોને વડોદરા રાજય તરફથી પ્રોત્સાહન આપવામાં આવતું હતું. ઇ.સ. ૧૯૦૮ થી ૧૯૩૯ના વર્ષ દરમ્યાન ઐહિક લગ્નના કાયદા હેઠળ ૩૮ લગ્નો થયા હતા.[16]


**ISBN: 978-81-952708-6-6**

## દૂધપીતીનો રિવાજ

અઢારમી–ઓગણીસમી સદીમાં ગુજરાતમાં હિન્દુસમાજમાં કન્યાઓનો જન્મ આનંદદાયક ગણાતો ન હતો. ઘણી જ્ઞાતિઓમાં દહેજ પ્રથાને કારણે દીકરીના માંબાપને પરણાવતા ઘણો ત્રાસ સહન કરવો પડતો હતો. દહેજ પ્રથાને કારણે દીકરીના લગ્ન સમયે દહેજ ના આપવું પડે તે માટે દીકરીને જન્મતાની સાથે જ તપેલામાં દૂધ ભરીને તેમાં તેને ડૂબાડી દેવામાં આવતી હતી. ગાયકવાડ સરકારે વડોદરા રાજ્યમાં દૂધપીતીના રિવાજને બાળહત્યાનો ગુનો ગણી એના માટી સજા જાહેર કરી હતી.[17]

## જ્ઞાતિત્રાસ નિવારણ કાયદો

વડોદરા રાજ્યમાં ઇ.સ. ૧૯૩૨માં મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજા દ્વારા ગોળ એકડા સમિતિની નિમણૂક કરવામાં આવી હતી. આ સમિતિની ભલામણથી ઇ.સ. ૧૯૩૪માં  જ્ઞાતિત્રાસ નિવારણ કાયદો પસાર કરવામાં આવ્યો હતો. આ કાયદા મુજબ ગોળ એકડા બહાર લગ્ન કરવામાં આવે, વર-વધુના વિવાહ(સગાઈ) તોડવામાં આવે, જમણ કરવાની ફરજ પડે એવા રિવાજનો ભંગ કરવામાં આવે અથવા પરદેશ ગમન કરવામાં આવે તો જ્ઞાતિ એવાં કૃત્ય કરનારને ન્યાત બહાર કે વ્યવહાર બહાર મૂકી શકે નહિ અને તેમ છતાં જો એવી કોઈ સજા કરે તો તેવી સજા કરનારા શખ્સો ઉપર ફોજદારી ન્યાયાધીશ સમક્ષ ફરિયાદ થતાં એવા શખ્સો (વ્યક્તિ)ને છ માસની આસાન કેદ અથવા ૧૦૦૦ રૂપિયા દંડ અથવા બંને સજાને પાત્ર થતા હતા.[18]

## પડદા પ્રથા

સ્ત્રીઓના સામાજિક અને માનસિક ઉત્કર્ષ માટે પણ સયાજીયરાવ ગાયકવાડ ત્રીજાએ કાર્યો કર્યા હતા. શારદાબેન મહેતા લખે છે કે, "વીસમી સદીના પ્રારંભ સુધી વડોદરાની સ્ત્રીઓમાં પડદા પ્રથા હતી. સ્ત્રીઓ ગાડીમાં બેસે તો ગાડીના પડદા બંધ કરવામાં આવતા હતા. પગે ચાલીને શિષ્ટ કુટુંબની સ્ત્રીઓ હરવા ફરવા જઈ શક્તિ ન હતી. ઇ.સ. ૧૯૦૪માં યુવરાજ ફતેસિંહરાવ ગાયકવાડે પોતાની પત્નીને પડદો છોડાવી દીધો હતો. અને ખુલ્લી ગાડીમાં તેને ફેરવતા એ વસ્તુ મહારાજાને અત્યંત રૂચિકર હતી."[19] મહારાજાએ પડદા પ્રથા દૂર કરવા માટે પણ પ્રયાસો કર્યા હતા. ચિમનાબાઈ બીજા પણ આ પ્રથા પાળતા હતા. ઇ.સ. ૧૮૯૭માં સયાજી વિહાર ક્લબના ઉદઘાટન પ્રસંગે સયાજીરાવે જણાવ્યુ હતું કે, "યુગોથી પળાતી પડદા પ્રથા નુકશાનકારક છે. પરંતુ પ્રજા તેનો આદર કરે છે. તેથી આ પ્રથા ક્રમશઃ નાબૂદ કરીશું."[20] આ પછી સમાજમાંથી પડદા પ્રથા ધીમે ધીમે નાબૂદ થઈ હતી.

## ઉપસંહાર:

વિવિધ સંદર્ભ સાહિત્યના અભ્યાસ કરતાં જાણવા મળે છે કે સમગ્ર ભારતના રજવાડાઓ પૈકી વડોદરા રાજ્યમાં એમાં પણ ખાસ કરીને મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાનાં સમયમાં સીમાચિહ્નરૂપ સામાજિક સુધારા થયા હતાં. ભારતમાં સામાજિક સુધારાઓનુ બીજ રોપાયું હતું. તેઓએ સામાજિક કુરિવાજો, સ્ત્રીસશક્તિકરણ માટેની યોજના અને કાયદાઓ, અસ્પૃશ્યતા નિવારણ, અંત્યજનો અને આદિવાસીઓના શિક્ષણ માટે શાળા અને છાત્રાલયો શરૂ કર્યા, ડૉ. આંબેડકર જેવા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓના ઉચ્ચ અભ્યાસ માટે શિષ્યવૃત્તિ યોજના, ફરજિયાત શિક્ષણ,  કન્યાઓ માટે અલગ શાળા વગેરે અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા સામાજિક સુધારાની જ્યોત પ્રજ્વલિત કરી હતી.  તેઓએ આ સામાજિક સુધારાઓ પશ્ચિમની વિચારધારા માંથી લીધા હોવા છતાં તેમણે પશ્ચિમનું આંધળું અનુકરણ કર્યું ન હતું. તેઓ માનતા કે કાયદો સમાજ સુધારાની જનની છે. પરંતુ કેવળ કાયદો ઘડવાથી જ સામાજિક પરિવર્તન લાવી શકાતું નથી. તેઓ માનતા કે શિક્ષણ અને અનુભવો દ્વારા જ્યાં સુધી લોકોનું માનસ ના બદલાય ત્યાં સુધી ખાસ અસર થતી નથી.

 ISBN: 978-81-952708-6-6

<u>પાદનોંધ :</u>

[1] . વાઘેલા અરૂણ, ઇતિહાસ દર્પણ, પ્રકાશક પોતે, અમદાવાદ, ૨૦૦૮, પૃ. ૧૦૦

[2]. જ્યોતિકર પી.જી., ગુજરાતની આંબેડકરી ચળવળનો ઇતિહાસ 1920 થી 1970, ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મશતાબ્દી ઉજવણી સમિતિ, ગુજરાત રાજય, ગાંધીનગર, 1991, પૃ. ૮૯

[3] . એજન - પૃ. ૯૧

[4] . ફડકે મામાસાહેબ – મારી જીવનકથા, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ, 1965 પૃ. 30

[5] . જ્યોતિકર પી.જી., ગુજરાતની આંબેડકરી ચળવળનો ઇતિહાસ 1920 થી 1970, ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મશતાબ્દી ઉજવણી સમિતિ, ગુજરાત રાજય, ગાંધીનગર, 1991, પૃ. ૯૯

[6] . એજન - પૃ. ૧૦૦

[7] . એજન - પૃ. ૧૦૦

[8] . એજન - પૃ. ૧૦૧

[9] . શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર અને પરીખ પ્રવીણચંદ્ર ચીમનલાલ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ-૮ (બ્રિટિશ કાલ : ઇ.સ. ૧૯૧૪ સુધીનો), ભો.જે. અધ્યાન સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, ૧૯૮૪, પૃ. ૩૩૩

[10] . એજન - પૃ. ૩૪૨

[11] . એજન - પૃ. ૩૪૩

[12] . એજન - પૃ. ૧૨૬

[13] . એજન - પૃ. ૨૩૦

[14] . ડૉક્ટર ચીમનલાલ મગનલાલ, હરીક વડોદરા: ભાગ-૧ , નવગુજરાત પ્રિન્ટિંગ પ્રેસ, વડોદરા, ૧૯૩૬ પૃ. ૭,૮

[15] . એજન - પૃ. ૪

[16] . કિશોર કે. ચૌધરી, વડોદરા રાજ્યના આદિવાસીઓના ઉત્થાનમાં સયાજીરાવ ત્રીજાનું પ્રદાન (૧૮૬૩-૧૯૩૯),
મહાનિબંધ, અમદાવાદ, ૨૦૦૩, પૃ. ૩૨૭

[17] . શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર અને પરીખ પ્રવીણચંદ્ર ચીમનલાલ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ-૮
(બ્રિટિશ કાલ : ઇ.સ. ૧૯૧૪ સુધીનો), ભો.જે. અધ્યાન સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, ૧૯૮૪, પૃ. ૨૩૧

[18] . કિશોર કે. ચૌધરી, વડોદરા રાજ્યના આદિવાસીઓના ઉત્થાનમાં સયાજીરાવ ત્રીજાનું પ્રદાન (૧૮૬૩-૧૯૩૯),
મહાનિબંધ, અમદાવાદ, ૨૦૦૩, પૃ. ૩૨૮, ૩૨૯

[19] . શારદાબહેન મહેતા, કો-મેમોરેશન વોલ્યુમ, મ.સ. યુનિ. વડોદરા, ૧૯૬૪, પૃ. ૯૦

[20] . કિશોર કે. ચૌધરી, વડોદરા રાજ્યના આદિવાસીઓના ઉત્થાનમાં સયાજીરાવ ત્રીજાનું પ્રદાન(૧૮૬૩-૧૯૩૯), મહાનિબંધ, અમદાવાદ, ૨૦૦૩, પૃ. ૩૨૯


ISBN: 978-81-952708-6-6

# દુલેરાય કારાણીજીના લોકસાહિત્યમાં કચ્છની ઐતિહાસિક સામગ્રી

**પટેલ પ્રજ્ઞેશકુમાર કાંતિલાલ**

Ph.D Research Scholar; ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

માર્ગદર્શકશ્રી; ડૉ.કનૈયાલાલ નાયક

**પ્રસ્તાવના:**

ઇતિહાસનું ક્ષેત્ર વ્યાપક હોય છે.ઇતિહાસ લેખનમાં આધારભૂત સામગ્રીનો ઉપયોગ થાય છે.આવી આધારભૂત સામગ્રીનું એકત્રીકરણ કરવું કે મેળવવું એ સંશોધક માટે પ્રાથમિક કાર્ય હોય છે અને કઠિન પણ હોય છે.આવી પ્રમાણભૂત સામગ્રી સુધી પહોચવા અને જે તે પ્રદેશના ભૂતકાળને જાણવા ક્યારેક તે પ્રદેશના લોકસાહિત્યનો અભ્યાસ ઘણો ઉપયોગી નિવડે છે.સંશોધકને પૂર્વભૂમિકા બાંધી આપવામાં મદદગાર થઇ શકે છે.આવી વિગતોને સંશોધક પોતાની ઇતિહાસિક કલ્પનાશક્તિ તેમજ વૈજ્ઞાનિક અભિગમથી વિશ્લેષણ કરી સંયમપૂર્વક ગોઠવે છે.

કચ્છ ભારતદેશના પશ્ચિમ ભાગમાં આવેલો વિસ્તારની દ્રષ્ટિએ સૌથી મોટો જિલ્લો છે.કુદરતે કચ્છને ઘણી બધી વિવિધતાઓ આપી છે.આવા વિશાળ પ્રદેશનો ઇતિહાસ પણ ઘણો વિશાળ અને પ્રાચીન જણાય છે.આ પ્રદેશના ઇતિહાસને પ્રજા સુધી લાવવા કચ્છના ઘણા કવિઓ,લેખકો અને ઇતિહાસકારોએ પોતાનું જીવન અર્પણ કર્યું છે.એમાંના એક છે શ્રી દુલેરાય કારાણીજી.

શ્રી દુલેરાય કારાણીજીએ કચ્છની ભૂમિ પર ઘણા લાંબા સમય સુધી ભ્રમણ કરીને કચ્છની કલા-સંસ્કૃતિ,ભૂગોળ,રાજનીતિ,આર્થિક પાસાંઓ,સવિશેષ પાત્રોના જીવન-કવન વિશે માહિતી મેળવી છે,અનુભવો કર્યા છે અને એમની સાહિત્યિક રચનાઓમાં આલેખન કર્યું છે.ખાસ કરીને ગુજરાતી તેમજ કચ્છી ભાષામાં ગધ અને પધ શૈલીઓમાં લેખન કાર્ય કર્યું છે.એથી જ એ કવિ અને લોકસાહિત્યકારથી જાણીતા છે.તેમના લખેલા ઐતિહાસિક નાટકો રંગમંચ પર ભજવાઇ ચૂક્યા છે.તેમની રચનાઓ અનુભવો અને સંશોધનો આધારિત વધુ જણાય છે.કારાણીજીનું સમગ્ર જીવન કચ્છને સમર્પિત રહ્યું છે.કલમના સહારે કચ્છના ઇતિહાસ અને સાહિત્યની સેવા કરી છે.એમના સાહિત્યના મીઠા ફળ આજે કચ્છના અભ્યાસુઓ મેળવી રહ્યા છે.

**દુલેરાય કારાણીજીનું જીવન:**

દુલેરાય કારાણીજીનો જન્મ,તારીખ-૨૬-૦૨-૧૮૯૬ ના રોજ થયો.પિતા લાખાભાઇ કારાણી સાહિત્યપ્રેમી.કચ્છના પેરીસ સમાન મુન્દ્રા શહેરમાં જન્મ્યા અને મેટ્રિક સુધીનું શિક્ષણ મેળવ્યું.તેમણે અંગ્રેજી,ઉર્દુ,ફારસી ભાષા ઉપરાંત હિન્દી તેમજ વ્રજભાષાનું પણ જ્ઞાન મેળવ્યું હતું.ઉર્દુની સહાયથી સિંધી લિપિને પણ જાણી લીધી હતી.

કારકિર્દીની શરૂઆત કચ્છમાં પ્રાથમિક શિક્ષક તરીકે થઇ હતી અને છેલ્લે કચ્છના ડેપ્યુટી એજ્યુકેશનલ ઇંસ્પેક્ટર તરીકે નિવૃત્ત થયા હતા.સમગ્ર કચ્છના શિક્ષણની જવાબદારી હોવાથી આખા કચ્છમાં એમને મુલાકાતોએ જવાનું થયું હતું અને એની સાથે કચ્છને બારીકાઇથી અવલોકવાનું પણ મળ્યું.આ દરમ્યાન જ કચ્છને લગતી ઘણી બધી જાણકારી એમને મળી.એમાં લોકગીતો,લોકકથાઓ,રિવાજો,પરંપરાઓ,સ્થાનિક ઇતિહાસથી માહિતગાર થયા.અને એની અસર એમના સાહિત્યમાં જોવામાં આવે છે.નિવૃત્તિ પછી સોનગઢના આશ્રમમાં રહીને જૈન સમાજના બાળકોને કેળવણી આપતા રહ્યા.કારાણીજીની સાહિત્યિક આરાધનામાં કચ્છના મહારાઓશ્રી મદનસિંહજીસાહેબ અને જૈનમુનિશ્રી કલ્યાણચંદ્રજી મહારાજની સતત પ્રેરણા મળતી રહી જેના પરિણામે તેમની સાહિત્ય પ્રવૃત્તિ ઘણા ક્ષેત્રે વિકાસ પામી હતી.ગુજરાત સરકારે તેમનું સને ૧૯૮૧ માં ગૌરવ પુરસ્કારથી સન્માન કર્યું છે તેમજ તે સમયે ગુજરાત લોકસાહિત્ય સમિતિના સભ્યપદે સ્થાન આપ્યું હતું.રાષ્ટ્રીયકક્ષાએ તેમના કાર્યની નોંધ લેવાય તે માટે પદ્મશ્રીના ખિતાબ માટે ભલામણ કરાઇ હતી પરંતુ કોઇ પ્રતિભાવ મળ્યો ન હતો.રાષ્ટ્રીય શાયરનું બિરુદ પામેલા ઝવેરચંદ મેઘાણીજીએ પણ એમને બિરદાવ્યા છે.

કારાણીજી જે તારીખે જન્મ્યા હતા એ જ તારીખે એટલે કે તારીખ-૨૬-૦૨-૧૯૮૯ ના રોજ પૂર્ણ ૯૩ વર્ષની વયે દેહાવસાન પામ્યા છે.

**દુલેરાય કારાણીજીના સાહિત્યમાં કચ્છની ઐતિહાસિક સામગ્રી:**

દુલેરાય કારાણીજીએ રચેલા સમગ્ર સાહિત્યમાં ઘણી જગ્યાએ કચ્છના ઇતિહાસ સંબંધી જાણકારી મળી રહે છે.આમ છતાં નીચેના પુસ્તકોમાં કચ્છપ્રદેશ અને તેના ઇતિહાસલક્ષી માહિતી મળી રહે છે.

**કચ્છ કલાધર :**

દુલેરાય કારાણીજીની સાહિત્યિક રચનાઓમાં કચ્છ કલાધર ભાગ-૧ અને ૨ એ દળદાર ગ્રંથો છે.ભાગ-૧ માં શરૂઆતમાં કારાણીજીએ રચેલ કાવ્ય"ગરવી કચ્છ ધરા ગુણવંત"રજૂ કરેલ છે જેમાં કચ્છની ભૂગોળ,પર્વતો,નદીઓ,સંતો,દેવી-દેવતાઓ,પીર,ખનીજો,ધાર્મિક સ્થળો,પશુઓ,નગરો,વનસ્પતિ-ઔષધિઓ,પાળિયા વગેરેનો પરિચય આપ્યો છે.ત્યારબાદ પ્રાચીન કચ્છની રૂપરેખા કે જેમાં શાસ્ત્રગ્રંથોને ટાંકીને કચ્છની પુરાતન સ્થિતિનો ખ્યાલ આપ્યો છે.આ ઉપરાંત યાદવકથાઓ,ચૂડાસમા,સમાવંશથી માંડી કચ્છમાં જામ રાજવીઓનો પરિચય જાણવા મળે છે જેમાં,જામ ફૂલ,જામ ચનેસર,જામ લાખો ફુલાણી,જામ પુંઅરો વગેરેના પાત્રાલેખનો સ્થળનિર્દેશ સાથે જોવામાં આવે છે.અહીં કચ્છના રાજકીય વંશોનો ઇતિહાસ અને કથાઓ માણવા મળે છે.ગૂંતરીગઢ અને કંથકોટના કિલ્લાઓના સ્થાપનાનો ઇતિહાસ મળી રહે છે.લાખા ફુલાણીના જન્મ સાથે જોડાયેલી દંતકથાઓનું વર્ણન કરેલ છે અને એ દંતકથાઓનું વર્તમાનમાં અવલોકનો કરેલા જોવા મળે છે.જેમકે,લાખો ફુલાણી દરરોજ

 **ISBN: 978-81-952708-6-6**

નવો કૂવો ખોદાવી દાતણ કરતો.આ બાબતની પુષ્ટિના સંદર્ભમાં પાદનોંધ એવી કરેલ છે કે,"હબાયના ડુંગરમાં આજે અનેક કૂવાઓ જોવામાં આવે છે."બીજી વિગત એમ છે કે ,ભાટ-ચારણોની કથા મુજબ લાખો ફુલાણી બાજરીનું બીજ ઇરાનથે લાવ્યો હતો.કચ્છ પ્રદેશમાં પહેલા કાઠી લોકો વસતા હતા અને બાદમાં કચ્છમાંથી વિદાય થયા હતા તે પાછળના કારણો આ ખંડમાં જાણવા મળે છે.

આ સિવાય અન્ય વિગતોમાં કચ્છના પ્રચલિત પ્રાદેશિક શબ્દો,રૂઢિપ્રયોગો,દોહા એની ગુજરાતીમાં સમજૂતી સાથે આપવામાં આવ્યા છે.છાશના પ્રકાર,કચ્છી તોલમાપ વગેરેની જાણકારી મળી રહે છે.

કચ્છ કલાધર ભાગ-૨ માં ઓઢા જામ અને હોથલ પદમણીની પ્રણયકથાથી શરૂઆત થાય છે.આ ખંડમાં જેસલ-તોરલની પ્રસિધ્ધ કથાનું વર્ણન મળી રહે છે.હાલનું ભદ્રેસર એટલે તત્કાલીન ભદ્રાવતી નગરીમાં જગડુ દાતારની દાતારીના પ્રસંગો અને તેણે બંધાવેલા સ્મારકોની જાણકારી મળે છે.કચ્છમાં જાણીતા પ્રસિધ્ધ સંત મામૈદેવની હત્યા અને તે પછી તેમના મુખેથી નીકળેલી આગમવાણી(ભવિષ્યવાણી)ના કેટલાક અંશ અહીં આ ભાગમાં રજૂ કર્યા છે.આજે પણ કચ્છના ચાંગડાઇ ગામે મામૈદેવનું સ્થાનક આવેલું છે અને દર વર્ષે ચૈત્ર સુદ આઠમના દિવસે આવતા વર્ષનું ભવિષ્ય ભાખતો એક ફકરો નીકળે છે.ક્યારેક આ ફકરા સાચા પણ પડી જવાના કિસ્સા છે.

અમદાવાદમાં જ્યારે મહમ્મદ બેગડાનું શાસન હતું તે દરમ્યાન શિકાર વખતે રાવશ્રી ખેંગારજીએ મહમ્મદ બેગડાનો જીવ બચાવ્યો હતો અને એના બદલામાં રાવશ્રીને તેમનું કચ્છ રાજ્ય પાછું મેળવવા મદદ કરી જેથી કરી રાવશ્રીએ સને ૧૬૦૫ માં ભુજ નગરનું તોરણ બાંધ્યું(સ્થાપના કરી).ત્યારથી કરીને કચ્છ રાજ્યનો સળંગ ઈતિહાસ મળી રહે છે.આ ખંડમાં રાવશ્રી ખેંગારજીના શાસનથી માંડી સને ૧૯૪૭માં ભારત સ્વતંત્ર્ય બન્યું અને જેમણે કચ્છ રાજ્યને ભારતસંઘમાં જોડવાની કાર્યવાહી કરી એવા કચ્છના મહારાઓશ્રી મદનસિંહજીના સમય સુધીનો ઈતિહાસ જાણવા મળ્યો છે.

કચ્છના સંતો અને કવિઓ :

કચ્છના સંતો અને કવિઓ ગ્રંથ બે ભાગમાં પ્રકાશિત થયેલો છે.કચ્છની સંસ્કૃતિ અને સંસ્કાર સિંચનમાં ઘણા બધા મહામાનવોનો ફાળો રહેલો છે.તેમાં સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે ઉત્થાનના કાર્યો કરનાર સંતો અને કવિઓ કચ્છના ખૂણે-ખૂણે જોવા મળ્યા છે.

પ્રથમ ખંડમાં સહજાનંદ સ્વામીનું કચ્છ ભ્રમણ અને તેમણે જ્યાં પધરામણી કરેલી તે સ્થાનોની માહિતી આપેલી છે.આ ઉપરાંત જેસલ-તોરલ,સંતશ્રી ગરીબદાસ,સંત ભાણસાહેબ ,સંત ત્રિકમદાસ,નાથ સંપ્રદાયના મહાત્મઓ,હાજીપીર,પીર શાહમુરાદ,વ્રજવાણી કે જે આહિર સમાજની સતી સ્ત્રીઓનું આરાધ્ય સ્મારક છે તે પાછળની કથા જાણવા મળી છે.આવા ઘણા ધાર્મિક ક્ષેત્રના મહાત્મા સ્ત્રી-પુરૂષોની વાતો તેમના ભજનો,ગીતો,દોહા સાથે જોવામાં આવે છે.કવિઓના ભાગમાં ૧ થી ૭૦ એમ ૭૦ કવિઓનો પરિચય તેમની રચનાઓ સાથે માણવા મળે છે જેમાં કચ્છના ભૂતકાળના ચિહ્નો જોવા મળે છે.સંવત ૧૮૦૮ માં કચ્છની ગાદીએ વિરાજેલા મહારાઓશ્રી લખપતજીએ સ્થાપેલી 'વ્રજભાષા પાઠશાળા' તે સમયની ભારતમાં કવિઓના સર્જન માટેની અદ્વિતિય સંસ્થા હતી.મહારાવે ખુદ પણ કેટલાક સાહિત્યનું સર્જન કરેલું છે.

બીજા ભાગમાં કાપડીવંશની સ્થાપના અને તેના સંતશ્રી મેકણદાદાનો ઈતિહાસ રજૂ કરેલો છે જેનો સંબંધ રામાયણ સમય સાથે જોડાયેલો છે એવું જાણવા મળ્યું છે.આ ઉપરાંત દાદા કંથડનાથ અને અન્ય જાણીતા સંતોનો પરિચય આપવામાં આવ્યો છે.આ જ ભાગના બીજા વિભાગમાં કુલ ૫૪ જેટલા કવિઓની જીવનઝરમર કરાવવામાં આવી છે.

ઉપરોક્ત બંને ભાગોમાં સંતો અને કવિઓ જેમાં કચ્છ રાજ્યામલ દરમ્યાનના તમામ ધર્મ,સંપ્રદાયના સંતોનો સમાવેશ થયેલો છે.તેની સાથે સાથે તે સંતો –કવિઓએ રચેલા કાવ્યો,ગીતો,સાખીઓ,દુહા પણ ગુજરાતી અર્થસહિત વર્ણવેલા છે.જે અભ્યાસુઓને સમજવામાં ઉપયોગી થાય છે.

**કારા ડુંગર કચ્છ જા :**

કારાણીજીએ સંપાદિત કરેલું પુસ્તક ,'કારા ડુંગર કચ્છ જા'એ મૂળલેખક એલ.એફ.રશબ્રુક વિલિયમ્સનું પુસ્તક –The Black Hills KUTCH(In History and Legend)-A Study in Indian Local Loyalties નું અનુવાદ વસંતરાય પટ્ટણીએ કરેલું છે.કચ્છના ઈતિહાસ અંગે અભ્યાસ કરવા માટે આ પુસ્તક ખૂબજ અગત્યનું છે.મૂળલેખક રશબ્રુક વિલિયમ્સે કચ્છના કૉન્સ્ટિટ્યુશનલ એડવાઈઝર તરીકે સને ૧૯૩૨ થી ૧૯૩૫ સુધી કામ કર્યું હતું કચ્છના ભૂતકાળ અને વર્તમાન સુધીના ઈતિહાસનું નિરૂપણ કરાયેલું છે.કચ્છની સમસ્યાઓ અને બ્રિટિશરોની કચ્છમાં દરમ્યાનગીરીની વિગતો પ્રમાણો સાથે આપેલ છે.સ્થાપત્યો,બંદરો,રણની સમસ્યા,આઝાદી સમયની કચ્છની સ્થિતિનું વર્ણન જાણવા મળે છે.ઘણી જગ્યાએ ફોટાઓ સહિતની માહિતી આપેલ છે.

**કચ્છનો ક્રોમવેલ જમાદાર ફતેહમહમ્મદ :**

ઉક્ત પુસ્તકમાં કચ્છના પરાક્રમી ,કર્તવ્યનિષ્ઠ જમાદાર ફતેહમહમ્મદનો ઈતિહાસ અને કચ્છની તત્કાલીન રાજનીતિનો ખ્યાલ આ પુસ્તકમાં આપેલ છે.હૈદરાબાદના ટીપુ સુલતાન સાથેના તેના સંબંધોની જાણકારી અહી વર્ણવેલ છે.આ બાબતની સાબિતીરૂપે હાલ ભુજના કચ્છ મ્યુઝિયમ ખાતે રાખવામાં આવેલ ટોપના અવલોકન પરથી મળે છે.

**કચ્છની રસધાર:**

 **ISBN: 978-81-952708-6-6**

કચ્છની રસધાર જેવા દળદાર પુસ્તક કુલ પાંચ ખંડમા છે.જેમાં કચ્છની ઐતિહાસિક કથાઓ વર્ણવવામાં આવેલી છે.ક્રાંતિગુરૂ પંડિત શ્યામજીકૃષ્ણવર્માકૃષ્ણવર્મા અને વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણઇંદ્રજી,જૈન શ્રેષ્ઠીઓ વગેરેની અર્વાચીનયુગના ઇતિહાસનો અહી જાણવા મળે છે.કારાણીજીના પુત્ર શ્રી બાલમોહન કારાણીએ 'કચ્છની રસધાર'ની સંયુક્ત આવૃત્તિ સને ૨૦૧૬ માં પ્રગટ કરેલ છે.

**જામ અબડો અભંગ:**

આ પુસ્તક કચ્છના સિંહ સમાન જામ અબડાજી એક પરાક્રમી રાજવીની ઐતિહાસિક નવલ છે.જેમાં અલ્લાઉદ્દીન ખલજીના કચ્છના જામ અબડા સાથેના સંઘર્ષની કથા વર્ણવવામાં આવેલ છે.

**ઉપસંહાર:**

ઉપરોક્ત કારાણીજીની રચનાઓમાં કચ્છના ઇતિહાસ ને લગતા લગભગ તમામ પાંસાઓ વિશે જાણવા મળે છે.તેમના સાહિત્યમાં જે પણ ઐતિહાસિક માહિતી આપવામાં આવી છે તે પુરાવાઓ અને અસલ દસ્તાવેજો પરથી લેવામાં આવી હોય એવું આ પુસ્તકોના વાંચનની પ્રતિત થાય છે.પ્રણયકથાઓ,ચરિત્રો,કવ્યો,વગેરેમાં ઇતિહાસનું તત્વ જોવામાં આવે છે.જેમ ઝવેરચંદ મેઘાણીજી એ સૌરાષ્ટ્રની સંસ્કૃતિમાં ઇતિહાસનું દર્શન કરાવેલું છે તેમ કચ્છની લોકસાહિત્યિક કૃતિઓમાં કચ્છના ઇતિહાસનું દર્શન કરાવ્યું છે.મુખ્ય કૃતિઓ અને ઐતિહાસિક બાબતો રજૂ કરવાનો અહી પ્રયાસ કરેલો છે પરંતુ કારાણીજીની તમામ કૃતિઓની વિગતો રજૂ કરી શકાય એમ નથી એ એક મર્યાદા છે.અંતે એટલું તો જરૂર છે કે કચ્છના ઇતિહાસનો અભ્યાસ કે ઐતિહાસિક સંશોધનોમાં દુલેરાય કારાણીજીના સાહિત્યમાંથી પસાર થવું જ પડશે.

**સંદર્ભ સૂચિ:**

1. કારાણી દુલેરાય, કચ્છ કલાધર ભાગ-૧,પ્રવીણ પ્રકાશન પ્રા.લિ., રાજકોટ, સાતમી આવૃતિ ૨૦૧૦.
2. કારાણી દુલેરાય, કચ્છ કલાધર ભાગ-૨,પ્રવીણ પ્રકાશન પ્રા.લિ., રાજકોટ, સાતમી આવૃતિ ૨૦૧૦.
3. કારાણી દુલેરાય, કચ્છના સંતો અને કવિઓ(ભાગ પહેલો),પ્રવીણ પ્રકાશન પ્રા.લિ., રાજકોટ, સંવર્ધિત આવૃતિ ૨૦૧૪.
4. કારાણી દુલેરાય, કચ્છના સંતો અને કવિઓ(ભાગ બીજો),પ્રવીણ પ્રકાશન પ્રા.લિ., રાજકોટ, સંવર્ધિત આવૃતિ ૨૦૧૪.
5. કારાણી દુલેરાય,સંપાદક,કારા ડુંગર કચ્છ જા,સંસ્કાર સાહિત્ય મંદિર,અમદાવાદ,બીજી સંવર્ધિત આવૃત્તિ ૨૦૧૬
6. કારાણી દુલેરાય, કચ્છની રસધાર,સંસ્કાર સાહિત્ય મંદિર, અમદાવાદ, સંયુક્ત આવૃતિ ૨૦૧૬.
7. કારાણી દુલેરાય, જામ અબડો અભંગ,સંસ્કાર સાહિત્ય મંદિર, અમદાવાદ, સંવર્ધિત આવૃતિ ૨૦૧૬.
8. કારાણી દુલેરાય, કચ્છડો બારે માસ,સંસ્કાર સાહિત્ય મંદિર, અમદાવાદ,૨૦૧૬.
9. અજાણી ઉમિયાશંકર,કચ્છના મહામૂલા માનવરત્નો,પ્રવીણ પ્રકાશન પ્રા.લિ.,રાજકોટ,૨૦૧૪
10. કારાણી દુલેરાય, કચ્છનો ક્રોમવેલ જમાદાર ફતેહ મહમ્મદ,સંસ્કાર સાહિત્ય મંદિર, અમદાવાદ,સંવર્ધિત આવૃત્તિ,૨૦૧૬.
11. ગઢવી શંભુદાન ઇશ્વરદાન, કચ્છ દર્શન,પ્રવીણ પ્રકાશન પ્રા.લિ.,રાજકોટ,૨૦૧૯.
12. ભગવતસિંહજી,સંક્ષિપ્ત ભગવદ્રોમંડલ,પ્રવીણ પ્રકાશન પ્રા.લિ.,રાજકોટ,૨૦૦૨

 **ISBN: 978-81-952708-6-6**

# સ્વતંત્રસેનાની સ્વ. શ્રી ગુણવંતરાય કાળીદાસ મહેતા

**Khabhala Shivabhai Danabhai**
Assistant Professor, Govt. Arts College, Wav (Banaskantha)
**Email :** shivakhabhala@gmail.com

સ્વતંત્રતાએ માનવીના જીવનનું એક આગવું પાસું છે. તેના વિના રાષ્ટ્ર, સમાજ વ્યક્તિનો વિકાસ થઈ શકતો નથી ઈ.સ. ૧૭૫૭ના પ્લાસીના યુદ્ધથી ભારતમાં વેપાર કરવાના ઉદશથી આવેલી બ્રિટીશ ઈસ્ટ ઇન્ડિયા કંપની ૨૪ પરગણાની સત્તા પ્રાપ્ત કરતાં થઈ ગયા હતાં. પરંતુ તેમની લાલાસા તીવ્ર બનતા ઈ.સ. ૧૭૬૪નાં બકસરનાં યુદ્ધ બાદ બંગાળ, બિહાર અને ઓરિસ્સાની દિવાની સતા પ્રાપ્ત કરીને ભારતના ભોગે ઈગ્લેન્ડ સમૃદ્ધ થાય એવી નીતિઓ બ્રિટીશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના ગવર્નરોએ અપનાવી હતી. તેથી ભારત આર્થિક ,રાજકીય, સામાજિક દ્રષ્ટીએ અંધકારમાં ગરકાવ થઈ ગયો. પરંતુ નિરાસા ખંખેરીને લોકોએ અંગ્રેજોને ભારતમાંથી હાંકી કાઢવા માટે પ્રથમ સ્વતંત્ર સંગ્રામ ઈ.સ. ૧૮૫૭માં લડાયો. જો કે તે સફળ થઈ શક્યો નહી.પરંતુ આ પ્રથમ સ્વાતંય સંગ્રામમાંથી પ્રેરણા મેળવીને રહી ગયેલી તૃટીઓને દૂર કરવા પ્રયાસ થયો અને ભારતને સંપૂર્ણ ગુલામીમાંથી નાબુદ કરવા માટ આદોલનો થયા.

ઈ.સ.૧૯૧૫માં ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત પરત ફર્યા ત્યારે સમગ્ર ભારતનો પ્રવાસ કરી ભારતીય ખેડૂતો, મજુરો, કામદારોના પ્રશ્નો તથા ભારતની આર્થિક પરીસ્થિતિનો ખ્યાલ મેળવીને લોકોની દુર્દશાનું કારણ અંગ્રેજો છે તેવું તેમને સમજાયું. અંગ્રેજોને હાકી કાઢવા અહીસક લડતો ચલાવી.તેમાં સમગ્ર ભારતને કેન્દ્રમાં રાખીને શરૂઆતની લડતો સફળ થઇ.તેથી તેમાંથી પ્રેરણા લઇ અનેક ભારતીય લોકોએ ગાંધીજીની વિચારસરણીથી પ્રભાવિત થઈને સ્વાતંત્ર્યસેનાનીઓ બનીને ગાંધીયુગના આંદોલનોમાં તેમનો યથાયોગ્ય ફાળો આપ્યો.

આપણા દેશને આઝાદી અપાવવામાં અનેક મહાપુરુષોનું પ્રદાન રહેલું છે અને આ મળેલી સ્વાધીનતા કઈ રીતે ખરા અર્થમાં સાકાર કરવી તે માટેના કાર્યો પણ આવા લોકો દ્વારા કરવામાં આવે છે. તથા આવા કાર્યો પાર પાડતી વખતે તેઓએ પોતાના કુટુંબની અને સમાજની પણ દરકાર કરેલી નથી. આપણા દેશને આઝાદ કરાવવામાં આવા અનેક નામી અનામી લોકોએ અમૂલ્ય ફાળો આપી આઝાદીને પોસવા માટે તન, મન અને ધનથી સેવા કરેલ છે.ભૂતકાળના ઇતિહાસ પાછળ નજર કરીએ ત્યારે આપણને એ બાબતનો ચોક્કસ ખ્યાલ આવે છે કોઈ પણ પ્રકારના પરિણામ પાછળ ઘણા લાંબા સમયના પરિબળો ભાગ ભજવતા હોય છે.

આપણા દેશને આઝાદી અપાવવામાં જે લોકોનો ફાળો છે તે પૈકીના એક લોકસેવક ક્રાંતિકારી કે પછી સ્વતંત્ર સેનાની કહો તો દરેક શબ્દ જેમના માટે સાર્થક નીવડે તેવા માં ભારતના સપુત શ્રી ગુણવંતરાય મહેતા વિશેની માહિતી આપવાનો આ મારો વિનમ્ર પ્રયાસ છે. તેઓ ઉત્તર ગુજરાતના સરહદી વિસ્તાર એવા વાવ તાલુકાના વતની છે.[૧]

સ્વતંત્રસેનાની સ્વ.શ્રી ગુણવંતરાય કાળીદાસ મહેતાનો જન્મ ૨૯મી એપ્રિલ ૧૯૩૨ના રોજ પોતાના વતન વાવમાં થયો હતો. તેમના પર તેમના માતા અને પિતા બંનેનો સારો એવો પ્રભાવ પડેલ. બાળપણથી જ માતૃત્વશ્રીએ સારા સંસ્કારોનું સિંચન કર્યું હતું અને પિતાજીએ સાહસિકતાના પાઠ શીખવ્યા હતા જેના ફળ સ્વરૂપે

 **ISBN: 978-81-952708-6-6**

તેમનામાં દેશદાઝની ભાવનાનો વિકાસ થયો અને યુવાન થતાં તેના રંગે રંગાયા અને પોતાના માતા પિતાનું નામ ઉજાળ્યું હતું. તેમના ધર્મપત્નીનું નામ દયાબેન છે અને દીકરાનું નામ રાજુભાઇ છે. ગુણવંતરાય મહેતાએ ફક્ત સાત ધોરણ સુધીનો જ અભ્યાસ કરેલ હતો.

તેમાં તેઓ ઘણા જ તેજસ્વી હતા પરંતુ જીવન ઘડતરમાં તેઓ ઘણા આગળ પડતા હતા રાષ્ટ્રવાદની પ્રવૃત્તિઓ કરતા કરતા તેમણે પાટણમાં આવેલી નર્મદાબાઈ સંસ્કૃત પાઠશાળામાં વેદનો અભ્યાસ કર્યો હતો. કારણકે આ પાઠશાળામાં રહેવાની અને જમવાની સુવિધા હોવાથી તે અંગેના પ્રશ્નોની ચિંતા ટળી હતી. અને રાષ્ટ્રની પ્રવૃત્તિ ચાલુ રાખી હતી. પુસ્તકોના વાંચનનો તેમને શોખ હતો અને જે જીવનભર ટકી રહ્યો હતો.[૨]

લોકસેવક એવાસ્વ.શ્રી ગુણવંતરાય કાળીદાસ મહેતાની ગાંધીયુગના આંદોલન સમયે ખૂબ નાની ઉંમર હતી પરંતુ તેમનું કાર્ય મોટું હતું.જો કે ગાંધીજીના શરૂઆતના આંદોલન એવા કે અસહકારની ચળવળ, સવિનય કાનૂનભંગ તથા અન્ય ખેડૂત આંદોલન જેવા આંદોલનમાં જોડાવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું ન હતું.પણ તેમના પિતા પાસેથી અંગ્રેજો ભારતનું શોષણ કરે છે અને ગાંધીજી દેશબાંધવોને તેમાંથી મુક્તિ અપાવવા માટે પ્રયત્નો કરે છે તેવું સાંભળતા જ તેઓની ઈચ્છા ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમમાં જોડાવાની થઈ. અંગ્રેજો સામે ગાંધીજીએ શરૂ કરેલી ૧૯૪૨ની હિંદ છોડો આંદોલન લડત સમયે તેમની ઉંમર ફક્ત દસ વર્ષની હતી. પરંતુ તેઓ આઝાદીની લડત સમયે હસ્તલિખિત (સાયક્લોન) પત્રિકાઓની કાળીદાસ ભોજક, પૂનમચંદ મફતલાલ પરીખની સૂચના અનુસાર લખીને ગામડે ગામડે જઈને પત્રિકાઓનું વિતરણ કરવાનું કામ શરૂ કર્યું. પત્રિકા વેચતા વેચતા સ્વાધીનતાના કાર્યો કરતા કરતા અનેક વખત અગ્રેજ ભાઇઓના હાથે પકડાઇ જતાં તો જેલવાસ ભોગવવાનો વારો આવતો. છતાં પણ જેલવાસ સહર્ષ સ્વીકારી લેતાં. તેમને શિહોરી જેલમાં બે દિવસ, સાદરા જેલમાં ૧૬ દિવસ, વડોદરાની ગાયકવાડી જેલમાં એક અઠવાડિયાની જેલની સજા ભોગવી હતી અને જેલમાંથી છૂટ્યા બાદ જે તે ક્રાન્તિકારી પ્રવૃતિઓ ચાલુ રાખતા હતા. એ સમયે વાવમાં રાણાજી વાઘેલા જાગીરદાર હતા. તેઓ અંગ્રેજોના આશ્રીત હતા.એટલે બ્રિટિશ સરકારની આવકનો છઠ્ઠો ભાગ મહેસૂલ તરીકે ઉગ્ર રીતે ઉઘરાવવાનો આગ્રહ રાખતા. તેથી ખેડૂતોની સ્થિતિ દયાજનક હતી. આથી લોકો અંગ્રેજો અને જાગીરદારોથી ત્રાસી ગયા હતા. લોકોનો ઉત્સાહ વધારવા માટે સ્વ.શ્રી ગુણવંતરાય મહેતા કહેતા કે આઝાદી આવશે તો તમારે જાગીરદારોને આવકનો છઠ્ઠો ભાગ આપવો નહીં પડે. વેઠ નહીં કરવી પડે.

ગાંધીજીના રચનાત્મક કાર્યોમાં જોડાઈને લોકોને શિક્ષણ આપવા રાત્રી વર્ગો શરૂ કર્યા. સાથે સાથે રાષ્ટ્રીય જાગૃતિના કાર્યક્રમો પણ પૂરા પાડવામાં આવતા હતા અને વિવિધ નાટકો, ગીતો, કવિતાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા લોકોને મનોરંજન પૂરું પાડવામાં આવતું હતું. વહેમ, અંધશ્રદ્ધા જેવા વિષયો પર પણ પ્રકાશ પાડવાનું કામ કરતા હતા. દારૂબંધી જેવા કાર્યક્રમમાં જોડાઈને દારૂના પીઠાઓ પર પીકેટીંગ કરવાનું કામ કરતા હતા. દારૂ બનાવવા માટે જે સામગ્રી મળતી તેનો નાશ કરતા હતા. તેઓ સભાઓમાં જતા, સરઘસ કાઢતા, વિદેશી કાપડની હોળી કરતાં. સ્વદેશી કાપડ બનાવવાનો પ્રચાર કરતા. સાળવીયો પણ વધુ મળતા સુતર કાંતીને અમદાવાદ, પાલનપુર, અને વિજાપુર ખાદી ઉદ્યોગ કેન્દ્રમાં બનાસકાંઠા જિલ્લાનું સૂતર લઈ જતા હતા.[૩]

લોકસેવાના કાર્યોમાં પણ તેમનું આગવું પ્રદાન રહેલું છે બનાસકાંઠા જિલ્લામાં પૂર સમયે અકબરભાઈ ચાવડા સાથે મળીને પૂર પીડિત લોકોમાં રાહતના કાર્યો કરીને બચાવો પ્રવૃત્તિ કરતા હતા. મહામારી કે રોગચાળા

 **ISBN: 978-81-952708-6-6**

સમયે લોકોના ઘર સુધી જઈને દવા પહોંચાડવાનું કામ કરતા હતા. અને રક્તપિત્તના દર્દીઓની સેવા કરતા કે જેમની સમાજ દ્વારા તિરસ્કૃત કરેલા હતા. હંમેશા પારકાનું ઇચ્છનારા આ સેવકને કોઈ પણ પ્રકારની કારકિર્દીની ચિંતા ન હતી. ૧૯૫૩માં લોક બોર્ડમાં કારકુન તરીકે જોડાઈને લોકોની સેવા કરી. વેદનો અભ્યાસ કરેલ હોવાથી વેદાંત શાસ્ત્રી તરીકેની પણ ફરજ બજાવેલી છે.

વાવ સ્ટેટમાં રોળિયું પડ્યું અને લોકો તેનાથી મૃત્યુ પામતા હતા. એવા સમાચાર ગાંધીજીએ છાપાઓમાં વાંચ્યા અને વાવના રાણોજીને પત્ર લખ્યો કે તમારા સ્ટેટમાં વસ્તી મરી રહી છે તે માટે ઘટતું કરો. વળતા જવાબમાં વાવના રાણોજીએ કહ્યું કે હું મારા ગજા પ્રમાણે કામ કરી રહ્યો છુ.મારૂં સ્ટેટ નાનું છે અને વધારે કામ માટે આપના સહકારની જરૂર છે. એવા સમયે ભરૂચ જિલ્લાના મામલતદાર નર્મદાશંકર અને તેમની ધર્મપત્ની શ્રીમતી કમલાબેનને બનાસકાંઠામાં મોકલ્યા અને તેમની સાથે ગુણવંતરાય મહેતા સાહેબ પણ જોડાયા અને બનાસકાંઠાના સંસદ સભ્યશ્રી અકબરભાઈ ચાવડા પણ જોડાયા હતા. ગામે-ગામ ફરીને લોકોને દવા- ગોળીઓ આપતા હતા અને  નામ નોંધતા હતા. લોકો આરોગ્યની સાથે સાથે દેશની આઝાદીની પ્રવૃત્તિ અને કેળવણીથી લોકોને જાગૃત કરવાનું કામ કરતા હતા.

ભારતની સ્વતંત્રતા બાદ દેશી રાજ્યોના વિલીનીકરણ વખત રાધનપુર નવાબે પાકિસ્તાનમાં ભળવાની તૈયારી કરી અને તેમાં કેટલાક જાગીરદાર પણ જોડાયા હતા. એવા સમયે બનાસકાંઠા સ્વતંત્રસેનાની અને સાંસદ શ્રી અકબરભાઈને સાથે લઈને સ્વતંત્ર સેનાની શ્રી ગુણવંતરાય ગામે ગામ ફરીને જાગીરદારોને ખાતરી કરી અને ભારત તરફી રહેવાની અપીલ કરી હતી.

ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધ સમયે રાહત સામગ્રી પહોંચાડવાથી લઈને સૈનિકો માટે દાક્તરી સુવિધા અને તેમની જરૂરિયાતની વસ્તુઓને પહોંચાડવાનું કામ તથા લોકોમાં યુદ્ધનો ખોટો ડર ન પેસે અને લોક જાગૃતિ આવે તે માટેના પ્રયત્ન કરતા હતા. ક્યારેક  તો સૈનિકો માટે દારૂગોળો બનાવવા માટેનું કામ પણ આવી પડતું હતું.[૪]

આમ પોતાના હિત માટે તો દરેક જણ કાંઇ પણ કરવા તૈયાર હોય છે પરંતુ જ્યારે રાષ્ટ્રના હિતની કાર્યની વાત આવે ત્યારે દરેક માટે એક મોટો પ્રશ્ન બની જતો હોય છે. કેમકે તે સમયે અનેક મહા મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. તથા પરિવાર અને સમાજ માટે સંયોજન સાધવામાં વ્યક્તિએ અનેક ભોગ આપવો પડતો હોય છે. રાષ્ટ્ર માટે આવો ભોગ એવી વ્યક્તિ જ આપી શકે કે જેને પોતાની નહિ પરંતુ પોતાના રાષ્ટ્રની વધુ ચિંતા હોય. આવી વ્યક્તિઓના નામમાં આપણે ચોક્કસપણે કહી શકીએ કે વાવના વતની સ્વતંત્ર સેનાની સ્વ. શ્રી ગુણવંતરાય કાળીદાસ મહેતા એક રાષ્ટ્રવાદી. રાષ્ટ્હિતેચ્છુ હતા એવું કહી શકાય. આવા મહાન વ્યક્તિનું અવસાન 17/06/2016ના રોજ પોતાના વતન વાવમાં થયું હતું.

વિવિધ ક્ષેત્રે રાષ્ટ્રની સેવા કરી હોય તેમને અને તેમના આશ્રિતોને સ્વવિવેકાનંદ નીધિમાંથી સ્વાતંત્ર્ય સેનાની સ્વ. શ્રી ગુણવંતરાય કાળીદાસ મહેતા વાવ તા. વાવ જિલ્લો  બનાસકાંઠાને  તા.07/07/1990થી તા. 31/07/1994સુધી રૂપિયા 500/-(અંકે રૂપિયા પાંચસો પુરા) તથા તા..01/08/1994થી તા.31/07/1996 સુધી 650/-(અંકે રૂપિયા છસો પચાસ રૂપિયા પુરા), તા.01/08/1996 થી 14/08/1997 સુધી રૂપિયા 800/-(અંકે રૂપિયા આઠસો પુરા), તા.15/08/1997થી આજીવન રૂપીયા 1500/-(અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) ભારત સરકારની


**ISBN: 978-81-952708-6-6**

પેન્શન યોજના અન્વયે તેઓએ જો પેન્શન માટે અરજી કરી હોય અને તે મુજબ ભારત સરકાર તેઓને કોઈ પણ પેન્શન મંજૂર કરે તો તે પેન્શન મંજૂર થયાની તારીખથી અત્રેથી મળતું પેન્શન બંધ થવાને પાત્ર રહે છે.

આમ સ્વતંત્રતાના આંદોલનમાં ગુજરાતની આગવી ભૂમિકા રહી છે.તેમાં એ સમયે પછાત ગણાતા બનાસકાંઠા જીલ્લાએ પણ ગાંધીયુગના આંદોલનમાં પોતાની સહ-ભાગીદારી પણ નોધાવી હતી. તેના નેતૃત્વમાં બનાસકાંઠાના અગ્રીમ સ્વતંત્રસેનાનીઓએ મહત્વની ભૂમિકા ભજવી હતી.અંગ્રેજોના શાસન પહેલા દેશી રાજ્યો અને બનાસકાંઠાની સમૃદ્ધી ચોમેર પ્રસરી હતી. અંગ્રેજોનો પ્રતિકાર કરવા માટે બનાસકાંઠાના થરાદ,વાવ,ભાભર,ધાનેરા ,રાધનપુર,પાલનપુર વગેરે સ્વતંત્ર્યસેનાનીઓએ અંગ્રેજો વિરુધ પ્રચાર કર્યો અને લોકોમાં જાગૃતિ લાવવાના ખાસ પ્રયાસો કર્યા હતા.

આમ વાવના સ્વતંત્રસેનાની સ્વ. શ્રી ગુણવંતરાય કાળીદાસ મહેતા સિવાય બનાસકાંઠા જીલ્લામાં અંગ્રેજો સામે બીજા અનેક નામી અનામી લોકોએ તથા સમુદાયોએ પોતાનું યથા યોગ્ય યોગદાન આપ્યું હતું.આમ સ્વતંત્રતા દરેક વર્ગના ઘણા બધા પ્રયત્નોથી મળી છે. પરંતુ આઝાદી અખંડ ના મળતા ભારત – પાકિસ્તાન એવા બે દેશ અસ્તિત્વમાં આવ્યા.તો ત્યાના નિર્વાસિતોને થરાદ, સુઈગામ, વાવ ,પાલનપુર ,રાધનપુર વગેરેમાં વસાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.તથા ભારત –પાકિસ્તાન બોર્ડેર સુઈગામ સરહદ નજીક નક્કી કરવા માટે ખાન અબ્દુલ ગફારખાન (સરહદના ગાંધી) અને સરદાર વલ્લભભાઈ પટેલ પણ આવ્યા હતા.અને જે નિર્વાસિતોને ભારતમાં લાવવા મદદ કરનાર રણછોડભાઈ સવાભાઇ રબારી તેમને પણ ભારત – પાકિસ્તાન યુદ્ધ વખતે લશ્કરને સહીસલામત હથીયાર, ખોરાક,અને તમામ પ્રકારની સવલતો પૂરી પડવાનું ભગીરથ કાર્ય કર્યું હતું.

**સંદર્ભ ગ્રંથો**

1. આચાર્ય,ગુણવંતરાય “મારી જીવનયાત્રા ” પરિચય પુસ્તિકા ,પૃ.૫-૬-૭
2. મહેતા,રાજુભાઈની રૂબરૂ મુલાકાત તા.૧૩/૩/૨૦૨૨
3. રૂબરૂ મુલાકાત ,એજન
4. આચાર્ય,ગુણવંતરાય “મારી જીવનયાત્રા ” પરિચય પુસ્તિકા,પૃ. ૭
5. સચિવાલય,સામાન્ય વહીવટ વિભાગ, પરિપત્ર ક્રમાંક – ૧૦૯૨,૪૦૨૦-૧૦/૧૬/૫૦૧ ગાંધીનગર

 **ISBN: 978-81-952708-6-6**

# દરબાર ગોપાળદાસ દેસાઇ
## (આઝાદીની લડત માં સર્વસ્વ સમર્પિત કરનાર રાજવી અને સ્વાતંત્ર્ય સેનાની)

ડૉ. સંજયકુમાર આર. સખીયા
વિદ્યાવિહાર હાઇસ્કૂલ – આટકોટ
Email- drsanjaysakhiya@gmail.com



દરબાર ગોપાળદાસ ને ભારતના પ્રથમ રાજકુમાર તરીકે યાદ કરવામાં આવે છે. જેમણે બ્રિટીશ રાજ સામે સ્વતંત્રતા સેનાની બનવા માટે પોતાનું રજવાડું છોડી દીધુ હતું. દરબાર ગોપાળદાસે સ્વતંત્રતા ચળવળ અને ગુજરાત ના રજવાડાઓમાં એકીકરણ માં મુખ્ય ભૂમિકા ભજવી હતી. પરંતુ ભાગ્યે જ તેમને શ્રેય મળ્યો હતો. અલબત, તેમણે ક્યારેય આકાંક્ષા નહોતી કરી.

બીજુ કે આજથી સો વર્ષ પહેલા સૌરાષ્ટ્રમાં એક એવા રાજવી થયા જેમણે ' હરિજનો' ને પોતાની પાસે બેસાડ્યા , ગળે લગાવ્યા, એટલું જ નહી આ રાજવી એ તેમના છેલ્લા સંતાન ના જન્મ પહેલા જાહેર કર્યુ કે '' જો દીકરી જન્મશે તો તેને હરિજન દીકરા સાથે પરણાવશે'' જોકે તેમના ધર્મ પત્ની ભક્તિ બા એ દીકરાનો જન્મ આપ્યો હતો. આપણે વાત કરી રહ્યા છીએ સૌરાષ્ટ્રના ઢસા અને રાય – સાંકળી ના રાજવી દરબાર ગોપાળદાસ દેસાઇ ની....

### પૂર્વ કારકિર્દી

ગોપાળદાસ અને તેનાં પૂર્વજો ખડ્તલ પાટીદારો હતા. તેમનાં પૂર્વજ દેસાઇ ભાઇ અમીન ની હિંમત અને મરાઠા ગાયકવાડ સાથેના તેમના સંબંધો ખૂબજ નજીક ના રહ્યા છે. ગોપાળદાસ અને તેમના પૂર્વજો નીચેની વિશેષતાઓ ધરાવતા હતા.

1. તેઓ બરોડા સ્ટેટ નાં ઇનામદાર હતા.
2. તેઓએ દેસાઇ અને અમીન પદવી પ્રાપ્ત કરી હતી.
3. જ્ઞાતિએ પાટીદાર અને વૈષ્ણવ ધર્મ પાળતા હતા.
4. તેમણે પોતાના જીવનનો મોટોભાગ સૌરાષ્ટ્રમાં વિતવ્યો હતો.
5. ઝવેરચંદ મેઘાણીએ આલેખેલ નવલકથા ઇ.સ. ૧૯૩૭ માં પ્રગટ થઇ હતી. જેનું નામ '' સોરઠ તારા વહેતા પાણી '' આ નવલકથા વાસ્તવવાદી હતી. અને તેમાં સુરેંદ્રદેવ નાં પાત્ર માં ' દરબાર ' અથવા રાજકુમાર ગોપાળદાસને તલસ્પર્શી રીતે રજુ કરેલ છે.

ઇ.સ. ૧૯૨૦ આસપાસ માં કાઠીયાવાડની સાંપ્રત પરિસ્થિતી જોઇએ તો ગાંધી આંદોલન ની અસર ખુબ ઓછા રજવાડાઓ માં વિસ્તરેલી હતી. આમ, એક સદી પહેલા સમાનતાના સિદ્ધાંતો ને ચરિતાર્થ કરનારા દરબાર ગોપાળદાસ દેસાઇનુ જીવન ઘટના પ્રધાન રહ્યુ છે. એટલેજ જાણીતા લેખક રાજ મોહન ગાંધી એ ગોપાળદાસ દેસાઇનુ જીવન – ચરિત્ર આલેખતુ પુસ્કત લખ્યુ છે. આ પુસ્તકનુ નામ છે. " પ્રિન્સ ઓફ ગુજરાત, ધ એક્સ્ટ્રા ઓર્ડીનરી સ્ટોરી ઓફ પ્રિન્સ " આ ગ્રંથના સંદર્ભમાં આવો જાણીએ સ્વતત્રંત્તા સંગ્રામ અને દેશપ્રેમને સંજોગતી દરબાર ગોપાળદાસના જીવનની અનદેખી ઐતિહાસિક વાતો....

1. ગુજરાતમા ભદ્ર વર્ગ તરફ થી દલિતો અને મહિલાઓને સન્માન આપવાની જો કોઇએ શરૂઆત કરી હોય તો તે દરબાર ગોપાળદાસ દેસાઇ હતા.

 ISBN: 978-81-952708-6-6

2. ઉપરાંત આઝાદી મળ્યા પછી ગોપાળદાસ દેસાઇ એ ધાર્યું હોત તો પોતે ઉચ્ચ હોદો પ્રાપ્ત કરી શક્યા હોત પરંતુ તેમ કરવાના બદલે તેમણે અન્ય લોકોને લીડરશીપ માટે તૈયાર કર્યા.

અસ્પૃશ્યોના ઉદ્ધાર – ઉત્કર્ષ માટે દરબાર ગોપાળદાસ દેસાઇ એ પહેલ કરી હતી. આ વિશે ગોપાળદાસના દીકરા બારિન્દ્ર દેસાઇ લખે છે કે " મારા પિતાજીએ ચોથા સંતાનના જન્મ અગાઉ ગાંધીજી ને વચન આપ્યું હતું કે જો તેમનું હવે પછીનું સંતાન દિકરી જન્મશે તો તેને હરિજન દીકરા સાથે પરણાવશે."[1] તેમના રૂઢિચુસ્ત મિત્રો ને સારી રીતે ખબર હતી કે ગોપાળદાસ દેસાઇ જે કહે છે તે કરે જ છે. બારિન્દ્ર દેસાઇ હાલ અમેરીકામા રહે છે. તેઓ લખે છે કે. '' અસ્પૃશ્યો ( દલિ તો ) તરફ ના ભેદભાવ નો વિરોધ કરવા માટે ૧૯૨૮ મા પોરબંદર માં યોજાયેલી ચોથી કાઠિયાવાડ રાજકીય પરિષદમાં મારા માતા પિતા સુરેન્દ્રનગર થી પોરબંદર રેલ્વેમાં અસ્પૃશ્યો માટેના ' અનામત ' ડબ્બા મા બેસીને ગયા હ્તા ''[2] આ સિવાય ૧૯૩૬ મા દરબાર ગોપાળદાસ દેસાઇ એ ' અસ્પૃશ્ય ' ગણાતી જ્ઞાતિ માંથી આવતા ભિજૂભાઇ વાઘેલા નામના વ્યક્તિને બિન હરીફ ધારાસભ્ય તરીકે ચુંટીને મોક્લ્યા હતા. પુરા ભારત મા આ પ્રકારનો પ્રથમ કિસ્સો હતો. ૧૯૨૨ ના અરસામા નવજીવન મા ' કાઠિયાવાડ' વિશેષાંક મા રાજાઓને ઉદેશીને ગોપાળદાસે એક માર્મિક પત્ર લખ્યો હતો. .... આપણે રાજાઓ અને તાલુકદાર એવો દાવો કરીએ છીએ કે આપણે પ્રજાના રક્ષક છીએ. પણ ખરેખર આપણા રાજ્યો માં લોક લાગણી જેવું શું છે ? આપણા મંત્રીઓ પ્રજાનુ કઇ રીતે શોષણ કરાય એવી યોજનાઓ ઘડ્યા કરે છે. . વગેરે વગેરે.

### પ્રારંભિક કારકિર્દી

ઇ.સ ૧૮૮૭ મા જન્મેલા ગોપાળદાસ દેસાઇ નુ મૂળ વતન નડિયાદ પાસે આવેલ વસો ગામ હતુ.વસોના દરબાર અંબાઇદાસ દેસાઇ ( પાટીદાર ) ને કોઇ સંતાન હતુ નહી. એટલે તેમની બહેન સમજુબા ના દિકરા એટલે કે ભાણેજ ગોરધન ને દતક લિધો. દતક પુત્ર ને પોતાનો વારસ જાહેર કરી એને નવુ નામ આપ્યુ '' ગોપાળદાસ '' અંબાઇદાસ ના અવસાન પછી ઇ.સ. ૧૯૧૧ મા ગોપાળદાસે વિધિવત રીતે રાજ – કારભાર સંભાળ્યો. સૌરાષ્ટ્રનુ ઢસા અને રાય- સાંકળી તેમના તાબામાં દેખરેખ હેઠળ આવ્યુ. ઇ.સ ૧૯૧૧ માં જ્યારે ગોપાળદાસે ઢસા અને રાય સાંકળી ના રાજવી તરીકે પદભાર સંભાળ્યો ત્યારે એ રાજ્યનો વિસ્તાર ૧૨ ચોરસ માઇલ નો હતો. અને વસ્તી માત્ર ૧૫૦૦ ની હતી.

### પ્રજાલક્ષી કાર્યો

1. રાજા બનતા ની સાથે જ તેમણે જાહેર કર્યુ કે '' રાજ્ય મા દરેક વ્યક્તિ વિના સંકોચે તેમનો સીધો જ સંપર્ક કરી શકે છે.
2. તેમણે રાજ્યમાં મફત શિક્ષણ દાખલ કર્યુ હતું.
3. ઇ.સ. ૧૯૧૫ માં મેડમ મોન્ટેસરીની કેળવણી થી પ્રભાવિત થઇને વસો માં પ્રથમ મોન્ટેસરી શાળા શરૂ કરી હતી. જેમાં માર્ગદર્શક તરીકે મોતીભાઇ અમીન ને રોક્યા હતા. ગુજરાત રાજયની તે પ્રથમ મોન્ટેસરી શાળા હતી.

### આઝાદીની લડતમાં

દરબાર ગોપાળદાસ રાજા હોવા છતા ગાંધીજીની આઝાદીની લડત માં સામેલ થવા અને અંગ્રેજો સામે ઝપંલાવ્યુ. ગાંધીજી સાથે લડતમાં જોડાયા, અંગ્રેજ સરકારે ૧૯૨૨ માં દરબાર ગોપાળદાસ નાં ઢસા અને રાય સાંકળી ને ટાંચમાં લીધું. અંગ્રેજોએ ગોપાળદાસના મોટા પુત્ર સૂર્યકાંતને નવા શાસક તરીકે દરખાસ્ત મુકી. જો કે સૂર્યકાંતે પણ આ ઓફર ને ફગાવી દીધી હતી. ત્યાર બાદ તેમના બીજાપુત્રોને રાજા તરીકે રાખવા ઓફર કરી.તેઓ બધાએ પોતાના પિતા ના પગલે ચાલીને ઓફરને ફગાવી દીધી હતી. આ ઘટ્ના બાદ

 ISBN: 978-81-952708-6-6

સરદાર વલ્લભભાઇ પટેલે કહ્યુ '' ભાઇશ્રી ગોપાળદાસનો ત્યાગ ગુજરાતના ઇતિહાસ માં સુવર્ણ અક્ષરો માં લખાશે."

ગોપાળદાસની મિલકતો જપ્ત થયા પછી તેઓ બોરસદમાં સ્થળાંતરિત થયા હતા. જ્યાંથી તેમણે બોરસદ સત્યાગ્રહ માં ભાગ લીધો હતો. તેમના કાર્યોને લીધે જ ગાંધીજી એ જ તેમને દરબાર નું બિરુદ આપ્યું હતું. ઈસવીસન 1922માં બ્રિટિશ હકુમત હેઠળના વઢવાણ કેમ્પમાં કાઠિયાવાડ રાજકીય પરિષદ નું આયોજન કરવામાં આવેલ દેશસેવા માટે રાજગાદી નો ત્યાગ કરનાર દરબાર ગોપાળદાસ ને આ અધિવેશનમાં માનપત્ર આપવામાં આવેલ.[3]

કાઠીયાવાડ રાજકીય પરિષદ

તા.1/1/1939 ના કાઠિયાવાડ રાજકીય પરિષદની કાર્યવાહક સમિતિની બેઠક ગોપાળદાસ ના પ્રમુખ સ્થાને મળી હતી તે દિવસે રાત્રે લીંબડીમાં જંગી સભા થઈ જેમાં શહેર અને આસપાસના ગામોમાંથી લગભગ ૧૫,૦૦૦ માણસોએ હાજરી આપી હતી તે સમયે આ પ્રકારની મોટી સભા માં આ સભા ને ગણાવી શકાય. આ સભા માં નક્કી કરેલ ઠરાવ મુજબ લીંબડીમાં જવાબદાર પ્રજા પરિષદ તા.19 / 2 /1939 ના રોજ દરબાર ગોપાળદાસ નાં પ્રમુપ્રમુખસ્થા ભરવાનું નક્કી થયું. લીંબડી રાજ્યે દમન ગુજાર્યું ,ભક્તિ બા ની મોટર ઉપર હુમલો કરવામાં આવ્યો , ૭૦૦ જેટલા માણસો ઘાયલ થયા, પ્રજાએ હિજરત કરી, આ સત્યાગ્રહ ૧૯૩૯થી ૧૯૪૩ સુધી ચાલ્યો જેણે સમગ્ર ગુજરાત અને હિંદનું ધ્યાન દોર્યું હતું. [4]

૧૯૩૦ ની સવિનય કાનૂનભંગની ચળવળ માં સમગ્ર દેસાઇ પરિવાર ને સામુહિક જેલની સજા કરવામાં આવી હતી. જેમાં ગોપાળદાસ તેમનાં પત્નિ ભક્તિબા, પુત્રો મહેંદ્ર અને સુર્યકાંત અને તેમની ધર્મપત્નિઓ અને તેના છ મહિનાનો નવજાત પુત્ર બારીંદ્રને કેદ કરવામાં આવ્યા હતા. બારીંદ્રને સૌથી બાળ સ્વાતંત્ર્ય સેનાની તરીકે ઓળખવામાં આવે છે. ત્યારબાદ બારીંદ્રને કારણે ભક્તિબાને સાબરમતી જેલમાં સ્થળાંતરીત કરવામાં આવ્યા હતા.

૧૯૩૮માં હરિપુરા કોંગ્રેસના અધિવેશન ના તેઓ સ્વાગત સમિતિના અધ્યક્ષ રહ્યા હતા. તેમજ બોરસદ નગરપાલિકા અને ખેડા જિલ્લા લોકલ બોર્ડના પ્રમુખ રહ્યા હતા. વડોદરા રાજ્ય પ્રજા મંડળ તથા કાઠિયાવાડ રાજકીય પરિષદના પ્રમુખ પદ તમને શોભાવ્યા હતા.

ઇ.સ. ૧૯૪૭ માં વસોમાં લઘુમતિઓ પર હુમલો થયો ત્યારે ગોપાળદાસે નવી દિલ્લી માં બંધારણ સભાની કામગીરી બાજુ પર મુકી વસો દોડી ગયા હત. અને કોમવાદ થતો અટકાવેલ અને પીડીતો માટે રાહત અને વળતર ની વ્યવસ્થા કરી હતી.

- દરબાર ગોપાળદાસ અને તેમના પત્નિ ભક્તિ લક્ષ્મી આઝાદીની લડત માં રંગાઇ ગયા ખાદી આપનાવી અને સ્વદેશી ની લડતને વેગ આપવા હાકલ કરી. અનેક વાર જેલમાં ગયા એમ લેખક રાજમોહન ગાંધી તેમના પુસ્તક્ માં નોંધે છે. એટ્લુ જ નહી. ગોપાળદાસ અને તેમના ધર્મપત્નિ ભક્તિબા એ વૈભવ – વિલાસ નુ જીવન ત્યજી કઠીન અને પરિશ્રમ વાળુ જીવન પસંદ કર્યું હતું.
- એક રીતે તેઓએ શ્રીમંતાઈ છોડી સ્વેચ્છાએ ગરીબી સ્વીકારી ૧૯૯૨ મા સરદાર પટેલ ના દિકરી મણીબેન પાસે થી પ્રાપ્ત ડાયરી માં એવો ઉલ્લેખ મળે છે. કે દરબાર ગોપાળદાસ દેસાઇ ના રાજા હરિશ્ચંદ્ર હતા.
- મિત્રો અને માનવંતા વડીલો, હિંમતવાન બનો અને લોકહિત ના કામમાં જોડાવ વિદેશી વસ્ત્રનો ત્યાગ કરો. સ્વદેશી અપનાવો. મહાત્મા ગાંધી માં તમારી શ્રદ્ધા જાગે તેવી પ્રાર્થના...

ઐતિહાસિક નિર્ણયો :

દરબાર ગોપાલદાસ ને ત્રણ રીતે યાદ રાખી શકાય છે ૧. પ્રજા મંડળો ની ચળવળ માં ૨.દેશીરાજયોનાં ના વિલીનીકરણ માં અને ૩. આરઝી હકૂમતની સ્થાપના માં તેમનો ફાળો ખૂબ જ નોંધનીય રહ્યો છે


ISBN: 978-81-952708-6-6

- સમાજ નાં તમામ વર્ગ અને જાતિ ના લોકો ની સાથે દાંડીયારાસ રમવાનુ શરૂ કર્યું. ' અસ્પૃશ્યો ' ને પણ તેમાં જોડયા અને તેમની સાથે દાંડીયારાસ રમ્યા, એક સદી પહેલા આ એક ક્રાંતિકારી પગલું હતું.
- દરબાર ગોપાળદાસ ના આઝાદીની લડત માટે ફંડ આપવાના ઉમદા કાર્યો ની વાત જાણીને બહારવટિયો એભલ પટગીર પ્રભાવીત થયો હતો. અને તેણે પોતાના સાથીદારોને એવી સૂચના આપી હતી કે ' રાય સાંકળી " નાં લોકોને લુંટવા નહી.[5]
- આઝાદી મળવાના થોડા મહીનાઓ પહેલા જ અંગ્રેજો એ દરબાર ગોપાળદાસનું તેમનુ રાજ્ય પરત કર્યું. પણ તેમણે એક પળ નો વિચાર કર્યા વિના રાજ્ય સ્વીકારવા ની ના પાડી દીધી. તેમના ધર્મ પત્ની ભક્તિલક્ષ્મી દેસાઇ હતા. પરંતુ તેઓ ભકિતબા તરીકે વધુ જાણીતા છે.

ગોપાળદાસના ધર્મપત્નિ ભક્તિબા એ પણ ઇ.સ. ૧૯૨૨ થી સક્રિય ગાંધી આંદોલન મા જોડાવા માટે જેલની સજાનું જોખમ લઇને અંગ્રેજો વિરુદ્ધ ગાંધીવાદી ચળવળ્ મા જોડાવાનું પસંદ કર્યુ હતુ. એટ્લુ જ નહી જ્યારે બારડોલી સત્યાગ્રહ ની અંદર લોક્જાગૃતિનું કામ કરવાનું હતું. ત્યારે દરબાર ગોપાળદાસ અને તેમના ધર્મપત્ની ભક્તિબા એ અંગ્રેજો તેમના વિરુદ્ધ કેવો અત્યાચાર કરશે તેનો એક પળનો પણ વિચાર કર્યા વિના લોકોની વચ્ચે જઇને લોકોને જાગૃત કરવાનુ કામ તેમજ સત્યાગ્રહ ના યુદ્ધ ગીતો ગાવા નુ કામ તેમજ સભાઓની અંદર વધુમાં વધુ ખેડુતોને જોડવાનુ કામ કરતા. ખાસ તો લોકો માથી ડર દુર થાય તે માટેના સઘન પ્રયાસો તેમણે કર્યા હતા. અને ખાસ કરીને સ્ત્રીઓને જાગ્રત કરવામાં તેમનો જોટો જડે તેમ નથી.

ભક્તિબાએ છોકરીઓ માટે ની નિવાસી શાળાઓ શરૂ કરાવી હતી. તેમણે ઇ.સ.૧૯૩૫ માં વિઠ્લ કન્યા વિદ્યાલય – નડીયાદમાં અને ઇ.સ. ૧૯૪૬ માં વલ્લભ કન્યા વિદ્યાલય. રાજકોટ માં સ્થાપી હતી.જે આજે પણ ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને શ્રેષ્ઠતમ શિક્ષણ આપી રહી છે. તેમજ સામાજિક ક્ષેત્રે પાટીદાર જ્ઞાતિમાં ગોળપદ્ધતિ, પડદા પદ્ધતિ, બાળલગ્ન , વૈધવ્ય જેવા કુરિવાજોને દૂર કરવા માટે પણ તેમણે ઝુંબેશ આદરેલી હતી. [6]

**મુલ્યાંકન**

દરબાર ગોપાળદાસે માત્ર મિલકતનો ત્યાગ કરવાની ક્ષમતા જ નહી પણ તેમની સનકાલીન સ્ત્રીઓ જ્યારે વધુ ઉપેક્ષિત અને દમન પામતી હતી. ત્યારે તેમના અધિકારો નું રક્ષણ કર્યું વઢવાણ ની અંદર જાહેર સભામાં તેમણે પોતાનો રત્ન જડિત સોનાનો કીમતી તોડો દાનમાં આપી દીધો હતો. આમ તેમણે બ્રિટિશ સરકારની વફાદારી પણ ફગાવી દીધી હતી. તેમણે અંત્યજ પરિષદ ભરી હતી. તાલુકદાર તરીકે વહીવટ કરતાં હતા ત્યારે ૪૦ હજારની આવક જતી કરી ને તેઓ ભારતીય સંઘ માં આવનાર એકમાત્ર રાજવી હતા તેઓ પોતાના જમાનાની દ્રષ્ટિએ પ્રગતિશીલ, બાહોશ ,હિંમતવાન પ્રજાવત્સલ, સમાજસુધારક, અંત્યોદય ઉદ્ધારક રાજવી હતા. ગાંધીજીના વિચારોની તેમના પર ખૂબ ઊંડી છાપ પડી હતી, જેને પરિણામે તેઓ રાજવી માંથી પ્રખર રાષ્ટ્રવાદી બન્યા હતા. પ્રથમ વિશ્વયુદ્ધ વખતે અંગ્રેજ સરકારે યુદ્ધ માટેનો ફાળો ફરજિયાત કર્યો હતો જે આપવાની ગોપાલદાસ સ્પષ્ટ ના પાડી દીધી . અને ૧૯૧૯માં રોલેટ એક્ટના કાળા કાયદા સામે તેમના રાજ્યમાં હડતાળ પડી હતી.[7] ગોપાળદાસનો પિતા તુલ્ય સ્વીકાર કરનારા ગુજરાતના ચાર મુખ્ય પ્રધાન હતા. ૧ ) ઉછરંગરાય ઢેબર.(સૌરાષ્ટ્રનાં મુખ્ય પ્રધાન. ૨) બળવંતરાય મહેતા. ૩) જીવરાજ મહેતા અને ૪) બાબુભાઇ જે. પટેલ હતા.[8] જ્યારે દેશી રજવાડાઓ નાં વિલીનીકરણની પ્રક્રિયા થઇ રહી હતી ત્યારે દરબાર ગોપાળદાસે પોતાની કુનેહથી બરોડા સ્ટેટ ને ભારતમાં ભેળવવા માટે પોતાના સંબંધોનો ઉપયોગ કર્યો હતો. ઇ.સ. ૧૯૪૭ માં મહાત્મા ગાંધીના જન્મ સ્થળ પોરબંદર માં કીર્તિમંદિર નું શિલારોપણ ગોપાળદાસના હસ્તે કરવામાં આવ્યો હતો. તેઓ બંધારણ સભા માં સભ્ય તરીકે બરોડામાંથી ચુંટાયા હતા. ૨૩ મે ૧૯૪૭ ના રોજ જ્યારે અંગ્રેજો ઓગસ્ટ ૧૯૪૭ સુધી માં ભારત છોડવાના હતા ત્યારે દરબાર ગોપાળદાસની ઢસા, રાય અને સાંકળી સાથે જોડાયેલા ગામો તેમને પરત

 ISBN: 978-81-952708-6-6

કરવામાં આવ્યા હતા. ભૂતપૂર્વ રાજકુમાર ફરીથી રાજકુમાર બન્યો. પરંતુ તેણે જાહેર કર્યું કે '' અમે ૨૫ વર્ષ પહેલા જે સિદ્ધાતો પર સમંત થયા હતા તે નો અમલ કરવાનુ ચાલુ રાખીશું . આમ ગોપાળદાસે તેમના રજવાડાને ભારતીયસંઘ મા ભેળવી દીધુ. આમ કરનાર તે પ્રથમ રાજ્કુમાર હતા. મેઘાણીએ કરોડરજ્જુ ધરાવતા રાજકુમાર અને હૃદયના શાસક તરીકે ગોપાળદાસ ની આગવી ઓળખ કરાવી છે. અને લોહીમાં ગુજરાતી, ગોપાળદાસ હૃદય અને આત્મા માં કાઠિયાવાડી હતી.

**હરિજન ઉત્કર્ષ કરનાર પ્રથમ રાજ્વી**

ઇ.સ ૧૯૨૦ આસપાસની ઘટ્ના છે. ઢસા માં હરિજનો માટે પીવાના પાણીનો આગવો કોઇ કુવો ન હ્તો. ગામ લોકો જાહેર કુવામાંથી પાણી ભરવા દેતા નહી. એટલે જ તળાવમા પશુઓ પાણી પીતા હતા. તેમાંથી જ દલિતોએ પાણી પીવુ પડતું. [9]ગોપાળદાસને ખબર પડી એટલે ગામ લોકોની સભા બોલાવી ગોપાળદાસે કહ્યુ કે " જાહેર કુવો બધા માટે છે. જો તેઓએ હરીજનોને પાણી ભરવા ના દેવુ હોય તો ગામ લોકો એ બીજો કુવો બનાવી આપવો પડે " ગામ લોકોએ વળ્તો જવાબ આપ્યો કે "જો એમ હોય તો એનો ખર્ચ હરીજનો પોતેજ ઉપાડી લે અથવા તો તે ખર્ચ રાજા આપે "ગામ લોકોની આ વાત સાંભળ્યા બાદ ગોપાળદાસે અંત્યજોને કહ્યુ કે " આજ થી તમે મારા દરબારગઢ નાં કુવા માંથી પાણી ભરજો. "દરબારની આ વાત ગામ લોકોને ગમી નહી એટલે તેમણે અંત્યજોને કરીયાણાની દુકાનેથી સીધુ – સામાન વેચાણથી આપવાનુ બંધ કર્યું.

આથી રાજાએ અંત્યજો માટે એક વિશેષ દુકાન ખોલી અને સસ્તા ભાવથી વસ્તુઓ વેચવાનુ શરૂ કર્યું. આ ઉપાય કામ કરી ગયો. ગામ લોકો રાજા પાસે આવ્યા અને કહ્યુ કે ": તેઓ બીજા કુવાના નિર્માણ માટે થનારા ખર્ચ ના ૫૦ % રકમ નો ફાળો આપવા તૈયાર છે. બાકીની રકમ રાજા આપે " રાજા એટલે દરબાર ગોપાળદાસ. હરીજનો માટે અલગ કુવો બન્યો. એ વખતે અંત્યજો માટે અલગ કુવો કરવો એ પણ એક ઐતિહાસિક પગલુ હતુ..

**સંદર્ભ :**

[1] Raj Mohan " The extra ordinary story of prince gopaldas ( 1887-1951 ) ALEF Book Company – 2014 ,page- 55

[2] એજન પુસ્તક પાનું. 9

[3] શાસ્ત્રી અને પી.સી પરીખ '' ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ '' ખંડ- ૯ અમદાવાદ

[4] મુગટલાલ બાવિશી ",લીંબડી સત્યાગ્રહ,"નો લેખ. ગુજરાત વિશ્વકોશ ખંડ ૮-, અમદાવાદ, પાનું.૧૫૪

[5] વેબસાઇટ- .www.live history India.com

[6] પટેલ મંગુભાઈ," ગોપાળ દાસ અંબઈદાસ દેસાઈ" ગુજરાતી વિશ્વકોશ ખંડ.૬(૨), પ્ર. વિશ્વકોશ ટ્રસ્ટ અમદાવાદ પાનું.૨૦૪

[7] ગુજરાતમાં રચનાત્મક પ્રવુતિઓ ''નો લેખ. '' ગુજરાત'' દીપોત્સવી અંક , પ્ર. માહિતી ખાતું, ગાંધીનગર, ઈ.સ, 1996 ,ગાંધીનગર,પાનું.44

[8] ગુજરાત માં સ્વાતંત્ર્ય સંગ્રામની ચળવળો'' લેખ., " સંભારણું" વિશેષાંક , માહીતિ ખાતું ગાંધીનગર, ઈ.સ.1996 પાનું.89

[9] www.alephbookcompany


ISBN: 978-81-952708-6-6

# બીલખા રાજયનો ઈતિહાસ

**ડૉ. સંગીતા એન. બકોત્રા**
**ઈતિહાસ વિભાગ,**
Shri & Smt. P. K. Kotawala Arts College, Patan

## બીલખા ગામનું નામકરણ :

સૌરાષ્ટ્રના ઘણા બધા ગામો ઐતિહાસિક અને પૌરાણિક કાળના જણાય છે. જેમાં બીલખાનો પણ સમાવેશ કરી શકાય તેમ છે. બીલખા ગામના નામકરણની સાથે પૌરાણિક કાળનું રાજા બલીનું નામ જોડાયેલું છે. બલી ભગવાન નામ ઉપરથી આ ગામનું નામ બલીસ્થાન પડેલું કાળાંતરે બલીસ્થાનમાંથી અપ્રભંશ થઈ બીલખા નામ પડયું હોવાની ધારણા છે.

જો કે આજે બીલખામાં પૌરાણિક કાળના કોઈ અવશેષો જોવા મળતા નથી માત્ર સગાળશાહ શેઠની જગ્યા જોવા મળે છે.બીલખા ગામની વસતિ (ઈ.સ. ૨૦૦૧ ની વસતિ ૧૧૦૦૬ તા. જૂનાગઢ) આ ગામ ગિરનાર પર્વતના અગ્નિ ખૂણાના ભાગમાં તેની તળેટીમાં જૂનાગઢથી અગ્નિ દિશાએ ૧૪ ને માણેકવાડાની પૂર્વ ૧૬ માઈલ દૂર છે. તેમને જૂના સમયમાં બલીસ્થાન એટલે રાજાબલીનું શહેર એ નામ હતું.

એ જૂના સમયમાં વામનસ્થલી (વંથલી) થી ૧૮ માઈલ દૂર છે. એની અને માણેકવાડાની તથા જૂનાગઢની વચ્ચે સડકો બાંધેલી છે. બીલખા ગામમાં ઉપલા ત્રણે હિસ્સેદારોનો હિસ્સો છે. તેથી જેતપુર તાલુકાની કચેરીના તાબાનો થાણદાર વહીવટ કરતા હતા. અહીં એક થાણદારનો બંગલો એક નિશાળ અને એક દવાખાનું છે.

## બીલખા રાજયનો ઈતિહાસ :

બીલખા રાજયના સાવ શરૂઆતના શાસકો કોણ હતા તે આપણે ઈતિહાસના આધારો વિના જાણી શકતા નથી પરંતુ બીલખાના ઐતિહાસિક આધારોવાળા પ્રથમ શાસકો ખાંટ લોકો હતા અને ભાયા મેર નામનો પ્રખ્યાત ખાંટ રાજપુરૂષ બીલખામાં થયો હતો. તે પછીથી ખાંટની પાસેથી ઓઘડવાળાએ બીલખા રાજય લઈ લીધું અને વાળા રાજવંશની સ્થાપના કરી હતી. બીલખા રાજયનાસ્થાપક ઓઘડવાળાએ વીરાણી શાખાના વીરાવાળાના પુત્ર હતા. વીરાવાળાને ત્યાં ઓઘડવાળાનો જન્મ થતા બાળકને રાજ મળશે તેવી દંતકથા પ્રાપ્ત થાય છે. અને ખરેખર તેમ બન્યું પણ ખરું કારણ કે ઓઘડ વાળાના જન્મ સમયે જ તેમના પિતા વીરાવાળાને જૂનાગઢના નવાબે બીલખાનો ૧/૩ ભાગ કુંવર પછેડીમાં આપ્યો હતો. આથી વાળા દરબારોએ બીલખાને પોતાનું નિવાસ સ્થાન બનાવ્યું અને આગળ જતાં કાઠીઓ અને ખાંટ વચ્ચે ઝઘડાઓ થવા લાગ્યા અને તે સમયે ૧૦૦ જેટલા ખાંટ અને ૮૦ જેટલા કાઠીઓ લડાઈમાં મૃત્યુ પામ્યા અને તે પછી ભાયા મેર પાસેથી બીલખાની સંપૂર્ણ સત્તા ઓઘડવાળાએ લઈ લીધી અને બીલખા ચોવીસીના માલિક વાળાઓ બની ગયા અને ત્યારબાદ ઓઘડવાળાને ત્યાં ત્રણ પુત્રો થયા. અને તેમના વંશજોમાં બીલખા રાજયના કાઠીઓના રીત રિવાજ મુજબ ભાગની વહેંચણી થઈ પરંતુ એ વહેંચણી સમયાંતરે એકબીજા શાસકો વચ્ચે બદલાતી રહી હતી તેથી આપણે કયો વિસ્તાર અને કયા ગામો કયા એસ્ટેટની નીચે હતા તે સ્પષ્ટ પણે કહી શકતા નથી. એવા સમયે આપણે બીલખા રાજયના કુલ ત્રણ વિભાગો કરીને તેમનો ઈતિહાસ તપાસશું (૧) નાજાકાળા એસ્ટેટ (૨) વાઘણીયા એસ્ટેટ (૩) રાવતવાળા સ્ટેટ

## નાજાવાળા કાળાવાળા એસ્ટેટ :

બીલખા રાજયના એક ભાગદાર તરીકે ઓઘડવાળાના ત્રણ દિકરામાં આલાવાળાના વંશમાં દેવદાનવાળા થયા તેના પુત્ર કાળાવાળા. કાળાવાળાના પુત્રનું નામ નાજાવાળા કાળાવાળા એસ્ટેટ બન્યું હતું. નાજાવાળા બીલખાના પ્રખ્યાત અને કડક સ્વભાવના શાસક હતા તેમણે તેમની ત્રણ રાણીઓને મારી નાખી હતી. તે પછી તો તેમણે અહમદનગરની જેલમાં કાળા પાણીની સજા કરવામાં આવી હતી અને જેલમાં જ તેઓ ઈ.સ. ૧૯૨૩ માં અવસાન પામ્યા હતા.

કાથડવાળાનો જન્મ ૧૧/૦૫/૧૮૮૬ નાં રોજ થયો હતો અને તેમણે રાજકોટની રાજકુમાર કોલેજમાં શિક્ષણ મેળવ્યું હતુ. તેઓને ચાર રાણીઓ હતી આપણે હવે અહીં કાથડનાજા એસ્ટેટનો ઈતિહાસ તપાસીશું. આ રાજ નો વિસ્તાર ૭૨ ચોરસ માઈલનો હતો અને આ રાજ માં ૨૦ સુવાંગ ગામો હતા અને નીચે પ્રમાણેના ગામો તેમનો મજમુ ભાગ હતો (૧) આઠ આના બીલખામાં ભાગ (૨) બે ત્રણ આના ચિત્તલમાં ભાગ (૩) એક

આનો જેતપુરમાં ભાગ (૪) દશ પાઈ ડાંગાવદરમાં ભાગ હતો. તેઓના ગામ ત્રણ મહાલોમાં વહેંચાયેલા હતા (અ) જેતપુર :– (૧) જેતપુર પાટી (૨) થાણાગાલોલ (૩) અમરાપુર (૪) દેવકીગાલોલ (૫) અકાળા (૬) મેઘા પીપળિયા (૭) બરવાળા (બ) ચિત્તલ મહાલ :– (૧) ચિત્તલ પાટી (૨) જરખિયા (૩) ચરખા (૪) ખીજળિયા (૫) વેણીવદર(૬) નાજાપુર (ક) બીલખા મહાલ :– (૧) બીલખા પાટી (૨) ચોરવાડી (૩) અવતડિયા (૪) થુંબાળા (૫) બંધાળા (૬) મંડલીકપુર (૭) કોટડા (૮) નવાણિયા (૯) પીપળિયા (૧૦) શોભાવડલા આ રાજયની વાર્ષિક આવક ઈ.સ. ૧૯૨૨ – ૨૩ માં રૂા. ૩,૩૦,૯૫૮ ની અને જાવક રૂા. ૨,૭૪,૩૨૫ ની હતી. તેઓ બ્રિટીશ સરકારને વાર્ષિક રૂા. ૬,૬૫૪ – ૩ – ૦, ગાયકવાડને રૂા. ૧,૧૭૧ – ૧૧ – ૬ અને જૂનાગઢને રૂા. ૩૯૧ – ૧૨ – ૦ એમ કુલ રૂા. ૮૨૧૭ – ૧૦ – ૬ જોરતલબી પેટે ભરતા હતા.(બીલખા શહેરની વસતિ ૫૫૦૨ ઈ.સ. ૧૮૯૧માં હતી. આમ કાથડવાળાએ બીલખા રાજય પોતાના હસ્તક લઈ ઘણા બધા વિકાસલક્ષી કાર્યો કર્યા હતા. જે નીચે મુજબ છે.

- **રાજ નીતિનો અમલ :**

રાજયમાં મહેસૂલ સંગ્રહની ચોખ્ખા ભાગ સાથેની વહીવટી વ્યવસ્થા હતી. જેની હેઠળ રાજય ઉત્પાદનના ચોક્કસ ભાગ એટલે કે વજે જમીનના સાંતી વેરા તરીકે ઉઘરાવતું હતું. કેટલાક પાકો જેવા કે, શેરડી, શાકભાજી, મરચી, મગફળી અને ફળઝાડના કિસ્સાઓમાં વિઘા દીઠ વિઘોટી

 **ISBN: 978-81-952708-6-6**

ઉઘરાવવામાં આવતી હતી. વિઘોટી કયારેક ખેડૂતોની અરજથી અને બન્ને પક્ષોની સહમતીથી પોલીટકલ એજન્ટની મંજૂરીથી પાંચ વર્ષની ઉઘડ નક્કી કરવામાં આવતી હતી રાજયમાં સ્ટેમ્પના ધારા હતા તેની ચોક્કસ રજીસ્ટ્રેશન ફી લેવાતી હતી અને જન્મ મરણની નોંધણી પણ કરવામાં આવતી હતી. રાજય જાહેરહિતના કાર્યો કરાવ્યા હતા. ખેતીવાડીની દરેક બાબતોનું સરવૈયુ કઢાવી ભાવ – તાલ અને વરસાદના આંકડાઓ પણ નોંધવામાં આવતા હતા. રાજયમાં બે કામદાર, સ્ટેટ એડવટાઈઝર અને પ્રાઈવેટ સેક્રેટરી અને મેનેજર અને એક ન્યાયધીશ રાખવામાં આવતા હતા.

➢ **ન્યાય વ્યવસ્થા :**

રાજયમાં એક ફોજદારી કોર્ટ હતી. જે ન્યાયધીશ ચલાવતા અને આ ન્યાયધીશ ફોજદારી બાબતમાં ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટની સત્તા ધરાવતા હતા અને તેની વિરુદ્ધની અપીલો હજુર કોર્ટ દ્વારા સંભાળવામાં આવતી હતી.

જયારે દીવાની દાવાઓ રૂા. ૩૦૦૦ સુધી મૂળ ન્યાયધીશ સાંભળતા અને હજુર કોર્ટ દ્વારા રૂા. ૧૦,૦૦૦ સુધીના દાવા સંભળાવવામાં આવતા હતા. ન્યાયધીશ સામેની અપીલો હજુર કોર્ટમાં સંભળાવવામાં આવતી હતી. ઈ.સ. ૧૯૨૨ – ૨૩ દરમ્યાન હજુર કોર્ટમાં બે દીવાની અપીલો નોંધાઈ હતી. બીલખામાં એક જેલનું મકાન હતું. જેની અંદર અન્ડર ટ્રાયલ ગુનાવાળા કેદીઓને રખાતા હતા તે સમયે તેની સંખ્યા સાત હતી. ઈ.સ. ૧૯૨૨ – ૨૩ માં આ જેલમાં સાત કેદીઓ હતા.

➢ **અંગ્રેજ સત્તા સાથેના સંબંધો :**

બીલખાએ પ્રથમ વિશ્વયુદ્ધ વખતે અંગ્રેજ સરકારને નીચે મુજબની મદદ કરી હતી કાથડવાળા એસ્ટેટ દ્વારા સૈન્યમાં ભરતી થવા ઈચ્છુકોને મુક્ત પણે વળતર અપાયું હતું અને તાલુકા દ્વારા આ બાબતમાં રૂા. ૬૫૦ નો ખર્ચ કરવામાં આવ્યો હતો. યુદ્ધભંડોળ માટે રોકડ સહાય તરીકે રૂા. ૩૦૦૦ અપાયા હતા. તાલુકા દ્વારા બીજા ઈન્ડિયન વોર લોન તરીકે રૂા. ૬૦,૦૦૦ નું રોકાણ કરવામાં આવ્યું હતું.

➢ **સુરક્ષા વ્યવસ્થા :**

રાજયમાં કાયદાનું ધોરણ જાળવી રાખવા માટે પોલીસતંત્રની ગોઠવણ કરવામાં આવી હતી. જેમાં એક પોલીસ સુપ્રિટેન્ડેન્ટ, બે ફોજદાર, એક હવાલદાર, બે નાયક, પાંચ ફર્સ્ટ કલાસ કોન્સટેબલ ૧૧ સેકન્ડ કલાસ કોન્સ્ટેબલ અને ચાર ધોડે સવાર પોલીસ એમ કુલ ૨૬ વ્યક્તિઓને રાખવામાં આવ્યા હતા. જયારે જમીન ધરાવનારા પસાયતાઓ અને ચોકિયાતોની સંખ્યા ૧૧૨ની હતી. પોલીસ પટેલની સંખ્યા ૧૬ની હતી અને તેમનો પગાર રૂા. ૧૦ થી ૧૫ નો હતો પોલીસ પટેલ અને ચોકિયાતોની ફરજોમાં ગામડાઓમાં બંદોબસ્ત જાળવવો, હેડ કવાટર્સ સુધી તિજોરીની સાથે જવું અને નિયમિત પોલીસોને ગુનાની ઓળખ અને તેને અટકાવવા માટે મદદરૂપ થવાનું હતું. રાજયમાં ઈ.સ. ૧૯૨૨– ૨૩ માં વસતિના પ્રમાણમાં ૩૧૨ વ્યક્તિએ એક પોલીસની વ્યવસ્થા હતી. હથિયાર ધારી પોલીસને મજલ લોડીંગ, મસ્કેસ્ટ અપાતી હતી. પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટનો પગાર રૂા. ૬૦ હતો. ફોજદારનો પગાર રૂા. ૪૦.૨૫ અને હવાલદારનો પગાર રૂા. ૨૦ નાયકનો રૂા. ૧૭, ફર્સ્ટ કલાસ કોન્સ્ટેબલને રૂા. ૧૫, સેકન્ડ કલાસ કોન્સ્ટેબલને રૂા. ૧૪ અને ઘોડેસવાર પોલીસને રૂા. ૨૮ પગાર અપાતો હતો.

➢ **પ્રજાહિતના કાર્યો :**

કાથડવાળાએ ઈ.સ. ૧૯૨૨ – ૨૩ માં થાણા ગાલોલમાં રૂા. ૨૧, ૯૧૨ ખર્ચે નવા રૂમ બાંધ્યા હતા. આ સિવાય તેણે બીલખામાં કોઠો કરાવ્યો હતો. જીવા અને કાલીદાસ મહાજની જગ્યામાં ઘોડાસર બંધાવી પ્રભુના પીપળે મોટર હાઉસ બાંધ્યું અને રૂા. ૩૨૬ નાં ખર્ચે રસ્તાઓ રિપેર કરાવ્યા અને રૂા. ૩૭૦૨ ના ખર્ચે રાજયના બિલ્ડીંગો સમરાવ્યા હતા. તેઓએ આ વર્ષમાં કુલ રૂા. ૨૭, ૫૩૯ નો ખર્ચ જાહેરહિતના કાર્યો પાછળ કર્યો હતો. કાથડવાળાના રાણી કમરીબાઈએ રાજકોટ જતા રીબડા ગોંડલ પાસે સાંઢિયાપુલ નામે ઓળખાતો પુલ બંધાવ્યો હતો. કાથડવાળાના રાણીઓએ બીલખામાં ભૂવનને નામે ઓળખાતી જગ્યામાં ઘણી રકમનું દાન કર્યુ હતું.

**રાજયમાં શિક્ષણ વ્યવસ્થા :**

કાથડવાળાના રાજયકાળ દરમિયાન થાણાગાલોલ, દેવકીગાલોલ, મોટાકોટડા, બરવાળા, બંધાળા, શોભાવડલા, નાજાપુર, જરખિયા, ચરખા, મેઘા પીપળિયા, મંડલીકપુર અને પીપળિયામાં નિશાળની વ્યવસ્થા હતી તેઓએ ઈ.સ. ૧૯૨૨ અતિતને એમ કુલ ૪ વ્યકિત ને રૂા. ૧૦ –૧૦ની અને એક વ્યકિતને રૂા. ૨ની સ્કોલરશીપ આપી હતી.

આ રાજયની બધી સ્કુલો વેસ્ટર્ન કાઠિયાવાડ સ્ટેટ એજયુકેશનલ ઓફિસરના હાથ હેઠળ ચાલતી હતી. રાજયની બધી સ્કુલો વર્નાકયુલર હતી. બીલખામાં બોયઝ સ્કાઉટની વ્યવસ્થા હતી અને બીલખા તળપદમાં કાથડવાળા મિડલ સ્કુલ હતી અને વનિતા વિશ્રામ હતો.

➢ **સ્થાનિક સ્વશાસન :**

કાથડનાજા એસ્ટેટમાં પણ પ્રજાજનોને મ્યુનિસિપાલિટીનો લાભ અપાયો હતો. બીલખા મ્યુનિસિપાલિટી બીલખા ભાગદારોની સીધા નિયંત્રણ હેઠળ હતી જે પ્રત્યેક ત્રણ શાખાઓના ભાગદારો માહેના એક પ્રમુખ નીચે કામ કરતી હતી. જયારે ચિત્તલ મ્યુનિસિપાલિટીએ ચિત્તલ ભાગદારોના નિયંત્રણ હેઠળ હતી. આ મ્યુનિસિપાલિટીના વહીવટ આ બે જગ્યાઓમાં સંબંધિત ભાગદારોની મીટીંગમાં પસાર કરેલા બજેટ દ્વારા થતો હતો. જેતપુર મ્યુનિસિપાલિટી જેતપુર તાલુકા કોર્ટની સીધી દેખરેખ હેઠળ ચાલતી હતી. તેનો ખર્ચ મજમુ ગામોના ભાગદારો દ્વારા ભરપાઈ કરવામાં આવતા ફાળામાંથી થતો હતો.તા. ૨૧ / ૦૩ / ૧૯૨૩ નાં રોજ કાથડવાળા અપુત્ર અવસાન પામ્યા હતા. આથી તા.૨૪/૦૩/૧૯૨૩ થી કાથડવાળા એસ્ટેટ ઉપર પોલીટીકલ મેનેજરની નિમણુંક કરી દીધી હતી. આ પછી બીલખાના


**ISBN: 978-81-952708-6-6**

અન્ય ભાગદારોએ આ રાજય મેળવવા દાવાઓ કર્યા હતા. તેમાં છેક ઈંગ્લેન્ડ સુધી લડીને રાવતવાળા રામવાળાએ આ તાલુકો મેળવ્યો હતો. આ રામવાળાએ રાજકોટની રાજકુમાર કોલેજમાં તા.૨૫/૧૧/૧૮૭૨ માં દાખલ થયા હતા. જે કોલેજમાં દાખલ થનારા પ્રથમ કાઠી હતા.

**રાવતવાળા રામવાળા એસ્ટેટ :**

બીલખા રાજયના સ્થાપક ઓઘડવાળાના સાતાવાળા અને ભીમાવાળા થયા એ ભીમાવાળાને બે પુત્ર હતા (૧) આલા વાળા (૨) દેશાવાળા. જે બન્ને પુત્રોના કાઠીઓના ભાઈએ ભાગના રિવાજ મુજબ અલગ રાજયો બન્યા. આલાવાળાના પુત્ર રામવાળા થયા અને રામવાળાના પુત્ર રાવતવાળા થયા જેમણે ૧૯૪૭ સુધી બીલખામાં સત્તા ચલાવી હતી જયારે ભીમાવાળાના બીજા પુત્ર દેશાવાળા અને ભાણવાળા થયા તેમના પુત્ર અમરાવાળાએ ઈ.સ. ૧૯૪૭ સુધી વાઘણીયા (બરવાળા) માં સત્તા ચલાવી હતી. તેનો સવિસ્તાર આપણે અલગ વિભાગમાં ઈતિહાસ તપાસેલો છે.

રાવતવાળાનું રાજય નાનું હતું. પરંતુ ૨૧/૦૩/૧૯૨૩ ના રોજ બીલખાના એક ભાગદાર કાથડવાળા અપુત્ર અવસાન પામતા એ ભાગ રાવતવાળા એ ઈંગ્લેન્ડ સુધી લડીને પોતે મેળવ્યો અને બીલખા રાજયનો વિસ્તાર વધારીને બીલખાને સ્ટેટનો દરજજો આપ્યો હતો.

રાવતવાળાએ આલાવાળા ગ્રુપના રાજવી હતા. આલાવાળાના પુત્રોને જે ગરાસ મળ્યો હતો, તે બધા આલાવાળા ગ્રુપ એસ્ટેટના નામે ઓળખાતા હતા. રાવતવાળાનો જન્મ તા.૧૯/૧/૧૯૦૬નાં રોજ થયો હતો. ઈ.સ. ૧૯૨૦ માં રામવાળા આલાવાળાનું અવસાન થતા રાવતવાળા ગાદીએ બેઠા હતા. જેઓ એ રાજકુમાર કોલેજમાં

શિક્ષણ મેળવ્યું હતું અને તેમણે તા.૨૩/૭/૧૯૨૦ ના રોજ સત્તા હાથમાં લીધી હતી. પછી તેમણે ટીલાયત ધારો અમલમાં લાવવા માટે અરજ કરી હતી એ સમયગાળા દરમ્યાન તેમને કાથડવાળા નામે નાજાવાળા એસ્ટેટનો ગરાસ મળતા તેઓ તા.૧૯/૧/૧૯૨૮ ના રોજ તે ગાદી એ બેઠા હતા. પછી ઈ.સ. ૧૯૩૫ માં તેમણે બીલખાને રાજયનો દરજજો અપાયો હતો. તેઓ તેના. ૨૫/૫/૧૯૨૮ થી અંગત નીચે મુજબનો અધિકાર આપવામાં આવ્યો હતો. તેઓ ફોજદારી કેસમાં ત્રણ વર્ષની સજા કરી શકતા અને રૂા. ૫૦૦૦ સુધી દંડ કરી શકતા અને દીવાની દાવાઓ રૂા. ૧૦,૦૦૦ સુધીના સાંભળી શકતા હતા.

રાવતવાળા રામવાળા સ્ટેટમાં ઈ.સ. ૧૯૩૩માં નીચે મુજબના ૨૧ સુવાંગ ગામો આવેલા હતા. (૧) થાણા ગાલોલ (૨) દેવકી ગાલોલ (૩) ચરખા (૪) ઝરખિયા (૫) વેણીવદર (૬) ખીજડિયા (૭) નાજાપુર (૮) મેઘા પીપળિયા (૯) અમરાપુર (૧૦) અકા (૧૦) અકાળા (૧૧) બરવાળા નાનું (૧૨) વવાણિયા ખોડા પટેલનું (૧૩) પીપળિયા (૧૪) બંધાળા (૧૫) અવતડિયા (૧૬) ચોરવાડી (૧૭) થુંબાળા (૧૮) મંડલીકપુર (૧૯) કોટડા (૨૦) શોભાવડલા (૨૧) સુખપુર જયારે તેના મુજબ ગામો નીચે મુજબના હતા. (૧)બીલખામાં અડધો ભાગ (૨) જેતપુરમાં એક આનો ભાગ (૩) ચિત્તલમાં બે આના અને સવાપાઈ (૪) ડાંગાવદરમાં પોણા અગિયાર પાઈ ભાગ હતો.

રાવતવાળાએ મોટા ભાગે કાથડનાજા એસ્ટેટ મુજબ જ શાસન વ્યવસ્થા ચલાવી હતી તેમ છતાં તેમણે રાજયમાં શિક્ષણ, પોલીસ વ્યવસ્થા નાના – મોટા થોડાક ફેરફારો કરાવ્યા હતા તેઓએ તેમના રાણી શ્રી દેવકુંવરબાના નામ ઉપરથી મેંદરડા પાસે દેવગઢ નામનું અને અમરેલી જિલ્લામાં
કું. શ્રી હરિશ્ચંદ્રસિંહજીના નામ ઉપરથી હરિપર અને બીજા કુ. શ્રી કિશોરસિંહજીના નામ ઉપરથી કિશોરગઢ અને યુવરાજ શ્રી જસવંતસિંહજીના નામ ઉપરથી જસવંતગઢ નામના ગામ વસાવ્યા હતા આ રીતે તેમણે ચાર નવા ગામો વસાવ્યા હતા. આ સિવાય બીલખામાં તેમણે પોતાના નામથી રાવતસાગર તળાવ અને રાવતપરા નામનું પરુ વસાવ્યું હતું. તેઓ ક્રિકેટ, ટેનીસ અને વોલીબોલના સારા ખેલાડી હતા. આથી તેમણે રમત – ગમતને પ્રોત્સાહન આપવા રાજકોટમાં એક જીમખાનું બંધાવી આપ્યું હતું. તેઓએ ખેડૂતોની માંગણીથી ખેતીના જમીનના ખેડૂતોને દસ્તાવેજો કરી આપી તેમને જમીનના માલિકો બનાવ્યા હતા.

પરિણામે ખેડૂતો ખેતીમાં વધુ ધ્યાન આપવા લાગ્યા હતા અને તે જમીન મેળવવા માટે તેમણે રાજયને અરજી કરવી પડતી હતી. આ રાવહક્કનો ધારો તા. ૧/૬/૧૯૨૮ થી અસ્તિત્વમાં આવ્યો હતો. ખેડૂતોની પાસેથી કાંઈપણ રકમ લીધા સિવાય સનદ્ આપવામાં આવી હતી રાવતવાળાએ સુધારક પ્રકૃત્તિના રાજવી હતા તેથી તેમણે કાઠીનો વિરોધ હોવા છતા તેમના યુવરાજ શ્રી જસવંતસિંહજી (જન્મ તા. ૧૯/૧૧/૧૯૨૮) ના લગ્ન મંડી સ્ટેટના રાજા જોગેન્દર સેનના કુંવરી શ્રી નિર્વાના દેવી સાથે કર્યા

હતા તે સમયે આમંત્રિત લોકોને આમંત્રણ આપવામાં આવતું અને જે લોકો ન પહોંચે તે શુભેચ્છા પત્ર લખતા હતા. તેવી જ રીતે જસવંતસિંહજીના લગ્નમાં પણ ગાયકવાડ પહોંચી શકયા ન હતા તેથી શુભેચ્છા સંદેશ મોકલ્યો હતો તેમાં તેમને આર્શિવચનો પણ આપવામાં આવતા હતા.

જસવંતસિંહજીને બીજા અન્ય ભાઈઓમાં હરિચંદ્રસિંહજી, કિશોરસિંહજી, રણજીતસિંહજી છે અને નંદકુંવરબા અને ભાનુકુંવર બા નામના બહેનો છે. જયારે જસવંતસિંહજીને ચાર પુત્રો હતા. (૧) મહેન્દ્રસિંહજી ઉર્ફે લાલજી બાપા (૨) રામેન્દ્રસિંહજી કે જેઓ જર્મનીમાં વસે છે અને પોતાની કંપની ધરાવે છે. (૩) યજુવેન્દ્રસિંહજી જેઓ દુનિયાના સારા ખ્યાતનામ ક્રિકેટર છે. અને તેમનો ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ મેચમાં સાત કેચ પકડવાનો રેકોર્ડ છે. જેઓ મુંબઈમાં ટાટા કન્સલ્ટીમાં ઉચ્ચ હોદ્દો ધરાવે છે. (૪) જગત સમશેરસિંહજી જેઓ અમેરિકા વસે છે અને માર્ક મોટર કંપનીના ડીલર છે. રાવતવાળાના રાજયકાળમાં બીલખામાં રાજકુમારી અમૃતકૌર આવ્યા હતા.

**બરવાળા (વાઘણિયા) એસ્ટેટ :**

આ એસ્ટેટનો વિસ્તાર ૪૫ ચોરસ માઈલનો હતો. તેની ઈ.સ. ૧૯૩૧ માં તાલુકાની વસતિ ૮૫૫ ની હતી. તાલુકાની વાર્ષિક આવક રૂા. ૧,૦૦,૦૦૦ હતી તેઓ વાર્ષિક રૂા. ૩૮૧૦ – ૧૩ – ૯ ગાયકવાડને પેશકસીના અને રૂા. ૩૨૨ જૂનાગઢને જોરતલબીના ભરતા હતા.

 **ISBN: 978-81-952708-6-6**

આ તાલુકાના શાસકો વિરાણી શાખાના વાળા હતા આ તાલુકો મૂળ બીલખામાંથી અલગ પડેલો છે તેમનો બીલખામાં મજમું ભાગ હતો.

બીલખાના ભીમાવાળાને ત્રણ પુત્રો હતા. (૧) આલાવાળા (૨) દેશાવાળા (૩) રાવતવાળા જેમાં રાવતવાળા મોટાનો નિર્વંશ જતાં આલાવાળા અને દેશાવાળા વચ્ચે તાલુકાની વહેંચણી થઈ હતી. દેશાવાળાનાં પુત્રનું ભાણવાળા હતું. જેઓ તા.૧૮/૪/૧૮૮૮નાં રોજ જન્મ્યા હતા અને તા.૨૪/૭/૧૮૯૨ નાં રોજ ગાદીએ બેઠા હતા તેઓએ રાજકોટની રાજકુમાર કોલેજમાં શિક્ષણ મેળવ્યું હતું. તેઓ સગીર વયના હતા ત્યારે તાલુકા ઉપર બ્રિટીશ સરકારનું મેનેજમેન્ટ સ્થપાયું હતું. ભાણવાળાને બે રાણીઓ હતા. જેમાં (૧) કમરીબાઈ વિંછીયા (કુતીયાણા) (૨) સોનબાઈ(ઢોલરવા) જેમાં સોનબાઈની કુખે યુવરાજ અમરાવાળા જન્મ્યા હતા. અને સોનબાઈ યુવરાજ અમરાવાળા સિવાય બીજા ત્રણ પુત્રોને જન્મ આપ્યો હતો. (૧) દેશાવાળા (૨) નાગવાળા (૩) રાવતવાળા અમરાવાળાનો જન્મ તા.૧૯/૧/૧૮૯૯ નાં રોજ થયો હતો તે અમરાવાળાએ ટીલાયત ધારો લાગુ કરવા માટે અરજ કરી હતી. આ તાલુકાને ફોજદારી ગુનામાં બે વર્ષની સજા કરવાની અને રૂા. ૨૦૦૦ સુધીનો દંડ કરવાની સત્તા હતી અને રૂા.૫૦૦૦ સુધીના સિવીલ દાવા સાંભળવાની સત્તા હતી. અમરાવાળાના સમયમાં તેમના અંગત સગા સૂરગભાઈ વરૂ તાલુકા ન્યાયધીશ હતા અમરાવાળાએ આરઝી હુકુમતમાં સારી એવી કામગીરી બજાવી હતી અમરાવાળાએ વાઘણિયાને પાદર દરવાજો બનાવ્યો કે જે તા. ૧૦/૭/૧૯૩૮ નાં રોજ વેસ્ટર્ન કાઠિયાવાડ એજન્સીના પોલીટીકલ એજન્ટ લે. કર્નલ સી.કે. ડેલી (સી.આઈ.ઈ)ના હસ્તે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. જે દસ્તાવેજનું નામ ઈજરટન ગેઈટ પાડવામાં આવ્યું હતું. અમરાવાળાનું અવસાન તા.૧૯/૧/૧૯૪૮ નાં રોજ થયું હતું. તેઓના નામ ગામ નીચે મુજબના હતા.

(૧) વાઘણિયા (૨) બરવાળા (૩) ખારચિયા (૪) વીંજાવડ (૫) નવાગામ વગેરે.

## સંદર્ભસૂચિ

1. વોટસન જે. ડબલ્યુ.એ. ખાચર (ડૉ.) પ્રદ્યુમ્ન (સંપાદક) '**કાઠિયાવાડ સર્વસંગ્રહ**', સુરેશભાઈ સી. પારેખ જૂનાગઢ, ઈ.સ. ૨૦૦૫, પૃષ્ઠ – ૩૩૩
2. ખાચર (ડૉ.) પ્રદ્યુમ્ન, '**કાઠીઓ અને કાઠિયાવાડ' (પીએચ.ડી. નો મહાનિબંધ)**, પુષ્પરાજ રામકુભાઈ ધાધલ સણોસરા, પ્રથમ આવૃત્તિ ૨૦૦૬, પૃષ્ઠ – ૮૧
3. File No. 1714/1901(+) – "Vala Bhima and others of Bilkha regarding Rawteshar mahadev Temple of Bilkha N.A.I, New Delhi
4. File No. 4(47)-P1924 memorial from Bai Shri Dhanbai and others widow of the late Vala Kanthava Baja of Bilkha regarding their Jivai Allowances N.A.I, New Delhi.
5. ફાઈલ નંબર ૨૬, બીલખા ઓફિસ ઓર્ડર, ગુજરાત રાજય અભીલેખાગાર (જૂનાગઢ), પૃષ્ઠ – ૨
6. File Nop 47(6) – P, 1924 memorial from the daughters of late darbar Shri Kanthad Kala of Bilkha regarding thir Hathgarma grants and other allowance N.A.I., New Delhi.
7. રાવતવાળા બીલખા સ્ટેટ, '**એ.ડી.એમ. રિપોર્ટ**', સવંત ૧૯૮૩, પૃષ્ઠ – ૪
8. વાળા કાથડ નાજા, જેતપુર – બીલખા, **'એ.ડી.એમ. રિપોર્ટ'** એપેન્ડીકસ – ૪
9. ખાચર (ડૉ.) પ્રદ્યુમ્ન, '**કાઠી અને કાઠિયાવાડ' (પીએચ.ડી. નો મહાનિબંધ)**, પુષ્પરાજ રામકુભાઈ ધાધલ સણોસરા, પ્રથમ આવૃત્તિ, ઈ.સ. ૨૦૦૬, પૃષ્ઠ – ૮૪
10. ખાચર (ડૉ.) પ્રદ્યુમ્ન, '**કાઠી અને કાઠિયાવાડ' (પીએચ.ડી. નો મહાનિબંધ)**, પુષ્પરાજ રામકુભાઈ ધાધલ સણોસરા, પ્રથમ આવૃત્તિ, ઈ.સ. ૨૦૦૬, પૃષ્ઠ – ૪૮
11. વાળા કાથડ નાજા બીલખા, '**એ.ડી.એમ. રીપોર્ટ**', ઈ.સ. ૧૯૨૨ – ૨૩, પૃષ્ઠ – ૧૦
12. File No. 27(10) (S)/1939 memorial to H.m. secy of state for India, from D.F. Vala Ravat Ram, Chief of Bilkha in the matter of his claim to succeed of the lapsed estate of Vala Vajsur Dosa, Shareholder of Bilkha N.A.I., New Delhi.
13. File No. 52-P/1929 memorial from Vala Dosa Deva of Bilkha appealing in the matter of jurisdiction power granted to Darbar Shri Vala Ravat Ram over the group of Ala vala estates in the western kathiavavad agency, N.A.I., New Delhi.
14. ખાચર (ડૉ.) પ્રદ્યુમ્ન, '**કાઠી અને કાઠિયાવાડ' (પીએચ.ડી. નો મહાનિબંધ)**, પુષ્પરાજ રામકુભાઈ ધાધલ સણોસરા, પ્રથમ આવૃત્તિ, ઈ.સ. ૨૦૦૬, પૃષ્ઠ – ૮૫
15. ખાચર (ડૉ.) પ્રદ્યુમ્ન, '**કાઠી અને કાઠિયાવાડ' (પીએચ.ડી. નો મહાનિબંધ)**, પુષ્પરાજ રામકુભાઈ ધાધલ સણોસરા, પ્રથમ આવૃત્તિ, ઈ.સ. ૨૦૦૬, પૃષ્ઠ – ૧૦૨
16. File No. –P/1948 Instrument of Accession given to Bilkha Majmu Taluka, G.S.A.(Junagadh).
17. ખાચર (ડૉ.) પ્રદ્યુમ્ન, '**કાઠી અને કાઠિયાવાડ' (પીએચ.ડી. નો મહાનિબંધ)**, પુષ્પરાજ રામકુભાઈ ધાધલ સણોસરા, પ્રથમ આવૃત્તિ, ઈ.સ. ૨૦૦૬, પૃષ્ઠ – ૧૦૨


**ISBN: 978-81-952708-6-6**

# ઉત્તર ગુજરાતની ધરોહરને સાચવવામાં હંસીબા મ્યુઝિયમનું પ્રદાન

**મકવાણા અશોકકુમાર અમૃતલાલ**
પીએચ.ડી. સ્ટુડન્ટ; ગુજરાત વિદ્યાપીઠ ,અમદાવાદ
માર્ગદર્શક : ડૉ.રાજેન્દ્રભાઈ જોશી
ઇ-મેઇલ- ashokmakawana1987@gmail.com

પ્રસ્તાવના :

કહેવાય છે કે મનમાં ઈચ્છા હોય અને કામ કરવાની અદમ્ય ઝંખના હોય અને સાથે સાથે કોઈ કળા આપણામાં છુપી હોય તો એ ગમે તે પરિસ્થિતિ અને ગમે તે સમયે ખીલી ઊઠે છે, આવી જ એક વાત છે શ્રી સ્વાશ્રયી મહિલા સેવા સંઘ – "સેવા" એ ગરીબ શ્રમજીવી કામદાર બહેનોનું સંગઠન છે. સેવાની સ્થાપના વર્ષ 1972માં શ્રી ઇલાબેન ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી. મહિલા કામદારોને સંગઠિત કરી પૂર્ણ રોજગારી આપવી તે જ સેવાનો મુખ્ય ઉદેશ્ય છે. અહીં હંસીબા મ્યુઝિયમની શરૂઆત કઈ રીતે થઈ તો કે જ્યારે બનાસકાંઠા અને પાટણ વિસ્તાર છે એ સૂકો પટ હતો,લોકો કામ માટે ફાંફા મારતા હતા,લોકો સ્થાળાંતર કરતા હતા. બહેનોની હાથની કારીગરી તો ઉત્તમ કોટીની હતી પણ કામ મળતું ન હતું ત્યારે 1986 માં "સેવા" સંગઠનની શરૂઆત થઈ અને આ બહેનોએ તૈયાર કરેલો માલ વેચવા માટે એક કંપનીની શરૂઆત થઈ તેને "સેવા ઉન્નત બજાર" નામ અપાયું. આ કંપનીના માલિક અને મેનેજર કારીગર બહેનો જ હતા. તેમાં ૧૫ હજારથી વધારે બહેનોએ શેરહોલ્ડર છે. આ બહેનોની કારીગરી નામશેષ ના થઈ જાય અને તે અનેક સદીઓ સુધી જળવાઈ રહે તે માટે પાટણ જિલ્લાના રાધનપુરમાં સમગ્ર ગુજરાતમાં અને દુર્લભ કહી શકાય તેવા હંસીબા સંગ્રહાલયની શરૂઆત થઈ. આ એક એવું સંગ્રહાલય છે કે જેનું સંચાલન અને માલિકી વિશિષ્ટપણે સેવાના કાર્યકર બહેનો અને તેનું સ્થાનિક એસોસિયેશન કરે છે.

- **<u>હંસાબા મ્યુઝિયમ નામ કેમ રખાયું ? .</u>**

આ સંગ્રહાલયની ઓળખ "હંસીબા" નામથી બંધાઈ છે. તે દાત્રાણા ગામમાં રહેતાં સેવાના સૌપ્રથમ કારીગર બહેનના નામ ઉપરથી છે.જે 28 ઓક્ટોબર 2014માં 90 વર્ષની ઉંમરે નિધન પામ્યા. તે ભરતકામના 16 ટાંકા જાણતા હતા અને ગજબના સ્વાવલંબી તે આટલી ઉંમરે પણ કપાસ જાતે ફોલે,રેંટિયાથી કાંતણ કામ કરતા હતા સાથે સાથે ગામમાં જ વણાવે,બંધાવે,રંગાવે અને તેની ઉપર ભરતકામ કરતા હતા. આમ, દરેક કામ જાતે જ કરવાનો તેમનો સકલ્પ દરેક માટે પ્રેરણાદાયક છે.

- **<u>હંસીબા મ્યુઝિયમમાં સચવાયેલા નમૂનાઓ અને તેના પરથી ઇતિહાસની ઝાંખી</u>**

હંસીબા મ્યુઝિયમ કારીગરોને પ્રેરણા અને મૂલ્યોની સભાનતા સાથે સાથે એક નવીન દ્રષ્ટિકોણ આપી સંશોધકો અને કલાના જિજ્ઞાસુ માટે એક સંશોધન કેન્દ્ર બની રહ્યું છે. જેમાં જે આપણને ખૂબ જ સંશોધન પછી પ્રાપ્ત થાય તેવી ઘણી વિવિધ કલાત્મક વસ્તુઓ અને ઉચ્ચકોટિનું ભરતકામ પ્રદર્શન માટે રાખેલું છે જેમાં ખાસ કરીને સ્થાનિક સ્તરે વસેલી અનેક જાતિઓ જેવી કે આહિર,રબારી,ચૌધરી પટેલ ,મોચી વગેરેની અલગ અલગ કારીગરી પ્રદર્શિત કરતા નમૂના તેમાં સચવાયેલા છે કહેવાય છે કે દરેક બાર ગાઉએ બોલી બદલાય તેમ દરેકની કળાની ખાસિયત પણ બદલાતી હોય છે. આ હંસીબા મ્યુઝિયમમાં આ ભરતકામના નમુનાની સાથે સાથે આ વિસ્તારના એટલે કે (બનાસકાંઠા અને પાટણ જિલ્લા) ના પરંપરાગત વાસણોની વાસણો જે અલગ-અલગ સાધનસામગ્રી માથી બનાવેલ છે જેમ કે તાંબુ,પિત્તળ,લાકડું. આ પરંપરાગત વસ્તુઓ કે જે ભૂતકાળમાં આ વિસ્તારમાં વપરાતી હતી અને અત્યારે લુપ્ત થવાના આરે છે તેવી કલાત્મક વસ્તુઓ પણ આ મ્યુઝિયમમાં સચવાયેલી છે. જેમાં ઘરકામમાં વપરાતા કેટલાક વાસણો રસોઈમાં,પાણી ભરવા,વસ્તુઓના સંગહમાં,સાથે સાથે કેટલાક શણગાર માટેના શણગારેલા કેટલાક નમૂનાઓ વગેરે આ

 **ISBN: 978-81-952708-6-6**

મ્યુઝિયમમાં સચવાયેલા છે. હા, વાસણો જુદી-જુદી વસ્તુઓમાંથી બનાવેલા હોવાથી તે સમયે કઈ ધાતુનું વધારે પ્રમાણમાં ચલણ હતું, તેનો પણ ખ્યાલ આવે છે. વળી, તે વખતના વાસણો કઈ કઈ રીતે બનાવવામાં આવતા ?, કેવા કેવા વાસણોનો ઉપયોગ કરવામાં આવતો ?, કેમ આજ વાસણોનો ઉપયોગ કરવામાં આવતો ? તે સમગ્ર બાબતનો ખ્યાલ આવે છે. સાથે સાથે આ વાસણો કે જે તે સમય અને વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા હોવાથી વર્તમાન સમયના સાધનો અને અહીં આ મ્યુઝિયમમાં જે સચવાયેલા સાધનો ની આપણે સરખામણી કરી શકીએ છીએ. અહીંયા રહેલા સાધનો તે સમયે કયા ઉપયોગમાં આવતા હશે તેનો પણ આપણે ચોક્કસ ખ્યાલ આવે છે. કાર્યકરોને ખાસ કરીને મહિલા કારીગરોને વારસાના રુપમાં મળેલ છે તેવી આવે 1700 થી પણ વધારે કલાકૃતિઓ અહીં એકત્રિત કરેલ છે. જેમાંથી પ્રદર્શન માટે 241 કલાકૃતિઓ સંગ્રહાલયમાં પ્રદર્શિત કરવામાં આવેલ છે.

હંસાબા મ્યુઝિયમમાં ભરતકામના વિવિધ નમૂના જેમાં કે ચાદરો, ડ્રેસ,કમખો, ઘાઘરો, તકિયાના કવર, ટોડલા,ઓઢણું,ફરતી ટોપી,ઝૂલડી જેવી ઘણી બધી વસ્તુઓ ઉપર ભરતકામ થયું હોય તેવા નમુના આ મ્યુઝિયમમાં જોવા મળે છે. આ સિવાય પહેરવેશમાં વપરાતી ભરતકામ થયેલ છે. જેમ કે ઘાઘરો એ પરંપરાગત રીતે તે સમયે પહેરવામાં આવતો પોષકનો એક ભાગ હતું વર્તમાન અને ભવિષ્યમાં પણ તેનો ઉપયોગ થશે પણ તેના ભરતકામ અને તેની બનાવટમાં પણ ધીમે ધીમે પરિવર્તન આવી રહ્યું છે.તેનો આપણને તેના પરથી ખ્યાલ આવે છે. જુદા જુદા સમયે તેની બનાવટ અને ભરત્કામમાં કેવું પરીવર્તન આવ્યું તેનો વર્તમાન પેઢીને ખ્યાલ આવે છે. ટોડલાનો આપણે વર્તમાન સમયે ઓછો ઉપયોગ કરીએ છીએ.પરંતુ,પહેલાના સમયમાં ભરતકામ ગૂંથેલા ટોડલાનો ખૂબ જ ઉપયોગ કરવામાં આવતો. તે સમયે જે ટોડલા હતા તેનો ઉપયોગ કેવી રીતે થતો, એનું ભરતકામ કેવું હતું ? તેનો પણ ખ્યાલ આવે છે. સાથે સાથે અત્યારે જે આપણે તોરણો ઉપયોગ કરીએ છીએ એ તો સામાન્ય રીતે પ્લાસ્ટિકમાંથી બનેલી ભૂંગળી,મોતીનો ઉપયોગ કરી બનાવેલા હોય છે. પરંતુ તે સમયના તોરણ એક કાપડ ઉપર ભરતકામ કરી બનાવવામાં આવતા. તોરણની અંદર ભરતકામમાં જે વિવિધતા હતી તેનો પણ તેના અધ્યયનના આધારે ખ્યાલ આવે છે. વળી એ સમયના તોરણ અને વર્તમાનના તોરણની લંબાઈ,પહોળાઈ એની બનાવટ વગેરેનો આપણે અભ્યાસ કરી શકીએ છીએ. તો આવી ઘણી બધી કલાકૃતિઓ મ્યુઝિયમમાં સચવાયેલી છે, સાથે સાથે જુદા જુદા પ્રકારની કૃતિઓ અને તેના ઉપર કરેલું ભરતકામ જેમ કે થેલા પરનું ભરતકામની ખાસ વિશેષતા છે. દરેક જાતિના ભરતકામમાં પણ વિવિધતા હોય છે,તો આપણે તેના પરથી આ ભરત કામ કેવું હતું ? થેલામાં શું વિવિધતા હતી ? વિવિધ પ્રકારના થેલા કેવા હતા ? તે બધુ જ આપણે જાની શકીએ છીએ. તે સમયે લોકોનો પહેરવેશ કેવો હતો ? કયા કયા વસ્તુઓનો એટલે કે કયા કયા વસ્ત્રો પહેરવેશ તરીકે ઉપયોગ થતો હતો ? વર્તમાન સમયે તેમાંથી કેટલા વસ્ત્રો પહેરવેશ તરીકે ઉપયોગ થાય છે ? કોઈ પહેરવેશ કઈ વસ્તુઓનો ઉયપયોગ કરી બનાવવામાં આવતો હતો. તે સમયે જે વસ્તુઓમાં છે અત્યારે નહીં પણ હોય કદાચ તેમાં પરિવર્તન પણ આવ્યું હશે તો સાથે સાથે એ પહેરવેશના નમુના પરથી આપણાને જે વિસ્તાર છે તેની આ વિસ્તારમાં કેવો વસ્ત્રો પહેરે છે ? કેમ આ જ વસ્ત્રો પહેરતા હશે ? આ વસ્ત્રો પહેરવાથી શરીર ઉપર શું અસર થાય ? વાતાવરણના કારણે આ વસ્ત્રો પહેરવા કેટલા અનુકૂળ રહેશે વગેરેનો આપણે અભ્યાસ કરી શકીએ છીએ ? એટલે કે આપણાને આ બધી જે સંસ્કૃતિ હંસાબા મ્યુઝિયમમાં સચવાયેલી છે તેની આપણને ખૂબ ઉપયોગી છે.

❖ **મ્યુઝિયમ સચવાયેલા જુદી જુદી કોમના ભરતકામના નમુના અને તેમાં રહેલી વિવિધતા**

આ મ્યુઝિયમની અંદર રાધનપુરની આસપાસ પ્રદેશની વિવિધ સમુદાયના લોકો ખાસ કરીને આહિર, રબારી, ચૌધરી પટેલ, મોચી વગેરે લોકોના ભરતકામના નમૂના છે.પરંતુ, દરેકનું ભરતકામ

 **ISBN: 978-81-952708-6-6**

એકસરખું હોતું નથી. તેમાં ઘણી વિવિધતા રહેલી છે.આપણે આ ભરતકામ કરતા વિવિધ સમુદાયો વિશે જાણીએ.

સૌપ્રથમ આહીર લોકો જે લગભગ અગિયાર સો વર્ષ પહેલાં ભગવાન કૃષ્ણના ગામ મથુરાથી સ્થળાંતર કરી અહીં વસેલ. તેમની ભરત ભરવાની શૈલી "સોય ભરત" કહેવાય છે.આહિર લોકો લગ્ન,ખોળો ભરાવવો,શ્રીમંત જેવા શુભ પ્રસંગ હોય ત્યારે આ ભરતકામ ભરેલ વસ્તુઓનો શણગાર માટે ઉપયોગ કરતા હોય છે. એટલે કે, આ ભરતકામ ભરવા માટે સૌ પ્રથમ માટીને પાણીમાં પલાળી સળી વડે ભાત છાપવામાં આવતી પરંતુ વર્તમાન સમયે વિવિધ પ્રકારના રંગોનો ઉપયોગ કરી છાપકામ કરવામાં આવે છે.તેમાં છાપકામ પહેલાના સમયમાં ચકલી અને બીજા પક્ષીની પાડવામાં આવતી હતી.વર્તમાન સમયે મોર,દિલ,વિવિધ ભૌમિતિક આકારો ની ભાત છાપવામાં આવે છે. સાથે સાથે આભલનો ઉપયોગ પણ કરવામાં આવે છે. આ સિવાય આહિર લોકો તોરણ પાટી,પડદા ,ઘાઘરા સાથીયા, કમખો, ઓઢણીની બોર્ડર,ઝુલડી, ફરતી ટોપી,ગલેસી,મ્યાન વગેરે પર ભરતકામ ભરતા હોય છે.ખાદલિયારી એટલે ચારે બાજુ ભરતકામ હોય અને વચ્ચે આભલા ટાંકેલા હોય,જ્યારે સિર બપોયામાં સાંકળી નો વધુ ઉપયોગ હોય,ચારે ખૂણા પર ભરતકામ કરેલું હોય છે આ સિવાય તે અડધા લાડવાવાળું ભરત પણ ભરતા હોય છે આમ,તે જુદી જુદી ડિઝાઈનનું ભરતકામ કરતા હોય છે તે ભરવા માટે સફેદ અથવા વાદળી રંગના કાપડનો ઉપયોગ કરતા હોય છે.આમ,જુદા જુદા પ્રકારના ભરતકામ આહિર સમાજમાં ભરવામાં આવે છે અને આવા ભરતકામના નમુના મ્યુઝિયમમાં સચવાયેલા છે.

હવે આપણે રબારી સમાજના ભરતકામ વિશે જાણીએ કે જે આંખવાળા મોહક આકારવાળા વિશિષ્ટ પ્રકારના ભરતકામ માટે જાણીતા છે. તેમના ભરતકામમાં ગોળ, ચતુષ્કોણ, લંબચોરસ ,ચોરસ, ત્રિકોણ અને ચાંચ આકારના અલગ-અલગ આભલાનો તેમાં ઉપયોગ કરી ભરતકામ કરવામાં આવે છે. આહિર અને રબારી ભરતમાં સામાન્ય તફાવત હોય છે. બીજી બાજુ ચૌધરી પટેલ એ પણ ઉત્કૃષ્ટ પ્રકારનું ભરતકામ સાથે સંકળાયેલા છે જે તેમના ભરતકામમાં "સાંકળી ટાંકો"નો અને "આડો રાંટીયો ટાંકો" નો ઉપયોગ કરે છે આ પ્રદેશના લગભગ ૫૦૦ કારીગરો હાલમાં આ કાર્યમાં પ્રવૃત છે. એવી રીતે મોચી સમુદાયના લોકો "આરી ભરત" જેને મોચી ભરત અથવા કોબલર્સ સ્ટીચ પણ કહે છે. આ પ્રકારનું ભરતકામ નકૂચો આકારની મોચી સોયથી કરવામાં આવે છે. જેને સ્થાનિક રીતે આર કહેવામાં આવે છે.ભરતી વખતે દોરાને કાપડની નીચેથી ભરવામાં આવે છે.તો આમ, જુદી જુદી કોમના ભરતકામના નમૂના અહીં મ્યુઝિયમમાં સચવાયેલા છે.જે મ્યુઝિયમ ગુજરાત અને ભારતમાં એક સારી નામના મેળવે છે.

❖ **<u>ઉપસંહાર</u>**

આજે આપણે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યા છીએ ત્યારે વિકાસની સાથે સાથે ઘણી બધી સંસ્કૃતિ અને કળા લુપ્ત થવાને આરે છે. કદાચ ભવિષ્યમાં રેડ ડેટબુકમાં લુપ્ત થતી કળાઓનો પણ સમાવેશ થાય તો નવાઈ નહીં ત્યારે હંસીબા સંગ્રાહાલય એ "સેવા" અને સમગ્ર દુનિયા માટે અમુલ્ય ધરોહર છે. તેમાં રહેલી દરેક વસ્તુ હાથેથી બનાવેલી છે અને કારીગરો બહેનો દ્વારા ઉત્પાદિત થયેલ છે. તે વસ્તુના વેચાણના 65% સીધા જ કારીગર બહેનોના હાથમાં જાય છે.તેમાં કચ્છ અને પાટણની આ આ કળાના સચવાયેલા નમૂના અને વસ્તુઓ આવનારી પેઢીને માર્ગદર્શક અને સંસ્કૃતિના દર્શન કરાવશે.ભવ્ય ભૂતકાળની ઝાંખી કરાવશે સાથે સાથે ભવિષ્યની પ્રેરણા પણ મળશે. ટૂંકમાં, વ્યાપાર ચિહ્ન હંસી બા પરંપરાગત અને સમકાલીન તકનીકોનો મહાસંગ્રામ છે. જ્યાં સમગ્ર વિસ્તારમાથી આવતા કારીગર જે ગ્રામીણ કે શહેરી સાથે મળીને ઉત્તમ કોટિના નમૂના બનાવે છે અને તેના થકી તેમના માટે રોજગારી પણ ઊભી થાય છે. માટે ભરત કામ કરતાં કારીગર બહેનનું કહેવું છે કે" મારો પરિવાર મારા સોયના તાંતણા ઉપર નિર્ભર છે."

 **ISBN: 978-81-952708-6-6**

સંદર્ભ :

1. હંસીબા મ્યુઝિયમ દ્વારા પ્રસ્તુત બ્રોસર
2. હંસીબા મ્યુઝિયમની રૂબરૂ મુલાકાત જેમાં યુસુફભાઈ સાથે રૂબરૂ મુલાકાત.
3. કેટલીક વેબસાઇટની મુલાકાત
4. Hansiba.museum@sewatfc.org
5. Hansiba.del@sewatfc.org
6. Hansiba.abd@sewatfc.org
7. Mail@sewa.org


**ISBN: 978-81-952708-6-6**

# બ્રિટિશકાલીન ગુજરાતમા સરકારી ખેતી શિક્ષણ

**સંદિપકુમાર.કે.વાઘેલા**
**મદદનિશ પ્રાધ્યાપક; સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ,**
**દયાપર, તા લખપત, જી. કચ્છ**

મનુષ્યે પ્રારંભિક જીવનની શરૂઆત બાદ શરીરના પોષણ તથા રક્ષણ માટે અન્ન તથા વસ્ત્ર મેળવવા શરૂઆત કરી ધીમે ધીમે તેને ખબર પડવા લાગી કે પોતે જે છોડનો ઉપયોગ કરે છે, તે છોડના થોડા બિજ બચાવી જમીનમા વાવવામા આવે તો તેમાથી ઘણાબધા દાણા મેળવી શકાય છે. અને અનેક છોડ ઉછેરી શકાય છે. આ રીતે મનુષ્યમા શરૂઆતના જીવનમા ખેતી ખુબજ અગત્યનો વ્યવસાય તરિકે વિકાસ પામ્યો.

અમેરીકામા ઉત્ક્રાંતીબાદ ખેતીવાડી તરફ વિશેષ ધ્યાન આપવામા આવ્યુ ઇ.સ. ૧૭૬૫ મા પેસ્ટેલોઝીએ કેળવણીની યોજનામા ખેતીને સ્થાન આપ્યુ. ઓગણીસમી સદીની શરૂઆતમા અમેરીકામા શાળાઓમા ખેતીનો વિષય દાખલ કરવામા આવ્યો. જર્મનીએ પણ માધ્યમીક શાળાઓમા ખેતીવાડી શિક્ષણ દાખલ કરવામા આવ્યુ. પ્રાથમીક શાળાઓમા ખેતીવાડી શિક્ષણની શરૂઆત ફ્રાંસમા ઇ.સ. ૧૮૭૯ મા નોર્મલ સ્કુલના અભ્યાસક્રમા ખેતી વિષય દાખલ કરવામા આવ્યો.

બ્રિટીશકાળમા હિન્દુસ્તાનમા ખેતી પર આધાર રાખનાર વર્ગ અંદાજીત ૭૨ ટકા જેટલો હતો. અને ગુજરાતમા એથી પણ વધારે હતો. ગામડાઓની શાળાઓમા બાળકો પણ મોટા ભાગના ખેડુત વર્ગના હોય છે. આપણી વસ્તી તેમજ શાળામા જતા બાળકોનો મોટો ભાગ ખેડુત વર્ગનો હોવાથી હોવાથી ખેતીનુ શિક્ષણ ખુબ અગત્યનુ છે.

- **પ્રાથમીક શાળામા ખેતી વિષયક શિક્ષણ**

બ્રિટીશકાળમા ખેતીના શિક્ષણ માટે ખુબજ ઓછી કોલેજો હતી. માધ્યમીક તથા પ્રાથમીક શાળામા તો ખેતી શિક્ષણ નહિવત કોલેજોમા ખેતી શિખેલા માણસો પોતે ખેતી કરતા નથી, તે નોકરી કરે છે. આથી પ્રાથમીક કેળવણીમા જ ખેતીની કેળવણી આપવી જોઇએ. ખેતીવાડીની કેળવણી શાળાઓમા આપવાની હોય અને પ્રાથમીક શાળાઓમા જ આપવી ફાયદાકારક હોય તો તે કેવી રીતે આપી શકાય એ પ્રશ્નનુ નિરાકરણ જોઇએ તો **રસ્કીન** કહે છે " કેળવણી માણસોને સદવર્તનશાળી બનાવવા માટેજ નહી પણ તેઓ સદવર્તનની કદર કરી શકે તે માટે છે. તેમને ઉદ્યોગી બનાવવા માટેજ નહી પણ તેમને ઉદ્યોગને ચાહતા કરવા માટે છે. તેમને સુદ્ધ બનાવવા માટે જ નહી પરંતુ તેમની વૃતીઓ શુદ્ધતા પર ચોટાડવા માટે છે. તેમને ન્યાયી બનાવવા માટેજ નહી પરંતુ ન્યાયના ભુખ્યા તથા તરસ્યા બનાવવા માટે છે."

- **પહેલી ગુજરાતી કેળવની પરિષદ તા. ૨૩ અને ૨૪ ઓક્ટોમ્બર ૧૯૧૬ ના રોજ મળેલી બેઠકમા રા.સા. અંબાશંકર ઉત્તમરામ મલજી (ભરૂચ) નુ ખેતી શિક્ષણ માટેનુ નિવેદન**

'જે વિષયની ચર્ચા ઉપાડવામા આવી છે, તેનુ અભ્યાસક્રમમા નામ કે નિશાન નથી. ગામડામા પ્રાથમીક શાળાઓમા ખેતીનુ શિક્ષણ ઘણુજ અગત્યનુ છે. પ્રાથમીક કેળવણીના કેળવણીના ગ્રામ્ય ધોરણો રદ થવાથી એક સારૂ પરિણામ એ આવશે કે સર્વેને સરખુ શિક્ષણ મળશે. ગ્રામ્ય ધોરણોમા ખેતીવાડીની યોજના કરી હોત તો સારૂ થાત. નવ દસ વર્ષની ઉમર પછી વિદ્યાર્થીઓ વ્યાવહારીક જ્ઞાન મેળવી શકે તે વખતે ખેતીનુ શિક્ષણ ફરજીયાત કરવુ જોઇએ. શેઠને બદલે નોકરોના હાથમા હાલ ખેતીનુ કામ જાય છે. અને નોકરો જોઇએ તેવા માહિતગાર હોતા નથી. ઢોરના રોગ, છોડના રોગ વગેરે વિષે ખેડુતો કાંઇ ન જાણે તો ૮૫ ટકા લોકોના ધંધા તરફ દુર્લભ રાખ્યુ કહેવાય, માટે શરૂઆતથી જ આ પાઠ શિખવવા જોઇએ. અને મહેનત કરવામા શરમ નથી તે સમજાવવુ જોઇએ. મારે રોજ છ કલાક

 **ISBN: 978-81-952708-6-6**

ખેડુત સાથે કામ પડે છે તેમા મે જોયુ છે કે ખેતીના કામની માહિતી ઓછી હોવાથી તેઓ કાંઇ જ સુધારો કરી શકતા નથી.'

- **ભારતમા ખેતીસંબધી સુધારા વિષે ડૉ. વિશ્રામ રામજી ધોલેનુ ભાષણ :**

" આપણો દેશ ખેતીવાડીનો છે. આપણા નિર્વાહને માટે આપણો સઘળો આધાર ખેતી પર છે, વસ્તીનો પોણો ભાગ ખેડુતોનો છે. હિંદુસ્તાન એક સમયે હુન્નર, વ્યાપાર, કળા કૌશલ્ય તથા કારીગરીને માટે પ્રખ્યાત હતુ. હિંદુસ્તાનમા જોઇતા કપડા સામાન પણ અંહિ વણાતા, અને સુધરેલી સ્થિતિને યોગ્ય બિજા સામાન પણ અંહિ થતા તના સુંદર કાપડ માટે તે વિખ્યાત હતુ. અને તે બીજે દેશ મોકલાવાતુ. પણ હમણા સમય બદલાય ગયો છે. હવે તો આપણે જાડી ધાબળી, ખાદી, પાઘડી અને સાડીઓ શિવાય તમામ સામાન બીજે દેશથી લાવી વાપરીએ છીએ; પણ તેમા સૂતર તો વિલાયતી જ. પશ્ચીમના દુરના દેશોનો યંત્રો તથા ઉત્તમ બુધ્ધીબળ આગળ હાથે વણતા વણકરોનો ધંધો ભાંગી ગયો છે, આપણા વ્યાપાર તથા કારીગર આપણા હાથમાથી જલદીથી છટકી જવા માંડ્યા છે. ત્રાંબા, પિતળ તથા માટીના વાસણો સુદ્ધા પરમુલકથી અંહિ આવે છે. આપણે માટે હવે તો માત્ર એક જ ઉદ્યમ રહ્યો છે, તે **"ખેતી"** છે.

- **ગોધરા ખેતીવાડી સ્કુલ :-**

ખેડુતોના છોકરાઓને માટે ઇ.સ. ૧૯૨૦ મા ગોધરા ખેતીવાડી સ્કુલની સ્થાપના કરવામા આવી હતી. આ ખેતીવાડી સ્કુલનુ નવુ વર્ષ ૧ લી જુનથી શરૂ થતુ હતુ.

➢ આ ખેતીવાડી સ્કુલના નીયમો અને માહીતી :-

(૧) આ શાળામા દાખલ થવા ઇચ્છતા ઉમેદવારોની પ્રાવેશિક પરિક્ષા નથી, પરંતુ ઓછામા ઓછુ ગુજરાતી ચોથુ ધોરણ (એથી વધારે અભ્યાસ હોય તો સારૂ) તેણે પાસ કરેલુ હોવુ જોઇએ, અને તે બદલ જે ગુજરાતી સ્કુલનુ લીવીંગ સર્ટિફિકેટ અરજી સાથે સામેલ કરેલુ હોવુ જોઇએ. આ સ્કુલનો અભ્યાસક્રમ બે વર્ષનો છે,

(૨) ઉમેદવારના વાલીનો ધંધો ખેતીનોજ હોવો જોઇએ, અને તે જાતેજ ખેતી કરતા હોવા જોઇએ, કારણ કે આ નિશાળમા ખેતીને લગતુ તમામ કામ છોકરાઓના હાથે કરવુ પડે છે.

(૩) આ શાળામા ભણ્યા પછી જે ઉમેદવારનો ખેતી કરવાનોજ નિશ્ચય હોય તેણેજ આવવુ. જેનો નોકરીનોજ નિશ્ચય હોય તેને માટે આ સ્કુલ નથી.

(૪) ઉમેદવારની ઉમર ૧૫ થી ૨૦ વર્ષની હોવી જોઇએ.

(૫) આ નિશાળમા દાખલ થવા ઇચ્છતા ઉમેદવારના નામ ઉપર જમીન નહિ હોય તો તેના પિતા, કાકા વગેરે કોઇ પણ નજીકના સગાના નામ ઉપર પણ હોવી જોઇએ અને તે જમીન કેટલી છે, સરકારમા મહેસુલ કેટલુ ભરે છે વગેરે બાબતનો દાખલો તલાટી તરફથી અરજી સાથેજ મોકલવો જોઇએ.

(૬) દરેક વિદ્યાર્થીને ભણવાનુ, ખાવાનુ અને રહેવાનુ જેટલુ ખર્ચ થાય તેટલી સ્કોલરશિપ સરકાર તરફથી આપવામા આવે છે એટલે વિદ્યાર્થીને ખાવાપીવા વગેરેનો ખર્ચ બીલકુલ કરવો પડતો નથી, પરંતુ અભ્યાસક્રમ પુરો થતા પહેલા કોઇપણ વિદ્યાર્થી નિશાળ છોડે અથવા ગેરવર્તણુક ચલાવવા બદલ તેને કાઢી મુકવામા આવ્યા હોય તો જેટલો વખત નિશાળમા રહ્યો તેટલા વખતને માટે દરમાસના રૂ. ૧૦ પ્રમાણે તેની પાસેથી દંડ તરીકે વસુલ કરવામા આવે છે.

પુસ્તક, લાયબ્રેરી વગેરે પરચુરણ ખર્ચ વિદ્યાર્થીના પર હોય છે, તે ખર્ચ (લગભગ વર્ષના રૂ.૧૦) બદલ વિદ્યાર્થીના વાલીએ દાખલ થતી વેળા રૂ.૧૦ અનામત તરીકે આપવા પડશે.

(૭) આ નિશાળમા બીજી નિશાળો પ્રમાણે વાર તહેવારની રજાઓ મળશે. તે શિવાય દિવાળી ઉપર એક મહીનો, અને ઉનાળામા દોઢ મહીનો રજા પડશે અને બેઉ રજા વેળા વિદ્યાર્થીને ઘરે જવા દેવામા આવશે. આ શાળા શરૂ કરવાનો


**ISBN: 978-81-952708-6-6**

સરકારનો હેતુ એ છે કે બે વર્ષ શિક્ષણ લીધા પછી વિદ્યાર્થી પોતાના મા-બાપને ખેતીના કામમા વધારે મદદગાર થાય, અને ખેતી પણ વધારે ફાયદાકારક રીતે કરે.

આ શાળામા દર વર્ષે પંદર કરતા વધારે નવા છોકરા દાખલ કરવામા આવશે નહી.

(૮) આ સ્કુલમા દાખલ થવા ઇચ્છતા ઉમેદવારે ગોધરા ખેતીવાડી સ્કુલના હેડ માસ્તરને જેમ બને તેમ જલ્દી પોતાની અરજી મોકલવી તેમા નામ, જાત, ધંધો, ઉંમર, તાલુકો, જિલ્લો, પોસ્ટ ઓફીસ વગેરે સ્પષ્ટ જણાવી ગુજરાતીમા અરજી કરવી, અરજી ઉમેદવારના હાથનીજ હોવી જોઇએ ઉમેદવારને દાખલ કરવાની, અભ્યાસક્રમ પુરો થતા સુધી રહેવા દેવાની અને સ્કુલ છોડ્યા પછી તેને ખેતીના કામે લગાડવાની ઇચ્છા છે એ કબુલાત લખી તેની નીચે વાલીની સહી હોવી જોઇએ

(૯) જે ઉમેદવારોને દાખલ કરવાનુ નક્કી થાય તેને તે પ્રમાણે કાગળથી ખબર આપવામા આવશે જે તારીખે હાજર થવા લખ્યુ હોય તે તારીખે તેણે નિશાળમા આવી હાજર થવુ જોઇએ

(૧૦) નિશાળ છોડ્યા પછી જે વિદ્યાર્થીને ખેતી કરવાની ઇચ્છા હશે તેને શાળાની નજીકમા માત્ર નામનાજ ગણોતે ઘણી સારી શરતે ૧૦ થી ૧૫ એકર જમીનની લેવડ કરી આપવામા આવશે. ..

વી.વી.પટેલ (હેડ માસ્તર ગુજરાતી ખેતીવાડી સ્કુલ)

➢ આ શાળામા શિખવવામા આવતા વિષયો;

(૧) કૃષિવિદ્યા (૨) સૃષ્ટિજ્ઞાન- આ વિષયમા વનસ્પતિ અને જંતુ સંબધી વ્યાવહારીક જ્ઞાન આપવામા આવે છે. (૩) ખેતીવાડીને લગતી ભુગોળ. (૪) ખેતીવાડીને લગતુ અંકગણિત અને જમીનની માપણી (૫) આરોગ્ય વિજ્ઞાન (૬) પેટા ધંધા (૭) ગ્રામ્ય અને શહેરી જીવન - ખેડુતને ઉપયોગી કાયદા વગેરેનુ ઉપયોગી શિક્ષણ જેમેકે જમીન મહેસુલનો એક્ટ, તગાવી એક્ટ, લોકલબોર્ડ એક્ટ. (૮) વાચન અને લખાણ (૯) ખેતી અને બગિચાનુ કામ (૧૦) ઓઇલ એંજીન કેવી રીતે ચલાવવુ તેના દરરોજના ઉપયોગી ભાગ દરરોજ સાફ કરી કેવી રીતે બેસાડવા વગેરે. (૧૧) ખેતીના ઉપયોગી ઓજારના ભાગ ભાંગે-તુટે ત્યારે કેવી રીતે દુરસ્ત કરવા એને લગતુ સુથારી લુહારી કામ (૧૨) વણાટકામ.

- **વાઘછીપામા ખેતી શિક્ષણ (ઇ.સ. ૧૯૨૪)**

વાઘછીપા તા. પારડી જિ. સુરત (તે સમય મુજબ)

ખેતી અને તેના અંગના જરૂરી ધંધાની ઉચ્ચ કેળવણી માટે કોલેજો છે, પણ ગરીબ, ગામડાના અને થોડુ ભણેલા ખેડુતોના દીકરાઓ એ કોલેજનો લાભ મેળવી શકે નહી તેથી વર્નાક્યુલર ભાષા મારફતે એ જ્ઞાન આપવા માટે સ્કુલો શરુ કરવામા આવી હતી, એ સ્કુલોનો તમામ ખર્ચ સરકાર કરતી હતી. આ સ્કુલો ઘણી પ્રિય નીવડી છે. અને આવી સ્કુલોની દેશમા ખુબ જરૂર હોવાથી કેળવણીખાતા તરફથી પ્રાથમીક શાળામા ઉપલા ધોરણોમા એ વિષયોનુ જ્ઞાન આપવાની શરૂઆત થવા માંડી.

ઇ.સ. ૧૯૨૪ ના માર્ચ માસમા ઉત્તર વિભાગના એજ્યુકેશનલ ઇન્સપેક્ટર સાહેબ બહાદુરે વાઘછીપાની સ્કુલની મુલાકાત લિધી ત્યારે આ સ્કુલમા ખેડુતોનાજ છોકરાઓ હોવાથી અને પરગામના છોકરાઓ પણ આ સ્કુલમા ભણતા હોવાથી ખેતી શિક્ષણ દાખલ કરવાને યોગ્ય જણાવાથી આ ગામના સદગૃહસ્થ મિ. મોતીભાઇ હીરાભાઇની જમીન ભાગથી રાખવાની કબુલાત લેવામા આવી અને જુન ૧૯૨૪ થી ખેતીનુ શિક્ષણ દાખલ કરવામા આવ્યુ.

**શિક્ષણ;-** શરૂઆતમા પાચમા, છઠ્ઠા અને સાતમા ધોરમા ખેતીકોર્ષમાથી કૃષિવિદ્યા અને સૃષ્ટિજ્ઞાન શીખવવાનુ શરૂ કર્યુ. અને ઓગસ્ટ માસથી ડે.એ.ઇ. સાહેબની સુચનાથી પાંચમા ધોરણમા સંપૂર્ણ ખેતીવાડી કોર્ષ દાખલ કરવામા આવ્યો.

છઠ્ઠા ધોરણમા પદાર્થપાઠને બદલે કૃષિવિદ્યા, સૃષ્ટિજ્ઞાન અને ખેતીની ભુગોળ, ત્યાર બાદ આગલા વર્ષથી છઠ્ઠા ધોરણ અને ત્યાર પછી સાતમા ધોરણમા પણ સંપુર્ણ ખેતીકોર્ષ દાખલ કરવામા આવ્યો

- **ખેતીના અભ્યાસનુ મહત્વ ;**


**ISBN: 978-81-952708-6-6**

ખેતીવાડીનો ધંધો કરનારે ખેતીવાડી શાસ્ત્રનો અભ્યાસ કરીને તે કામ હાથમા લીધુ હોય તો તેઓ વધારે લાભ મેળવે છે. ખેતીવાડીનુ મોટુ શાસ્ત્ર છે. વનસ્પતીનો શુ ખોરાક છે. કેવો ખોરાક કેવા રૂપમા તે ચુશી શકે જમીન કસ વગરની હોય તેમા કસ કેવા ખાતર નાખવાથી વધે પાણી પાઇ કરવાના ક્યા ક્યા વાવેતરને કઇ રૂતુમા થાય છે. કઇ જમીન ક્યા વાવેતરને લાયક છે. ક્યા ક્યા હથીયારથી જમીન સારી ખેડાય છે. ઢોર- જાનવરની માવજત કેવી રીતે રાખવાથી સારા રહે છે થોડી મહેનત અને  થોડે ખર્ચે ઝાઝો લાભ મળે એવા ક્યા વાવેતર છે, વગેરે વગેરે ખેતીવાડીનો અભ્યાસ ક્યો હોય તે જાણી શકે છે અને યુરોપ અમેરીકા આદી સુધરેલા દેશોમા શુ શુ સુધારા વધારા થઇ શકે તેની હકીકતો ધ્યાનમા અજમાવી શકાય છે. વળી પોતે ખેતીનો અભ્યાસી હોય તો તેના છોકરાને પણ તે અભ્યાસ કરી લાભ મેળવવા મન થાય છે. અને ઉતરોત્તર ખેતીના ધંધામા જમાવટ થાય છે અને વધારેને વધારે લાભ થતો જાય છે.

**સંદર્ભો**

1. ગુજરાત શાળાપત્ર (અંક)- જાન્યુઆરી ૧૯૨૬ – કૃષ્ણલાલ સુરજલાલ વકીલ (તંત્રી અને પ્રકાશક) – અમદાવાદ
2. ગુજરાત શાળાપત્ર (અંક)- માર્ચ ૧૯૨૬ – કૃષ્ણલાલ સુરજલાલ વકીલ (તંત્રી અને પ્રકાશક) – અમદાવાદ
3. રા. અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કર( પ્રકાશક)- પહેલી ગુજરાત કેળવણી પરિષદ (તા. ૨૩/૨૪ ઓક્ટોમ્બર ૧૯૧૬ ના રોજ મળેલી બેઠકનો અહેવાલ)- ઇ.સ. ૧૯૧૭- અમદાવાદ
4. વિશ્રામ રામજી ધોલે- હિંદુસ્તાનમા ખેતી સંબધી સુધારા (ગુજરાતી અનુવાદ કરનાર- દુર્લભરાય રામજી જાની- આર્યોદય પ્રેસ-અમદાવાદ- ઇ.સ.૧૮૮૮)
5. મહિપતરામ રૂપરામ નીલકંઠ- ખેતી- ગવર્નમેન્ટ સેંટ્રલ બૂક ડીપો- મુંબઇ- ઇ.સ. ૧૮૮૮ (રાબર્ટસનના અંગ્રેજી પુસ્તક પરથી)
6. દુલેરાય છોટાલાલ અંજારીઆ- ખેતી તથા વાડીના ધંધામાથી પૈસા કમાવવાની કુંચી- ધી અમદાવાદ યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ- અમદાવાદ- ઇ.સ. ૧૯૧૪

 **ISBN: 978-81-952708-6-6**

# જૂનાગઢનો ઐતિહાસિક કિલ્લો ઉપરકોટ

**Dr. Ridhdhi A. Makwana**
M.A., B.Ed., Ph.D. History,
Email : ridhdhim@gmail.com

"નેક ટેક ધરમની ઓલી પાણે પાણે વાત
ઈ તો સંત ને સુરાના બેસણા અમ ધરતીની અમીરાત."

## ❖ પ્રસ્તાવના

ગુજરાતનો સ્થાપત્ય કલા અને સાંસ્કૃતિક વારસો બહુમૂલ્ય અને ગૌરવવંતો છે. ગુજરાતમાં વિકસેલી વિવિધ પ્રાચીન સંસ્કૃતિઓ, વસાહતો તેમજ વિવિધ રાજવીઓએ પોતાના શાસનકાળ દરમિયાન વિવિધ સ્મારકો જેવા કે મહેલો, મંદિરો, મસ્જિદો, મકબરા ઐતિહાસિક પ્રવેશદ્વારો, ઉજાણીગૃહો વાવો, કૂવા, તળાવો, સરોવરો તેમજ ગુપ્તમાર્ગો અને ગુફાઓનું નિર્માણ કર્યું છે. જે કલા સંસ્કૃતિના અવશેષો ઈતિહાસનો એક બોલતો પુરાવો છે.

દુનિયામાં બહુ ઓછા નગરો હશે કે જેનો પ્રાચીનકાળથી સીલસીલાબંધ ઈતિહાસ મળતો હોય એવા શહેરોમાંના એક જૂનાગઢનો છેલ્લાં ૨૫૦૦ વર્ષનો કડીબદ્ધ સળંગ એકસૂત્રતાવાળો ઈતિહાસ પ્રાપ્ત થાય છે.[૧] ઈતિહાસના અનેક મહત્વના અવશેષો અને ઐતિહાસિક સ્થળો હજુ અડીખમ ઊભા છે તે સ્થળો જૂનાગઢના પ્રાચીન ઈતિહાસની ગવાહી આપી રહ્યા છે. જેમાં ઉપરકોટ અશોક શિલાલેખ, બૌદ્ધ ગુફાઓ, બોરીયા સ્તૂપ મકબરા, બહાઉદ્દીન કોલેજ વગેરે ગણાવી શકાય. ૯-નવેમ્બર-૧૯૪૭ ના રોજ ઉપરકોટ કિલ્લ ઉપર જૂનાગઢ મુક્તિ સંગ્રામના વડા શામળદાસ ગાંધી એ રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો.[૨] આમ, પ્રાચીનકાળથી સ્વતંત્રતા સુધીના ઈતિહાસની સાક્ષીરૂપ ઉપરકોટનો કિલ્લો અગત્યનો દસ્તાવેજ ગણી શકાય. તેનો સંક્ષિપ્ત ઈતિહાસ પ્રસ્તુત પેપરમાં આલેખ્યો છે.

## ❖ ઉપરકોટ

જૂનાગઢની ઉતરપૂર્વમાં ૨,૭૨,૪૯૭ ચોરસવારમાં ઈતિહાસ પ્રસિદ્ધ ઉપરકોટનો કિલ્લો આવેલ છે. ઉપરકોટનું મૂળ નામ ગિરિદુર્ગ હતું. આ કિલ્લો કોણે બંધાવ્યો તે પ્રમાણભૂત રીતે જાણવા મળતું નથી. આ કિલ્લા ઉપર ૧૬ વખત ચડાઈના પ્રયાસો થયા હતા છતાં અડીખમ રહ્યો છે એટલો મજબૂત છે. ઈ.સ. ૧૧૧૩-૧૧૨૫ રા'ખેંગાર બીજાના વખતમાં સિધ્ધરાજ જયસિંહે ૧૨ વર્ષ સુધી કિલ્લાને ઘેરો ઘાલ્યો હતો છતાં પણ કિલ્લાના કાંગરા ખેરવી શકાયા ન હતા. આ કિલ્લાનું સમયાંતરે રાજવી પરિવારો અને નવાબોએ સમારકામ કરાવ્યું છે. હાલ પુરાતત્વ વિભાગ અને ઉપરકોટ વિકાસ સમિતિ ઉપરકોટને પ્રવાસીઓ માટે વધુ આકર્ષક બનાવવા વિકાસ કામો હાથ ધર્યા છે.[3]

ઉપરકોટના આ કિલ્લામાં જુદાં-જુદાં સમયે બનેલાં આઠ સ્મારકો આવેલાં છે. જેમાં લશ્કરી વાવ, નિલમ તોપ, કડાનલ તોપ, જુમ્મા મસ્જિદ, નવઘણ કુવો, અડીકડી વાવ અનાજના કોઠર આ સાત સ્મારકો રાજ્ય રક્ષિત સ્મારકો છે. જ્યારે આઠમું સ્મારક બૌદ્ધ ગુફાઓ કેન્દ્ર રક્ષિત સ્મારક છે તેમજ જૂનાગઢને પાણી પૂરું પાડવા માટે બંધાયેલાં વોટર વર્કસ યોજના છે.

ભારતમાં આશરે ચારેક હજાર વર્ષ પહેલાનાં કિલ્લાના અવશેષો મળી આવે છે. તેમાં ઉપરકોટનો કિલ્લો પણ અતિપ્રાચીન છે. જૂનાગઢનાં ઈતિહાસકારશ્રી પરિમલભાઈ રૂપાણી જણાવે છે કે દ્વાત્રયગ્રંથમાં આ કિલ્લો રાજા ગ્રહરિજીએ બંધાવ્યો હતો. એક સમયે તેનું નામ ઉગ્રસેનગઢ હતું. શહેરની સૌથી ઉપરના ભાગમાં આ વિસ્તાર આવેલો હોવાથી અને ત્યાં કિલ્લો બાંધવામાં આવ્યો તેથી તે ઉપરકોટ તરીકે ઓળખાવા લાગ્યો અને આજે પણ ઉપરકોટ તરીકે ઓળખાય છે. અગાઉ આ કિલ્લો ગિરિદુર્ગ તરીકે ઓળખાતો હતો એક કિવંદતી અનુસાર ચંદ્રગુપ્ત મૌર્યના

 ISBN: 978-81-952708-6-6

સમયમાં આ કિલ્લો બંધાયો હતો. જેના કાંગરે કાંગરે શૌર્યતાની કથાઓ આલેખાયેલી છે તેવા આ કિલ્લાની સૌ પ્રથમ રચના માટે કોઈ પુરાતાત્વિક પ્રમાણ ઉપલબ્ધ નથી. આમ, છતાં તે અતિ પ્રાચીન જણાય છે.

આ કિલ્લામાંથી ક્ષત્રપકાલીન યુગના શિલાલેખો મળી આવ્યા છે. જે હાલ સક્કરબાગ ખાતેના મ્યુઝિયમમાં રાખવામાં આવ્યા છે. ઉપરાંત બૌદ્ધ ગુફાઓ પણ આવેલી છે. જૂનાગઢના ઈતિહાસકાર શ્રી શંભુપ્રસાદ દેસાઈએ નોંધ્યું છે કે આ કિલ્લાનું મૂળનામ ગિરિદુર્ગ હતું.[૪] ઈ.સ. ૭૦૦ સુધી લગભગ ઉજ્જડ પડેલા આ કિલ્લાને રા'ગ્રહાર કે તેના અનુગામીઓએ ઈ.સ. ૯૪૦ થી ઈ.સ. ૯૭૫ સુધીમાં તેની સાફ સુફી અને સમારકામ કરાવ્યું. આ પછી રા'નવઘણ અને તેના પુત્ર રા'ખેંગારે ઈ.સ. ૧૦૨૫ થી ઈ.સ. ૧૦૬૭ ના સમય દરમ્યાન અડીકડી વાવ અને નવઘણ કૂવો બનાવી પાણીની વ્યવસ્થા કરી. ઈ.સ. ૧૪૫૦ માં રાજા રા'માંડલિકે અને ત્યારપછી ઈ.સ. ૧૮૯૩-૯૪ માં જૂનાગઢના તે સમયના દિવાન હરિદાસ વિહારીદાસે આ કિલ્લાનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. ઉપરકોટના આ કિલ્લાની દીવાલની લંબાઈ ૩૦૮૦ મીટર છે. નાના મોટા કાંગરાની સંખ્યા ૧૧૭૪ છે. જ્યારે બંદૂક રાખવાના મોટા કાણા ૨૨૦ અને નાના કાણા ૨૨૫ છે. દીવાલની સામાન્ય પહોળાઈ ૯ મીટર છે. આ કિલ્લામાં આવેલું હાલનું મુખ્ય પ્રવેશદ્વાર ભવ્ય કાંગરા સાથે જોવા મળે છે. જ્યારે તે પછી આવતું બીજું પશ્ચિમાભિમુખ દ્વિતીય પ્રવેશદ્વાર કલાત્મક તોરણ અને બારીક નકશીકામથી હજી પણ બેનમુન લાગે છે. ઉપરકોટના આ કિલ્લાના નિર્માણ બાદ ઈ.સ. ૯૭૫ થી ઈ.સ. ૧૭૮૦ દરમ્યાન ૧૬-૧૬ વખત ચડાઈ થઈ હતી. તેની સામી તોપો મંડાણી હતી.[૫]

**❖ અડીકડી વાવ**

અડીકડીની વાવનું સર્જન પથ્થરો કાપીને કરાવ્યું છે. ૧૬૨ પગથિયાવાળી આ વાવ ૮૧ મીટર લાંબી ૪.૭૫ મીટર પહોળી અને ૪૧ મીટર ઊંડી છે. સમગ્ર વાવ એક સળંગ ખડક માંથી કાપીને બનાવેલી છે. વાવના બાંધકામની સામાન્ય બાબતો જેવી કે કુટ મોભ કે ગવાક્ષો એમાં નથી. જટિલ ભૂસ્તર રચનામાં બંધાયેલી આ વાવ તેના બાંધકામના સમયની પાણીના સ્રોત શોધવાની કુશળતાને વ્યક્ત કરે છે. કોઈ ખાસ વિશિષ્ટ સ્થાપત્ય નોંધ કે લખાણ નથી. આથી સમય માપન લગભગ અશક્ય છે પણ એટલું ચોક્કસ કહેવાય છે કે આ સૌથી પ્રાચીન વાવમાંથી એક વાવ છે.[૬]

**❖ નવઘણ કૂવો**

નવઘણ કૂવાનું નામ ચુડાસમા રાજા રા'નવાગના નામ પરથી આપવામાં આવ્યું છે. કૂવામાં પહોંચવા માટેનો પૂર્વ માર્ગ કદાચ ૧૧ મી સદીમાં તેમના શાસન દરમિયાન બનાવવામાં આવ્યો હતો. માનવામાં આવે છે કે તે તેમના પુત્ર રા'ખેંગાર દ્વારા પૂર્ણ કરવામાં આવ્યું છે. કેટલાંક વિદ્વાનોના મતે તે સ્ટેપવેલનું સૌથી જૂનું ઉદાહરણ છે તે ઉપરકોટ ગુફાઓ પાસે છે. કૂવો ક્ષત્રપકાળ (૨જી કે ૪થી) સદીમાં અથવા મૈત્રકાળ (૬થી કે ૭મી) સદીમાં બાંધવામાં આવ્યો હોય તેમ લાગે છે.

કમાનોવાળા દરવાજામાંથી એક નાનકડી સીડી જે અંદરથી પ્રવેશ કરે છે તે આગળના ભાગ તરફ દોરી જાય છે. કૂવામાં પાણી એક પરિપત્ર દાદરા દ્વારા પહોંચવામાં આવે છે. જે કૂવાના શાફટની પાતળા પથ્થરની દિવાલ પાછળ નરમ ખડકમાં કાપવામાં આવે છે. પગલાંઓની ફ્લાઈટ પ્રથમ સીધા અને પછી ટ્રાંસવર્સ શાફટની આજુબાજુ વળે છે. શાફટની પથ્થરની દિવાલમાં ચોરસના છિદ્રોનો એરે અંદરના ભાગને પ્રકાશિત કરે છે અને ઠંડુ પાડે છે.[૭]

**❖ ગુફા સ્થાપત્ય**

જૂનાગઢના ઉપરકોટ વિસ્તારમાં બે મજલાના શૈલગૃહ રૂપે કંડારેલી ગુફાઓ તે ધરતીના પેટાળમાં રક્ષાયેલી છે. સપાટ જમીન ઉપર દક્ષિણાભિમુખ મોઢું રાખી થોડા પગથિયા ઉતરી જમણી તરફ વળતા આ શૈલગૃહના પ્રથમ


**ISBN: 978-81-952708-6-6**

મજલે પહોંચાય છે. પ્રથમ મજલે દોઢેક મીટર સમચોરસ ખુલ્લો કુંડ છે. અઢારેક મીટર ઊંડા આ કુંડમાં ઉતરવા માટે પશ્ચિમની દીવાલમાં બંને છેડે પાંચ પગથિયા છે. કુંડની પૂર્વની ઓસરીને ઉતર છેડે આવેલાં પ્રવેશ માર્ગથી મોટા ખંડમાં જવાય છે. જેની છત છ થાંભલાથી રક્ષાયેલી છે. નીચલા મજલે મોટો ખંડ છે.[૮]

❖ **નીલમતોપ**

દીવ ઉપરના પોર્ટુગીઝોની હકુમતોને હટાવવા તૂર્કીથી સુલેમાન પાસા ચઢી આવ્યા. (ઈ.સ. ૧૫૩૮) ત્યારે તે હારી જતા જે શસ્ત્ર સરંજામ દીવમાં છોડી જતો રહેલ તેમાંની બે તોપો તે નીલમ અને કડાણ કે ચૂડાનાળ, નીલમતોપની લંબાઈ ૫.૧૦ મીટરે છે. તેનો આગળનો ભાગનો વ્યાસ ૦.૪૮ અને પૃષ્ઠ ભાગનો વ્યાસ ૦.૬૦ સેમી. છે.[9]

❖ **કડાનાળ તોપ**

આ તોપ પણ તૂર્કી હોવાનું મનાય છે. તેની લંબાઈ ૩.૯૦ મીટર છે. આગળનાં મુખનો વ્યાસ ૦.૫૦ અને પાછળના ભાગનો વ્યાસ ૦.૫૫ સેમી. છે. આ પર અરબીમાં 'અલીબિન હજીઝા' એમ લખેલ છે. આનાથી કંઈ વિશેષ માહિતી મળતી નથી.

❖ **કોઠાર**

એક માન્યતા અનુસાર રા'નવઘણ પ્રથમે (૧૦૨૫-૧૦૪૪) દરમ્યાન આ બંધાવેલ યુધ્ધના સમય દરમિયાન જ્યારે કિલ્લાને દુશમનો દ્વારા બહારથી ઘેરી લેવામાં આવે ત્યારે આ રીતે અન્ન સંગ્રહ કરવાની વ્યવસ્થા અનિવાર્ય હોય આ રીતની વ્યવસ્થા કરેલ છે.[૧૦]

❖ **ઉપસંહાર**

ઉપરકોટ ઉપર અનેક શાસકો અને આક્રમણકારોએ રાજ કર્યું. રા'દયાસથી લઈ મહાબતખાનજી ત્રીજા સુધીનાં સારા નરસા અનેક પ્રસંગો આ કિલ્લા સાથે સંકળાયેલાં છે. માનવસર્જીત કે કુદરતી આફતોના અનેક વખત સામનો કરવા છતાં આજે પણ સૌરાષ્ટ્રની પ્રાચીન સંસ્કૃતિની ઝાંખી કરાવે છે.

❖ **પાદનોંધ :**

1. ખાચર (ડો.) પ્રદ્યુમ્ન ભ. વાળા (ડો.) ધીરુભાઈ પી. 'તસવીરોમાં જૂનાગઢ', પ્ર. રાજકોટ, પ્રથમ આવૃતિ ૨૦૧૧, પૃ. ૧૧.
2. કોઠારી રતુભાઈ 'જૂનાગઢની લોકક્રાંતિ' પ્ર. મુંબઈ, ઈ.સ. ૧૯૪૮, પૃ. ૫૫.
3. 'સોરઠધરા સોહામણી', માહિતીખાતું ગાંધીનગર, મે-૨૦૦૭, પૃ. ૧૩.
4. દેસાઈ શંભુપ્રસાદ હરપ્રસાદ, 'જૂનાગઢ અને ગિરનાર' પ્ર. રાજકોટ, બીજી આવૃતિ, ૧૯૯૦, પૃ. ૪૨.
5. 'ગુજરાતનો પુરાતત્વીય વારસો', પ્ર. ગાંધીનગર, પુનઃમુદ્રણ ૨૦૧૭-૧૮, પૃ. ૬૯.
6. kathiyawadikhamir.com
7. www.gujaratimahiti.com
8. ગુજરાતી વિશ્વકોશ ખંડ-૩, પૃ. ૧૮૦.
9. વ્યાસ હસમુખ 'સૌરાષ્ટ્ર સંસ્કૃતિ કોશ' પ્ર. રાજકોટ, પ્ર.આ. ૨૦૧૦, પૃ. ૧૭૧.
10. એજન, પૃ. ૧૭૦.

 **ISBN: 978-81-952708-6-6**

## "ઉત્તર ગુજરાતમાં બૌદ્ધ કાલીન સ્થાપત્ય એક અધ્યયન"

**સેનમા કૌશિકકુમાર જગદીશકુમાર**
પીએચ.ડી સ્કોલર
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી, પાટણ

**પ્રસ્તાવના**

ભારતમાં બહુ એવા સ્થળો છે જ્યાં બે હજારથી ૨૫૦૦ વર્ષ જુના ઈતિહાસ સાથે જોડાયેલા છે અને એવા સ્થળો ઉત્તર ગુજરાતમાં આવેલા છે. જેમાં વડનગર, તારંગા,દેવનીમોરી, એ મહત્વના સ્થળો આવેલા છે. જેમાં બુદ્ધથી લઈને કુમારપાળ સુધીનો ઈતિહાસ અને અવશેષો સાથે જળવાયેલો જોવા મળે છે. ઉત્તર ગુજરાતમાં પણ આવો સળંગ કટિબદ્ધ એક સુત્રતાવાળો ઈતિહાસ પ્રાપ્ત થાય છે. જેના મહત્વના અવશેષો હજુ અડીખમ ઉભા છે અને હજી ઘણા સ્થળે અવશેષો મળી રહ્યા છે. જેમાં વડનગર, તારંગા,દેવનીમોરી મહુડી, વિહાર, જેવા સ્થળોએ વિહારો, સ્તુપો ,ગુફાઓ અને ગુફા મંદિરો આવેલા છે.

**ગુજરાતમાં બૌદ્ધ ધર્મનો વિકાસ –**

શ્રમણ સંપ્રદાયોમાં જૈનધર્મની બૌદ્ધધર્મ પણ મહત્વનું સ્થાન ધરાવે છે. બૌદ્ધધર્મના સ્થાપક ગૌત્તમ બુદ્ધ હતા. તેમણે ગૃહત્યાગ કરી જગતના કલ્યાણ માટેનું કાર્ય સારનાથથી આરંભ્યું અને ધીમે ધીમે અનુયાયીઓની સંખ્યા વધવા લાગી એમના ઉપદેશો અને વિચારો સમગ્ર ભારતમાં ફેલાયા જે બૌદ્ધ ધર્મ તરીકે પ્રચલિત બન્યો. બુદ્ધ ના શરૂઆતના સમયમાં મૂર્તિ પૂજાને સ્થાન ન હતું. પરંતુ બે બૌદ્ધધર્મમાં વિભાજન થયા પછી મૂર્તિ પૂજાની શરૂઆત થઈ અને અસંખ્ય બૌદ્ધ મૂર્તિઓ અને સ્થાપત્યો રચાયા.ધીરે ધીરે બૌદ્ધ ધર્મને રાજ્યાશ્રય મળવા લાગ્યો મૌર્ય સમયમાં સમ્રાટ અશોકે બૌદ્ધધર્મના પ્રચારમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. ત્યારબાદ કનિષ્ક અને હર્ષ વગેરે વિકસાવવામાં નોંધપાત્ર ફાળો આપ્યો. ગુજરાતમાં ક્ષત્રપકાલ દરમિયાન બૌદ્ધધર્મ વ્યાપક પ્રમાણમાં વિસ્તર્યો સૌરાષ્ટ્રમાં જૂનાગઢ, ખંભાલીડા, બારિયા,તળાજા,વગેરે અનેક જગ્યાએ બૌદ્ધ વિહારો,સ્તુપો અને ગુફાઓ મળી આવ્યા છે. ઉત્તર ગુજરાતમાં શામળાજી પાસે દેવની મોરી, તારંગાની ટેકરીઓમાં જોગીડાની ગુફા, ત્રણ ધારણ બૌદ્ધ દેવીના મંદિરો અને વડનગરમાં ૧૦ સ્તૂપ હોવાના ઉલ્લેખો મળી આવ્યાછે જે પુરાતત્વ દ્વારા ખોદકામ કરી કાઢ્યા છે. આમ ભુગુ કચ્છ બૌદ્ધ સાહિત્યમાં ભુગુકચ્છ અને સોપારકનો વારંવાર ઉલ્લેખ આવે છે. કદાચ એ બૌદ્ધધર્મનું મુખ્ય કેન્દ્ર હોય એવું જણાય છે.ગુજરાતમાં બૌદ્ધધર્મની નોંધ લેતા ચીની યાત્રી હ્યુ-એન-ત્સંગ જણાવેછે કે ભરૂચમાં બૌદ્ધ સંઘારામ છે. જેમાં ત્રણ હજાર મહાયાનના અનુયાયી ઓ અભ્યાસ કરે છે. કચ્છમાં દસ વિહરો હતા. વડનગરમાં દસ સંઘારામો હતા. સૌરાષ્ટ્રમાં ૫૦ વિહારો હતા. વલભીમાં બૌદ્ધ ધર્મ વધારે પ્રચલિત હતો. વિખ્યાત બૌદ્ધ આચાર્ય રૂપમતી અને ગુણમતિએ વલભી પાસેના રહીને પોતાના ગ્રંથોની રચના કરી હતી. મૈત્રકોના તામ્રપત્રોમાં બૌદ્ધ વિહારોને દાન આપ્યાનો ઉલ્લેખ છે. વલભી બૌદ્ધધર્મનું કેન્દ્ર હતું. અનુંમૈત્રકકાલ દરમિયાન ગુજરાતમાંથી બૌદ્ધ ધર્મ ધીરે ધીરે લુપ્ત થવા લાગ્યો. ભારતના અન્ય પ્રદેશોની જેમ અહી પણ જૈન ધર્મને રાજ્યાશ્રય મળતા બૌદ્ધ ધર્મને ઘણો મોટો ફટકો પડ્યો. આમ ગુજરાતમાં બૌદ્ધધર્મનો પ્રચાર ઈ.સ પૂર્વથી શરુ કરીને નવમા દસમા સૈકા સુધી હતો. આ સમય દરમિયાન બંધાયેલા સ્તુપો, વિહારો,ગુફાઓ વગેરેના અવશેષો ગુજરાતના વિવિધ સ્થળોમાંથી મળી આવ્યાછે.

- **ઉત્તર ગુજરાતના બૌદ્ધ સ્થાપત્યો:-**
- **દેવની મોરી-**

શામળાજી પાસે મેશ્વો નદીના કિનારે બૌદ્ધ કાલીન સ્તુપો અને વિહારો મળી આવ્યા છે. ૧૯૩૬માં શ્રી.પી.એ ઈનામદારે આ સ્થળ ઉપર ધ્યાન દોર્યું હતું. ત્યારબાદ મહારાજા સયાજીરાવ યુનિવર્સીટી

 **ISBN: 978-81-952708-6-6**

દ્વારા ઉત્ખાલન કરવામાં આવ્યું. ત્યારબાદ બીજા ટીંબાનું ઉત્ખલન ડો.સુબ્બારાવ,ડોરમણલાલ મહેતા, અને ડો. સૂર્યકાંત સેન ચૌધરી દ્વારા ૧૯૫૯ અને ૧૯૬૩ ખોદકામ કરવામાં આવ્યું. જેમાં ઈંટેરી મહાસ્તુપ અને મહાવિહારના પુરાવા મળી આવ્યા આ ગુજરાત રાજ્યના પુરાતત્વના ઇતિહાસમાં બૌદ્ધધર્મ ના ઈતિહાસમાં આ સંસોધન સીમાચિન્હ સમાન હતું અને આના આધારે બીજા અનેક ઉત્તર ગુજરાતના સ્થાપત્યોની શોધખોળ શરૂ થઇ. વિહારની પાસે ભોજ રાજાના ટેકરા પર ખોદકામ કરતા એમાંથી એક સ્તૂપના અવશેષો મળી આવ્યા છે. એનો ઉપલો અને બહારનો ભાગ તૂટેલો છે. જેનો ભાગ ખંડેર છે ટે પીઠીકાવાળો સ્તૂપ મનાય છે. દિધનિકાયના મહાપારીનિર્વાણ ના મત મુજબ ભગવાન બુદ્ધે તેમના શરીરવશેષ પર માત્ર સ્તુપ બનાવવાની મંજુરી આપી હતી. તેમના મહાપરી નિર્વાણ બાદ તેમના પવિત્ર અસ્થિ ધાતુ ઉપર ૧૦ સ્તૂપ બનાવવામાં આવ્યા હતા સમ્રાટ અશોકે આનું વિભાજન કરી ૮૪૦૦૦ સ્તૂપ અને વિહારો બનાવ્યાના ઉલ્લેખો મળી આવે છે. દેવની મોરી પહેલા વિહાર હતો ત્યારબાદ મહાસ્તુપ બંધાયો હશે. તેનું સંપૂર્ણ બાંધકામ ઈંટેરી છે. આ સ્તુપ માંથી દાબડી મળી આવી છે. અને એમાં ગૌત્તમ બુદ્ધના દાંત હોવાનું માલુમ પડયું છે એ વાતની પ્રતીતિ કરાવે છેકે ખરેખર ગૌતમ બુદ્ધના નિર્વાણ પછી તેમના અવશેષો ગુજરાતમાં લાવ્યા હતા. ઈ.સ. ૨૦૫ માં બૌદ્ધ ભિક્ષુ અગ્નિવર્મા અને સુદર્શન નામના બૌદ્ધ ભિક્ષુ એ મૂળ વિહારની ઉત્તરે બંધાવ્યો હતો. તેમાં ભગવાન બુદ્ધના પ્રવિત્ર અસ્થિ મુકવામાં આવ્યા હતા આવો વિશાળ અને રમણીય સુશોભિત મહાસ્તૂપ ઉત્તર ગુજરાતમાં બીજે ક્યાંય મળ્યો નથી. આને ત્રણ ભાગમાં વિભાજીત કરવામાં આવ્યો છે. તેની પીઠિકાઓ ,થાંભલાઓ, પ્રદક્ષિણા માર્ગ તેમાં પાંદડાઓ,વેલીઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સંપૂર્ણ ગાંધાર શૈલી અને પ્રાશ્ચત્ય શૈલી મિશ્રણ રૂપ જોવા મળી રહ્યું છે. અહી અસંખ્ય બૌદ્ધ ભિક્ષુકો રહેતા હશે અને બૌદ્ધધર્મનું મોટું કેન્દ્ર હોવાનું માલુમ પડે છે. બીજા સંખ્ય બૌદ્ધ અવશેષો સરકારની ઉદાસીનતાને કારણે મેશ્વો ડેમ બનવાના કારણે પાણીમાં ગરકાવથી ગયા છે.

- **વડનગર-**

ઉતર ગુજરાતનું મહત્વનું સ્થળ એટલે આનંદપુર. પ્રાચીન સમયથી અર્વાચીન સમય સુધી વડનગર એક મહત્વનું ધાર્મિક કેન્દ્ર રહ્યું છે. વડનગર બૌદ્ધ થી લઈને જૈન હિંદુ ધર્મનું મહત્વનું કેન્દ્ર માનવામાં આવે છે. ઈ.સ ૨૦૦૫-૬ માં પુરાતત્વ દર ઉત્ખલન કરવામાં આવ્યું તેમાં એક બૌદ્ધ વિહાર શોધી કાઢવામાં આવ્યો છે. યુ- આન-ત્સાંગ ના પ્રવાસ નોંધ પણ ૧૦ વિહારો હોવાના ઉલ્લેખ મળે છે. કનીઘહામ પ્રાચીન ભારતીય ભૂગોળ નામનાં પુસ્તકમાં આનંદ્પુરની અંદર ત્રણસો વિહારો બૌદ્ધ વિહારો હોવાનું જણાવ્યું છે. સંખ્યા જોતા આનંદપુર મૈત્રકકાલમાં સંપૂર્ણ બૌદ્ધનગરી કે ધમ્મનગરી હશે એવું માની શકાય. વડનગરના ઘાસકોલ દરવાજા પાસે ઉત્ખનન દરમિયાન બૌદ્ધ સ્તૂપ મળી આવ્યો છે. અને એમાં ગૌતમ બુદ્ધના જીવનની સાથે સંકળાયેલ ઘટનાનું શિલ્પ મળી આવ્યું છે. આ શિલ્પ અડધું છે પણ એમાંવાંદરા સ્પષ્ટ અંકન જોવા મળે છે. આ શિલ્પ અલભ્ય છે. જે ગ્રે રંગનું સ્લેટીયા પત્થર ઉપર ઉપસાવેલો છે. આ શિલ્પ પહેલી સદીના ઉત્તરાર્ધના ગાળામાં મહાયાન પંથના પ્રસાર બાદ શરૂ થયું હતું.

આ ઉપરાંત વડનગરમાંથી મૌર્યકાલીન આહત સિક્કોઓ મળ્યા છે. અહિયાથી મૌર્ય યુગ થી લઈને ગુપ્ત શાસન કાળ સુધીના સિક્કાઓ પ્રાપ્ત થયા છે. વડનગર શહેર બહાર બીજી કે ત્રીજી સદીની ગાંધાર શૈલીનો પ્રભાવ હોય એવી પ્રતિમા પ્રાપ્ત થી છે. જે પદ્માસન માં બેઠેલા અવસ્થામાં છે. ઉપવસ્ત્ર પણ સ્પષ્ટ કોતરેલુ જોવા મળે છે. પગના તળિયે ધમ્મચક્ર અને કમળ કોતરેલા છે આ પ્રતિમા જયપુરના લાલ પથ્થરની બનેલી છે. મૌર્ય યુગથી પણ પ્રાચીન કાળના સફેદ માટીના વાસણ મળે છે. અહિયાંથી માટીની આકર્ષક મુદ્રાઓ પણ પ્રાપ્ત થઈ છે. માટીની વસ્તુઓ ઉપરાંત શંખની બંગડીઓ અને મણકા વડનગરમાંથી પ્રાપ્ત થયા છે. આ નગરની વસ્તુ પ્રાચીન ૮ થી ૧૦ હજાર જેટલી હોવાનું માનવામાં આવે છે. ઈ.સ ૧ થી ૪૦૦ સુધીની માટીની બનેલ પ્રતિમાઓ પણ પ્રાપ્ત થઈ છે. વડનગરના ઉત્ખનન


ISBN: 978-81-952708-6-6

દરમિયાન ક્ષત્રપકાલીન માતા અને શિશુનું પારેવા પથ્થરનું શિલ્પ ઘાસકોલ દરવાજા બહારના ખેતરમાંથી પ્રાપ્ત થયું છે. વડનગર ક્ષત્રપ કાળમાં વલભી પછી શિક્ષણનું મોટું કેન્દ્ર હતું.

- **તારણ ધારણ મંદિર-**

તારંગામાં ટીંબા નજીક તારંગાની ટેકરીઓમાં તારણમાતાનું અને ધારણમાતાનું પહાડો કોતરીને બનાવામાં આવ્યું છે. જેમાં ૪.૬થી ૦.૯ મીટરની પીઠ ઉપર નવ બૌદ્ધમૂર્તિઓ છે. એમાં એક અવલોકિતેશ્વર પદ્મપાણીની ઉભી પ્રતિમાછે. મધ્યની પ્રતિમા તારણમાતાના નામથી પૂજાય છે. શ્રી એ.એસ.ગદ્દે પણ આ પ્રમાણે નોંધ્યું છે. ધનદ તારાની મૂર્તિઓ મળી આવી છે. આની બાજુમાં એક નાનું મંદિર ધારણમાતાનું છે. પણ ધારણ માતાના નામથી પૂજાતી તારાદેવીની પ્રતિમાછે. જે લગભગ ૧.૩મીટર ઉંચીછે. ત્યાં લોકોના જણાવ્યા પ્રમાણે અહી બંગાળથી બૌદ્ધ સાધુઓ દર્શન કરવા આવતા જે આજે હિંદુ ધર્મ પરિવર્તિત થઇ ગયું છે. આ મંદિરની બાજુમાં પુરાતત્વ દ્વારા ખોદકામ કરતા વિહારના અવશેષો મળી આવ્યા છે. જેમાં સાધુઓને રહેવા અને સાધના કરવા બનાવવામાં આવ્યું હોવું જોઈએ.

- **જોગીડાની ગુફા-**

તારંગાની ટેકરી ઓમાં એક બૌદ્ધ ગુફા મળી આવી છે અને આ ગુફા શ્રી ગદ્દે દ્વરા કરવામાં આવી છે. જેને જોગીડાની ગુફા તરીકે ઓળખવામાં આવે છે. આ ગુફામાં બુદ્ધની ધ્યાન કરતી મૂર્તિઓ મળી આવી છે.

આ ઉપરાંત તારંગામાંથી બે હજાર વર્ષ પૂર્વે નો કિલ્લો શોધી કાઢયો છે. આ સ્થળે નગરી વસી હશે અને એનો સમય ઈ.સપૂર્વે ૨૩૦૦નો માનવામાં આવે છે. આ સ્થળેથી ટેરા કોટાના લઘુશિલ્પો મળી આવ્યા છે. જેમાં ભગવાન બુદ્ધ પ્રદ્માસનમાં બેઠા છે આ મૂર્તિઓ ઈ.સની પહેલી થી ચોથી સદીના ગાળાની ક્ષત્રપકાળ ની પોટરી અને ઈ.સ પૂર્વની પ્રથમ સદીથી ક્ષત્રપકાળ પહેલાની પોટરી પણ મળી આવી છે. મળેલ અવશેષો પરથી કહી શકાય કે પૌરાણિકકાળમાં આ સ્થળ બૌદ્ધ નગરી હશે.

- **મહુડી-**

વિજાપુર તાલુકામાં સાબરમતી નદીના કિનારે આવેલ કોટાયર્ક મહુડીમાં કુવાનું ખોદકામ કરતા ધાતુની ત્રણ નાની પ્રતિમા અને એક મોટી ધાતુની પ્રતિમા મળી આવી હતી. ડો.સાંકળિયા અને શ્રી સારાભાઇ એ તેને જૈન હોવાનું વિધાન કરેલું આમાંની ત્રણ પ્રતિમામાં વડોદરા મ્યુઝીયમમાં ૧૯૩૫ થી છે. અહી મોટી પ્રતિમા કોટાયર્ક મંદિરમાં એક ઓરડીમાં રાખેલી છે. તેના ત્રણ ભાગ છે. પ્રતિમાની નીચે સિંહાસન છે જેની મધ્યમાં હરણ યુગલ યુક્ત ધર્મ ચક્ર પ્રભાવલી છે. ડો.હીરાચંદ્ર શાસ્ત્રીનું માનવું હતુ કે આ પ્રતિમા બૌદ્ધ છે તેમને પ્રભાવલી નીચેના ભાગમાં આવેલ બ્રહ્મલીપી નો લેખ ડો. છીબડા ભારત સરકારના એપીગ્રાફીસ ને મોકલી આપેલો અને એમાં એમણે જણાવ્યું કે આ બૌદ્ધ પ્રતિમા છે. અને આ પ્રતિમાઓ ૯ મી સદીની માનવામાં આવે છે.

- **વિહાર –**

કુકરવાડા નજીક વિહાર ગામ આવેલું છે અને ત્યાં પૂર્વકાલ સમયે બૌદ્ધ વિહાર હોવાના પુરાવા મળે છે. તાજેતરમાં પુરાતત્વ દ્વારા કરવામાં આવેલા ખોદકામમાં બૌદ્ધ કાલીન અવશેષો મળી આવ્યા છે. ઘણી મૂર્તિઓ મળી આવી છે. આ વિહાર હોવાથી આ ગામનું પણ નામ વિહાર પડયું છે. મહુડી વડનગર નજીક હોવાથી અહી બૌદ્ધ વિહારનો વિકાસ થયો હશે.

- **ગંભીરપુર –**

ઇડર તાલુકથી ૩ માઈલ દુર ગંભીરપુર ગામ આવેલું છે અને ત્યાં બૌદ્ધ ધર્મના પ્રતિક સ્તૂપના પ્રાચીન ગુફા ચિત્રો મળી આવ્યા છે.સ્તુપમાં અંડાકાર ગોળ ભાગ નીચે પ્લેટ ફ્રેમ કે પચંક હોય છે.

 ISBN: 978-81-952708-6-6

જે બે કે ત્રણ પ્લેટ ફ્રેમ પયંકો ઉપર આવેલો હોય છે. અહીના ચિત્રોમાં સ્તૂપ નાનો હોય છે. અને અંડાકાર અર્ધ ચંદ્રાકાર ભાગનો લંબાઈને ઉંચો કરવામાં આવ્યો છે. ગંભીરપુર સ્તૂપ ચિત્રોમાં યષ્ટિની ઉપર ધ્વજ બાંધવામાં આવ્યો છે. આ રીતે સ્તૂપ ના પયંક ,અંડ,હર્મિકા,અને છત્રવાળી યષ્ટિ ભાગો જે છે પ્રાચીન ગુફા ચિત્રોમાં જણાય છે. આ સ્તુપનું ચિત્ર લાલ ઘટ્ટ રેખાઓથી બનાવેલી છે. જેની આજુ બાજુ સફેદ રંગ પુરવામાં આવ્યો છે. આ પ્રાચીન ગુફા ચિત્રો ઈ.સ ની ચોથી કે પાંચમી સદીના માનવામાં આવે છે.

- **નિષ્કર્ષ-**

ઐતિહાસિક યુગ ની શરૂઆત અશોકના ના ગીરનાર શિલાલેખથી થાય છે. ગુજરાતના ધર્મ જીવનને વિકસાવવામાં અશોકની ધર્મ આજ્ઞાઓએ અગત્યનો ભાગ ભજવ્યો હતો.બૌદ્ધ ધર્મને વિકસાવવામાં તનો ફાળો છે. ગુજરાતમાં સહિષ્ણુતાનો જે ગુણ પડેલો છે તેનું મૂળ અહી શોધી શકાય છે. અનુ મૈત્રક કાલ દરમિયાન ગુજરાતમાંથી બૌદ્ધ ધર્મ ધીમે ધીમે લુપ્ત થવા લાગ્યો અને બૌદ્ધ સાધુઓ તિબ્બેટ, ચીન, નેપાળ, શ્રીલંકાના પ્રદેશોમાં જવા લાગ્યા. ઉત્તર ગુજરાતમાંથી અસંખ્ય સ્તુપો,વિહારો અને મંદિરો અનેક સ્થળો પરથી બૌદ્ધ ધર્મના અવશેષો મળ્યા છે તો ઘણા અવશેષો મળ્યા પહેલા અન્ય ધર્મમાં પરિવર્તિત કરવામાં આવ્યા છે. પરંતુ ડો ભીમરાવ આંબેડકરની પ્રેરણાથી ગુજરાતમાં અસંખ્ય અનુયાયીઓ બૌદ્ધ ધર્મ અંગીકાર કરવા લાગ્યા.

ઉત્તર ગુજરાત જેવા શિક્ષિત અને સમૃદ્ધ શહેર હોવા છતાં પ્રજા અને તંત્ર બહુ ધ્યાન આપી રહ્યું નથી. ઉત્તર ગુજરાતમાં વડનગર ,તારંગા ,દેવની મોરી ઉપર અસંખ્ય સંશોધન થયા છે અને મારા સંશોધનનો આશય માત્રને માત્ર ઉત્તર ગુજરાતના બૌદ્ધ સ્થાપત્યોની ચોટેલી ધૂળ ખંખેરવાનો પ્રયાસ કર્યો છે. સરકારશ્રી આવા સ્થળોની જાળવણીના પગલાં લેવાય અને પ્રજા પણ તેમાં સહકાર આપશે તોજ આ મહામુલા વારસાને જીવંત રાખી શકાશે.

**સંદર્ભ ગ્રંથો**

૧) ડો. હર્ષ જયવર્ધન- ઉત્તર ગુજરાતમાં બૌદ્ધ ધર્મ- મૈત્રી પ્રકાશન પ્રથમ આવૃત્તિ ૨૦૧૨
૨) શાસ્ત્રી હરિપ્રસાદ ગં ," ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ", પ્રથમ આવૃત્તિ ૧૯૭૩, અમદાવાદ .
૩) આચાર્ય નવીનચંદ્ર," ગુજરાતનો ધર્મ સંપ્રદાય", પ્રથમ આવૃત્તિ ૧૯૮૩, અમદાવાદ.
૪) જમીનદાર રશેસ , " ક્ષત્રપ કાળનું ગુજરાત". પ્રથમ આવૃત્તિ, ૧૯૭૫, અમદાવાદ.
૫) રૂબરૂ મુલાકાતના આધારે.
૬) આચાર્ય નવીનચંદ્ર," બૌદ્ધમૂર્તિ વિધાન ", પ્રથમ આવૃત્તિ ૧૯૭૮, અમદાવાદ.
૭) શાહ ઉમાકાંત પ્રેમાનંદ, "ગુજરાતમાં બૌદ્ધધર્મ" , સ્વાધ્યાય , ૨૦૨૦ વડોદરા.

 **ISBN: 978-81-952708-6-6**

## સૌરાષ્ટ્રની ઓળખ અને નામકરણ

**વાણિયા ભાવેશકુમાર ખેમચંદભાઈ**
પીએચ.ડી.સ્કોલર, ઈતિહાસ વિભાગ
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

ભારતનું સૌ પ્રથમ જયોતિલિંગ ધરાવતું સોમનાથનું મંદિર સૌરાષ્ટ્રમાં પ્રભાસ પાટણમાં આવેલું છે. આ સૌરાષ્ટ્રે અનેક પૌરાણિક અને ઐતિહાસિક મહાપુરુષોની ભેટ આપી છે. અતિ પ્રાચિનકાળમાં યાદવવંશીના શ્રીકૃષ્ણે મથુરા નગરીથી આ પ્રદેશમાં આવી દ્વારકાને પોતાની રાજધાની બનાવી હતી. એમના પરમમિત્ર એવા સુદામાની પુરી તરીકેની નગરી પોરબંદર આ પ્રદેશમાં જ છે. મહાત્મા ગાંધીજીનું આ પ્રિય ભજન 'વૈષ્ણવવજન તો તેને કહીએ', ના કર્તા નરસિંહ મહેતા સૌરાષ્ટ્ર–ગુજરાતના આધ કવિ હતા. કૃષ્ણ ભકિતમાં લીન થયેલા રાજઘાટ છોડી કૃષ્ણભકત મીરાંબાઈ રાજસ્થાનના મહેતાથી આવીને દ્વારકામાં સ્થાયી થયેલા. એમનાં અનેક ભજનોની રચના કરી હતી. તે ભજનો આજે પણ એટલા લોકપ્રિય છેકે ગવાતાં રહયાં છે.

સૌરાષ્ટ્ર સંત, શૂરા, સતી, ભકત અને દાતાની ભૂમિ તરીકે પ્રસિદ્ધ છે. હિન્દુ – મુસ્લિમ સંસ્કૃતિના સમન્વયનું સમર્થન કરી બંન્ને સંસ્કૃતિઓના સારા તત્વોના સમન્વય સમાન પ્રણામી સંપ્રદાયની સ્થાપના કરનાર સ્વામી પ્રાણનાથ જામનગરનું નરરત્ન હતા. ઉત્તર પ્રદેશમાંથી આવીને આ પ્રદેશમાં જ વસીને જીવનના મહત્વના વર્ષો અહીં વિતાવનાર  સ્વામી નારાયણ સંપ્રદાયના સ્થાપક સ્વામી સહજાનંદ સમાજના નીચલા ધરના લોકોનાં વ્યસનો, દુષણો દૂર કરાવી ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે ક્રાંતિ આણી હતી. તેમને સૌરાષ્ટ્રના આધુનિક  યુગના આદ્યસુધારક કહી શકાય. તો ટંકારામાં જન્મેલા મૂળશંકર ત્રિવેદી જે પાછળથી સ્વામી દયાનંદ સરસ્વતીના નામે પ્રસિદ્ધ થયા અને આર્ય સમાજની સ્થાપના કરી વૈદિક સંસ્કૃતિના પ્રચારક આર્યસમાજની સંસ્કૃતિના પ્રણેતા હતા. 'સત્યાર્થ પ્રકાશ' એ તેમના વિચારોનું દોહન કરતો ગ્રંથ છે.

ધાર્મિક ક્ષેત્રે ભારતનું પ્રથમ જયોતિલિંગ ગણાતું. સોમનાથનું મંદિર જે ખંડેર બની ગયા પછી તેનો છેલ્લો જીણોદ્ધાર કરવાનો સંકલ્પ ઈ.સ.૧૯૪૭ માં સરદાર પટેલે કર્યો હતો. તે ઈ.સ.૧૯૫૧ માં પૂર્ણ થયો હતો. તે નૂતન મંદિર મહામેરુ પ્રસાદના સ્વરૂપે છેલ્લા ૬૫ વર્ષથી વધુ  વિશ્વભરમાંથી ભાવિકોને શ્રદ્ધાળુઓને આકર્ષે છે. તેવી જ રીતે જૂનાગઢમાં ગિરનારના અંબાજીમાં ગુરુદત્તાત્રેયના પાવન પગલાં, જૈન દેવળો તેમજ પાલિતણાના શેત્રુજય, પર્વત પર આવેલાં જૈન મંદિરો ભારત અને વિશ્વના ધાર્મિક જૈન અને અન્ય ધર્મના શ્રદ્ધાળુ યાત્રાળુઓને માટે મહત્વના યાત્રાધામો છે. જેમ હિન્દુધર્મ માટે કાશી બનારસનું જે મહત્વ છે. તેટલું જ તેનું મહત્વ ગિરનાર શેત્રુજયનું જૈનો માટે છે.

ભારતમાં એક માત્ર સિંહોનું આશ્રય સ્થાનએ જૂનાગઢની ગીચ ગીર જંગલ છે. તેવી જ રીતે આજની વિશ્વની અતિલોકપ્રિય મેદાની રકમ ક્રિકેટના ક્ષેત્રે જામનગરના જામરણજિતસિંહજી તથા દુલિયસિંહજીનું પ્રદાન અદ્વિતીય હતું. તેમના આ પ્રદાની સ્મૃતિ અર્થે રણજીટ્રોફી અને દુલિપ ટ્રોફીની ક્રિકેટ મેચો રમાય છે. એવી જ રીતે સૌરાષ્ટ્રના ગૌરક્ષકો આપેલા વચનપાલકોસ સપૂતોની વીરતા અને બલિદાનોની અમરકથાઓની સાથે તેમની સ્મૃતિમાં ઉભેલા ઠેર ઠેર ગામે ગામ પૂજાય છે. અને અમરકથાની યાદ અપાવે છે.

ભારતના રાષ્ટ્રપિતાનું બિરૂદ મેળવનાર આફ્રિકામાં જ સત્યાગ્રહની ચળવળ શરૂ કરનાર ભારતમાં ધરવાપસી થતાં જ સ્વતંત્રતાની લડત માટેની ચળવળ શરૂ કરનાર બાપૂ મહાત્મા ગાંધીજીનું જન્મ સ્થળ પોરબંદર અને  વિધાભ્યાસ. રાજકોટની  આલ્ફ્રેડ હાઈસ્કુલ તથા ભાવનગરની શામળદાસ કોલેજમાં અભ્યાસ કરેલ. એવી જ રીતે પાકિસ્તાનનું હઠ કરી ભારતમાંથી પાકિસ્તાનના સ્થાપક એવા કાયદે આઝમ મહમદઅલી જિન્હા પણ સૌરાષ્ટ્રના ઉપલેટા તાલુકામાં આવેલ પાનોલીના ભાણે જ હતા. એવું  આ  સૌરાષ્ટ્ર આજે પણ આ પાંચ રત્નો માટે પ્રસિદ્ધ છે. કવિશ્રી ઘર રચિત પ્રચલિત શ્લોકમાં જણાવાયું છે કે,

 **ISBN: 978-81-952708-6-6**

સૌરાષ્ટ્ર પંચ રત્નામિ, નદી નારી તુરંગમ :
ચતુર્થે સોમનાથશ્ચ, પંચમમ્ હરિદર્શનમ્

સોમનાથ મંદિર અને દ્વારકામાં હરિ એટલે કૃષ્ણ દર્શન કરાવતા રણછોડરાયજીના મંદિર જેવા પાંચ રત્નો રૂપી વિશેષતા માટે પ્રસિદ્ધ રહયું છે. પુરાણોમાં સૌરાષ્ટ્રને દેવભૂમિ, સર્વશ્રેષ્ઠ દેશ અને સુંદર સૌદર્યતાથી ભરેલ પ્રદેશ તરીકે વર્ણવવામાં આવ્યો છે. તેથી જ કવિ નાનાલાલ દલપતરામ તેને પુરાણ પ્રસિદ્ધ ઈતિહાસોજ્જવલ ભૂમિ તરીકે ઓળખાવે છે. કવિ બોયદકર તેનો 'સ્વર્ગકુંજ સરખી અમ માતૃભૂમિ'કહે છે. કવિ ત્રિભુવન વ્યાસ તેને 'હિંદુ દેવી તણી કમર પર ચમકતી દઢ કસી તીક્ષ જાણે કટારી ધન્યહો¦ ધન્ય¦ સૌરાષ્ટ્ર ધરણી' કહે છે. જયારે મકરન્દ દવે નોંધ છે....

સોરઠ સરવો દેશ, મરમી મીઠોને મરદ
એવો દુલગીર દરવેશ, દુનિયામાં દુજો નહિ
જયારે લોકપ્રિય કવિએ સૌરાષ્ટ્રની ધરતીમાં ગુણગાન કરતાં કહયું છે કે....
'નન્હાયો ગંગા ગોમતી, એનો એળે ગયો અવતાર'
તો કવિ લલિતે સૌરાષ્ટ્ર વાસીઓની લાક્ષણિકતા વર્ણતાં કહે છે કે...
અમે તો કાઠિયાવાડી, સરલ સૌરાષ્ટ્રવાસી,
રેલી કસુંબલરંગ નયને, ચેતના જ જગાવીએ.

**સૌરાષ્ટ્રનું નામકરણ :**

ભારતના પશ્ચિમ કિનારા ઉપર ૨૦.૪ થી ૨૩.૨૫ ઉત્તર અક્ષાંશને ૬૯.૫ થી ૩૨.૨૦ પૂર્વે રેખાંશ એની વચ્ચે સૌરાષ્ટ્ર આવેલું છે. તે ચારે ખુણે આકૃતિએ દ્રીપકલ્પ હોય, ઉત્તરના કચ્છ પ્રાંતથી દક્ષિણ ગુજરાતના સીમાકાંઠાથી પણ વધારે અગાહી અરબી સમુદ્રમાં ધસી આવેલ છે. એની કુદરતી આકૃતિ ઉપરથી એમ લાગે છે. કે કોઈકાળે જવાળામુખીના યોગથી બનેલ એક ટાપુ હતો. કચ્છના અખાતથી તે છેક ખંભાતના અખાત સુધી સૌરાષ્ટ્રના ઉત્તર તરફના લગોલગ કોઈ કાળે સમુદ્ર હતો. ઉત્તર અડધે સુધી કચ્છનું રણ આવેલું છે. તે ચોમાસામાં 'છલકા' પાણીનું સરોવર થઈ રહે છે. અને બીજી મોસમમાં 'છલકા' પાણીનું સરોવર થઈ રહે છે. અને બીજી મોસમમાં કોઈ જાતની લીલોતરી નહોતાં એમાં ઠેર ઠેર મીઠાના ઢગ બંધાય છે. ગુજરાત અને સૌરાષ્ટ્રની વચ્ચે ખારી જમીનનો એક ચીયર વટો (લાંબો કટકો) આવેલો છે. અને ઠેક–ઠેકાણે પાણીનાં ખાબોચિયાં ભરાઈ રહે છે. તે ઉપરથી એવું અનુમાન થાય છે કે કોઈ કાળે ખંભાતનો અખાત અને કચ્છનું રણએ બે પાણીની નાની ખાડીથી જોડાયેલ હતા. ને કચ્છના અખાતથી તે ખંભાતના અખાત સુધી સૌરાષ્ટ્રની ઉત્તર બાજુના કિનારા પર સમુદ્ર હતો. સિંધુ નદીના જૂનો પૂર્વનો ફ્રોટો, પ્રાચીન સરસ્વતી, લુણી, બનાસ, રૂપેણ, સાબરમતી વગેરે નદીઓનો કચરો આ છલકા સમુદ્રમાં ઠલવાતોને તેથી એ દરિયો ધીમે ધીમે પુરાઈ જઈ સૌરાષ્ટ્રનો ટાપુ ગુજરાત દેશની ભૂમિ સાથે સંધાઈ ગયો. આ કાંઠાનો ભાગ જે સપાટ છે. તે સિવાયન બીજો બધો ભાગ ઊંચો નીચો ડુંગરાવાળો છે.

આ પ્રદેશનું નામ સૌરાષ્ટ્ર કેવી રીતે પડયું. તે અંગે જુદા જુદા વિદ્રાનો ઈતિહાસકારોનાં જુદાં જુદાં અનુમાનો મંતવ્યો છે. કોઈએ તેને સુરાષ્ટ્ર (સારોદેશ) કોઈએ સુરરાષ્ટ્ર (દેવોનો દેશ) કહયો છે. અંગ્રેન ગ્રંથકારો તેને સૌરાષ્ટ્ર ની કહે છે. ટોલેમી અને પેરિપ્લસ પણ તેને માટે વપરાતું હતું. પરંતુ તેનું શુદ્ધ અને સ્પષ્ટ નામ 'સૌરાષ્ટ્ર' છે.

જો કે આપણા પ્રાચીન ગ્રંથોમાં સૌરાષ્ટ્ર અને સુરાષ્ટ્રનો ઉલ્લેખ વારંવાર જોવા મળે છે. રામાયણ સમયમાં બાલકાંડ અને 'કિષ્કિકોડ' માં ક્રમશ 'સુરાષ્ટ્ર' અને સૌરાષ્ટ્રનો ઉલ્લેખ છે. મહાભારતના સભાપર્વમાં પણ આ બે નામો વારંવાર ઉલ્લેખાયાં છે. કારણ કે શ્રીકૃષ્ણની યાદવોની અને પાંડવોની પ્રિયભૂમિ હતી.


ISBN: 978-81-952708-6-6

આ ઉપરાંત કૌટિલ્યના અર્થશાસ્ત્રના અધ્યાય ૧૧ માં બૌદ્ધાયન ધર્મશાસ્ત્રના ૧, ૨, ૩ માં પાણીનીના અષ્ટાંધ્યાયી તથા પતંજલિના મહાભા/યમાં ગિરનારના શિલાલેખમાં તથા સુરઠ રૂપે નાસિકના વાસિષ્ઠ પુત્ર પુલુમાવીના લેખમાં સુરાષ્ટ્રનો ઉલ્લેખ મળે છે. મૈત્ર ધન શાસનોમાં સુરાષ્ટ્ર શબ્દ પ્રયોગ દશવાચક નામ તરીકે છે. સોલંકીકાળમાં પણ સુરાષ્ટ્ર અને સૌરાષ્ટ્ર દસવાચક સંજ્ઞા હતી. સ્ટેલોસે 'સારા ઓસ્ટોસ' નામ દર્શાવેલ છે.

એક અભિપ્રાય એવો પણ છેકે 'સુ' નામની પ્રાચીન પ્રજા હતી. બીજી એવી પ્રજા 'રઠ' હતી. બંને પ્રજાનો દેશ 'સુરઠ' અને તેનું સંસ્કૃતિ કરણ એટલે સુરાષ્ટ્ર મુસ્લિમ સમયમાં સૌરાષ્ટ્રનું અપભ્રંશનામ 'સોરઠ' અને અકબરનામા આઈ–ને – અકબરી અને તવારીખ–એ–સોરઠમાં 'સોરઠ' નાનો ઉલ્લેખ છે. ડૉ.જોષીના મત અનુસાર સોરઠ શબ્દના ત્રણ અક્ષર સ, ર અને ઠ ક્રમશ: સરસ–રસ ઠાલવતા પ્રદેશનું પ્રતિક ગુજરાતના સુલતાનોની સત્તા સૌરાષ્ટ્ર પર હતી. ત્યારે સૌરાષ્ટ્રના વિભાગો પાડવામાં આવેલા તેમાં હાલાર, ગોહિલવાડ, ઝાલાવાડ વિભાગ અલગ પડતાં દક્ષિણ સૌરાષ્ટ્ર 'સોરઠ' ના નામે ઓળખાયા પછી જૂનાગઢના બાલીવંશના નવાબો 'સોરઠ સરકાર' તરીકે અને રાજદ્વારમાં નાગરી લિપિમાં 'સૌરાષ્ટ્ર' શબ્દ મુકાયો. મુસ્લિમ ઈતિહાસકાર સિકંદરે સોરઠનું જ વર્ણન કર્યું છે. તે સૌરઠ કેવો દેશ છે. જેવા કે ઈશ્વરે માલના ખાનદેશ અને ગુજરાતમાં સર્વોત્તય તત્ત્વોનું મિશ્રણ કરી સાહિત પ્રજાનું સર્જન કર્યું.

કાઠીઓ કચ્છમાં અને સૌરાષ્ટ્રમાં સ્થળાંતર કરી આવ્યા અને સૌ પ્રથમ થાનમાં વસ્યા પછી સૌરાષ્ટ્રનો એક મોટો વિસ્તાર કબજે કર્યો. જયારે ગાયકવાડના લશ્કરે બળજબરીથી મુલુકગીરી ઉઘરાવવા આવતાં કાઠીઓએ તેને જબરજસ્ત વિરોધ કરેલ તેથી મરાઠાઓએ સૌરાષ્ટ્રના મધ્ય અને દક્ષિણ ભાગનું કાઠેવાડ (કાઠિયાવાડ) આ દ્રિકલ્પનું પડયું અને બ્રિટિશભાગમાં કાઠિયાવાડ હતું.

**સંદર્ભસૂચિ**

1. કાઠિયાવાડ સર્વસંગ્રહ
2. ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં સૌરાષ્ટ્ર પ્રમુખીય ભાષણ સૌરાષ્ટ્ર કચ્છ ઈતિહાસ પરિષદ ૯ન અધિવજેશન ૧૯૯૧
3. પરિખ અને શાસ્ત્રી ગુજરાત રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ભાગ–૧
4. તખતરિયા એન. ટી. સ્વાતંત્ર્ય પહેલા સૌરાષ્ટ્રમાં ઉચ્ચ શિક્ષણનો વિકાસનો ઈતિહાસ અને તેની અસરો સૌ. યુ.નિ.

 **ISBN: 978-81-952708-6-6**

## આઝાદીના ઇતિહાસમાં વિસરાયેલા સ્વતંત્ર સેનાનીઓમાં સુરેન્દ્રનાથ બેનર્જી અને લોકમાન્ય તિલકના વિષેષ સંદર્ભ

**ખુશ્બુ કે. ચૌધરી**
ઇતિહાસ, પી.એચ.ડી. શોધછાત્ર
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરા

❖ પ્રસ્તાવના :-

'કદી સ્વાધીનતા આવે, વિનતિભાઇ છાની
અમોનેય સ્મરી લેજો, જરી પળ એક નાની'

આશરે ૧૦૦ વર્ષ ચાલેલા સ્વાતંત્ય સંગ્રામ બાદ આઝાદી મેળવનાર દેશ એટલે ભારત ! ભારતમાં બ્રિટિશ રાજની ચડતી અને પડતીના કાળનું બે ભાગમાં સરળતાથી વિભાજન કરી શકાય. એક ૧૮૫૭ પહેલાનો અને બીજો ૧૮૫૮ થી ૧૯૪૭ સુધીનો. ઇ.સ. ૧૭૫૭ ની પ્લાસીની લડાઇ બાદ ગોવાના પોર્ટુગીઝોની જેમ વેપારીના વેશમાં આવેલા ફિરંગી અંગ્રેજો પણ ધુસ્યા ફ્રેંચોએ પણ અડ્ડો જમાવ્યો. ઇ.સ ૧૮૧૧માં મહારાષ્ટ્ર સામાજ્યનો અંત આણી પહેલાથીજ શાસન જમાવી બેઠેલા ફ્રેંચ પોર્ટુગીઝ અને તુર્કો ઉપર જબરજસ્ત પ્રહાર કરી અંગ્રેજોએ વર્ચસ્વ જમાવ્યું. અને તે સાથે જ કહીએ સૂર્યાસ્ત ન થનારા બ્રિટીશ સામ્રાજ્યનો આરંભ થયો. ભારતના મોટા ભુ ભાગ ઉપર કબ્જો મેળવી આ ડાલ ડાલ પર સોને કી ચિડિયા કરે બસેરા વાળા. દેશને મન ફાવે તે રીતે લુંટ્યુ, ખેદાન મેદાન કરી નાખ્યું. ઇ.સ.૧૭૫૭ થી ૧૮૧૫ ના આ કાલખંડમાં ભારતની સંપતિમાંથી ૧૦૦ કરોડ પાઉન્ડ જેટલી રકમ ઇગ્લેંડની રાણી વિક્ટોરિયા ચલાવતી હતી. આ જુલમી અંગ્રેજ શાસનનો વિરોધ થયો મેરઠ માં ૧૦ મે ૧૮૫૭ના રોજ આ દિવસ ભારતના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરોએ લખાવાનો હતો. જે ૧૮૫૭ ના બળવા તરીકે અંગ્રેજ ઇતિહાસકારોએ નોધ્યો. વર્ષો સુધી અંગ્રેજ ઇતિહાસકારો આ આંદોલોનને મહત્વપૂર્ણ ઘટનાને અસંતુષ્ટ સૈનિકોના એવા વિદ્રોહ તરીકે ઓળખાવતા રહયા જેને તરત જ કચડી નખાયો. સરકારી ધોરણે મોશનરીઓ ટેકો આપી કેટલાયને ધર્માંતર કરાવ્યા. ઉત્તમ દર્જાનું કાપડ તૈયાર કરી નિકાસ કરનારો સમ્પૂર્ણ ઉદ્યોગ અત્યંત ખરાબ રીતે નષ્ટ કરી નાખ્યો. આ દેશમાં આર્થિક અધોગતિનો પાયો નાખ્યો. ભાગલા પાડો અને રાજ કરોવાળી નિતિના આ ફિરંગીઓ જતા જતા હિંદુ-મુસલમાનના ઝઘડા લગાવી ભારત-પાકિસ્તાન નિર્માણ કરીને જ ગયા. અહી જ નહી બલકે જગત આખામાં પણ આમ જ કર્યું. ઇજિપ્ત-સુદાન, ઇઝરાયલ-પેલેસ્ટાઇન, ઉતર અને દક્ષિણ આયલેન્ડ તેનાં જીવતા ઉદાહરણો છે.

આ સામે મરા કસી આઝાદીના દિવાનાઓએ. જેને આઝાદી માટે જે માર્ગ યોગ્ય લાગ્યો તે પસંદ કર્યો. ૧૮૫૭ ની સશસ્ત્ર ક્રાંતિ બાદ દેશના વિવિધ ભાગોમાં બ્રિટીશ શાસનની વિરુધ્ધ જનવ્યાપી અસંતોષ ફેલાયો. તે સાથે જ રાજનૈતિક શક્તિઓનો ઉદય થયો. જેમણે રાષ્ટ્રવ્યાપી આંદોલન શરૂ કર્યા. તો ક્રાંતિકારી ગતિવિધી પ્રજાની સકલ્પ – ભાવનાને પ્રજવલિત રાખવા તથા લોકોના ગૌરવ અને સ્વાભિમાનને ઉંચે રાખવામાં સફળ રહી. આ ક્રાંતિકારીઓ અને સત્યાગ્રહીઓ દરેક બ્રિટિશ સામ્રાજ્યની ઇમારતના પાયામાં એક એક તિરાડ પાડી ત્યારે બ્રિટિશ સામ્રાજ્યનું સિહાસન ડોલવા લાગ્યું. ત્યારે ગાંધીજીનું સ્વતંત્રતા સંગ્રામમાં આગમન થયું. તેમની પ્રેરનાથી દેશમાં ઠેર ઠેર સત્યાગ્રહ થયા. ચલે જા ઓ ભારત છોડો આંદોલન નમક કા કાનૂન તોડ દિયા, દાંડી યાત્રા, સવિનય કનૂનભંગ, સાયમન ગો બેક વગેરે સત્યાગ્રહોથી દેશમાં એકતા સ્થપાવવા લાગી.

ત્યારે ક્રાંતિકારીઓના વંદેમાતરમ, કરેંગે યા મરેંગે, ઇન્કલાબ જીન્દાબાદ, ભારત માતા કી જય, આઝાદી મારો જન્મસિધ્ધ અધિકાર છે ના નારાથી આખો દેશ ગૂંજી ઊઠ્યો ! રાષ્ટ્ર રાખાએ ક્રાતિકારીઓના

 ISBN: 978-81-952708-6-6

કારનામાને શ્વાસ રોકી નિહાળ્યા ! તેમજ બ્રિટિશ બુજિ ઉપર હુમલા કરી અને સામ્રાજ્યવાદી કાર્યક્રમોને તહસ-નહસ કર્યાની તેમની સફળતામાં ખુશી જાહેર કરી ! મૃત્યુને સામે જોઇને પણ તેમની દૃઢતાએ દેશ આખાને વિસ્મયકારી અને આશ્ચર્યચકિત કરી દિધો. જ્યારે તેમણે નીડરતાથી ફાંસીને માંચડે ચડી પોતાના પ્રાણનું બલિદાન આપ્યું. ત્યારે દેશ આખો શોકમાં ડૂબી ગયો.

ઓ આઝાદીના દિવાના ઓ ! તમારા એ દરેક પરાક્રમને અમારે ૨૧ તોપોની સલામી આપવી હતી....

પણ અફસોસ ! ત્યારે અમે ન હતા !

અને આજે તમે હયાત નથી !

પોતાના પ્રાણનું બલિદાન આપનાર ઓ વીર શહીદો, વતન કરે છે. તમને નમન !!! જય ભારત ! જય હિંદ !

❖ સુરેન્દ્રાનાથ બેનર્જી (૧૮૪૮-૧૯૨૫) :-

કલકતાના જાણીતા બ્રાહ્મન કુંટુબમાં સુરેંદ્રનાથ બેનર્જીનો જન્મ ૧૦ નવેમ્બર, ૧૮૪૮ માં થયો હતો. શાળાનું શિક્ષણ સુરેંદ્રનાથ પેરેન્ટલ એકેટેમિક ઇંસ્ટીટ્યુશનમાં લીધું જ્યાં ઘણું ખરૂ એંગ્લો – ઇંન્ડિયન છોકરાઓ ભણતા હતા. કલકત્તા યુનિવર્સિટીમાંથી ૧૮૬૮માં ડિગ્રી લઇને ઇન્ડિયન સિવિલ સર્વિસની પ્રતિષ્ઠિત અને બહુવારછનીય પરીક્ષા આપવા તેઓ રોમેશચંદ્રદત અને બિહારીલાલ ગૃપ્ત સાથે ઇગ્લેન્ડ ગયા. આ સ્પર્ધાત્મક પરીક્ષામાં તેઓ ૧૮૬૯ માં ઉર્તીડગે થયા. એમની ચોક્કસ ઉમર વિશે થોડો વિવાદ થયો અને પહેલા એ અયોગ્ય ઠર્યા પણ પછી અદાલતે ચુકાદો એમની તરફેણમાં આપ્યો. ૧૮૭૧ માં ભારત પાછા આવ્યા અને સિલ્હેટમાં આસિસ્ટંટ મેજીસ્ટ્રેટ તરીકે એમની નિમણૂક થઇ. ડિસ્ટિક્ટ્ર મેજીસ્ટેટ શ્રી સધરલેન્ડને એમના આ ભારતીય મદદનીશ બહુ ગમતા ન હતા. તેથી એક ઔપચારિક ભૂલનો લાભ ઉઠાવી. સુરેંદ્રનાથ સામે સરકારને વિધિપૂર્વક ફરિયાદ કરી. આ બીનાની તપાસ કરવા બેઠેલા કમિશને સુરેંદ્રનાથને દોષી ઠરાવ્યા અને તરત એમને નોકરીથી રુખસુદ મળી. સુરેંદ્રનાથ ઇગ્લેન્ડ ગયા અને ત્યા ઇંન્ડિયા ઓફિસને અરજી આપી. એમના પરના આ ઘોર અન્યાયનું નિવારણ તો ન જ થયું, પરંતું બેરિસ્ટર તરિકે એમને નામ નોધાવવાની પણ મંજૂરી ન મળી.

૧૮૭૫ ના જુનમાં ભારત પાછા આવીને સુરેંદ્રનાથ નવેસરથી શરૂઆત કરી. અને પહેલા મેટ્રોપોલિટિન ઇન્સ્ટીટ્યુશન પછી ફ્રી ચર્ચ કોલેજ અને છેલ્લે પોતાની સ્થાપેલી રિપન કોલેજમાં ( જે હવે સુરેંદ્રનાથ કોલેજને નામે ઓળખાય છે. ) અંગ્રેજીના પ્રોફેસર બન્યા. પોતાના ભણાવવાના સમય દરમ્યાન તથા જાહેર વ્યાખ્યાનોમાં, મેઝીનીના જીવન અને તત્વજ્ઞાન, શિવાજીના જીવન અને ઇતિહાસ તથા શીખો વિષે બોલી, શ્રોતાઓને તેઓ એક નવા ઉત્સાહથી ભરી દેતા.

૨૬ જુલાઇ ૧૮૭૬ ને દિવસે એમણે ઇન્ડિયન એસોસીએશનની સ્થાપના એ ઉદ્દેશથી કરી હતી. કે એ અખીલ ભારતીય રાજકીય ચળવળનું કેંદ્ર બને. એકતા અને અખંડિતતાની ભાવના લોકોમાં જાગૃત કરવા એમણે સમસ્ત ભારતનું ભ્રમણ કર્યું.

કલકત્તા હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશ એક હિન્દુ ને પોતાના કુળદેવતાની મૂર્તિને અદાલતમાં હાજર કરવાનો હુકમ આપ્યો હતો અને એની વિરુધ્ધ પોતાના છાપા ધ બંગાળી માં લેખ લખવા માટે એમના ઉપર અદાલતનો અનાદર આરોપ લગાવ્યો જેના પરિણામ સ્વરૂપે એમને જેલ થઇ . આ ચુકાદો અપાયો ત્યારે બંગાળમાં બ હડતાળ પડી તેના પરથી સુરેંદ્રનાથની લોકપ્રિયતાનો અંદાજ આવે છે.

સુરેંદ્રનાથે, અખિલ ભારતીય કોંગ્રેસમાં પણ બહુ મહત્વનો ભાગ ભજવ્યો હતો. અને ૧૮૯૫ તથા ૧૯૦૨ માં એમ બે વાર એના પ્રમુખ બન્યા હતા.સુરેંદ્રનાથ અને એમના સાથીદારોએ અખિલ ભારતીય કોંગ્રેસમાં જે ભાગ ભજવ્યો એને કારણે એના બીજા અધિવેશન પછીએ બંગાળીઓની નીપજ ગણાઇ એમાં શંકા નથી.

 **ISBN: 978-81-952708-6-6**

બંગાળના વિભાજનની વિરૂધ્ધના આંદોલનમાં ૧૯૦૫ માં એમણે સક્રિય ભાગ લીધો હતો અને સ્વદેશી તથા બહિષ્કાર ના આંદોલનોમાં પણ ભાગ લીધો હતો. બારિસાલ કોન્ફરાન્સમાં આગેવાની કરવા માટે એમને લોકોએ બંગાળના બેતાજ બાદશાહ બનાવ્યા. બંગાળના વિભાજનને લોર્ડ મોર્લીએ નિર્ણિત હકીકત કહી હતી. ત્યારે એને અસ્થિર અને અનિર્ણિત કરવાનો એમને સંતોષ મળ્યો. ૧૯૦૬ માં તેઓ પોતાના રાજકીય કરકિંદી શિખર પર હતા.

સુરેંદ્રનાથ એક કેળવણીકાર અને પત્રકાર હતા. એમના સંપાદન તળે પ્રકાશિત થતુ અને ધ બંગાળી ભારતીય પત્રકારિત્વમાં ઊંચું સ્થાન ધરાવતું હતુ અને ભારતીય રાષ્ટીયતાના વિકાસમાં એનો મહત્વનો ફાળો હતો. તેઓ કલકત્તા કોર્પોરેશનના સભ્ય રહ્યા (૧૮૭૬-૮૯) અને એના લોકપ્રિય લક્ષણનો નાશ કરવાની લોર્ડ કર્ઝનની નિતિનો વિરોધ દર્શાવતા ત્યાંથી રાજીનામું આપ્યું. ઘણા વર્ષો સુધી તેઓ ભારતની ધારાસભાના સભ્ય રહ્યા. પ્રગતિશીલ વિચારોના હોવાને કારણે તેમણે વિધવા પુન. લગ્નનું સમર્થન કર્યું અને છોકરીઓના લગ્નની ઉંમર વધારવાના પક્ષમાં હતા.

તેઓ અંગ્રેજી અને બંગાળીના પ્રખ્યાત વક્તા હતા અને એમની તુલના ગ્રીસના ડેમોસ્થીનીસ અને રોમાન સીસેરિ સાથે કરવામાં આવતી.સુરેંદ્રનાથ બે મહિના સિવિલ જેલમાં રહ્યા.પણ આ કિસ્સો એક ખળભળાટ મચાવી દીધો અને એમનુ નામ દેશના ઘરઘર માં બોલાતુ થઇ ગયુ છે.જનતાની પ્રતિક્રિયા ત્વરિત અને ઉગ્ર હતી.બેનજીને જેલ થઇ એ સમાચારે ભરતભરમા રોષની લાગણી પેદા કરી.કલકત્તામાં વેપાર અને દુકાનો બંનેજેલ થવાના દીવસે બંધા રહ્યા હતા.વિધ્યાર્થીઓ શોક ગ્રસ્થ હતા.મેદાનોની ખુલ્લી હવામાં સભાઓ ભરવાની પ્રથા શરુ થઇ હતી,કરણકે વિરોધ પ્રગટ કરવા માટેની સભાઓમાં ઉમટેલી મેદની માટે કોઇ ભવન પૂરતા નહોતા આ સભાઓમાં માત્ર ઉચ્ચ વર્ગ અથવા કેવળ શિક્ષિત વર્ગ નહોતો,પરંતુ જનતા આખી જોડાઇ હતી.હિંદુઓ ખાસ કરીને રોશે ભરાયા હતા.કારણકે એક હિંદુ દેવમૂર્તિને અદાલતમાં હાજર કરાઇ હતી.આમ જસ્ટીસ નોરિસે આલ્બર્ટ બિલના વિવાદમા આગળ પડતો ભાગ ભજવ્યો હતો જે એમની પદવીને શોભે એવો નહતો.અને હવે આ કિસ્સાએ ઉત્તેજનામાં ઉમેરો કર્યો. પોતાના જીવનના ઉતરાર્ધમાં લખેલી 'ધ મેકિંગ ઓફ એ નેશન' મા

બેનર્જીએ લખ્યુ "મારી સમસ્ત જાહેર જીદગીમાં બંગાળના વિભાજનમાં ફેરફાર અંગે થયેલા આંદોલન સિવાય , આવી સાચી ભાવનાથી પ્રેરાયેલી ઉથલપાથલ જે બંગાળમાં ૧૮૮૩ માં થઇ કદી પણ જોઇ ન હતી.લગભગ દરેક શહેરમાં મારે માટે સહાનુભુતિ અને સજાના વિરોધમાં જાહેર સભાઓ ભરાઇ હતી.આ ભાવના એટલી પ્રબળ હતી કે કેટલાક સરકારી કર્મચારીઓએ પણ એમાં ભાગ લીધો હતો.જેને ખાતર એમને નુકસાન સહન કરવુ પડ્યું હતું.પરંતુ આ મતા પ્રદર્શનો અદૅશ્ય થૈ જાય એ કોટિનાં ના હતાં.એમણે પ્રદેશના જાહેર જીવન પર એક સશક્ત અને ટકી રહેનારો પ્રભાવ પાડ્યો.બેનર્જીએ માન્યુ,''જનતાની ફરજ બજાવવા માટે જેલ થતા આ બહુમાન મેળવનાર મારી પેઢીનો હું પહેલો ભારતીય છું''.

સુરેંદ્રનાથ બેનર્જીના આ મુકદમાએ ભારતમાં રાજકિય જાગ્રુતિની એક લહેરને અને વિદેશમાં પ્રસિધ્ધને જન્મ આપ્યો હતો. રાતો રાત તેઓ એક ''હીરો'' બની ગયા હતા.આ મુકદમાએ અભિવ્યક્તિની સ્વતંત્રના હકના અને પત્રકારોને માટે જનહિતમાં સ્વતંત્ર અને નિખાલસ ટિકાઓ લખવાની સ્વતંત્રતાનાં બી રોપ્યા હતા.અદાલતના પોતાનો અનાદર થવા માટેનો મુકદમો ચલાવવાની અદાલતની કાનૂની સતાને એમણે પડકારી હતી.એણે એક સૂત્ર આપ્યુ કે એક હાઇકોર્ટના ન્યાયાધીશે પણ જનતાની ભાવનાઓનું ધ્યાન રાખવું જોઇએ.અને મનસ્વી રીતે ના વર્તી શકે.અખિલ ભારતીય કોંગ્રેસના અગિયારમાં અધિવેશનના પ્રમુખ સુરેંદ્રનાથ બેનર્જીને બનાવવામાં આવ્યા હતા. એ એક રસ પ્રદ હકીકત છે.

❖ બાલ ગંગાધર તિલક (૧૮૫૭-૧૯૨૦)


ISBN: 978-81-952708-6-6

''સ્વરાજ મારો જન્મસિધ્ધ અધિકાર છે'' એવી બુલંદ સ્વરે ગર્જના કરનારા બાળ ગંગાધર ટિળક મહારાષ્ટ્રના રત્નાગિરી પાસેના ચિખલ ગામના વતની હતા.પૂણેની ડેક્કન કોલેજમાથી બી.એ તેમજ મુંબઇની કોલેજમાંથી બેરિસ્ટરની ડિગ્રી મેળવનાર ટિળકે ધાર્યુ હોતતો વકીલાત કરીને અઢળક નાણાં કમાઇ શક્યા હોત. પરંતુ દેશભરનો વરેલા આ ક્રાંતિકારી વ્યવસાવિક ન બનતાં 'મરાઠા' અને 'કેસરી'જેવા રાષ્ટ્રવાદીને અખબારની તમામ કામગીરી જાતેજ સંભાળતા.ત્યાં સુધી કે ગ્રાહકો ના સરનામાં પણ જાતેજ લખતા.એ વખતે ભાગ્યેજ કોઇ અખબારોનો તંત્રી અંગ્રેજ સરકારની અત્યાચારી નીતિ સામે ઉંચાઓ અવાજ કરવાની હિમત કરતો ત્યારે ટિળક 'મરાઠા' અને 'કેસરી' માં અંગ્રેજ સરકારની દમનકારી નીતીની જાટકણી કાઢવામાં કશું બાકી ન રાખતા.માહારાષ્ટમાં પ્લેગ ફાટી નિકળ્યો ત્યારે સરકારે જે અમાનવીય વલણ દાખવ્યું તેની 'મરાઠા' અને 'કેસરી'માં નીતિ કે ટીકા કરી.અંગ્રેજસરકાર હવે થોડી ટિળકને છોડે? ટિળક પોતાના અખબારમાં ઉસ્કેરણીજનક લેખો લખીને લોકોને ગેર માર્ગે દોરી રહ્યા છે એવુ કહી તેમના વિરુધ્ધ રાજદ્રોહનો આરોપ મુકી યરવડાને જેલ માં પૂર્યા.ડોઢ વર્ષ જેલમા ગાળીને છુટ્યા પછી પણ ટિળક એ જ નિર્ભિક્તાથી સરકાર વિરુધ્ધ લખતા રહ્યા.લોકોમાં રાષ્ટભાવના જગાવવા અમણે ગણેશોત્સ્વ અને શિવાજીજયંતિના તહેવારને સાર્વજનીક બનાવ્યા.મધુપ્રમેહનો

રોગ હોવા છતા રોજના અઢાર કલાક કાર્યરત રહેતા.શ્રીમતિ એની બેસન્ટ સાથે મળીને હોમરૂલ આંદોલનની આગેવાની પણ લીધી.દરમિયાન 'કેસરી'માં પ્રગટ થયેલા 'દેશનું કમનશીબ'લેખને સરકારે રાજદ્રોહ સમાન ગણાવી કરી તેમના પર કેશ ચલાવ્યો.છ વર્ષની કાળા પાણીની સજા સંભળાવી બરમાની માંડલીની જેલમાં ધકેલી દેવામા આવ્યાં.જેલમાં ટિળકએ અનેક પુસ્તકોનો અભ્યાશ કર્યો.ગીતા રહસ્ય જેવું અમર પુસ્તક પણ લખ્યું,ત્યા એક દિવસ પત્નીના દુ:ખદ મ્રુત્યુના સમાચાર આવ્યા.તેઓ ધ્રુસ્કે ધ્રુસ્કે રડી પડ્યા સંતાનોને પત્ર લખ્યા:તમારી મા અને હુ લગભગ ૫૦ વર્ષ સાથે જીવ્યા છીએ આજે તેની અંતિમ પળોમા હાજર ન રહી શક્યાનુ અપાર દુ:ખ અનુભવ છું તેની ઉતરક્રિયા સાગોપણ કરજો.હું નહિ હોવાનું તેમેને દુ:ખ થયુ હશે.આ દુ:ખ ને કારણે તમારુ ભણતર બગડવા ન દેશો આવા સંકટથી માણસે સ્વાવલંબન જ વધુ શીખવુ જોઇએ છ વર્ષની કાળા પાણીની સજા પૂરી કરીને ટિળક જેલમાથી છૂટ્યા ત્યારે દેશમાં ઠેર ઠેર સન્માન કરવામાં આવ્યું.લોકમાન્યના બિરુદથી નવાજવામાં આવ્યા.પરંતુ સતત પ્રવાસને કારણે તેમની તબિયત કથળતી ગઇ મા ભારતીની સ્વતંત્રતા ઝંખતા આ દેશભક્ત ૬૪ વર્ષ ઉંમરે સ્વર્ગ સિધાવી ગયા.૧૯૨૦ ના ઓગસ્ટમાં તિલક મ્રુત્યુ પામ્યા.ડિસેમ્બર ૧૯૨૦ના નાગપુર અધિવેશનમાં અખિલ ભારતીય કોંગ્રેસ જાહેર કર્યું કે હવે એમનુ પરમ લક્ષ્ય 'પૂર્ણ સ્વરાજ' અથવા સંપૂર્ણ સ્વશાસન છે.માત્ર સ્વંયમશાસિત રાજ્ય નથી મરણોપરાંત તિલકની જીત થઇ.બ્રિટિશ સાથેના એમના વિગ્રહને લીધે એમને ઘણીવાર લાબી અવધિઓ બ્રિટિશ જેલમાં વિતાવવી પડી હતી અને છતાં એમનુ પ્રતિક ધૈર્ય તૂટ્યુ ના હતું.

❖ સંદર્ભસૂચિ

1. બેનર્જી.એસ.એન : અનેશન ઇન ધ મેકિંગ ભાષણો અને લખાણો,ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ ૧૯૨૫
2. મજુમદાર.આર.સી :હિસ્ટરી ઓફ ફ્રીડમ મુવમેંન્ટ ઇન ઇંન્ડિયા ૧૯૬૨-૬૩ કલકત્તા.
3. કરંન્દીકર, એસ.એલ.: લોકમાન્યબાલ ગંગાધર તિલક,૧૯૫૭ મુંબઇ કીર, ધનન્જય: લોકમાન્ય તિલક, ૧૯૫૯ મુંબઇ.
4. રામગોપાલ: લોકમાન્ય તિલક,૧૯૫૬ મુંબઇ.
5. ઉમેશ વાઘેલા:'આઝાદી કે દીવાને' બુક શેલ્ફ,અમદાવાદ-૨૦૦૯

 ISBN: 978-81-952708-6-6

## "મહાદેવભાઇ દેસાઇ રોજનીશી લેખક તરીકે"

દેસાઇ વર્ષાબેન બબાભાઇ
(પી.એચ.ડી.રિસર્ચ સ્કૉલર)
ઈમેલ - vdd2034@gmail.com

**પ્રસ્તાવના:**

ડાયરી શબ્દ અંગ્રેજી છે તેના માટે હજુ કોઈ ગુજરાતી સર્વમાન્ય પર્યાય શબ્દ પ્રયોજાયો નથી,કોઈ 'વાસરિકા' કે 'વાસરી'લખે છે ,કોઈ 'રોજનીશી' કહે છે પ્રોફેસર ઠાકર જેવા વ્યક્તિ તેને માટે 'દિન્કી' જો શબ્દ પ્રયોજ્યો છે ગુજરાતી ડાયરી લેખન ની શરૂઆત કરનાર મહાદેવભાઇ પ્રથમ વ્યક્તિ હતા રોજનીશી લેખન તે મહાદેવ ખૂબ જ મહત્વનું કાર્ય ગણી શકાય છે મહાદેવભાઈની ડાયરી ઇતિહાસમાં એક સ્રોત તરીકે ખૂબ જ ઉપયોગી ગણાય છે.

**પૂર્વજીવન:**

મહાદેવભાઇ નો જન્મ ૧ જાન્યુઆરી ૧૮૯૭ ના રોજ સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના સરસ ગામમાં થયો હતો તેમના પિતાજી ત્યાં પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે નોકરી કરતા હતા એમના પિતાજીનું નામ હરિભાઈ દેસાઈ હતી તેમની માતાનું નામ જમનાબેન હતું માતા-પિતાના બાળક મેળવવાની ઈચ્છા ત્રણ-ચાર વખત માતાનું દૂધ ન મળવાથી બાળકો મૃત્યુ પામતા અધૂરી રહી હતી જી મહાદેવ ના જન્મથી પૂર્ણ થઈ હતી જમનાબેન ની મહાદેવની શ્રદ્ધાના કારણે તેમનું નામ મહાદેવ રાખ્યું હતું મહાદેવ સાત વર્ષના થયા ત્યારે તેમની માતાનું મૃત્યુ થયું માતાના મૃત્યુ પછી તેમના દાદી એ તેમનો ઉછેર કર્યો મહાદેવભાઇએ ગુજરાતી પાંચ ધોરણ સુધી પિતાની પાસે તેમની શાળામાં પૂર્ણ કર્યા હતા પછી દિહેણ ગામે મણિશંકર નામના બ્રાહ્મણ પાસે અંગ્રેજી શાળામાં એમની ભણવા બેસાડ્યા આગળ જૂનાગઢ ખાતે તેમની અંગ્રેજી ભણવા મોકલવાનું નક્કી થયું ચોથા ધોરણ નું શિક્ષણ જૂનાગઢમાં લીધું પિતાજીની બદલી થતાં અડાજણ સુરત નજીક હોવાથી ૧૯૦૩ ની આખરમાં મહાદેવભાઇની પાંચમા ભરત ધોરણથી ત્યાં ભણવા બેસાડ્યા ૧૯૦૬માં ૧૫ વર્ષ પુરા થયા નહોતા ત્યારે તેમની મેટ્રીકની પરીક્ષા પાસ કરી મહાદેવ ના લગ્ન અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં ભણતા હતા ત્યારે દુર્ગાબેન સાથે થયા હતા. ૧૯૦૭ના જાન્યુઆરીમાં એલ્ફિન્સ્ટન કોલેજમાં તેઓ જુનિયર ક્લાસ માં દાખલ થયા ત્યારે કોલેજમાં તેમને મેગેઝિન માટે અંગ્રેજીમાં લખ્યું હતું કોલેજકાળ દરમિયાન તેમની ગુજરાતી અંગ્રેજી અને સંસ્કૃત શિવાય બંગાળી હિન્દી અને મરાઠી સાહિત્ય નો જ્ઞાન હતું ૧૯૧૦માં બીએ પાસ કરી અમે તો કરવાનો વિચાર કર્યો પરંતુ મનપસંદ વિષય કોલેજમાં ન ચાલતો હોવાથી એમ એના બદલે એલએલબી શરૂ કર્યું 1913માં એલઇડી પૂરી કરી રેલી દરમિયાન જ ઓરિએન્ટલ ટ્રાન્સલેટર ની ઓફિસમાં નોકરી શરૂ કરી તેમની આ તાલીમ તેને ભવિષ્યમાં ખૂબ જ ઉપયોગી બને ૧૯૧૩ માં મુંબઈની ગુજરાત ફાર્બસ સભા તરફથી લોર્ડ મોરલીના ઓન કોમ્પ્રોમાઇઝ પુસ્તકનો અનુવાદ કરવા માટે એક હજારનું ઇનામ જાહેર કરવામાં આવેલું તેમાં મહાદેવભાઈએ ભાગ લીધો જેમાં તેમની પસંદગી થઈ અને ૧૯૨૫માં સત્યાગ્રહ ની મર્યાદા નામે નવજીવન તરફથી પુસ્તકરૂપે પ્રગટ કર્યું. મહાદેવભાઇએ અમદાવાદમાં ડિસ્ટ્રિક્ટ કોર્ટની સનદ લીધી. આ દરમિયાન તેમને અને નરહરિ ભાઈએ મળીને રવિન્દ્રનાથ ઠાકુરની 'ચિત્રાંગદા' નાટકનો ભાષાંતર કર્યું. મુંબઈની સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંકમાં ઇન્સ્પેક્ટર તરીકે જોડાયા શ્રી શંકરલાલ બેંકર મહાદેવભાઇને હોમરૂલ લીગ માં રાખવાના મતના હતા જ્યારે જમનાદાસ દ્વારકાદાસ તેમણે પોતાના સેક્રેટરી તરીકે રાખવા માગતા હતા. તે સમયે ૧૯૧૫ના એપ્રિલમાં ગાંધીજીએ કોચરબ આશ્રમની સ્થાપના કરી હતી તેના માટે નિયમાવલી બનાવવા આખા દેશમાંથી તેમને અભિપ્રાય માગ્યા હતા તેની એક નકલ મહાદેવભાઇ અને નરહરિભાઈને મળી જેના પર બંને મિત્રોએ એક સંયુક્ત પત્ર ગાંધીજી ને લખ્યો . અમદાવાદના પ્રેમાભાઈ હોલમાં ગાંધીજી નું ભાષણ હતું ત્યાંથી પાછા વળતા બંને મિત્રો તેમની સાથે થયેલા અને

 **ISBN: 978-81-952708-6-6**

કાગળ વિશે વાત કરી, ત્યાં તેમની પ્રથમ દીક્ષા થઈ. ૧૯૧૭ માં મહાદેવભાઇ ગાંધીજી સાથે જોડાયા અને તેમના પર્સનલ સેક્રેટરી નું કામ સ્વીકાર્યું હતુ.

**મહાદેવભાઈનીડાયરીભાગ-2**

ડાયરી નો આભાર પ્રથમ ભાગ ના અનુસંધાનમાં છે જેમાં ૫/૯/૧૯૩૨ થી ૦૧/૦૧/૧૯૩૩ સુધી ના ચાર માસના સમયની આવરી લેવાયો છે. આ ડાયરી ના પાત્રો પહેલા ભાગની જેમ જ ગાંધીજી, વલ્લભભાઈ અને મહાદેવભાઇ છે . સ્થળ પણ યરવડા જેલ છે.ડાયરીના બીજા ભાગમાં મુખ્ય ત્રણ ઘટનાઓ બને છે. પહેલા ભાગ ની જેમ સરદાર વલ્લભભાઈની રમુજો કે મહાદેવભાઇની ટકોર ના સ્થાને ગાંધીજીના ઉપવાસ વિશેના વિચારો વધારે પ્રમાણમાં જોવા મળે છે. આખાયે ગ્રંથમાં સત્યાગ્રહી ના શસ્ત્ર સ્વરૂપ ઉપવાસના શાસ્ત્રની સૂક્ષ્મ અને સર્વાંગી મીમાંશા છે. આ મીમાંશા જેટલી તર્કશુદ્ધ છે તેટલી જ તે એ શસ્ત્ર વિશેની ગાંધીજીની પૂર્ણ શ્રધ્ધા ની ધ્યોતક છે. ઈંગ્લેન્ડના વડાપ્રધાન રામસે મેકડોનાલ્ડ આપેલા અલગ હરિજનોના મતદાર મંડળની વિરુદ્ધ ગાંધીજી ઉપવાસ આદરી ચુકાદા રદ કરાવ્યા અને તેને બદલે હરિજનોને અમુક અનામત બેઠકો સાથે તમામ હિન્દુઓના સંયુક્ત મતદાર મંડળ બનાવ્યું.

**મહાદેવભાઈની ડાયરી ભાગ -3**

ડાયરી નો ભાગ ૨|૧|૧૯૩૩ થી ૨૦|૮|૧૯૩૩ સુધી લખાયેલ છે. ડાયરીના આ ભાગમાં બાપુની હરિજન પ્રવૃતિ અને તે અંગેના બાપુના બે ઉપવાસ સુધીના સમય આવરી લેવાયો છે. આઠ મહિનાના સમયમાં ગાંધીજીએ જેલમાં રહી હિન્દુ ધર્મની અસ્પૃશ્યતા કલંક માંથી મુક્ત કરવા સતત પ્રવૃત્તિ માં ગાળ્યો છે. તેમના હરીજન કાર્યથી કેટલાકે વિચાર્યું કે ગાંધીજીએ લડતની પાછી ખેંચી લીધી છે. ત્યારે ગાંધીજીએ કહ્યું હતું કે “હું જેલમાં બેઠો કોંગ્રેસ નું કામ તો સો એ સો ટકા કરૂં જ છું વધારામાં અસ્પૃશ્યતાનું કામ પણ કરૂં છું” મહાદેવભાઇએ ગાંધીજીનું ખૂબ વ્યવહારુ ચિત્ર આ ભાગમાં ઉપસાવ્યૂ છે. કેટલાકના મતે ગાંધીજી ફક્ત આદર્શવાદી જ હતા પરંતુ મહાદેવભાઇ આલેખેલા બે-ત્રણ પ્રસંગોથી તેમની વ્યવહારૂ દ્રષ્ટિ છતી થાય છે. ગાંધીજીની કલા દ્રષ્ટિ અને ચોકસાઈ નુ સુંદર ઉદાહરણ મહાદેવભાઇ સાથે એક સંસ્કૃત શ્લોક ના અંગ્રેજી કરવામાંથી જાણી શકાય છે. બાપુ જેમ ઉદાર હતા તેમ રુદ્રાવતાર અને ઉગ્ર પણ હતા. તેવા પણ કેટલાક પ્રસંગો ડાયરીમાં નોંધાયા છે. હરીજન પ્રવૃત્તિ અંગે તેમણે ઘણા હિન્દુ શાસ્ત્ર નો ઊંડો અભ્યાસ કર્યો અને કેટલાય પંડિતો સાથે તેમને કલાકોના કલાકો શાસ્ત્રાર્થ કર્યો હતો. ગાંધીજી અને સરદાર વચ્ચેના કેટલાક હાસ્ય ભર્યા કટાક્ષ થી ડાયરી હાસ્યમય બની છે. આ ડાયરી ની સાથે જ ગાંધીજીનું યરવડા નો જેલજીવન પૂરૂં થાય છે.

**મહાદેવભાઈની ડાયરી ભાગ -4**

ડાયરી નો ચોથો ભાગ આગળના ત્રણ ભાગ કરતાં જુદો પડી આવે છે કારણ કે ભાગ ૧ થી ૩ યરવડા જેલ યાત્રા ના પ્રસંગો છે જ્યારે ચોથો ભાગ ૧૯૧૭ થી ૧૯૧૯ સુધી ના પ્રસંગો થી ભરેલો છે. . આ ભાગમાં મહાદેવભાઇ ગાંધીજી સાથે જોડાયા તે વખતના સમયની આવરી લે છે તેથી ખાસ કરીને ગાંધીજીના પત્ર વ્યવહાર અને ગાંધીજી જોડે થયેલી વાતચીતનું જ આલેખન થયું છે. ગાંધીજી તેમના પુત્ર હરિલાલને જે ચારિત્ર્યવાન નહોતા તેમને બેસતા વર્ષ નો સંદેશો આપતા કહે છે " તમારા ચારિત્ર્યની પૂંજી માં વધારો થાઓ એ ખરિ લક્ષ્મી છે તેનું પૂજન કરવામાં જ કલ્યાણ છે" આમ તેમને લક્ષ્મીપૂજનનો નવો જ અર્થ ઘટાવ્યો છે. મિલ માલિકોને તેમનો ધર્મ સમજાવતા તેમની અંબાલાલ સારાભાઈ ને આપેલો કર્તવ્ય બોધ ખરેખર સુંદર છે. આટલા કામકાજની વચ્ચે પણ ગાંધીજી સાહિત્યનું વાંચન કરતા અને મહાદેવભાઇ સાથે ચર્ચા પણ કરતા. ગાંધીજીના ખોરાક અંગેના પ્રયોગો પણ ડાયરીમાં નોંધાયા છે.

**મહાદેવભાઈની ડાયરી ભાગ 5**

ડાયરી નો પાંચમો ભાગ ચોથા ભાગના અનુસંધાનમાં છે તેમાં ૧૯૧૯ થી જુના ૧૯૨૧ સુધીના સમયને આવરી લેવાયો છે. ભારતના ઇતિહાસમાં એ બે વર્ષનો ગાળો ઘણી રીતે મહત્વપૂર્ણ ગણાય છે. તે સમયે રોલેટ

સત્યાગ્રહ અને અસહકાર નો હતો. બ્રિટિશ સલ્તનત સામે દેશને અસહકારનો હથિયાર આપવાની ગાંધીજી ની પ્રથમ દીક્ષા હતી. ખિલાફત નો પ્રશ્ન હજી ઊભો હતો ત્યાં અન્યાયી અને સ્વતંત્રતા પર તરાપ મારતા બે રોલેટ બીલ આવ્યા. આ બંને બીલો કોઈપણ હિસાબે નાબૂદ થવા જ જોઈએ તેવો અંતિમ નિર્ણય ગાંધીજીએ કર્યો. અને અસહકારનું આંદોલન આપી દેશને ઘોર નિંદ્રામાંથી જગાડ્યો. આ અદભૂત આંદોલનનું મહાદેવભાઇએ પ્રાણવાન અને જીવંત આલેખન કર્યું છે. હિન્દુ-મુસ્લિમ એકતાનો પણ આ સમયે દર્શન થયા હતા.

**મહાદેવભાઈની ડાયરી ભાગ 6**

ડાયરીનો આ ભાગ પાંચમા ભાગના અનુસંધાનમાં નથી. આ ભાગમાં ૧૮|૧|૧૯૨૪થી ડાયરી ની શરૂઆત થાય છે. આ સમય સુધી ગાંધીજી આખાય ભારતના પ્રિય નેતા બની ચૂક્યા હતા. રાજકારણમાં સ્વરાજવાદીઓ અને નાફેરવાદીઓ ના બે પક્ષ પડી ગયા હતા. ગાંધીજી બંને પક્ષને સંકળનાર વ્યક્તિ બન્યા હતા. તેમણે દેશને સમક્ષ રેંટિયો પ્રચારઅસ્પૃશ્યતા નિવારણ અને હિન્દુ-મુસ્લિમ એકતાનો ત્રિવિધ કાર્યક્રમ મૂક્યો હતો. તેના માટેની ગાંધીજીની મુલાકાતોથી આ ભાગ ભરેલો છે. એપેન્ડિક્સ ના ઓપરેશન પછી તેમની અશક્તિ વધી જતા આખો દેશ ચિંતામાં ડૂબી ગયો હતો ત્યારે પણ તે નાની નાની રમુજ કરી લેતા હતા. હિન્દુ-મુસ્લિમ રમખાણો થી તે ખુબ જ વ્યથિત હતા. ગાંધીજીની બહુમુખી પ્રતિભા નો પરિચય આ ભાગમાં થાય છે.

**મહાદેવભાઈની ડાયરી ભાગ 7**

૩૦|૧૨|૧૯૨૪ થી ૩૦|૪|૧૯૨૫ ચાર માસ સુધીની ડાયરી આ ભાગમાં લખાઈ છે. ડાયરીના આ સમય રાજકીય રીતે ઓટ નો સમય હતો. આ સમય દરમિયાન ગાંધીજી સ્વરાજવાદી ઓને ધારાસભામાં જવાની છૂટ આપેલી અને તેમને રચનાત્મક કાર્ય શરૂ કરેલા. આ કાર્યને વેગવંતુ બનાવવા તેમને ગુજરાત અને દક્ષિણ ભારતનો પ્રવાસ કર્યો હતો. પ્રત્યેક સ્થાને મ્યુન્સિપાલટી તેમને માનપત્ર આપતી અને ગાંધીજી તેના જવાબમાં ભાષણ કરતા ડાયરી નો મોટો ભાગ આ ભાષણોથી ભરેલો છે. છતાંય તેમાં સ્થળે સ્થળે વિવિધતા જોવા મળે છે. ખાદી અને અસ્પૃશ્યતા નિવારણ ગાંધીજીના આ સમયની ધ્રુવપંક્તિ હતા. "રામરાજ્યમાં દરેક ઘરમાં ચુલો હતો તે જ પ્રમાણે દરેક ઘરમાં રેટિયો હોવો જોઈએ,." નવસારી હોય કે ત્રિવેન્દ્રમ દરેક સ્થળે તેમને ત્યાં જઈને તે અપનાવવાની જ વાત કરી છે. કોહાટ ના હિન્દુઓને પણ તેમને સ્વાવલંબનની વાત કરી હતી.

**મહાદેવભાઈની ડાયરી ભાગ 8**

ડાયરીના આઠમાં ભાગમાં ૧|૫|૧૯૨૫ થી૩૧|૧૨|૧૯૨૫ સુધીના સમયગાળાને આવરી લેવામાં આવ્યો છે. 1924 ની આખરમાં બેલગામમાં કોંગ્રેસ અધિવેશન ના પ્રમુખ પદેથી ગાંધીજીએ દેશની દ્વિપાંખિયો કાર્યક્રમ આપ્યો હતો. નાફેરવાદીઓના ત્રિવિધ કાર્યક્રમ અંતર્ગત આખા દેશમાં તેમનો પ્રભાસ આ ભાગમાં પણ ચાલુ જ હતો. બંગાળ, બિહાર, ઓરિસ્સા, સંયુક્તપ્રાંત ગુજરાત અને કચ્છ નો પ્રવાસ ગાંધીજીએ કર્યો વર્ષના અંતે કાનપુર કોંગ્રેસ અધિવેશનમાં પણ હાજરી આપી. ગાંધીજીએ ચરખા માટે ખૂબ જ સુંદર ઉપમાઓ વાપરી છે. તેમણે ચરખાને "સુદર્શનચક્ર", "ગરીબોના પ્રાણ","કામધેનુ","સ્વરાજ વિશ્વનું મધ્યબિંદુ", "બધા કાર્યો ની જડ ", "દેવી", "અન્નપૂર્ણા", "મહાયજ્ઞ","આધ્યાત્મિક કરામત","મોટું ધાર્મિક યંત્ર" જેવી ઘણી ઘણી ઉપમાઓ આપી છે. ડાયરીના ભાગમાં નવજીવન ના ઘણા લેખો નો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. દેશબંધુ ચિત્તરંજન દાસ ના અવસાનને કારણે ગાંધીજીને કલકત્તામાં બે મહિના કરતાં વધુ સમય રોકાવું પડ્યું. દેશબંધુ ના વિધવા ગં.સ્વ વાસંતીદેવીને સંકટના સમયમાં તેમને આશ્વાસન પૂરું પાડ્યું. ગાંધીજીએ બડોદાદા નું સુંદર શબ્દચિત્ર રજૂ કર્યું છે. ગાંધીજી સ્વાસ્થ્ય અર્થે થોડો સમય વર્ધા આશ્રમમાં રહ્યા હતા. ત્યાં વિનોબાજીના ગીતા ઉપનિષદ પરના પ્રવચનો પણ આ ભાગમાં નોંધાયા છે. મિસ સ્લેડ (મીરાબહેન) ૭|૧૧|૧૯૨૫ ના રોજ સાબરમતી આશ્રમમાં આવ્યા તેની વાત પણ આ ભાગમાં સામેલ છે.

**મહાદેવભાઈની ડાયરી ભાગ-9**


ISBN: 978-81-952708-6-6

ડાયરી ના નવમા ભાગ તારીખ ૧|૧|૧૯૨૬ થી ૨૦|૧૨|૧૯૨૬ સુધીના એક વર્ષના સમયગાળાને આવરી લીધો છે. ૧૯૨૫ના આખા વર્ષ દરમિયાન ગાંધીજીની તબિયત નરમ પડતા કાનપુર અધિવેશનમાં સાથીઓ સાથે નક્કી કરરી. ગાંધીજીએ આખું વર્ષ સાબરમતી આશ્રમમાં આરામ કરવો તેમ નક્કી થયું. ગાંધીજીની ગેરહાજરીમાં આશ્રમમાં કેટલીક ત્રુટીઓ પ્રવેશી હતી. વળી,દેશબંધુ સ્મારક નો વહીવટ કરવા તેમને કોઇ એક સ્થળે સ્થાયી રહેવાની જરૂરિયાત ઊભી થઈ હતી, તેથી આ વર્ષ તેમને આશ્રમને વ્યવસ્થિત કરવાનું કામ હાથ ઉપર લીધુ . તિરુચિનનુંર ના મંદિરમાં એક અંત્યનજ ના પ્રવેશ નો પ્રશ્ન જેમા તેને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો. તે આ ભાગમાં સમાવિષ્ટ થયો છે. ઓસ્ટ્રેલિયાના ગાઝ શહેરના દંપતી સાથેનો પત્રવ્યવહાર સાહિત્ય, સંગીત કળા અંગેના ગાંધીજીના મૌલિક વિચારો પણ તેમાં સમાવ્યા છે. જમનાલાલજી ની પુત્રી કમલા ના વિવાહ પ્રસંગે તેમને આશીર્વાદ આપતા આપેલું પ્રવચન પણ ખૂબ જ જ્ઞાનપ્રદ છે. હિંદુ-મુસ્લિમ વૈમનસ્યની સમસ્યા ગાંધીજી માટે ખૂબ પીડાદાયક હતી જે ડાયરી માં જોવા મળે છે. ગાંધીજીના આરામના દિવસોમાં મુલાકાત, પત્રલેખન, ચિંતન, મનન અને પ્રવચન થી ભરેલું છે.

**મહાદેવભાઈની ડાયરી ભાગ-10**

૨૧|૧૨|૧૯૨૬ થી ૪|૬|૧૯૨૭ દોઢ વર્ષની નોંધો આવેલી છે. ખાદી અને રેંટિયાના પ્રચારના અર્થે ગાંધીજીનો આ વર્ષનો પ્રવાસ યોજાયો હતો. સ્વામી શ્રધ્ધાનંદની હત્યા, નાફેરવાદીઓ સાથે ની મથામણ રાષ્ટ્રીય કેળવણી, બ્રહ્મચર્ય વગેરે પ્રશ્નોની ચર્ચા સમાવિષ્ટ થયેલી છે. મહાદેવભાઇની અભિવ્યક્તિ આ ભાગમાં વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. તેમના સૌંદર્ય વર્ણન જુદે જુદે સ્થળે જોવા મળે છે. પ્રવાસ દરમિયાન ગાંધીજી ની તબિયત બગડતાં તેમને થોડો સમય અંબોલી અને નંદીદુર્ગ ખાતે આરામ કરવા રહેવું પડ્યું. ગૌવધ વિશે તેમના વિચારો, અહિંસા વિશે ના વિચારો, જુદે જુદે સ્થાને રજૂ થયા છે. ગાંધીજી સાથે ખાદી અને રેટિયા પ્રચાર માટે ખાદી ફાળો ઉઘરાવવાનો કાર્ય તો તે કરતા જ હતા. ગાંધીજીએ મોટાભાગે હિન્દીમાં જ ભાષણો આપ્યા હતા, પરંતુ ક્યારેક વિદ્યાર્થીઓ તરફથી માંગ થતાં અંગ્રેજીમાં પણ ભાષણ આપ્યું જેમાં ખાસ કરીને બંગાળ અને પુનામાં આપેલું ભાષણ મહત્વનું હતું. આ જ સમયે મહાદેવભાઇ લોર્ડ મોરલેના "on compromise" નામના પુસ્તક નું ગુજરાતી માં ભાષાંતર "સત્યાગ્રહની મર્યાદા"ના નામે કર્યું.

**મહાદેવભાઈની ડાયરી ભાગ-11**

ડાયરીનો આ ભાગ ૫|૬|૧૯૨૭ થી ૨૦|૧૨|૧૯૨૭ સુધી દસમા ભાગના અનુસંધાનમાં છે આ સમય પણ મોટાભાગે પ્રવાસમાં ગયો હતો. ઓગસ્ટ ૧૯૨૭ના રોજ બેંગ્લોર છોડી ગાંધીજી સતત પ્રવાસ કર્યા જેમાં મેંગલોર કન્યાકુમારી શ્રીલંકા અને મદ્રાસમાં પ્રવાસ હતા. ત્યાંથી વાઈસરોય ના નિમંત્રણથી દિલ્હી ગયા. ગુજરાતમાં તે સમયે ભારે જળસંકટ આવ્યું હતું. તેના માટે સહાયનું કામ વલ્લભભાઈ કરી શકશે તેમ જણાવી તેમણે સોંપ્યુ. ગાંધીજીએ પ્રાર્થના અને સત્ય માટેનો આગ્રહ હંમેશા રાખ્યો હતો. ગાંધીજીએ દક્ષિણના પ્રવાસ દરમિયાન બાળ વિધવા પુનઃલગ્ન બાળવિવાહ જેવા વિષય પર પ્રવચન આપ્યુ. મિશનરીઓ- લોકો એમને સહકાર આપતા નથી તેવી ફરિયાદ નો જવાબ આપતા તેમણે કહ્યું 'તમે યોગ્ય વસ્તુ અયોગ્ય રીતે કરવાનો પ્રયત્ન કરો છો.' વાઈકોમ સત્યાગ્રહ વિશે બોલતા તેમણે ત્રાવણકોરમાં અસ્પૃશ્યતા વિરોધી ભાષણ આપ્યું. મહાદેવભાઈના સુંદર પ્રવાસ વર્ણનો અને કેટલાક લેખો પણ આ ભાગમાં સમાવિષ્ટ થયા છે.

**મહાદેવભાઈનીડાયરીભાગ-12**

તા.૨૧|૧૨|૧૯૨૭ થી ૩૦|૮|૧૯૨૯ સુધીનો સમય ડાયરીના આ ભાગમાં વણાયો છે. આ સમયની મહાદેવભાઈની ડાયરી બહુ જ ઓછી છે કાં તો એમણે લખી નથી અથવા લખી હશે તો અત્યારે મોજુદ નથી. તેથી આ ભાગમાં પણ નવજીવન અને યંગ ઇન્ડિયા ના લખાણો જ તેમજ અઠવાડિક પત્રોને લેખો જ છે. બારડોલી ની લડત અંગેના કેટલાક લેખો આમાં મગનલાલ ગાંધી અને લાલા લજપતરાયના મૃત્યુ પછીના સંસ્મરણ લેખો પણ સમાવેશ થયા છે આ ડાયરી ના સમય નો ઘણો ભાગ મહાદેવભાઇ ગાંધીજી સાથે નહોતા. તેઓ સરદાર


ISBN: 978-81-952708-6-6

વલ્લભભાઈને બારડોલી સત્યાગ્રહમાં મદદરૂપ થવા સાથે રહ્યા હતા. સરદાર, મહાદેવભાઈ અને સ્વામી આનંદ સિમલા ગયા તેનો સમાવેશ પણ થયો છે. ગાંધીજીના બર્મા પ્રવાસના ભાષણ અને પ્રવચનો પણ આ ભાગમાં છે.

**મહાદેવભાઈનીડાયરીભાગ-13**

તા.૩૧|૮|૧૯૨૯ થી ૨૫|૪|૧૯૩૦ અને૨૪|૧૦|૧૯૩૦ થી ૨૬|૧|૧૯૩૧ સુધીના સમયને આવરી લીધો છે. વચ્ચેના છ માસની ડાયરી નથી. મહાદેવભાઇ સરદાર વલ્લભભાઈ સાથે દક્ષિણમાં ગયા. પછી લખનૌની કોંગ્રેસ મહાસમિતિમાં ગયા અને બિહારની મુસાફરીમાં પણ સાથે રહ્યા હતા. આ પ્રવાસ દરમિયાન ગુજરાતની બહાર પણ તેમને સરદારની તિખિ વાણી સાંભળવા મળી.દક્ષિણની યાત્રાને મહાદેવભાઈએ વિજયયાત્રા રહી છે. લાહોરના કોંગ્રેસ અધિવેશનમાં સંપૂર્ણ સ્વરાજ મેળવવાનું ઠરાવ થયો અને તેની માટે સવિનય ભંગની લડત શરૂ કરવાની સત્તા ગાંધીજીને સોંપાઈ. ગાંધીજીએ સૌપ્રથમ દાંડીકૂચ આરંભી મીઠાનો કાયદો તોડ્યો. મહાદેવભાઇ પણ પકડાયા, છૂટ્યા, અને ફરીથી પકડાયા. તારીખ 26/ 1/ 31ના રોજ બધા રાજદ્વારી કેદીઓ છૂટ્યા. તેની સાથે પુસ્તક નો સમય પૂરો થાય છે આ ભાગમાં ડાયરી કહેવાય તેવું લખાણ ઓછું છે તેના બદલે લેખો, પ્રવાસ વર્ણનો અને પ્રકૃતિવર્ણનો વધારે છે. અમદાવાદમાં ગોઠવાયેલ શિક્ષણ સપ્તાહમાં ગાંધીજીએ બે ભાષણ અને મહાદેવભાઈએ આપેલુ એક ભાષણનો સમાવેશ થાય છે. મહાદેવભાઈના અનેક લેખો નોંધાયા છે. તેમણે “સબરસ” “સર્વસંગ્રહ ”નામની એક લેખમાળા શરૂ કરી. ગાંધીજીએ દાંડીકૂચ માં ઘણા બધાને સાથે લીધા પણ મહાદેવભાઇને લીધા નહીં. મહાદેવભાઈએ કુચ માટેની તૈયારીઓ શરૂ કરી લડત માટે દોરવણી આપવા અને લેખો લખવાના અનેકવિધ કાર્યો કર્યા. મહાદેવભાઈ બિનજકાતી મીઠું પકવતા, વેચતા, લાવતા, અને સવિનય કાનૂન ભંગને સફળ બનાવવા બનતા બધા પ્રયત્નો કરતા દેખાય છે.

**મહાદેવભાઈનીડાયરીભાગ-14**

આ પુસ્તક ભાગ તેરના અનુસંધાનમાં તારીખ 27/ 1 /૩૧ થી 29 /8 /31 સુધીના સમયને આવરી લે છે. ૨૬ જાન્યુઆરીના રોજ મહાદેવભાઇ સાબરમતી અને ગાંધીજી યરવડા જેલમાંથી છૂટયા હતા. તે સમયે મોતીલાલ ગાંધીનું અવસાન થયું. માર્ચની ચોથી તારીખે ગાંધીજી અને વાઇસરોય લોર્ડ ઈર્વિન વચ્ચે કરાર થયા જે અનુસાર કોંગ્રેસે ગોળમેજી પરિષદમાં હાજરી આપવાની અને લડત પાછી ખેંચી લેવાનું નક્કી કર્યું હતું. પરંતુ અંગ્રેજ સરકારે કોઈ રીતે કરાર પાળ્યો નહીં. ગાંધીજીએ છેલ્લે પરિષદમાં જવાની જ ના પાડી દીધી. ત્યાં 27/ 8/ 31ના રોજ વિલિંગ્ડન સાથે નવા કરાર થયા પરિણામે ગાંધીજી વિલાયત જવા નીકળ્યા સરદાર વલ્લભભાઈ પટેલ જવાહરલાલ નહેરુ ને આ કરાર ની કલમો ગમી નહોતી. ડાયરી ના ભાગ માં ગાંધીજી ગોળમેજી પરિષદમાં હાજરી આપી તેના પહેલા ની વાટાઘાટો અને અવઠવ થી ભરેલો છે.

**મહાદેવભાઈની ડાયરી ભાગ -15**

ડાયરીનો આ ભાગ 14 ના અનુસંધાનમાં ૩૦/૮ / 31 થી 9 /3 /32 સુધીના સમયની આવરી લે છે. ગાંધીજી સાથે બીજી ગોળમેજી પરિષદમાં હાજરી આપવા મહાદેવભાઇ પ્યારેલાલ, દેવદાસ અને મીરાબહેન પણ ગયા હતા. મહાદેવભાઇ પણ સરકાર સ્વીકૃત મંત્રી ની હેસિયતથી તેમાં હાજર રહ્યા હતા. આ પુસ્તકની નોંધોને ચાર વિભાગમાં વહેંચી શકાય છે. (1)ગોળમેજી પરિષદ ની કાર્યવાહી (2)યુરોપ બહારની કાર્યવાહી (3) વિલાયતમાં પરિષદ બહાર કામગીરી અને (4) હિન્દ આવ્યા પછીની કાર્યવાહી. ગાંધીજીએ તો લાહોરમાં ૧૯૨૯માં ભરાયેલા અધિવેશનમાં પરિષદની નિષ્ફળતાની ભવિષ્યવાણી કરી દીધી હતી. અંગ્રેજોએ પરિષદનું નાટક કરી ભારતને લશ્કર, ૮૦ ટકા જેટલું નાણાંનો કાબુ, અંગ્રેજોના હિતો,સનદી અધિકારી , આઇ.સી.એસ. ના લાભો ના આપવાની વાત કરી. ગાંધીજીને તેના સિવાયનું સ્વાતંત્ર્ય સાચું લાગતું જ નહોતું. આમ તેમને નિરાશા સાંપડી. ગાંધીજીને વિદેશમાં ચાર્લી ચેપ્લિન, રોમારોલા સાથેની નોંધો ડાયરીના આ ભાગમાં સમાવી છે. આ સમય દરમિયાન મહાદેવભાઇ રાતદિવસ ગાંધીજીની સાથે જ હતા તેથી નોંધો સંપૂર્ણ અને સભર છે.

**મહાદેવભાઈની ડાયરી ભાગ- 16**


**ISBN: 978-81-952708-6-6**

ડાયરીનો આ ભાગ પાંચમાં અને છઠ્ઠા વચ્ચેના ગાળાના થોડાક સમય ૧૯૨૧થી 23/ 1/ 23 ના સુધીનો મનાય છે. આ સમયગાળા દરમિયાન મહાદેવભાઇ ગાંધીજીથી દૂર હતા. મોતીલાલ નહેરુએ 'ઇન્ડિપેન્ડટ'ના કામ માટે ગાંધીજી પાસે મહાદેવભાઇ ની માંગણી કરી મદદરૂપ થવા બોલાવ્યા હતા. સરકારે એના એક પછી એક તંત્રીઓ ની ધરપકડ કરી, સી.એસ. આયંગર,જ્યોર્જ જોસેફ વામન કબાડી, મોતીલાલ ગાંધી. જવાહરલાલ, ગાંધીજીની પણ ધરપકડ થઈ તારીખ 7/12 / 21 ના રોજ મહાદેવભાઇ સરકારી જામીનગીરી ભરી તંત્રી બન્યા. તારીખ 20 ડિસેમ્બરે તે જામીન રદ કરી નવેસરથી જામીન ભરવા સરકારે કહ્યું પણ મહાદેવભાઇએ જામીનગીરી ભરી નહીં. અને હસ્તલિખિત આવૃત્તિ કાઢી. જેના પર લખ્યું હતું 'i change but i can die'. તેથી અંગ્રેજ સરકારે 24 ડિસેમ્બરના રોજ તેમની ધરપકડ કરી એક વર્ષની સખત કેદ અને સો રૂપિયા દંડ કર્યો. જો દંડ ન ભરે તો એક માસની વધુ સજા ફરમાવી સજા ભોગવી મહાદેવભાઇ 23/ 1 /23 ના રોજ છૂટ્યા. આ સમયે તેમણે કેટલાક લેખો પણ લખ્યા અને ગાંધીજી સાથે પત્ર વ્યવહાર પણ ચલાવ્યો હતો. ડાયરીના આ ભાગમાં બે જુદાજુદા સમયનો સમાવેશ થયો છે. જુન ૧૯૨૧ થી 6 *12* 21 સુધી ના લેખો અને પત્રો, તેમની બીમારી અને માંદગીના સમયની વિચાર પ્રવૃત્તિ, અલ્હાબાદમાં 'ઇન્ડિપેન્ડન્ટ'નું તંત્રીપદ સંભાળ્યું ત્યાથી સજા ભોગવી જેલમાં ગયા તે બધા જ સમયને આવરી લીધો છે.

**મહાદેવભાઈની ડાયરી ભાગ -17**

ડાયરીનો આ ભાગ પુસ્તક 16ના પછીના સમયની આવરી લે છે. મોટાભાગે 24/ 1/ 23 થી જુલાઈ ૧૯૨૩ સુધી નો સમય ડાયરીનો છે. આ ડાયરીમાં મોટાભાગે મહાદેવભાઈના લેખો જ વધારે સમાવેશ પામે છે તેથી તેને ડાયરી કરતા લેખસંગ્રહ વધારે ગણી શકાય. ગાંધીજીના જેલવાસ દરમિયાન તેમના બંને પત્રો 'નવજીવન' અને 'યંગ ઇન્ડિયા' ચલાવવાની જવાબદારી મહાદેવભાઇ પર આવી પડી એની પીડા તેમના ઘણા લેખો માથી જોવા મળે છે. 'કાગળ ઉપર લખું છું તે મારા મનનો ભાર હલકો કરવાની માટે બાકી એ બંને અઠવાડીક હવે ચલાવવા એતો કંઠે પ્રાણ આવે એવી વાત છે'. તે સમયે કોંગ્રેસમાં પણ બે ભાગ પડ્યા હતા. સ્વરાજીસ્ટ અને નાફેરવાદી.ગાંધીજી જેલમાં હોવાથી અસહકારનો કાર્યક્રમ ઘણો ઠંડો પડી ગયો હતો અને મોટાભાગના નેતા ધારાસભામાં જવાના મતના હતા. આ વાત મહાદેવભાઇ અને સરદારને. કઠતી હતી જે આ ડાયરીના લેખમાં અનુભવાય છે.

**મહાદેવભાઈની ડાયરી ભાગ 18**

ભાગ-૧૮ એ ભાગ 17 ના અનુસંધાનમાં છે જેમાં ૨૨/૭/ ૨૩ થી ૨૭ /૧ ૨૪ સુધીનો સમય સમાવાયો છે આ સમયની ડાયરી પ્રાપ્ત થતી નથી. તેથી મોટાભાગે તે સમયે મહાદેવ લખેલા લેખોનું જ સમાવેશ આમાં થાય છે ગાંધીજીના જેલવાસ દરમિયાન કોંગ્રેસ નો જમાનો હતો અને દેશ વચ્ચે ફરી વળ્યું હતું તેના દર્શન મહાદેવના લખાણમાં જોવા મળે છે વલ્લભભાઈ ની વિદાય લેખણ નાગપુર લડત માટે જવાના વલ્લભભાઈના મનુભાઈ ન વર્ણન થયું છે બેક્ટેરિયા પ્રસંગો ક્લિપમાં મહાદેવજી પોતાના પિતાજીના મૃત્યુ પ્રસંગે ગરુડ પુરાણ વહેંચવાનું આયોજન કરેલું જેમાં તે મધ્ય વેચવાની પ્રથા નથી એમ કહેવા છતાં તેમની વાંચો અને તેમના દ્વારા તેમને અતિ શાંતિ પ્રાપ્ત થઈ તેની વાત કરી છે કાકાસાહેબના ઉપવાસ બનાવો પણ તેમની લેખમાં વર્ણવે છે નાગપુરના લડતને વર્ણન સરકાર વિરૂદ્ધ લેખો થયું છે.ફ્રાન્સ ના લેખકો.રોલેન્દે ગાંધીજી ઉપર લખેલા પુસ્તક વિશેનો લેખ 'મો.રોલેન્દ અને મહાત્મા ગાંધી' શીર્ષક નીચે ડાયરીમાં આપ્યો છે તેમા રોલેન્દે ગાંધીજી વિશે આપેલા મંતવ્યો લખાણો તેમની લડતો વિશે માહિતી આપી છે આ આખો યે ભાગ જુદા જુદા લેખોથી ભરેલો છે

**મહાદેવભાઈની ડાયરી ભાગ-19**

આ ડાયરી નો સમય 24 /7 /3 ૪થી ૫ /૨ /૩૫ સુધીનો છે. આ સમય દરમિયાન ભારતના રાજકીય ક્ષેત્રમાં સમાજવાદનો પ્રભાવ વધારે જોવા મળ્યો હતો. સમાજવાદી નેતા ઓ આચાર્ય નરેન્દ્રદેવ, જયપ્રકાશ નારાયણ ,અચ્યુત પટવર્ધન ,અશોક મહેતા ,મીનુ મસાણી અને શ્રીમતી સત્યવતી દ્વારા કોંગ્રેસ સમાજવાદ નો

 **ISBN: 978-81-952708-6-6**

આર્થિક કાર્યક્રમ સ્વીકારી તે માટે ગાંધીજીને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.ગાંધીજીએ અને કોંગ્રેસે સમાજવાદી કોંગ્રેસ પક્ષ, ચરખા સંઘ, હરિજન સેવક સંઘ,ગાંધી સેવા સેના અને નઈ તાલીમ જેવી નવી સંસ્થાઓ સ્થાપી હતી. ડાયરીના આ ભાગમાં અસ્પૃશ્યતાનિવારણ અંગે તેમને સનાતાનીઓ સાથે કરેલી ચર્ચાઓ પ્રશ્નોત્તરીનો સમાવેશ થયો છે તે સિવાય તેમને જમીનદારોને આપેલી સાંત્વના કે 'જમીન છીનવવાની અમારી વાત નથી પરંતુ વર્ગવિગ્રહ રોકવાનો પ્રયત્ન કરીશ.' તે પણ સમાવિષ્ટ છે. નરેન્દ્ર દેવ સાથે કોંગ્રેસ સોશ્યાલિસ્ટ ન બની શકે તે વિષયની ચર્ચા,મુસ્લિમો સાથે કોંગ્રેસનાં રાષ્ટ્રીય એકતા અને રાષ્ટ્રવાદી મુસ્લિમો જરૂરી છે તે મતલબના ભાષણોમાં સમાવેશ છે. વર્કીંગ કમીટી ના ઠરાવ, હરીજન મંડળની બેઠક હિન્દુ કોલેજના મેદાનમાં જાહેર સભા સમક્ષ આપેલા ભાષણ નો સમાવેશ થાય છે. મહાદેવ ભાઈ જવાહરલાલને મળવા અલ્હાબાદ ગયા. બંને વચ્ચે ગાંધીજીના કાર્યક્રમ, કોંગ્રેસમાં ફેલાયેલા સડા વિશે વાત-ચીત કરી તે આ ભાગમાં છે.

**મહાદેવભાઈની ડાયરી ભાગ 20**

આ ડાયરીમાં 10/7/34 થી6/3/36 સુધીના સમયને આવરી લેવાયો છે આ ડાયરી નું સંપાદન મહેન્દ્ર વાલજીભાઈ દેસાઈએ કર્યું છે મહાદેવભાઇ પોતાના હાથે લખેલી એકવીસમી ડાયરી ૧૯૩૪ના 10મી જુલાઈ કરાંચીથી શરૂ થાય છે.વિશ્વ અર્થતંત્રમાં મંદીનો માહોલ ઉદ્યોગોનું પતન અને બેકારી જેવી સમસ્યા વિશ્વના બધા દેશોની પીડી રહી હતી ગાંધીજી માટે આ વર્ષે પણ સતત પ્રવૃત્તિશીલ હતા ગાંધીજી એ ખાદી અને સરકાર બંને સાથે અખિલ ભારત ગ્રામોદ્યોગ હરિજન સેવક સંઘ અને ગાંધી સેવા સેના જેવા નવા સંગઠનની સ્થાપના કરી રચનાત્મક કાર્યક્રમ ને વેગ આપ્યો નહીં તાલીમની શરૂઆત પણ આ સમયે થઈ હતી ડાયરી ના આ ભાગ માં ગાંધીજી ના જુદા જુદા વ્યક્તિઓ સાથેના સંવાદો જેમાં લુઈસેન ગિએસને કરજ કરી પ્રકાશન ન કરવાની સલાહ,કાર્લ હુયે સાથે ધર્મ સેવા રાષ્ટ્રીય સેવા વેગળી છે તેની ચર્ચા સ્વદેશીનો ઠરાવ વગેરેની ચર્ચા,ખાદી કાંતનાર ને પૂરતું વળતર મળતું નથી તે બાબતની ચર્ચા ગ્રામોદ્યોગ સંઘની સભામાં ગામડાનુ તૈયાર કરવાની વાત સાદી આશ્રમ વાળા સાથે શાદી સામેના પડકારો ની ચર્ચા કરે છે સાથે સંતતિ નિયમન વિશે કરેલી લંબાણપૂર્વકની ચર્ચા નો સમાવેશ કરવામાં આવે છે વિનોબાજી સાથે તેમના પાંચ કલાક કાતવાના વ્રતની અંગે ચર્ચા કરી છે.વેડછી માં રાનીપરજ કોમ મા આવેલા બદલાવ વિશે સંમેલનમાં વાત કરી આ ડાયરી ના ભાગમાં જુદા જુદા પત્રો ચર્ચા અને સંવાદો થી ભરેલી છે

**મહાદેવભાઈની ડાયરી ભાગ 21**

તારીખ 14 એપ્રિલ ૧૯૩૬થી 10 જાન્યુઆરી 1937 સુધીના સમયના બનાવની આ ડાયરીમાં સમાવિષ્ટ કરાયા છે આ ભાગની શરૂઆતમાં મહાદેવભાઇ ચાલતા ટેસ્ટ week કોર્ટના ચરિત્ર માંથી તેમને આપેલા ઉતારાઓ લીધા છે પોતાના ભરચક કાર્યક્રમો ની વચ્ચે પણ તેમને પત્રકારત્વ વિશે જાણવા માટે આ પુસ્તક વાંચી અને તેમાંથી જાણવા જેવું ઘણું ડાયરીમાં નોંધી છે અમદાવાદમાં ભરાયેલી ગુજરાતી સાહિત્ય સભામાં પત્રકારત્વ વિભાગના પ્રમુખ તરીકે તેમણે 1936ના નવેમ્બરમાં આપેલું ભાષણ પણ આમાં આપી છે પત્રકાર બનવા માંગતા વ્યક્તિઓ માટે આ બાસણ ખરેખર મુલ્યવાન માર્ગદર્શન આપે છે આ ભાગમાં જવાહરલાલની ચિંતા તેમનું દુઃખ અને ભાષણ જેમાં કોંગ્રેસના કાર્યકર્તા અને એક જ મંઝિલ હોવાની વાત કરી છે પ્રોફેસર aldean એનું ખોરાકમાં મીઠા ની જરૂરિયાત પણ લખાણનો સમાવેશ થયો છે ગાંધીજીને વિશ્વાસ હતો તેથી ભારતને કલ્યાણ સ્ત્રીઓના ત્યાર અને જ્ઞાનથી થવાનું છે ચિંતા ન હોત તો રામ ક્યાંથી મળ્યો તો ગાંધીજીએ અસ્પૃશ્યતા માટે માનતા કે દલિતોના ઉદ્ધાર માટે નહીં પરંતુ શોષણ કરનારાઓના પ્રાયશ્ચિત અને આચાર બદલવાના છે ગાંધીજી ના મતે કાશી વિશ્વનાથ મંદિરના બારણા એક પણ હરિજન માટે બંધ રહે તો ત્યાં ભગવાન રહેતા નથી મહાદેવ વાંચનવિશ્વ તેમના પ્રોફેસર અને ત્યાંના રોકાણ દરમિયાન જોવા મળે છે જેમાં રાજમાતા દરમિયાન તેમને અંગ્રેજી


**ISBN: 978-81-952708-6-6**

અને સંસ્કૃત પુસ્તક વાંચી ઉતારા કરી લીધા જવાહરલાલ નેહરુ માટે ગાંધીજીની પખ્પાથી એવો આક્ષેપ કનૈયાલાલ મુનશીએ કર્યો જેના જવાબમાં તેમણે કહ્યું કે જવાહર માટેનો પ્રેમ દેશને ખાતર છે.

**મહાદેવભાઈની ડાયરી ભાગ 22**

ત્રાવણકોર માં મંદિર પ્રવેશ અંગેના જાહેરનામા બાદ ગાંધીજી મહાદેવભાઇ સાથે ત્રણ યાત્રાએ ગયા ત્યાંથી યાદ આવી શરૂઆત થાય છે પુનાથી જવા ૧૦મી જાન્યુઆરીએ પ્રયાણ કર્યું ત્યારથી શરૂ થઈ ૧૯૩૭ સુધી લખાય છે ત્રાવણકોર માં મંદિર પ્રવેશ અંગેનું જાહેરનામું મેળવ્યા બાદ ગાંધીજીએ જુદા જુદા સ્થળે માનપત્ર સ્વીકારી જાહેરનામાનો મહત્વ બતાવ્યું છે તેમના પતિ શ્રવણ અને અમનના સંયુક્ત પ્રયત્નોથી જ આ જાહેરનામાનો અમલ કરી શકાય મહારાણી અને મહારાજાની ઈશ્વર સંદેશના સેવક ગણાવી તેના ઉભા થઈને પણ કરવા દરેકને અનુરોધ કર્યો વી લોનમાં આપેલા ભાષણમાં તેમની નું મહત્વ બતાવી પહેલો શ્લોક હિન્દુઓના સ્મૃતિપટ પર કાંઈ નહિ આખો રહે તો હિંદુ ધર્મ હંમેશ માટે ટકી તેવું કહ્યું બલરામપુર માં આપેલ પ્રવચનમાં ગાંધીજી શિક્ષકોના ધર્મ વિશે વાત કરી પુસ્તક તો એક બહાનું છે કારણ કે એ નિમિત્તે શિક્ષકનું કાર્ય છે કે નીતિ ધર્મ આચાર વિચાર અને શિક્ષણમાં અપાય અને બાળકોની સમજમાં ન આવે એવી એક વસ્તુ ન શીખવી ગાંધીજીએ હિન્દીમે રાષ્ટ્રભાષા બનાવવા અને માનવા કરેલી દલીલો જવાહરલાલ સાથેના મતભેદો પણ ઉલ્લેખ છે રવીન્દ્રનાથ ટાગોર સાથેની વાતો કરીને કરી લીધેલ હજારની મદદ અને બિરલા દ્વારા દર મહિને હજાર ની આર્થિક મદદ આપતો પત્ર ગાંધીજી એક આવીને લખ્યું છે આ ભાગમાં સમાવેશ પામેલ છે.

**મહાદેવભાઈની ડાયરી ભાગ 23**

26 ઓક્ટોબર 1937 થી 27 ઓગસ્ટ 1938 સુધીના દસ મહિનાના સમયગાળા નો સમાવેશ આ ભાગમાં થયો છે તે સમયે ભારતમાં થયેલા હિન્દુ-મુસ્લિમ વચ્ચે ના કોમેડી રમખાણો અને તેના દ્વારા ગાંધીજી કેટલા દુઃખી થયા તેનો સમાવેશ કરે છે કોમી રમખાણો સમય પોલીસની મદદ લેવી તે ગાંધીજીને ખૂબ જ દુઃખદ લાગ્યો તેમને કોંગ્રેસ કાર્યકરોને શાંતિ જાળવવાની જવાબદારી તેમની છે તેવી રજુઆત કરી આ સમયે ગાંધીજીનો સ્વાસ્થ્ય ખૂબ નબળું પડયું હતું તેથી કરવાના કામો તેનાથી થતા નથી રાષ્ટ્રીય મહાસભાના સભ્યોની નબળાઈઓ કે ગાના સમયે ગાંધીજીના દુઃખી વાર્તા કે ગાંધી સેવાસદન દ્વારા આપેલા પ્રવચનમાં જોવા મળે છે હરીપુરા કોંગ્રેસ ખાતે ભરાયેલા ખાદી પ્રદર્શનમાં ગાંધીજી વક્તવ્ય આપ્યું જેમાં કલા સાથે જીવનનો સંબંધ અને પ્રદર્શનમાં દરેક જગ્યાએ દેખાશે ખાદીના રહસ્ય સમજાવી અમીર-ગરીબ બધા ખાદી પહેરે તેવી રજૂઆત કરી ગાંધીજી ૧૯૩૭ના અંતમાં બંગાળના કેદીઓ કે અમદાવાદની કરવામાં આવ્યા હતા તેમને છોડાવવા માટે પ્રયત્ન કર્યા હતા

**સંદર્ભ સૂચિ**

૧ દેસાઇ નારણભાઇ,અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ,નવજીવન પ્રકાશન,અમદાવાદ,૧૯૯૨
૨ પંડયા જયંત,શાહ કાંતિ,શુક્રતારક સમા મહાદેવભાઇ દેસાઇ,મ. દે. જન્મ શતાબ્દી સમિતિ,અમદાવાદ
૩ પરીખ નરહરિ દ્વા,મહાદેવભાઈનું પૂર્વ ચરિત,નવજીવન મુદ્રણાલય અમદાવાદ.
૪ પરીખ નરહરિભાઇ,મહાદેવભાઈની ડાયરી ભાગ 1 થી ૫ નવજીવન મુદ્રણાલય,અમદાવાદ.
૫ પરીખ નરહરિભાઈ,મહાદેવભાઈની ડાયરી ભાગ ૬,સાબરમતી આશ્રમ સુરક્ષા અને શતાબ્દી સમિતિ,અમદાવાદ. ૧૯૭૨ અમદાવાદ.
૬ દલાલ ચંદુલાલ ભગુભાઈ, મહાદેવભાઈની ડાયરી ભાગ ૭ થી ૧૮, સાબરમતી આશ્રમ સુરક્ષા અને શતાબ્દી સમિતિ,અમદાવાદ. ૧૯૭૨
૭ દેસાઇ મહેન્દ્ર વાલજીભાઇ, મહાદેવભાઈની ડાયરી ભાગ ૧૯ થી 22, સાબરમતી આશ્રમ સુરક્ષા અને શતાબ્દી સમિતિ,અમદાવાદ. ૧૯૭૨
૮ દેસાઇ મહેન્દ્ર વાલજીભાઇ, મહાદેવભાઈની ડાયરી ભાગ 23 ,ગાંધી સ્મારક સંગ્રહાલય,અમદાવાદ, ૧૯૯૭

 **ISBN: 978-81-952708-6-6**

# ભારતમાં યુરોપિયન કંપનીઓનું આગમન

કમલેશ રામજીભાઇ કિહલા (Ph.D. Research Scholar)
ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ- 380014.
માર્ગદર્શક: ડૉ. બિંદુવાસિની જોષી

**પ્રાસ્તાવિક:**

હિંદ ઉપર અનેક પ્રજાઓએ ચડાઇઓ કરી છે. કયા દેશ ઉપર નથી થઈ? પણ હિંદ ઉપર થયેલી છેલ્લી -આશા રાખીએ કે છેલ્લીવેલ્લી-ચડાઈ(?) એક નોખી જ ભાત પાડનારી છે. આ પ્રજાઓ સામાન્ય રીતે જે-તે પ્રદેશની આદિપ્રજા સાથે લડી-વઢીને જંપે છે અને મેળ સાધે છે, એક પ્રજા બનીને ત્યાંની વતની થઈને રહે છે; અથવા તો લૂંટફાટ કરી પાછી પોતાને રસ્તે પડી જાય છે. લગભગ 16 મી સદી સુધી હિંદમાં ને દુનિયામાં આ પ્રકારનો સામાન્ય વહીવટ ચાલતો જોવા મળે છે. ...ગોરી ખ્રિસ્તી પ્રજાઓ હિંદની સ્વદેશી રાજસત્તાને કરગરતી અને કુરનીસો બજાવી વેપારની છૂટ યાચતી આવી, તેમાંથી વેપારશાહી સ્થાપી, જે 19 મી સદીની રાજકીય પરિભાષામાં ‘સામ્રાજ્ય’ કહેવાયું. હિંદમાં આ કેવી રીતે અને કેમ બન્યું? એ આધુનિક હિંદના ઉદયના પાયામાં રહેલો ઇતિહાસ છે.

પ્રાચીનકાળથી જ યુરોપ સાથે ભારતના વેપારી સંબંધો રહ્યા છે. યુરોપિયન લોકો એશિયાનાં વિભિન્ન ભાગોમાંથી આવતી ભોગવિલાસની સામગ્રીનાં સંપર્કમાં આવ્યાં અને ત્યાંની વસ્તુઓનાં શોખીન થવાં લાગ્યાં. યુરોપમાં મસાલાની માંગ તો નિરંતર રહેતી. આથી યુરોપમાં મસાલાનો વ્યાપાર વિશેષ લાભકારી હતો, પરંતુ 1453 પછી તુર્કોએ એશિયા માઈનરથી વ્યાપાર પર પ્રતિબંધ મૂક્યો હતો. આથી મસાલા માટે અન્ય માર્ગ શોધવો આવશ્યક બની ગયું હતું.

**ક્રિસ્ટોફર કોલંબસનો પ્રયાસ:**

સૌપ્રથમ ‘ભારતનો નવો જળમાર્ગ’ શોધવાનું બીડું ઝડપનાર ઇટાલીનો રહેવાસી સુપ્રસિદ્ધ ક્રિસ્ટોફર કોલંબસ હતો. સ્પેનનાં રાજાની મદદથી કોલંબસ ભારત પહોંચવા માટે યુરોપની બરાબર પશ્ચિમ તરફ આગળ વધ્યો. તેનું જહાજ 1492 માં અમેરિકાનાં કિનારે પહોંચ્યું. અમેરિકા ખંડની શોધ અને અર્વાચીન યુરોપનો સંબંધ જોડવાનું શ્રેય કોલંબસને પ્રાપ્ત થયું, જેનો પ્રભાવ યુરોપ અને પછી દુનિયા ઉપર પડ્યો. પરંતુ કોલંબસનો પ્રયત્ન નિષ્ફળ ગયો. એ વાત ખાસ છે કે કોલંબસ મૃત્યુ સુધી અમેરિકાને જ ભારત સમજતો રહ્યો અને એથી જ આજે પણ અમેરિકાનાં મૂળ વતનીઓને ‘ઇન્ડિયન્સ’ અથવા ‘રેડ ઇન્ડિયન્સ’ કહે છે તથા અમેરિકા નજીકના ટાપુઓને ‘વેસ્ટ ઈન્ડિઝ' તરીકે ઓળખે છે.

**પોર્ટુગીઝ (ફિરંગીઓ):**

પંદરમી સદીના આરંભમાં પોર્ટુગલના રાજા ડોન હેનરીક ‘હેનરી મહાન - The Navigator' જેણે ભારત માટેનાં જળમાર્ગની શોધ આરંભી દીધી હતી. તેને પોપે પણ સમર્થન આપીને 1453 નાં આદેશપત્ર અનુસાર, પોર્ટુગલને હંમેશને માટે એ ભૂમિ આપી હતી, જે આફ્રિકાના કેપનોર અંતરીય (Cap Nor) અને ભારતીય ટાપુ શોધી શકે. પરંતુ શરત એ હતી કે તે આ દેશના લોકોને ખ્રિસ્તી બનાવે.

**વાસ્કો-દ-ગામા:** 1485 સુધીમાં બાર્થોલોમ્યુ ડાયઝે ‘ગૂડ હોપ’ ભૂશિર સુધીનો કિનારો જોઈ કાઢ્યો હતો. ગામા જુલાઈ, 1497 માં લીસ્બન બંદરેથી નીકળી નવેમ્બરમાં ‘કેપ ઓફ ગુડ હોપ' પહોંચ્યો. ત્યાંથી મડાગાસ્કર થઈ મલિન્દી બંદરે આવ્યો. અહિં તેને ગુજરાતનાં વહાણો મળ્યાં, તેમાંથી એક ગુજરાતીને ભોમિયો કરી 22 મે, 1498 ના રોજ મલબારતટે કાલીકટ બંદરે ઉતર્યો. ગામા મલિન્દી બંદરે પહોંચ્યો તે સમયે તેને મલિન્દીથી હિંદના કાલિકટ સુધીનો દરિયાઈ માર્ગ બતાવનાર કચ્છનો મહાન વહાણવટી કાનજી માલમ હતો. ગામા મલિન્દી પહોંચ્યો ત્યારે કાનજી માલમ ત્યાં હતો. મલિન્દીના રાજાના કહેવાથી કાનજીએ વાસ્કો-દ-ગામાનું જહાજ હંકાર્યું

 ISBN: 978-81-952708-6-6

અને તેને હિંદનાં દરિયા કિનારે કાલીકટ બંદરે ઉતાર્યો હતો. કાલિકટનો હિંદુ રાજા એ સમયે સામુદ્રિક કે સામુરી અથવા ઝામોરીન હતો. તેણે ગામા અને તેના ખ્રિસ્તી સાથીઓનું પ્રેમપૂર્વક સ્વાગત કર્યું અને તેમને સારી મહેમાનગતિ કરાવી. તેઓની વિનંતીથી ઝામોરિને પોતાના રાજ્યમાં તેમને રહેવાની અને વેપાર કરવાની છૂટ આપી. આથી 1500 માં પોર્ટુગીઝોએ વેપાર કરવા માટે કાલીકટમાં કોઠી નાખી.

ભારતમાં પોર્ટુગીઝોનું સ્થાન મજબૂત કરવા એડન, ઓર્મુઝ તેમજ મલાક્કાને કબજે કરી મુસ્લિમ વેપારનો નાશ કરવા પોર્ટુગલનાં રાજાએ ત્રણ વર્ષની મુદતે ગવર્નર ફ્રાન્સિસ્કો-ડી-અલ્મીડાને ભારત મોકલ્યો. તેને પોર્ટુગીઝ કિલ્લા બાંધવા માટે ખાસ સૂચના આપેલી. ગવર્નર એફોન્ઝો-ડી-અલ્બૂકર્ક હિંદની પોર્ટુગીઝ સત્તાનો ખરો સ્થાપક ગણાય છે. આ પહેલાં તે 1503 માં નૌકાદળના વડા તરીકે આવ્યો હતો, તેની સંતોષકારક કામગીરીથી તેને ગવર્નર તરીકે નવો હોદ્દો અપાયો હતો.

ઝામોરીનની રજાથી કોઠી ફરતો કિલ્લો બંધાવ્યો અને સેનાપતિ અલ્બૂકર્કને રક્ષક નીમ્યો. 1510 માં કાલિકટનાં રાજા સાથેની તકરારમાં પોર્ટુગીઝોએ ઝામોરિનના મહેલને આગ લગાડી અને આખા ગામને લૂંટ્યું. આ અરસામાં ભારતવર્ષમાં અનેક નાનાં નાનાં રાજ્યો એકબીજા સાથે બહુ ઓછો સંબંધ રાખતાં હતાં. ઉપરાંત ભારતવાસીઓ તોપ, બંદૂક જેવા અગ્નિય અસ્ત્ર વિષે જાણતાં હોવા છતાં તેનો ઉપયોગ કરવો એ માનવધર્મની વિરુદ્ધ માનતાં હતાં, જ્યારે પોર્ટુગીઝો આ વિષયમાં નિપુણ હતાં. પરિણામે સો-સવાસો વર્ષમાં ભારતીય વેપારથી ધન કમાવાની સાથે મેંગલોર, કોચીન, લંકા, દીવ, ગોવા, નેગાપટ્ટમ અને મુંબઇ બેટનાં માલિક બની બેઠાં હતાં.

ગવર્નર નિનો-દ-કુન્હાએ પોતાના તંત્રનું વડુંમથક કોચીનથી ગોવા ખસેડયું. પરંતુ બહાદુરશાહ સાથેના સંબંધો મૈત્રીભર્યા રહ્યાં નહીં. તુર્કસ્તાનનાં સંયુક્ત તુર્ક-મિસરી નૌકાકાફલાએ ઓક્ટોબર, 1538 માં દીવને ઘેર્યું. પરંતુ ગવર્નર ગાર્સિયા-દ-નોરોન્હાએ તેને સમર્થ રીતે ઉગારી લીધું; ધીમે-ધીમે હિંદમાં દમણ, સાલસેટ, ચેઉલ, મુંબઈ તેમજ મદ્રાસ પાસે સેંટથોમ (માઈલાપોર) અને હૂગલીમાં મહત્ત્વની વસાહતો સ્થાપી. 1542 માં વાઇસરોય માર્ટિન એફોન્ઝો-દ-સોઝા સાથે પાદરી ફ્રાન્સિસ્કો ઝેવિયર આવ્યા ત્યારથી પોર્ટુગીઝ ભારતમાં પાદરીઓની સર્વોપરિ સત્તાની શરૂઆત થઈ. જૂન, 1548 માં સમર્થ ગવર્નર ડૉમ જોઆઓ-દ-કાસ્ટ્રોના મૃત્યુ પછી હિંદમાં પોર્ટુગીઝોની પડતી શરૂ થઈ. તેમાના કેટલાંકે વ્યક્તિગતપણે વેપાર ચાલું રાખ્યો, ઘણાંએ ચાંચિયાગીરી અને લૂંટારું પ્રવુત્તિ અપનાવી. છેવટે તેમના પછી હિંદ આવેલી યુરોપીય વેપારી કંપનીઓ સામે સફળતાપૂર્વક હરિફાઈ કરવામાં નિષ્ફળ નીવડ્યા.

ઓર્મુઝથી ઇરાનનો અખાત, આફ્રિકા, અરેબિયા, ભારતના પૂર્વ-પશ્ચિમ કિનારે, શ્રીલંકા, મલાક્કાની ખાડી, મોલુક્કા ટાપુઓ, થાઈલેન્ડ અને ચીનનાં પ્રદેશોમાં ઠેરઠેર બાંધેલા પોર્ટુગીઝ કિલ્લાઓ તેમનાં જહાજોની મરામત માટે રોકાણનાં સ્થળો પૂરાં પાડતાં હતાં. પોર્ટુગલ મોકલાતાં માલની વખારોની ખાતરીબંધ રખેવાળી કરતાં, પોર્ટુગીઝ લશ્કરો માટે આ બધાં મજબૂત મથકો બની રહેતાં હતાં. અકબર તથા જહાંગીરના સમયમાં પોર્ટુગીઝોને ખંભાતમાં ખ્રિસ્તીધર્મનો પ્રચાર કરવાનો તથા ચર્ચ બાંધવાનો પરવાનો મળ્યો હતો. અહિં પોર્ટુગીઝની સંખ્યા પણ વિશેષ હતી. 1605 માં ત્યાં 80 જેટલાં પોર્ટુગીઝ કુટુંબ વસતાં હોવાનું નોંધાયેલું છે. દરિયાકિનારે પોર્ટુગીઝોએ વિશાળ આવાસગૃહો બંધાવ્યાં હતાં.

"પોર્ટુગઝોનું દમન -હૂગલીનું યુદ્ધ- મુખ્યત્વે ધાર્મિક કારણોથી થયું ન હતું. કારણ કે સ્થાનિક મુઘલ હાકેમો તેમના ધર્મપ્રચારના કાર્યમાં કોઈ હસ્તક્ષેપ નહોતા કરતાં બલ્કે તેઓ કેથૉલિક પાદરીઓનો આદર કરતાં હતાં. ...ખરેખર આ ઝઘડાંમાં નીતિને લીધે શાહજહાંએ ધાર્મિક તત્વને ભેળવી દીધું હતું. ફિરંગીઓએ મુઘલ પ્રજામાંથી મોટી સંખ્યામાં લોકોને ગુલામ અને ખ્રિસ્તી બનાવ્યા હતા. ...જો કે મુઘલો અને પોર્ટુગીઝો વચ્ચેના સંબંધ-સંઘર્ષમાં ધાર્મિક બાબતો ગૌણ હતી, ધર્મ સિવાય અન્ય કેટલીક બાબતો હતી, જે માટે હૂગલીના પોર્ટુગીઝોને થયેલી શિક્ષા ન્યાયી ઠરતી હતી." -સર એડવર્ડ મેકલેગન.

 ISBN: 978-81-952708-6-6

ભારતમાં પોર્ટુગીઝોની પડતીનું કારણ બતાવતાં પોર્ટુગીઝ લેખક લખે છે કે- “પોર્ટુગીઝોએ એક હાથમાં તલવાર અને બીજા હાથમાં ક્રોસ લઈને ભારત દેશમાં પ્રવેશ કર્યો, પણ જ્યારે તેમણે અહીં ઘણું સોનું જોયું ત્યારે ક્રોસને એકબાજુ મૂકી એ હાથથી તેમણે પોતાના ખિસ્સાં ભરવાનું શરૂ કર્યું; અને પછી ખિસ્સાં એટલાં બધાં ભરાઈ ગયાં કે એક હાથે સાચવી ન શક્યાં, ત્યારે તેમણે તલવાર પણ મૂકી દીધી. આવી હાલતમાં એમની પછી આવનારા લોકો બહુ સહેલાઇથી એમને હરાવી શક્યાં.” -Alfonzo de Souza, Governor of Portuguese, India, 1545.

**ડચ (વલંદા):**

પોર્ટુગલ 1580 માં સ્પેનના રાજાને કબજે ગયું અને સ્પેનને હિન્દ મહાસાગરના સામ્રાજ્ય કરતા આટલાંટિકનું વધારે રુચતું હતું એટલે તેમણે પોર્ટુગીઝ પ્રજાનું કરેલું-કારેલું બરાબર સંભાળ્યું નહીં. જો કે તેઓને તે સંભાળી રાખવા પરવાનગી આપી હતી. પરંતુ તેની પાસેથી તે ઝૂંટવી લેનાર પ્રબળ નવો શત્રુ જાગ્યો તે ડચ પ્રજા. યુરોપમાં આવેલી નવી જાગૃતિમાં હોલેન્ડ દેશ સ્વતંત્ર થયો અને તેના વહાણો પણ દરિયો ખેડવા લાગ્યાં.

પૂર્વના દેશોમાંથી અને અમેરિકામાંથી પોર્ટુગીઝો અને સ્પેનિશો જે માલસામાન લાવતા તે ડચો ખરીદીને મધ્ય અને ઉત્તર યુરોપીય દેશોમાં પહોંચાડતા. પરંતુ 1580 માં લીસ્બનનું બજાર ડચો માટે બંધ થયું. 1583-89 દરમિયાન ગોવામાં રહેલાં લીકોટીન અને આર્કબિશપે પ્રકાશિત કરેલા બે પુસ્તકોએ હિંદ વિષયક સારી માહિતી આપી હતી. પૂર્વમાં જવાના પ્રયાસરૂપે આમસ્ટરડેમના વેપાઈઓએ 1592 માં જ એક ખાનગી કંપની ઊભી કરેલી અને 1595 માં કોર્નલીસ ડી હોટમેને સાહસ કર્યું. કોર્નલીસ ડી હોટમેને અપાર લાભ મેળવ્યા પછી ડચ વેપારીઓ નિરંતર આવવા લાગ્યા અને તેમણે ઘણી કંપનીઓ સ્થાપી. ડચ સરકારે 1602 માં રુચિ લઈ બધી કંપનીઓ ‘ડચ ઇસ્ટ ઈન્ડિયા કંપની’ અથવા (અંગ્રેજીમાં) ‘યુનાઈટેડ ઇસ્ટ ઈન્ડિયા કંપની’ માં સમાવિષ્ટ કરી દીધી.

પૂર્વીય વેપાર માટે નેધરલેન્ડ્ઝની સ્ટેટ્સ જનરલે કંપનીના ડાયરેક્ટરોને બોલાવીને 20 માર્ચ, 1602 ના રોજ ચાર્ટર આપ્યો અને કંપની અસ્તિત્વમાં આવી. કેપ ઑફ ગુડ હોંપથી મેગેલનની ભૂશિર સુધીના વિસ્તારમાં કંપનીને વેપાર કરવાનો, યુદ્ધ અને સંધિ કરવાનો, કિલ્લા બાંધવાનો, વિદેશી વહાણો પર હુમલા કરવાનો તથા બાળવાનો, વિસ્તારો મેળવવાનો અને જરૂરી હોય તો સિક્કા ઢાળવાનો અધિકાર આપ્યો. ‘ડચ ઇસ્ટ ઈન્ડિઆ કંપની’ને સુરતમાં કાયમી કોઠી સ્થાપવાનું જહાંગીરી ફરમાન 1618 માં મળ્યું. શાહી દરબાર અજમેરથી અમદાવાદ પહોંચ્યો ત્યારે સર ટોમસ રો પણ ફરમાન મેળવવા ઉપસ્થિત હતો. 13 જાન્યુઆરી, 1618 ના રોજ રેવેસ્ટિન અને તેના સાથીઓ અમદાવાદ પહોંચ્યા. બાદશાહને ભેટ ધરવા ચીનાઈ માટીનાં વાસણો, તજ-લવિંગ, ચંદન અને પક્ષીઓ સાથે લઈ ગયેલા. જહાંગીરે તેમને દરબારમાં બેસાડ્યા અને તેમની વેપારની માગણી સ્વીકારી અંગ્રેજોના જેવું જ ફરમાન ડચોને પણ આપ્યું. ડચ પ્રતિનિધિમંડળ સુરત આવ્યું અને કોઠીની સ્થાપના કરી.

કંપનીનો વહીવટ નિરંકુશ રીતે ચાલતો હતો. તેના ભાગીદારો એક ખાનગી જૂથરૂપે કાર્ય કરતા હતા. આમસ્ટરડેમ-8, જીલેન્ડ-4 તથા અન્યમાંથી 1/2 નિર્દેશકો પસંદ કરાતાં હતાં. એ જ રીતે જળમાર્ગની સફરમાં આમસ્ટરડેમ-1/2, જીલેન્ડ-1/4 તથા અન્યએ-1/16મા ભાગનો ખર્ચ ઉઠાવવો પડતો. ભાગીદારોની રાજકીય અપેક્ષારૂપે નિયુક્ત નિર્દેશકોનું કંપની ઉપર વાસ્તવિક નિયંત્રણ હતું.

ડચોએ જોયું કે પોર્ટુગીઝોએ ઇસ્ટ ઈન્ડિઝ ટાપુઓમાં જોઈએ તેવો લશ્કરી બંદોબસ્ત રાખ્યો નથી. તે પરથી ત્યાં થાણું નાખવાનું જોર કર્યું અને 1619 માં ડચ વાઈસરૉયે જકાત્રાનું જાવા બેટનું ગામ લઈને ‘બટેવિયા’ શહેર વસાવ્યું. આ જ શહેર ડચ સામ્રાજ્યની રાજધાની બન્યું. એ સ્થાપનાર જોન પીટરસન કોએન ઈતિહાસમાં ડચ સામ્રાજ્યનો મુખ્ય સંસ્થાપક ગણાય છે.

પુલિકટ, સુરત, ગોવા, બિમલીપટ્ટમ, મલાકકા, ચિનસુરા, બડાનગોર, કાસિમ બઝાર, બાલાસોર, પટણા, નેગાપટ્ટમ અને કોચીન મુખ્ય ડચ કોઠીઓ હતી. પશ્ચિમ હિંદમાં ડચ વેપારનું મુખ્ય કેન્દ્ર સુરતની કોઠી

હતી અને તેની નીચે ભરૂચ, ખંભાત, અમદાવાદ, સરખેજ, આગ્રા, બુરહાનપુર, મોચા અને ઈરાન વગેરે કોઠીઓએ ચાલતો વેપાર હતો. પૂર્વમાં બધી જ વેપારી પ્રવૃત્તિનું સંચાલન જાવામાં બટેવિયાથી થતું અને ત્યાનો મુખ્ય સંચાલક ગવર્નર જનરલ ઈન કાઉન્સિલ હતો. ડિરેક્ટર યા કમાન્ડરની નીચે કાઉન્સિલ રહેતી. અન્ય સંચાલકોમાં રાઈટર્સ, બે આસિસ્ટંટ, જુનિયર ફેક્ટર્સ, ફેક્ટર્સ અને સિનિયર ફેક્ટર્સ રહેતા. કોઠીના બે મુખિયામાં એક કાઉન્સિલ પ્રમુખ જે સામાન્ય વહીવટની સંભાળ રાખતો, નાણાં સાચવતો, સ્થાનિક વેપારીઓ અને કેન્દ્ર સાથે સંબંધ જાળવતો અને બીજો અધ્યક્ષ હિસાબ રાખતો અને વખાર સાચવતો. ડચ કોઠીની પોતાની આગવી વેપારી પદ્ધતિ હતી. વહાણ આવતાં જ માલની જાહેરાત, માલનો પ્રકાર, જથ્થો, વેચાણ સમય વગેરે વિગતો પ્રાદેશિક ભાષામાં લખીને દરવાજે ચોંટાડતા, માલવેચાણ માટે સ્થાનિક દલાલો રહેતા અને ઊંચી બોલી બોલનારને વેચવામાં આવતી.

**ઇંગ્લિશ (બ્રિટિશ):**

દરેક યુરોપીયન પ્રજા માલથી ભરેલાં વહાણો લૂંટવાનો ધંધો ન્યાય સમજતી હતી. એશિયાઈ સમુદ્રોમાં લૂંટફાટ ચલાવતાં બ્રિસ્ટલ બંદરના નાવિકો તો પ્રખ્યાત ચાંચિયા ગણાતાં હતાં. 1578 માં પ્રખ્યાત નાવિક સર ફ્રાન્સિસ ડ્રેકે ભારતથી લીસ્બન જતું પોર્ટુગીઝ વહાણ લૂંટયું, તેમાંથી ભારત પહોંચવાનો નકશો હાથ લાગ્યો.

છેલ્લાં 400 વર્ષોથી ભારત-યુરોપીય વેપાર આરબો અને ઈરાનીઓ પાસે હોઈ મધ્યસ્થી તરીકે હોલેન્ડને વધારે કિંમત ચૂકવતાં. આર્થિક લાભ માટે પૂર્વીય દેશોમાં વેપારી સંબંધો સ્થાપવા તૈયાર થવાની બે આર્થિક ધારણાઓ હતી- એક હોલેન્ડને મધ્યસ્થી તરીકે ચૂકવવી પડતી વધુ કિંમતમાંથી બચી શકાય અને બીજી મસાલાની સીધી ખરીદી કરીને યુરોપનાં બજારોમાંથી વિશેષ નફો રળી શકાય. આ જ કારણથી અંગ્રેજો પૂર્વીય દુનિયાનાં અજાણ્યાં પ્રદેશોમાં વહાણવટું ખેડવાં તૈયાર થયાં. 1583 માં 'લીવોન કંપની'એ જ ન્યૂ બેરી, વિલિયમ લીડ્ઝ, જેમ્સ સ્ટોરી, અને રાલ્ફ ફિંચને પૂર્વમાં મોકલ્યા હતાં. રાલ્ફ ફિંચની નોંધ અને બેરીના પત્રોએ ભાવિ સાહસને શક્ય બનાવ્યું. 10 માર્ચ, 1599 ના રોજ સર ફ્રાન્સિસ વોલસિંઘમ દ્વારા ઇંગ્લેન્ડની પ્રિવી કાઉન્સીલ સમક્ષ રજૂ થયેલ લાંબા દસ્તાવેજમાં ઈન્ડિઝ સાથે વેપાર કરવાની અને વહાણો મોકલવાની રજા માંગતી અરજી હતી. ૨૪ સપ્ટેમ્બરે લંડનની લીડનહૉલ સ્ટ્રીટના એક જૂના મકાનમાં થોડાંક વેપારીઓ મળ્યા અને નાની કંપની ઊભી કરી. જેમાં જૂની લીવોન કંપનીના વેપારીઓ પણ જોડાયેલા. 31 ડિસેમ્બર, 1600 ના રોજ રાણી ઇલિઝાબેથે તેમને એક ચાર્ટર આપ્યો જે કંપનીવતી સર ટોમસ સ્મિથે સ્વીકાર્યો હતો. ચાર્ટરમાં કંપની માટે 'સોસાયટી ઓફ એડવેન્ચર્સ, 'ધ ઇંગ્લિશ કંપની ટ્રેડિંગ ટુ ધી ઇસ્ટ ઈન્ડિયા' શબ્દો હતાં. જે 'લંડન ઇસ્ટ ઈન્ડિયા કંપની' યા તો 'ઇંગ્લિશ ઇસ્ટ ઈન્ડિયા કંપની' તરીકે ઓળખાઈ હતી. પંદર વર્ષ માટે વેપારનો અધિકાર અપાયો હતો. માર્ચ, 1607 ની ત્રીજી ખેપમાં સુરત જનાર 'હેક્ટર'ના કપ્તાન વિલિયમ હોકીન્સને રાજદૂત તરીકે વર્તવા કંપની અને રાજા જેમ્સ-૧લાના બે પત્રો તેની પાસે હતાં. તેણે વેપારી સવલતો અને સુરતમાં કોઠી સ્થાપી વેપાર કરવાની રજા મેળવવાની હતી.

રાણીનાં ફરમાનમાં તેને 'સાહસી લોકોની મંડળી' કહી છે, જેઓ લૂંટ સટ્ટો કરવા નીકળે છે અને ધન કમાવાની બાબતે કોઈ પરવા કરતાં નથી. કંપનીએ પ્રથમથી જ નક્કી કર્યું હતું કે "અમે જવાબદારીવાળી જગાએ કોઈ ખાનદાની આદમીને નિમશું નહીં." ઉપરાંત "અમને અમારો વેપાર અમારા જેવા જ આદમીઓ મારફત ચલાવવાની રજા મળવી જોઈએ; કારણ કે લોકોને જરા જેટલો પણ શાક જાય કે અમે અમારામાં ખાનદાની આદમીને ભેળવવાના છીએ, તો અમારામાંના ઘણા સાહસિક વેપારીઓ પોતાના પૈસા પાછાંખેંચી લે."

**કાયમી કોઠીની સ્થાપના:** દસમી ખેપ વખતે ટોમસ બેસ્ટ ડ્રેગન અને હોસિન્ડર સાથે 5 સપ્ટેમ્બર, 1612 ના રોજ સુરત પહોંચ્યો. 13 ઓકટોબરે વેપારની શરતો નક્કી કરવા બે દિવસ સભા ચાલી. ચાળીસ દિવસમાં ફરમાન મેળવી આપવાનું દીવાને વચન આપ્યું. દરમિયાનમાં 30 નવેમ્બરે પોર્ટુગીઝોને હરાવી 27 ડિસેમ્બરે બેસ્ટ સુંવાળી આવ્યો. 6 જાન્યુયારીએ શાહી ફરમાન આવ્યું, પરંતુ બેસ્ટ સ્વીકારવા તૈયાર ન થયો. આથી

 **ISBN: 978-81-952708-6-6**

શાહબંદર અને વેપારીઓએ જાતે જ સુંવાળી જઈ બેસ્ટને 11 જાન્યુઆરી, 1613 ના રોજ ફરમાન આપ્યું. કંપનીનાં માલિકોને લાગ્યું કે મુઘલ દરબારમાં કોઈને એલચી તરીકે મોકલવો જોઈએ. કંપની ગવર્નર સર થૉમસ સ્મિથે સર ટોમસ રો ઉપર પસંદગી ઉતારી, વાર્ષિક 600 પાઉન્ડનો પગાર, પહેરવેશ, સેવકો અને અન્ય સગવડોના ખર્ચની જોગવાઈ કંપની તરફથી કરવામાં આવી; એલચીપદનો ઓળખપત્ર અને બાદશાહને લખેલ શાહીપત્ર તેને સોંપવામાં આવ્યો હતો. સર ટોમસ રો તેના પંદર સાથીઓ સાથે 27 સપ્ટેમ્બર, 1615 ના રોજ સુંવાળી ઉતર્યો. બાદશાહ જહાંગીરને મળવાનું નક્કી કરી કાયમી વેપારી સંધિના હેતુસર જહાંગીરના દરબાર સાથે અજમેર, માંડું અને અમદાવાદ ગયો. 2 નવેમ્બર, 1616 ના રોજ બાદશાહે ભેટો સ્વીકારી પ્રતીભાવ આપ્યો અને ફરમાન પણ તૈયાર કરાવ્યું. પરંતુ સામાન્ય સવલતોથી જ સંતોષ માનવો પડ્યો. અમદાવાદ છોડતાં પહેલાં રોને જહાંગીરે નવું ફરમાન આપ્યું. જેમાં અગાઉનાં પ્રસ્તાવની ઘણી માંગણીઓ સ્વીકારી હતી. મુખ્ય વજીર આસફખાને ખાસ તરફદારી કરતાં ફેબ્રુઆરી, 1618 માં જ ફરમાન અપાયું હતું. 17 ફેબ્રુઆરી, 1619 ના રોજ ટોમસ રો એની વહાણમાં રવાના થયો ત્યારે સુરત, ભરુચ, અમદાવાદ, આગ્રા અને બુરહાનપુરમાં અંગ્રેજોની કોઠીઓ કાર્યરત હતી.

હિંદમાં બધાં અંગ્રેજી વેપારી થાણાંઓના વડામથક તરીકે સુરતની કોઠી કામ કરતી, અન્ય કોઠીઓના વડાઓએ ફેક્ટરીનો અહેવાલ આપવા વર્ષમાં એકવાર સુરત જવાનું થતું. શરૂઆતના સાહસિક આગેવાનોએ સુરતનું વેપારી મથક મજબૂત કર્યું હતું. ફ્રાયર અને ઓવિંગ્ટનના લાખણો પ્રમાણે- કંપની મકાનનું ભાડું વાર્ષિક 60 પાઉન્ડ ચૂકવતી, બે માળવાળા મકાનનો ઉપલો ભાગ નિવાસઅર્થે અને નીચલો ભાગ ધંધા-વેપાર અર્થે વપરાતો. પ્રેસિડેન્ટનો આવાસ વધુ સગવડોવાળો હતો. "પથ્થર અને લાકડાંથી બાંધેલું મકાન દેશી કારીગરીથી સુશોભિત હતું. આનંદ-પ્રમોદ અર્થે અલાયદી વ્યવસ્થા હતી. વળી એક સાદું દેવળ પણ હતું. તેનો પાદરી હિંદમાં અંગ્રેજ કોઠીઓના રહેવાસીઓની ધાર્મિક વિધિઓ સંપન્ન કરતો.

**ફ્રેન્ચ ઇસ્ટ ઈન્ડિઆ કંપની:**

ફ્રેંચોએ ભારત સાથે 1527 માં વેપાર શરૂ કરવાના પ્રયાસમાં ચાળીસ ફ્રેંચોનું એક વહાણ દીવ બંદરે આવ્યું હતું. પરંતુ એ તમામને બહાદુરશાહના સૈનિકોએ મારી નાખેલા. આથી એ પ્રયાસ નિષ્ફળ ગયેલો. જો કે પૂર્વના દેશો સાથે વેપારી સંબંધો સ્થાપવા 1527 થી 1625 દરમિયાન ફ્રેંચોનાં છૂટાછવાયાં વહાણો મલબારકાંઠે, સુમાત્રા, મોલુકાસ, માલદીવ, મલાયા, જાપાન પહોંચ્યાં હતા પણ કાયમી વેપારી સંબંધ સ્થાપી નહીં શકેલા. 1639 માં ખ્રિસ્તી મિશનરી-કેપુચીનો સુરત પહોંચેલા અને ચર્ચ સ્થાપેલું. 1642 માં ફ્રેન્ચ વેપારીઓ મડાગાસ્કરથી 1650-60 દરમિયાન હિંદ તરફ આવ્યા. રાષ્ટ્રીય સ્તરની કોઈ વેપારી કંપની નહોતી. 'સેંટ માર્લો' 'ડી લાવેલ એન્ડ ડી વીટ્રે', 'કોરલ કંપનીઝ ઓફ માર્સેલ્સ' અને 'કંપની ઑફ મોર્બીહન' વગેરે નાની નાની કંપનીઓ મોટા સાહસો માટે સદ્ધર નહોતી, છતાં અંગ્રેજો અને ડચોના પૂર્વીય વેપારમાં ભાગ પડાવવા ફ્રાન્સ તૈયાર થયું.

ફ્રાન્સના રાજા લુઈ–14માના (1643-1715) શાસન દરમિયાન 1664 માં પૂર્વીય દેશો માટે વેપારી કંપની ઊભી કરવાની જાહેરાત થઈ હતી. રાજાએ પોતે પણ કંપનીને 30 લાખ લિવર્સની વ્યાજમુક્ત લોન આપી. શાહી કુટુંબે પણ રોકાણ કર્યું અને ૫૫ લાખ લિવર્સની મૂડી ઊભી કરાઈ હતી. કંપનીના ડાયરેક્ટરો (21) નક્કી થયા અને ઓગસ્ટ, 1664 માં નવી કંપનીને ચાર્ટર અપાયો. જે 'Compagnie des Indes Orientales' – 'ઇસ્ટ ઈન્ડિઝ કંપની' બની. કંપનીને કૅપ ઑફ ગુડ હૉપથી દક્ષિણ સમુદ્રમાં વેપારની સત્તા આપી. ધર્મપ્રચારના હેતુથી મડાગાસ્કર અને તેના ટાપુઓ પણ સોંપ્યા. કંપની જે ખાણો ઊભી કરે કે ગુલામો પકડે તેની માલિકી કંપનીની રહેશે એમ જણાવ્યુ.

કંપની સ્થપાયા પછી સમુદ્રમાર્ગે અને ભૂમિમાર્ગે અલેપ્પોથી રાજા અને કંપનીના એજન્ટ રવાના કરાયા. કંપનીનો એજન્ટ બેબર આગ્રા થઈને 1666 માં સુરત પહોંચી ગયો હતો; ઔરંગઝેબે તેને અંગ્રેજો અને ડચો જેવું જ ફરમાન લખી આપ્યુ હતુ એટલે સુરતમાં કોઠી સ્થાપવાની અને સુંવાળીમા વેપારની છૂટ અપાઈ હતી. 1668 માં ફ્રાન્કો કેરોનું પ્રથમ ફ્રેંચ વહાણ સુંવાળી પહોંચ્યું હતું. ડચ કંપનીમાં બાવીસ વર્ષના અનુભવનો લાભ લેવા જ ફ્રાન્કો કેરોને ડિરેક્ટર અને જનરલ નીમીને મોકલ્યો હતો. તેની સાથે 45,000 પાઉન્ડનો માલ અને 80 ફૅક્ટર્સ હતા.

 **ISBN: 978-81-952708-6-6**

જો કે બધા ફ્રેંચો નહોતા. ફ્રાન્કો કેરોને સુરતમાં ઠંડો આવકાર મળ્યો. દસ વહાણોનો ફ્રેન્ચ કાફલો જેકબ બ્લાન્કો ડી લા હાયેના નેતૃત્વમાં 18 મહિને ઓક્ટોબર, 1671 માં સુરત પહોંચ્યો ત્યારે અબ્બાસ, મલબારકાંઠે, મસુલીપટ્ટમ, બેન્તામમાં કોઠીઓ સ્થાપી હતી.

પૂર્વીય વેપાર માટે ફ્રેંચોની યોજના એ હતી કે, આફ્રિકાના મડાગાસ્કર ટાપુનો કબજો લઈ, તે મધ્યસ્થ જગાએથી હિંદ મહાસાગરમાં વેપાર ચલાવવો. એ મુજબ 1642 માં મડાગાસ્કરમાં થાણું જમાવ્યું પણ હતું. યુરોપમાં ફ્રેંચ અને ડચ વચ્ચે સંધિ થતાં ફ્રેંચ કપ્તાને પોંડીચેરીની જગ્યા કોઠી માટે મેળવી લીધી. પરંતુ ડચો સાથે લડીને ફ્રાન્સ નબળું પડયું. છતાં તે ટકાવી રાખવાનો યશ ફ્રાન્કો માર્ટિનને મળે છે. 1672 માં મછુલીપટ્ટમથી પોંડીચેરી આવ્યો, કેમે કરી તેને કિલ્લો કરીને વેપાર જમાવવો હતો. તેણે 1674 માં કિલ્લો તો કરી લીધો, પરંતુ સતત ચાલતાં મારા વચ્ચે 1693 માં ડચોએ કિલ્લો લીધો. બંને વચ્ચે સંધિ થતાં પોંડીચેરી ફ્રેંચોને પાછું મળ્યું. ફ્રાન્કો માર્ટિન 1700 માં ફ્રેંચ પ્રધાનને લખે છે- "સમૃદ્ધ સંસ્થાનો અને થોડીક બરોબર કિલ્લેબંદ જગાઓ કંપની પાસે હોય તો આ લોકોમાં મોટું સ્થાન મળે."

હિંદમાં ફ્રેંચોનો વેપાર જામ્યો નહીં. સુરતની કોઠી પણ દેવાદાર બની ગઈ. કંપનીના સંચાલકોની અંદરોઅંદરની ગેરસમજ અને હિંદના એજન્ટોની ઉપેક્ષા અને સ્વતંત્ર નિર્ણય લેવાની મનાઈને લઈને કોઠી સ્થિર થઈ શકી નહિ અને 1701 પછી સુરત કોઠીનું કામકાજ અટકી જતાં 1716 માં ચૂપકીદીથી ફ્રેન્ચો સુરતથી નીકળી ગયા. ત્યાર પછી કંપનીની સુરતની મિલ્કતનો વહીવટ પોંડિચેરીની કોઠી હસ્તક રહ્યો હતો. ફ્રેંચ પ્રવાસી થેવેનોએ સુરત અને ત્યાંના વેપાર વિશે મહત્તવની નોંધ કરી છે કે "નવેમ્બર-એપ્રિલ સુધીના ગાળામાં દેશાવરનાં વહાણ આવતાં, તે દરમિયાન એટલી ભરપુર વસ્તી રહેતી કે સારું રહેવાનું મકાન મેળવવું મુશ્કેલ પડે. વિદેશી વેપારીઓમાં અંગ્રેજો, વલંદાઓ ઉપરાંત આરબો, ઈરાનીઓ, તુર્કો અને આર્મેનિયનોનો સમાવેશ થતો."

**ડેનિશ:**

'ડેનિશ ઇસ્ટ ઈન્ડિઆ કંપની' 1620 માં આવી હતી પણ તેઓ સુરતમાં સ્થિર થઈ શક્યા નહીં. તેઓ ત્રિંકોબારથી મસુલીપટ્ટમ સુધીના કાંઠે વેપારમાં લાગેલા. અંગ્રેજો-ડચોએ તેમને ફાવવા ન દીધા. તેઓ બંગાળમાં ગયા અને 1670 માં નવી કંપની આવી, પરંતુ 1714 માં બંગાળનો વેપાર જ સમેટી લીધો. 1729 માં ત્રીજી કંપની આવી. 1755 માં તેણે બંગાળમાં સેરામપુરમાં વસાહત સ્થાપી. નિકોબાર અને મલબારકાઠે પણ વેપાર સ્થાપ્યો. અંતે 1845 માં ત્રિંકોબાર, સેરામપુર ને બાલાસોર કોઠીઓ ઇંગ્લિશ ઇસ્ટ ઈન્ડિયા કંપનીને 12.50 લાખ રૂપિયામાં વેચીને જતાં રહ્યા.

**જર્મન:**

1717 માં જર્મની (ઓસ્ટ્રિયા) ની 'ઓસ્ટેડ કંપની' ના વેપારીઓ સુરત આવ્યા. પણ વેપાર જામ્યો નહીં અને 1730 માં સુરત છોડી ગયા હતા. ફરી પાછા આ જ કંપનીના આશ્રયે 1777 માં વિલિયમ બોટ્સ આવ્યો હતો. પરંતુ સુરતમાં માલ વેચી ન શક્યો અને ઘોઘા ગયો. ત્યાંથી પુના ગયો અને મલબારકાંઠે ત્રણ કોઠીઓ સ્થાપી પણ વેપાર ચાલ્યો નહીં અને 1785 માં દેવાળું કાઢીને જર્મનો જતા રહ્યા હતો.

**સ્વીડીશ:**

1746-65 દરમિયાન 'સ્વીડીશ કંપની' નાં ત્રણ વહાણો સ્વીડનથી આવ્યાં હતાં. સુરતમાં કામચલાઉ કોઠી પણ સ્થાપી. પરંતુ અંગ્રેજો-ડચોએ એમને પણ ફાવવા દીધા નહીં અને તેઓ સ્વદેશ જતા રહ્યા.

**સમાપન:**

આમ, યુરોપીય દેશો માટે ભારત સાથે વ્યાપાર કરીને મસાલા કે તેજાનો મેળવવા માટે 1453 પછી અન્ય માર્ગ શોધવો આવશ્યક બની ગયું. ભારત સુધી પહોંચવાં માટે સ્પેન, પોર્ટુગલ, હોલેન્ડ, ઈંગ્લેન્ડ અને ફ્રાંસ આ પાંચ દેશના લોકોએ દરિયાઈ માર્ગે પહોંચવાના પ્રયાસો કર્યા. સૌ પ્રથમ સ્પેનની મદદથી ઈટાલીના સુપ્રસિદ્ધ ક્રિસ્ટોફર કોલંબસે પ્રયાસ કર્યો, પણ નિષ્ફળ રહ્યો. આ પછી અનુક્રમે પોર્ટુગીઝ (1498), ડચ (1602), અંગ્રેજ

 ISBN: 978-81-952708-6-6

(1613), ફ્રેંચ (1664), ડેનિશ (1620), જર્મન (1717) અને સ્વીડિશ (1746-65) પ્રજાઓનું એકબીજા પછી ભારતમાં આગમન થયું. જળમાર્ગે વેપાર કરવા ભારત સુધી પહોંચીને મસાલા-તેજાનાનો વેપાર શરૂ કર્યો. પરંતુ આર્થિક લાભ વધુ મળતા એકબીજાના વેપારને કચડી નાખી પોતે વધુ આર્થિક લાભ મેળવવા પરસ્પરની વ્યાપારી હરીફાઈમાં પડ્યાં. પરસ્પરની આ વ્યાપારી સ્પર્ધા આગળ જતાં સાંસ્થાનિક સામ્રાજ્યવાદ કે સંસ્થાનવાદમાં પરિણમી.

**સંદર્ભગ્રંથો**

1. દેસાઇ, મગનભાઇ પ્રભુદાસ. 1946. હિંદની અંગ્રેજી વેપારશાહી. અમદાવાદ: ગૂજરાત વિદ્યાપીઠ.
2. चयानी, बी. एस. 2009. 'हिंद महासागर पर पुर्तगालियों के अधिकार की स्थापना और इसके परिणाम.' मध्यकालीन भारत. भाग-2:1540-1761. (सं.) हरिशचंद्र वर्मा. दिल्ली विश्वविद्यालय: हिंदी माध्यम कार्यान्वय निदेशालय.
3. પંડિત, સુંદરલાલ. 1946. ભારતમાં અંગ્રેજી રાજ્ય-1. (અનુ.) ભાસ્કરરાવ વિદ્વાંસ. ભાવનગર: હરભાઈ ત્રિવેદી. શ્રી સરસ્વતી છાપખાનું.
4. મહેતા, મકરન્દ. 2012. ગુજરાત અને દરિયો. અમદાવાદ: (પ્ર.) દર્શક ઇતિહાસ નિધિ-વડોદરા. રંગદ્વાર પ્રકાશન.
5. ત્રિપાઠી, આર. પી.. 2018. 'યુરોપિયનોનું આગમન.' ભારતનું ગેઝેટિયર. ભાગ-2: મધ્યકાલીન ભારત. (સં.) પી. એન. ચોપરા. (અનુ.) હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, પ્રવીણચંદ્ર ચિ. પરિખ, યતિન્દ્ર ઈ. દીક્ષિત. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.
6. કોકા, આન્તોનોવા & ગ્રિગોરી, કોતોવ્સ્કી. 1987. ભારતનો ઇતિહાસ. (અનુ.) અતુલ સવાણી. મોસ્કો/અમદાવાદ: પ્રગતિ પ્રકાશન/પીપલ્સ બૂક હાઉસ.
7. શાહ, સુમનાબહેન શશિકાંત. 1979. 'ગુજરાતમાં વિદેશી વસાહતો.' ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ. ગ્રંથ-6: મુઘલકાલ. (સં.) રસિકલાલ છો. પરીખ, હરિપ્રસાદ ગં. શાસ્ત્રી. અમદાવાદ: શેઠ ભોળાભાઈ જેશિંગભાઇ અધ્યયન-સંશોધન વિદ્યાભવન.
8. પટેલ,જશુભાઇ બી. 2000. ભારતનો ઇતિહાસ. (મુઘલકાલ:1526-1707). અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.
9. મેઘાણી, મોહનભાઇ વ. 2005. સત્તરમી અને અઢારમી સદીનું સૂરત. સૂરત: ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન.
10. जैन, के. सी.. 1990. आधुनिक भारत. नई दिल्ली: श्री पब्लिशिंग हाउस.
11. सिन्हा, अरविंद. 2009. 'भारत में डच कंपनी.' मध्यकालीन भारत. भाग-2:1540-1761. (सं.) हरिशचंद्र वर्मा. दिल्ली विश्वविद्यालय: हिंदी माध्यम कार्यान्वय निदेशालय.
12. દેસાઇ, ગુણવંતભાઈ જીણાભાઇ. 1988. પશ્ચિમ ભારતમાં અંગ્રેજો-રાજકીય અને સામાજિક પરિપ્રેક્ષ્યમાં. અમદાવાદ: યુનોવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.
13. શાસ્ત્રી, હરિપ્રસાદ ગંગાશંકર. 1979. 'સુરતનું બંદર.' ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ. ગ્રંથ-6: મુઘલકાલ. (સં.) રસિકલાલ છો. પરીખ, હરિપ્રસાદ ગં. શાસ્ત્રી. અમદાવાદ: શેઠ ભોળાભાઈ જેશિંગભાઇ અધ્યયન-સંશોધન વિદ્યાભવન.


ISBN: 978-81-952708-6-6

# ફૂલછાબનું પત્રકારત્વ સૌરાષ્ટ્રની લડતોમાં

જતીન મોરે (Ph.D. Research Scholar)
ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ
માર્ગદર્શક: ડૉ. કનૈયાલાલ નાયક

**પ્રસ્તાવના**

માહિતીના આજના ઝડપી વિશ્વમાં દૈનિકોનું યોગદાન ખૂબ મહત્વનું છે. ભલે તે લેખિત સ્વરૂપમાં હોય કે ડિજિટલ સ્વરૂપમાં. આપણે આપણા રોજિંદા અખબારોમાં વિશ્વના કોઈપણ ભાગમાંથી નાની કે મોટી માહિતી મેળવીએ છીએ. દૈનિક અખબારોએ વિશ્વની ક્રાંતિમાં આમૂલ પરિવર્તન લાવ્યું છે. પ્રાચીન કાળમાં સમાચાર અખબારો વિના ફેલાયા છે. તે સમયે તેના માધ્યમો અલગ હતા જેમ કે શિલાલેખ, રેકોર્ડ વગેરે.

વર્તમાન પત્રોનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે, વર્તમાન પત્રો ઊંડી સમજ સાથે જીવનનો સૌથી નજીકનો સ્પર્શ આપે છે.

એ જ રીતે 'ફૂલછાબ' દૈનિક તરીકે ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં રાજકીય, શૈક્ષણિક અને સામાજિક પરિવર્તન લાવવામાં નિમિત્ત બની રહ્યું છે.

ફૂલછાબ એ એક દૈનિક છે જેમાં વિવિધ વિષયોનું વૈવિધ્ય જાળવી રાખ્યું છે. આ દૈનિક સૌપ્રથમ 1921માં સૌરાષ્ટ્ર સાપ્તાહિક તરીકે શરૂ થયું હતું. બાદમાં તેનું નામ રોશની રાખવામાં આવ્યું પરંતુ તે લાંબો સમય ટકી શક્યું નહીં. અમૃતલાલ શેઠ અને ઝવેરચંદ મેઘાણીના સંયુક્ત ઉપક્રમે સ્વાતંત્ર્ય સંગ્રામમાં આ દૈનિક ધબકતું હતું.

આઝાદી દરમિયાન અને પછી લોકજાગૃતિ માટે આ દૈનિકનું યોગદાન મહત્વનું રહ્યું છે. આ દૈનિક તેના 101મા વર્ષમાં પ્રવેશ્યું છે. અત્યારે પણ દૈનિકે તેની કાર્યક્ષમતા મુજબ સમગ્ર ગુજરાતમાં જનજાગૃતિનું કામ શરૂ કર્યું છે.

**ફૂલછાબ: ઉદ્દભવ/શરૂઆત**

2 ઓક્ટોબર, 1921ના રોજ મહાત્મા ગાંધીજીના જન્મદિવસ નિમિત્તે સૌરાષ્ટ્રમાં એક અખબાર શરૂ કરવામાં આવ્યું, જેણે કાઠિયાવાડી અખબારોને હચમચાવી નાખ્યા. અખબાર જોરદાર, નિર્ભય, લોકલક્ષી પત્રકારત્વથી ભરેલું હતું. અખબારનું નામ 'સૌરાષ્ટ્ર' હતું. આ સૌરાષ્ટ્ર અખબાર અમૃતલાલ દલપતભાઈ શેઠે શરૂ કર્યું હતું. અમૃતલાલ શેઠે સૌરાષ્ટ્ર અખબાર શરૂ કરીને માત્ર સૌરાષ્ટ્ર-ગુજરાતમાં જ નહીં પરંતુ સમગ્ર દેશમાં પત્રકારત્વમાં નવું સીમાચિહ્ન સ્થાપ્યું.

અમૃતલાલે અખબાર ચલાવવા માટે પોતાની વિચારધારાથી લોકોને ભેગા કર્યા. જેમાં ઝવેરચંદ મેઘાણી, કક્લભાઈ, ગુણવંતરાય આચાર્ય વગેરે અનેક મહાનુભાવો સામેલ થયા હતા. તેમણે નોકરી છોડીને પત્રકારત્વને પોતાનું જીવન બનાવ્યું. ‘સૌરાષ્ટ્ર’ અખબારની ઓફિસનું નામ ‘સૌરાષ્ટ્ર આશ્રમ’ રાખનાર લોકોએ આશ્રમજીવનમાં પત્રકારત્વ ભજવ્યું.

‘સૌરાષ્ટ્ર’ એ ઘણા તોફાનોનો સામનો કર્યો. ઘણા રાજકુમારોની કુટિલતા અચળ રહી. અખબાર સતત વધી રહ્યા હતા ત્યારે ‘સૌરાષ્ટ્ર’ જીવનના 10 વર્ષ પછી અચાનક સમાપ્ત થઈ ગયું. ઓફિસ સીલ કરી દેવામાં આવી અને પત્રકારો જેલમાં ગયા.

કક્લભાઈ કોઠારી છ મહિના પછી જેલમાંથી મુક્ત થયા. પછી તે‘સૌરાષ્ટ્ર’ અખબારના અધૂરા કામને આગળ ધપાવવા ‘ફૂલછાબ’ શરૂ કરવામાં આવ્યું હતું. જ્યારે 'સૌરાષ્ટ્ર'ને બદલે 'ફૂલછાબ' પ્રકાશિત કરવાનું નક્કી થયું ત્યારે તેને રાજકીય સ્વરૂપને બદલે સાહિત્યિક તેમજ સાંસ્કૃતિક સ્વરૂપ આપવાનું નક્કી થયું. 1932માં ફૂલછાબનો ઉદ્દભવ કક્લભાઈ કોઠારી અને ગુણવંતરાય આચાર્યએ કર્યો હતો.


**ISBN: 978-81-952708-6-6**

ફૂલછાબનું પ્રથમ પ્રકાશન 6 ફેબ્રુઆરી, 1932ના રોજ થયું હતું. 1932ના છેલ્લા મહિનામાં બ્રિટિશ સરકારે પણ ફૂલછાબ પર પ્રતિબંધ મૂક્યો હતો. તેમાંથી રોશનીનો જન્મ થયો.

**<u>ફરી શરૂ થયુ ફૂલછાબ</u>**

1936માં સંજોગો એવા હતા કે મેઘાણીભાઈએ મુંબઈ છોડીને રાણપુર પાછા ફરવું પડ્યું અને ફૂલછાબનું સંચાલન સંભાળ્યું. મુંબઈ છોડવાની અનિચ્છા હોવા છતાં, મેઘાણીભાઈએ 'ફૂલછાબ' કઈ પરિસ્થિતિમાં મૂકી તે જાણીને થોડા સમય માટે અને નામ ન આપવાની શરતે 'ફૂલછાબ'ની જવાબદારી લીધી. સક્રિય પત્રકારત્વમાં પાછા ફરવાની અનિચ્છાને કારણે નાથાભાઈનું નામ તંત્રી તરીકે ચાલુ રહ્યું. ભીમજીભાઈ સુશીલ મેઘાણીભાઈને મદદ કરવા રાણપુર આવ્યા અને લગભગ સાડા ત્રણ વર્ષ તેમની સાથે રહ્યા. સંસ્થાના મુશ્કેલ સમયમાં મેઘાણીભાઈને મદદ કરવા ઉપરાંત તેમનો સ્વભાવ સાચવવાનું કામ પણ 'સુશીલ' કરી શક્યા. ભાવનગરના આગેવાન જગુભાઈ પરીખ કે જેઓ પાછળથી સૌરાષ્ટ્ર સરકારના નાણામંત્રી બનેલા. તમણે મેઘાણીભાઈને તેમના કામમાં રાહત મળે તે માટે રાષ્ટ્રીય ચળવળ વિશે, બાપાલાલ દોશીના વેપાર વિભાગ અને સૌરાષ્ટ્રના ગૃહમંત્રી અને મુખ્યમંત્રી પદ સફળતાપૂર્વક પાર પાડનાર રસીકભાઈ પરીખ આંતરરાષ્ટ્રીય ઘટનાઓ અંગે દર અઠવાડિયે ફૂલછાબમાં લેખો લખતા. આઝાદી પછી લેખો લખવાનું આ વિભાગોનું કામ 1938 સુધી પ્રકાશિત થયુ હતું.

કક્કલભાઈ સાથેના ઝઘડા બાદ 'ફૂલછાબ'ના તંત્રી તરીકે મેઘાણીભાઈનું નામ ઉમેરાયું હતું. મેઘાણીભાઈએ 1936ના અંતમાં પત્રકારત્વના મૂળભૂત માપદંડોની રૂપરેખા આપી હતી. કવર પર 'ફૂલછાબ'ના નવા ક્લીવરને મેઘાણીભાઈએ તેમના પ્રખ્યાત ભજનો સાથે આવકાર્યા...

**નવાં કલેવર ધરો હંસલા ! નવાં કલેવર ધરો. ભગવી કંથા ગઈ ગંધાઈ, સાફ ચરિયાં ધરો,**
**મોતી તણો તેં ચારો માની, ચણિયાં વિખનાં ફળો,**
**કણ સાટે છો ચુગો કાંકી, કૂડનાં બી નવ ચરો. હંસલા ! નવાં કલેવર ધો.**
**રાત પડી તેને પરોડ સમજી, ભ્રમિત બા'ર નીસર્યો,**
**હવે હિંમતમાં રહો જી રૂદિયા ! અનહદમાં સંચરો, હંસલા ! નવાં કલેવર ધરો.**

**<u>ફૂલછાબનું પત્રકારત્વ</u>**

'ફૂલછાબ'ના સંઘર્ષગ્રસ્ત મૂળ પર એક નજર નાખી. તેમણે કરેલા પત્રકારત્વને કારણે આજે પણ તેઓ અડીખમ ઉભુ છે. તેમની કેટલીક કાર્યો/પત્રકારત્વ નીચે મુજબ હતા.

**<u>હરિપુરા કોંગ્રેસ અધિવેશન</u>**

આજે સુરત નજીક તાપી નદીના કિનારે વસેલું નાનકડું હરિપુરા ગામ તેના ઔદ્યોગિકીકરણના ભાગરૂપે વિસ્તર્યું છે, પરંતુ સાડા સાત દાયકા પહેલાં હરિપુરા એ તત્કાલિન ગુજરાતનું શાંત, નમ્ર અને સંસ્કારી ગામ ગણાતું હતું. હરિપુરામાં સુભાષચંદ્ર બોઝના પ્રમુખપદે કોંગ્રેસનું 31મું અધિવેશન 19, 20 અને 21 ફેબ્રુઆરીએ ત્રણ દિવસ માટે યોજાયું હતું. ગુજરાતમાં કોંગ્રેસનું પ્રથમ અધિવેશન (સામાન્ય સભા) અમદાવાદમાં યોજાયું હતું. તે 1920માં સુરેન્દ્રનાથ બેનર્જીના પ્રમુખપદે યોજાઈ હતી. બીજું સત્ર પણ અમદાવાદમાં યોજાયું હતું. 1921માં હકીમ અજમલખાન પ્રમુખપદે તરીકે ચૂંટાયા. અમદાવાદની વાડીલાલ સારાભાઈ હોસ્પિટલમાં આ સંમેલન યોજાયું હતું. સત્તર વર્ષ બાદ ગુજરાતે કોંગ્રેસના ત્રીજા અધિવેશનનું આયોજન કર્યું હતું. હરિપુરામાં કોંગ્રેસના સંમેલનનું સ્થળ સરદાર વલ્લભભાઈના મોટા ભાઈ વિઠ્ઠલભાઈના નામ પરથી 'વિઠ્ઠલનગર' નામ આપવામાં આવ્યું છે.

સંમેલનની સફળતા માટે કાર્યકરો અને આગેવાનોએ સમગ્ર ગુજરાતમાં પ્રવાસ કર્યો હતો. કોંગ્રેસના અધિવેશનના અધ્યક્ષ તરીકે માત્ર 40 વર્ષીય સુભાષબાબુની નિમણૂક કરવામાં આવી હતી. 51મા સત્રને અનુરૂપ 51 કમાનો અને 51 દરવાજા ઉભા કરવામાં આવ્યા હતા. વાસંદાના રાજવીએ તેમનો કલાત્મક રથ

 **ISBN: 978-81-952708-6-6**

પ્રમુખ સુભાષચંદ્રને આપ્યો. તેણે 51 બળદ ખેંચવાના હતા. કોંગ્રેસના 51મા અધિવેશનને સફળ બનાવવા અને આ પ્રસંગે દેશભરમાંથી આવનારા લોકોને આવકારવા ગુજરાતમાં સ્વયંભૂ ઉત્સાહનું મોજું ફરી વળ્યું હતું.

'ફૂલછાબ' પણ અપવાદ ન હતુ. 1937નાં નવેમ્બરથી, દરેક અંકમાં સંમેલનની તૈયારીઓ વિશે ચિત્ર અહેવાલ અને સમાચાર હતા. જાન્યુઆરી 1938 ના છેલ્લા અંકમાં, અધિવેશનના જુદા જુદા ફોટા પ્રથમ પૃષ્ઠ પર પ્રકાશિત કરવામાં આવ્યા હતા, જેણે લોકોમાં રસ જગાડ્યો હતો.

4 ફેબ્રુઆરી, 1938ના તંત્રીલેખમાં, મેઘાણીભાઈ લખે છે: નંદબાબુ અને રવિશંકર રાવળ, કનુ દેસાઈ અને અન્ય નાના ગુજરાતી કલાકારોએ આપણી માનસિક વિકૃતિને જોરદાર આંચકો આપ્યો છે, જે કળતરહીન, કદરૂપું માંડવા અને વિદેશી લહેરિયું પાંદડાઓના છાપરાથી ટેવાયેલા છે. ગુજરાત વાંસનું વન છે, વાંસ જેમાંથી કૃષ્ણનું જગમુગ્ધક વેણુ બન્યું. વાંસ-ગરીબ સાહસોની કારીગરીની અમૂલ્ય વસ્તુ. તેને તાપીના પાણી પર સવારી પર લઈ જઈને આ નગર નિર્માતાઓએ નગરને અદ્ભુત સુંદરતાથી શણગાર્યું છે. નગરના એકાવન દરવાજા વાંસની તોરણોથી શણગારેલા છે. ત્રણ-ચાર લાખની સંખ્યામાં હરિપુરાના યાત્રિકો ટેવાયેલા છે. "

વિઠ્ઠલભાઈ પટેલની 17 ફૂટ ઊંચી પ્રતિમા ભારતના શ્રેષ્ઠ શિલ્પકારોમાંના એક વિનાયક કરમરકર દ્વારા સંમેલન માટે બનાવવામાં આવી હતી, જે તત્કાલીન હિંદમાં અભૂતપૂર્વ ઘટના હતી.

'ફૂલછાબ'ના 19 ફેબ્રુઆરીના અંકનું કવર રંગમાં છે. સંમેલનના અહેવાલો બળવંતરાય મહેતા, રતુભાઈ કોઠારી, રતુભાઈ અદાણી અને વજુભાઈ શાહએ 'ફૂલછાબ'માં મોકલવામાં આવ્યા હતા અને વડોદરાના રણછોડ ગોરડિયા અને રામપ્રસાદ વ્યાસે મોકલેલા ફોટા. ગાંધીજીએ 12મી ફેબ્રુઆરીના રોજ ખાદી-ગ્રામ્ય ઉદ્યોગ પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું હતું. સરદાર વલ્લભભાઈએ એક મહિના સુધી હરિપુરામાં પડાવ નાખ્યો.

સામાન્ય સભાનું ત્રણ દિવસીય સત્ર 19મીથી શરૂ થયું હતું. સરોજિની નાયડુએ ગાયેલું રાષ્ટ્રગીત વાતાવરણને દેશભક્તિથી ભરી દેતું હતું. સુભાષચંદ્રએ ધ્વજને સલામી આપી સત્રને ઔપચારિક રીતે ખુલ્લો મુક્યો હતો. સ્વાગતાધ્યક્ષ દરબાર ગોપાલદાસે વક્તવ્ય આપ્યું હતું જેમાં તેમણે ગુજરાતના ઈતિહાસ, સંસ્કૃતિ અને આતિથ્યને આવરી લીધું હતું. તેમણે કોંગ્રેસની ભવ્ય પરંપરાઓને યાદ કરી અને આશા વ્યક્ત કરી કે ૫1મું સત્ર પાર્ટીના ઈતિહાસમાં અવિસ્મરણીય બની રહેશે.

કોંગ્રેસના પ્રમુખ તરીકે સુભાષચંદ્રએ ગરીબી, વસ્તી વૃદ્ધિ, ભાષા જેવા મહત્વના રાષ્ટ્રીય મુદ્દાઓ પર વિસ્તૃત ભાષણ આપ્યું હતું. તેમણે કહ્યું: "લોકોને તેમની આજીવિકા મેળવવા માટે મોટી ફેક્ટરીઓની જરૂર છે, પરંતુ ભારતના મોટાભાગના લોકો ગામડાઓમાં રહે છે, તેથી ગામડાઓ રાખવા જોઈએ." જમીનદારોના હાથમાં જમીનની વહેંચણી થયા પછી સૌરાષ્ટ્ર સિવાય એક માત્ર રાજ્ય અને અન્ય કોઈ રાજ્યમાં બારાલખીદારી નાબૂદીનો કાયદો બન્યો નથી!

ભારતમાં ઘણી બધી ભાષાઓ બોલાય છે, તે બધીને જોડતી એક જોડતી ભાષા હોવી જોઈએ. સુભાષબાબુએ સૂચન કર્યું કે દરેક ભારતીયે હિન્દી જાણવા માટે પ્રયત્નો કરવા જોઈએ. તેમના ભાષણમાં, તેમણે વસ્તી વૃદ્ધિને રોકવા અને જાતિ-થી-જાતિના ભેદભાવને નાબૂદ કરવા માટે આહ્વાન કર્યું જે સામાજિક જીવનને અધોગતિ કરે છે. તેમના ભાષણનું શીર્ષક હતું: "આ પડકારનો સામનો કરવો છે: સંગઠિત થવું."

**ધરતીકંપમાં ફૂલછાબ**

1938ના જુલાઇ માસમાં બોટાદ નજીકના પાળીયાદ ગામમાં ભૂકંપ આવ્યો હતો અને અનેક મકાનો ધરાશાયી થયા હતા. કેટલાકમાં તિરાડો પડી હતી. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. શખ્સો નાસી ગયા હતા. ગરીબો અને વંચિતો ક્યાં જાય? ફૂલછાબનો હેતુ રજવાડાઓને નાબૂદ કરવાનો હતો, તેથી

 ISBN: 978-81-952708-6-6

ફૂલછાબના કાર્યકરો ગામડે-ગામડે પ્રચાર કરતા હતા જેથી ગીરાસદારીના લોકોને રજવાડા હેઠળ ન મૂકવામાં આવે. પાળીયાદની આજુબાજુના ગામડાઓમાં પણ મકાનો પડી ગયા, ક્યાંક ને ક્યાંક પડવાનું ચાલુ રહ્યું અને આજુબાજુના ગામોની દુકાનો તુટી ગઈ. આ ભૂકંપ સતત ત્રણ મહિના સુધી ચાલ્યો હતો. લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. માલની અછતને કારણે ભાવમાં વધારો થયો છે.

તેથી, કાઠિયાવાડ સેવા સમિતિના ઉપક્રમે ફૂલછાબેએ પાળીયાદની જમીન પર સસ્તા અનાજ, વાંસ અને ભૂસું આપવા માટે ઝૂંપડા બાંધ્યા. વેપારીઓ અમારી વિરુદ્ધ થઈ ગયા. ફૂલછાબના કાર્યકરોમાં રતુભાઈ અદાણી, ભીખુભાઈ ધ્રુવ, નિરંજન વર્મા, ગુલાબભાઈ શાહ, મનુભાઈ બક્ષી વગેરેએ ધરતીકંપ અને લોકજીવનનો નવો અનુભવ થયો હતો. લોકોના હાસ્યના પડઘા કાગળ પર ચિત્રિત કરીને 1938 સપ્ટેમ્બરની એક રાતે 'ફૂલછાબ'નું સરનામું પોસ્ટમાં મૂક્યું. પાંચ-સાત દિવસ ફર્યા પછી એક ગામમાં 'ફૂલછાબ' મળ્યું. ધરતીકંપનાં અહેવાલો 'ફૂલછાબ'ના પાના પર બેઠા હતા. 'ફૂલછાબ'ના તંત્રીએ એ પ્રસંગોનો પાયો નાખ્યો: "તમે જ્યાં હો ત્યાંથી આવા અનેક પ્રસંગો મોકલો." કહેવાની જરૂર નથી કે તંત્રી ઝવેરચંદ મેઘાણી હતા.

દર અઠવાડિયે લોકોની ભાષામાં લખાતા અનુભવોએ વાચકોમાં રસ જગાવ્યો. પાળીયાદનું મેદાન સામાન્ય રીતે વહેલી સવારે ગર્જના કરે છે. પરંતુ જ્યાંથી આંચકાઓ શરૂ થયા હતા ત્યાંથી પક્ષીઓ જોર જોરથી ચીસો પાડી રહ્યા હતા. ફૂલછાબના કાર્યકરો દિવસ દરમિયાન ગામડાઓમાં ફરતા હતા, જરૂરિયાતમંદોને મદદ કરતા હતા અને રાત્રે જ્યારે કોઈ ભક્ત તેમની નજીક આવતા હતા ત્યારે સ્તોત્રો ગાતા હતા. પોલીસબેડાના ઐયર જમાદારના ઓટલા પર બેઠેલા એક વૃદ્ધ દરજી ભગતે ખૂબ જ સરસ ગીતો ગાયા. આય જમાદારનો અવાજ મોર જેવો હતો અને દરજી ભગતનો ભાવ દાસીના જીવના ખંજર જેવો તીક્ષ્ણ હતો.

ફૂલછાબના કાર્યકર્તાઓએ લોકભાષામાં લખેલા પ્રસંગો અને અનુભવો નિયમિતપણે 'ફૂલછાબ'માં છપાતા હતા. જે સંદર્ભમાં ફૂલછાબનું લેખન શરૂ થયું, જે મેઘાણીએ વરસાવ્યું અને વહેતું રાખ્યું તે સંદર્ભની ઉત્પત્તિ વિશે નીચેનો લેખ છે.

મિત્રો, છેલ્લી તારીખ. 6ઠ્ઠીથી અહીં ફરીથી ભૂકંપના આંચકા આવવા લાગ્યા. આ આંચકાથી ગામમાં ભય ફેલાયો હતો. ગામના લોકો કહે છે કે 'વેપારીઓ ગામમાં પાછા આવવા લાગ્યા એટલે ફરી અવાજ શરૂ થયો. શરૂઆતમાં ઘોંઘાટ થયો અને વેપારીઓ તેમનો માલ લઈને ચાલ્યા ગયા. હવે શાંતિ છે એમ માની તેઓ ફરી આવવા લાગ્યા.'

ઉપરોક્ત રીતે ફૂલછાબના કાર્યકરોએ સમયાંતરે ધરતીકંપની માહિતી ફૂલછાબને પહોંચાડતા હતા, ફૂલછાબમાં એ છપાતા તેના લીધે સમગ્ર ગુજરાત અને ભારતના મોટાભાગના વિસ્તારોમાં પાળીયાદના ધરતીકંપ અને ફુલછાબની કામગીરી વિશે લોકો જાણતા થયા.

**ફૂલછાબ અને રાજકોટની લડત**

ઈ.સ. 1930માં ઠાકોરસાહેબ લાખાજીરાજના અવસાન પછી ધર્મેન્દ્રસિંહજી ગાદી પર આવ્યા. તેમના એક દાયકાના શાસન દરમિયાન, ચુનીલાલ શ્રોફ, સર પેટ્રિક કેડેલ, એમ. એન. અંકલેરીયા અને દરબાર વીરાવાલા રાજકોટના દિવાન તરીકે રહ્યા, પરંતુ મોટાભાગે દરબાર વીરાવાલા દિવાન હતા. 1935થી રાજકોટ રાજ્યની આર્થિક સ્થિતિ કથળવા લાગી. રાજ્યની ઉપજ વધારવા માટે દિવાસળી, ખાંડ, બરફ, સિનેમા વગેરેનો ઈજારો આપવામાં આવ્યો. ઈજારાશાહીના કારણે મોંઘવારી ઉંચી હતી. તેમાંથી રાજકોટમાં કાર્નિવલ આવ્યો, જે એક પ્રકારનો સુધારેલ જુગાર છે. રાજકોટ રાજ્ય તેમાંથી કમાણી કરશે તે લાલચથી કાર્નિવલને પ્રોત્સાહન મળ્યું. રાજકોટમાં આગેવાનોએ 1938ની 15મી ઓગસ્ટથી કાર્નિવલ સમાપ્ત કરવા આંદોલન શરૂ કર્યું હતું. દીવાન વીરાવાલાને આ ગમ્યું નહીં. આંદોલન દરમિયાન સાંગણવા ચોક ખાતે રેલી

 **ISBN: 978-81-952708-6-6**

દરમિયાન રાજકોટ રાજ્ય પોલીસ દ્વારા જ્યંતિભાઈ માલધારી અને અન્ય એક યુવકની નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી.

ઘટનાના વિરોધમાં ત્રીજા દિવસે નગરજનોએ સરઘસ અને જાહેર સભાનું આયોજન કર્યું હતું. ઢેબરભાઈ, જેઠાલાલભાઈ જોષી વગેરેની આગેવાનીમાં સરઘસ એજન્સીની હદમાંથી રાજકોટ રાજ્યમાં પ્રવેશ્યું હતું, જેથી પોલીસે કોઈ પણ જાતની પૂર્વ ચેતવણી વિના સરઘસ તોડી નાખ્યું હતું. ઢેબરભાઈ સહિત સરઘસમાં સામેલ અનેક લોકો ઘાયલ થયા હતા. આ પગલા સામે આક્રોશ વ્યક્ત કરવા રાજકોટમાં હડતાળનું એલાન આપવામાં આવ્યું હતું. ઘોડાગાડીઓ પણ હડતાળમાં જોડાયા હતા. રાજકોટ ખાતેની કાપડ મિલ રાજ્યની માલિકીની હતી. જો તેના કામદારો હડતાળમાં જોડાય તો રાજ્ય એક દિવસનું વેતન કાપે છે. મિલ કામદારોએ વિરોધ કરવા માટે કામ ચાલુ રાખ્યું, પરંતુ આખો દિવસ ઉપવાસ કર્યા.

રાજકોટની લડાઈ જે શરૂઆતમાં શહેર પુરતી મર્યાદિત હતી તે 1938મી ઓક્ટોબરથી સમગ્ર રાજકોટ રાજ્યમાં ફેલાઈ ગઈ હતી. પાળીયાદના ભૂકંપમાં રાહત સામગ્રી આપવાનું ફૂલછાબના કાર્યકરોનું કામ પૂર્ણ થતાં નવેમ્બરમાં ફૂલછાબના કાર્યકરો સત્યાગ્રહમાં જોડાવા રાજકોટ આવ્યા હતા. દીવાન વીરાવાલાના તંત્રએ લોકો અને ખેડૂતોમાં આતંક ફેલાવવા માટે જહાંગીરીનો જુલમ છોડ્યો છે. ગામડે ગામડે નહીં, પણ ખેતરથી ખેતર સુધી રાજ્ય પ્રત્યેની વફાદારીની નોટિસો આપવામાં આવી. જેઓ તેના પર સહી નથી કરતા તેમના જીવન અને સંપત્તિ સુરક્ષિત નથી.

વર્ષોથી રાજકોટની ધરતી પર જમનાલાલ બજાજ સરહદ ગાંધી, બારડોલીથી સરદારસાહેબ અને છેલ્લે ગાંધીજી કોણ ઉતર્યું નથી? એક તરફ રાજાઓ અને એજન્સી અને બીજી તરફ સમગ્ર સૌરાષ્ટ્રની પ્રજા એક થઈ ગઈ હતી. ફૂલછાબનાં કાર્યકરો જવાબદારી સાથે શહેર અને ગામડાઓમાં ફર્યા. દર અઠવાડિયે સત્યાગ્રહના અનુભવો અને અહેવાલો લખીને 'ફૂલછાબ'ને મોકલવામાં આવતા અને મેઘાણીભાઈ 'ફૂલછાબ'માં સજાવટ કરી છાપતા. ફૂલછાબનાં કાર્યકરોએ મોકલેલા અહેવાલો પરથી એક ફૂલછાબનાં કાર્યકરોએ પાછળથી 'રાજકોટ' નામની પુસ્તિકા લખી.

રાજકોટ સત્યાગ્રહ છ મહિના સુધી ચાલ્યો. જબલપુર નજીક ત્રિપુરીમાં યોજાનાર કોંગ્રેસનું 1939મું અધિવેશન પણ સત્યાગ્રહને કારણે સ્થગિત કરવું પડ્યું હતું. આ લડાઈમાં ઘણા ઉતાર-ચઢાવ આવ્યા છે. કરારો પડ્યા અને તેનું અવલોકન થયું ન હતું. વચનો આપ્યા અને વચનો તોડ્યા. દેશી રાજ્યો તેમજ અંગ્રેજ શાસન સામે સત્યાગ્રહની લડાઈ ગુજરાત સહિત સમગ્ર દેશમાં સફળ રહી. પરંતુ ગાંધીજી અને સરદારસાહેબ જેવું મજબૂત નેતૃત્વ હોવા છતાં, કાઠિયાવાડ અને અમુક અંશે પશ્ચિમ ભારતના શાસકોની કુટિલતા અને બ્રિટિશ સરકારના કાવાદાવા સામેના રાજકોટ સત્યાગ્રહની નિષ્ફળતા, રાષ્ટ્રીય ખ્યાતિ છતાં સ્વીકારવી પડે છે.

**વલભીપુરની લોકલડતમાં ફૂલછાબ**

ભવ્ય ભૂતકાળ ધરાવતું વલભીપુર કાઠિયાવાડ એ સમયે ત્રીજા કે ચોથા વર્ગનું રાજ્ય હતું. વલાથી થોડે દૂર આવેલા રાણપુર, ધોલેરા, ધંધુકામાં 1930 થી 1934 સત્યાગ્રહ કરી રહ્યા હતા. વલાણા ઠાકોરસાહેબે કેટલાક કારણોસર તેમના રાજ્યમાં સભાઓ, દરોડા, પાંચ માણસો ભેગા થવા પર પ્રતિબંધ જેવા કડક નિયમો લાદ્યા. પ્રેમચંદભાઈ શાહની આગેવાની હેઠળ વલાના લોકોએ આવા અન્યાયી નિયંત્રણોનો પ્રતિકાર કર્યો. રાજ્ય લોકોના સામૂહિક સંઘર્ષનો સામનો કરી શક્યું નહીં અને અન્યાયી કાયદાઓ પાછા ખેંચવા પડ્યા.

નાગરિક અધિકાર માટેની આ લડાઈથી ખેડૂત આંદોલન પણ શરૂ થયું. વલભીપુર રાજ્યના ખેડૂતોએ અન્યાયી કરવેરા, લગા, સદાવ્રત કર, ઘોડા સંવર્ધન કર, પાક દીઠ આવકની આકારણી જેવા મનસ્વી કાયદાઓ દૂર કરવા માટે જબરદસ્ત તાકાત, એકતા અને જુસ્સો દર્શાવ્યો હતો. આંદોલન દરમિયાન બેચરભાઈ નામના ખેડૂતની હત્યા કરવામાં આવી હતી. આ ઘટનાથી રોષે ભરાયેલા વલભીપુરના


**ISBN: 978-81-952708-6-6**

ગ્રામજનોએ દરબારગઢનો ઘેરાવ કર્યો હતો. સ્થિતિ વણસી જતાં પોલિટિકલ એજન્ટો તપાસ કરવા આવ્યા હતા. ઠાકોરસાહેબને બે વર્ષ વલભીપુર છોડીને રાજકોટમાં એજન્સીની નજર હેઠળ રહેવું પડ્યું. કાઠિયાવાડ પોલિટિકલ કાઉન્સિલે બેચરભાઈના અકાળે મૃત્યુ અંગે તપાસ સમિતિની રચના કરી હતી. દિવસો સુધી સમિતિએ પુરાવા એકઠા કર્યા, સાક્ષીઓની તપાસ કરી, દસ્તાવેજો જોયા અને પ્રથમ દૃષ્ટિએ જાહેર કર્યું કે સમગ્ર ઘટનામાં રાજ્ય સામેલ છે.

'ફૂલછાબે' એ વલભીપુરની લડતને ઉપાડી લીધી. પાંચ મહિના સુધી ફૂલછાબે સાપ્તાહિક દ્વારા લડતમાં જુસ્સો ઉમેરેયો. આજે આશ્ચર્યની વાત એ છે, સૌરાષ્ટ્રમાં રમાતી તમામ સ્થાનિક રમતોના અહેવાલો પહેલા 'સૌરાષ્ટ્ર' અને પછી 'ફૂલછાબ' ચિત્રો સાથે પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા. પ્રશ્ન એ છે કે બ્રિટિશ સરકાર તેમજ દેશી રાજ્યો સામે જે વિશાળ જનમત સંગ્રહ થઈ શક્યો હોત તે સૌરાષ્ટ્ર અને ફૂલછાબ ન હોત, જેમણે કાઠિયાવાડના સત્યાગ્રહો અને સત્યાગ્રહીઓને બિરદાવ્યા હોત. આ બે પત્રોની અમૂલ્ય સેવાની નોંધ લીધા વિના દેશના અને ખાસ કરીને ગુજરાતના સ્વાતંત્ર્ય સંગ્રામનો ઈતિહાસ અધૂરો છે.

વલભીપુરના યુદ્ધ અને ખેડૂત બેચરભાઈના મૃત્યુ નિમિત્તે 'ફૂલછાબે'એ વિશેષ ઉમેરો કર્યો. આટલા વર્ષો પછી પણ વલભીપુરના દરબારગઢની આજુબાજુ ગાડાં અને ફરતા બાળકો સાથે બેઠેલા ખેડૂતોની તસવીરો રોમાંચક છે. લોકજાગૃતિ કેળવવાની સાથે સાહિત્યિક પાસું પણ ભૂલાયું નથી. મનસુખલાલ ઝવેરી અને ઉમાશંકર જોશી તેમાં સાહિત્યિક વિવેચન લખતા. ઉમાશંકર જોશી દર અઠવાડિયે પુસ્તકની સમીક્ષાઓ લખતા અને વાચકોને રાજ્યમાં થતી સાહિત્યિક પ્રવૃત્તિઓથી પરિચિત કરાવતા. તે સમયે (1938માં) ઓલ ઈન્ડિયા રેડિયોના મુંબઈ, લાહોર, કરાચી, મદ્રાસ, કલકત્તામાં માત્ર મુઠ્ઠીભર સ્ટેશનો હતા. મુંબઈ હેડક્વાર્ટરથી પ્રસારિત થતા કાર્યક્રમોની સાપ્તાહિક નોંધ 'ફૂલછાબ'માં હતી. મુંબઈ સ્ટેશનના તત્કાલીન કેન્દ્ર નિર્દેશક અને તેમના તેજસ્વી અવાજને કારણે બોમ્બેખાનનું ઉપનામ Z.A. બુખારીએ 'ફૂલછાબ'ની સેવાને બિરદાવી હતી અને વધુમાં વધુ શ્રોતાઓને ઓલ ઈન્ડિયા રેડિયો સાંભળવા અને તેમના સૂચનો મોકલવા અપીલ કરી હતી. દર અઠવાડિયે દિલીપ કોઠારી યુરોપના સામાજિક, રાજકીય અને સાહિત્યિક પ્રવાહો વિશે લખે છે. પાછળથી તેઓ કલા અને નૃત્ય વિવેચક તરીકે પ્રખ્યાત થયા. પ્રાણશંકર સોમેશ્વર જોશી અને ત્યાંના એક વાચક સમયાંતરે 'ફૂલછાબ'માં દક્ષિણ આફ્રિકાના પ્રવાહો વિશે લખતા. કાઠિયાવાડના મૂળ રાજ્યો 'ફૂલછાબ' દ્વારા ત્યાં રહેવા આવેલા લોકોને આકર્ષક ઑફર્સ આપતા હતા. ટૂંકમાં, 'ફૂલછાબ'થી જીવનનું કોઈ પાસું અસ્પૃશ્ય નહોતું.

**સંદર્ભ સૂચિ ગ્રંથ**

૧. માર્શલ, ડૉ.રતન રુસ્તમજી, ગુજરાતી પત્રકારત્વનો ઇતિહાસ, ગાંડીવ મુદ્રણાલય, હવાડિયા ચકલો, સુરત, ૧૯૫૦.

૨. મહેતા લાભુબેન, મારા જીકાકા મારુ રાણપુર, અભિનવભારતી પ્રકાશન, મુંબઈ, ૧૯૭૯.

3. Desai Neera, Social change in Gujarat, vora and co. Publisher, Bombay, 1978.

૪. 'ફૂલછાબ' પ્લેટિનમ જન્મ જયંતી વિશેષાંક, ફૂલછાબ, સૌરાષ્ટ્ર મુદ્રણાલય, રાજકોટ, ૧૯૯૬.

૫. પરમાર જયમલ, 'મરદ મેઘાણી' લેખ

૬. હિરાણી યશવંત, ફૂલછાબ ગાથા મેઘાણી થી સંઘાણી, રાજદીપ પ્રિન્ટેડ, રાજકો,ટ ૨૦૦૨

૭. દવે રાજુલ(સંકલન), ફૂલછાબ કુળ અને મૂળ, સૌરાષ્ટ ટ્રસ્ટ, ફૂલછાબ ચોક, રાજકોટ, ૨૦૧૯

૮. ફૂલછાબ જન્મદિન અને દિપાવલી પૂર્તિઓ.

 **ISBN: 978-81-952708-6-6**

## અમદાવાદના મજૂર આંદોલનો : એક ઐતિહાસિક અભ્યાસ

**ફાલ્ગુની રમેશભાઈ વણકર (એમ.એ, બી.એડ)**
**પી.એચડી સ્કોલર, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી**
Email : falguni.vankar58@gmail.com

**પ્રસ્તાવના :**

આધુનિક ભારતના ઈતિહાસમાં ઔદ્યોગિકરણની પ્રક્રિયા ૧૮મી-૧૯મી સદીથી શરૂ થાય છે. ભારતમાં ઔદ્યોગિક ક્ષેત્રે ખૂબજ વધારો થયો છે. જેમાં ગુજરાત ઓદ્યોગિક ક્ષેત્રે ખૂબ જ વિકાસ પામ્યું છે. ઔદ્યોગિક ક્ષેત્રોની સાથે કારીગરો, ખેડૂતો અને મજૂરો સંકળાયેલાં છે. પરંપરાગત પધ્ધતિ અને હસ્તઉદ્યોગ ક્ષેત્રે બ્રિટિશકાળ દરમિયાન મોટાં ફેરફારો થાય છે. ગૃહઉદ્યોગનું સ્થાન હવે ઉદ્યોગો લેવા લાગ્યા. અને કારખાંનાઓની ક્રમિકપણે શરૂઆત થવા માંડી. આ સાથે આર્થિકક્ષેત્રે ઘણાં બદલાવો આવ્યા. કારખાંના પધ્ધતિએ નવીન વર્ગો અને નવીન સમસ્યાઓનું સર્જન કર્યું. એક તરફ મિલમાલિકો અને બીજી બાજુ મજૂર વર્ગનું સર્જન થયું. જ્યારે મિલમજૂરોની વાત કરીએ એટલે સમગ્ર મિલ ઉદ્યોગોનું ચલચિત્ર આંખ આગળથી પસાર થવા માંડે છે. ભારતમાં વિવિધ ક્ષેત્રે ઉદ્યોગોની સ્થાપના થઇ હતી. ભારતમાં કાપડ ઉદ્યોગનો પાયો નાખનાર પારસી પ્રયોજક કાવસજી દાવર હતાં. તેમણે મુંબઇમાં ઇ.સ.૧૮૫૪માં ધી બોમ્બે સ્પીનીંગ એન્ડ વીવીંગ મિલ કંપનીની સ્થાપના દ્વારા ભારતમાં મિલ ઉદ્યોગનો પાયો નાંખ્યો.જ્યારે ગુજરાતમાં મિલ સ્થાપવાની શરૂઆત ઇ.સ. ૧૮૫૧માં ભરૂચમાં જેમ્સ લેન્ડન નામના વેપારીએ કરી હતી પરંતુ આ પ્રયત્ન નિષ્ફળ રહ્યો હતો. સાચા અર્થમાં ગુજરાતના અમદાવાદમાં રણછોડલાલ છોટાલાલ રેંટીયાવાળાએ ઇ.સ.૧૮૬૧માં ધી અમદાવાદ સ્પીનીંગ એન્ડ વીવિંગ મીલ નામની સૌ પ્રથમ કાપડ મિલની સ્થાપના કરી. આમ મિલ ઉદ્યોગનો વિકાસ થવા પામ્યો હતો. જેના કારણે અમદાવાદ ભારતનું માન્ચેસ્ટર તરીકે પંકાયું.અમદાવાદની સમગ્ર વસ્તી મિલઉદ્યોગ પર નભતી હતી. એ વખતનાં જાણીતાં કવિ અવિનાશ વ્યાસે અમદાવાદનાં મિલઉદ્યોગ ઉપર એક ગીત લખ્યું, ત્યારે નીચેની પંકિતઓ કાનમાં હજી ગુંજે છે,

“અમદાવાદના જીવનનો સુણજો ઈતિહાસ ટચૂકડો
જયાં પહેલા બોલે મિલનું ભૂંગળું અને પછી પુકારે કૂકડો”

ત્યારપછીની પંકિતઓમાં લખેલું કે,

“મિલમજૂરોની મજૂરી પર શહેર તણી આબાદી”

આમ,ખરેખર મિલઉદ્યોગના વિકાસમાં મજૂરોનું મહત્વનું યોગદાન રહેલું છે.

**મિલમજૂર આંદોલનની શરૂઆત**

મિલમજૂર આંદોલનએ ઓદ્યોગિક ક્રાંતિની દેન છે. માલિક અને મજૂરો વચ્ચેના પ્રશ્નો સર્વ ઉદ્યોગોમાં સતત પ્રવર્તતા જ રહે છે. આ પ્રશ્નો અંગે મતભેદો ઊભા થતાં પરસ્પર અથડામણ, મજૂરોની હડતાલો અને માલિકોનાં કારખાનાંઓને તાળાબંધી થાય છે. આમ, ઔદ્યોગિક વાતાવરણ ડોહળાય છે. ઓદ્યોગિક અશાંતિમાંથી પ્રગટતા આંદોલનોએ સર્જેલી પાયમાલીના અનેક ઉદાહરણ ભારત અને દુનિયામાં ઓદ્યોગિક ઇતિહાસમાંથી મળી રહે છે. મૂડીવાદી સમાજરચનામાં મજૂરોનું સ્થાન પણ જડયંત્રોનાં જેવું રહ્યું. માનવ તરીકે તેની ગણના થતી ન હતી. તેઓએ તેમની આર્થિક અને કામગીરીની સ્થિતિ સુધારવા ભેગા મળીને-સંપ કરીને માલિકો સામે લડત ચલાવવાનું શરૂ કર્યુ અને તે માટે હડતાલનો હક આગળ કર્યો. મૂડીવાદીઓના વર્ચસ્વવાળા સરકારે તેમના આ પ્રકારના વર્તાવને કાવતરું ગણ્યું અને તેને ગેરકાયદે જાહેર કરાવ્યું. આ મજૂર ચળવળની શરૂઆત અમદાવાદમાં ઇ.સ.૧૯૧૭ના ડિસેમ્બરમાં થઈ, પરંતુ તે પહેલા લગભગ ઇ.સ.૧૮૯૩ થી ૧૯૦૪ના

 **ISBN: 978-81-952708-6-6**

સમયગાળા દરમિયાન લગભગ મિલઉદ્યોગ મંદ પડતા અમદાવાદના મિલમાલિકોએ ઉત્પાદન ઓછુ કરતા, કામના કલાકો ઘટાડવાનું શરૂ કર્યું. અને મજૂરી પર કાપ મૂકવામાં આવ્યો. આવા સંજોગોમાં ઇ.સ.૧૮૯૫માં મજૂરોએ પ્રથમ કાયદેસર નોંધાયેલ હડતાલ પાડી હતી. લગભગ ૮૦૦૦ જેટલા તાણાવાણાઓ એમાં જોડાયા હતા. અને પછી પ્રદ્ધતિસરની હડતાલ ઇ.સ.૧૯૧૭માં અનસૂયાબેન સારાભાઇના નેતૃત્વ હેઠળ થાય છે. અને આ હડતાલ સફળ સાબિત થાય છે. આમ ૧૯૧૭ની સાલમાં થયેલ હડતાલથી મજૂર આંદોલનના બીજ રોપાયા. અને તેમાંથી મિલમજૂર આંદોલનનો જન્મ થયો. ત્યારબાદ ૧૯૧૮માં મોટા પાયા પર ગાંધીજીના માર્ગદર્શન દ્વારા હડતાલ થાય છે.

**૧૮૯૫ ની અભૂતપૂર્વ હડતાલ**

હકીકત એ છે કે ગાંધીયુગ પહેલાં અમદાવાદના મિલમજૂરોએ બબ્બે વખત, ૧૮૯૫ અને ૧૮૯૯ માં હડતાલો પાડી હતી. ૧૮૯૯માં જુલાઈની હડતાલનું કારણ ફડચામાં આવેલી છટણી (Retrenchment) હતું. ૧૮૯૧માં સ્થાપેલા અમદાવાદ મિલમાલિક મંડળ સામે મજૂરોએ ધા નાંખી, પણ તેનો કોઈ પ્રતિસાદ ન મળતાં મોટાભાગની મિલોના મજૂરોએ ચાર દિવસ હડતાલ પાડી. મિલમાલિક મંડળને નમતું જોખવું પડ્યું અને તેણે ચાર મજૂરોને બીજી મિલોમાં સમાવી લેવાની ખાતરી આપ્યા પછી જ મજૂરોએ હડતાલ સમાપ્ત કરી.

અત્યાર સુધી પ્રસિદ્ધ થયેલા અંગ્રેજી અને ગુજરાતી ગ્રંથો તેમજ લેખોમાંથી ૧૮૯૫ ની મજૂર હડતાલ વિશે નહીવત્ માહિતી પ્રાપ્ત થાય છે. તેનો અર્થ એ નથી કે તે બિનમહત્વની હતી. હકીકતમાં તો વાઘરી, કોળી, વણકર, બાવચા, કણબી અને 'પરદેશી' એમ તમામ મજૂરો એકસંપ થઈને તેમાં સામેલ થયા હતા. એકલા પુરુષોએ જ નહીં, મહિલા મજૂરોએ પણ હડતાલમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ૧૮૯૫ ની અમદાવાદની મિલમજૂરોની હડતાલનું એક જમા પાસું એ હતું કે તે ૧૮ દિવસ સુધી ચાલી હોવા છતાં તેણે જ્ઞાતિવાદ કે કોમવાદનું સ્વરૂપ ધારણ ના કર્યું. મજૂરોએ એક વર્ગ તરીકે આ આંદોલન ચલાવ્યું હતું.

**૧૯૧૭ ની પાયારૂપ લડત**

૧૯૧૭ ના જુલાઈ મહિનામાં અમદાવાદમાં પ્લેગ ફાટી નીકળ્યો હતો અને તેને લઈને મિલમજૂરો પોતાને ગામ ચાલ્યા જાય તો મિલો બંધ પડે એટલે મજૂરો ગામે પાછા ન ફરે તે માટે મિલમાલિકો એ પ્લેગબોનસ આપવાનું શરૂ કર્યું. એ રીતે તે મિલમાલિકો એ પગારના લગભગ ૭૫ ટકા જેટલું બોનસ આપવા માંડ્યું. પણ આ બોનસ તાણાવાળાઓને મળતું નહોતું. કારણ તાણાવાળાઓ મુખ્યત્વે શહેરમાં રહેતા હોવાથી તેઓ શહેર છોડી જશે એવો માલિકોને ભય ન હતો. આથી તાણાવાળાઓમાં ભારે અસંતોષ ફેલાયો અને બોનસ ન મળવાથી તેઓ પગારમાં વધારા માટે માંગણી કરવા વિચારતા હતા.

તાણાવાળાઓના પગારનો દર હજાર તારે ૧૨ પાઈનો હતો. એમાં તેઓ ઓછામાં ઓછા ૨૫ ટકા વધારાની માંગણી કરવા ઈચ્છતા હતા. આ અંગે તેઓ મજૂર કલ્યાણની પ્રવૃત્તિમાં પરોવાયેલાં શ્રી. અનસૂયાબહેન સારાભાઇનું માર્ગદર્શન મેળવવા ગયા. શ્રી. અનસૂયાબહેન મજૂરોના જીવનવિકાસ માટે રચનાત્મક કામ કરતાં હતાં. મજૂરોએ શ્રી. અનસૂયાબહેનને લડતની આગેવાની લેવાની પણ વિનંતી કરી. જોકે તાણાવાળાઓમાં કેટલાક શિક્ષિત કામદારો લડતનું નેતૃત્વ લેવા જતાં મિલમાલિકોની કિન્નાખોરીનો ભોગ બનવું પડે એ બીકથી એમણે શ્રી અનસૂયાબહેનની મદદ માગી. શ્રી. અનસૂયાબહેન મિલમાલિકોના અગ્રણી શેઠ શ્રી. અંબાલાલ સારાભાઇના બહેન હતાં, એથી માલિકો પર એમનો કંઇક પ્રભાવ પડશે એવો ખ્યાલ પણ પ્રવર્તતો હતો.

તાણાવાળા મજૂરોએ સાબરમતી નદીની રેતીમાં સભા ભરી. શ્રી. અનસૂયાબહેન સભામાં ગયાં અને તેમણે મજૂરોને ચળવળના મૂળભૂત પાઠો શીખવ્યા. પ્રથમ માલિકો સમક્ષ માંગણી થવી જોઈએ, એ


**ISBN: 978-81-952708-6-6**

માંગણીનો સ્વીકાર ન થાય તો હડતાલની નોટિસ આપવી જોઈએ. નોટિસનો સમાય પૂરો થાય ત્યારે જ હડતાલ પાડી શકાય.

સભામાં એવો ઠરાવ થયો કે પગારના દરમાં ૨૫ ટકાના વધારા માટે માંગણી કરવી અને માલિકો તેનો અસ્વીકાર કરે તો હડતાલ પાડવી. માલિકોને તેના સ્વીકાર માટે શ્રી. અનસૂયાબહેને ૪૮કલાકની મુદત આપવાનું ઠરાવવામાં આવ્યું. એમની આ સૂચના મજૂરોએ સ્વીકારી અને આ અંગેની નોટિસો સભામાં જ લખી તૈયાર કરવામાં આવી અને પ્રમુખ તરીકે શ્રી. અનસૂયાબહેનની સહી પણ લેવાઈ. માલિકોએ આ માંગણીનો અસ્વીકાર કરતાં ૪ થી ડીસેમ્બરના રોજ મજૂરોએ હડતાલ પાડી. મિલોમાં તાણાવાળાની સંખ્યા બહુ મર્યાદિત હતી. અમદાવાદની મિલોમાં તાણાવાળાની સંખ્યા તે વખતે લગભગ ૫૦૦ જેટલી હશે. સંખ્યાની દ્રષ્ટિએ તેઓ ઘણા ઓછા હતા, છતાં કામની દ્રષ્ટિએ તેઓ ઘણું મહત્વ ધરાવતા હતા. તેમનાં નિયમિત કામ પર જ મિલોનાં અન્ય ખાતાંઓનું કામ ચાલી શકતું. આથી હડતાલમાં મિલો ચાલુ રહે એ માટે માલિકોએ મુંબઈથી તાણાવાળાઓને સમજાવીને તેમજ મોટી મોટી લાલચો આપીને અમદાવાદ મોકલવા માંડ્યા ત્યારે હડતાલ પર ઉતરેલા મજૂરોએ પિકેટિંગ જેવું કામ કરીને મુંબઈના તાણાવાળાઓને પાછા મોકલવા સમજાવટથી કામ લીધું. હડતાલ બે-અઢી મહિના સુધી ચાલી. દરમ્યાનમાં કેટલાક મજૂરોને ગુજરાન અંગે તકલીફ જણાવા લાગી. તેમણે શ્રી. અનસૂયાબહેને મદદ કરી. માલિકોએ લડત તોડાવવા માટે અનેક પ્રયાસો કર્યા. પરંતુ શ્રી અનસૂયાબહેનની દોરવણી મુજબ મજૂર નેતાઓએ એ પ્રયત્નો નિષ્ફળ બનાવ્યા. અને માલિકો પગારના દરમાં વધારો કરી આપવા લાગ્યા. પગારનો દર ૧૨ પાઈ માંથી વધારીને ૧૫ પાઈની જગ્યાએ ૧૪|| પાઈનો કર્યો. આ વધારો તાણાવાળાઓ પોતાની માંગણીને સંપૂર્ણપણે સંતોષ થતો ન હોવા છતાં તેની બિલકુલ નિકટનો હોવાથી તેનો સ્વીકાર કરી કામે ચઢી ગયાં. આ લડતમાં શ્રી બચુભાઈ વકીલ, શ્રી અમુભાઈ મહેતા, શ્રી હરીલાલ સાહેબા અને શ્રી કાલીદાસ વકીલ વગેરે શ્રી અનસૂયાબહેનને મદદ કરતા હતા.

આ હડતાલનું અનેક દ્રષ્ટિએ ઘણું મહત્વ છે. ૧૯૧૭ પહેલાં દેશમાં હડતાળો તો પડતી હતી, પરંતુ એ બધી હડતાળો અવ્યવસ્થિત હતી. પોતાની માંગણીઓ શી છે તેનો પણ ખ્યાલ મજૂરોને નહોતો રહેતો. એકાએક હડતાળો પડતી અને એકાએક તૂટતી. ૧૯૧૭ ની સાલમાં સૌથી પહેલી સુવ્યવસ્થિત હડતાળ પડી. આ હડતાળ ૪ થી ડિસેમ્બરે પડી અને અમદાવાદના મજૂર આંદોલન અંગે આ પ્રસંગ અત્યંત મહવનો હોવાથી અમદાવાદના મજૂરો; ૪ થી ડિસેમ્બર "મજૂર-દિન" તરીકે ઉજવે છે.

**૧૯૧૮ ની હડતાળ – એક ધર્મયુદ્ધ**

ઈ.સ. ૧૯૧૮ ની શરૂઆતમાં પ્લેગ શમી જતાં મિલમાલિકો પ્લેગ બોનસ બંધ કરવાનો વિચાર કરવા લાગ્યા. આથી સાળખાતાના મજૂરોમાં અસંતોષ વ્યાપ્યો. આ બોનસને લીધે વિશ્વયુદ્ધના મોંઘવારીના જમાનામાં મજૂરો પોતાની જીવન જરૂરિયાતો સરળતાથી મેળવી શકતાં હતા. આમાં બોનસ બંધ થવાનો ભય ઉભો થતાં તેઓમાં ખળભળાટ મચી ગયો. હવે મજૂરો મોંઘવારી અને મુંબઈની મિલોમાં સાળવાળાને મળતા પગાર ધ્યાનમાં રાખીને પગારમાં રીતસરનો ૫૦ ટકા વધારો થાય તેવી માંગણી કરવાનું વિચાર્યું અને એ માટે મજૂરોના મોટાંબહેન અનસૂયાબહેનને પોતાની લડતમાં મદદ કરવા અને તેનું સુકાન સંભાળવા પણ વિનંતી કરવા લાગ્યા. શ્રી અનસૂયાબહેને તેમના પ્રત્યે સહાનુભૂતિ બતાવી, પરંતુ તેઓ સાળવાળાઓની એ લડતમાં ગંભીર જવાબદારી અને જોખમ જાણતા હતા. તાણાવાળાઓની લડતની અપેક્ષામાં આ લડત મોટી હતી. આ હડતાળ અંગે શ્રી અનસૂયાબહેને મહાત્મા ગાંધીજીની મદદ માંગી અને તેઓ ચંપારણથી અમદાવાદ મદદ કરવા આવી પહોંચ્યા અને એમણે મજૂર આંદોલનનું સુકાન પોતાના હાથમાં લીધું. અમદાવાદમાં આવીને ગાંધીજીએ સાળખાતાના મજૂરોની માંગણી ચકાસી તો એમને તે વિચારવા જેવી લાગી. તેમણે માલિકો સાથે વાટાઘાટો શરૂ કરી. એક બાજુ મજુરો પગારમાં રીતસરનો ૫૦ ટકા વધારો


**ISBN: 978-81-952708-6-6**

માગતા હતા, જ્યારે બીજી બાજુ માલિકો આ અંગે ૨૦ ટકા વધારો આપવાનું યોગ્ય ગણતા હતા. તેથી વાટાઘાટો નિષ્ફળ થઇ.

મજૂરોની વાજબી માંગણી માટે હવે ગાંધીજી પાસે લડત સિવાય કોઈ ઉપાય ન રહ્યો. તેમણે શ્રી અનસૂયાબહેન, શ્રી છગનલાલ ગાંધી અને શ્રી શંકરલાલ બેંકરને પણ આ હડતાળમાં સાથે રહીને મદદ કરતા. ગાંધીજીએ શ્રી શંકરલાલ બેંકરને મુંબઈ મોકલી ત્યાંની મિલોમાં સાળવાળાઓને શો પગાર મળે છે અને તેમની પરિસ્થિતિ કેવી છે, વગેરેની તપાસ કરાવી. શ્રી બેંકરના અહેવાલને આધારે અમદાવાદના મજુરો પણ ૩૫ ટકાના વધારાની માંગણી કરવી એવા નિર્ણય પર આવ્યા. ૩૫ ટકાના વધારાની માંગણી કરવાનું ઠરાવ્યા પછી મિલમાલિકોના ગ્રુપના માર્ગદર્શક શ્રી અંબાલાલ સારાભાઈને એની જાણ કરી પરંતુ માલિકો આ ઠરાવ દરમ્યાનની માંગણી પણ સ્વીકારવા તૈયાર ન થયા. આથી સમાધાનનો કોઈ માર્ગ રહ્યો નહિ. પરિણામે હડતાળ અનિવાર્ય થઇ પડી અને માલિકોને આ નિર્ણયની જાણ કરાઈ.

ગાંધીજીએ સાળખાતાના મજૂરોને હડતાળ પાડવાનું એલાન આપ્યું. ગાંધીજીની દ્રષ્ટિએ તો આ ‘હડતાળ’ ન હતી પણ ‘સત્યાગ્રહ’ હતો. આ ઐતિહાસિક હડતાલનું વર્ણન સ્વ. શ્રી મહાદેવભાઈએ પોતાની પુસ્તિકા ‘એક ધર્મયુદ્ધ’ માં આપ્યું છે. અમદાવાદના મજૂરોની ૧૯૧૮ ની હડતાળ એ ખરેખર એક ધર્મયુદ્ધ હતું. મજૂરોનું સંગઠન કેમ બંધાય, તેમની માંગણીઓ કેમ રજૂ થાય, ન્યાય મેળવવા માટે શું શું કરવું જોઈએ અને મજૂર ચળવળ મજૂરોને કલ્યાણકારી હોય એટલું જ નહિ પણ ઉદ્યોગણે અને દેશને પણ કલ્યાણકરી બને તે માટે આ સિદ્ધાંતો અપનાવવા જોઈએ તેનો ખ્યાલ મહાત્માજીએ ભાષણો, પત્રિકાઓ અને પત્રો દવારા ૧૯૧૮ ની સાલમાં દેશ સમક્ષ રજૂ કર્યા છે. એટલું જ નહિ ગાંધીજીએ મિલમાલિકો અને મજૂરોના પ્રશ્નનો ઉકેલ લાવવા પંચ પ્રથાની શરૂઆત કરી તેમણે પંચની પ્રથાના અનેક ફાયદાઓ માલિકો અને મજૂરોને સમજાવ્યા. પંચપ્રથા સ્વીકારવી એટલે શુદ્ધ ન્યાય મેળવવો.

**મજૂર મહાજન સંઘની સ્થાપના**

અમદાવાદમાં કાપડસૂતરની મિલોમાં કામ કરતાં મજૂરોનું સંગઠન ઇ.સ. ૧૯૧૭માં શરૂ થયું અને આ સંગઠન ભવિષ્યમાં મજૂર મહાજન સંઘમાં ફેરવાયું. ગાંધીજીની પ્રેરણાથી અનસૂયાબહેને ઇ.સ. ૧૯૨૦ માં અમદાવાદ મજૂર મહાજન સંઘની સ્થાપના કરી હતી . આ સંસ્થાને ગાંધીજીએ પોતાના સિધ્ધાંતો અનુસાર ચાલતી ભારતીય મજૂર ચળવળ ની પ્રયોગશાળા તરીકે ગણાવી છે.

મહાજન બાંધવા અંગે ગાંધીજીએ મજૂરોને ત્રણ બાબતો ધ્યાનમાં રાખવા જણાવ્યું હતું, તેમાં પ્રથમ બાબત મહાજનના કાયદાઓ તપાસી જોવાની હતી. બીજી બાબત મજૂરોનુ સ્વમાન જળવાય તે તેમના તરફનું વર્તન ન્યાય મુક્ત રહે તે માટે “મિલમાલિકો મજૂરો પર ન છાજે તેવી સત્તા ન ચલાવી શકે” તે માટે કાળજી રાખવા આગ્રહ કર્યો હતો. ત્રીજી બાબત સંસ્થા સ્વાવલંબી બને તે અંગે હતી અને તેમાં મહાજન નું લવાજમ દર મહિને નિયમિત રીતે ભરવા અનુરોધ કર્યો હતો.

ગાંધીજીએ મજૂર મહાજનની સ્થાપના વખતે બે મહત્ત્વની કલમો મૂકી હતી :

૧. મજૂરોના પગાર ઓછા છે તે વધારવો અને વધારેલા પગારનો સદુપયોગ થાય તે જોવું.

૨. કામ ના કલાક વધારે છે તે ઓછા કરવવા અને બચેલાવખત નો સદુપયોગ થાય તે જોવું.

**૧૦ કલાકના દિવસની થ્રોસલ ખાતાની લડત – ૧૯૨૦**

મજૂર મહાજન સંઘનો હેતુ મજૂરોને ન્યાય અને નીતિપૂર્વક જીવન જીવી શકે તે હતો. સૌપ્રથમ પ્રશ્ન આવ્યો કે ફેક્ટરી એક્ટ પ્રમાણે ૧૨ કલાક સુધી મજૂરો પાસેથી કામ લેવાતું હતું. આ કામના કલાક અતિશય વધારે હતા અને મજૂરોના પગાર પણ અતિશય ઓછા હતા. સંઘને લાગ્યું કે કામના કલાકો અસહ્ય છે તે ૧૦ કલાક હોવા જોઈએ. મિલ માલિક મંડળના પ્રમુખ શેઠ મંગળદાસ હતા. આ બાબત સ્વીકાર્ય ના


**ISBN: 978-81-952708-6-6**

લાગી. કારણ કે કલાકો ઘટે તો મિલોનો ખર્ચ વધી જાય. છેવટે પંચ દ્વારા મિલમાલિકોએ કામના ૧૦ કલાક સ્વીકાર્યા અને કારીગરોનો પગાર ના ઘટે તે પણ સ્વીકાર્યું. છેવટે ૧૨ મિલમાલિકો પંચ નીમવા માટે તૈયાર થયા. તેથી એ ૧૨ મિલોમાં કામ ચાલુ રહ્યું. જયારે બાકીની મિલોમાં હળતાળ પડી. આ હડતાળમાં પણ ગાંધીજી દોરવણી આપતા હતા. છેવટે શેઠ મંગળદાસ અને મજૂર પક્ષ તરફથી ગાંધીજી પંચ તરીકે નિમાયા.

તેથી બધી મિલો ચાલુ થઇ ગઈ. પણ ૦૧-૦૫-૧૯૨૦ સુધીમાં બાંધેલી મુદતમાં પાંચ લાંબી વાટાઘાટો કરીને ચુકાદો ન આપી શકતા મજૂરો પંચનો અનાદર કરીને હડતાળ પાડી બેઠા. ગાંધીજી સાથે ૧૨ મિલોએ મસલત કરી ચાર આનાં ઓછા કરાવીને ગાંધીજી સાથે સમાધાન કરી લીધું. આ સમાધાન અનુસાર ૧૦ કલાકનો દિવસ ગણવાનું નક્કી થયું અને થ્રોસલ ખાતાના કારીગરોને પગારમાં વધારો મળ્યો. એની સાથોસાથ ૧૦ કલાકના હિસાબે અન્ય ખાતાંઓના કારીગરોનું કામ ઓછું ઊતરે તો પણ તેમનો પગાર ન ઘટે એવી શેઠ મંગળદાસે કાળજી લીધી.

આમ, દેશમાં બધાં કારખાનાંઓમાં બાર કલાક કામ ચાલતું ત્યારે અમદાવાદની મિલો ૧૦ કલાક ચાલતી થઇ એ મજૂર ચળવળની ઐતિહાસિક ઘટના છે.

**૧૯૨૧ માં બોનસ અંગે આંદોલન**

૧૯૨૦માં મિલોએ સારો નફો થયો હોવાથી દિવાળી પર ૧ મહિનાનો પગાર બોનસ તરીકે મજૂરોને આપ્યો હતો. ૧૯૨૧માં નફો અગાઉ કરતાં પણ વધારે થયો હોવાથી મહાજનના કાર્યકર્તાઓએ બોનસ તરીકે ત્રણ મહિનાનો પગાર માગવાનો અભિપ્રાય ગાંધીજી સમક્ષ રજૂ કર્યો. પરંતુ ગાંધીજી સોદાબાજીની વિરુદ્ધ હતા. તેમણે એ અંગે દોઢ મહિનાનો પગાર માંગવાનું મહાજનને જણાવ્યું. દોઢ મહિનાનું બોનસ માંગવાની વાત કરી પણ મિલમાલિક મંડળના પ્રમુખ મંગળદાસે એક મહિનાનો પગાર બોનસ તરીકે આપવાનો ચુદાકો આપ્યો. છેવટે હડતાળ પડી. આ હડતાલ દરમ્યાન બનારસ યુનિવર્સીટી માટેના ફાળા અંગે મદનમોહન માલવિયાનું અમદાવાદમાં શેઠ મંગળદાસને ત્યાં ઊતર્યા હતા. તેમની મધ્યસ્થી સ્વીકારાઈ. તેમણે ૨૮/૧૦/૧૯૨૧ ના રોજ ચુકાદો આપ્યો : જેમનો પગાર રૂ.૭૫ થી ઓછો હોય તેમને એક મહિનાનો સરેરાશ પગાર તથા રૂ.૭-૮-૦ બોનસ તરીકે આપવા અને જેમનો પગાર રૂ.૭૫ કે તેથી વધારે હોય તેમણે રૂ.૭૫ નું બોનસ આપવું. બંને પક્ષોએ આ ચુકાદો સહર્ષ સ્વીકારી લીધો.

**૧૯૨૩ ની ૨૦ ટકાના પગારકાપની લડત**

૧૯૨૩ માં મિલ ઉદ્યોગની સ્થિતિ નબળી પડી. આથી માલિક મંડળના પ્રમુખ શેઠ મંગળદાસે મિલોને ટકાવી રાખવા. મજૂરોના પગારમાં ૨૦% કાપ મૂકવાની જાહેરાત કરી. આથી મજૂરોમાં અસંતોષ ફેલાયો અને તેઓ હડતાળ પર ઊતર્યા. એ વખતે 'યંગ ઇન્ડિયા' ના લેખો માટે ગાંધીજીને ૬ વર્ષની અને બેંકરને ૧ વર્ષ જેટલી સજા થઇ હોવાથી તેઓ યરવડા જેલમાં હતા. એક અથવા બીજા કારણે પંચની પ્રથા અમલી નહિ બનતાં હડતાળ પડી. હડતાળમાં શેઠ કસ્તુરભાઈ અને શ્રી આનંદશંકર ધ્રુવ પણ સમાધાન કરાવવા પ્રયાસ કરતાં હતા. પરંતુ તેમના પ્રયાસ નિષ્ફળ નિવડ્યા. શેઠ મંગળદાસે પોતાનું વલણ મક્કમ બનાવી રાખ્યું. બે મહિનાની હડતાળથી મજૂરોની સ્થિતિ દુઃખદ બનતાં લાચારીપૂર્વક સ્વીકારવો પડ્યો અને હડતાળ પાછી ખેંચી.

૬૫ દિવસની આ હડતાળથી માલિકોને મજૂરોને આર્થિક રીતે ઘણું સહન કરવું પડ્યું.

**૧૯૨૬ માં પગારકાપ રદ કરવાની લડત.**

૧૯૨૬માં ઉદ્યોગોની સ્થિતિ સુધારતા મે મહિનામાં થ્રોસલ, સાળ, ફ્રેમ, કાર્ડ બ્લો અને ઇજનેર ખાતાના કારીગરોએ ૧૯૨૩ નો પગારકાપ પાછો મેળવવા માંગણી કરવા માંડી હતી અને કાયમી પંચ પાસે એ પ્રશ્ન ગયો હતો. ગાંધીજી અને શેઠ મંગળદાસ આ મુદ્દા પર એક મત ન થઇ શકતાં ૧૯૨૯ માં સરપંચ

 **ISBN: 978-81-952708-6-6**

તરીકે દી. બ. કૃષ્ણલાલ ઝવેરીને નીમી તેમની સમક્ષ એ પ્રશ્ન મૂકવામાં આવ્યો હતો.તેમણે ફરી મજૂરોની સ્થિતિનો અભ્યાસ કર્યો અને તેમણે ચુકાદો આપતા જણાવ્યું કે મોટી સંખ્યાના મજૂરોને પેટપૂરતો પગાર મળતો નથી. તેથી ૧૯૨૩ નો પગારકાપ મજૂરોને પાછો આપવો આવશ્યક છે. આ માટે એમણે સાળખાતાના મજૂરોને ૫ ટકાનો અને જેમનો પગાર સાળખાતા કરતા ઓછો હતો તે સ્પિનિંગ ખાતાના મજૂરોને ૮ ટકાનો વધારો મળે એમ ઠરાવ્યું. અંતે માંગણી સંતોષાતી ન હોવા છતાં ચુકાદો સ્વીકારી લીધો. માલિકોએ પણ ચુકાદાને માન આપ્યું.

**મજૂરો અને સ્વતંત્રતાની લડત**

મજૂર મહાજન સંઘ એ ગુજરાતના મજૂરોના પ્રશ્નોને વાચા આપતું મજબૂત પીંઠીકા પૂરવાર થયું છે. આ મજૂર સંઘના નેજા હેઠળ ગાંધીજીને ૧૯૩૦-૩૧ ની સવિનય કાનૂન ભંગની લડતમાં અને ૧૯૪૨ ની હિન્દ છોડો લડતમાં સાડા ત્રણ મહિનાની હડતાળ પાડી મજબૂત ટેકો આપ્યો. કાયદા મુજબકામના કલાક ૮ નકકી થતાં મિલો અને મોટાં કારખાનાંઓએ ત્રણ પાળી ચલાવવા માંડી.

આમ, અમદાવાદમાં નંખાયેલ મજૂર આંદોલનમાં બીજને ગાંધીજીએ સત્ય અને અહિંસાનાં સાધનો વડે સિંચન કરતાં એમાંથી ઉદ્યોગોના વિકાસની સાથો સાથ મજૂરોનું કલ્યાણ પણ સાધી શકાયું. ૧૯૪૭ માં ગાંધીજીએ સભા બોલાવી હિન્દી રાષ્ટ્રીય મઝદૂર સંઘ (Indian National Trade Union Congress, INTUC) ની સ્થાપના કરી. આ સંસ્થામાં બંધારણમાં મજૂર મહાજન સંઘના પાયાના સિદ્ધાંતો અપનાવી લેવાયા અને મજૂરોને લાગતાં કાયદા અને અનેક નિયમો લાદવામાં આવ્યા.

**સંદર્ભો**

(૧) ડૉ. મકરંદ મહેતા, ડૉ. શિરીન મહેતા, ગાંધીયુગ પહેલાંની અમદાવાદના મિલમજૂરોની એક અભૂતપૂર્વ હડતાલ, ૧૮૯૫ : વર્ણન અને વિશ્લેષણ, લેખ

(૨) દેસાઈ મહાદેવ, ‘એક ધર્મયુધ્ધ’, નવજીવન પ્રકાશન, અમદાવાદ, ૧૯૯૪

(૩) બેંકર શંકરલાલ, ‘ગાંધીજી અને મજૂરપ્રવૃતિ’, નવજીવન પ્રકાશન, અમદાવાદ, ૧૯૬૫

(૪) શુકલ શિવશંકર, ‘અનસૂયાબેન સારાભાઈની જીવનકથા’, નવજીવન પ્રકાશન, અમદાવાદ, ૧૯૭૩

(૫) દેસાઈ શાંતિલાલ, ‘અમદાવાદ મજૂર મહાજન સંઘ- ઐતિહાસિક રૂપરેખા’ ભાગ ૧, ગાંધી મજૂર સેવાલય, અમદાવાદ,૧૯૫૭

(૬) દેસાઈ ખંડુભાઈ, ‘હડતાળ’, ગાંધી મજૂર સેવાલય, અમદાવાદ, અપ્રાપ્ય

(૭) વસાવડા શામપ્રસાદ, ‘મજૂર ચળવળ’ ભાગ – ૧, ગાંધી મજૂર સેવાલય, અમદાવાદ,૧૯૬૮

(૮) વસાવડા શામપ્રસાદ,‘આપણું મજૂર આંદોલન’, ગાંધી મજૂર સેવાલય, અમદાવાદ, અપ્રાપ્ય

(૯) પ્રસાદ સંજય, ‘ગુજરાતની મજૂર ચળવળોનો ઈતિહાસ’, મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, અમદાવાદ,૨૦૧૯

**સાપ્તાહિકોઃ**

મજૂર સંદેશ, ગાંધી મજૂર સેવાલય, અમદાવાદ

 **ISBN: 978-81-952708-6-6**

# પારસી કોમ અને જહાજ બાંધકામ

રેણુકાબેન અંબાલાલ પટેલીયા
Ph.D. વિદ્યાર્થી; શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરા

**૧. પ્રસ્તાવના :**

અરબી સમુદ્રમાં પૂર્વથી પશ્ચિમ કિનારા સુધી સદીઓથી જળપરિવહન થતું આવ્યું છે. યાંત્રિક જહાજોના આગમન પૂર્વે અરબી સાગરમાં પવનથી ચાલતાં શઢવાળા જહાજો દ્વારા વહાણવટું થતું હતું. આ સમયે બધા જ વિભિન્ન પ્રકારના વહાણો લાકડામાંથી બનાવવામાં આવતા હતા. ઈ.સ. ૧૫૦૦ની આસપાસ હિન્દના પશ્ચિમકાંઠે સુરત થી માંડીને કોચીન સુધીના સમુદ્ર કાંઠા સુધી વહાણોનું બાંધકામ કરવામાં આવતું હતું. ૧૧મી સદીથી પારસીઓ અરબી સમુદ્ર મારફતે ભારતીય સમુદ્ર કિનારાના વિભિન્ન બંદરોમાં સ્થાયી થયા હતા. તેમાં ગુજરાતના મોટાભાગના બંદરોમાં પારસી કોમની વસ્તી જોવા મળે છે. પારસીઓ સુંવાળી બંદરનું મહત્વ સમજીને ત્યાં સ્થાયી થયા હતા. આ બધા બંદરોમાં સુરત અને મુંબઈમાં સૌથી વધુ પારસી લોકોનો વસવાટ જોવા મળે છે. પારસી કોમના લોકો વહાણવટાના વિભિન્ન કામ સાથે સંકળાયેલા હતા. જેમાં વિદેશી કંપનીના દલાલ તરીકે. ઇમારતી લાકડાના વેપારી તરીકે. વહાણવટી તરીકે. જહાજોના માલિક તરીકે. વહાણ બનાવટ કારીગર તરીકે. વીમા એજન્ટ તરીકે, વેપારી તરીકે જહાજ બાંધકામ જહાજબાંધકામ જહાજના માલિકો એમ વિવિધ ઉદ્યોગોધંધા સાથે સંકળાયેલા હતા. જેમને સુરતના વહાણવટાને વિકસાવીને ટોચ કક્ષાએ પહોંચાડ્યું હતું. આ બધા ઉદ્યોગધંધા કરતા વહાણોના બાંધકામમાં પારસીઓ સૌથી વધુ આગળ પડતા હતા.

**૨. સુરતનો મોગલ જહાજવાડો :**

સુરતમાં વહાણો બનાવવાનો જહાજવાડો શહેરની ખાડી જ્યાં નદીને મળે છે ત્યાં હતો. તેમાં ખાડીના ઉત્તર છેડા કરતા દક્ષિણ છેડાને દરિયાઈ ભરતીનો લાભ વિશેષ મળતો હતો. જેમાં નાવડી ઓવારાના દક્ષિણ છેડાનો તાપી નદીના કિનારાના ભાગનો ઉપયોગ વહાણોના બાંધકામ માટે ખાસ થતો હતો. નાવડી ઓવારા તરફ નાની-નાની નાવડીઓનું બાંધકામ થતું હતું. જ્યારે નીચેના ભાગમાં ખાડીના આગળના ભાગમાં જંગી(મોટા) વહાણોનું બાંધકામ કરવામાં આવતું હતું. મોટેભાગે અઠવાથી ડુમ્મસ સુધીના કિનારાના બધાજ ગામોમાં કાંઠા ઉપર નાના-મોટા વહાણોનું બાંધકામ થતું હતું. સુરતના જહાજવાડામાં વિભિન્ન પ્રકારના જ્ઞાતિના લોકો વહાણો બનાવવાના કામ સાથે સંકળાયેલા હતા. જેમાંથી સૌથી આગળ પડતી કોમ પારસીઓની હતી. ઈ.સ. ૧૫૭૩માં અકબર બાદશાહના સમયમાં સુરત બંદરે જહાજ બાંધકામ કરવામાં આવતું હતું. બાદશાહ શાહજહાએ સુરત બંદરે ઈ.સ. ૧૮૫૦માં સુરતના જહાજવાડામાં એક વહાણ તૈયાર કરાવ્યું હતું. ઔરંગઝેબ બાદશાહએ (ઈ.સ.૧૬૫૮-૧૭૦૭) કેટલાક લડાયક ફ્રીગ્રેટ પ્રકારના વહાણો સુરત બંદરે તૈયાર કરાવ્યા હતા. પોર્ટુગીઝોએ ઇ.સ.૧૬૧૨મા સુરત બંદરના જહાજવાડામાં વહાણો તૈયાર કરાવતા હતા. ડચ લોકોએ સુરત બંદરે પોતાનું વ્યાપારી થાણું સ્થાપ્યું પછી **Good for Tuym, May Boom, Prams, Renezvous** નામના વહાણ સુરતના જહાજવાડામાં તૈયાર કરાવ્યા હતા. અંગ્રેજો સુરત બંદરે આવ્યા પછી સુરતના જહાજ વાડાથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. હોકીન્સે (અંગ્રેજો) સુરતના બંદરના જહાજવાડામાં નાના મોટાં જહાજોનું બાંધકામ થતા નિહાળ્યું હતું. તેમને સુરતની જહાજ બાંધકામ પ્રણાલીકામાં પોતાની પદ્ધતિ ઉમેરવાનો પ્રયત્ન કર્યો હતો. તેમજ અંગ્રેજોએ સુરતના જહાજવાડાને નવું સ્વરૂપ પ્રદાન કર્યું હતું. ઇસ્ટ ઈન્ડિયા કંપનીએ '**રોયલ**' '**વેલકમ**' અને '**હોપ વેલ**' નામના વહાણો સુરતના જહાજવાડામાં તૈયાર કરાવ્યા હતા. ઈ.સ.૧૬૮૫માં સુરતના જહાજવાડામાં ૭ થી ૮ હજાર માણસો કામ કરતા હતા. ૧૭મી સદીમાં સુરત બંદરના જહાજવાડામાં ૧૨૦૦થી વધુ વજનના વિશાળકાય વહાણો બાંધવામાં આવતા હતા.

 **ISBN: 978-81-952708-6-6**

ઈ.સ.૧૭૩૩-૩૪માં સુરત બંદરે વહાણો બાંધવાનો ઉદ્યોગ ટોચ કક્ષાએ પહોંચ્યો હતો. સુરતના જહાજવાડામાં અતિ આધુનિક ટેકનોલોજી વાળા સંપૂર્ણ વિકસીત અને સંપૂર્ણ સગવડતાવાળા વહાણો તૈયાર કરવામાં આવતા હતા. સુરત બંદરના જહાજવાડામાં વિદેશી વેપારીઓ અને બ્રિટિશ નૌકાદળ માટેના જહાજો બનાવનારાઓની ખૂબ જ માંગ રહેતી હતી.

**૨.૧. કુરશેતજી** :

ઈ.સ.૧૬૭૨માં કુરશેતજી નામનો પારસી ગૃહસ્થ ખૂબ જ કાબીલ કારીગર હતો. તેઓ બાદશાહ ઔરંગઝેબના સમયમાં સુરતના મોગલ જહાજવાડામાં મુખ્ય સૂત્રધાર તરીકે વહાણો બનાવવાનું કામ કરતા હતા. પછીના સમયમાં કુરશેતજી મુંબઈના જહાજવાડામાં જોડાયા હતા.

**૨.૨. નવરોજી રુસ્તમજી** :

નવરોજી રુસ્તમજી સુરતના જહાજવાડામાં વહાણો બનાવવાનું કામ કરતા હતા. આ સમયે પણ વહાણો બનાવવા માટે ટેન્ડરો બહાર પાડવામાં આવતા હતા નવરોજીએ અંગ્રેજોની ગોદીમાં ૧૫૦૦રૂપિયા ભરીને બોટ બનાવવા માટેનો ઓર્ડર લીધો હતો. આમ પારસી કોમે કુશળ અને હોશિયાર કાર્યકર તરીકે નામના પ્રાપ્ત કરી હતી.

**૩. ધનજીભાઈ નો જહાજવાડો** :

સુરત બંદરે જહાજ બાંધકામ ખૂબ વિસ્તૃત ચાલતું હતું. જહાજ બાંધકામ ઉદ્યોગએ સુરતનો મહત્વનો આગળ પડતો ઉદ્યોગ બની ગયો હતો. ઉદ્યોગમાં પારસીકોમ ખાસ સંકળાયેલી હતી. સુરત બંદરે અનેક જગ્યાએ જહાજો બનાવવામાં આવતા હતા. જેમાં ધનજીભાઈનો જહાજવાડો ખૂબજ વિશાળ અને ખ્યાતનામ હતો. ધનજીભાઈના જહાજવાડામાં વાડીયા પરિવારના પારસી ગૃહસ્થો કારીગરો તરીકે કામ કરતા હતા. જેમાં લવજી નસરવાનજી નામનો પ્રખ્યાત કુશળ કારીગર ઈ.સ. ૧૭૨૩માં ધનજીભાઈના જહાજવાડામાં જોડાયો હતો. ઈ.સ.૧૭૨૩-૩૫ના સમયગાળા દરમિયાન ધનજીભાઈના જહાજવાડા મારફતે અનેક પ્રકારના વિશાળકાય જહાજ તૈયાર કર્યા હતા. લવજીના વર્ચસ્વમાં તેના પુત્રો માણેકજી અને બમનજી સહીત કુરશેતજી, ફરદુનજી રુસ્તમજી ફરામજી વગેરે અન્ય ૧૦ જેટલા વહાણ બાંધકામના જાણકાર કુશળ અને નિષ્ણાંત કારીગરો કામ કરતા હતા. ધનજીભાઈના જહાજવાડામાં અંગ્રેજ, ફ્રેન્ચ અને પોર્ટુગીઝ વેપારી કંપનીઓ વ્યાપાર માટેના અને લડાયક કક્ષાના વહાણો તૈયાર કરાવી હતી. ઇસ્ટ ઇન્ડીયા કંપનીના મુંબઇના ગવર્નરએ માસ્ટર એટેન્ડન્ડ ડડલીને વહાણના બાંધકામ ઉપર દેખરેખ રાખવા માટે ધનજીભાઈના જહાજવાડામાં મોકલ્યો હતો. આ સમય લવજીની આગવી કાબિલિયત નિહાળીને ડડલીને મુંબઈ બંદરમાં જહાજવાડો બનાવવા દબાણ કર્યું હતું. ધનજીભાઈએ લવજીને સમજાવતા ઈ.સ ૧૭૩૫ તે મુંબઈ જવા રાજી થયા હતા. લવજી ધનજીભાઈના જહાજવાડા માંથી અન્ય ૧૦ જેટલા કારીગરો પોતાની સાથે લઈ ગયા હતા. ત્યારબાદ સમય જતાં ધનજીભાઈનો જહાજવાડો પડતીની અવસ્થામાં આવી ગયો હતો. ધનજીભાઈ ઈ.સ.૧૮૫૪માં અવસાન પામ્યા હતા.

**૩.૧. મંચેરજી ખુરશેદજી** :

ઈ.સ.૧૬૭૨માં મંચેરજી ખુરશેદજી એક કુશળ કારીગર તરીકે કાર્યરત હતા. તેઓ ધનજીભાઈના જહાજવાડામાં મુખ્ય સૂત્રધાર તરીકે કામ કરતા હતા. સુરતમાં વહાણો બાંધવાનો ઊદ્યોગ ૧૭મી સદીમાં ખૂબ જ વિકાસ પામ્યો હતો. જે ઈ.સ. ૧૮૬૬ સુધી ચાલુ રહ્યો હતો.

**૩.૨. વેતન** :

સુરત બંદરના જહાજવાડામાં કુશળ કારીગરોનો એક વિશિષ્ટ વર્ગ (સમુદાય) કામ કરતો હતો. તેવો વહાણોની સારસંભાળ, સમારકામ, નાના અને વિશાળ પ્રકારના વાહનો તૈયાર કરતા હતા. સુરતના મુખ્ય સૂત્રધારને પ્રતિદિન પ્રમાણે એક મહાન મહમૂદી આપવામાં આવતા હતા. મુખ્ય સૂત્રધારને મદદ


**ISBN: 978-81-952708-6-6**

કરતા કારીગરને એક મહમૂદીનો ત્રીજો ભાગના સ્વરૂપમાં ચૂકવવામાં આવતો હતો. સુથારોને તેમની કુશળતા પ્રમાણે ૩ થી ૭ રૂપિયા સુધીનું દૈનિક વેતન પણ ચૂકવવામાં આવતું હતું. સુરત બંદરનો જહાજવાડો શઢવાળા જહાજો બનાવવા માટે ખૂબ જ પ્રખ્યાત હતો. તેમાં મોગલ બાદશાહો, યુરોપિયનો, અરેબિક અને સ્થાનિક કક્ષાના વેપારી પોતાના વહાણવટા, નૌકાસૈન્ય, ધાર્મિકયાત્રા અને વ્યાપાર માટેના વિશાળ કક્ષાના જહાજો તૈયાર કરાવતા હતા.

સુરતએ ૧૭ અને ૧૮મી સદીમાં ખ્યાતનામ બંધ હતું. આ બંદરે લાકડામાંથી વિભિન્ન પ્રકારના જહાજો બનાવવા માટે સુરતનો જહાજવાડો ખ્યાતનામ હતો. સુરતના જહાજવાડામાં સુલતાનો, વેપારીઓ, વિદેશી વેપારી કંપની વગેરે વેપાર કરવા માટે જહાજો બંધાવતા હતા. સુરત બંદરે બતેલા, ગુરાબ, બાર્ક, મનવારો, ફ્રીગ્રેટ, ગેલીવટ,પ્રીન્નેસીઝ, ગેલીયન, સ્કૂનર સ્લુપ,અમે ફ્લોટીલ્લા વગેરે પ્રકારના વહાણોનું બાંધકામ કરવામાં આવતું હતું.

**૪. મુંબઈનો જહાજવાડો** :

ઈ.સ.૧૬૬૫ અંગ્રેજોએ પોર્ટુગીઝો પાસેથી વાર્ષિક ૫૦૦૦ પાઉન્ડ અને ૬ ટકાના વ્યાજ દરે મુંબઈ ટાપુ ભાડા પેટે લીધો હતો. અંગ્રેજોએ ઈ.સ.૧૬૬૮માં સુરતની ઈસ્ટ ઈન્ડિયા કંપનીની મુખ્ય ઓફિસ મુંબઇ લઇ ગયા હતા. ઇ.સ.૧૬૭૦ સ્થાનિક નોકરોને બોલાવીને જહાજવાડો તૈયાર કરવામાં આવ્યો હતો. ઇ.સ.૧૭૩૫ પહેલા અંગ્રેજો એ ૬ જેટલા નાની કક્ષાના જહાજવાડા મુંબઈના બારામાં શરૂ કર્યા હતા. આ જહાજવાડાઓ (ગોદી)નો વહીવટ પારસી કોમના લોકો કરતા હતા. અંગ્રેજો ઈ.સ.૧૭૩૫માં સુરતના કારીગરોને બોલાવીને મુંબઈમાં નવી ગોદી બનાવવાની શરૂઆત કરી હતી. તેમાં લવજી નસરવાનજીએ ૧૨૦૦૦ ના ખર્ચે ગોદી બાંધવાની શરૂઆત કરી હતી. એલ્ફિસ્ટન સર્કલ પાસે એપોલો બંદર નજીક જહાજવાડો બનાવવાની શરૂઆત કરી હતી. અંગ્રેજોએ પોતાનો પહેલો જહાજવાડો ટેન્ડર દ્વારા મુળજી નારોનજીને બનાવવા માટે આપ્યો હતો. જે ૧,૨૦,૮૧૧ રૂપિયામાં તૈયાર થયો હતો. આ જહાજવાડો ૨૦૯ ફૂટ લાંબો, ૮૭ ફૂટ પહોળો અને ૧૫ ફૂટ ઊંડો બનાવવામાં આવ્યો હતો. બીજો જહાજવાડો ઈ.સ.૧૭૫૨માં ૨,૭૯,૪૫૭ રૂપિયામાં તૈયાર કરવામાં આવ્યો હતો. જે ૧૮૩ ફૂટ લાંબો ૮૧ ફૂટ પહોળો અને ૨૦ ફૂટ ઊંડો બનાવવામાં આવ્યો હતો. ત્રીજો જહાજવાડો ઈ.સ. ૧૭૬૦માં તૈયાર કરવામાં આવ્યો હતો. જે ૨૫૬ ફૂટ લંબાઈ, ૫૧ ફૂટ પહોળાઈ, ૩૦ ફૂટ ઊંડાઈ વાળો બનાવવામાં આવ્યો હતો. ઇ.સ.૧૭૬૯માં જુના મોગલ જહાજવાડાની જગ્યાએ મઝાગોન નવો જહાજવાડો બનાવવામાં આવ્યો હતો. જે ૧૫૪ ફૂટ લાંબો અને ૩૦ ફૂટ પહોળો તેમજ ૭ ફૂટ ઊંડો તૈયાર કરવામાં આવ્યો હતો. જહાજવાડાના વહીવટ માટે વિભિન્ન અધિકારીઓની નિમણૂક કરવામાં આવતી હતી.મુંબઈના જહાજવાડાનો વહીવટ એક મુખ્ય શીપ બિલ્ડર અને બે આસિસ્ટન્ટ બિલ્ડરથી ચલાવવામાં આવતો હતો. સુરત થી મુંબઈ આવનાર દરેક કારીગરને મહિને 30 રૂપિયા વેતન આપવામાં આવતું હતું.

**૪.૧. લવજી નસરવાનજી (ઈ.સ.૧૭૧૦ થી ૧૭૭૪)** : લવજીનું સાચું નામ નવરોજી હતું લવજીના ભાઈ સોરાબજી અને પિતાજી પણ વહાણો બનાવવાનું કામ કરતા હતા. લવજી પોતે ઇ.સ.૧૭૨૩માં સુરતના ધનજીભાઈના જહાજવાડામાં એક કારીગર તરીકે જોડાયા હતા. સુરતના જહાજવાડામાંથી મિસ્ટર ડડલી તેમને મુંબઈ લઈ આવ્યા હતા. તેઓ ઈ.સ.૧૭૩૫માં મુંબઈના જહાજવાડામાં મુખ્ય સૂત્રધાર તરીકે જોડાયા હતા. લવજી પોતાની સાથે સુરત થી ૧૨ જેટલા સુધારોને પણ મુંબઈ લઈ આવ્યા હતા. આ સુધારો ને 300 રૂપિયા મહિનાનું વેતન આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ઈ.સ.૧૭૪૨માંલવજીને માસ્ટર બિલ્ડરનો ખિતાબ આપવામાં આવ્યો હતો. લવજી પછી તેના બે પુત્રો માણેકજી અને બોમનજીને પણ વહાણો બનાવવાના ધંધા સાથે સંકળાયેલા હતા. આ ધંધો ઉત્તરોઉત્તર છ પેઢી સુધી ચાલુ રહ્યો હતો. લવજી જહાજ બનાવવામાં ખૂબ જ કુશળ કારીગર જણાતા હતા. લવજીએએ મુંબઈના જહાજવાડામાં પહેલું વહાણ '**The**


**ISBN: 978-81-952708-6-6**

**Restoration'** ગુરાબ પ્રકારનું પ્રકારનું તૈયાર કર્યું હતું. લવજીને ઈ.સ.૧૭૭૪માં '**કોર્ટ ઓફ ડાયરેક્ટરી**' ના પદથી સન્માનિત કરવામાં આવ્યા હતા. લવજીએ મુંબઈની ગોદીમાં 20 લડાયક મનવારો અને ૧૪ સોદાગરી જહાજો મળીને બાર્ક પ્રકાર ૩૪ વહાણો તૈયાર કર્યા હતા. લવજીના સમયમાં મુંબઈના જહાજવાડામાં ૬૦૦ થી ૧૩૦૦ ટનના જહાજો બનાવવામાં આવતા હતા. લવજીને રોજના 50 રૂપિયા વેતન આપવામાં આવતું હતું. લવજી ૧૭૭૪માં અવસાન થયું હતું. લવજીની લાંબાગાળાની જહાજ બાંધકામની સેવા બદલ તેના પુત્ર મનાક્જીને માસ્ટર બિલ્ડરનો ખિતાબ આપવામાં આવ્યો હતો. તેના પરિવારના સભ્યોએ ઈ.સ.૧૮૬૬ સુધી આ ખિતાબ પોતાની પાસે રાખ્યો હતો.

**૪.૨. માણેકજી લવજી (૧૭૨૦ થી ૧૭૯૨)** : બીજા માસ્ટર બિલ્ડરનો હોદ્દો માણેકજી લવજી અને બોમનજીને સંયુક્ત રીતે આપવામાં આવ્યો હતો. ઈ.સ. ૧૭૭૪ થી ૧૭૯૦ સુધી તેઓએ માસ્ટર બિલ્ડરનો હોદો ભોગવ્યો હતો. જેમાં ઈ.સ.૧૭૭૪માં '**nancy'** અને **'Britania'** નામના જહાજોનું નિર્માણ કર્યું હતું. આ વહાણ બોમ્બે કાઉન્સિલના અધિકારીઓ સામે રજૂ કરવામાં આવ્યું ત્યારે માસ્ટર બિલ્ડર માણેકજીને ૧૫૦૦ રૂપિયાનું ઇનામ આપવામાં આવ્યું હતું. ઈ.સ.૧૭૮૩ માં **'Essax'** નામનું વહાણ તૈયાર કર્યું હતું. ઈ.સ. ૧૭૮૩ માં **'Hero', 'Nonmouth', 'Scepter'** નામના જહાજો તૈયાર કર્યા હતા. આ સમયે મુંબઈના જહાજવાડામાં અંગ્રેજ નૌકાદળ માટેના ઉત્કૃષ્ટ વહાણો બનાવવા બદલ વાઇસ એડમિરલ સર એડવર્થ હુગેસએ તેમને સુવર્ણ ચંદ્રકથી બહુમાન કર્યું હતું. ઈ.સ. ૧૭૯૦ સુધીમાં માણેકજી અને મનજીએ ૨૯ જેટલા વહાણો કંપની માટે તૈયાર કર્યા હતા. માણેકજી ૩૦ રૂપિયા અને બમાનજીનને દર મહિને ૨૫ રુપિયા મહિનાનું વેતન આપવામાં આવતું હતું. આવા વહાણ બનાવનાર કુશળ કારીગર માણેકજી ઈ.સ.૧૭૯૨ અને બોમનજી ઈ.સ.૧૭૯૦માં અવસાન પામ્યા હતા.

**૪.૩. ફરામજી માણેકજી (ઈ.સ.૧૭૫૦ થી ૧૮૦૪)** : ત્રીજા માસ્ટર બિલ્ડરનો હોદ્દો સંયુક્ત ભાગીદારીમાં ફરામજી માણેકજીને અને જમશેદજી બોમનજી(૧૭૫૬-૧૮૨૧)ને ઈ.સ.૧૭૯૨માં આપવામાં આવ્યો હતો. ફરામજી અને જમશેદજી એક કુશળ કારીગર તરીકે મુંબઈના જહાજવાડામાં કામ કરતા હતા. જમશેદજીની વહાણ બનાવવાની પદ્ધતિ જોઈને અંગ્રેજ ગવર્નરો આશ્ચર્ય ચકિત થઇ જતા હતા. જમશેદજી એક કારીગર અને સ્થાપત્યકાર પણ હતા. મુંબઈના જહાજવાડામાં જમશેદજીના વર્ચસ્વમાં ઈ.સ.૧૮૦૦માં '**કોર્નવોલીસ**' અને '**વેલેસ્લી**' નામના ફ્રિગેટ પ્રકારના વહાણો તૈયાર કર્યા હતા. આ ઉપરાંત ઈ.સ.૧૭૯૩ માં '**Silly**' અને '**Bombay**' તેમજ ઈ.સ.૧૭૯૫માં **'Hindustan',** ઈ.સ.૧૭૯૯માં **'Kaikasrao'** નામના સ્લુપ પ્રકારના વાહનો તૈયાર કરવામાં આવ્યા હતા. જમશેદજી બોમનજીની વહાણો બનાવવાની સેવા બદલ ઈ.સ. ૧૮૧૧માં તેમને ચાંદીના કપ થી નવાજવામાં આવ્યા હતા. જમશેદજી બોમનજીને ૫૦૦થી ૭૦૦રૂપિયાનું વેતન દર મહિને આપવામાં આવતું હતું.ઈ.સ.૧૮૦૮ તેઓ નિવૃત્ત થયા ત્યારે ૨૦૦ રૂપિયા પેન્શન આપવામાં આવતું હતું.

**૪.૪. કુરશેતજી** : કુરશેતજી મુંબઈના જહાજવાડામાં જોડાયા તે પહેલા તેઓ સુરતના જહાજવાડામાં મુખ્ય સૂત્રધાર તરીકે જોડાયેલા હતા. મુંબઈના જહાજવાડામાં કુરશેતજીને પહેલા આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે નિમણૂક આપવામાં આવી હતી. તેમને આ હોદા ઉપર મહિનાનું 600 રૂપિયા વેતન આપવામાં આવતું હતું. તેઓ મુંબઈના જહાજવાડામાં માટેના જહાજોનાં નકશા પણ તૈયાર કરતાં હતા. તેઓ સ્થપતિ તરીકે કામગીરી પણ કરતા હતા. જેથી તેમને ૮૦ રૂપિયા વધારે ભથ્થું આપવામાં આવતું હતું.

**૪.૫. જમશેદજી બમાનજી** : ઈ.સ. ૧૭૫૦માં તેઓ મુંબઈ આવ્યા હતા. જમશેદજી બમાનજીએ શરૂઆતમાં મુંબઈના જહાજવાડામાં માસ્ટર બિલ્ડર તરીકે જોડાયા હતા. ત્યાર બાદ મુંબઈના જહાજવાડામાં તેમણે તૈયાર કરેલા વહાણો દ્વારા અંગ્રેજ કંપની સાથે ભાગીદારીમાં વ્યાપાર પણ ચલાવતા હતા.

 ISBN: 978-81-952708-6-6

**૪.૬. નવરોજી જમશેદજી (૧૭૭૪-૧૮૬૦)** : નવરોજી જમશેદજીએ માત્ર ૧૬ વર્ષની ઉમરથી જહાજવાડામાં નોકરી પ્રાપ્ત કરી લીધી હતી. જમશેદજીએ મરીન વિભાગમાં ઈ.સ. ૧૭૯૦ થી ૧૮૦૮ સુધીના ૧૮ વર્ષ સુધી હેડ બિલ્ડરનો હોદ્દો સંભાળ્યો હતો. આ સમયે તેમને ૮૦૦ રૂપિયાનું વેતન ચૂકવવામાં આવતું હતું. ત્યારે ઈ.સ. ૧૮૦૮માં તેમની નિમણૂક ચોથા માસ્ટર બિલ્ડર તરીકે કરવામાં આવી હતી. નવરોજી જમશેદજી વર્ચસ્વમાં વિભિન્ન પદ ઉપર અન્ય પારસી કુટુંબ ના સભ્યો કામ કરતા હતા. નવરોજી જમશેદજીના સમયમાં અને '**એશિયા**' નામનું વહાણ બનાવવામાં આવ્યું હતું. **૪.૭. ખુરશેતજી રૂસ્તમજી**

**(ઈ.સ.૧૭૮૮થી ૧૮૬૩)** : ખુરશેતજીની નિમણૂક પાંચમાં માસ્ટર બિલ્ડર તરીકે કરવામાં આવી હતી. ખુરશેતજી મુંબઈના જહાજવાડામાંઈ.સ ૧૭૯૯થી જોડાયેલા હતા. તેમણે ઈ.સ.૧૮૪૮ **'Firoz'**માં નામનું વહાણ ફ્રેગેટ પ્રકારનું, ૧૪૪૦ ટનનું તૈયાર કર્યું હતું. જે ૨૪૦ ફૂટ લાંબુ અને ૬૪ ફૂટ પહોળું હતું. તેના ઉપર ૮ તોપો ગોઠવી શકાતી હતી. ખુરશેતજીના પિતા રુસ્તમમાણેક ઇ.સ.૧૭૬૪ થી મુંબઈના જહાજવાડામાં જોડાયેલા હતા.

**૪.૮. જહાંગીર નવરોજી** : જહાંગીર નવરોજી મુંબઈના જહાજવાડામાં છઠ્ઠા માસ્ટર બિલ્ડર તરીકે જોડાયેલા હતા. તેમને મહિનાનું ૭૦૦ રૂપિયા વેતન આપવામાં આવતું હતું. જહાંગીર નવરોજીએ ઈ.સ. ૧૮૫૭ થી ૧૮૬૬ સુધી નોકરી કરી હતી.

**૪.૯. જમશેદજી ધનજીભોઈ** : જમશેદજી ધનજીભોઈને મુંબઈના જહાજવાડામાં સાતમા માસ્ટર બિલ્ડરનો હોદ્દો ઈ.સ ૧૮૫૭માં આપવામાં આવ્યો હતો. તેઓ તેના પહેલા ઈ.સ. ૧૮૪૪થી જહાજવાડામાં નોકરી કરતા હતા. ઈ.સ ૧૮૬૬ સુધી તેઓ માસ્ટર બિલ્ડરના હોદા પર રહ્યા હતા. ત્યાર પછી ડેપ્યુટી બિલ્ડર તરીકેનો હોદ્દો આપવામાં આવ્યો હતો.

૧૮મી સદીમાં અંગ્રેજ સરકારે લશ્કરી, લડાયક અને સફરી વહાણો મુંબઈના જહાજવાડામાં તૈયાર કરાવી હતી. મુંબઈમાં ફક્ત મજબૂત જ નહિ પરંતુ ટકાઉ અને આકર્ષક વહાણોનું બાંધકામ કરવામાં આવતું હતું. મુંબઈમાં તૈયાર થતાં વહાણો યુરોપની જહાજ બાંધકામ પદ્ધતિ કરતાં ઘણા સારા હતા.

**૫. નિષ્કર્ષ તારણો** :

જહાજવાડામાં પારસી કોમના કુશળ અને નિષ્ણાંત કારીગરો કામ કરતા હતા. પારસી પરિવારે ઈ.સ ૧૮૬૬ સુધી અંગ્રેજોના નૌકાસૈન્ય માટેના વહાણો બનાવવાનું કામ કરતા હતા. તેમાં માણેકજી લવજી, બોમાંનજી લવજી, ફરામજી માણેકજી, જમશેદજી બોમનજી, નવરોજી જમશેદજી, ખુરશેતજી રૂસ્તમજી, વગેરે કુશળ અને કાબીલ કારીગરો અંગ્રેજોના જહાજવાડામાં કામ કરતા હતા. તેમન યોગ્ય વેતન અને પેન્શન પણ આપવામાં આવતું હતું. પારસી કોમના કેટલાક માણસો કારીગરો માંથી જહાજ માલિકો પણ બન્યા હતા. તેવો વિદેશો સાથે પોતાનો વેપાર ચલાવીને સમૃદ્ધ પણ બન્યા હતા. તેમણે મુંબઈના વિકાસમાં બહુમૂલ્ય યોગદાન આપ્યું હતું.

પારસી કોમના લોકોએ જે સાથ–સહકાર આપ્યા તેના કારણે અંગ્રેજો પોતાના નૌકાદળને શક્તિશાળી બનાવી શક્યા હતા. પારસી લોકો શરાફી,,વીમા એજન્ટ, નાણાં ધીરનાર, લાકડાં પૂરા પાડનાર, જહાજ બનાવવાનો સામાન વેચનાર, કુશળ કારીગરો અને જહાજ માલિકો એમ વિભિન્ન સ્વરૂપે મુંબઈના જહાજવાડા સાથે સંકળાયેલા હતા, પારસીઓએ સુરત, મહારાષ્ટ્ર અને કોંકણના વહાણવટાને વિકસાવવામાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ગાઢ રીતે સંકળાયેલા હતા. જહાજવાડામાં વહાણોનું સમારકામ, વહાણોનું બાંધકામ, ખલાસીઓની વહાણ ચલાવવાની નૈતિક તાલીમ તેમજ વહાણવટાને લગતી દરેક પ્રવૃત્તિઓને લગતું કામ કરવામાં આવતું હતું. જહાજવાડામાં વહાણો બનાવનાર કારીગરોને દરેક પ્રકારની સુવિધાઓ પુરી પાડવામાં આવતી હતી. સુરત અને મુંબઇના વહાણવટા તેમજ વહાણ બાંધકામના ઉદ્યોગને વિકસાવવામાં પારસી કોમનો ખૂબ જ મહત્વનો ફાળો હતો.


**ISBN: 978-81-952708-6-6**

**સંદર્ભ સૂચિ :**

1. ઈશ્વરલાલ ઈચ્છારામ દેસાઈ, સુરત સોનાની મુરત, (લેખક પોતે), ૧૯૫૮.
2. ગંગાજળ મહેશ્વર વીરજી, જુનું મુંબઈ,(મુંબઈ), ૧૯૫૬.
3. ચંદ્રકાંત બક્ષી, મહાજાતિ ગુજરાતી, નવભારત સાહિત્ય મંદિર, દ્વિતીય આવૃત્તિ, ૧૯૮૧.
4. ધનવંત ઓઝા, સુરત, ગુજરાત વિદ્યાપીઠ, ૧૯૬૫.
5. નર્મદાશંકર ત્ર્યંબકરામ ભટ્ટ, ખંભાતનું સાંસ્કૃતિક દર્શન, ચરોતર પ્રિન્ટીંગ પ્રેસ, આણંદ,૧૯૭૫.
6. પીલુ નાણાવટ, અનુ. હોરમ સહીયાર દલાલ, પારસી પ્રજા, નેશનલ બુક ટ્રસ્ટ, દિલ્હી, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૭.
7. મોહન વિ. મેઘાણી, સોળમી સદીનું સુરત, ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરત, ૧૯૮૮.
8. મિરસા મુહમ્મદ હસન ઉર્ફે અલી મોહમ્મદ નીઝામુદીન ચિસ્તી ફારૂકી, તારીકે આલિયા-એ-ગુજરાત, મિરાતે અહેમદીની પુરવણી, એન બી એસ બોક ડીપો, અમદાવાદ, ૨૦૦૯.
9. રત્નમણિરાવ જોટે, ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ, ઇસ્લામયુગ-ખંડ-૪, ગુજરાત વિધાસભા, અમદાવાદ, ૧૯૫૯.
10. શિવપ્રસાદ રાજગોર, ગુજરાતના બંદરો, પરિચય ટ્રસ્ટ, મુંબઈ.
11. સ. સવિતાબેન, સુરત ઇતિહાસ દર્શન, ભાગ-૧, સુરત મહાનગર પાલિકા, ૨૦૦૯.
12. હરિપ્રસાદ શાસ્ત્રી, રસિકલાલ છોટાલાલ પરીખ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ભાગ-૪,૫,૬, ભો. જે. વિદ્યાભવન. અમદાવાદ,૧૯૫૮.
13. Ann Bos Radwan, The Dutch in western india 1601-1632, (Firma KLM Private Limited, Calcutta, First Edision, 1978).
14. Balkrishna Govind Gokhale, Surat in the seventeenth century, (Pupular Prakashan, Bombay, First Published, 1979).
15. Carles Rathbone Low, The Indian Navy 1613-1863, (Voll-I, Manas publication,Delhi, First Published, 1877, R.P. 1985).
16. Ed. James Talboy whiller, The Account of Gemeli careri 1651-1725, (Sushil gupta limited, Callcutta, 1956).
17. Ed. Jemes Talboys wheller, The Account of Jahn fryer 1673-81, (Susil gupta, Calcutta, 1956).
18. Ed. Om Prakash, The Treding world of the The Indian ocean 1500-1800, (Voll. III, Part-7, center for studies in civilization, New Delhi, 2012).
19. Ed. Sir E. Denison Ross and Eileen Prwer, Tr. H.A.R. Gibb, Ibn Battuta Travels in Aisa and Africa 1325-1354, (Routl ledge & kegan poul Ltd., Londan, six Inpression, 1969).
20. J.B. Sharma & S.P. Sharma, Parsis in India, (Sublime Publications, Jaipur & Rajstan India first, First Published, 1999).
21. M.S. Naravane, The maritime and coastal forts of India, (APH publishing carporation, New Delhi, First published, 1998).
22. Marine and forest Department, malabar, thana and Dang out word or order book, 1772, Archiver of Maharastra, Mumbai.
23. Mookeryi R.K., Indian Shipping, (Orient long mans, Bombay, Second Adition, 1957).
24. Mukherjee Amitabha, Studies in Indias Maritime Trade, (Through the Ages, (Institute of Historical studies, Calcutta, First Published, 1999).
25. Ray Animesh, Maritime India, Port and Shipping, (Munshiram Manaharlal, Publishers Pvt. Ltd., New Delhi, First Adition, 1993).
26. Ruttonjee Ardeshir Wadia, The Bombay dockyard and The Wadia master Builders, (Second Edition, 1957).


**ISBN: 978-81-952708-6-6**

## ઈડર રાજયના સરદારો અને પટ્ટાદારો

**પટેલ હસમુખભાઈ ભીખાભાઈ**
પીએચ.ડી. સ્કોલર, ઈતિહાસ વિભાગ; હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

ઈડર રાજયમાં રાઠોડના આગમની સત્તા અને કાયદામાં પરિવર્તન આવ્યા હતા. જૂની પુરાણી પરંપરા ભાઈ ભાગ બદલાઈને દરજ્જા પ્રમાણે ગોઠવાઈ હતી. રાજાને શરમમાં નાખીને પણ પટ્ટા મેળવવામાં આવતા ઉદ્ઉપરાંત સેવામાં રૂપમાં પણ પટ્ટા આપવામાં આવતા હતા. અહી મહત્વના બે મુખ્ય પટ્ટાદારની પ્રણાલી હતી. (૧) સરદાર (૨) ભોમિયા

**સરદાર**

જે રાઠોડ સરદારોએ આણંદસિંહજી અને રાયસિંહજીએ જયારે જોધપુર છોડયુ અને ઈડર રાજય પર તેમને કબજો કર્યા ત્યારે તે લોકોએ સૈનિકો અને પૈસા બન્ને કુરબાન કાર્યા હતા.૧૮ જે સરદારોએ આણંદસિંહજી અને રાયસિંહજીની લુંટારૂ વૃતિને સાથ આપ્યો હતો, તે સરદારોની સત્તાઓ જોધપુરના મહારાજા અભેસિંહે ઓછી કરવામાં આવી હતી. ઈ.સ.૧૯૩૧ પછી મોમીનખાન બાબી અને મરાઠાઓ દ્વારા ઈડર પર હુમલા થયા પરંતુ ત્યારે દરેક સરદારો આણંદસિંહજીને વફાદાર રહ્યા હતા. ઈ.સ. ૧૭૩૧ થી ઈ.સ. ૧૭૪૧ વચ્ચેનો સમય ઈડર રાજયના રાઠોડ રાજાઓ માટે મહત્વનો હતો. તેમને આ સમયે રાજયની શકિત મજબૂત કરવાની હતી. બહારના આક્રમણોનો પણ સામનો કરવાનો હતો. મહારાજા સરદારોની આ નિ:સ્વાર્થ સેવાથી ખૂબજ પ્રભાવિત થયા હતા. તેથી પ્રતિકૂળ સંજોગોમાં પણ તેમણે સરદારોને કુટુંબના સભ્ય તરીકે જોડે રાખવાની ફરજ પડી હતી. ઈ.સ. ૧૭૨૮ થી ઈ.સ.૧૭૪૭માં બધાજ રાજપુત સરદારો ભેગા મળીને મહેમાનગતિનો આણંદ ઉઠાવતા હતા. ઈ.સ. ૧૭૪૧માં સરદારોને પટ્ટા અને સૈન્યદળ ભેટમાં આપ્યું હતું. પટ્ટાનો મુખિયો ઈડર રાજય તરફથી નિમાયો હતો. સરદારો સેવા આપતા અને પટ્ટા ભોગવતા હતા. નુકસાન સરદાર અને મહારાજા વચ્ચે વહેંચી લેવામાં આવતું હતું.

ઈ.સ.૧૭૩૧માં આણંદસિંહજીને જન્મ અધિકારીથી ઈડરનું રાજય મળ્યુ હતું. કે જે તેમના વડવાઓ દ્વારા નહોતુ મળ્યુ તેમના મિત્રો અને અનુયાયીઓએ તેમની મદદ કરી હતી અને પ્રતિકૂળ સંજોગોમાં પણ તેમની રક્ષા કરવામાં આવી હતી. મુડેઠીના દરબારે તેમની જાગીરનો મોટોભાગ રાજાને અર્પણ કર્યો હતો. ઈ.સ.૧૭૪૨માં રહેવુર રાજપુતોએ આક્રમણ કરી આણંદસિંહજીને મારી નાખ્યા આ વાતની તેમના ભાઈ રાયસિંહજીને જાણ થતા તેમણે ઈડર પર હુમલો કરી રહેવુરોને ઈડરમાંથી દુર કર્યો હતો. ઈ.સ. ૧૭૪૨માં મહારાજા રાયસિંહજીએ પટ્ટા વહેંચવાનું બંધ કર્યુ હતું. થોડા વર્ષો પછી મહારાજાએ રાજયને જે સરદારોએ નિ:સ્વાર્થ સેવા કરી હતી. તેમણે મહારાજા શિવસિંહજીએ આઠ પટ્ટાઓ (૧) મુડેઠી, (૨) ચંદ્રાણી, (૩) મેહું, (૪) ગાન્ડીયોલ, (૫) ટીંટોઈ, (૬) વાડીયાવી, (૭) મેઢાસણ, (૮) ભાણપુર સરદારોને ભેટ આપ્યા હતા.

આ સમયે શિવસિંહજીએ સરદારોની સાથે મંડળી બનાવી હતી. આથી મહારાજાએ ગાયકવાડને અપીલ કરી કે, તેઓ સીધા સરદારો સાથે વ્યવહાર કરે. આથી ગાયકવાડ આખા ગુજરાતને ભેગુ કર્યું અને તેથી ઈડરના મહારાજા અને સરદારોની ગાયકવાડે તાબામાં લીધા હતા. આથી ગાયકવાડે દરેક જાગીરદારના પટ્ટામાંથી થતી આવકની ગણતરી કરી અને જાગીર ઉપર ખંડણી નકકી કરી આ ખંડણીને 'ઘાસદાણા' તરીકે ઓળખવામાં આવતી હતી. જે દરેક જાગીરદારની આવક ૧ રૂપિયા ઉપર ૬ થી ૮ આના ચૂકવામાં આવતા. આથી દરેક જાગીરદાર તેમની આવક પર ખંડણી ભરતા હતા. ગાયકવાડ જનરલ આપા સાહેબ તેમના કાફલા સાથે ઈ.સ.૧૭૮૮માં ઈડર આવ્યા અને તેમણે ઈડરના મહારાજાને અપીલ કરી કે, ઈડરનો અડધો પ્રદેશ ગાયકવાડ સરકારને આપી દેવો. પરંતુ ઈડરના મહારાજાએ તેમ કરવા અશકિત બતાવી કારણકે, ઈડર રાજય જુદા જુદા સરદારોની મદદથી ચાલતુ હતું આનો મતલબ એ થાય કે ઈડરના


ISBN: 978-81-952708-6-6

મહારાજા તેમના સરદારોને ઈડરની વ્યવસ્થા બનતી હતી. આથી સાદરામાં ગાયકવાડની એજન્સી સ્થપાયી હતી. અને તેમાં સુબાજીની નિમણૂંક કરાઈ હતી. સામંતો અને જાગીરદારોને સાંભળવાનું હતું.

મેજર વૉકરે નોધ્યું હતું કે ગરિપાસ નાના હોય કે મોટા તેઓ રાજયની સ્વતંત્રતાનો પૂરો લાભ ઉઠાવતા હતા. સર્વોપરી સત્તા કયારેય તેમની આંતરિક બાબતોમાં દખલ કરતી ન હતી. તેમને સામાજિક અને ગુનાહિત નર્ણયિોમાં અગણિત સત્તાઓ હતી. દરેક શાંતિ અને પૂરતો હકો ભોગવતા હતા. બહારના સંબંધોમાં તેમને સંપૂર્ણ સ્વાયત્તા આપવામાં આવી હતી. જયાં સુધી મહારાજા શિવસિંહજી ઈડર પર રાજય કર્યું ત્યાં સુધી ઈડર રાજયના સાંમતો સાથેના સબંધો સારા હતા. કયારેય કોઈ ગંભીર પ્રશ્ન ઉદ્ભવ્યો ન હતો કે જેથી તેમના સંબંધો બગડયા ન હતા. અંગ્રેજોના મહીકાઠાંમાં આવ્યા પહેલા બધીજ જગ્યાએ આજ પરિસ્થિતિ હતી. શિવસિંહજીના મૃત્યુ પછી તેમના પુત્ર ગંભીરસિંહજી ગાદીએ બેઠા પરંતુ નાની ઉમરના કારણે તેમના કાકાએ સંગ્રામસિંહજી અને જાલમસિંહજીએ તેમની સત્તાનો વિરોધ કર્યો હતો. તેમણે જમીનો હડપ કરવાની શરૂ કરી હતી. કેટલાક અસંતુષ્ટ સામંતોએ પણ જમીન પચાવી પાડી હતી આ બનાવે ઈડરના ઈતિહાસમાં વિિંચત્ર પરિસ્થિતિનું સર્જન કર્યું હતુ. ૧૮મી સદીના અંત ભાગમાં ઈડર રાજય નબળુ પડી ગયું હતું. ગાયકવાડ સરકાર માટે નાજુક પરિસ્થિતિ ઉદ્ભવી હતી. આ સમયે ગાયકવાડે અંગ્રેજ સરકારને રાજયમાં શાંતી સ્થાપવા અનુરોધ કર્યો હતો તેમાં 'મુલકગીરી' સૈન્ય સમયસર પગાર મેળવતું ન હતું. આ સમયે ગાયકવાડ પાકનો નાશ કરી 'ઘાસદાણા' બળપૂર્વક લઈ જતા હતા. ઈડરના પટ્ટાદારો બદાઈ ગયા હતા. જયારે મહીકાંઠા અંગ્રેજ સરકારના તાબા હેઠળ આવ્યું ત્યારે ગાયકવાડ સાથેના તેમના સબંધોમાં બદલાવ આવ્યો હતો. હવે આખુ મહીકાંઠા અંગ્રેજ એજન્સીના નેજા હેઠળ હતું ત્યારે અંગ્રેજ સરકારેકર્નલ મેજર બુલેન્ટાઈનને કાયદા પાળવા માટે નિમણૂંક કરી હતી. ઈ.સ.૧૮૧૨માં આ રાજનૈતિક દૂતે મહીકાંઠામાં સેટલમેન્ટ કર્યું હતું.

રાજયમાં થતા વિરોધોની અંગ્રેજ સરકાર જોડે ચર્ચા કરવાની રહેશે. જે સરદારો અન જાગીરદારો સીધા અંગ્રેજ સરકારમાં આવી ગયા હતા. તેઓને આ કરાર લાગુ પડતો હતો. અંગ્રેજ સરકારે તેમની સત્તાની જવાબદારી લીધી હતી. તથા અંગ્રેજ સરકાર દ્વારા કેટલીક વાર્ષકિ ખંડણીની રકમ સરદારો પાસેથી ગાયકવાડને આપવી એવું નકકી કર્યું હતું. ઈડર રાજયની જેમ તેના સરદારોએ તેમના વિસ્તારોમાં શાંતી અને ન્યાય જાળવવાનું કામ કરતા હતા. તેના બદલામાં અંગ્રેજ સરકાર તેઓને શાંતીપુર્ણ વાતાવરણ પુરૂ પાડયું હતું. આ કરાર દ્વારા ઈડરે જે નબળા જમીન જમીનદારો પાસેથી જમીન અને ગામ લઈ લીધા હતા તે પાછા આપવામાં આવ્યા હતા. તે આ જમીન ઉપર કાંઈક દાવો કરી શકતા ન હતા. તથા તમામ નાણાકીય વ્યવહાર અંગ્રેજ સરકારને આપવો પડતો હતો. ઈડર રાજયમાં કોઈ પણ જમીનદારનો વિરોધ ઉભો થાય તો ઈડર રાજયે સાંભળવો પડતો અને અંગ્રેજ સરકારને મધ્યસ્થિ રાખી નિકાલ કરવો પડતો હતો.

મહીકાંઠા કરાર ઈ.સ. ૧૮૧૨માં થવા છતાં અંગ્રેજ સરકાર સીધા નિયંત્રણ હેઠળ ન હતા ગાયકવાડનું પહેલાની જેમ સંચાલન ચાલુ જ હતું. આથી ઈડરના મહારાજાને તેમના રાજયના નબળા જાગીરદારો પર સત્તા વધારવા મળી તેઓ કેટલીકવાર તેઓના ખર્ચા જાગીરદારો ને મોકલતા અને 'ખીચડી' વેરો' લાગુ પડતા અને આમાં તેઓની કેટલીક જમીનો મેળવી લેતા. જે તેમને ઈ.સ. ૧૯૧૨માં કરારમાં સહી કરી હતી. તેથી રાજાને કોઈ કહેવાવાળુ ન મળ્યુ રાજાએ છુટો હાથ મુકી દીધો હતો. આવી વર્તનથી મુડેઠી, વાંકાનેર અને ટીંટોઈના સરદારો કાયદા બહારના બન્યા હતા. ઈ.સ.૧૮૨૦માં રાજયમાં અશાંતી અને અવ્યવસ્થા ઉભી થઈ હતી. અંગ્રેજ સરકારને આ રાજયના વર્તન વિષેની માહિતી હતી. આથી રાજયમાં ઈ.સ.૧૮૨૦માં રાજય ઉપર સીધાં નિયંત્રણ મુકવામાં આવ્યા અને કરાર પછી તુરંત જ મુંબઈના ગર્વમેન્ટ માઉન્ટ સ્પર્શ

 **ISBN: 978-81-952708-6-6**

એલ્ફીનસ્પેન મહીકાંઠાની મુલાકાત લીધી અને તેમની અંગત પુછપરછ પછી તા. ૨૮ ફેબ્રુઆરી ૧૯૨૦માં નર્ણયિ લીધો.૨૭ આ નર્ણયિમાં પટ્ટાદારોને પૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી.

ઈડરના મહારાજાની ગેરહાજરીમાં પ્રદાન સૈન્યનો મુખ્ય કમાન્ડર કહેવાતો હતો. દિવાન અને બક્ષી પ્રધાનની સલાહથી જ નર્ણયિ લેતા હતા. પટ્ટાની વહેંચણી પણ રાજા વતીથી પ્રધાન જ કરતો હતો. તેથી પ્રધાન જ ગોઠવણીમાં સૌથી મુખ્ય સ્થાન ભોગવતો હતો. રાજયમાં પ્રધાનની સત્તા વંશ પરંપરાગત કે નકકી કરેલ ન હતી. જેમ કે જેઓ ઉચ્ચ અધિકારી હતા. તે દરેક સૈન્ય અને અમલીકરણની બધીજ સત્તાઓ ભોગવતા હતા. મહારાજા કોઈ પણ વ્યકિત ઉપર પગલાં ભરતાં પહેલા પ્રધાનની હાજરી હોવી જરૂરી હતી. મહારાજાનો હુકમ પ્રધાનની સહી વગર પટ્ટાદારો અને સરદારો માન્ય રાખતા ન હતા, પરંતુ ઘણી વખત ગંભીરસિંહજી આ રીતે પ્રધાનની સહમતી વગર વર્તતા હતા. ઈડરની પટ્ટાદારી વ્યવસ્થા સામંતશાહી પ્રકાર જેવી હતી. જે સ્વચ્છંદ અને મૌલીક સંસ્થા જેવી હતી. બીજા રાજપૂત રાજયમાં સામંતશાહી પધ્ધતિ હતી તે પધ્ધતિ ઈડરમાં જોવા મળતી હતી. જેમ્સ ટોડે કેટલીક અણધારી સમાનતા જોઈ હતી. જેવી કે આદતો, ટેવો, કેટેવો રાજસ્થાનની પ્રણાલી જેવી હતી. તેમની સરખામણી યુરોપની સામંતશાહી જોડે થતી હતી. તેમણે ઘણા બધા ઉદાહરણ મેવાડથી ભેગા કર્યા હતા. જેમાં પ્રથમકક્ષાની 'સોલાલ' જે અમરસિંહ વિસ્તારમાં જાણીતી હતી. આ રાજયનું ભાડુ ૫૦,૦૦૦/–રૂપિયા થી ૧,૦૦,૦૦૦/– રૂપિયા સુધીનું હતું. જેઓ આમંત્રણ ઉપરજ ઉત્સવોમાં અને સમારભોમાં ભાગ લઈ શકતા હતા. જેઓ માત્ર ભીડનો ભાગ જ બની શકતા હતા. બીજી કક્ષા 'બારીસા' જે ૩૦ વસલ સરદાર ધરાવતા હતા. અને તેમનું ભાડુ ૫૦૦૦/–રૂપિયા થી ૫૦૦૦૦/–રૂપિયા સુધીનું હતું.

આ સરદારોમાંથી જમાદાર અને સૈન્યના વડા નિમાતા હતા. બીજી એક કક્ષા જે 'ગોલ' તરીકે ઓળખાતી જે માત્ર ૫૦૦૦/–રૂપિયાના ભાડામાં જમીન રાખી શકતા હતા. તેમાં ગોલના માલીકો અને સ્વતંત્ર જમીન ધારકોનો સમાવેશ થતો હતો. જે રાજાનો ઉપયોગી ભાગ હતો. ૨૯ આ કક્ષામાં ખૂબજ કૃત્રિમ સમાજની રચનામાં દર્શન કરાવે છે. આ વ્યવસ્થામાં દરેક માણસો તેમને મળેલા હક અને સત્તા પ્રમાણે આચરણ કરતા હતા. આ પ્રકારની વ્યવસ્થા દરેક માણસો તેમને મળેલા હક અને સત્તા પ્રમાણે આચરણ કરતા હતા. આ પ્રકારની વ્યવસ્થા સરદાર પટ્ટાદારોમાં પણ હતી. મહારાજા આ સામંતશાહી પધ્ધતિમાં સૌથી ઉચ્ચસ્થાન પર હતા. ઈડર રાજયને મહારાજાએ ભાયાત, સરદાર, પટ્ટાદાર, ભોમિયા સરદાર અને કેટલા ગામો વચ્ચે ભાટ, ચારણ અને બ્રાહ્મણોમાં વહેચણી કરેલ હતી.

**ભોમિયા**

બીજી કક્ષા 'ભોમિયા સરદાર' જે ૨૨ વર્ષે સરદારથી બનતી હતી. જેઓ જુના ઈડરના રાઓ રાજાના સરદાર હતા. ત્રીજી કક્ષા 'જીલાયત' તરીકે ઓળખાતી હતી. જેમની વાર્ષકિ આવક ૧૦૦૦/–રૂપિયા ઓછી હતી. જેઓની સંખ્યા ૧૦૦ની ગણવામાં આવતી હતી. આ લોકોને મહારાજાના આદેશ અનુસાર હાજર થવું પડતુ હતું. તેમણે મહારાજાને કોઈપણ બીજા પટ્ટાદાર વિરૃધ્ધ પગલાં ભરવામાં સૈન્યની મદદ કરવી પડતી હતી. પહેલાના વપરાશ પ્રમાણે તેમણે ત્રણ ઘોડેસવારો રાજાને ૧૦૦૦/–રૂપિયાના ભાડામાં આવતા પડતા હતા. બુલેન્ટાઈનના મત પ્રમાણે તેઓએ તેમના ભાગનો હિસ્સો પુરો કરવોજ પડતો હતો. મારવાડમાં પટ્ટા કેટલીક શરતો પર આપવામાં આવતા હતા. બદલામાં પટ્ટાદારોને સૈન્ય સેવા મારવાડની બહાર પુરી પાડવી પડતી હતી. ઘોડેસવારોએ પટ્ટાદારની કક્ષા અને તેમને મળતા પગારને અનુરૂપ સેવા આપવાની હતી. જેમાં 'રાખ' ના નામે ઘોડેસવારોનો પગાર ૧૦૦૦/–રૂપિયા આપવામાં આવતો હતો.૩૦ ઘણી જગ્યાએ આવા નિયમો ન હતા. ઘણી જગ્યાએ પટ્ટાદારો ઘોડો સિવાય ઉટ અને પાયદળ પણ રાખવુ પડતુ હતું. પટ્ટાદારોને ધારા મુજબ રાજયમાં અમુક રકમ પેશકશ રૂપે ચુકવવી પડતી હતી. આ પેશકશ મેળવ્યા પછીજ પણા આપવામાં હતા. આ રદ કરેલ પટ્ટા ઘણી વખત પાછા આપવામાં આવતા ન હતા. જો પટ્ટાદાર તે સમયની


**ISBN: 978-81-952708-6-6**

પેશકશ આપવા તૈયાર હોય તો મહારાજા તેને યોગ્ય નર્ણયિ કરી પટ્ટા આપતા હતા. ઈડરના મહારાજા દ્વારા રાજપૂત શૈલીથી પટ્ટાની વહેચણી થતી હતી. એ ઉચીત ન હતુ. કે, ઈડર રાજયના પટ્ટાદારોનો રજપૂત પટ્ટાદારો સાથે સરખાવવું ઈડરના મહારાજાની સ્થિતિ અને રાજપૂત રાજાઓની સ્થિતિ અને રાજપૂત રાજાઓની સ્થિતિ સમાન ન હતી માટે રજપૂત રાજાનું રાજય કોઈપણ  દખલ થતી ન હતી. જયારે અંગ્રેજ રાજયની સ્થાપના થઈ ત્યાર પછી સરદારોએ ખંડણી ઈડર તરફણી મોકલવી પડતી હતી. ગંભીરસિંહજીના સમયમાં પટ્ટાદારો પર કેટલાંક દબાણો વધારાયા હતા. જેથી અંગ્રેજ શાસનને લીધે મહારાજાને પટ્ટાદારો પર પકકડ મજબુત થઈ હતી. અંગ્રેજ સરકાર તરફથી મેજર બુલેટાઈન દ્વારા નોધ બનાવી હતી. જેમાં ૩૫ સભ્યો દ્વારા સહી કરવામાં આવી હતી. આ નોંધમાં ગંધીરસિંહના હકોના મથાળા હેઠળ ઘાસદાણલ સુખડીલ ખિચડી વગેરે સંખ્યાબંધ વસ્તુઓ દર્શાવાઈ હતી. ઘાસદાણા અને ખીચડીની હકીકત પટ્ટાદાર દ્વારા દસ્તાવેજોમાં દર્શાવાઈ હતી. જેમાં પટ્ટાદારોએ એકબીજાને વારાફરતી મહેનતાણું મળતુ હતું. જેને કારણે એક બીજાનું રક્ષણ થતું હતું. રાજયમાં રક્ષણદળની બદલીફ થવાથી કોઈપણ સમજપૂર્ણ આક્ષેપો થયા ન હતા. આ સમયે મેજર બુલેન્ટાઈને કહ્યું હતું. કે, રાજયના પટ્ટાદાર વડે મહારાજા સલામી કે ખીચડીના હકો ધરાવતા હતા.

ગવર્નરને પોલિટીકલ એજન્ટની ટીમની પધ્ધતિ પર અવિશ્વાસ હતો. જેમાં પટ્ટાદારોને તેમના હક દર્શાવવા માટે મહારાજાની હાજરીમાં બોલાવવામાં આવતા હતા. આથી મુખિયો મહારાજાની સત્તાનો વિરોધ કરવાની હિંમત કરી શકતો ન હતો. તેમને મળેલ પટ્ટાઓ માટે  માટે મહારાજાનો આભાર માનતા જે વધારે સંતોષકારક હતુ. બધાજ પટ્ટાદારોના મહારાજા જોડે સંતોષકારક સબંધો હતા. બુલેન્ટાઈનના રીપોર્ટ પ્રમાણે બોમ્બે સરકારે પટ્ટાદારો પરના મહારાજાના અધિકારો રજુ કર્યા હતા. પટ્ટાદારી રાજય અને તેઓની સેવાઓ આ દસ્તાવેજમાં દર્શાવાઈ હતી. ઈ.સ. ૧૮૨૨માં મહીકાંઠાના મુખિયાઓ દ્વારા મેજર બુલેન્ટાઈનના લેખોમાં રક્ષણ કરાર દર્શાવ્યા હતા. આ કરાર અંતર્ગત મુખિયા કોઈપણ ગુનેગારને રક્ષણ આપી શકતો નહી કે, કાયદાની ઉપરવટ જઈ શકતો નહી જયારે મહારાજા નાની ઉમરના હતા ત્યારે પટ્ટાદારોએ ઘણા ગામડાઓ પર પકકડ ઈડર રાજયના ખર્ચે મેળવી હતી. આ સમયે મહારાજા ગંભીરસિંહના કાકા જાલમસિંહે કેટલાક ઠાકોરો સામે બં પોકાર્યુ હતું. આ વિષમ પરિસ્થિતિમાં મહારાજાએ રાજયના સરદાર પટ્ટાદાર સાથે રહીને કાબુ મેળવ્યો હતો. મહારાજાએ બળવાખોર પટ્ટાદાર સામે કાર્યવાહી કરી હતી. રાજયની અસ્થિર પરિસ્થિતિને બળપૂર્વક દાબીદેવા માટે પટ્ટાદારની સત્તાઓ છનવી લેવામાં આવી હતી. ઈ.સ. ૧૮૨૨માં મહારાજાએ બધાજ પટ્ટાદારોને બોલાવીને એક કરાર ઉપર સહી કરાવી દીધી હતી.

મેજર બુલેન્ટાઈન અને મહારાજા કરારમાં લખેલી બાબતોની અનદેખી નહોતા કરી શકતા. આ કરારએ એક ગુલામી દસ્તાવેજ સિવાય કંઈજ ન હતં. અને આ કરારમાં સરદારોને કોઈ હોદો આપવામાં આવ્યો ન હતો. આ કરાર મુજબ જે સરદારોની વાર્ષકિ આવક ૧૦૦૦/–રૂપિયાથી વધુ હોય તેમને ત્રણ ઘોડા રાખવાની મંજુરી આપવામાં આવતી હતી. આમાંથી બે ઘોડા દરબારની સેવામાં આપવા પડતા હતા. તેઓ માત્ર એક જ ઘોડો પોતાની મિલ્કતની રાખેવાળી માટે જ રાખી શકતા હતા. જે સરદાર મહારાજાની આ શરતો પાળવામાં અસમર્થ થતા તેમના માટે કરારમાં કોઈ જ જોગવાઈ ન હતી. આ માટે મહારાજા ૩૦૦ સિંદ સિપાઈઓથી બનાવેલ ટુકડી રાખતા હતા. જેના દ્વારા  સરદારો પાસે બળજબરીપૂર્વક સહી કરાવવા દબાણ કરવામાં આવતું હતં. કેટલાક આ કરારને તેમની સત્તાનો નાશ કરનારર ગણાવતા હતા. મહારાજાની સત્તાની શકિતનો કોઈ જ ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો. અંગ્રેજ સરકાર પટ્ટાદારોનું રક્ષણ કરવા માટે તૈયાર હતી. કમનસીબે ખોટી અણસમજના કારણે કર્નલ બુલેન્ટાઈનને ઈડરની સટ્ટાદારો પર લાદી હતી. ઈ.સ. ૧૮૨૨ના કરાર મુજબ બન્ને બાજુએ સમતોલન સાધ્યુ હતું. આ કરારમાં પટ્ટાદારોની સેવાઓ પ્રસ્થાપીત કરાઈ હતી. ત્યારે રાજાની ફરજો દર્શાવાઈ ન હતી. ટુંકમાં પટ્ટાદારોની સ્થિતિ રાજાની

 **ISBN: 978-81-952708-6-6**

ઈચ્છા પરજ આધાર રાખતી હતી. ડાયરેકટર કોર્ટ માનતી હતી. કે કર્નલ બેલેન્ટાઈન મહારાજાની તરફેણ કરતા હતા. તેમનું શોધખોળ પરિણામ લાવવામાં તદ્ન નિષ્ફળ ગયા હતા. તેમના રિપોર્ટ પટ્ટાદારોને મળેલ સત્તા ઈડરના રાજાને કારણે ઓછી ગુણવતા વાળી અને ઓછી ચડીયાતી હતી. આથી પટ્ટાદારો વિશેષ સત્તાઓ રાજયમાં ભોગવી શકતા ન હતા. અચાનક મેજર બેલેન્ટાઈને પટ્ટાદારો સાથે તેમનું કામ શરૂ કર્યુ હતું. કેપ્ટન માઈકલ ટોડે યુરોપની પધ્ધતિનો અભ્યાસ કર્યા હતો. જે રાજયે રાજયે અલગ અલગ હતા.

મેજર બુલેન્ટાઈનને પટ્ટાદારોને સેવામાં આપેલા ઘોડાઓનું લીસ્ટ તૈયાર કર્યું હતું. એક રીપોર્ટ પણ તૈયાર કર્યા હતો આ રિપોર્ટ મુંબઈ સરકારને જમા કરેલ હતો. આ રીપોર્ટ તેમણે ઈ.સ. ૧૮૨ના કરાર પરથી બનાવ્યો હતો. મુંબઈની સરકારે આ રીપોર્ટ ઈગ્લેન્ડની સરકારને મોકલી આપ્યો હતો. મુંબઈ સરકારે મિ. બુલેન્ટાઈનની ખામીઓ શોધી હતી. તેમણે સરદાર પટ્ટાદારોને બચાવવાનો કોઈ જ પ્રયત્ન કર્યા ન હતો. તેમણે માત્ર પટ્ટાદારો દ્વારા ભોગવાતી ૪૦–૫૦ વર્ષ વિશિષ્ટ જાણ કરી હતી. પરંતુ મુખ્ય ન્યાયાલયો બધા માટે મહારાજા ગંભીરસિંહજીને જવાબદાર ઠેરવ્યા હતા. તેઓ બીજા કોઈ પણનો મત (મિ. બુલેન્ટાઈન, કેપ્ટન માઈસ કે બીજાનો મત) માન્ય રાખ્યો ન હતો. તેથી તેમણે મુંબઈ સરકારને અસ્થિર પટ્ટાદારોના હકકો વિશે જાણ કરી હતી. સરદારને બધા કે થોડા છુટકારના વિશિષ્ટ હકક જકાત, નાણા અને નૈતિક સેવાઓ પુરવાર કરવાનો મોકો આપવામાં આવ્યો હતો. સુરદારોને ઈડર રાજયમાં લોકલ જકાતના વિશિષ્ટ હકક પુરવાર કરવા કહેવામાં આવ્યું હતું. આ માહિતી સાથે મુંબઈ સરકારે કર્નલ બુલેન્ટાઈનને જે પટ્ટાદારોની જુની સત્તાની ચાલતા હોય તેવા પટ્ટાદારોને અલગ દર્શાવી શકે તે માટે ફરીથી સ્થાપિત કરવા દર્શાવ્યુ હતુ.

અંગ્રેજ સરકારના પરિણામ માટે મિ. વિલિયમ્સને પણ તેની કાર્યવાહીના પરિણામ જમા કરાવવાનું કહેવામાં આવ્યુ હતુ. ધીરે ધીરે મહિકાંઠા એજન્સી મર્યાદિત સમય માટે બંધ કરાઈ હતી. અને મિ. વિલિયમ્સ ડાયરેકટર તરીકે ગુજરાતના કમિશ્નરના હોદો બધી જ વાબદારી સંભાળી લીધી હતી. તેઓ પાછળથી વડોદરામાં સ્થાયી થયા હતા. આથી તેઓ ઈડરના મામલે ધ્યાન આપી શકતા ન હતા. હકીકતમાં તેઓ ઈડર અને અમદાવાદની ગોઠવણી અને વ્યવહારના સિધ્ધાંતો પુરા કરવા નિમાયેલા હતા. પરંતુ મહારાજા ગંભીરસિંહજી ઈ.સ.૧૮૩૩માં મૃત્યુ બાદ તેને પડતો મુકવામાં આવ્યો હતો.

મહારાજા ગંભીરસિંહજીના મૃત્યુ પછી બધી જ સત્તા 'છોજુરામ' ના હાથમાં આવી ગઈ હતી. જે ખરાબ ચારિત્ર્યનો માણસ હતો. તેથી ઈ.સ.૧૮૩૩માં રાજયમાં અવ્યવસ્થા વ્યાપી ગઈ હતી. તેનો સામનો કરવો પડયો હતો. કોળી અને બીજા કેટલાક લુટારું લોકો રાજયમાં અંધાધૂંધી ફેલાવતા હતા. જેમાં રૂપાલના ઠાકોર અને ટીંટોઈના ઠાકોરએ નજીકના વિસ્તારમાં લૂંટફાટ શરૂ કરી લીધી હતી. ઈડરનું બગડેલુ વ્યવસ્થા તંત્ર કારભારી અને પ્રમુખની અણ આવડત રજૂ કરતું હતું. આ સંજોગોમાં ઈડરની મહારાણીએ ઈડરને સરકારના જોડાણમાં મૂકવા માટે કેપ્ટન આઉટરામને અરજી કરી હતી. અવ્યવસ્થાના સમયમાં ટીટોઈના ઠાકોરે પોતાની સત્તાને ઈડરના નિયમો અને ગાયકવાડ વડે સ્થપાયેલા નિયોમોથી અલગ કરી લીધી હતી. આથી આ સુધારાઅ સ્વતંત્રતાની ભાવનાને વધુ પ્રબળ કરી હતી. અંગ્રેજ સરકારે તેની ઘટતી કાયદાકીયતા રોકવા ઘણા બુધ્ધિપૂર્વકના ફેરફારો અમલમાં મૂકયા હતા. અંગ્રેજ સરકારે કાયદાને અનુરૂપ બધાની સમસ્યાની ચકાસણી કરી તેનો ન્યાય આપવાની ખાતરી આપવામાં આવી હતી. ઈ.સ.૧૮૩૬માં અંગ્રેજ સરકારે મહારાજા અને પટ્ટાદારોના સબંધો ઉપર દસ્તાવેજ તૈયાર કરવા જણાવ્યું હતું. પરંતુ આ બાબત રાજનૈતિક કારણોને લીધે અમલમાં આવ શકી ન હોતી.

**સંદર્ભસૂચિ**

1. બી.એચ. ગોડાસરા– ''અરવલ્લી દર્શન સાબરકાંઠા'' જિલ્લા વહીવટ પ્રશાસન અને જિલ્લા પ્રવાસન વિકાસ સમિતિ, હિંમતનગર, ૨૦૦૬, પૃ–૬૯–૭૧

 ISBN: 978-81-952708-6-6

2. (ર્ડા.) આચાર્ય એન એ. – "ગુજરાતના ધર્મ સંપ્રદાયો", યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૯૧
3. કુપાવત જે.બી. – "રાઠોડ વંશ પરિચય", કુપાવત રાઠોડ ઈતિહાસ ઈડર રાજય, હિમતનગર, ૨૦૦૭
4. Master F.S. – " The Mahikantha derectory", Vol – I, Ahmedabad, 1992
5. શાહ દામોદર રેવિદાસ – "જમીન જાગીરનો ભોમિયો", અમદાવાદ, ૧૯૨૭

 ISBN: 978-81-952708-6-6

# જામ રણજીતસિંહનાં સમયમાં જામનગરમાં શિક્ષણ ક્ષેત્રે થયેલ વિકાસ

જીગ્નેશ પી. કટારા
Ph.D. Research Scholar; ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ
માર્ગદર્શક: ડૉ. વિક્રમસિંહ અમરાવત

**પૂર્વભૂમિકા**

ઈ.સ. 1822થી સૌરાષ્ટ્રના દેશી રજવાડા પર બ્રિટિશ સર્વોપરિતા સ્પષ્ટ રીતે સ્થપાઇ હતી જામનગર કે નવાનગર પણ સૌરાષ્ટ્રનાં દેશી રજવાડાંમાં મહત્વનું રજવાડું હતું.પહેલા કાઠીયાવાડ કે સૌરાષ્ટ્ર અલગ વિસ્તાર તરીકે ઓળખાતું હતું. તેમાં પણ સોરઠ,હાલાર,ઝાલાવાડ,ગોહિલવાડ અલગ મહત્વ ધરાવતા વિસ્તારો હતા.હાલાર વિસ્તાર એ મૂળ કચ્છના જાડેજાઓ એ સ્થાપેલો હતો. કાઠિયાવાડના વાયવ્ય ખૂણામાં આવેલ પ્રદેશ જામરાવળે મેળવી પોતાના પૂર્વજ હાલાજી ના નામ ઉપરથી તેનું નામ હાલાર રાખ્યું હતું અને નાગના બંદર પાસે નવાનગર શહેર ઇ.સ. 1540 મા વસાવ્યું.

જાડેજાઓમાં જામ ની પદવી જામનગરના શાસક જ ભોગવે છે.'જામ' એટલે 'શ્રેષ્ઠ' સર્વ રાજ્યોમાં શ્રેષ્ઠ રાજક એમ એનો અર્થ સંભવે છે તે જામ નું નગર એટલે જામનગર કાઠિયાવાડના પશ્ચિમ પ્રદેશમાં જામ રાવળ સત્તા સ્થાપી.

**જામનગરનું ભૌગોલિક સ્થાન**

જામનગર રાજ્ય 21.47' અને 22.57' ઉત્તર અક્ષાંસ અને 68.57' થી 70.37'પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે આ ભૌગોલિક વિસ્તાર 14,215 ચો.કિમી નો છે. જામનગર જિલ્લામાં કુલ 10 તાલુકાઓ આવેલા છે શહેરની ઉત્તર પશ્ચિમ તરફ બંદરો તથા નદીઓ હોવાથી પાણીની મુશ્કેલી નહિંવત રહે છે. જોડીયા,સંચાના,બેડી,સરમત,વાડિનાર,સલાયા,ઓખા જેવા બંદરો વેપાર અર્થે ઉપયોગી બન્યા છે. રંગમતી,નાગમતી,ફુલજર,સિંહણ,રૂપારેલ,ડેમી જેવી મુખ્ય નદીઓ નો લાભ જામનગર ને મળે છે. બરડા,ગોપ,દલાસા,અલોચની ડુંગર માળા પણ આવેલી છે. જામનગર ની આબોહવા માફસર ની છે. દરિયાઈ કિનારો અને તળાવના કારણે આબોહવા સમઘાત રહે છે ઉનાળામાં ગરમી નહીં અને શિયાળામાં ઠંડી નહીં શહેરનો ચોમાસુ મધ્યમ જોવા મળે છે. આમ આવી ભૌગોલિક પરિસ્થિતિની સાનુકૂળતા ને કારણે જામનગર રાજ્યનો વિકાસ ઝડપી બન્યો હતો.

**જામ રણજીતસિંહ**

જશવંત સિંહના મૃત્યુ બાદ વિભાજી ના બીજા દત્તક પુત્ર રણજીતસિંહે નવાનગરની ગાદી એ તા ૧૧-૩-૧૯૦૭ ના રોજ આવ્યા.

જામ રણજીતસિંહનો જન્મ ૧૦મી નવેમ્બર ૧૮૭૨માં થયો હતો. જામ રણજીતસિંહે શિક્ષણ રાજકોટની રાજકુમાર કોલેજમાં અને પછીથી ઇંગ્લેન્ડની કેમ્બ્રિજ યુનિવર્સિટીની ટ્રિનિટી કોલેજમાં લીધું હતુ. ઇંગ્લેન્ડમાં પોતાના અભ્યાસ દરમિયાન તેમણે અભ્યાસની સાથે સાથે ક્રિકેટની પરદેશી રમતમાં એક રમતવીર. તરીકે પ્રસિદ્ધિ મેળવી. સમયે એવું કહેવાતું કે કાળી ચામડી વાળા ક્રિકેટ શું ખેલી જાણે એવી અંગ્રેજ પ્રજાની છાપ તેમણે ભૂંસી નાખી. અંગ્રેજોની ટીમમાં રહીને તેમણે અનેક દેશોનો પ્રવાસ કર્યો હતો તે સમયના એક મહાન ક્રિકેટર હતા તેથી તેઓ રણજી ના હુલામણા નામથી પ્રસિદ્ધ થયા હતા.

ભારતભરમાં રમાતી 'રણજી ટ્રોફી' સ્પર્ધાએ જામ રણજીતની સ્મૃતિને ચિરંજીવી બનાવી દીધી હતી. તેથી તેમણે રાજગાદીની આશા રાખી ન હતી. કારણકે રણજીતસિંહને મન ક્રિકેટ કારકિર્દી પાસે રાજગાદી બહુ નાની પડી હતી અને તે એવું જ માનીને ઇંગ્લેન્ડની ધરતી પર ક્રિકેટ રમતા કે રાજગાદી મળવાની જ નથી. તેવા સમયે જ તેમને રાજગાદી મળ્યાનો તાર મળ્યો હતો


**ISBN: 978-81-952708-6-6**

જામ રણજીતસિંહજી ઈ.સ 1895 થી 1904 સુધી તેમણે ઇંગ્લેન્ડમાં રહીને ક્રિકેટની રમતમાં ઘણી પ્રસિદ્ધિ મેળવી હતી સાથે સાથે વિદ્યાભ્યાસમાં પણ તેઓ 'બેરિસ્ટર-એટ-લૉ' થયા હતા. ક્રિકેટની અનેક મેચોમાં તેમની સિદ્ધિઓ માટેની અનેક કવિતાઓ પણ રચાઈ હતી જેવું કે........

કર મે ક્રિકેટ બેટ ગૃહી જબ હિટ દેત
બોલકું કરન કેચ હિંમત હટ જાત હૈ,
ઓવર ઓર અંડર હેડ ગ્રાઉન્ડ બોલ આદિકકું,
રાય રણજીત જામ બેટ ફટકાત હૈ,
બાઉન્ડ્રી બિના નહિ, બહાદુરકો ધાવ બીજો,
ફિલ્ડિંગ ભરનાર સો, બિમાર બન જાત હૈ
બોલર બિચારો નહી સ્ટીકકું હટાય શકત,
પીછે પ્રતિપચ્છી સબ મનમે મૂર્ઝાત હૈ.

**શિક્ષણ**

૧૯મી સદીમાં રણમલજી (1820-1952) વિભાજી (1852-1903) જશવંતસિંહજી (1903-1906) રણજીતસિંહ (1907-1933) દિગ્વિજયસિંહ (1933-1948) જેવા રાજવીઓ જામનગરની ગાદીએ આવ્યા.

જામ રણજીતસિંહ 1907-1933 દરમિયાન જામનગરની ગાદીએ આવ્યા. તેમણે પોતાના શાસનકાળ દરમિયાન શિક્ષણના વિકાસ તરફ ધ્યાન આપ્યું હતું. જામનગર રાજ્યના રાજવી રણજીત સિંહ 1907-1933 સુધીના 26 વર્ષના શાસનકાળમાં વિવિધ ક્ષેત્રે સુધારાઓ કરી જામનગરનો આધુનિકીકરણ કરવાનો પ્રયત્ન કર્યો હતો. તેથી તેમણે આધુનિક જામનગરના ઘડવૈયા કહેવામાં આવે છે.

જામનગર રાજ્યમાં ગુજરાત સૌરાષ્ટ્રના અન્ય ભાગોની જેમ બ્રાહ્મણ મહેતાજીની ધૂળી નિશાળોમાં શિક્ષણ આપવામાં આવતો હતો. આવી નિશાળો ખાનગી ધોરણે ચાલતી હતી.

જામનગર એક જમાનામાં સંસ્કૃત અભ્યાસ માટે છોટી કાશી તરીકે પ્રસિદ્ધ હતું. સૌરાષ્ટ્રના બ્રાહ્મણ વિદ્યાર્થીઓ સંસ્કૃતનાં અભ્યાસ માટે જામનગર આવતા. જામનગર એ સમયે સંસ્કૃત ભાષાના અભ્યાસ માટે મહત્વનું કેન્દ્ર હતું. જામ રણમલજી બીજાના સમયમાં થયેલા સંસ્કૃતના પ્રખર પંડિત કેશવજી શાસ્ત્રીનું રહેઠાણ સંસ્કૃતના અભ્યાસ માટે આવેલ વિદ્યાર્થીઓથી હંમેશાં ભરચક રહેતુ. શાસ્ત્રીજીનું ઘરએ જામનગરની પ્રથમ પાઠશાળા હતી. પંડિત કેશવજી શાસ્ત્રી પાસેથી સંસ્કૃતનો અભ્યાસ કરનારાઓમાં માંડવીના શાસ્ત્રી વિશ્વનાથ વલ્લમજી, શાસ્ત્રી કાળીદાસ ગોવિંદજી, શાસ્ત્રી ઘેલુભાઇ જટાશંકર વૈદ્ય, વિશ્વનાથ વિઠ્ઠલજી, આચાર્ય શંકરલાલ માહેશ્વર અને હાથીભાઈ શાસ્ત્રીનો સમાવેશ થાય છે.

વીસમી સદીની શરૂઆતથી જ જે તે રાજ્યને કેળવણી ખાતાનો હવાલો સોંપવામાં આવ્યો હતો. જેના કારણે સૌરાષ્ટ્રના દેશી રજવાડાઓએ પ્રાથમિક શિક્ષણના વિકાસ માટે ઘણા પ્રયત્નો કર્યા હતા. જામનગર રાજ્યના રાજવી જામ રણજીતસિંહજી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલા અને પ્રગતિમાન વિચારસરણી ધરાવતા રાજવી હતા. શ્રી જામસાહેબ સત્તા પર આવ્યા પછી શિક્ષણમાં વિસ્તરણની નીતિ અપનાવી હતી.

રણજીતસિંહ સત્તા સંભાળી ત્યારે 1907 માં નવાનગર રાજ્યમાં 118 પ્રાથમિક શાળા હતી જે ઇ.સ. 1931 માં 217 ની થઈ હતી. ૧૯૦૭માં કુલ-૧૩ કન્યાશાળાઓ હતી જેમાં 1,286 કન્યાઓ શિક્ષણ લેતી હતી.

જામનગર રાજ્યમાં 1911 થી પ્રાથમિક શિક્ષણ મફત કરવામાં આવ્યુ હતું. ત્યારબાદ ધ્રોલ રાજ્ય દ્વારા ૧૯૧૪માં પ્રાથમિક શિક્ષણ મફત કરવામાં આવ્યું હતું

મહારાજા જામ સાહેબના ૪૩ માં જન્મ દિવસે જાહેરાત કરવામાં આવી હતી કે હવેથી માધ્યમિક શિક્ષણ મફત આપવામાં આવશે. જેથી માધ્યમિક શિક્ષણમાં સારો વિકાસ થયો હતો. નવાનગર રાજ્યએ 1916માં માધ્યમિક શિક્ષણ મફત જાહેર કર્યું હતું. મહારાજા જામસાહેબના એવા પ્રયત્નો હતા કે શિક્ષણમાં

 ISBN: 978-81-952708-6-6

એવા વિષય દાખલ કરવા જોઈએ કે જે વ્યક્તિને જીવનમાં ઉપયોગી બને, વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી, ટેકનિકલ શિક્ષણમાં તેઓ તૈયાર થાય તેવી તેમની ઇચ્છા હતી.

જામ વિભાજીએ નવાનગર રાજ્યમાં મહારાણી વિક્ટોરિયાના સિલ્વર જ્યુબિલી પ્રસંગે કન્યા શાળાની સ્થાપના કરી, કન્યા કેળવણીનો પ્રારંભ કર્યો હતો. આ કન્યા શાળાની સ્થાપના 1887ના રોજ કરવામાં આવી હતી. આ કન્યા શાળાનું નામ વિક્ટોરિયા જ્યુબિલિ સ્કૂલ એવું રાખવામાં આવ્યું હતું. ઇ.સ. 1901-2માં રાજ્યમાં કન્યાઓને પ્રાથમિક શિક્ષણ આપતી સંસ્થાઓ ૧૨ હતી જે વધીને 1909-10 માં ૧૪ ની થઈ હતી. પ્રાથમિક શિક્ષણ રાજ્ય દ્વારા મફત કર્યા બાદ તેની અસર કન્યા શિક્ષણ પર પડી હતી. આમ જામ રણજીતસિંહજીના સમયમાં કન્યાઓ માટેની માધ્યમિક શાળા પાયો નખાયો હતો. આ કન્યા શાળાનું ભવ્ય અને કલાત્મક મકાન લોકફાળામાંથી બાંધવામાં આવ્યું હતું. જે ઇમારતે 'જામનગરના રત્ન' તરીકે નામના મેળવી હતી. આમ 1910-1944 સુધીના ગાળામાં કન્યા કેળવણી આપતી શૈક્ષણિક સંસ્થાઓમાં વધારો થયો હતો.

જામનગર રાજ્યમાં આઝાદી પૂર્વે ઉચ્ચ અભ્યાસ માટેની એક પણ કોલેજ ન હતી. તેથી મૅટ્રીકની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે અન્ય સ્થળે જવું પડતું હતું. ઉચ્ચ અભ્યાસ માટે તેમણે શિષ્યવૃત્તિ આપવામાં આવતી હતી. આથી વિદ્યાર્થીઓ અભ્યાસ માટે ભાવનગરની શામળદાસ કોલેજ તથા જૂનાગઢની બહાઉદ્દીન કોલેજ તથા અમદાવાદની ગુજરાત કોલેજ અને અન્ય કોલેજોમાં ઉચ્ચ શિક્ષણ માટે દાખલ થતા હતા.

આમ, રાજ્ય દ્વારા ઉચ્ચ શિક્ષણની ઘણી સવલતો પુરી પાડવામાં આવતી હતી. પરંતુ છેક આઝાદી મળી ત્યાં સુધી જામનગરમાં એક પણ ઉચ્ચ શિક્ષણ માટેની કોલેજ ખોલવામાં આવી ન હતી. જૂનાગઢ અને ભાવનગરની જેમ કોલેજની સ્થાપના માટેની બધી અનુકૂળતા જામનગરમાં હતી. તેમ છતાં જામનગરમાં ઉચ્ચ શિક્ષણ માટે એક પણ કોલેજ સ્થાપવામાં આવી ન હતી. તે બાબતે આશ્ચર્ય થાય.

**જામ રણજીતસિંહના મહત્વના કાર્યો**

જામ રણજીતસિંહ ઈ.સ 1918માં મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ સુધારાની પૂર્વ દેશી રાજ્યમાં રાજવીઓ તરફથી સુધારાઓની યોજના દાખલ કરવા માટે ચાર રાજાઓને ચૂંટવામાં આવ્યા હતા તેમાંના એક રણજીતસિંહ હતા.

ઈ.સ. 1920, 1922 અને 1923માં તેઓ રાજાઓના પ્રતિનિધિ તરીકે જીનિવામાં લીગ ઓફ નેશન્સની બેઠકમાં હાજરી આપવા ગયા હતા. અને થોડા વર્ષો બાદ ઈ.સ. 1930 અને 1931માં તેઓ લંડનમાં ગોળમેજી પરિષદમાં પણ ગયા હતા. તેઓ નરેન્દ્ર મંડળના સભ્ય તો હતા જ, પરંતુ 1932માં તેઓ તેના ચાન્સેલર (પ્રમુખ) નિમાયા હતા. નવાનગર રાજ્યમાં જામ રણજીતસિંહના સમયમાં બધા ધર્મના લોકો હળીમળીને ઉત્સવોની ઉજવણી કરતા. જેમાં જન્માષ્ટમી, નવરાત્રી, મોહરમ, સંવત્સરી કે પછી ઈદ હોય બધા ધર્મના તહેવારો ને ખૂબ ઉત્સાહભેર ઉજવતા હતા. તેમના શાસનનાં 25 વર્ષ પુરા થયા તે સમયે રજત-જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આમ જામ રણજીતસિંહ એક ઉત્સવપ્રિય રાજવી પણ હતા.

નવાનગરની ગાદી સંભાળ્યા બાદ જામ રણજીતસિંહે પોતાનું ધ્યાન જામનગર શહેરના વિકાસ તરફ આપ્યું હતું. જેના કારણે એટલું બધું રમણીય બની ગયું હતું કે તેને 'સૌરાષ્ટ્રના પેરીસ'ની ઉપમા આપવામાં આવી હતી.

**ઉપસંહાર**

જામ રણજીતસિંહ સત્તા પર આવ્યા બાદ તેમણે જામનગર શહેરના વિકાસ ઉપર ભાર મૂક્યો હતો તેમના સમયમાં શિક્ષણને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. રણજીતસિંહના સમયમાં પ્રાથમિક તેમજ માધ્યમિક શિક્ષણ મફત કરવામાં આવ્યું હતું જેના દ્વારા શિક્ષણમાં ઉત્તરોત્તર વધારો થયેલો જોવા મળે છે.

 ISBN: 978-81-952708-6-6

આમ 19મી સદીના ઉત્તરાર્ધમાં જામનગર રાજ્યમાં શિક્ષણનો નોંધપાત્ર વિકાસ થયો હતો. પરંતુ ઉચ્ચ શિક્ષણ માટેની બધી જ અનુકૂળતા હોવા છતાં, રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ માટે કોઈ પગલા લીધા ન હતા. રાજાની પ્રજાને અન્ય રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ લેવા માટેની ફરજ પડી હતી.

**<u>સંદર્ભ સૂચિ ગ્રંથ</u>**

1. ગેઝેટિયર ઓફ ધ બોમ્બે પ્રેસિડેન્ટ – જે. ડબ્લ્યુ. વોટસન વોલ્યુમ 8
2. કવિ રતનું માવદાનજી ભીમજીભાઈ, યદુવંશ પ્રકાશ અને જામનગરનો ઈતિહાસ
3. દેસાઈ શંભુપ્રસાદ હરપ્રસાદ, સૌરાષ્ટ્ર નો ઇતિહાસ., સોરઠ શિક્ષણ અને સંસ્કૃતિ સંઘ જુનાગઢ-1868
4. નારણદાસ પી ઠક્કર, જામનગર કાલ અને આજ,1966
5. જોષી હરકિશન, નગર નવાનગર જામનગર, દ્વિતીય આવૃત્તિ
6. Jamnagar District Gazatteer,op.ct
7. માકડ ડોલરરાય, જામનગરનો ઈતિહાસ,અલીયાબાડા, 1972
8. માધવાણી રતિલાલ, જામનગરની યશગાથા, જામનગર, 1983
9. જાની એસ,વી સૌરાષ્ટ્રનો ઈતિહાસ,બીજી આવૃત્તિ,, 2007
10. દેસાઈ શંભુપ્રસાદ હરપ્રસાદ, તારીખે સોરઠ વ હાલાર જુનાગઢ,1978
11. ખાચર પ્રદ્યુમન, કાઠીયાવાડ સર્વસંગ્રહ, જુનાગઢ, 1886

 **ISBN: 978-81-952708-6-6**

# "ગેરનો મેળો" કવાંટ

ડૉ સાબતસિંહ લક્ષ્મણસિંહ પટેલ
શ્રી મુક્તજીવન સ્વામીબાપા આર્ટસ કોલેજ
વાઘજીપુર, ઈતિહાસ વિભાગ.

**૧. પ્રસ્તાવના :**

ગેરનો મેળો હાલમાં છોટાઉદેપુર જીલ્લાના કવાંટ ખાતે ભરાય છે. ગેરનો મેળો ભારતમાં જ નહીં પરંતુ વિશ્વભરમાં ખ્યાતનામ છે. આ મેળાનું મુખ્ય આકર્ષણનું કેન્દ્ર હોળીના તહેવાર (પર્વ) દરમ્યાન ભીલ આદિવાસીઓ ઘેરૈયા બની ધાર્મિક તપસ્યા, સાધના તેઓ ઘર-પરિવારની બહાર ગામની સીમમાં ઘેરૈયા બનીને પાંચ દિવસ સુધી સાધના કરતાં હોય છે. આ દરમ્યાન આ ભીલ આદિવાસીઓ ગૈર નૃત્ય પણ કરતાં હોય છે. આ ઘેરૈયાના નૃત્યને જોવા માણવા દેશ-વિદેશમાંથી સહેલાણીઓ આ મેળામાં ભાગ અચૂક આવતાં હોય છે.

**૨. હોળીના તહેવારનું મહત્વ :**

ભારતમાં ખાસ કરીને પશ્ચિમ ક્ષેત્રમાં એટલે કે ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં ભીલોની સારા પ્રમાણમાં વસ્તી જોવા મળે છે. આ ભીલ આદિવાસીઓમાં હોળીના તહેવારનું ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક રીતે અનેરું મહત્વ રહેલું છે. આ હોળીના તહેવારમાં દેશના કોઈપણ ખૂણામાં રહેતો ભીલ આદિવાસી સમાજ લોકો હોળીના પર્વ દરમ્યાન પોતાના વતનમાં અવશ્ય આવતાં હોય છે. પોતાના પરિવાર સાથે આ હોળી ના તહેવારની ઉજવણી કરતાં હોય છે. ભીલ આદિવાસીઓ આખા વર્ષ દરમ્યાન થયેલ ગંભીર બીમારીથી સારા થવા તેમજ પોતાના પરિવાર, ખેતીવાડી, ઢોર-ઢાંખર વગેરે સારા રહે તેવી માનતાઓ, બાધાઓ અને માન્યતાઓ વગેરે રાખતા હોય છે. તે બધી માનતાઓ હોળી પ્રગટાવવાથી આ બધી માનતાઓ પૂરી થાય છે. અને અગિયારસ થી પાંચમ સુધી તેઓ ઘેરૈયા બની સાધના કરતા જોવા મળે છે. સાથે-સાથે મેળાઓમાં તેઓ ઘેરૈયા નૃત્ય કરતાં જોવા મળે છે.

મોટાભાગના મેળાઓની તૈયારી હોળીના એક મહિના પૂર્વે "ડાંડ" (એક પ્રકારનો થાંભલો રોપવો) રોપાયાની સાથે તૈયારી શરૂ કરી દેવામાં આવે છે. આ ડાંડ રોપવાની શરૂઆત "મહા" મહિનાની પુનમ થી થાય છે. એટલે કે હોળીના એક મહિના અગાઉ હોળીની તૈયારીઓ આરંભી દે છે કે હોળીના વધામણાં કરી દે છે. જ્યારે હોળીનો ડાંડ રોપાય ગયા બાદ ભીલ આદિવાસીઓ કોઈ પણ શુભ પ્રસંગો ઉજવતાં નથી. જેમ કે, લગ્ન, ગોળ-ધાણા, પાતુ, ગામના ઇષ્ટદેવ, ઘરમાં પુજા, ખત્રી દેવની પુજા સ્થગીત કરી દેવામાં આવે છે. આ બધા પ્રસંગો હોળી બાદ પાંચમ પછી શરૂ થાય છે.

**૩. ભંગુરિયાના હાટ :**

આ વિસ્તારમાં હોળી પહેલા અઠવાડિયાક હાટ ભરાય છે. જેને ભંગુરિયાના હાટ કે ભંગુરિયા પર્વ તરીકે ઓળખાય છે. જે હોળીના પર્વ અગાઉ વિવિધ નગરો, મોટા ગામોમાં સાપ્તાહિક કે અઠવાડિયાક હાટ ભરાય છે. આ ભંગુરિયાના હાટ ખાસ કરીને કવાંટ, છોટાઉદેપુર, ઝોઝ, રંગપુર(સ), દેહવાટ, પાનવડ, કઠીવાડાં, ચાંદપુર, અલીરાજપુર, છકતલા, વખતગઢ, ફૂનમાલ, સોઢવા, ઉમરાલી, બરઝર, વાલપુર, ઝાબુઆ વગેરે ગુજરાત અને મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના કેટલાક ભીલ આદિવાસી વસતી ધરાવતા વિસ્તારમાં ૬૦ જેટલા સ્થળોએ ભંગુરીયાના હાટ(મેળાઓ) ભરાય છે. આ ભંગુરીયા હાટમાં આખા વર્ષ દરમ્યાન કામમાં વ્યસ્ત ભીલ આદિવાસીઓ થોડાક હળવા થઈ પોતાના સાંસ્કૃતિક  પરંપરાગત ભીલ આદિવાસીઓ વસ્ત્ર ધારણ કરતા હોય છે. તેમજ પરંપરાગત આભૂષણોથી સજ્જ થઈને પોતાની આગવી


ISBN: 978-81-952708-6-6

સંસ્કૃતિ પ્રસ્તુત કરતાંહોય છે. આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાઓને જીવંત રાખવાનો પ્રયાસ કરતાં હોય છે. આ ભંગુરીયા હાટમાં યુવાન-યુવતીઓ ભજીયા-કુચીયા, બરફના ગોટા, મીઠા સિંગોડાના પાન વગેરે ખાવા-ખવડાવાની પરંપરા જોવા મળે છે.

**૪. ચૂલના મેળાઓ** :

હોળી દહન બાદ આદિવાસી વિસ્તારમાં ચૂલના મેળાઓ ભરાતાં હોય છે. જેમાં રાઠવા, નાયકડા, ધાણકા-તડવી આદિવાસીઓ તેમની બાધાઓ, માનતાઓ આગના લંબચોરસ બનાવેલ ખાડામાં ખુલ્લા પગે હાથમાં નારિયેળ અને પાણીનો લોટો લઈને ચાલતાં હોય છે. આમ ચૂલના મેળામાં બાધા-માનતા પૂરી કરીને ચૂલ ઉતારવામાં આવે છે. આ ઉપરાંત આ વિસ્તાર કવાંટથી ૧૫કિમી રૂમડિયા ગામમાં ગોળફેરિયાનો મેળો ભરાય છે જેમાં રાઠવા આદિવાસીઓ એક ચગડોળ જેવા સ્ટેન્ડ પર લટકતા હોય છે. જેમને અન્ય લોકો ગોળ-ગોળ ફેરવવાતા હોય છે.

**૫. ગેર (ઘેરૈયા)નો ઇતિહાસ** :

વિધ્યાચલ- સાતપુડામાં દાબ મંડળના રાજા તોરણમલના પુત્ર રાજકુમાર ફ્રાટાદેવ, વિનીયોદેવ, ગીંમ્બદેવ, બાબા હિરાજાદેવ, યાહા મોગીમાતા, રાણીકાજલ, કાલીકામાતા વગેરે ભીલો દેવતાઓએ હોળીના પૂર્વમાં 1500 વર્ષ પૂર્વે દુષ્કાળની મહામારી દુર થઈ હતી. તેની ખુશીમાં હોળી પર્વમાં ઘૈરયા(ગેર) બની પાંચ દિવસ સુધી સાધના અને નૃત્ય કરી મરઘાં-બકરાની બલી આપી, મહુડાનાં ફળોનો રસનો પ્રસાદ લઈ સૌ ભીલ રાજાઓ તેની ઉજવણી કરી હતી. આમ ત્યારબાદ આ પ્રથા પ્રાચીન સમયથી જ સાતપુડા-વિધ્યાચલના ભીલો દ્વારા હોળીના પર્વમાં ઘૈરયાઓ બની ઉજવણી કરવામાં આવે છે. હોળીના આ પર્વમાં ખાસ કરીને મહારાષ્ટ્રના ખાનદેશના દાબા, કાઠી, મોલગી વગેરે ગામોમાં અને ગુજરાતનાં માણકા (કવાંટ), પડવાણી, છરવાટા, હાફેશ્વર, ધારસીમલ, પાટ(દેડીયાપાડા), મોગલી (મહારાષ્ટ્ર), મથવાડ (મધ્યપ્રદેશ) વગેરે ભીલોના ગામોમાં રજવાડી હોળીનું આયોજન થાય છે. અહી આજુ-બાજુના ગામોના ભીલો આ રજવાડી હોળીમાં જઈને ત્યાં માનતા, બાધા પૂરી કરવા માટે ગેર(ઘૈરયા) બને છે. ગુજરાત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના ભીલો ઘૈરયા બની ગેર નૃત્ય કરે છે. આ ઘૈરયાઓ હોળીથી લઈને પાંચમ સુધી પોતાના ઘરની બહાર ગામની પાદરમાં બધા ઘૈરયાઓ પાંચ દિવસ સુધી રહે છે. તેઓ ઠંડી, ગરમીમાં ખુલ્લા શરીરે રાત-દિવસ સાધના કરે છે. તેઓ જમીન પર પથારી વગર સૂઈ રહેતા હોય છે. ઘર બહાર ગામ માંથી ઉઘરાવીને ખાવું પડે છે. પાંચ દિવસ તેઓ નૃત્ય તેમજ અસહ્ય તડકો-ગરમી આકરી સાધના કરી નૃત્ય કરતાં હોય છે. આમ ઘૈરયાઓ નૃત્ય સાથે તેમની સાધનામા પણ ધાર્મિક શ્રદ્ધા જોડાયેલી હોય છે.

**૬. ગેરનો મેળો** :

ભીલ રણજીતભાઈના જણાવ્યા મુજબ ગેરનો મેળો લગભગ પ્રાચીન સમયમાં ભીલ રાજા તોરણમાલનો પુત્ર રાજાફ્રાન્ટા દ્વારા શરૂ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. જેનો સમય ઇ.સ. પૂર્વે 500 વર્ષની હોવાની માહિતી મળે છે.

કવાંટ નગરમાં ગેરનો મેળોની શરૂયાત આઠમી સદીમાં થઈ હતી. કવાંટ ખાનદેશનો ઉત્તરનો પ્રદેશ તરીકે ઓળખાય છે. કેમકે કવાંટ નગરનું આ ક્ષેત્રનું એક મોટું ગામડું(નગર) હતું. અહી સીમંતો, શાહુકારો, મહાજનો તેમજ કારીગરનો વર્ગ રહેતો હતો. આ વેપારી વર્ગ સાથે ભીલ આદિવાસીઓ તેમની સાથે ઔષધિઓ, જંગલનો કાચોમાલ, વન્ય પેદાશો વગેરેની સાથે જીવનજરૂરિયાતની વસ્તુઓ લે-વેચ અને ખરીદ-વેચાણના વ્યાપારી સાથે તેમના સબંધો જળવાયેલા હોવાથી આ નગરમાં હોળીના પર્વમાં શાહુકારો, વેપારી અને મોટા કારીગરો પાસેથી ગેર ઉઘરાવવાની પ્રથા શરૂ થઈ જે વખતો વખત સમય જતાં વિશાળ મેળામાં પરિવર્તિત થઈ.

 **ISBN: 978-81-952708-6-6**

ગેરના મેળાઓ ખાસ કરીને વિંધ્યાચલ અને સાતપુડામાં વસવાટ કરતાં ભીલ આદિવાસીઓ દ્વારા ઘૈરયા બની ગેરની સાધના અને નૃત્ય કરતાં જોવા મળે છે. આ મેળાનું મુખ્ય આકર્ષણ ઘૈરયા બનેલા ભીલ આદિવાસીઓની વિવિધ નૃત્ય મંડળીઓ હોય છે.

**૭. ગેરનો મેળો કવાંટ :**

જે કવાંટ નગરમાં ગેરના મેળાના દિવસે ખાસ કરીને કવાંટ, કાઠી, મોલગી, માણકા, હાફેશ્વર, પડવાણી, ધારસીમલ, સરવાટા, સાગબારા, પાટ, ડેડીયાપાડા વગેરે ગામોમાં રજવાડી હોળીનું આયોજન થાય છે. ત્યાં હોલિકા દહન બાદ ચૂલના મેળામાં અહી આ ભીલ આદિવાસીઓ ઘૈરયાઓ તૈયાર થઈને કવાંટ ખાતે ભરાતાં ગેરનો મેળામાં ઘૈરયાઓ પોતાની  ટુકડીઓ બનાવીને આવતાં હોય છે.

આ ગેરના મેળાની તૈયારી ડાંડ રોપાયા પછી કરી દેવામાં આવતી હોય છે જેમાં મોટાં મોરપીંછ અને કમરમાં બાંધવા માટેના ધુંઘરા (લગભગ ૨૦ થી ૨૫ કિલોના વજન ધરાવતા)ની ખરીદી કરવા હાટમાં જતા હોય છે. જંગલોમાં જઈને મોરના પીંછા ભેગા કરી વ્યવસ્થિત મોરપીંછ તૈયાર કરી, માથા પર બાંધવા માટે બાંધણીઓ તૈયાર કરવામાં આવે છે. ઘૈરયાઓ ક્યારેક પણ રંગોનો ઉપયોગ કરતાં નથી. તેઓ કુદરતી રીતે મળતી સફેદ માટીનો ઉપયોગ પોતાના ચહેરાને રંગવા માટે કરે છે. આ માટી પડવાણી-મેણ વગેરે ગામોમાંથી મળી રહે છે. જે અઠવાડીયા સુધી રંગાયેલી રહે છે. આ ઉપરાંત ભીલ આદિવાસીઓ ગેરની તૈયારીમાં ઢોલ અને વાજિંત્રોમાં ભીલ ઢોલ, વાંસળી, ધુઘરાં, ખળ- ખળીયા વગેરે નો ઉપયોગ કરતા હોય છે. વાજિંત્રો દ્વારા યોગ્ય સૂર આવે તે માટે ડાંડ રોપાયા બાદ રોજ રાત્રે ગામના લોકો ચોક્કસ સ્થાને એકઠાં થઈને વાજિંત્રો વગાડી તાલ મેળવતા હોય છે.

ગેરનો મેળો કવાંટ ખાતે હોળીકા દહનના ત્રીજા દિવસે (ફાગણ વદ ત્રીજ)ના રોજ   ભરાતો હોય છે. કવાંટ નગર ઉપરાંત પ્રશાસન તંત્ર, સરકારી વહીવટી તંત્ર, ગુજરાત સરકારનું પર્યટન વિભાગ પણ આ મેળામાં સહભાગી બને છે. આ મેળામાં આવતા ઘૈરયાઓની ટુકડીઓને તેમજ લોકોને સરકારી વહીવટી તંત્ર દ્વારા સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત ભીલ ઘૈરયાઓની ટુકડીને પ્રોત્સાહન ઇનામો, રોકડ પરિતોષિક ઈનામ આપવામાં આવે છે. ઘૈરયા દ્વારા ઈનામ મેળવવા, બક્ષિસ માંગવામાં આવે છે. જેને **'ગેર'** (ગોઠ) ઉઘરાવવું કહેવામાં આવે છે.

આ ગેરના મેળામાં ભીલ આદિવાસી દ્વારા મેળામાં મોરપીંછ, કેડમાં મોટા ધુંઘરા તેમજ સફેદ કુદરતી રંગો(ગડી)થી રંગાઈને ઘૈરેયા તૈયાર થઈને યુવકો નૃત્ય કરતાં જોવા મળે છે. તેમને સાથ આપવા માટે યુવતીઓ પણ પરંપરાગત વેશભૂષામાં તેમની સાથે નાચ-ગાનમાં તાલ મીલાવી નૃત્ય કરતી જોવા મળે છે.

આ ગેરના મેળામાં ઘૈરેયાનું ગેરનૃત્ય જોવા માટે કવાંટ નગરમાં લાખોની સંખ્યામાં લોકો ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, અને રાજસ્થાન તેમજ દેશના અન્ય ભાગોમાંથી લોકો આ ભાતીગળ મેળાને જોવા ઉમટી પડે છે. આ ઉપરાંત ૫૦૦ થી વધુ વિદેશી નાગરીકોને  પણ ગુજરાત ટુરિઝમ વિભાગના સહયોગથી સુવિધા ઉપલબ્ધ કરાવવાના કારણે વિદેશી સહેલાણીઓ પણ અહી ગેરના મેળામાં જોવા મળે છે. કવાંટના ગેરના મેળામાં ભીલ ઘૈરેયાઓને જોઈ અને તેમની ફોટોગ્રાફી અને સેલ્ફી લેવા માટે પડાપડી કરતાં વિદેશી સહેલાણીઓ અને દેશના અન્ય ભાગો માંથી આવેલા મહેમાનો જોવા મળે છે.

કવાંટના ગેરના મેળામાં ભીલ આદિવાસીઓની ઘૈરેયા ટુકડીઓની સાથે સાથે અન્ય આદિવાસી જાતિઓ જેમ કે નાયકડા, રાઠવા-કોળી, તડવી, ધાણકા વગેરે આદિવાસીઓ જાતિઓ ઢોલની તાલે ટીમલી નૃત્ય કરતા પણ જોવા મળે છે. આ ગેરના મેળામાં રાઠવા-કોળી, નાયકા, આદિવાસીઓ તેમના પહેરવેશ લાલ પાઘડી, લીલું અગરખું, ધોતી અને હાથમાં શેરડીનાં સાંઠા સાથે ઢોલના તાલે ટીમલી નૃત્ય કરતાં ગેરના મેળામાં જોવા મળે છે. તેમનો પહેરવેશ દેશ-વિદેશમાંથી આવેલા સહેલાણીઓનું ધ્યાન ખેચે છે.


**ISBN: 978-81-952708-6-6**

આ ઉપરાંત મહારાષ્ટ્રની રોડવી-ઓગડિયા પાર્ટી દ્વારા રોડાલી નૃત્ય કરવામાં આવે છે. જેમાં પુરુષો સ્ત્રીનો વેશભૂષા ધારણ કરી રોડાળી નૃત્ય કરે છે. જેમાં ભવાઇ સાથે નૃત્ય અને ગીતોની રમઝટ જામે છે. આમ આ ગેરના મેળોમાં ભીલ ઘૈરયા ઉપરાંત રાઠવા, કોળી, નાયકડા, ધાણકા, તડવી વગેરે આદિવાસીઓ પણ ખૂબ જ મોટા પ્રમાણમાં ભાગ છે. ત્રણેય રાજયોના લાખોની સંખ્યામાં લોકો આ મેળાની મજા માણે છે.

**૮. મૂલ્યાંકન** :

ગુજરાતનાં છોટાઉદેપુર જિલ્લાનાં વર્ષ દરમ્યાન જોવા જઈએ તો 30-35 જેટલા આદિવાસી મેળાઓ ઉત્સવોની ઉજવણી થતી હોય છે. આ ક્ષેત્રમાં ભીલ, રાઠવા-કોળી, નાયકડા, ધાણકા આદિવાસીઓ દ્વારા તેમના ઉત્સવો અને મેળાઓનું અનોખું મહત્વ રહેલું છે. આ ઉત્સવો અને મેળાઓમાં પણ પ્રકૃતિના તત્વ અને પ્રકૃતિ પૂજાનો મહિમા જોવા મળે છે. આ ઉપરાંત આ ક્ષેત્રમાં ભીલોનું ઘૈરયા નૃત્ય, રાઠવા-કોલીનું ટીમલી નૃત્ય વગેરે નૃત્ય પણ ખૂબ જાણીતા છે. આ ઉપરાંત અહીના રાઠવા-કોળી આદિવાસીઓનું પિથોરા ચિત્રકળા પણ ધ્યાન આકર્ષક હોય છે. અહી આદિવાસીઓની પરંપરાગત આદિવાસીઓની વાનગી રાઠવાના ઢેબરા, સાનકીયા, ભીલના દાલ-પનીયા, આબલિયા, ઠુંમરૂ વગેરે વાનગીઓ અહી સૌથી પ્રચલિત છે. જે દેશ-વિદેશમાંથી આવતા સહેલાણીઓ ખુજ મોજ થી આરોગતા હોય છે. આદિવાસી લોકસંસ્કૃતિનો વિકાસ થાય તે દિશામાં સરકારશ્રીના પ્રયત્નો થઈ રહ્યા છે. પરંતુ જો વિશિષ્ઠ પ્રયત્ન થાય તો તેનાથી સ્થાનિક આદિવાસીઓનો વિકાસથાય તેમ છે. તેમને ઘર આંગણે રોજી રોટી મળી શકે તેમ છે. સ્થાનિક રોજગારીની તકોમાં વધારો થાય  વધે તે દિશામાં ચોક્કસ પ્રયત્ન થવા જોઇએ  થઈ રહ્યા છે.

**૯. સંદર્ભ સૂચિ** :

૧. "છોટાઉદેપુર ખાતે હોળીનો ડાંડ રોપી આદિવાસીઓ દ્વારા હોળીના વધામણાં" સંદેશ (વડોદરા-છોટાઉદેપુર) તા-૧૦-૦૨-૨૦૨૨

૨. પટેલ કાનજીભાઈ, છોટાઉદેપુર જિલ્લાના આદિવાસી સમાજોનો સાંસ્કૃતિક અને માનવશાસ્ત્રીય અભ્યાસ, ભાષા સંશોધન પ્રકાશન કેન્દ્ર, તેજગઢ, છોટાઉદેપુર,૨૦૧૬.

૩. આદિવાસી ક્ષેત્રો કા સાંસ્કૃતિક પર્વ : ભંગોરીયા. webdunia.com (હિન્દી)

૪. KAWANT MELA : THE GAIR FAIR OF GUJARAT IN INDIA. https://www.robertvankoesveld.com

૫. ચૂલના મેળામાં ધગ ધગતા અંગારા પર ખુલ્લા પગલે ચાલીને માનતા પૂરી કરે છે By :- નવ ગુજરાત સમય. https://www.navgujaratsamay.com

૬. આદિવાસી મેળા : worldpress.com Website : https://www.worldpress.com

૭. રૂબરૂ મુલાકાત (દર વર્ષે બનતા ઘેરૈયાઓ) :

૭.૧. ભીલ છગનભાઈ (માણકા)

૭.૨. ભીલ ગુલસિંગભાઈ (હાફેશ્વર)

૭.3. ભીલ રણજીતભાઈ (માણકા)

૭.૪. ભીલ રાયમાલભાઈ (આંબાડુંગર)

૭.૫. ભીલ માલસિંગભાઈ (મોગરા)

૭.૬. ભીલ સંજયાભાઈ (છોડવાણી)

૭.૭. ભીલ કાનજીભાઈ (માણકા)

# પંચમહાલ જીલ્લાનાં આદિવાસીઓનું સામાજીક જીવન

**કૈલાસબેન રતિલાલ બારિઆ**
**Ph.D. વિદ્યાર્થી; ગુજરાત વિદ્યાપીઠ**

**પ્રસ્તાવના :**

ગુજરાતના પૂર્વ સરહદે આવેલા પંચમહાલના દાહોદ જિલ્લામાં આદિવાસી સમાજમાં લોકો વસવાટ કરે છે. દાહોદ જિલ્લાની વિશેષતા એ છે કે તેના એક છેડે રાજસ્થાન અને બીજા છેડે મધ્યપ્રદેશ આવેલો છે. પંચમહાલ જિલ્લાના કાલોલ, હાલોલ, ગોધરા અને લુણાવાડા તાલુકાઓમાં કેટલાક વિભાગો સિવાય આ જીલ્લો સામાન્ય રીતે ડુંગરાળ છે. પંચમહાલ જિલ્લાને બે મુખ્ય પ્રાકૃતિક વિભાગોમાં વેચવામાં આવે છે. ઉત્તર અને પૂર્વ વિસ્તારમાં મુખ્યત્વે ઝાલોદ, દાહોદ, સંતરામપુર અને દેવગઢબારિયા તાલુકાઓનો સમાવેશ થાય છે. જે ડુંગરો અને જંગલોથી છવાયેલો છે. તેમાં વચ્ચે-વચ્ચે નદીના ખીણ પ્રદેશમાં સપાટ મેદાનો આવેલાં છે. પંચમહાલ જિલ્લાના મોટા ભાગના વિસ્તારમાં વિશેષ પ્રમાણમાં આદિવાસી લોકો વસવાટ કરે છે. આદિવાસી લોકો સ્વભાવે સ્વચ્છંદી, સ્વતંત્ર, કાયદાને નહીં ગણનારા, મારફાડ કરનારા, એકદમ ઉશ્કેરાઇ જનારાના અને ઉન્માદીયા હોય છે. અને ચોરી કે લૂંટફાટ કરવી એમાંય હીણું નહિ ગણતા.તેમાં ઉલટો આબરૂ માને છે. પ્રસંગ આવે ત્યારે ઢોર ઉપાડી જવામાં, ચોરી કરવામાં કે નિર્જન જગ્યાએથી જતા-આવતા ને ધોળે દાડે લૂંટવામાં ચુકતા નથી. દુષ્કાળ કે મોંઘવારીના સમયમાં રાજ્ય તરફથી સક્તાઈ થવાથી તેઓ ઉશ્કેરાઈ જાય છે. ત્યારે તેઓ કાયદાને બાજુ પર મૂકી કામ કરે છે. એ ઉપરાંત તેઓ સંતોષી, સત્યવાદી, આવ્યા ગયાનો આદર-સત્કાર કરનારા, સત્તાધારીઓને માન આપીને સરકારથી ડરીને ચાલનારા હોય છે. સંતોષી તો એવા હોય છે કે એક ટંકનું ખાવાનું હોય છે ત્યાં સુધી બીજા ટંકની ફિકર કરતા નથી. ટાઢ - તાપની ચિંતા કરતા નથી. ઉપરાંત જેને આશ્રય આપતા તેને કદી પણ દગો દેતા નથી. તેનું રક્ષણ કરતાં કદાચ જીવ આપવો પડે તો પણ તેમ કરતા પાછી પાની કરતા ન હતા.

**આદિવાસી જાતિઓ :**

**ભીલ** : પંચમહાલમાં આદિવાસી વસ્તીમાં જિલ્લોમાં ભીલો બહુમતીમાં છે. ભીલોની પેટા જાતિઓ ઉપરાંત પંચમહાલમાં અસ્તિત્વ ધરાવતી અન્ય આદિવાસી જાતિઓ જેવી કે નાયકા અને રાઠવા પણ એક સમયે ભીલ જ હોવાનું મનાય છે. ભીલ શબ્દનો અર્થ બાણ અથવા તીર થાય છે. ભીલો પ્રાચીનકાળથી પોતાની સાથે બાણ રાખતા હોવાથી તેઓ ભીલ નામથી જાણીતા થયા હોવાની માન્યતા છે. સંસ્કૃત શબ્દકોશમાં ભીલનો અર્થ કાપવું એવો થાય છે. એ વર્ણન મુજબ ભીલએ સમયે ઘણી શક્તિશાળી કોમ હોવાની શક્યતા છે. અનેક કુળો અને પેટાકુળોમાં વહેંચાયેલા ભીલમાં ગરાસીયા, ભીલ, ભીલાલા, ઢોલીભીલ, રાવળભીલ, વસાવા, પાવરા, તડવી, કટારા જેવી ઉપજાતિઓ છે. તેઓમાં રાવળ(પુજારી), ભગત(બળવો) અને ઢોલી(ભાટ-ચારણ)નું વિશિષ્ટ સ્થાન છે.

**નાયકા** : પંચમહાલની બળવાખોર આદિવાસી પ્રજા તરીકે નાયકા જ્ઞાતિનો ઈતિહાસ પ્રસિદ્ધ છે. ગુજરાતમાં તેમની વસતી સુરત, વડોદરા અને પંચમહાલમાં છે. પંચમહાલમાં તેમની વસ્તી જાંબુઘોડા, નારૂકોટ, દેવગઢબારિયા, હાલોલ, કાલોલ, ગોધરા, લુણાવાડા અને શહેરા તાલુકામાં વિસ્તરેલી છે.

**પટેલિયા** : પટેલિયાએ ખેતીવાડી ઉપર નિર્ભર આદિવાસી જાતિ છે. મૂળ શબ્દ પટેલ શબ્દ પરથી પટેલિયા શબ્દ ઊતરી આવ્યો છે. પંચમહાલમાં તેવો દાહોદ, લીમખેડા અને દેવગઢ બારીયા તાલુકામાં વસવાટ કરે છે. અન્ય આદિવાસીઓની જેમ પટેલીયાઓમાં પણ ઘણા જૂથો અને પેટાજુથો છે. જેવા કે પરમાર, શાકય, ગોદડ, વાગલ, ચારૂતર, જાદવ, કોચરા, સોલંકી, બારીયા, ડામોર, ચૌહાણ વગેરે. એમાંના કેટલાક જૂથો પોતે રાજપુત કુળમાંથી ઉતરી આવ્યાનું દાવો કરે છે. જે અન્ય લોકો સ્વીકારતા નથી. રાજપૂતોએ ભીલોનો


**ISBN: 978-81-952708-6-6**

લશ્કરમાં ભરતી કરવા માટે ઘણી વખત ઉપયોગ કર્યો હતો. અને વખત જતાં તેમની સ્ત્રીઓ સાથે લગ્ન સંબંધ બાંધ્યા હતા. તેને પરિણામે જે જાતિ ઉત્પન્ન થઈ તે ઉત્તર ગુજરાતમાં ગરાસીયા, દાહોદ અને પંચમહાલમાં પટેલીયા તરીકે ઓળખાય છે. આ લોકો પોતાને ભીલો કરતા ઊંચા માની, તેમની સાથે રોટી-બેટીનો વ્યવહાર કરતા નથી. જ્યારે ગેઝેટિયરમાં નોંધાયેલી વિગત મુજબ દાહોદના પટેલીયા રાજપુત હોવાનો દાવો કરે છે. અને અસલમાં પાવાગઢ નજીક ચાંપાનેરથી આવેલા હોવાનું માને છે. તેઓમાં પુરુષો કરતાં સ્ત્રીઓનું પ્રમાણ વધુ છે. આ કારણે તેઓ વાટલીયા અથવા મેલા ગંદાના આરોપ સાથે પટેલીયા માંથી બહાર થતા જાય છે. પોતાની અટકો પણ રાજપૂતો સાથે સંબંધોની યાદ તાજી રાખવા માટે પરમાર, મકવાણા, સોલંકી રાઠોડ રાખે છે. ઉપરાંત પહેરવેશ અને રીતરિવાજોમાં થોડા અલગ તરી આવે છે. જો કે સમગ્ર ત્યાં તેઓ હિન્દુ દેવ-દેવીઓની પૂજન તથા કેટલાક ધાર્મિક સંસ્કારોનું અનુકરણ કરતા હોવાનું છતાં, તેનું જીવન બીજા ભીલોથી ખાસ કરીને પડતું નથી.

**રાઠવા** : રાઠવા ગુજરાતમાં રાત (રાઠ) અથવા તેમજ જંગલ અને પહાડી ઇલાકોમાં રહેતા તેથી રાઠવા તરીકે ઓળખાય છે. તેઓ રાઠવા કોળી તરીકે પણ ઓળખાય છે. દાહોદ પંચમહાલમાં મુખ્યત્વે તેઓ જાંબુઘોડા, બારીયા અને ઘોઘંબા પથકમાં ફેલાયેલા છે. ઈ.સ. ૧૮૬૧ની વસ્તી મુજબ ગુજરાતની કુલ ૧,૩૬,૭૩૦ની રાઠવા વસ્તી સામે પંચમહાલમાં તેમની વસતી ૨૯૨૭૬ જેટલી હતી. બામણીયા, બારીયા, મોહનીયા, કાથરી, બાકા અને ફદિયા એમના પેટાજૂથો છે. અને તેનો ઉપયોગ અટક તરીકે પણ કરે છે.

**ધાનકા** : ધાનકા બાણ અને તીર ચલાવવામાં કુશળ એવી આ આદિવાસી જાતિ, દાહોદ પંચમહાલમાં સંતરામપુર, જાંબુઘોડા, લીમખેડા, દેવગઢબારીયા, લુણાવાડા, શહેરા, ગોધરા, કાલોલ વગેરે તાલુકાઓમાં જોવા મળે છે. ધાનકાઓની ઉત્પત્તિ બાબતે તેઓમાં એક રસિક લોકવાયકા પ્રચલિત છે. તે મુજબ તેવો મૂળ પાવાગઢના ચૌહાણ રાજપૂત હતા. મહમૂદ બેગડાના આક્રમણ પછી પાવાગઢનું પતન થયું. (ઈ.સ.૧૪૮૪)માં અને તેના સૈનિકોએ જંગલો ખીણો અને ખેતરોમાં આશ્રય લીધો. જ્યાં તેઓ માત્ર ધાન (રાંધ્યા વગરનું અનાજ), હલકું અનાજ પર નિર્વાહ કરતા હોવાથી ધાનકા કહેવાયા. ધાનકાઓમાં ત્રણેય જૂથોમાં આંતર લગ્ન સંબંધો થતા નથી.

**તડવીઓ** : તડવીઓ પોતાને અન્ય કરતા ઊંચા સમજે છે. આ જાતિમાં પણ બ્રાહ્મણોની અસર ઓછી જોવા મળે છે. છતાં બધા હિન્દુ દેવ-દેવીઓની પૂજા કરે છે. પંચમહાલમાં અન્ય આદિવાસીઓની જેમ તડવીઓમા પણ ન પણ કેટલાક વહેમો પ્રચલિત છે. જેમાં બીમારી સમયે ગામમાં પશુઓ અને માણસોમાં ફેલાતી બિમારી વખતે મેલવાળો કાઢવાની પ્રથા બહુ પ્રસિદ્ધ છે. જેમાં બીમારીવાળુ ગામ એક નાના બળદ ગાડામાં લાલ કપડા પહેરેલી મૂર્તિ તૈયાર કરી, ઘીનો દીવો કરી. એમાં શ્રીફળ પૈસા વગેરે રાખી, બીમારીવાળા સ્થાનોએ ફેરવી ગામના સીમાડે મૂકી દે છે. બીજું ગામ આ રથને આગળના ગામના સીમાડે મૂકે છે. અને એ રીતે ફરતો ફરતો એ રથ પાવાગઢ મહાકાળીના મંદિરે પહોંચે છે.

**આદિવાસીઓના રીતરિવાજો** :

પંચમહાલ જિલ્લામાં વસવાટ કરતા દરેક વિસ્તારના રીત રિવાજો અલગ પ્રકારના જોવા મળે છે. અહીં લગ્ન, સગાઈ, શ્રીમંત, બાળકોના જન્મ ઉત્સવ, મરણોત્તર ક્રિયાઓ, મૃત્યુના રિવાજો, શ્રાદ્ધક્રિયા, પિંડદાન, તહેવાર, ઉત્સવોની ઉજવણી વગેરેમાં પ્રદેશ પ્રમાણે વિવિધતા જોવા મળે છે. આમાં ગ્રામ્ય સ્તરે અને શહેરી સ્તરે રીત રિવાજોમાં વિભિન્નતા જોવા મળે છે.

**આદિવાસી સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ** :

પહેલાના સમયમાં સતીપ્રથા, બાળકીને દૂધપીતી કરવી, દહેજપ્રથા, ઘૂંઘટપ્રથા વગેરે રીતરિવાજો પ્રચલિત હતા. સમાજમાં શિક્ષણનો અભાવ હતો. જેથી સ્ત્રીનું સમાજમાં વર્ચસ્વ નહિવત પ્રમાણમાં હતું. ધીરે-ધીરે સમય બદલાતા શિક્ષણના પ્રચાર-પ્રસાર થવાથી પંચમહાલ જિલ્લાની સ્ત્રીઓ પણ સમાજમાં વિવિધ

ક્ષેત્રે આગળ આવી. અને આજે પુરુષ સમોવડી બની ગઈ છે. વર્તમાન સમયમાં સ્ત્રીઓ મુક્ત રીતે હરવા-ફરવાની પણ સ્વતંત્રતા ધરાવે છે. જે પંચમહાલ જિલ્લામાં ભરાતા વિવિધ મેળાઓમાં સ્ત્રીવર્ગ મુક્તપણે આનંદ-ઉલ્લાસ સાથે ભાગ લે છે. તેના પરથી સમજી શકાય છે. અહીં પર્વતીય પ્રદેશમાં ભરાતા આદિવાસી મેળાઓમાં પણ સ્ત્રી વર્ગ વર્ગ સ્વતંત્ર રીતે મેળો માણી, પ્રણયગીતો તથા ગોઠીયા-ગોઠણ પ્રેમના ગીતો દ્વારા પોતાની લાગણી વ્યક્ત કરતી જોવા મળે છે. આ ઉપરાંત માતાજીની પૂનમ, શ્રાવણ માસના શિવમેળાના દિવસે પણ સ્ત્રીઓ વ્રત ઉપવાસ કરી, પોતાની ભક્તિનું મહત્વ વ્યક્ત કરે છે.

**સામાજિક તહેવારો :**

લોકઉત્સવ નો ત્રીજો પ્રકારએ તહેવાર છે. વ્રતો અને પર્વો કરતાં તહેવારોમાં ભોજન, હાસ્ય અને મનોરંજનની માત્રા વધુ જોવા મળે છે. લોક સમાજમાં વ્યાપક બનેલાં વ્રતો, પર્વો અને તહેવારો વચ્ચે ભેદરેખા આંકવી અત્યંત મુશ્કેલ બને છે, પર્વો લોકોની સમૂહ શ્રદ્ધાથી પ્રચલિત થયા છે, તહેવારો પ્રકૃતિ અને પરિસ્થિતિ પ્રમાણે માનવ હૃદયમાં ઉભરાતા આનંદ અને ઉલ્લાસમાંથી પ્રગટ થાય છે. તહેવારો પ્રકૃતિ અને પરિસ્થિતિ પ્રમાણે માનવ હૃદયમાં ઉભરાતા આનંદ ઉલ્લાસ માંથી સ્વયં પ્રગટ થયેલા જોવા મળે છે. પણ ત્રણેય માં એક બીજાના અંશો ઓતપ્રોત થયેલા જોવા મળે છે. તહેવારો વખતે મેળો પણ ભરાય છે. તેમાં સ્ત્રીવર્ગ વિશેષ પ્રમાણમાં ભાગ લે છે. આ સિવાય ભાઈબીજ, રક્ષાબંધન, રામનવમી, અને નવરાત્રિ જેવા તહેવારોમાં નાના-મોટા અસંખ્ય મેળાઓ ભરાય છે. આ મેળાઓમાં અહીંના લોકો ધર્મ કે જાતિના ભેદભાવ સિવાય ભાગ લે છે.

**ખોરાક :**

પંચમહાલ જિલ્લાના લોકોનો મુખ્ય ખોરાક મકાઈ છે. તે ઉપરાંત ઘઉં, જુવાર, બાજરીનો ધન્ય તરીકે ઉપયોગ કરે છે. વાલોળ, અડદની દાળ, થુંલી, ઢેબરાંનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે. આ સિવાય અહીં ખેતી સાથે પશુપાલનનો ધંધો પણ સારા એવા પ્રમાણમાં વિકાસ પામ્યો છે. તેથી અહીંના લોકો દૂધ, દૂધની બનાવટો જેવી કે દહી, છાશ, ઘીનો વિશેષ પ્રમાણમાં ઉપયોગ કરે છે. દાહોદ અને પંચમહાલ જીલ્લાના આદિવાસી વિસ્તારના ભીલો માંસ અને મહુડાનો દારૂ, તાડીનો  ખોરાક તરીકે ઉપયોગ કરે છે. આ સિવાય ફળ-ફળાદીમા સીતાફળ, ખજૂર, બોર, તાડફળી, કેરી, ચીકુ, મોસંબી, કેળા, દાડમ,  દ્રાક્ષ, જામફળ અને જાંબુ વગેરેનો ઉપયોગ કરે છે. અહીંના લોકો પશુપાલન સાથે જોડાયેલા હોવાથી ધાર્મિક માન્યતા માટે દેવદેવીને માનતા મુજબ દૂધ-દહી,  ઘી ચઢાવવાની પરંપરા માને છે.

**પોશાક :**

અહીંના લોકોમાં પારંપરિક પોષાકમાં પુરુષો માથે રૂમાલ, પાઘડી, આંગડી, અંગરખુ, અને ધોતિયું તેમ જ પગમાં ચામડાના જોડા પહેરે છે. જ્યારે સ્ત્રીઓ ઘાઘરો (ચણીયો) કાચલી, સાડી અને પગમાં સપાટ પગમાં પહેરવામાં આવતા ચામડાના જોડા પહેરે છે. અહીંના લોકો ઉત્સવપ્રિય છે. જેવો મેળામાં ઉત્સવોમાં વિવિધ રંગના રંગબેરંગી કપડાં પહેરે છે. આદિવાસી વિસ્તારમાં ભરાતા મેળાઓમાં દૂરથી રંગબેરંગી વસ્ત્રો પહેરીને અસંખ્ય લોકો આવે છે. જેમાં મુખ્યત્વે આદિવાસી કોમના લોકો વિશેષ જોવા મળે છે. આવા મેળાઓ દાહોદ, સંતરામપુરના પહાડો વચ્ચે રંગભર્યો ઉત્સવ બની રહે છે. આ ઉપરાંત દરેક વિસ્તાર અને સમાજના લોકો પોતાની જ્ઞાતિ અને પ્રદેશ પ્રમાણે વસ્ત્રો ધારણ કરી મેળામાં ભાગ લેતા જોવા મળે છે.

**મનોરંજન :**

અહીંના લોકો મેળા અને ઉત્સવોના માધ્યમથી વિશેષ મનોરંજન મેળવતા હોય છે. ધર્મની સાથે જોડાયેલા લોકોત્સવ માનવીનો થાક ઉતારીને એના હૈયાને હળવુંફૂલ બનાવી દે છે. જુવાનિયા માથે ફટકા બાંધીને ચગડોળની મોજ માણે છે. વ્યાપારીઓ હાટડીઓ માડે, રશિયક જીવો પ્રેમિકા માટેની ચીજવસ્તુ ખરીદે, જાદુગરો ખેલ કરે, વાદી નાગને રમાડે, મદારી માંકડાને નચાવે, રંગીલી યુવતીઓ મનમાં માનેલાના મનમાં


**ISBN: 978-81-952708-6-6**

મોહ ઉપજાવવા  છુંદણા છુંદાવવા બેસી જાય છે. લોકો ખાય પીવે અને મજા કરે છે. આ મેળાના માધ્યમથી મનોરંજન મેળવતા હોય છે.

**વ્યસનો :**

પંચમહાલ જિલ્લામાં ગ્રામ્ય સમાજ દારૂ, અફીણ, તાડી, નીરો, ગાંજો, તમાકુ જેવા વ્યસનમાં સપડાયેલા છે. અહીં મોટાભાગે ભરાતા મેળામાં લોકો દારૂની મજા માણવા આવતા હોય છે. આ ઉપરાંત લોકો જુગાર રમતા અને વિવિધ પ્રકારની શરતો પણ લગાવતા હોય છે. તેમાં વેપારીઓ પણ બાકાત રહ્યા નથી. મેળાના માધ્યમથી ગ્રામ્ય સમાજના લોકોમાં વ્યસનમાં ઘટાડો થયેલો જોવા મળે છે. લોકો મેળામાં દેવ-દેવીઓનાં દર્શન કરી વ્યસનમુક્ત થવા સંકલ્પ કરે છે. તો વળી કેટલાક મેળાઓમાં ભજન, સત્સંગ ને લીધે પણ લોકોમાં બદલાવ આવેલો જોવા મળે છે. ઉદાહરણ તરીકે સંતરામપુર નજીક ગોવિંદ ગુરુની સમાધિ પર ભરાતા મેળાને કારણે અહીંના આદિવાસીઓમાં વ્યસનનું પ્રમાણ ઓછું થયું છે. અને તેમના આચાર વિચારમાં પણ મોટું પરિવર્તન આવેલુ જોવા મળે છે. આમ અહીં ભરાતા લોકમેળાઓએ લોકોને વ્યસન મુક્ત બનાવવાની પ્રેરણા પૂરી પાડી છે.

**આભૂષણો :**

અહીંના લોકો વિવિધ ઉત્સવ પ્રસંગે અવનવા આભુષણો પહેરે છે. પુરુષો ગળામાં દોરો, કાને કડીઓ, હાથમાં કડા, પહોચી, કેડે કંદોરો. જ્યારે સ્ત્રીઓ ગળામાં મંગળસૂત્ર, હાથમાં બંગડી, બાવળા પર લોકીટ, ગળામાં દોરો, કાને કડીઓ, કુંડળ, પગમાં ઝાંઝર, તોડી, નાકમાં ચુની અથવા નથીની વગેરે સોના-ચાંદીના દાગીના પહેરે છે. તેમાં સ્ત્રી-પુરુષો મેળાઓ, તહેવારો, ઉત્સવમાં પોતાના પ્રદેશ પ્રમાણે ઘરેણાં ધારણ કરે છે. જ્યારે પંચમહાલ જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં ભરાતા મેળાઓમાં આદિવાસી લોકો પોતાના ભાતીગળ ઘરેણા જેવા કે લાખ, હાથીદાંતની બંગડીઓ, કાનના ઝુમકા, નાકમાં અને પગમાં ઘૂઘરા, ધારણ કરી કૃત્ય કરતા જોવા મળે છે.

**વહેમો :**

સામાન્ય લોકોમાં અંધશ્રદ્ધા વહેમો પ્રચલિત છે. જો કોઈની નજર લાગે તો માણસ અચાનક માંદો પડી જાય છે. એમ માને છે. નજર ઉતારવા માટે મીઠું, રાઈ અને લાલ મરચું નજર લાગેલી વ્યક્તિના માથા પર સાત વાર પગથી માથા સુધી ફેરવીને ચુલાના અગ્નિમાં નાખવામાં આવે છે. અથવા એક કાંસાની થાળીમાં છાણ લઈને, તેને ગરમ કરીને તેના પર કાંસાનો વાડકો ઉધો વાળવામાં આવે છે. ભૂત-પ્રેત કાઢવા માટે ભૂવાઓ બાવાઓ વગેરેની પાસે જાય છે. દેવ-દેવીઓની બાધા કે આખડી રાખવામાં આવે છે. નવરાત્રીના દિવસોમાં ડાકણ પ્રથા વધુ જોવા મળે છે. મંત્રેલા  દોરા-ધાગા કે તાવીજ પહેરવામાં આવે છે. અનેક પ્રકારના શુકન અપશુકનમાં પણ માને છે. દાખલા તરીકે શુભ કામે બહાર જતી વખતે જો ગાય, કુવારીકા કે પનિહારી સામે મળે તો સારા શુકન થયેલું માનવામાં આવે છે. અને જો બિલાડી આડી ઉતરે અથવા છીક આવે તો તેને અપશુકન માનવામાં આવે છે. લોકો શુકન તરીકે ગોળ કે દહીં વાંટીને (જરા મુખમાં રાખીને) પછી બહાર કામ અર્થે જાય છે. ઘરના છાપરે કાગડો બોલે તો મહેમાન આવે તેવી માન્યતા છે.

**ઉત્સવ સમય સામાજિક બહિષ્કૃત થયેલા ને એક કરે છે :**

લોક ઉત્સવોએ જીવનનું મહત્ત્વનું અંગ બની રહ્યા છે. આ ઉત્સવો નાત-જાત ગરીબ-તવંગર કે ઊંચનીચના ભેદભાવ વગર સૌ સાથે મળીને ઉજવે છે. કોઈ કારણસર છુટા(અળગા) પાડેલાને એક કરે છે. સમૂહમાં ખેંચી લાવે છે. એકલા પડેલા માનવીના હૃદયમાં રહેલા દુઃખને ખંખેરી નાખે છે. જુના વેર-ઝેર અને રાગ-દ્વેષ ભૂલી જઈ એક બની ઉત્સવનો આનંદ માણે છે. ઉત્સવો વ્યક્તિ અને કુટુંબ વચ્ચેની કડીને વધુ મજબૂત બનાવે છે.


ISBN: 978-81-952708-6-6

**સમાપન :**

માનવી એ સામાજિક પ્રાણી છે. સમાજમાં ઉન્નત મસ્તકે જીવવા માટે અનેક પ્રકારના સદ્ ગુણો કેળવવા પડે છે. આ સદગુણો તેને જીવન દૃષ્ટિ આપે છે. જેમ શબ્દમાંથી કાવ્યોનું સર્જન થાય છે. સ્વર માંથી સંગીત ભજવે છે. ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા માંથી આગળ જતા પ્રકૃતિની પૂજા, દેવ-પૂજા,પ્રેત-પૂજા વગેરે ઉદભવે છે. બારણે આવી ચડેલાનો પોતાનાથી બને તેટલો સત્કાર કરે છે. તેઓ રીઢા, દીર્ઘદ્રષ્ટિવિનાના, સંપૂર્ણપણે બેજવાબદાર, કાયમી આળસુ સ્વભાવના,કામને ધીક્કારનારા, સ્ત્રી અને દારૂને ચાહનારા, દુષ્કૃત્ય આચરવાની અસલની ઘણી નબળાઈ વાળા, ખુશમિજાજી, પ્રકૃતિ અને નસીબ આધારિત, જીવન પદ્ધતિમાં ભવિષ્યની ચિંતા કરતા નથી. ખાવા-પીવા અને પહેરવા-ઓઢવાની રીતે તેઓમાં બિલકુલ સાદાઈ પ્રવર્તતી હોય છે. તે માનવીને ગતિશીલ બનાવે છે. સત્યના માર્ગે લઈ જાય છે. ચારિત્ર્યવાન બનાવે છે. માનવીને પોતાની ફરજનું ભાન કરાવે છે.

**સંદર્ભ સૂચિ :**

૧. ગુજરાત સમાચાર, વડોદરા આવૃત્તિ, ૭ માર્ચ, ૨૦૧૩, સોમવાર,
૨. પુરુષાર્થી પંચમહાલ, માહિતી કમિશનરની કચેરી, માહિતી ખાતુ, ગુજરાત, ગાંધીનગર, વર્ષ-૨૦૦૯
૩. મિલિન્દ તોરવણે, વિકાસ વાટિકા, પંચમહાલ જિલ્લાની પાંચ વર્ષની વિકાસયાત્રા, પ્રકાશક, શ્રી કલેકટર પંચમહાલ, ગોધરા, વર્ષ-૨૦૦૭.
૪ ઝાંખી, પંચમહાલ જીલ્લો, પ્રકાશક, માહિતી ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, વર્ષ-૨૦03
૫. ગુજરાત સમાચાર, પંચમહાલ-દાહોદ, વડોદરા, આવૃત્તિ ૧૧ માર્ચ, ૨૦૧૩, સોમવાર
૬. R. Enthoven. E., **The Tribes and Castes of Bombay**, (Vol – I, Reprint, Delhi, 1997)
૭. K. S. Singh, **The Schduled Tribes**, (Delhi, 1994)
૮. નાથજી મહેશ્વર, પાઠક, ભીલોના ગીતો, ૧૯૧૫
૯. Kennedy, **Notes on Criminal Classes in the Bombay Presidency**, (1908)
૧૦. P. G. Shah, **Naika – Naikada**, ( Bombay,1959)
૧૧. Gazetteer of **The Bombay Presidency**, (Vol –III, ( Kaira and Panchmahal, 1979)
૧૨. અરુણ વાઘેલા, પંચમહાલના આદિવાસીઓની વિકાસયાત્રા, રાધિકા પ્રિન્ટર, ગોધરા, ૨૦૦૯.
૧૩. વિમલ શાહ, ગુજરાતના આદિવાસીઓ, ૧૯૬૬
૧૪. P. G., Shah, **Tribal life of Gujarat**

 **ISBN: 978-81-952708-6-6**

# ગુજરાતમાં દેશી રાજયોનું વિભાજન અને લુણાવાડા રાજયનો સમાવેશ

**રાજપૂત જિતેન્દ્રસિંહ એમ.**
પીએચ.ડી. સ્કોલર; ઈતિહાસ વિભાગ
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,
પાટણ

કંપની સરકારે વડોદરા રાજયના ગાયકવાડ શાસક વતીથી ખંડણી ઉઘરાવી આપવાના બહાના હેઠળ ગુજરાતના નાના–મોટાં દેશી રાજયો પર આધિપત્ય સ્થાપવા લાગ્યા હતા. દેશી રાજયોમાં વસ્તી, વિસ્તાર અને વાર્ષિક આવક જેવી ઘણી બાબતોમાં તફાવત જોવા મળતો હતો. દેશી રાજયોમાં ઘણા રાજયો વચ્ચે રાજકીય સંબંધો જળવાય તે માટે તેમનું સાત વર્ગોમાં વિભાજન કર્યું હતું.

દેશી રાજયોને એક થી સાત વર્ગો હેઠળ આવતા રાજયોને તેમના માન મરતબા દીવાની અને ફોજદારી સત્તાઓ નક્કી કરવામાં આવી હતી. તેમજ આંતરિક વહીવટ બાબતો માટે દેશી રાજયોને સ્વતંત્રતા આપવામાં આવી હતી. પંરતુ આંતર દેશી રાજયોના સંબંધોમાં કંપની સરકારનું વર્ચસ્વ ધરાવતી હતી. દેશી રાજયોને રેસીડેન્સી અને પોલિટિકલ એજન્સીઓમાં વિભાજીત કરીને તેમને મુંબઈ પ્રાંતના ગવર્નર દ્વારા નીમેલા રેસિડેન્ટ અને પોલિટિકલ એજન્ટોના અંકુશ હેઠળ આંતરિક વહીવટ પર દેખરેખ રાખવામાં આવતી હતી.

દેશી રાજયોના વિભાજન માટે ગુજરાતના નાના–મોટાં રાજયોના વિસ્તાર વસ્તી અને આવક પ્રમાણે ચડતા–ઉતરતા ક્રમ મા વર્ગીકૃત કરવામાં આવ્યા હતા.

ગુજરાતમાં દેશી રાજયોમાં વડોદરાનું ગાયકવાડી રાજય સૌથી મોટું અને સૌથી વધારે સત્તા(અધિકારો) ધરાવતું રાજય હતું. તે વિસ્તાર, વસ્તી અને વાર્ષિક આવકની દ્રષ્ટિએ પહેલું સ્થાન ધરાવતું હતું. આ રાજયની દેખરેખ માટે રેસીડેન્ટની નિમણુક કરવામાં આવી હતી. કાઠિયાવાડના નામે ઓળખાતું સૌરાષ્ટ્રના ઝાલાવાડ (વર્તમાન સુરેન્દ્રનગર), હાલાર (રાજકોટ), સોરઠ (સોમનાથ) અને ગોહિલવાડ (ભાવનગર) એમ ચાર પ્રાંતો હતા. તેમાં નાના–મોટાં ૧૮૮ દેશી રાજયોનો સમાવેશ થતો હતો. તે સિવાય દેશી રજવાડું કચ્છ પણ પ્રથમ વર્ગનું રાજય ગણાતું હતું. તળ ગુજરાતમાં ખંભાત અને વડોદરા એ પ્રથમ વર્ગનાં રાજયોમાં સમાવેશ થતો હતો. તેમજ મહીંકાંઠા એજન્સી પાલણપુર (બનાસકાંઠા એજન્સી), રેવાકાંઠા એજન્સી અને સુરત એજન્સીઓ હેઠળ કેટલાય દેશી રાજયોને મૂકવામાં આવ્યા હતા. પાલણપુર એજન્સીમાં નાના – મોટાં તેર (૧૩) દેશી રાજયો હતા. જેમને પાલણપુર, રાધનપુર, થરાદ અને વાવ એમ ચાર વર્ગમાં વિભાજિત કરવામાં આવ્યા હતા.

મહીંકાંઠા એજન્સી તળે બાવન (૫૨) દેશી રાજયોને મૂકવામાં આવ્યા હતા. જેમનો સાબરકાંઠા, વાત્રકકાંઠો, નાની મારવાડ, રહેવર જિલ્લો, બાવીસી જિલ્લો અને કટોસણ એમ કુલ છ (૬) વિભાગોની સમાવેશ થતો હતો. જેમાં ઈડર રાજય એ પ્રથમ વર્ગનું રાજય ગણાતું હતું.

રેવાકાંઠા એજન્સીમાં કુલ એકસઠ(૬૧) દેશી રાજયોનો સમાવેશ થતો હતો. જેમાં છ મોટાં અને પંચાવન નાના દેશી રાજયો આવેલા હતા. તેમાં રાજપીપળાએ આ એજન્સીનું પ્રથમ વર્ગનું રાજય ગણાતું હતું. છોટાઉદેપુર, લુણાવાડા, વાડાસિનોર(વર્તમાન બાલાસિનોર), સુંથ(વર્તમાન સંતરામપુર), દેવગઢ બારિયા વગેરે રાજયોનો બીજાવર્ગમાં સમાવેશ થતો હતો. જયારે કડાણા, ભાદરવા અને સંજેલી જેવા નાનાં દેશી રાજયોનો પણ આ એજન્સી હેઠળ મૂકવામાં આવ્યા હતા. જેમાં રેવાકાંઠાથી થોડે દૂર મહી નદીની નજીક આવેલ લુણાવાડા, કડાણા, વાડાસિનોર અને પાંડુમેવાસ વગેરે રાજયોના સરળ વહીવટ માટે અને દેખ રેખ માટે રેવા કાંઠાના પોલિટીકલ એજન્ટ હેઠળ મુકવામાં આવ્યા હતા. આ પોલિટિકલ એજન્ટ તરીકે

 **ISBN: 978-81-952708-6-6**

પંચમહાલના કલેકટર ગોધરાથી તમામ વહીવટ સંભાળતો હતો. સૌપ્રથમ ઈ.સ.૧૮૨૫ માં રેવાકાંઠા એજન્સીના પોલિટિકલ એજન્ટ તરીકે વડોદરાના આસિસ્ટન્ટ રેસિડેન્ટ જે.પી.વિલોબી સાહેબની નિમણૂક કરવામાં આવી હતી.

સુરત એજન્સી હેઠળ ધરમપુર વાંસદા અને સચિત એમ કુલ ત્રણ દેશી રાજ્યોનો સમાવેશ થતો હતો. આ ત્રણેય રાજયો બીજા વર્ગના રાજયો ગણાતા હતા. રૈયતનો પુરો અખત્યાર આ ત્રણેય રાજયો ધરાવતા હતા.

મહી અને નર્મદા નદીઓના કાંઠાઓ વચ્ચે આવેલા પ્રદેશને 'રેવા કાંઠા' તરીકે ઓળખવામાં આવે છે. રેવાકાંઠા એજન્સી (પ્રાંત) એ ૨૧.૨૩ થી ૨૩.૩૩ ઉત્તર અક્ષાંશ અને ૭૩.૩ થી ૭૪.૧૮ પૂર્વ રેખાંશ વચ્ચે આવેલ છે. તેની ઉત્તરથી દક્ષિણ સુધીની લંબાઈ ૧૪૦ માઈલ છે. આ એજન્સી તળે કુલ એકસઠ દેશી રાજયો આવેલાં છે. જેમાં છ મોટાં અને પંચાવન નાનાં રાજ્યોનો સમાવેશ થાય છે. તેમાં રાજપીપળા, છોટાઉદેપુર, લુણાવાડા, દેવગઢ બારિયા, સુંથ(સંતરામપુર), વાડાસિનોર (બાલાસિનોર), કડાણા, સંજેલી વગેરે જેવા રાજયોનો સમાવેશ થાય છે.

રેવાકાંઠા એજન્સીના ઉત્તરમાં ડુંગરપુર અને વાંસવાડા એજન્સી, પૂર્વમાં ભોયાવર એજન્સી હેઠળનાં રાજયો, પંચમહાલના ઝાલોદ અને દાહોદની જાગીરો, દક્ષિણમાં ગાયકવાડનું વડોદરા રાજય તથા અને પશ્ચિમમાં ભરૂચ, અંકલેશ્વર, ખેડા અને અમદાવાદ જિલ્લાનો વિસ્તાર આવેલો છે.

ઈ.સ.૧૮૧૯ થી લુણાવાડા અને વાંસવાડા એજન્સી, પૂર્વમાં ભોયાવર એજન્સી હેઠળનાં રાજયો, પંચમહાલના ઝાલોદ અને દાહોદની જાગીરો, દક્ષિણમાં ગાયકવાડનું વડોદરા રાજય તથા અને પશ્ચિમમાં ભરૂચ, અંકલેશ્વર, ખેડા અને અમદાવાદ જિલ્લાનો વિસ્તાર આવેલો છે. ઈ.સ.૧૮૧૯ થી લુણાવાડા અને સુંથ(સંતરામપુર) આ બંને રાજયો બ્રિટિશ સરકારના વહીવટ ખાતર પહેલા મહીંકાંઠા એજન્સી તળે મૂકવામાં આવ્યા હતા. ઈ.સ.૧૮૨૫ માં રેવાકાંઠા એજન્સીની સ્થાપના થતા લુણાવાડા અને સુંથ બંન્ને રાજયો ને મહીંકાંઠા એજન્સીમાંથી મુકત કરી રેવાકાંઠા એજન્સી હેઠળ મુકવામાં આવ્યા હતા. તે સમયે મે વીલોબી સાહેબ રેવાકાંઠા, પંચમહાલ મહી–નર્મદાના મેવાસી જાગીરો, છોટા ઉદેપુર અને દેવગઢ બારિયાના પોલિટિકલ એજન્ટ તરીકે મે. વિલોબી સાહેબની નિમણૂંક કરવામા આવી હતી.

બ્રિટિશ સરકાર હેઠળની એજન્સીઓને અલગ–અલગ દિવાની અને ફોજદારી અધિકારો આપવામાં આવેલા હતા. જેમા રેવાકાંઠા એજન્સી હેઠળ આવેલ પ્રથમ વર્ગના રાજયો, બીજા વર્ગના, ચોથા વર્ગના રાજયોને અલગ–અલગ દીવાની અને ફોજદારી દાવાઓના તથા સત્તાઓ આપવામાં આવી હતી. જેમાં પ્રથમ વર્ગના રાજયોના શાસક બ્રિટિશ રૈયત(ખેડૂત) સિવાય કોઈપણ ગુનેગારને દેહાંત દંડની સજા આપવાનો અધિકાર ધરાવતા હતા. પ્રથમ વર્ગના રાજયના શાસકને પોલિટીકલ એજન્ટની મંજૂરી માગવી પડતી નહોતી. બીજા વર્ગમાં સમાવિષ્ટ રાજયોના શાસકોએ પોતાની પ્રજાના (રૈયતના) ખૂનનો ગુનો તપાસવાનો અને દીવાની સતા આપવામાં આવી હતી. જયારે ચોથા વર્ગના રાજયોને દીવાની દાવા સાંભળવાનો અને ફોજદારી કેસમાં ત્રણ વર્ષની જેલની સજા તથા પાંચ હજાર રૂપિયા સુધીનો દંડ કરવાની સત્તા આપવામાં આવેલી હતી.

બ્રિટિશ કંપની સરકારે દરેક નાના–મોટા દેશી રાજયોના શાસકો સાથે લેખિત કરાર કર્યા હતા. તેમજ રાજયના દરેક શાસકોને લશ્કરી માન તોપોની સલામી આપીને આપવામાં આવતું હતું. દરેક રાજયના શાસકોને પોતાના વર્ગ પ્રમાણે તોપોનું માન આપવામાં આવતું હતું. લુણાવાડા રાજયનો રેવાકાંઠા એજન્સી હેઠળનું બીજા વર્ગનું રાજય ગણાતું હોવાથી તેમને નવ તોપોની સલામી આપીને માન અપાતું હતું.

રેવાકાંઠા એજન્સી હેઠળનું પ્રથમ વર્ગનું રાજય રાજપીપળાના શાસક (રાજા) ધરાવતા હતા. તેમને પોલિટિકલ એજન્ટની મંજૂરી લીધા વગર તેઓ બ્રિટિશ રૈયત સિવાય કોઈપણ ગુનેગારને દેહાંત દંડ

 **ISBN: 978-81-952708-6-6**

આપવાનો હક ધરાવતા હતા. બીજા વર્ગમાં સમાવિષ્ટ છોટાઉદેપુર, દેવગઢ બારિયા, લુણાવાડા, વાડાસિનોર (બાલાસિનોર), સુંથ (સંતરામપુર) વગેરે પોતાના જ રૈયત (પ્રજા) ને દેહાંતની દંડ તપાસ ચલાવી શકતા અને દીવાની કાયદાની પૂરી સત્તા ધરાવતા હતા. જયારે કડાણા, સંજેલી, ભાદરવા, ઉમેઠા વગેરે નાના રાજયોને માજીસ્ટ્રેટની સત્તા આપવામાં આવી હતી. તેમજ એજન્સીમાં અદાલતો, મેનેજમેન્ટ, વહીવટી થાણદારો, તાર–ટપાલ, સિક્કાઓ અને રેલ્વે વગેરેને લગતા નિયમો ઘડવામાં આવ્યા હતા. દીવાની અને ફોજદારી અદાલતો પણ સ્થાપવામાં આવી હતી. તેમની દેખરેખ રાખવા માટે ડેપ્યુટી આસિસ્ટન્ટ, પોલિટીકલ એજન્ટ અને પોલિટિકલ એજન્ટ સાહેબ વગેરેની અદાલતની રચના પણ કરવામાં આવી હતી.

**સંદર્ભસૂચિ**

(૧) શાહ અમૃતલાલ ગોર્વધન(બાપાવાળા), "ભારત–રાજયમંડળ", એચ.સી.બ્રધર્સ, ડાકોર, ઈ.સ.૧૯૦ર

(ર) ફરામરાજ સોરાબજી માસ્તર, "પાલણપુર એજન્સી ડીરેકટરી", ભાગ–૧, પ્રજાબંધુ પ્રીન્ટીંગ વર્કસ, અમદાવાદ

(૩) ફરામરોજ સોરાબજી માસ્તર, "મહીકાંઠા ડીરેકટરી, ભાગ–૧, લક્ષ્મી પ્રિન્ટીંગ પ્રેસ, રાજકોટ, ઈ.સ.૧૯રર

(૪) પરમાર લાધાભાઈ હરજી, "રેવાકાંઠા ડીરેકટરી", ભાગ–૧, રાજકોટ, ઈ.સ.૧૯૦૩

(૫) શાસ્ત્રી(સ્વ.)દુર્ગાશંકર કેવળરામ, "ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઈતિહાસ", દ્વિતીય આવૃતિ ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, ઈ.સ. ૧૯૫૩

(૬) પરીખ રસિકલાલ છોટાલાલ, શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર(સંપાદકો), "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ" (સોલંકીકાલ) , ભાગ–૪, પ્રથમ આવૃતિ, ભો. જે. વિદ્યાભવન અમદાવાદ, ઈ.સ.૧૯૭૬

(૭) નાયક(ડાં.) છોટુભાઈ રણછોડજી,"મધ્યયુગીન ભારત", ખંડ–૧, પ્રથમ આવૃતિ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ઈ.સ.૧૯૬૭

 **ISBN: 978-81-952708-6-6**

## "મહારાણા કુંભા અને મેવાડના સ્થાપત્યો" - એક ઐતિહાસિક વિહંગાવલોકન

**પંચાલ માયા એ.**
પી.એચ.ડી સ્ટુડન્ટ;HNGU - PATAN

**પ્રસ્તાવના :**

વીરભુમિ મેવાડનો પ્રાચીન ઇતિહાસ અત્યંત ગૌરવમય રહ્યો છે. મધ્યયુગમાં મેવાડના મહારાણાઓને મુસ્લિમ અને મુઘલ શાસકોના વિરુધ્ધ જે રીતે વિરતા અને સાહસથી રક્ષા કરતા સમયે પ્રાણોની આહુતિ આપી તે ઇતિહાસમાં આજે પણ અદ્વિતીય માની શકાય છે.

પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં મેવાડના પ્રદેશને 'મેદપાટ'ના નામથી ઓળખવામાં આવતું હતું. જેમાં મેવાડ પ્રદેશનું કુલ ક્ષેત્રફળ ૧૪૮૪૯ વર્ગમીલ છે. આ પ્રદેશ ૨૩.૪૯ અને ૨૫.૫૮ ઉતરી અક્ષાંશ તથા ૭૩.૧ તથા ૭૫.૪૯ દિશાન્તર રેખાઓની મધ્ય સ્થિતિ છે.

ગુપ્ત સામ્રાજ્યના ધ્વંશાવરોનો પર ગુહિલ રાજ્યનો ઉદય થયો. ૫મી સદી ઇ.સ.થી અસ્તિત્વમાં આવ્યા. ગુહિલવંશના રાજ્ય, મેવાડ કહેવાતાં હતા. આહડ પણ ગુહિલોની રાજધાની રહી.

પશ્ચિમ રાજસ્થાનમાં આવેલ રાજસમંદ જીલ્લો જે વર્તમાન તેમજ પ્રાચીન સમયથી મેવાડ કલા અને શૌર્યની ભૂમિ રહી છે. જેમાં રાણાં કુંભાના સ્થાપત્યોને એક અનોખુ, સ્વરૂપ પ્રદાન કરનારું આ પ્રદેશ ઉત્તમ નમૂનો રહ્યો છે.

**મહારાણા કુંભાનુ જીવન ચરિત્ર :-**

મહારાણા કુંભાનું મેવાડના, શાસકોમાં મહત્ત્વપૂર્ણ સ્થાન રહ્યું છે. મહારાણા કુંભાનો જન્મ એક દંતકથા મુજબ આજે પણ ખૂબ જ અનિશ્ચિતતા છે. મહારણા કુંભાનો જન્મ દેવગઢની નજીક સાંડમાતાના મંદિરમાં થયો. ઇ.સ. ૧૪૧૩-૧૪૧૫ની વચ્ચે ક્યારેક રાણા કુંભાની માતા અહીં દર્શન હેતું. આવેલ ત્યારે રાણાનો જન્મ થયો. મહારાણા કુંભાની માતાનું નામ મહારાણી સૌભાગ્ય દેવી અને પિતાનું નામ મહારાણા મોજલ હતું. તેમજ તેમની પત્નિનું નામ કુંભલદેવી હતું. આમ, મહારાણા રાજ્યસિંહાસન પર આરૂઢ થયા ત્યારે તેમની ઉંમર લગભગ ૧૮થી ૨૦ વર્ષની રહી હશે.

મહારાણા મોજલ ઇ.સ. ૧૪૩૩ના મધ્યમાં દેવગઢ મદારિયા નામના સ્થાન પર રોકાયા જેમાં ચાચા અને મેરાને પોતાના સાથિયોની સાથે મળીને મહારાણા મોજલના વિરૃધ્ધ ષડયંત્ર રચ્યુ ત્યારે મહારાણાએ તે સમયે કેટલાક સરદારોને મોતને ઘાટ ઉતાર્યા તે સમયે રાજકુમાર કુંભા પણ પિતાની સાથે હતા.

પિતાની હત્યાના સમાચાર સાંભળી રાજકુમાર કુંભા દેવગઢ મદારિયાંથી એક ગામના પટેલ પાસેથી ઘોડા પ્રાપ્ત કરીને તેઓ ચિત્તોડ તરફ રવાના થયા. તેમની પાછળ ચાચા અને મેરાએ પીછો કરેલ. પણ રાણા કુંભા સુરક્ષિત રીતે ચિત્તોડ પહોંચી ગયેલ. અને ચિત્તોડદુર્ગના તમામ દ્વાર બંધ કરી દેવામાં આવેલ જેથી વિદ્રોહી કિલ્લામાં પ્રવેશ ના કરી શકે.

**મહારાણા કુંભાનુ રાજ્યારોહણ :-**

રાણા માકેલના સાત (૭) પત્રો હતા. જેમાં રાણા મોજલનો જયેષ્ઠ પુત્ર કુંભા હતો. તથા ખાસ કરીને મહારાણા માકેલની સાથે યુદ્ધ ક્ષેત્રોમાં જતો હતો. ઇ.સ. ૧૪૩૩માં મોકલની હત્યા પછી કુંભા મેવાડના રાજસિંહાસન પર બેઠો, તથા રાણા કુંભા (કુંભકર્ણ) ના નામથી પ્રખ્યાત થયો.

મહારાણા કુંભાના રાજસત્તા ના સમયે સમસ્ત ઉતરી ભારતમાં અસ્થિરતા પ્રસરેલી હતી. તથા ઉત્તર ભારતમાં નાના-નાના રાજ્યોમાં અંદરો-અંદર વેર-ઝેરની ભાવના વ્યાપેલી હતી. જે રાજ્યો પોતાની સીમાઓની વૃધ્ધિ કરવા હતું. એકબીજા તરફ સંઘર્ષ કરી રહ્યાં હતો. આમ, આવી અસ્થિર રાજનૈતિક સ્થિતિમાં તૈમુરના આક્રમણથી દિલ્હી સલ્તનતની દશા ખૂબ જ કફોડી થઇ ગઇ અને સૈયદોની ૩૭ વર્ષના શાસનકાળ

 ISBN: 978-81-952708-6-6

(ઇ.સ. ૧૪૧૪થી ૧૪૫૧ સુધી) માં દિલ્હી સલ્તનત અત્યંત સંકુચિત અને શક્તિહીન થઇ ગઇ. તે સમય ભારતમાં એવો કોઇ શાસક નહોતો કે જે સર્વને સંગઠીત કરી શક ેઅને એક સૂત્રમાં બાંધી શકે. આવી પરિસ્થિતિમાં મહારાણા માકેલનો અંત થઇ ગયો. જેથી મેવાડની પ્રભુતાને એક બીજી ઠેસ પહોંચી.

મહારાણા કુંભાએ પોતાની સૈનિકશક્તિ વધારીને આ શત્રુઓથી મેવાડની રક્ષા કરવા હેતુ આજીવન મેવાડની રક્ષા કરવા મા ભૂમિની સોગંધ લીધી. તે સમયે રાણા-કુંભાના આસપાસના મુસ્લિમ રાજ્યો પરના આક્રમણો તેમજ બાહ્ય તથા આંતરિક પરિસ્થિતિયોની સમાન મેવાડ ખૂબ જ વિકટ પરિસ્થિતિમાં હતું. તેથી રાણા કુંભાએ નિર્ણય લીધો જે પિતાના હત્યારાઓનો બદલો લઇને, બાહરી શત્રુઓને પરાસ્ત કરી મેવાડની સીમાઓને સુરક્ષિત રાખવાનું કાર્ય કરે. આમ, રાણા કુંભાએ પોતાના રાજસિંહાસ પર આરૂઢ થયા પછી એક-એક કાર્યોને ઇમાનદારી, વફાદારી, કાર્યનિષ્ઠાથી સંપૂર્ણપણે મેવાડની રક્ષા કરી નિભાવ્યું છે.

**મહારાણા કુંભાના વિજયો :-**

મહારાણા માકેલની હત્યા કર્યા પછી વિદ્રોહી ચાચા, મેરા અને મહ્યાં પવાર તેઓ કોટડાના પહાડોમાં ચાલ્યા ગયા. અને " રાતાકોટા" ના કિલ્લામાં જઇ શરણ લીધી. તે સમય મહારાણા કુંભાને આ કાર્યમાં મહારાણા મોકલના મામા મંડોરના રાઠોડ રણમલથી સહાયતા પ્રાપ્ત થઇ. જ્યારે રાવ રણમલને મહારાણા માકેલની હત્યાના સમાચાર મળ્યાં  તેઓ સૈન્યસેના લઇ ચિત્તૌડ તરફ પ્રયાણ કર્યું. પછી ચિત્તૌડ આવ્યા બાદ ઝડપથી રણમલ અને કુંભાએ મળીને સેના સહિત કોટડાના પહાડો પર આક્રમણ કર્યું.

ઇ.સ. ૧૪૩૬માં રાણા કુંભાએ માંડલગઢ પર પુનઃ આક્રમણ કરી તેના પર વિજય અધિકાર કર્યો તે સિવાય પણ પોતાના સૈનિકો દ્વારા કુંભાએ સાંભર, ડીડવોના પર અધિકાર કરી લીધો. નાગૌરના શાસક ફિરોજખાન પર બે વાર આક્રમણ કરી તેના પર વિજય પ્રાપ્ત કર્યો.

આમ, રાણકપુર શિલાલેખ વિ.સ. ૧૪૯૬ (ઇ.સ. ૧૪૩૯) પરથી જાણવા મળે છે કે તે સમય રાણા કુંભાએ લગાતાર સૈનિક અભિયાન દરમિયાન સારંગપુર, નાગૌર, નાગરોણ, નરાયણા, અજમરે, મંડોર, માંડલગઢ, બુંદી, ખાટૂ, ચાટ્સ વગેરે કિલ્લાઓ પર આક્રમણ કરી પોતાનાં સામ્રાજ્યમાં ભેળવી લીધા અને ત્યાંના રાજ્યો પર વિજય પ્રાપ્ત કર્યો.

રાણા કુંભાએ સાહસ, નિપુણતા, નિડરતા, રણકૌશલ્યતા, રાજનૈતિકતા તેમજ ધૈર્ય ધરી મુસ્લિમ આક્રમણો સામે જંગ હાર્યો નહિ. સર્વે પર પોતાના વિજયો હંમેશા અજય રહ્યાં છે. જેમ પોતાનું મેવાડ, સામ્રાજ્ય અજય રહ્યું અને તેમના જનુની હિંમતને દાદ આપી છે. વિદ્વાનો તેમજ ઇતિહાસકારોએ  મેવાડના સર્વો રાજાઓમાંનો એક ગણવામાં આવ્યા છે.

૧૪૩૯માં મેવાડ અને સારંગપુરની સેનાઓ વચ્ચે યુદ્ધ થયું. તેમાં રાણા કુંભા વિજય પ્રાપ્ત કર્યું. તેમજ અવાર-નવાર મહમુદ ખિલજી દ્વારા રાણા કુંભા પર આક્રમણો થયા પરંતુ ખિલજીની સેનાને પરાજીત થઇને દિલ્હી તરફ રવાના થવું પડ્યું.

૧૪૫૫માં એકવાર ગુજરાતની સેના દ્વારા કુતુબદ્દીને મેવાડ પર આક્રમણ કર્યું અને અચલગઢ અને કુંભલગઢ  તરફ સેનાઓને મોકલી પરંતુ મહારાણા કુંભા હંમેશા સુરક્ષાત્મક યુદ્ધ લડ્યા તેથી ગુજરાતના શાસક કુતુબદ્દીને નિરાશ થઇને ગુજરાતની સીમ પકડવી પડી.

રાણા કુંભાએ દક્ષિણ- પશ્ચિમ સીમાઓ પર વિજય પ્રાપ્ત કરી, શિરોહી, પિંડવાડા, વસંતગઢ, જહાજપુર, કૈલાના વગેરે પર વિજય સ્થાપિત કર્યો હતો. રાણા કુંભાના મજબૂત કિલ્લાઓનું નિર્માણ દ્વારા પોતાના સામ્રાજ્યની રક્ષા કરી શક્યો.

**મહારાણા કુંભાની વિવિધ ઉપલબ્ધિયા :**


**ISBN: 978-81-952708-6-6**

મહારાણા કુંભાએ મેવાડની ભૂમિને અનેકવિધ ઉપલબ્ધિઓ હાંસલ કરીને આપી છે. મહારાણા કુંભા એક વીર અને વિજેતા બનેલ ત્યારે તે એક મહાન સાહિત્યકાર અને સાહિત્યકારોનો આશ્રયદાતા પણ હતો. રાણા કુંભાએ સાહિત્ય,સ્થાપત્ય, દાન સાહિત્યમાં પ્રસિદ્ધ ઉપલબ્ધિયો હાંસિલ કરી છે. તેની સાથે-સાથે વિશિષ્ટ, ગ્રંથોમાં રચના કરી. જેમાં સંગીતરાજ, રસિકપ્રિયા, ગીત ગોવિંદની ટીકા, કામશાસ્ત્ર, સૂડ પ્રબંધ, કામરાજ, રતિસાર વગેરે ગ્રંથોની રચના કરી ઉચ્ચ કોટીનો દરજ્જો પ્રાપ્ત કર્યો. તેમણે વિવિધ ભાષાઓમાં નાટકો પણ રચ્યાં. તેઓ સંસ્કૃત, પ્રાકૃત, મેવાડી, તેલુગુ, આમ ચાર ભાષાના જાણકાર હતા. કેટલીક ભાષાઓના જ્ઞાનની સાથે-સાથે નાટ્યકાર પણ હતા. તેમના દરબારમાં કન્હવ્યાસ, મહેશ ભટ્ટ, એકનાથ વગેરે વિદ્વાનો સાહિત્યકાર હતા. તે સિવાય રાણા કુંભાના દરબારમાં પંડિત, રાજવૈદ્ય, જ્યોતિષ વગેરે રાજદરબારને સુશોભિત કરતા હતા.

રાણા કુંભાએ સ્થાપત્ય ક્ષેત્રે મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. તેમના સ્થાપત્યો આંતરિક અને બાહ્ય સુરક્ષા માટેના સુરક્ષા કવચ, સમાન હતા. રાણા કુંભાએ તેમના સમયમાં વિવિધ કિલ્લાઓ, ગઢ, મંદિરો, તળાવો, વાવો, દિવાલો, વગેરેનું નિર્માણ કરાવ્યું. જેમાં મેવાડના ૮૪ કિલ્લાઓમાં મહારાણા કુંભાના ૩૨ કિલ્લાઓનું નિર્માણ રાણા દ્વારા થયેલું. જેમાં મુખ્યરૂપથી કુંભલગઢ, ચિત્તોડગઢ, વસંતગઢ, અચલગઢ, માંડલગઢ, જહાજપુર વગરે કિલ્લાઓ ખૂબ જ પ્રસિદ્ધ છે. કિલ્લાઓના નિર્માણની સાથે-સાથે રાણાં કુંભા મહેલ, કિર્તિ સ્તંભ, કુંભસ્વામી મંદિર, વરાહ મંદિર, જૈન મંદિરો યજ્ઞવેદી, કિલ્લાના દરવાજાઓ કિલ્લાની ફરતે કોટ દિવાલ, જળાશયો, ભવનો, સુંદર મુર્તિયો વગેરેનું નિર્માણ કરાવ્યું.

રાણા કુંભાના સ્થાપત્યોમાં વિવિધ પ્રકારની ઝાંખી આપણને થાય છે. મેવાડના સ્થાપત્યોમાં ચિત્તૌડ અને કુંભલગઢ અજય દુર્ગ રહ્યા છે. કર્નલ ટોડ આ ચિત્તોડ , કિલ્લા પછી કુંભલગઢને બીજા સ્થાન પર બતાવ્યો છે. તથા દુર્ગોની શુદ્દઢ દિવાલો કોટ અને કંગુરોને કારણે કુંભલગઢને બીજા નંબરના સ્થાન પર મુકતા લખે છે કે,

Inferior only to chittor is that stupendous work called ofter him (kumbha) koombhalmer the hill of khoobho: from its natural position and the works he raised impregnable to a native army.

આમ રાણા કુંભાના શિલ્પ સ્થાપત્યો સર્વોપરી સ્થાન પર આવે છે. બલિદાન અને શૌર્ય, ગૌરવની, ગાથાઓના કારણે સ્થાપત્ય કલાને મહારાણા કુંભાએ ઇતિહાસના પાનામાં અનોખું સ્થાન તેમજ અને ઉપલબ્ધિયો હાંસલ કરી છે. મહારાણા કુંભાની ઉપલબ્ધિયો ઇતિહાસના પાનામાં આજે પણ જગમગી રહી છે.

**મહારાણાં કુંભાને પ્રાપ્ત થયેલાં બિરૂદો** :-

આન, બાન, શાન એવા મેવાડની ભૂમિની રક્ષા કરનાર મહારાણા કુંભાએ જે સાહિત્ય જગતને સાહિત્ય સ્થાપત્ય, ભાષાકીય તેમજ એક ધાર્મિક પુરૂષ પણ હતા. જે જૈન અને હિન્દુ ધર્મમાં સર્વધર્મ સમાન હતા. તે સ્વયં શિવ, વિષ્ણુ અને કિલ્લાનો ભક્ત હતો.

મહારાણાં કુંભાએ પ્રાપ્ત કરેલ ઉપાધીઓમાં દાનગુરૂ, હાલગુરૂ, શેલગુરૂ, ચાપગુરૂ , પરમગુરૂ, રાજગુરૂ, નારાયણરાજકર્તા, મહારાજધિરાજ, હિન્દુસુરતાન, અભિનવ ભાર્તુચાર્યા, પ્રજાપાલક, અશોપતિ, ગજપતિ, નરપતિ, નંદ-નંદેશ્વર, તોડરમન જેવા રાણા કુંભાએ બિરૂદ પ્રાપ્ત કર્યા હતા. તેમજ વિદ્વાનોના આશ્ચર્યદાતાનું પણ બિરૂદ મેળવ્યું હતું. આમ, ઉપરોક્ત બિરૂદ પ્રમાણે દરેકનો, અર્થ, સ્થાપત્યકલા, તેમજ સાહિત્યને પ્રાધાન્ય આવ્યું તેમાં મેળવેલ બિરૂદો મહારાણાં કુંભાને પ્રાપ્ત થયાં. જેમાં રાણા કુંભાએ રાજસ્થાનમાં ૩૨ કિલ્લાઓનું નિર્માણ કરાવ્યું હોવાથી તેમણે હાલ 'ગુરૂ'ની ઉપાધી પ્રાપ્ત થઇ.

કવિ શ્યામલદાસના મત અનુસાર રાણાં કુંભાએ દરેક વસ્તુ પર વિજય પ્રાપ્ત કરી તથા વિવિધ નિર્માણ કરાવ્યા તેથી રાય-રાયણ, રાજરાસો, નાટકરાજ વગેરે પ્રકારની ઉપાધિઓ પ્રાપ્ત કરી હતી. રાણા


**ISBN: 978-81-952708-6-6**

કુંભાના બિરૂદો પ્રાપ્ત થયેલ. જેમાં રાજસ્થાનમાં મેવાડની રાજનૈતિક, સામાજીક, કલા, સાહિત્ય અને ધર્મના ક્ષેત્રમાં ચર્તુમુખી પ્રગતિ થઇ હોવાથી વિવિધ બિરૂદોના દાવેદાર રાણાં કુંભા રહ્યા.

**મહારાણાં કુંભાના કાર્યોનું મુલ્યાંકન** :-

મહારાણા મોકલની મૃત્યુ પછી તેમના જયેષ્ઠ પુત્ર મેવાડની રાજગાદી પર "એક મહેલમાં એક બાળકે પ્રવેશ કર્યો અને મ્યાનમાંથી તલવાર કાઢીને રાજગાદી પર રાખી દીધી અને કહ્યું કે હું રાણા મોકલનો પુત્ર 'કુંભકર્ણ' આજથી આ રાજ્યનો રાજા છું રાજ્યની દરેક મોહર મારા હાથ નીચેથી પસાર થશે." ૧૬ વર્ષની નાની વયે મેવાડની સુરક્ષા હેતુ અનેક કાર્ય હાથ ધર્યા. તે સમયે ચાંચા અને મેરા પંવાર જેવા ઘાતકી સાથીયોની સામે જંગ લડવાનો હતો. તેમને હરાવીને શાન ઠેકાણે લાવીને રાણાએ હત્યા કર્યા બાદ મેવાડના સામ્રાજ્યની, સુરક્ષા, રાણા કુંભાના હાથમાં હતી. વીરતા અને શૌર્યની ગાથા સમાન રાણાં કુંભાએ માત્ર રક્ષા જ નહિ પ્રજા કલ્યાણના હિતમાં મેવાડમાં ઊંચા-કોટ કિલ્લાઓનું નિર્માણ કરાવ્યું.

રાજસ્થાનનાં ઐતિહાસિક સ્થાન પર મેવાડની વીરતા, ત્યાગ, સ્વાભિમાન, સાહિત્ય, સંગીત, દેશપ્રેમ માટે ચમકતા હર સૂર્ય સમ્માન પ્રતીત થાય છે. અહીં અનેક વીર શાસક, સતી મહિલાઓ અને મમતામય માતાઓ તથા ભક્ત પેદા થયા છે. જેમણે આપણા ધર્મ, દેશના ગૌરવ અને ત્યાંગને બચાવી રાખવા માટે હસતા-હસતા પ્રાણન્યોછાવર કર્યા છે. આજ મેવાડની ભૂમિમાં જ્યાં રાણા સાંગા જેવા વીર, પ્રતાપ જેવા દેશપ્રેમી, મીરા જેવી ભક્તિ, પન્નાધાયી જેવી માતા પેદા થઇ. તેજ મહારાણાં કુંભાના સમયકાળમાં ત્રણેનો ત્રિવેણી સંગમ આપણને દૃષ્ટિગોચર થાય છે.

મહારાણા કુંભા એક વીર, વિજેતા, સાહિત્યકાર સંગીતકાર, કલાપારખું, નિર્માણકર્તા અને દરેક શાસકોથી સંપૂર્ણ ગુણોથી પરિપૂર્ણ છે તેથી રાણા કુંભાનો સમય મેવાડનો સુવર્ણકાળ હતો. તેમના કાર્યોથી સંપૂર્ણ વિદ્વાનો પૂર્ણપણે પરિચીત રહ્યો છે. રાણા કુંભાનો દેહાંત સયમ ૧૪૬૮માં બતાવ્યો છે. મહારાણાના ૩૭ વર્ષના શાસનકાળ દરમિયાન અનેકવિધ કાર્યોની છણાવટ જોવા મળે છે.

**મેવાડના સ્થાપત્યો** :-

પશ્ચિમી રાજસ્થાનમાં વિશિષ્ટ પ્રકારના સ્થાપત્યો મેવાડના શાસકોએ બંધાવ્યા હતા. જેમાં મહારાણા કુંભા દ્વારા વિવિધ સ્થાપત્યો બંધાવવામાં આવ્યા જે નીચે મુજબ દર્શાવ્યા છે.

૧. **ચિતૌડનો વિજય સ્તંભ** :-

મેવાડના શાસક રાણા કુંભા દ્વારા નિર્મિત દુર્ગમાં પોતાની વિજય પ્રાપ્તિ બાદ બંધાવવામાં આવેલ વિજય સ્તંભ કિલ્લાની નજીક સ્થિત છે. અહીં નૌખંડા વિજય સ્તંભ કિલ્લાનું ભવ્ય નિર્માણ કરાવેલ છે. ઇ.સ. ૧૪૩૮માં મહારાણાં કુંભાએ માળવાના સુલ્તાન મહમુદશાહ ખિલજી પર વિજય પ્રાપ્ત કરવાના ઉપલક્ષ્યમાં વિજય સ્તંભનું નિર્માણ કરાવ્યું. જેમાં ભગવાન વિષ્ણુ, અપ્સરાઓ, ગાંધર્વ, કિચક વગેરેના શિલ્પો કંડારવામાં આવેલા જોવા મળે છે. આ વિજય સ્તંભ બનાવવામાં લગભગ રાણા કુંભાને ૧૦ વર્ષનો સમય લાગ્યો. આ સ્તંભ ૧૨ ફૂટ ઊંચો, ૨ ફૂટ લંબચોરસ લાંબો ચબુતરો જેનાં પર આ સ્તંભ સ્થિતિ છે. તેના પર જવા આવવાં માટેની ૧૫૭ ગોળાકારે સીડીઓ બનેલી છે. આ સ્તંભની બાહરી, ભાગ, પર હિન્દુ દેવી- દેવતાઓની સુંદર મુર્તિયો, કોતરેલી જોવા મળે છે. આ સ્તંભ ભારત-ભરમાંનો એક માત્ર વિજય સ્તંભ કલાની દૃષ્ટિએ અનોખું ઉદાહરણ પુરૂ પાડે છે. કર્નલ ટોકને કુતુંબ મિનારથી પણ શ્રેષ્ઠ બતાવ્યો છે. આ સ્તંભમાં ચૌથી મંજીલમાં ત્રિખડંલા, તાત્રંલા, પાર્વતી, હિંગલાજ, ગંગા, યમુના અને સરસ્વતી વિશ્વકર્માની, મૂર્તિયો જોવા મળે છે. વિજય સ્તંભનો જીર્ણોદ્ધાર મહારાણા ફતેહસિંહ દ્વારા કરાવેલો ઉલ્લેખ ફતેહસિંહના કાર્યાલયમાં જોવા મળે છે.

૨. **કિર્તી સ્તંભ** :

મેવાડના સ્થાપત્યની વિશિષ્ટ શૈલી ચિતૌડના કિલ્લામાં જોવા મળે છે. આ કિર્તી સ્તંભ ૧૨મી સદીમાં બનેલ છે. જે કુમારસિંહના સમયમાં જીજાભગેરવાળા નામના એક જૈન વ્યાપારીને આ ચિત્તોડ


**ISBN: 978-81-952708-6-6**

કિલ્લાની પરિસરમાં ઇ.સ. ૧૧૭૯-૯૧માં વર્ષમાં કિર્તી સ્તંભનું નિર્માણ કરાવ્યું. આ કીર્તિસ્તંભ ૭૨ ફૂટ, લગભગ ૨૨ મીટર જેટલો ઊંચો છે. અને તે નીચે ૩૦ ફૂટ પહોળો અને ઉપરથી ૧૫ ફૂટ પહોળો છે. આ કિલ્લાની પરિસરમાં ત્રણ શિલાલેખો મળ્યાં છે. જેમાં આ સ્તંભના નિર્માણકર્તાનું નામ જીજા ભાગેરવાળા અંકિત થયેલ છે. અહીં મીરાંબાઇના મંદિરથી અડીને આદિનાથ ભગવાનની ૫ ફૂટ ઊંચી આકર્ષક પ્રતિમા લાગેલી છે.

૩. **કીર્તિ સ્તંભ પ્રશસ્તિ** :-

આ ચિતૌડ કિલ્લાની અંદર એક પ્રાચીન શિલાલેખ સ્થિત છે. જેનો સમયગાળો ઇ.સ. ૧૪૬૦નો અંકિત થયેલ જોવા મળે છે. જેમાં મેવાડના શાસક બાપાથી લઇને કુંભા સુધીની માહિતી તથા કુંભા દ્વારા નિર્મિત મંદિરો, ભવનો, કિલ્લા જળાશય તથા તેમના દ્વારા રચિત ગ્રંથોની જાણકારી પ્રાપ્ત થાય છે.

૪. **કિલ્લામાં નિર્મિત થયેલ મહેલ અને હવેલીઓ** :

મેવાડના સામ્રાજ્ય વિસ્તારની સાથે-સાથે મેવાડી શાસકોએ સ્થાપત્યની બાબતમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. જેમાં રાણાં રતનસિંહ, રાણા મોકલ, રાણા કુંભા દ્વારા નિર્મિત મહેલોમાં ફતેહ પ્રકાશ મહેલ (ચિતૌડ) અલંકૃત પીષણખંડથી સુશોભિત છે. જેમાં રાણી પદમિનીનો મહેલ, કુંભા મહેલ, બાદલમહેલ (કુંભલગઢ), રતનસિંહ મહેલ, આહાડા હિંગુલનો મહેલ, ગોરા- બાદલ મહેલ, જયમલ અને પત્તાની હવેલીયો, ભામાશાહની હવેલી સલૂમ્બરની હવેલી, રામપુરાની હવેલી આ સૌથી વધારે પ્રસિધ્ધ છે. કુંભા મહેલની પરિસરમાં રાવ રણમલની હવેલીના ખંડિત અવશેષો સ્થિત જોવા મળે છે.

મહારાણા કુંભાએ એક મંડોરની રાજકુમારીને મેવાડ વિવાહ કરીને લાવેલ. તે રાણી માટે રાણા કુંભાએ ઝાલી રાણી માટે એક મહેલનું નિર્માણ કરાવ્યું. તે ‘ઝાલી મહેલ’, હવેલી વગેરેનું રાણા કુંભાએ નિર્માણ કરાવ્યું. તેમજ કુંભા મહેલ પણ કુંભલગઢમાં નિર્મિત છે.

૫. **રાણા કુંભાએ બંધાવેલ મંદિરો** :

રાજસ્થાનના શાસકોમાં રાણા કુંભાને સ્થાપત્યોનો સર્જક માનવામાં આવે છે. તેમણે મહેલો-હવેલી સિવાય પોતાના દ્વારા ૩૨ કિલ્લાઓની હરોળમાં લઇ શકાય તેટલા હિન્દુ-જૈન મંદિરો પણ બંધાવ્યા ચિત્તૌડથી લઇને કુંભલગઢ, અચલગઢ, માંગલગઢ, વગેરે વિસ્તારોમાં રાણા દ્વારા ૪૦થી વધુ અનેક મંદિરો બંધાવ્યા છે આજે પણ કેટલાક મંદિરો વિદ્યમાન છે. જેમાં કૃષ્ણ ભગવાનનું મંદિર, માતાજીનું મંદિર, ગણેશ મંદિર, નીલકંઠ મહાદેવનું મંદિર, પાર્શ્વનાથનું મંદિર, કાલિકા માતાનું મંદિર, રામિદ્વિશ્વર મંદિર, મોકળજીનું મંદિર, ભૈરવદાદાનું મંદિર, જટાધારી શિવનું મંદિર, તુલજા ભવાનીનું મંદિર, કુંભા સ્વામીનું મંદિર, મીરાંબાઇનું મંદિર, વગેરે મુખ્ય મંદિરો ચિત્તૌડ તેમજ કુંભલગઢ કિલ્લામાં આવેલા છે. જેમાંના કેટલા નીચે દર્શાવવામાં આવે છે.

**સૂર્ય મંદિર** :-

રાણા કુંભાએ ૪૦ ઉપરાંતના મંદિરોનું નિર્માણ કરાવ્યું. જેમાંનુ આ સૂર્યમંદિર પીતલશાહ જૈન મંદિરની પાસે, ભગ્નાવસ્થામાં દેવાલય દેખાય છે. જેમાં દેવી-દેવતાઓ, ગાંધર્વની મૂર્તિયો અલૌકિક સ્વરૂપમાં અહીં કોતરેલી જોવા મળે છે.

આ સિવાય પણ રાણા કુંભા દ્વારા બંધાવેલ મંદિરો, કટ્ટારગઢની દિવાલની અંદર દૂર-દૂર સ્થળોએ પ્રાચીન મંદિરો આજે પણ વિદ્યમાન છે.

**પ્રાચીન હનુમાનજીનું મંદિર** :-

રાણા, કુંભાએ મંડોર પર વિજય પ્રાપ્ત કરીને પરત ફરતી વખતે હનુમાનજીની મૂર્તિ મંડોરેથી કુંભલગઢ લાવીને કિલ્લાના ત્રીજા દ્વાર પર સ્થાપિત કરી આજે પણ આ મૂર્તિ હનુમાન દ્વારની ડાબી તરફ વિદ્યમાન છે. જે આ મૂર્તિ સ્થાપિત કરીને આ દ્વારનું નામ હનુમાનપોળ રાખવામાં આવેલ. જે મૂર્તિ ત્રણ ફૂટ જેટલી ઊંચી છે.

**મીરાંબાઇનું મંદિર** :-

રાણા કુંભા દ્વારા નિર્મિત પ્રાચીન મીરાંબાઇનું મંદિર ચિત્તૌડ કિલ્લાની નજીકમાં સ્થિત છે જે રાણા રતનસિંહ દ્વારા મીરાબાઇને ઝેરના કટોરા મોકલાવવામાં આવે છે. અને એ ઝેર મીરાંબાઇ પી જાય છે અને કૃષ્ણ ભક્તિમાં તલ્લિન મીરાંબાઇને કંઇ અસર પણ થઇ નહિ. સમય જતાં મીરાંબાઇના મંદિરનું નિર્માણ રાણા કુંભાના સમયમાં કરાવવામાં આવે છે.

પશ્ચિમ રાજસ્થાનના કિલ્લાઓમાં જે 'કુંભાકાર' કિલ્લો જે કુંભલગઢ તરીકે ઓળખાય છે. આ કિલ્લામાં મહારાણા દ્વારા નિર્મિત સૌથી વધારે મંદિરો આવેલા છે. મેવાડની શાન ગણાતું ' મેવાર' , ' મેવાડ' પ્રાચીન સમયથી આજ સુધી વર્તમાન સ્થિતિમાં લોકોની આસ્થાના કેન્દ્રરૂપે આ મંદિરો આજે પણ ઝગમગી રહ્યા છે. આ મંદિરો કુંભલગઢ કિલ્લાના તથા ચિત્તૌડ કિલ્લાના વિશિષ્ટ સ્થાપત્યોમાંના એક ગણી શકાય છે.

**રાજાશાહી શૃંગાર ચૌકી** :-

રાણા કુંભાના સમયમાં પણ મહેલની ચારે-બાજુ એક રાજાશાહી શૃંગાર ચોકીનુ નિર્માણ કરવામાં આવેલું છે. જે રાણાએ આ શૃંગાર ચૌકી રાજાશાહી. કુંવરપદા તેમજ ધાર્મિક ઉત્સવનું આયોજન તેમજ રાજતિલક આ ચૌકમાં થતા હતા. વાર-તહેવાર તેમજ નર્તકીઓ દ્વારા આ ચોકમાં નાચ-ગાનની ભવ્ય ઉજવણી થતી હતી.

**પ્રાચીન વાવ- જળાશય કુંડ** :-

રાજસ્થાનના પશ્ચિમી ક્ષેત્રમાં, મેવાડના સામ્રાજ્યમાં જ્યારે રાણા મોકલથી લઇને રાણા પ્રતાપ સુધીના શાસનકાળ દરમિયાન, કેટલાક સ્થાપત્યોનું નિર્માણ થયેલું છે. તેમાં ચિતૌડથી લઇને કુંભલગઢ સુધીના વિસ્તારમાં વાવ, કુંડ, જળાશય વગેરેનું નિર્માણ કરાવ્યું. જેમાંની એક બાદશાહી વાવડી કુંભલગઢમાં આવેલી છે. તે ખૂબ જ પ્રાચીન છે. જે કુંભલગઢ કિલ્લામાં વાવડી (કુવો) આવેલો છે. જેને બાદશાહી વાવડી તરીકે ઓળખવામાં આવે છે. જે મહારાણા પ્રતાપ અને અકબર વચ્ચેના સંઘર્ષ દરમિયાન અકબરે પોતાના સૈન્યનો લાંબો સમય સુધી ઘેરો ઘાલ્યો પોતાના સૈન્ય માટે આ કિલ્લામાં વાવનું નિર્માણ કરાવ્યું. પરંતુ પ્રતાપને અકબરની સેના પરાજીત કરી શકી નહિ. અને આખા સૈન્યને રવાના થવું પડ્યું. ત્યારબાદ મહારાણા પ્રતાપે આ વાવનું, નિર્માણ કરાવ્યું. આ સ્થાપત્ય પણ, મેવાડી શાસકોના અદ્દભુત અવશેષો છે જે આજે પણ આ બાદશાહી વાવડી કુંભલગઢ કિલ્લામાં પ્રવેશ કરતાની સાથે જ હલ્લાપોળની ઉત્તર બાજુ તરફ ચઢાણવાળી કઠીન સીડીઓ છે જે ઉપર આ વાવડી (કૂવો) વિદ્યમાન છે. જેનું નિર્માણ ઇ.સ. ૧૫૭૮માં કરવામાં આવ્યું.

**કુંભલગઢ પ્રશસ્તિ** :

કુંભા સ્વામી મંદિરના પ્રાંગણની બાહર મહારાણા કુંભાને, ઇ.સ. ૧૪૬૦માં પત્થરની શિલાઓ પર, સંસ્કૃત, ભાષા અને દેવનાગરી લિપિમાં એક પ્રશસ્તિ કોતરાવેલ છે. હાલ આ શિલાલેખ અને કુંભલગઢના કેટલાક પરવિશેષ, ઉદયપુરના સંગ્રહાલયમાં સુરક્ષિત છે. આ શિલાલેખમાં મેવાડ નરેશોની વંશાવલી, મહારણા કુંભાની ઉપલબ્ધિયો, કુંભાના સમયનું બજાર, મંદિર, રાજમહેલ તથા યુદ્ધો વગેરેની જાણકારી આપવામાં આવેલ છે.

**કુંભલગઢના શિલાલેખો** :

માગશર વદ પાંચમને સોમવાર વિ.સં. ૧૫૧૭ તે સિવાય ઇ.સ. ૧૪૬૦ને ડિસેમ્બરના કુંભાને કુંભલગઢ સ્થિત મામાદેવના મંદિરમાં કેટલીક મોટી-મોટી શિલાઓ પર શિલાલેખ કોતરાવેલ છે.

કુંભલગઢ શિલાલેખની એકબીજી શિલામાં ૬૯થી ૧૨૦ સુધીના કુલ ૫૨ શ્લોક ઉત્કીર્ણ છે. જેમાં મોટા ભાગના ચિત્તૌડ પર સ્થિત ચિત્રાગંદ, સરોવર, ચિત્તૌડ પર સ્થિત વિભિન્ન વૈષ્ણવ મંદિરો, બજારો અને રાજપ્રસાદોને વર્ણનની સાથે જ પ્રશસ્તિકારને ચિત્તૌડની તુલન્ના કાશી, મથુરા, દ્વારિકા અને કાંશીથી કરી છે.


ISBN: 978-81-952708-6-6

જેમાં એટલું જ નહિ કે જે પર્વત પર ચિત્તૌડનો કિલ્લો નિર્મિત છે. તેની તુલના તો હિમાલયને મેરૂ પરર્તની સમાનતા કરવામાં આવી છે.

ચિત્તૌડના સૌંદર્યને વર્ણન કરતાં પ્રશસ્તિકાર શ્લોક સં. ૮૫ પર લખે છે કે,

ત્રીજા શિલાલેખમાં શ્લોક સં. ૧૨૧થી ૧૭૯ કુલ ૫૯ શ્લોક ઉત્કીર્ણ છે. આ શિલાલેખમાં મેવાડના રાજવંશનું વર્ણન તેમજ બાપ્પા રાવલને વિપ્ર કહ્યા છે. તથા હારીત ઋષિની કૃપાથી બાપ્પાના રાજ્ય પ્રાપ્ત કરવાનું તથા તેમના વિસ્તારનું વર્ણન આ શિલાલેખમાં છે.

ચોથા નંબરના એક શિલાલેખમાં ૧૮૦થી ૨૭૦ કુલ ૯૧ શ્લોક ઉત્તકીર્ણ છે, જેમાં મહારાણા અરિસિંહ, મહારાણા હમીરના વિજયો અને ધાર્મિક કાર્યોનું વર્ણનની સાથે ક્ષેત્રસિંહ દ્વારા ઇડરના રણમલ, હાડૌતી તથા ગુજરાતના શાસક અમીશાહના વિજય કરવાનો ઉલ્લેખ છે.

આ શિલાલેખ શ્લોક સં. ૨૩૨માં મહારાણા કુંભાનું વર્ણન પ્રારંભ થાય છે. જેમાં મહારાણા કુંભાની અન્ય વિશેષતાઓની સાથે મહારાણા કુંભા દ્વારા ધાન્યનગર, યોગિનીપુર રણથંભૌર, સાંભર વર્ધમાન, પર્વત, જનકાચલ, ચંપાવતી (ચાટસૂ) વૃન્દાવતી, મલારણા માંડલગઢ, હાડૌતી, નાગદા, વિશાલનગર, શિરોહી, આબુ વગેરે સ્થાનોના વિજય પ્રાપ્તિનો ઉલ્લેખ છે.

પાંચમા શિલાલેખમાં શ્લોક સં. ૨૭૧ થી ૩૫૩ કુલ ૮૩ શ્લોક ઉત્કીર્ણ કરવામાં આવેલ છે. જેમાં મહારાણા કુંભાની તુલ્લના દાનવીર કર્ણથી કરવામાં આવી છે. સાથે જ મહારાણા કુંભા દ્વારા યોગિનીપુરનો વિજય તથા કુંભલગઢ વિભિન્ન રાજપ્રસાદો મંદિરો, તળાવો, વાવડીયો, ચારે બાજુ કોટ તથા વિભિન્ન દરવાજાઓ જેમાં હનુમાન પાળનું વિશેષ વર્ણન પ્રાપ્ત થાય છે.

**ઉપસંહાર :-**

રાજસ્થાનના પશ્ચિમી ક્ષેત્રનો વિસ્તાર જેમાં ઉદયપુર ચિત્તૌડ, કુંભલગઢ, અચલગઢ વગેરે ક્ષેત્રનો વિસ્તાર મેવાડ તરીકે ઓળખાય છે. જેમાં મહારાણા કુંભાનું યોગદાન, મેવાડ માટે હંમેશાં રક્ષા કરવી મેવાડની તેમાં રહેલો હતો. રાણા કુંભાએ સ્થાપત્ય કલા, સાહિત્ય કલા, નાટ્યકલા, તેમજ વિવિધ કલામાં નિપુણતા અને તેમનું સર્વસ્વ યોગદાન રહેલું છે. સ્થાપત્યકલામાં સર્વોચ્ચ ઉચ્ચ સ્થાન ધરાવે છે. મેવાડ જેમાં ચિત્તૌડનો કિલ્લો તેની નાની-નાની શિલ્પકોતરણીથી મોખરાનું સ્થાન પ્રાપ્ત કરે છે. બીજા નંબરમાં કુંભલગઢ લાંબી કટારગઢના દુર્ગનુ અનોખું સ્થાન ધરાવે છે. રાજસ્થાનના પ્રાચીન પ્રદેશ મેવાડમાંથી તામ્રમુદ્રાઓ પણ મળી આવેલ છે. તેના પરથી મેવાડના શિલ્પો સ્થાપત્યો પરથી મેવાડની પ્રજા શિવ ધર્મી હશે તેમજ સ્થાપત્યકલાનો ઉચ્ચ દરજ્જો ધરાવે છે.

**સંદર્ભ સાહિત્ય :**

૧. મનોહર, રાઘવેન્દ્રસિંહ રાજસ્થાનના પ્રમુખ વર્ગ, રાજસ્થાન હિન્દી ગ્રંથ અકાદમી, જયપુર દસમી આવૃત્તિ, વર્ષ ૨૦૧૪

૨. ઓઝા ગૌરીશંકર હીરાચંદ (મહામહોપાધ્યાય), ઉદયપુર રાજ્યનો ઇતિહાસ, પ્રથમ આવૃત્તિ ૧૯૨૮, રાજસ્થાની ગ્રંથકાર, જોધપુર

૩. ડૉ. અજય પરમાર, પ્રાચીન ભારતીય પ્રતિમા કલા પર્વ એવં મંદિર-વાસ્તુકલા, કોલેજ બુક ડેપો ત્રિપોલિયા, જયપુર પુનઃ આવૃત્તિ વર્ષ ૨૦૧૧

૪. ઓઝા ગૌરીશંકર હીરાચંદ (મહામહોપાધ્યાય) બાંસવાડા રાજ્યનો ઇતિહાસ, દ્વિતીય આવૃત્તિ, જોધપુર ૨૦૦૫

૫. ડૉ. મોહનલાલ ગુપ્તા, રાષ્ટ્રીય રાજનીતિમાં મેવાડનો પ્રભાવ, મહારણા મેવાડ હિસ્ટોરિકલ પબ્લિકેશન ટ્રસ્ટ, ઉદયપુર, પ્રથમ આવૃત્તિ વર્ષ ૨૦૧૬

 ISBN: 978-81-952708-6-6

# Tangaliya Weaving: A Languishing Handicraft of Surendranagar District

**Dr. Amisha Shah, Asst. Professor,**
Centre for Studies in Rural Management,
Gujarat Vidyapith, Randheja,

Indian handloom and handicraft artefacts are incredibly famous all over the world for centuries. They have created their own place in consumers' perceptions and preferences. Tangaliya Weaving is one of those arts which involve Hands (skills), Head (intellect) and Heart (involvement and dedication) of artisans.

This wonderful dotted woven textile art has been practiced by Dangasia Community of Surendranagar district of Gujarat. Tangaliya weaving looks like knots/beads on fabric and so it is known as 'Daana' weaving too. It is an amazing art of creating wonderful dotted designs by making colourful knots on warps while weaving which looks dazzling from both the sides of the fabric.

The artisans tactfully make beautiful designs by twisting a contrast coloured thread around warps and thus create various colourful motifs and designs. The designs are not traced or drawn on the fabric but just by applying own skills and imaginations, artisans create wonderful designs. Such art demands high degree of accuracy, experience, skills and creativity.

Tangaliya weaving is an indigenous craft of Saurashtra region which is about 700 years old. There is a famous folklore behind this art. It is a combination of peculiarities of two communities- Shepherd and Weavers. A young boy of shepherd community married a girl of weaver community. So, he was socially boycotted by his community and stated living with shepherd community. Here, he started weaving with the use of sheep wool. Thus, this Tangaliya art came in to practice.

Previously Tangaliya was practiced in 8 talukas and 26 villages of Surendranagar district. Tangaliya Hastakala Association represented by National Institute of Fashion Technology (NIFT) applied for G.I. number and this craft received the G.I. (Geographical Indication as TANGALIYA SHAWL) recognition from the central government in 2009 for various types of goods like Textile and Textile goods; Clothing Includes Shawls, Sarees, Stoles including rumals; and Home furnishings, Rugs and Mats.

Traditionally products like Ramraj, Charmalia, Dhunslu and Lobadi were produced but now various kinds of products like dress materials, dupattas, jackets, bed-sheets, cushion covers, shawls, etc. are also made keeping in view the need of time and demand. Generally natural as well as synthetic fibres like wool, cotton, silk, acrylic and viscose are used for weaving.

Previously this art was practiced in many villages of Ahmedabad and Rajkot district too; but nowadays it is mainly practiced in a few villages of Surendranagar district only. Some weavers at Bajana, Bhathariya, Dedadara, Sayla, Sudamada and Vastadi have still continued weaving Tangaliya work but many from them have diversified their product line today due to various reasons.

The fact is that the market for Tangaliya woven textile is being deteriorated day by day. History says that the villages of this region were cherished with the musical sound of looms before 15 - 20 years; but now most of the units have been closed down due to machine made production and changing trends. This art is languishing and many artisans have switched over the occupation or started weaving the products like carpets, mats, rugs and other products from textiles wastes. Besides, the majority of Tangaliya artisans don't want their children to learn this art. Hence, the future of such a precious handicraft doesn't seem safe & secured and its sustainability is in question. Hence, this paper portrays a realistic picture of this art emphasizing on the problems faced by artisans involved in this work so that appropriate policy implications can be designed to revive and rejuvenate this unique handicraft.

## Objective of the Research Study:

The main objective of this research work is to study the problems faced by Tangaliya weavers and the main reasons responsible for the Tangaliya handicrafts to be languished.

## Methodology:

The research was carried out to study the picture of Tangaliya handicraft artisans of Surendranagar District in Gujarat. The study is based on the data collected from 50 rural artisans engaged in Tangaliya weaving. An interview schedule was used as a data collection tool. Moreover, 10 experts such as Government officials, NGO workers, designers, handicraft experts and representatives of village/Taluka/district level institutions were also contacted and interviewed to have authenticated information in this field. The received data were processed through Excel and SPSS.

## Major Findings of the Study:

Main findings of the present research study are as follows:

- In present research study, 50 Tangaliya weavers from six different villages of Surendranagar district have been selected as the representative of the population. As the hereditary features play a significant role in this

 **ISBN: 978-81-952708-6-6**

handicraft, majority of the artisans learnt this craft hereditarily without any formal training. Out of total 50 respondents, 86% artisans gave their opinion that the Tangaliya handicraft was languishing despite various promotional measures to revive this craft.

- But the allocation of Geographic Indication Number (G.I. Number) to the artisans had given the recognition and identity to this craft. Despite very less number of artisans of Tangaliya art were found during the field visit, as majority have started weaving other products such as carpets, mats, rugs, Khadi, floor coverings, woolen shawls, cotton shawls, etc.
- It seems that the younger generation is now taking less interest in this work as 68% respondents were 31 to 50 years old, while 20% were of more than 50 years. The age of only 12% artisans was 30 years or less.
- 48% of total Tangaliya weavers did not want their children to learn this work at all; while 36% wanted that their children should learn the handicraft for hobby or side activity but should not adopt it as their main occupation. Only 16% told that they wanted their children to adopt this handicraft as occupation. Hence, the sustainability of this handicraft is in question, as the propagation chain seems disturbed or not strong enough to yield fruitful results.
- Inference about the propagation of handicraft in the next generation also depends on the attitude of children towards handicraft. But in 68% of families, children were not interested to learn this form of handicraft weaving, while in 17% families, children were interested to learn this work just for hobby but they were not ready to accept it as their occupation. Remaining 15% respondents told that their children were ready to accept the weaving work as their occupation but they were not sure about Tangaliya weaving.
- Majority of the artisans opined that this occupation was making a negative effect on their social status, as such craft had been considered as mere labour activity having less gain. Therefore, artisans were considered as 'Labourers not Artists'. Further the major problems faced by Tangaliya weavers are as follows:




**Figure: 01 The major problems faced by Tangaliya weavers Source: Field work.**

- It is shown in the above figure that all the respondents under the study were found having inadequate infrastructural facilities to run the business efficiently and to live a good lifestyle. Furthermore all told that the middlemen earned a huge amount of profit leaving a very small pie of cake for the actual producer/artisans. Majority sighed that since they were settled in rural areas, direct marketing was not possible in all the cases. Hence they had to depend upon middlemen. They were helpless due to economic, social, educational and managerial limitations. They cried that sometimes their products were sold at unbelievably high prices at sophisticated showrooms for elite class; but the actual creators were starving poors. They also discussed their experiences of being exploited by the intermediaries.
- It was also observed during the field visit that many of the successful artisans had stopped working as artisans but were engaged in trading only. They used to get work done by other artisans and had created monopoly in region. They had expanded their business having good contact in markets. Thus, they continued with the vicious cycle of exploitation at the same time provide employment to needy too. Hence, mostly all expected government intervention to solve such imbalance which was an alarming situation against the sustainability of rural handicraft artisans. Further, they were feeling that as compared to hard work involved in total production process, gain was very less. Hence, they were facing financial problems.


**ISBN: 978-81-952708-6-6**

- 96% of respondents were lacking modern managerial skills to manage their craft as business while 94% artisans were not having awareness about various promotional schemes launched by government. Only 28% weavers had Artisan Identity Card either issued by Ministry of Textiles, Government of India or Office of Commissioner of Cottage and Rural Industries, Government of Gujarat; while 72% didn't have such identity card.
- 92% of artisans were facing problems due to low level of education. It must be noted that 4% artisans were totally illiterate, 20% had studied up to pre-primary level; while 24% had studied up to primary level. 36% of artisans had studies up to secondary level while only 16% had gained education higher than secondary level. It shows that though the literacy rate seems good, the awareness about higher education has been observed very low. This has been observed as one of the most important limitations of the artisans leading to many more limitations in terms of efficiency, confidence and entrepreneurship.
- 30% respondents lived in nuclear family while 70% still lived in joint family system. 66% were BPL card holders and 58% artisans did not have any another occupation other than weaving. In 42% families, 2 family members were engaged in weaving work while 3 or more members were engaged in this work in 52% of families. Weaving is a long process require huge amount of time and efforts in pre and post weaving procedures. Hence, generally all the family members were found directly or indirectly contributing in this work. Therefore, if we calculate the per head income, the picture is very shabby. Per head monthly income was less than Rs. 5,000 in 88% of weaver respondents while only 12% earned more than it.
- 70% artisans told that there was a heavy fluctuation in demand and 90% told that there was no regularity or continuity of work. Obviously such irregularity of work results in to irregularity of income. Majority of artisans commented that the said handicraft activity had failed to provide uninterrupted and continuous employment. Hence, it had become difficult for them to rely solely on this occupation. Therefore majority of them had adopted another occupation also as a source of income other than handicraft such as agriculture, labour work, business, government contractual jobs, private jobs or other job-work.
- 86% replied that they were facing marketing problem due to having less less information about market and marketing. They were very good in production but mere producing the articles does not serve any meaning. Majority of them were lacking appropriate knowledge about target market hence relying upon various channels or middlemen resulted in to huge exploitation.
- 80% artisans did not have knowledge about latest technology and know-how; while 72% told that many machine made textile products were available in the market and they were so powerful competitors.

## Conclusion:

Thus, the bare fact is that the allocation of G.I. number is certainly an appreciable effort of government but it is not sufficient to protect the interest of artisans. There must be some robust system to revitalize and rejuvenate this exclusive handicraft. Such artisans keep the magnanimous legacy alive and animated through their intrinsic skills and art. They pour their heart to shape a product. Hence, the handicraft artifacts are not only physical products to be consumed insensitively but they are the reflection of our cultural heritage and prosperous history. Although a number of schemes and programmes have been designed to promote the handicraft sector in India, the implementation has still not brought the targeted results. The lacuna must be found out through impact assessment and an efficient audit system as soon as possible otherwise such crafts will be totally languished as they have started disappearing progressively at a great speed.

It is not the accountability of government only to help or promote the art and artisans but it is a moral responsibility of every Indian to respect and contribute wholeheartedly to protect and the languishing luster of handicrafts. Today Tangaliya art seem struggling for its existence, who will save it from being destroyed or ruined? Me, you or all of us…???

## References:

1. *Government of India. (2009). Geographical Indications Journal No. 29. Intellectual Property Rights, Geographical Indications Registry.*
2. *Mittal, V. & Chhaya, V. Tangaliya Weaving or Daana Weaving. All India Artisans and Craftworkers Welfare Association (AIACA). Retrieved from http://www.craftmark.org/sites/default/files/Tangaliya%20Weaving.pdf.*
3. *National Institute of Fashion Technology (Ministry of TEXTILES, GOI). (2005). A Baseline Survey Report on Artisans and Crafts of Surendranagar, Gujarat. Under Special SGSY Project (Ministry of Rural Development, GOI).*
4. *Sathe, M. & Bhatia, R. (2014). Patola Craft of Surendranagar, Gujarat: Sustenance through Green Technology. GlobalIlluminators, MTAR-2014, ISBN: 978-969-9948-22-0, Vol.1, 1-8. Retrieved from the website www.globalilluminators.org.*
5. *Shah, A. (2017). A Study on the Sustainability of Rural Artisans in Handicraft Sector. Unpublished Ph.D. thesis submitted to Gujarat Vidyapith.*
6. *Shah, A. & Patel, R. (2019, June). Impact of Handicraft Promotion Measures on Rural Handicraft Artisans. Research Guru-Online Journal of Multidisciplinary Subjects. 13 (1), ISSN: 2349-266X, Impact Factor: 4.081, UGC Approved Journal No. 63726, p.1365-1379.*

7. *Village and Town Wise Primary Census Abstract (PCA). District Census Handbook- Surendranagar. Series-25, Part XII-B, Census of India 2001, Directorate of Census Operations, Gujarat.*
8. *Village and Town Wise Primary Census Abstract (PCA). District Census Handbook- Surendranagar, Series-25, Part XII-B, Census of India 2011, Directorate of Census Operations, Gujarat.*

**Web-links and Websites:**

1. *http://surendranagardp.gujarat.gov.in/surendranagar/english/sitemap.htm*
2. *http://www.census2011.co.in/census/district/189-surendranagar.html*
3. *http://www.censusindia.gov.in/2011census/dchb/2408_PART_B_DCHB_SURENDRANAGAR.pdf*
4. *http://www.censusindia.gov.in/2011census/dchb/DCHB_A/24/2408_PART_A_DCHB_SURENDRANAGAR.pdf*
5. *http://www.gujarathandicrafts.in/*
6. *http://www.gujaratindia.com/about-gujarat/handicraft.htm*
7. *http://www.gujarat-tourism.net/Gujarat_Handicrafts.htm*
8. *https://textilesofindia.in/tangaliya-weaving-textiles-of-india/*
9. *https://www.directcreate.com/craft/tangaliya-weaving*
10. *https://amounee.com/tangaliya/*
11. *https://www.sahapedia.org/thangaliya-weaving-dots-and-patterns-dangasiyas-kutch*
12. *www.censusindia.gov.in*
13. *www.cottage.gujarat.gov.in*
14. *www.cottageemporium.in*
15. *www.craftofgujarat.gujarat.gov.in*
16. *www.craftroots.org*
17. *www.estoregurjari.com*
18. *www.gurjari.co.in*
19. *www.handicrafts.nic.in*
20. *www.khadigujarat.in*
21. *www.kvic.org.in*
22. *www.nift.ac.in*

 **ISBN: 978-81-952708-6-6**

## भारतीय संस्कृति और इतिहास अनुसंधान केंद्र

ICHRC इतिहास के क्षेत्र में कार्यरत विद्वानों का एक राष्ट्रव्यापी संगठन है, जो इतिहास, संस्कृति, परंपरा आदि के क्षेत्र में प्रामाणिक, तथ्यात्मक और व्यापक इतिहासलेखन और प्रकाशन की दिशा में काम कर रहा है। देश-विदेश के इतिहास और पुरातत्व के विद्वान, विश्वविद्यालयों में कार्यरत प्रोफेसर, शिक्षक, अनुसंधान केंद्रों के निदेशक आदि, कई क्षेत्रों के विद्वान और इतिहास में रुचि रखने वाले वैज्ञानिक और विद्वान इस कार्य में शामिल हैं।

**मुख्य उदेश्य**

- भारतीय इतिहास में जिन विकृतियों के आधार पर भारतीय इतिहास का निर्माण किया गया है, उनका खंडन करते हुए इतिहास का पुनर्निर्माण।
- पुनर्लेखन के लिए जिला एवं ग्राम स्तर पर प्राच्य विज्ञान की विभिन्न शाखाओं से संबंधित प्रकाशित एवं अप्रकाशित अधिकारिक सामग्री का संकलन।
- व्यक्तियों, संस्थाओं एवं संस्थाओं आदि से सम्पर्क स्थापित कर उन्हें संगठित एवं प्रोत्साहित करना।
- भारतीय संस्कृति, प्राच्यवाद और पूर्वजों की विशेष उपलब्धियों के प्रति आम आदमी के दिल में सम्मान, रुचि और चेतना पैदा करने के लिए कार्यक्रम आयोजित करना।
- भारतीय इतिहास, संस्कृति और पुरातत्व पर शोध को बढ़ावा देने के लिए सेमिनार, चर्चा और विशेष व्याख्यान आदि आयोजित करना।

**राजपुत प्रतापसिंह राणाजी**
अध्यक्ष
भारतीय संस्कृति और इतिहास अनुसंधान केंद्र

ISBN : 978-81-952708-6-6
9 788195 270866